# ન કથા સાગર

## ભાગ ૨



પ્રેરક. શાંતમૂર્તિ પરમ પૂ. પં. શ્રીમત્ કૈલાસસાગરજી ગણિવર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# વિષયાનુક્રમણિકા


૪૩ અનાથતા યાને મહામુનિ અનાથી ૧ થી ૮
૪૪ ઇરિયાવહિ યાને અઇમત્ત મુનિ ૯ થી ૧૪
૪૫ કરે તેવું પામે યાને સમુદ્રપાલ ૧૫ થી ૧૬
૪૬ ગુરૂવચન યાને મહામુનિ આષાઢાભૂતિ ૧૭ થી ૨૪
૪૭ બ્રાહ્મણ–શ્રમણ યાને મહામુનિ હરિકેશી ૧૮ થી ૩૨
૪૮ સ્વયંવર યાને સતીપ્રભંજના ૩૩ થી ૩૮
૪૯ લોભપિંડ યાને સુવ્રતમુનિ ૩૯ થી ૪૩
૫૦ વિકથા યાને રાહિણી ૪૪ થી ૪૮
૫૧ એકદિવસનું સંયમ યાને પુંડરિક અને કંડરિક ૪૯ થી ૫૬
૫૨ નાનો નિયમ યાને શ્રેષ્ઠિપુત્ર કમળ ૫૭ થી ૬૪
૫૩ સાત દિવસનો બંગલો યાને નાગદત્ત ૬૫ થી ૭૨
૫૪ સુખ નહિ પુત્રમાં કે નહિ અપુત્રમાં યાને બહુપુત્રિકા દેવી ૭૩ થી ૮૦
૫૫ તાત વંદે યાને વલ્કલચિરિ ૮૧ થી ૯૧
૫૬ ઘડીકમાં નરક અને ઘડીકમાં મુક્તિ યાને પ્રસન્નચંદ્ર રાજર્ષિ ૯૨ થી ૯૫
૫૭ દુઃખદાયી લક્ષ્મી યાને વિશ્વભૂતિ બ્રાહ્મણ ૯૬ થી ૧૦૭
૫૮ ઇર્ષ્યા યાને પંકપ્રિય કુંભાર ૧૦૮ થી ૧૧૨
૫૯ પૃથ્વીચંદ્ર ગુણસાગર, સોનાનાં કડાં યાને શંખરાજા અને કલાવતી [પ્રથમ ભવ] ૧૧૩ થી ૧૨૪
૬૦ પરસ્ત્રીનો ત્યાગ યાને કમળસેન અને ગુણસેના [બીજો ભવ] ૧૨૫ થી ૧૪૩
૬૧ ચિત્રદર્શન યાને દેવસિંહ અને કનકસુંદરી (ત્રીજો ભવ) ૧૪૪ થી ૧૪૯


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬૨ સ્વયંવર યાને દેવરથ અને રત્નાવલી (ચોથો ભવ) ૧૫૦ થી ૧૫૪
૬૩ નિર્વાણ શ્રવણ યાને પૂર્ણચંદ્ર અને પુષ્પસુંદરી (પાંચમો ભવ) ૧૫૫ થી ૧૬૬
૬૪ કેવળીનો ઉપદેશ યાને સૂરસેન અને મુક્તાવલી (છઠ્ઠો ભવ) ૧૬૭ થી ૧૭૫
૬૫ જુગારી આપણે ખરા કે નહિ ? યાને પદ્મોત્તર અને હરિવેગ (સાતમો ભવ) ૧૭૬ થી ૧૮૫
૬૬ કલ્પવૃક્ષનું સ્વપ્ન યાને ગિરિસુંદર અને રત્નસાર (આઠમો ભવ) ૧૮૬ થી ૧૯૫
૬૭ રાધાવેધ યાને કનકધ્વજ અને જયસુંદર (નવમો ભવ) ૧૯૬ થી ૨૦૧
૬૮ પુણ્યનાં પુર યાને કુસુમાયુધ અને કનકકેતુ (દશમો ભવ) ૨૦૨ થી ૨૦૮
૬૯ લગ્નમંડપમાં કેવળજ્ઞાન યાને પૃથ્વીચંદ્ર અને ગુણસાગર (અગિયારમો ભવ) ૨૦૯ થી ૨૨૪
૭૦ **સમરાદિત્ય કેવલી ચરિત્ર** પ્રમાદનો ભોગ યાને ગુણસેન અને અગ્નિશર્મા (પ્રથમભવ) ૨૨૫ થી ૨૩૫
૭૧ પુત્રનો ઘા યાને સિંહ અને આનંદ (બીજો ભવ) ૨૩૬ થી ૨૪૧
૭૨ માતાનું ભોજન યાને જાલિની અને શિખી (ત્રીજો ભવ) ૨૪૨ થી ૨૪૯
૭૩ આવી પણ સ્ત્રી યાને ધન અને ધનશ્રી (ચોથો ભવ) ૨૫૦ થી ૨૫૮
૭૪ ભાર્યાના હાથે મૃત્યુ યાને જય અને વિજય (પાંચમો ભવ) ૨૫૯ થી ૨૬૨


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૫ પુરુષનો પ્રેમ અને સ્ત્રીને કાંઇ નહિ
" યાને ધરણુ અને લક્ષ્મી (છઠ્ઠો ભવ) ૨૬૩ થી ૨૭૪
૭૬ પ્રિય મેલકવૃક્ષ યાને સેન અને
" વિષેણુ (સાતમો ભવ) ૨૭૫ થી ૨૮૮
૭૭ ઋતુના રંગ યાને ગુણચંદ્ર અને
વાનમંતર વિદ્યાધર (આઠમો ભવ) ૨૮૯ થી ૨૯૬
૭૮ સમતા અને દ્વેષની પરાકાષ્ઠા યાને
સમરાદિત્ય અને ગિરિસેન (નવમોભવ) ૨૯૭ થી ૩૨૦
૭૯ શિખેલું નિષ્ફળ નથી યાને યવરાજર્ષિકથા ૩૨૧ થી ૩૨૯
૮૦ આ સાચું કે તે સાચું યાને કામગજેન્દ્ર ૩૩૦ થી ૩૪૨
૮૧ તપ યાને કામલક્ષ્મી ૩૪૩ થી ૩૫૪
૮૨ સાત કોડીમાં રાજ્ય યાને સુરસુંદરી કથા ૩૫૫ થી ૩૬૮
૮૩ કુવચન યાને રજ્જા સાધ્વી ૩૬૯ થી ૩૭૧
૮૪ આલોચના યાને સાધ્વી લક્ષ્મણા ૩૭૨ થી ૩૭૬
૮૫ બહોત ગઇ થોડી રહી યાને ક્ષુલ્લકકુમાર ૩૭૭ થી ૩૮૫
૮૬ હિંસાના ફળ યાને મૃગાપુત્ર (લોઢીઓ) ૩૮૬ થી ૩૯૦
૮૭ રોજ દશનો પ્રતિબોધ યાને
મહામુનિ નંદિષેણ (બીજા) ૩૯૧ થી ૩૯૯
૮૮ લજ્જા યાને આષાઢાચાર્ય ૪૦૦ થી ૪૦૬
૮૯ આંતરાવાળું સૌભાગ્ય યાને કૃતપુણ્ય કથા ૪૦૭ થી ૪૧૮
૯૦ દુઃખમાં કોઇનો ભાગ નથી યાને સુલસ કથા ૪૧૯ થી ૪૨૪
૯૧ કર્કશ વચન યાને માતા પુત્ર કથા ૪૨૫ થી ૪૨૯
૯૨ રત્નરાશિ યાને કઠીઆરો ૪૩૦ થી ૪૩૩
૯૩ શિષ્યનો વિનય યાને યાને ચંડરુદ્રા-
ચાર્ય શિષ્ય ૪૩૪ થી ૪૩૮

૯૪ સ્ત્રી સંગ યાને મુંજ ૪૩૯ થી ૪૪૪
૯૫ દ્વારિકાનો દાહ યાને કૃષ્ણ મૃત્યુ ૪૪૫ થી ૪૫૦
૯૬ કરણ, કરાવણ અને અનુમોદન યાને
મહામુનિ બળદેવ, મૃગ અને રથકાર ૪૫૧ થી ૪૫૩
૯૭ અહોકષ્ટં યાને શય્યંભવસૂરિ ૪૫૪ થી ૪૫૮
૯૮ દશવૈકાલિકસૂત્ર યાને મનકમુનિ ૪૫૯ થી ૪૬૪
૯૯ ભાઈની શરમ યાને ભવદત્ત અને ભવદેવ ૪૬૫ થી ૪૭૧
૧૦૦ વિરતિ વિના કેમ રહી શકું ?
યાને ચરમકેવલિ જંબુસ્વામિ ૪૭૨ થી ૪૮૦

## શુદ્ધિપત્રક

| અશુદ્ધ | શુદ્ધ | પાનું | લીટી |
|---|---|---|---|
| થહામુનિ | મહામુનિ | ૫ | ૧ |
| ઓળાટવા | આળોટવા | ૪ | ૨૪ |
| वीयक्कमणे | वीयक्कमणे | ૧૩ | ૧૩ |
| ગરૂ | ગુરૂ | ૫૯ | ૧૬ |
| દ્રાષ્ટ | દૃષ્ટિ | ૬૦ | ૩ |
| ચોરિત્ર | ચારિત્ર | ૭૨ | ૧૭ |
| એઠવીસ | એકવીસ | ૧૦૫ | ૧૧ |
| સ ચી | સાચી | ૧૦૭ | ૬ |
| ઉચ્છું છું | ઇચ્છું છું | ૧૨૬ | ૨૨ |
| वैद्य | वैद्य | ૧૩૯ | ૨૨ |
| ષરસ્ત્રી | પરસ્ત્રી | ૧૪૦ | ૧૫ |
| तामिरसे | तामिस्से | ૪૮૦ | ૨ |

પૃષ્ઠ નં. ૪૭૨માં 'વિરતિ વિના કેમ રહી ખકું ?' તેને બદલે 'વિરતિ વિના કેમ રહી શકું ?' વાંચવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ॐ अर्हँ नमः

# પુરોવચન

( ૧ )

આપણા તરણતારણ ચરમશાસનાધિપતિ ચરમતીર્થંકર પ્રભુ શ્રીમહાવીર પરમાત્માએ છદ્મસ્થાવસ્થામાં અનેક અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગો સહી, સાડા બાર વર્ષ સુધી ઘોર તપ તપી, ઘાતીયા કર્મને ચકચૂર કરી, લોકાલોકપ્રકાશક કેવલ-જ્ઞાન પ્રાપ્ત કર્યું. એ કેવલજ્ઞાનરુપી સર્ચલાઈટથી લોકા-લોકના નિખિલ ભાવો હાથમાં રહેલા આંબળાની માફક પ્રત્યક્ષ નીહાળ્યા. અને દેવોએ રચેલા દીવ્ય સમવસરણમાં આરુઢ થઈ બાર પર્ષદા સમક્ષ માલકોશ રાગમાં મધુર ધ્વનિએ દેશનારુપી સ્વયંભૂરમણ સમુદ્રનો ધોધ પ્રવાહ અર્થરુપે વહેતો મૂકયો. ગુણવંત ગણધરોએ બુદ્ધિરુપી સુંદર સરિતાઓ ભરપૂર ભરી લઇ, અંતરમુહૂર્તમાં જ સૂત્ર-રુપે દ્વાદશાङ્ગીરુપી નીકો ભવવનમાં પરિભ્રમણ કરતા ભવ્ય પ્રાણીઓની પિપાસાને શાંત કરવા વ્હેતી મૂકી. જેમાં પ્રત્યેક અંગની અંદર દ્રવ્યાનુયોગ ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ, અને ધર્મકથાનુયોગ સંકલિત હતા. પરંતુ કાળબળના પ્રતાપે બુદ્ધિ અને બળ બન્ને મંદ થતાં ભાવિ પ્રજાના ઉપકાર અર્થે સુપ્રસિદ્ધ પૂર્વધર મહર્ષિ **આર્યરક્ષિત સૂરીશ્વરજી** મહા-રાજે ચારે અનુયોગને વિભકત કર્યા.

આ ચાર અનુયોગમાં જગતભરનું સમગ્ર તત્ત્વ સમાઇ જાય છે. આપણા પરમ પવિત્ર પૂજનીય આગમગ્રંથોમાં એવું વિશ્વમાં કોઇ પણ જ્ઞાન, તત્ત્વ કે વિચારણા નથી કે જેનું નિદર્શન સ્પષ્ટીકરણ કે વિચારણા ન કરવામાં આવી હોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આને જ લઇને ધર્મસંગ્રહ ગ્રન્થમાં પૃ. વાચકવર્ય શ્રી માનવિજયજીએ જણાવ્યું છે કે—

'હે ભગવંત ! સર્વશાસ્ત્રો તમારા શાસ્ત્રના એક કણ છે.' જગતભરનો તત્ત્વવાદ અને દાર્શનિક અનુપમ વિચાર દ્રવ્યાનુયોગમાં સમાય છે. અને તે દ્રવ્યાનુયોગ પન્નવણા (પ્રજ્ઞાપના) સૂયગડાંગ (સૂત્રકૃતાંગ) વિગેરે આગમગ્રંથોમાં ખીચોખીચ ભર્યો છે. આ દ્રવ્યાનુયોગનો વિચાર એટલો બધો ઉંડો અને ગહન છે કે અનુત્તર વિમાનવાસી અનુત્તર દેવતાઓ તેત્રીશ સાગરોપમ પર્યંત વિચાર કર્યા કરે તો પણ તેનો તાગ પામી શકતા નથી. વળી તે દ્રવ્યાનુયોગ એટલો ઉજ્વળ અને ભદ્ર છે કે તેના એકતારમાં અંતર્મુહૂર્તમાં જ કૈવલ્ય પામ્યાના આપણે ત્યાં પ્રભંજના વિગેરેના અનેક દૃષ્ટાન્તો મોજુદ છે.

ખગોળ, ભૂસ્તર, જ્યોતિષ અને અનેક ભંગ રચના આ ગણિતાનુયોગમાં સમાય છે. ચંદ્ર સૂર્ય તારાના સંચાર-અંતર અને ચૌદરાજલોકનો આંકડા સિદ્ધ વ્યવસ્થા ચંદ્ર-પ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ અને જંબુદ્રીપ પ્રજ્ઞપ્તિ વિગેરે ગ્રંથોમાં આપણે જોઈ શકીએ છીએ. જેમાં જગતભરના ગણિતોનો, ખગોળનો અને જ્યોતિષનો નક્કર રીતે વિચાર કરેલ છે.

સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકાના આચાર વિચાર ક્રિયા-કાંડ અને અનુષ્ઠાનોનો વિચાર તે ચરણકરણાનુયોગ છે. આ માટે આચારાંગ, દશવૈકાલિક વિગેરે અનેક આગમગ્રન્થો દૃષ્ટિ-ગોચર થાય છે. આમાં સર્વશ્રેષ્ઠ આચારોનો તુલનાપૂર્વક નિર્મળ આચારમાં સાધુજીવનનેજ સર્વશ્રેષ્ઠ અંકિત કર્યું છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાતાધર્મકથા, વિપાકસૂત્ર, નિરિયાવલી, ઉપાસકદશાંગ, ઉત્તરાધ્યયન વિગેરે આગમગ્રંથોમાં ઠેર ઠેર ધર્મકથાનુયોગ ભર્યો છે. આપણા પૂર્વાચાર્યો–પૂર્વમહર્ષિઓ તાર્કિકશિરોમણિ પૂજ્યશ્રી સિદ્ધસેનદીવાકરસૂરીશ્વરજી, ચૌદસોચુમ્માલીશ ગ્રંથના પ્રણેતા ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી, કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી, ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્ય આદિ અનેકે જૈનતત્ત્વજ્ઞાનને અકાટ્ય રીતે રજુ કરવા પ્રમાણ અને તત્ત્વજ્ઞાનના વિવિધ ગ્રંથો રચી જૈનદર્શનના મૂળભૂત સિદ્ધાન્તને–તત્ત્વજ્ઞાનને નિર્મળ રીતે રજુ કર્યું, તેમ આ તત્ત્વજ્ઞાનની ઉપાસનાથી જગતભરના જીવો કલ્યાણ સાધે તે આશયે તત્ત્વજ્ઞાન કરતાં પણ અનેકગણું અપાર કથાસાહિત્ય સર્જ્યું છે, કારણ કે–સામાન્ય જનતાને તો તત્ત્વસન્મુખ કરવા માટે તેજ સાહિત્ય ઉપકારક છે.

વ્યાખ્યાનકર્ત્તા મુનિવરોએ પણ તેમના વ્યાખ્યાનો અને ઉપદેશોમાં ડગલે પગલે આ કથા સાહિત્યને રજુ કરીનેજ જનતામાં ત્યાગની ચિનગારી પ્રજ્વલિત રાખી છે.

આજ કારણને લઈને આજના વિદ્યમાન ભંડારોમાં તત્ત્વજ્ઞાન સાહિત્ય કરતાં પણ અનેકગણું વિશાળ ચરિત્ર કથા, રાસ, સ્તવન અને પૂજા સાહિત્ય નજરે પડે છે. તેનું મૂળ કારણ સામાન્ય જનતાને પૂર્વપુરુષોના દ્રષ્ટાન્તો દ્વારા તેના તપ ત્યાગ અને વૈરાગ્યને સ્થિર કરી ધર્મમાર્ગે વાળવાના પ્રયત્નનું આ ફળ છે.

(૨)

આ **'કથાસાગર'** ભાગ ૧–૨ ના લેખક ધર્મચુસ્ત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મશ્રદ્ધાવંત સુપ્રસિદ્ધ **પંડિત મફતલાલ ઝવેરચંદ** છે. તેમણે આ બન્ને ભાગમાં સુંદર ૧૦૧ કથાઓ આળેખી છે.

આ કથાઓ લેખકે એવી સુંદર શૈલિથી લખી છે કે વાંચકને તેમાં તન્મયતા જાગે છે અને તે દ્વારા વાંચક કથાનકના નાયકના કલ્યાણની પેઠે પોતાનું પણ કલ્યાણ સાધી શકે છે.

આ કથાઓમાંની ઘણીખરી કથાઓ ખુબ પ્રસિદ્ધ છે. છતાં લેખકે એવી સુંદર શૈલિથી તે કથાઓ લખી છે કે વાંચક તેના વાંચનમાં નવીનતાજ અનુભવે છે અને તેના વાંચનથી વૈરાગ્ય અને ધર્મશ્રદ્ધાને અંકુરિત બનાવે છે. આ કથાઓ પૈકી કેટલીક કથાઓના શ્રવણથી તો કોઈએ તપ ત્યાગાદિ સ્વીકાર્યાં છે, કર્મને ચકચૂર કર્યાં છે અને મુકિતમંદિરના શાશ્વતા સુખના સદા ભાગી બન્યઃ છે. આ કથાના નાયકો પણ આદર્શજીવન જીવી, મનુષ્ય જીવનની સાર્થકતા સાધી આત્માનું કલ્યાણ કરી ગયા છે. ધન્ય છે એ મહાપુરૂષોના આદર્શમય નિર્મળ જીવનને !

આ કથાસાગરમાં બે વાત ખુબ પ્રશંસવા યોગ્ય છે. પ્રથમ તો દરેક કથા વિષયને અનુલક્ષીને લેવામાં આવી છે. એથી વાંચક મહાશયને કથા વાંચતાની સાથેજ તે તે કથાની વસ્તુના પરિચય સાથે કથાનો હેતુ પણ ખ્યાલ આવે. તે માટે વિષયને અનુરૂપ કથાઓ લેવામાં આવી છે.

આજે અતિપ્રસિદ્ધ પૂર્વકથા મેતારજ નંદિષેણ કે હરિકેશીના પ્રસંગે આપણા જૈન સાહિત્યમાં કંઇ હોય ત્યારે લેખકો મનગમતા સેવાના વિચારોમાં કે સ્પર્શાસ્પર્શમાં તે કથાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આડીઅવળી રીતે એવી ગુંથે છે કે તે જનશૈલિને ભૂલી જાય છે અને વાંચકને ઉત્તમ પુરૂષના કથા દ્વારા સન્માર્ગે લઇ જવાને બદલે ઉંધે માર્ગે દોરે છે.

જ્યારે આ કથાસાગરમાં લેખકે કથાના મૂળ આશયને અનુરૂપ ત્યાગ, વૈરાગ્ય ધર્મ અને નીતિનેજ પુષ્ટિ આપી વાંચકને સન્માર્ગે દોરેલ છે.

આ કથાસાગરના લેખકે નોવેલ તરીકેની, સત્યથી વેગળી કે પ્રમાણિક આધાર વિનાની એક પણ કથાને આ પુસ્તકમાં સ્થાનઆપ્યું નથી, આ પુસ્તકમાં આપવામાં આવેલી કથાઓ શાસ્રસિદ્ધ, પ્રાચીન અને સત્ય હોવા સાથે પ્રત્યેક કથા પાછળ એના મૂળ ગ્રંથોના નામ ઉધ્ધૃત કરી કથાના મૂળને જણાવી તેની અવ્યાહતતાને લેખકે બરાબર સાચવી છે.

આ પુસ્તકમાં લાંબી લાંબી કથાઓ ટૂંકમાં સમાવ્યા છતાં તેનું લાલિત્ય અને હાર્દ સાચવી જનશૈલિને પૂર્ણપણે ઉત્તેજિત કરી ઘણો સારો સંગ્રહ કરેલ છે. અને દરેક કથા લખતા પહેલાં તેના અંગેનું વિવિધ સાહિત્ય લેખકે નિહાળીને તેને પુરેપુરો ન્યાય આપ્યો છે.

( ૩ )

આ કથા સાગર ભા. ૧–૨ માં કુલ કથાઓ ૧૦૧ આપવામાં આવી છે. આનું વર્ગીકરણ કરવામાં આવે તો તે અનેક રીતે થઈ શકે તેમ છે પરંતુ તે કરતાં પ્રસ્તાવના અતિવિસ્તીર્ણ થઇ જવાનો સંભવ હોવાથી અહિં અમે માત્ર તેનો ટુંક નિર્દેશજ કરીએ છીએ.

આ કથાસાગરમાં પાદલિપ્તસૂરિ મહારાજની બનાવેલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તરંગવતી કથા, ઉ. રવિચંદ્રજીનું બનાવેલ શાંબપ્રદ્યુમ્ન ચરિત્ર, રૂપસેનચરિત્ર, સત્યરાજગણિકૃત પૃથ્વીચંદ્ર ચરિત્ર, ૧૪૪૪ ગ્રંથપ્રણેતા હરિભદ્રસૂરિકૃત સમરાઇચ્ચકહા, પ્રદ્યુમ્ન સૂરિકૃત કુવલયમાળા અને પં. વીરવિજયજી કૃત સુરસુંદરી રાસ વિગેરે મહાકાવ્ય અતિરસપ્રદ અને પ્રમાણિક ગ્રંથોની કથાવસ્તુને આ ગ્રંથમાં સંક્ષિપ્ત રીતે આપ્યા છતાં તેને નિરસ થવા દીધી નથી. આ એકેક ગ્રંથ ઉપર તે તે ગ્રંથકાર પછીના ગ્રંથકારોએ ખુબ ખુબ પ્રશસ્તિઓ ગાઇ છે અને તેને અનુલક્ષીને અનેકવિધ સાહિત્ય રચ્યું છે તેવા એ ગ્રંથો છે. આવા મહામૂલા ગ્રંથોનું સામાન્ય જનતાને ટુંક દર્શન આ કથાસાગર પૈકીની તે કથાઓ વાંચતાં અવશ્ય આવ્યા વિના રહે તેમ નથી.

તરંગવતી કથા એ એક સાધ્વીજીની વૈરાગ્યવાહી પૂર્વ-ભવ ગર્ભિત આત્મકથા છે. અને જે કથાનાં ભાષાન્તરો, જર્મન વિગેરે અનેક ભાષાઓમાં થયાં છે. આ કથા વાંચતાં વાંચકને તન્મય બનાવી પૂર્વભવનો ખ્યાલ આપી સુકૃત્ તરફ પ્રેરનારી અદ્દભૂત કથા છે.

સુનંદા અને રૂપસેનનો પ્રસંગ પણ એવોજ અદ્દભૂત છે યુવાનીમાં સુનંદાએ પાપ સેવ્યું છે જ્યારે રૂપસેનનો જીવ પાપને નહિ સેવ્યા છતાં પાપના વિચારમાં મૃત્યુ પામવાથી એક પછી એક એમ આઠભવ સુધી મોહને લઇ દુઃખી થાય છે. આ રૂપસેનનો ઉદ્ધાર પાપને સેવ્યા છતાં પાપને આલોચી પાછ-ળથી સાધ્વી બનેલ સુનંદા કરે છે અને એ એને આઠમા ભવે મોહરહિત બનાવે છે. જીવનમાં રાખેલો મોહ એક પછી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક ભવોમાં જીવોને કેવો દુઃખી બનાવે છે તે અને માત્ર પાપ વિચાર કેટલો દુઃખદાયક છે તેનો આમાં સુંદર ખ્યાલ આપવામાં આવ્યો છે.

શાંબપ્રદ્યુમ્ન ચરિત્ર દસ હજાર શ્લોક પ્રમાણ છે. આ આખું ચરિત્ર સંક્ષિપ્તમાં ચાર કથારૂપે આ કથાસાગરમાં આપવામાં આવ્યું છે. પ્રદ્યુમ્નનો પૂર્વભવ મધુરાજાનો છે જે ખુબજ રસિક છે.

આ મધુરાજા સમક્ષ એક પરસ્ત્રી લંપટને લાવવામાં આવે છે. ત્યારે તે બોલે છે.

'કોટવાળ ! પરદારા સેવીને ગુન્હા માટેની શિક્ષા શું પુછો છો ? આ ગુન્હા માટે દેહાંત દંડ સિવાય બીજી શિક્ષા શું સંભવે ?'

પરંતુ એ મધુરાજા પોતે હેમરથરાજાની પરણેતર સ્ત્રીને બળાત્કારે ઉઠાવી લાવ્યો છે તે ભૂલી જાય છે. આ વખતે મધુરાજાને માર્ગે લાવવાની તક ઝડપી હેમરથ રાજાની રાણી ઈન્દ્રપ્રભા કહે છે.

'મહારાજ ! આપ આટલું બધું જાણો છો તો હું ઇન્દ્રપ્રભા શું તમારી સ્ત્રી છું, શું હું તમને ઇચ્છતી આવી હતી ? આપે મારા ઉપર બળાત્કાર નહોતો કર્યો ? અને આ બધા પાપમાંથી આપને માફી અને આને શિક્ષા ? શાસ્ત્ર આને અને આપને માટે જુદું છે ?'

પરદારા સેવનના ત્યાગ માટે આ કથા ખુબ સરસ રીતે આળેખ ચેલી છે. મૂળ તો શાંબપ્રદ્યુમ્ન ચરિત્ર પૂણ્યશાળીને પગલે પગલે ઋદ્ધિ સાંપડે છે તે ઉપર છે. અને તેથી ચમ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્કારિક ઋદ્ધિ યાને પ્રદ્યુમ્નચરિત્રના નામથી તે કથા લખી લેખકે અતિવિસ્તર્ણ વાતને કઇ રીતે સંક્ષિપ્ત રજુ કરવું તેનું ઠીક ઉદાહરણ પુરૂં પાડયું છે.

પૃથ્વીચંદ્ર ગુણસાગર અને સમરાદિત્ય કેવળી ચરિત્ર આ બે ચરિત્ર ગ્રંથો જૈનસમાજમાં ખુબજ પ્રસિદ્ધ ચરિત્રગ્રંથો છે. પૃથ્વીચંદ્રમાં શંખ અને કલાવતીના જીવ એક પછી એક સાથે કઇ રીતે વિકાસના પગથારમાં આગળ વધે છે તે જણાવ્યું છે. છેલ્લા ભવમાં ગુણસાગર લગ્નમંડપમાં દીક્ષાની ભાવના ભાવતાં કેવળજ્ઞાન મેળવે છે અને પૃથ્વીચંદ્ર ગુણસાગરનું વૃત્તાન્ત સાંભળી સભામાંજ ગુણશ્રેણિએ ચડી કૈવલ્ય મેળવે છે. આ આખા ગ્રન્થમાં ૧૧ ભવ છે તે અગિયારે ભવો આ કથાસાગર ભાગ બીજામાં સરસ રીતે આળેખેલા છે. આ ભવોમાં પૃથ્વીચંદ્ર ગુણસાગરના જીવન ઉપરાંત બીજા ભવમાં રતિસુંદરી વગેરેના જીવન પ્રસંગો શીયળવ્રતની મક્કમતા માટેના સુંદર પ્રસંગો છે.

સમરાદિત્ય કેવળીચરિત્રમાટે તો તે ગ્રંથની પ્રશંસા કવિ ધનપાલ, પ્રદ્યુમ્નસૂરિ વિગેરે અનેક પૂર્વ પુરુષોએ કરી છે. એક સામાન્ય પ્રમાદને કારણે ગુણસેનથી પ્રથમ ભવમાં દુભાયેલ અગ્નિશર્મા તાપસ, પુત્ર, સ્ત્રી, ભાઇ અને માતારૂપે થઇ કેવી ભયંકર વૈરબુદ્ધિમાં ઉત્તરોત્તર સંસારમાં રઝળે છે તે અને ગુણસેનકુમાર ઉત્તરોત્તર સમતામાં ઝીલતો નવમા ભવમાં કેવી રીતે સંસાર તરે છે તે અદ્દભૂત રીતે બતાવવામાં આવેલ છે. આ આખો ગ્રંથ જીવનમાં ઉંડે ઉંડે રહી ગયેલ વૈરબુદ્ધિ ભવોભવ કેવી અનર્થકારક છે તે જણાવનાર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુવલયમાલા ઉપમિતિભવપ્રપંચની ઢબથી લખાયેલ ગ્રંથ છે. આ ગ્રંથને અનુસરીને લખાયેલ કામગજેન્દ્ર કથામાં કામગજેન્દ્ર પરમાત્મા મહાવીર ભગવાન પાસે 'આ સાચું કે તે સાચું ' તેનો ખુલાસો મેળવી કલ્યાણ સાધે છે. આ કથામાં સંસારની અસારતાનો એવો સરસ ખ્યાલ આપ્યો છે કે જીવ એકજ ભવમાં માતા પિતા અને બ્હેન વિગેરે સાથે કેવા વિષમ વિવિધ સંબંધોમાં ગુંચવાય છે તે બતાવ્યું છે.

અનેકવિધ યાતનાઓમાંથી પસાર થઇ શીયળની રક્ષા કરી સુરસુંદરી સાત કોડીમાં રાજ્ય લઇ નાનપણમાં કહેલ 'હું આ સાત કોડીમાં રાજ્ય લેત' તે વચનને કેવી રીતે ફલિતાર્થ કરે છે તે, ગાંઠે બાંધેલું વેણુ કેટલું દુ:ખદાયક થાય છે તે અને સુરસુંદરીની શીયળની દઢતા આ ત્રણે વાતો આ સુરસુંદરી કથામાં સુંદર રીતે રજુ કરવામાં આવેલ છે.

શ્રીપાર્શ્વનાથચરિત્ર, સગરચક્રવર્તિ બ્રહ્મદત્તચક્રવર્ત્તિ સુદર્શનશેઠ, ધનપાળ, ધન્નાશાલિભદ્ર અને કૃતપૂણ્ય વિગેરે વિગેરે કથાઓમાં સંક્ષિપ્ત રીતે કથાનાયકોનાં આખાં ચરિત્રો આપવામાં આવ્યાં છે. પરંતુ કથાના મુખ્ય આશયને પલ્લવિત કરવાનું કયાંય ચુકાયું નથી. સગર ચક્રવર્તિ ચરિત્રમાં દેવતાઇ અગ્નિનું સૂચન કરી સ્પષ્ટ જણાવ્યું છે કે ઘેરે ઘેર ફરો તો પણ કોઇનું ઘર મૃત્યુ વિનાનું નથી કે જ્યાંથી મંગળ અગ્નિ મળે.

આ કથામાં સગરચક્રવર્તિને વૃદ્ધ બ્રાહ્મણ કહે છે કે 'મધ્યરાત્રિએ કુળદેવી પ્રગટ થઇ અને મને કહેવા લાગી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે તું મુંઝાઈશ નહિ જેને ઘેર મૃત્યુ ન થયું હોય તેના ઘેરથી મંગલિક અગ્નિ લાવ એટલે તારા પુત્રને હું તુર્ત જીવાડું.'

સગરચક્રીએ કહ્યું 'હે બ્રાહ્મણ....તું ગમે ત્યાં ફરે પણ કોઇનું કુટુંબ કે ઘર મૃત્યુ વિનાનું નહિ મળે. આ જગતમાં સર્વ જીવો કાળવશ છે. જે જન્મે છે તે અવશ્ય મૃત્યુ પામે છે.'

એવીજ રીતે બ્રહ્મદત્તચક્રવર્તિની કથામાં પાપઋદ્ધિનું અને બીજી કથાઓમાં પણ પોતપોતાના વિષયનું વિશદ સ્પષ્ટીકરણ છે.

આ કથાસાગરમાં યશોવર્મ, ઇલાચિપુત્ર, ઢંઢણમુનિ, સ્કંદકસૂરિ, મેઘરથ, વિનયરત્ન, કઠિયારો, સુલસ અને બળદેવ વિગેરેની કથાઓ જીવન પૈકીના એકાદ મુખ્ય પ્રસંગને અનુલક્ષીને આળેખવામાં આવી છે.

યશોવર્મા રાજા ન્યાય ખાતર પુત્રના ભોગમાં પણ અચકાતો નથી. ઈલાચિપુત્ર વાંસ ઉપર નાચે છે છતાં મુનિનું દર્શન તેને ત્યાંજ નિસ્પૃહતા આણે છે. ઢંઢણમુનિ આહારની ગવેષણા પાછળ પુરા ભોગ આપવાના ખમીરથી કૈવલ્ય મેળવે છે. મેઘરથ રાજાનું સત્ત્વ ખરેખર પ્રશંસનીય છે કે જે પોતાની આખી કાયાને ત્રાજવામાં મુકી દે છે. વિનયરત્નમાં ગૂઢહૃદયની પરિસીમા છે. જેમાં તે બાર બાર વર્ષ સાધુપણું પાળી ઉદયન રાજાના ખુન સુધી પહોંચી જાય છે. કઠિયારો ભિખારી નહિ પણ તૃષ્ણાની પાછળ દોડનારા ભિખારી છે તેવું તત્ત્વ આ કથામાં સમાવવામાં આવેલ છે. સુલસની કથામાં પોતે કરેલું પોતાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ ભોગવવું પડે છે, પાપથી કમાયેલ ધનમાં સગાસંબંધીનો ભાગ ભલે હોય પણ પાપમાં કોઇનો ભાગ નથી તે જણાવવામાં આવ્યું છે.

આર્દ્રકુમાર, દશના પ્રતિબોધક નંદિષેણ, મેઘકુમાર, અવંતિસુકુમાર, રૌહિણેય ચોર નમિરાજર્ષિ, કરકંડુરાજર્ષિ, નાગદત્ત, વલ્કલચિરિ, આષાઢાભૂતિ, સુવ્રતમુનિ, પ્રસન્નચંદ્રરાજર્ષિ, લક્ષ્મણાસાધ્વી, શય્યંભવસૂરિ, ભવદેવ અને ભવદત્ત. આ ચૌદ કથાઓમાં કથાનાયકોને કોઇને કોઇ નિમિત્ત ધન્યપળે મળતાં તેમણે તેમના જીવનનો પલ્ટો આણ્યો છે.

આર્દ્રકુમારને પુત્રનું કાચા સુતરનું બંધન, દશપ્રતિબોધક નંદિષેણને 'આપ દશમા બનો'નું વેશ્યાવચન મેઘકુમારને મુનિઓના ગમનાગમનના કારણે નિદ્રાત્યાગ, અવંતિસુકુમારને નલિનીગુલ્મવિમાનનો સ્વાધ્યાય, રૌહિણેયચોરને અનિચ્છાએ પણ સાંભળેલ જિનવચન, નમિરાજર્ષિને કંકણનો અવાજ, કરકંડુરાજર્ષિને બળદની વૃદ્ધાવસ્થા, નાગદત્તને મુનિનું હાસ્ય, વલ્કલચિરિને મોદકનો સ્વાદ, આષાઢાભૂતિને સ્ત્રીઓનું મદિરાપાન, સુવ્રતમુનિને શ્રાવકના પ્રત્યાખ્યાન કાળની પૃચ્છા, લક્ષ્મણાસાધ્વીને ચકલા ચકલીનું મૈથુન, ક્ષુલ્લકકુમારને सुट्ठुगाइयं નું નટડીનું પદ, શય્યંભવને અહોકષ્ટની ઘોષણા અને ભવદેવને બ્રાહ્મણ પુત્રનું વમન જીવનપલ્ટાનું કારણ બનેલ છે.

હલી, પુણ્યાઢયનૃપ, માતાપુત્ર અને મૃગાપુત્ર વગેરે પરભવના સુકૃત અને દુષ્કૃતને બતાવનારી સુંદર કથાઓ છે ગૌતમસ્વામિથી પ્રતિબોધ પામનાર હલી (ખેડૂત)



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરમાત્મા મહાવીરને દેખી સાધુવેષ છોડી નાસી જાય છે. પંગુપુણ્યાઢય રાજાધિરાજ બને છે. પરભવમાં બોલેલ કટુ વચનના પ્રતાપે પુત્ર શૂળીએ ચઢે છે અને માતાના હાથ કપાય છે. પરભવમાં કરેલ ઘોર હિંસા મૃગાપુત્રને મનુષ્યભવમાં નરકની યાતના આપે છે. આ બધી કથાઓ પરભવના સુકૃત અને દુષ્કૃત આ ભવે કેવાં ફળે છે તેનો તાદૃશ્ય ચિતાર બતાવનારી કથાઓ છે.

કેટલાક, યવરાજર્ષિ, કપિલકેવળી, અઢાર નાતરાં, ચંદનમલયાગિરિ,મમ્મણ, વિનયરત્ન, કમલશ્રેષ્ઠિ, મહામુનિ નંદિષેણ, અમરકુમાર. સ્કંદકસૂરિ, ગજસુકુમાલ, વિશ્વભૂતિ, પંકપ્રિયકુંભાર, બહુપુત્રિકાદેવી, કામલક્ષ્મી, અંગારમર્દક અને ચરમકેવલી જંબુસ્વામિ વિગેરે વિગેરેની કથાઓ જીવ માત્રને સર્વ સામાન્ય ઉપદેશ આપનારી કથાઓ છે. કેટલાકમાં ન્યાયના ધનનો, યવરાજર્ષિમાં જાણેલું કોઇ દિવસ નકામું નથી તેનો, અઢાર નાતરામાં સંસારના સંબંધોનો, ચંદનમલયાગિરિમાં દુનીયાની અથડામણનો, મમ્મણમાં લોભનો, વિનયરત્નમાં માયાવીપણાનો, કમલશ્રેષ્ઠિમાં નાના પણ પચ્ચક્ખાણ કરવાથી થતા લાભનો, મહામુનિ નંદિષેણમાં વૈયાવચ્ચ–સેવાનો, અમરકુમારમાં સાચી માતાના આદર્શનો, સ્કંદકસૂરિ અને ગજસુકુમાલમાં ક્ષમા અને ધીરજની પરાકાષ્ઠાનો, વિશ્વભૂતિમાં કૃપણુતાનો, પંકપ્રિયમાં ઇર્ષાનો, બહુપુત્રિકાદેવીમાં સુખ કયાં છે તેનો, કામલક્ષ્મીમાં કોને રડવાનો, અંગારમર્દકમાં અયોગ્ય જીવનો, અને ચરમકેવલી જંબુસ્વામિમાં વિરતિ વિના જરા પણ ન રહી શકાય તેનો ઉપદેશ આપવામાં આવેલ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આમ કથાસાગરની કથાઓ અનેકવિધ અનેક જીવોને ઉપકારક છે.

( ૪ )

પ્રેરક **પં. શ્રી કૈલાસસાગરજી ગણિનો** અને લેખક પંડિત મફતલાલ ઝવેરચંદનો આ પ્રયાસ ખુબજ સ્તુત્ય છે. કેમકે આ ગ્રંથ જનતાના સર્વ વર્ગને એક સરખો ઉપયોગી થાય તેવો છે જેવા સાહિત્યની આજે જરૂર છે તેવા સાહિત્યને આ ગ્રંથ પુરો પાડનાર છે.

આજે બાળકો યુવાનો અને વૃદ્ધો વિવિધ નવલકથાઓ અને કુટિલ સાહિત્યમાં દોરવાઇ ધર્મશ્રદ્ધાથી વિમુખ બને છે તે સમયે ધર્મશ્રદ્ધાના ઉદ્યોતપૂર્વક જૈનશૈલિને સાચવવા સાથે અસ્ખલિત વહેતા પાણીના પ્રવાહની માફક લખાયેલ આ કથાસંગ્રહને વાંચકો વાંચી વિચારી હૃદયમાં ઉતારી જીવનને આદર્શમય બનાવી આત્મકલ્યાણ સાધે અને લેખક આ કથાસાગરના ભાગોને લંબાવી જૈનશાસ્ત્રસમૂહમાં રહેલા હજારો કથારત્નો આવી જ શૈલિથી લખી સ્વકલ્યાણ સાથે પરકલ્યાણ કરે એજ શુભેચ્છા.

તા. ૨૭–૧૨–૫૨
વિ. સં. ૨૦૦૯ના માગશર શુદ અગિયારસને ગુરૂવાર
[મૌન એકાદશી.]
વલસાડ.

શ્રી વિજયનેમિસૂરીશ્વર પટ્ટાલંકાર
શ્રી વિજયલાવણ્યસૂરીશ્વર શિષ્ય-
રત્ન પં. શ્રી દક્ષવિજયગણિ શિષ્ય-
રત્ન પંન્યાસ **સુશીલાવજયગણિ**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## બે બોલ

કથાસાગર ભાગ–૧ બહાર પડે પુરા પાંચ મહિના નથી થયા તે પહેલાં આ બીજો ભાગ વાંચકોના હાથમાં સમર્પતાં અમને ખુબ આનંદ થાય છે.

આ ભાગમાં પણ ભા. ૧ની માફક ભિન્નભિન્ન જ બધી કથાઓ લેવાનો વિચાર હતો પરંતુ સમરાદિત્ય કેવળીચરિત્ર અને પૃથ્વીચંદ્ર ગુણસાગર ચરિત્રનો છેલ્લો ભવ આ ભાગમાં આપવાપાં આવે તેમ ઘણાઓનો આગ્રહ હતો. આ બન્ને ચરિત્રના છેલ્લા ભવ લેવા જતાં આખા ચરિત્રની આહ્લાદકતા ચાલી જતી હોવાથી દરેક ભવોને ટુંકાણમાં લીધા છે. અને કથાઓના ક્રમાંકને જુદા જુદા વિષય આપી લંબાવેલ છે. આમ આ ભાગમાં કુલ ૫૮ કથાઓ આપવામાં આવી છે આમ બન્ને ભાગોની મળી કુલ ૧૦૧ કથાઓ થાય છે.

આજે પ્રજાને વળાંક વિવિધ કથાઓ અને વાર્તાઓના સાહિત્ય તરફ ઝુકયો છે. અને તે એવો વિલક્ષણ રીતે ઝુકયો છે કે પ્રજાની સમક્ષ નામ તો તેમના સંતોના, મહાત્માઓનાં અને પ્રસિદ્ધ પુરુષોનાં રજુ કરે છે. પણ તે દ્વારા પ્રજાને જડવાદ તરફ ખેંચતો હોય છે.

**પૂ. પં. પ્રવર કૈલાસસાગરજી** ગણિવરની પ્રેરણા અને ડગલે અને પગલે તેમના દિશાસૂચન દ્વારાજ આ ગ્રંથ પૂર્ણ થયો છે. આથી પૂ. પંન્યાસજી મહારાજ આ ગ્રંથના કેવળ પ્રેરક જ નથી પણ તેના સંકલનાકાર, ઉપદેષ્ટા અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંગ્રહકાર બધું જ તેઓશ્રી છે. કેમકે આ કથાગ્રંથ લખતાં જે જે પુસ્તકોની જરૂર પડી તે તે ગ્રંથો વિનાવિલંબે પુરા પાડવામાં, કથાઓનો નિર્દેશ કરવામાં અને યોગ્યાયોગ્યતાનો વિચાર કરી નિર્ણય કરવામાં અને પુસ્તક પ્રકાશન વગેરે બધામાં તેમનો જ બધો ફાળો છે. ખરી રીતે કથાઓની પસંદગી એ તેમના જ શાસ્ત્રવાંચનનું પરિણામ છે.

આ ગ્રંથની પ્રસ્તાવના પરમપૂજ્ય આચાર્યદેવ વિજય-લાવણ્યસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય વિદ્વાન સાહિત્યજ્ઞાતા **સુશીલવિજયજીગણિએ** લખી આપી અમને અમારા કાર્યમાં ઉત્તેજિત કર્યા છે તે બદલ તેઓશ્રીનો અને આ ગ્રંથમાં મુંબઈ **મેઘરાજ પુસ્તક ભંડાર**ના સંચાલકોએ સમરાદિત્ય કેવળી ચરિત્રના સાત બ્લોકો ઉદારભાવે આપી વિનાસંકોચે ગ્રન્થના સુશોભનમાં વધારો કર્યો છે તેથી તેમનો પણ હું ઉપકાર માનું છું.

અંતે આ બધી કથાઓના લેખનમાં પુરી કાળજી રાખ્યા છતાં કાંઇપણ સિદ્ધાંત વિરુદ્ધ મતિમંદતા પ્રમાદ કે ભ્રમણાથી લખાયું હોય તેની ક્ષમા યાચું છું.

ફાગણ સુદ ૩
તા. ૧૫-૩-૫૩.
અમદાવાદ.

**પં. મફતલાલ ઝવેરચંદ.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કથાસાગર ભાગ ૧ ના આવેલા અભિપ્રાયો
પૈકીના કેટલાક

# અભિપ્રાયો

(૧)

પરમ પૂજ્ય પંજાબ કેસરી આચાર્યદેવ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો અભિપ્રાય.

ॐ अर्हं नमः

वन्दे श्री वीरमानंदम्

तुम्हारा भेजा श्री कथासागर प्रथम भाग मिला.

इसमें संगृहित कथाएँ रसप्रद और पढने–मनन करने योग्य होनेसे हम हरएक जैन अजैन को सूचित करते है कि एसी एसी धार्मिक कथाएँ पढके अपने समय का सदुपयोग करना चाहिये.

सामायिकमें भी स्वाध्याय करके आत्मशांति का अनुभव करें.

हम यह भी चाहते है की इसका हिन्दी में अनुवाद हो तो हिन्दी भाषा भाषी लोग भी लाभ उठा सके.

ता. २०–१२–५२

ठाणा विजय वल्लभसूरि.

पू. आ. आचार्य भगवानकी आज्ञासे दः समुद्रविजय का धर्मलाभ. कथासागर प्रथम भाग पढके आनंदित हुआ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૨ )

## પરમ પૂ. આગમોદ્ધારક સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર આગમ જ્ઞાતા માણિક્ય-સાગરસૂરીશ્વરજી મહારાજનો અભિપ્રાય.

છાયાપુરી. મહા વદી ૬

"જૈન કથાસાગર વાંચતાં તે જૈનેતરોને પણ સુંદર સંસ્કાર પાડે તેવો ગ્રંથ છે. આ કથાઓનો સંગ્રહ જૈન છતાં જૈને-તરોને પણ વાંચવામાં ઉત્સાહ થાય તેવો કથા ગ્રંથ છે. આધુનિક પદ્ધતિથી ધર્મના સંસ્કારને પોષણ આપે તેવી જૈનશૈલિથી શાસ્ત્રને અનુસરી આ ગ્રંથ લખાયેલ છે.

તમારો પ્રયાસ સ્તુત્ય છે."

પૂજ્યપાદ્ આચાર્યદેવેશની આજ્ઞાથી દ: લાભસાગર—

( ૩ )

## વયોવૃદ્ધ ભદ્રિકપરિણામી પ. પૂ. ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજનો અભિપ્રાય.

કથાસાગર ભાગ ૧–૨માં આપવામાં આવેલી કથા આબાળ વૃદ્ધ સૌને ઉપકારક નીવડે તેવી છે.

કથાઓમાં આપવામાં આવેલ વિષય વાંચકને કથા સાથે તે તે વિષયનો સારો ખ્યાલ આપે છે.

આ કથાસંગ્રહ જૈનશાસ્ત્રો અને જૈનશૈલિને વફાદાર રહી લખાયેલી હોવાથી પ્રશંસાપાત્ર છે. આ નાના પુસ્તકમાં અનેકવિધ વસ્તુ દાખલ કરી વાંચકના જ્ઞાનગાંભીર્ય વધારો કરે તેવો આ ગ્રંથ છે. આ કથા સાગરમાં પ્રત્યેક કથાઓની પાછળ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપવામાં આવેલ સ્થળ વધુ જિજ્ઞાસુને તેના ઉદ્દગમના સ્થાનનો સારો ખ્યાલ આપે છે.

કથાસાગર ભાગ ૧માં ૪૦મી કથામાં ઉદયનનો નિર્દેશ છે તે ઉદયન વત્સરાજ નહિ પણ શ્રેણિકના પૌત્ર સમજવો. કેમકે તેજ અતિ ધર્મરૂચિવંત અને પૌષધના નિયમવાળો હતો.

આજે વિષયવાસના અને જડવાદને ઉત્તેજન કરનારૂં ઘણું સાહિત્ય પ્રગટ થાય છે. જેથી ઘણા જીવો ઉન્માર્ગે દોરાય છે. એવે સમયે ત્યાગ વૈરાગ્ય અને ધર્મને પોષણ કરનાર આવું કથા સાહિત્ય પ્રગટ થાય તે ખુબ ઈચ્છવા યોગ્ય છે. આ કથાસાગરમાં આપવામાં આવેલ કથાસાહિત્ય ત્યાગ વૈરાગ્ય પોષક અને ધર્મ આરાધનાનું કરનારૂં હોવાથી ઘણું પ્રશંસનીય છે.

પ્રેરક પંન્યાસ **કૈલાસ સાગરજી**નો અને લેખકનો સ્તુત્ય પ્રયાસ વાંચકો લાભ ઉઠાવી સફળ કરે એજ.

**—ઋદ્ધિસાગર.**

(૪)

## પરમપૂજ્ય શાંતમૂર્તિ આચાર્ય કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજનો અભિપ્રાય

મહા વદ ૧૩.

**લી. કીર્તિસાગરસૂરિ.**

જૈન શાસનમાં ચાર અનુયોગો સર્વ પ્રાણીઓને અત્યુપયોગી પ્રભુ મહાવીરે ઉપદેશેલ છે. તે પૈકી કથાનુયોગ–**જૈન** કથાનુયોગ જૈન જૈનેતરોને તથા આબાલવૃદ્ધ માનવોને અતિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હિતકર છે. આ કથાસાગર દરેક વિદ્વાનોને પણ લાભદાયી નીવડે તેમ સમજી બહાર પાડેલ છે. અને લાભદાયી થાઓ.

આ કથાઓ શાસ્ત્રાનુસારે હોવાથી દરેક માણસને વાંચવા લાયક છે.

( ૫ )

## વિદ્વદ્વર્ય પ્રસિદ્ધ વક્તા પરમપૂજ્ય આચાર્યદેવ વિજયજંબુસૂરીશ્વરજી મહારાજનો અભિપ્રાય.

પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજ તરફથી.

સુશ્રાવક પંડિત મફતલાલ યોગ્ય ધર્મલાભ તમારો પત્ર મળ્યો. જવાબમાં—

"આગમિક અને અનાગમિક સાહિત્યના સ્વાધ્યાય વખતે ૧૯૯૩–૯૪માં મ્હેં એ સંકલ્પ કર્યો હતો કે પ્રત્યેકમાં આવતી અદ્‌ભૂત કથાઓનો સારસંગ્રહ લોકભોગ્ય ભાષામાં રસમય કરીને જનહિતાર્થે જાહેર મૂકવો. જૈનકથાઓ, બૌદ્ધ સાહિત્યની જાતક કથાઓ, ઉપનિષદોની રૂપક કથાઓ તેમજ તે સિવાયની બીજી અનેકવિધ નીતિકથાઓ, પ્રાણી કથાઓ અને સામાજિક તથા ધાર્મિક કથાઓ, આ સર્વને આંટી જાય તેવી અર્થથી બોધથી અને મર્મથી અલંકૃત છે એવો મ્હારો નમ્ર અભિપ્રાય છે. આ કથાઓ વાંચકોને, આત્મા, કર્મ, પુનર્જન્મ, જીવન, મરણ યાવત્મુક્તિનું વિજ્ઞાન ભ્રાન્તિ-રહિત સફલ રીતે પામવાની સુંદર કેડીઓ છે. આ કથા-સાગરના લેખકની કલમમાં એક રીતે મ્હારા સંકલ્પની સિદ્ધિ થતી જોઇ હું આનંદ પામું છું. તેમની યોજના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવા વીસ ભાગો રચવાની છે. આવી સર્વજ્ઞભાષિત કોટ્યાવધિ સુબોધક કથાઓ અવ્યભિચારી શબ્દ દેહ પામીને અત્યારના ભૌતિકવાદિયુગને અધ્યાત્મવાદના અમૃતાંજન આંજે, તે સર્વરીતિએ ઇચ્છનીય છે. એના પ્રેરક, લેખક અને સહાયક સૌ ધન્યવાદને પાત્ર છે. "ઇતિશમ્."

અમદાવાદ.

અરૂણ સોસાયટી, દા. વર્ધમાનવિજય

સંવત ૨૦૦૯ ફા. સુ. ૨ રવિવાર.

( ૬ )

વિદ્વદ્વર્ય પન્યાસ **શ્રી** કૈલાસસાગરની પ્રેરણા દ્વારા તૈયાર કરાયેલ કથાસાગર મળ્યો વાંચી આનંદ થયો.

આ કથા સાગર ગ્રંથમાં આવેલી કથાઓ ધર્મશ્રદ્ધા વિવેક અને જીવનશુદ્ધિમાં ઘણી ઉપકારક નીવડે તેવી છે.

આવું સાહિત્ય જૈન સમાજ માટે ખુબજ હિતાવહ સાહિત્ય છે. ભાષાની શૈલિ અને કથાની રચનાની ઢબ શ્રદ્ધા-વંત શ્રાવકોને તો ઉપયોગી છે. પરંતુ જે આજની અનાર્ય કેળવણીથી ધર્મથી ઉભગેલા છે તેઓને પણ ધર્મ માર્ગે લાવી ધર્મશ્રદ્ધા પ્રગટાવી વિવેકવિનય શિખવી જીવનશુદ્ધિ કરાવે તેવો સુંદર ગ્રંથ છે.

પંડિત શ્રી મફતલાલે વિદ્વત્તાનો ઉપયોગ કરી જુદા જુદા અનેક ગ્રંથોમાંથી આ કથાઓને ચુંટી સુંદર કથા મૌક્તિકો આમાં દાખલ કર્યાં છે. અને તે કથાઓને વહેતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાણીની માફક અતુટ ભાષાના પ્રવાહમાં જૈનશૈલિને અનુસરી રજુ કરેલ છે.

આ કથાસાગરના ભાગો ઉત્તરોત્તર લંબાવી સેંકડો કથાઓ આ રીતે બહાર પાડવાની ભલામણ સાથે તેમને અને તેના પ્રેરક પંન્યાસશ્રી કૈલાસસાગરજીને હું આવા સર્વોપયોગી સાહિત્યને બહાર પાડવા બદલ ધન્યવાદ આપું છું. આજે સમાજમાં જેની જરૂર છે તેવુંજ હિતાવહ આ સાહિત્ય છે. આ સાહિત્યનો સૌ કોઇ લાભ લે એજ ઈચ્છા.

ફાગણ શુદ ૨ — પં. મંગળવિજયગણિ.
વિ. સં. ૨૦૦૯ — (તીર્થોદ્ધારક આચાર્ય વિજયનિતિ
અમદાવાદ — સૂરીશ્વર પટ્ટધર આચાર્ય વિજય હર્ષસૂરીશ્વર શિષ્ય).

( ૭ )

## પ્રસિદ્ધ વક્તા.પૂ. પં. કનકવિજયજી ગણિવરનો અભિપ્રાય.

"જૈન કથાસાગર" (ભા. ૧) પુસ્તકને અંગે
મારૂં નમ્ર મંતવ્ય.

જૈનશાસનમાં કથાનુયોગનું સાહિત્ય આબાલ વૃદ્ધ સર્વ કોઇને માટે એક સરખી રીતે ઉપકારક છે. પૂર્વકાલીન-મહાપુરુષો તથા મહાસતીઓનાં જીવનચરિત્રોનાં વાંચન–મનન તથા શ્રવણદ્વારા ધર્મારાધક આત્માઓને આરાધના માર્ગમાં સુંદર પ્રેરણા મલે છે. રત્નત્રયીની નિર્મળતા આવા સાહિત્યના વાંચન–શ્રવણથી વિશેષ રીતે થાય છે. એ નિઃશંક છે.

ઇતર ધર્મદર્શનોમાં કથાનુયોગ વિકૃત વિસંવાદી તથા કલ્પિત મુખ્ય રીતે હોય છે. જ્યારે જૈન દર્શનનું કથાનુ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યોગનું સાહિત્ય યથાર્થ તેમજ સંસારના સ્વરૂપને અનુલક્ષીને હેય, જ્ઞેય, તથા ઉપાદેયના વિવેકપૂર્વક સંકલિત થયેલું હોય છે.

વર્તમાન કાલમાં જીવો પ્રાય: ધર્મ પરાઙ્મુખ બનતા જાય છે. સંસાર રસિકતાને પોષનારૂં, ઇન્દ્રિય સુખોને ઉત્તેજનારૂં, કલ્પના પ્રધાન વિકૃત કથાસાહિત્ય આ કારણે જ્યાં ત્યાં પ્રચાર પામતું જોઇ શકાય છે. જેના પરિણામે વાંચકવર્ગ વિલાસ અમન-ચમન તેમજ વિષય-કષાયનાં પાપ સાધનોમાં વધુને વધુ ડૂબતો જાય છે. આ પરિસ્થિતિમાં યોગ્ય આત્માઓને શ્રી વીતરાગ માર્ગની શ્રદ્ધા પ્રગટાવવા માટે જૈન કથાનુયોગનું સાહિત્ય વર્તમાન શલિએ સરળ, સાત્ત્વિક તથા લોકભોગ્ય પદ્ધત્તિએ આપવાની જરૂર છે. જૈન કથાસાગર ભાગ ૧ પુસ્તક એ જરૂરીયાતને લક્ષ્યમાં રાખી એ દિશામાં શુભ પ્રયત્નરૂપ ગણી શકાય. પરમ વિદ્વાન શાંતમૂર્તિ પંન્યાસજી મહારાજ શ્રી કૈલાસસાગરજી ગણિવરશ્રીની શુભ પ્રેરણાથી આ ગ્રન્થરત્નની સંકલના થઇ છે.

આ પુસ્તક જૈનશાસનના કથા સાહિત્યને ઉપયોગી પદ્ધત્તિએ ઉચિત ભાષામાં સુંદર રીતે રજુ કરે છે. જેનાં વાંચન-શ્રવણદ્વારા સમ્યગ્દર્શન, જ્ઞાન તથા ચારિત્ર માર્ગની આરાધનામાં ભવ્ય આત્માઓને અવશ્ય પ્રેરણા મલી રહે તેમ છે.

આ રીતે જનકથા સાહિત્યની અનેકાનેક અપ્રસિદ્ધ કથાઓને સરળ, સ્વચ્છ તથા લોકભોગ્ય શૈલીએ પ્રગટ કરવાની આજે ખૂબ જરૂર છે. આજના કાલમાં એ રીતે જૈન શાસનની સેવા કરવા માટે શક્તિઓનો શકય સદુપયોગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખરેખર કરવા જેવો છે. તોજ આજની દુનિયાને સાચો માર્ગ મલવાની પૂરી શકયતા છે.

આ દિશામાં પોતાની શક્તિઓનો જે રીતે સુંદર સદ્‌વ્યય પંન્યાસજી મહારાજશ્રી કૈલાસસાગરજી ગણિવરશ્રી આવા સાહિત્યના પ્રકાશનમાં પ્રેરણા આપવા દ્વારા કરી રહ્યા તે. તે માટે પુનઃ પુનઃ અનુમોદના–પ્રશંસા.

તેઓશ્રી આ રીતે પોતાના પ્રયત્નમાં ઉત્તરોત્તર સફ્‌લતા પ્રાપ્ત કરી રહો. એજ એક શુભ અભિલાષા.

જુનાગઢ : હેમાભાઈની
ધર્મશાળા, ઉપરકોટ, પં. કનકવિજયજીગણિ-
મહા વદી ૫ વિ. સં. ૨૦૦૯.
વી. સં. ૨૪૭૯

( ૮ )

"વિશ્વમાં વાસનાપોષક સાહિત્યની જ્યારે પુર બહાર ચાલે છે ત્યારે આત્માભિમુખ કરનાર કથા સાહિત્યની તેના વર્ગને અતિ જરૂર છે. તેમાં આ પુસ્તક ખુબ જ ઉપયોગી નિવડે તેમ છે.

પં. ધુરંધરવિજયજીગણિ.

( ૯ )

આ આખું પુસ્તક બે ભાગનું ઘણું જ ઉપયોગી ૧૦૧ કથાનું છે. તે સર્વે નાના મોટા બધી જીવોને સાદર વાંચવા જેવું આદરણીય છે. લેખકનો પ્રયાસ અનુમોદન કરવા યોગ્ય છે.

પંન્યાસ લલિતવિજય
[ અનુયોગાચાર્ય–સદ્‌ગુણાનુરાગી
પૂજ્ય કર્પૂરવિજયના શિષ્ય. ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૧૦ )

"જૈન કથા સાગર" ગ્રંથનો પ્રથમ ભાગ મને મળ્યો. તેમાં સમાવેલાં કથાનકો હું વાંચી રહ્યો છું. પરંતુ જે રીતે સંકલિત કરીને પ્રગટ કરવામાં આવ્યાં છે તે સુંદર છે. દરેક કથાની નીચે તે અમુક ગ્રંથમાં છે અને તેના આધારે લેવામાં આવી છે તેની નોંધ લેખકે કરી છે તેથી આ ગ્રંથની પ્રમાણિકતા ઘણી વધી જાય છે. પવિત્ર મૂળ જૈન આગમોમાં અને અનેક પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજો રચિત મહાનગ્રંથોમાં હજારો કથાઓનું રસમય અને બોધક સાહિત્ય અણવિકસિત અને અપ્રગટ સ્થિતિમાં બંધાઇ રહ્યું છે. વિશાળ સાગરમાંથી જેમ ચાંગળુ ભરી પાણી હથેલીમાં લઇને કોઇ કહે કે સાગરનું પાણી મારી હથેલીમાં છે તો તે વચન પણ સત્યનો અંશ હોવાથી યોગ્ય છે તેમ આપણી પાસે કથાઓનો સાગર છે તેમાંથી અમુક કથાઓ લઇને આ ગ્રંથ તૈયાર કરાએલો હોવાથી તેનું **"જૈન કથા સાગર"** નામાભિધાન પણ યોગ્ય છે.

પ્રજાજીવનના દરેકદેશીય ઘડતરમાં કથાઓએ કિંમતી ફાળો આપ્યો છે અને આજે પણ આપી શકે તેમ છે. આથી આવી ટુંકી ટુંકી કથાઓના સંગ્રહરૂપ ગ્રંથોની આપણી સમાજના ઘડતર માટે ઘણીજ આવશ્યકતા છે. પૂજ્યપાદ પંન્યાસજી મહારાજ શ્રી **કૈલાસસાગરજી ગણિવરે** આ ગ્રંથ તૈયાર કરવા માટે પ્રેરણા કરી અને ભાઈશ્રી **મફતલાલ પંડિતે** એ પ્રેરણાને ઝીલી તથા **સમૌના શ્રી જૈન સંઘે** આર્થિક સહાય આપી આ ગ્રંથનું પ્રકાશન સુલભ બનાવ્યું તે માટે તેઓ સર્વેને મારા અભિનંદન છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહેવાની ફરજ પડે છે કે આપણે જૈન માબાપો પોતાનાં બાળકો પૂત્ર પૂત્રીઓ પ્રત્યેની સાચા વાલી તરિકેની ફરજો લગભગ ભૂલી ગયા છીએ. તેઓ શું કરે છે ? કોની સોબતમાં ફરે છે ? કેવા પુસ્તકો વાંચે છે ? અને કોની નકલ કરે છે ? એ જોવા અને જાણવામાંથી આપણે હાથ ઊઠાવી લીધો છે. આવી સ્થિતીમાં બાળકોમાં કેવા સંસ્કાર પડે ? અને મોટા થયે કેવા થાય ? એ કહેવાની ભાગ્યેજ જરૂર ગણાય. આ બેદરકારીનાં કડવાં ફળો આજે હજારો કુટુંબો અને વડીલો ભોગવી રહ્યા છે.

થોડા વર્ષ પહેલા આપણી માતાઓ અને બહેનો નાનાં નાનાં બાલુડાઓને ભેગાં કરી રસમય રીતે બોધદાયક કથાઓ, સ્તવનો અને સજ્ઝાયો તેમને સંભળાવતી અને અગમ્ય રીતે બાળકોનાં જીવનનાં ઘડતર થતાં. મારા સ્વર્ગસ્થ માતુશ્રી ખૂબજ ઘરકામનો બોજો હોવા છતાંયે અમને ભાઇઓ બહેનોને રાતનાં ભેગાં કરી મીઠી મીઠી કથાઓ અને બોધક છત્રીશીઓ કહેતાં મારા મુંબઇનાં રહેવાસ કાળમાં જડવાદના અનેક ઝંઝાવાતોમાં મારૂં જીવન, નાટક, સીનેમા, રાત્રીભોજન કંદમૂળ ભક્ષણ વિગેરે અનેક પ્રકારના ચગડોળે ચઢયા છતાંએ માતુશ્રીએ બાળપણમાં પાડેલા સુસંસ્કારો વિચારપટમાં કેટલીક વખત ઝબકતા અને વિલાસી જીવન પ્રત્યે ખટકો કરાવતા હતા. પરિણામે અનેક કુટેવોથી હું બચી જવા પામ્યો.

પ્રત્યેક જૈન ભાઇબહેનોને મારી આગ્રહપૂર્વક ભલામણ છે કે તેમનાં બાળકોને ઉત્તમ સંસ્કાર વાસિત બનાવવા માટે

તેઓ પોતે આ "જૈન કથા સાગર" વાંચે, વિચારે અને જીવનમાં ઉતારીને પોતાનાં, શેરીનાં અને મહોલ્લાના બાળકોને ભેગા કરી તેઓને રસ પડે તેવી રીતે કથાઓ સંભળાવે. જૈન પાઠશાળાઓના શિક્ષકો જો થોડીક ખેવના રાખે તો બાળસંસ્કારમાં અણમોલ ફાળો આપી શકે તેમ છે. તેઓ આવી પ્રમાણિક કથાઓ કંઠસ્થ કરી બાળકો આગળ કહેશે તો સ્વપર બન્નેને લાભદાયી થવા સાથે સમાજના ભાવી ઉદયના યશના ભાગીદાર ગણાશે. એજ ભાવના.

અમદાવાદ
શેખનો પાડો — લિ. શ્રમણોપાસક
તા. ૧૫–૨–૫૩ — **ચીમનલાલ કેશવલાલ કડીઆ**

( ૧૧ )

કથાસાગર ભાગ. ૧ની સંકલના પ્રશંસનીય છે. વ્યાખ્યાન વેળા કથાનુયોગ સમયે આ ગ્રંથનું પ્રવચન શ્રોતાઓને અસરકારક નિવડે તેવું છે. વર્તમાન જનરુચિ કથા શ્રવણપ્રતિ ખાસ વલણ ધરાવતી હોવાથી તેમજ અતિ લંબાણુ પસંદ ન કરતી ન હોવાથી આ જાતની સંકલના એને વધુ બંધ બેસતી આવે તેમ છે.

ખંભાત, ૯–૩–૫૨. **મોહનલાલ દીપચંદ ચોકસી**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૪૩

# અનાથતા
## યાને
# મહામુનિ અનાથી

**सोणिअ पुरओ जेणं परुविअं अवितहं अणाथत्तं ।**
**तं वंदे हयमोहं, अमोहचरिअं निअंठमुणिं.**

'જેમણે શ્રી શ્રેણિકનૃપતિ સમક્ષ સત્ય અનાથપણું પ્રગટ કર્યું તે અમોઘ ચારિત્રસંપન્ન મોહના નાશ કરનાર અનાથી નામના નિર્ગ્રંથ મુનિને હું વંદન કરૂં છું.'

(૧)

રાજગૃહી નગરની બહાર મંડિતકુક્ષિ ઉદ્યાન હતું. આ ઉદ્યાનમાં તેજ તેજના અંબાર સરખા એક યુવાન સાધુ ધ્યાનમગ્ન બેઠા હતા. આ યુવાન સાધુને વનના પવનથી વૃક્ષની હિંચકાતી ડાળીઓ નમતી હતી. કિલ્લોલ કરતાં પક્ષિઓ તેમની પ્રદક્ષિણા કરતાં હતાં અને વનનો પવન પુષ્પની સુગંધ કરતાં આ મુનિના ચારિત્રની સુગંધથી દિવ્ય રીતે મ્હેંકતો હતો.

આજ અરસામાં મગધનો રાજવી શ્રેણિક હાથી ઘોડા અને પાયદળ સાથે ક્રીડા કરવા આ ઉદ્યાનમાં આવી ચઢયો. થોડુંક ચાલ્યો ત્યાં એક સહકાર નીચે આ ધ્યાનસ્થ મુનિને જોયા. આટલો આટલો લશ્કરનો કોલાહલ અને ધમાલ છતાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુનિ સ્તબ્ધ હતા. તેમનાં નેત્ર બીડાયેલાં હતાં. રાજા પગે લાગ્યો અને હાથ જોડી ઉભો રહ્યો. થોડીવારે મુનિએ ધ્યાન પાંર્યું બીડેલ નયનો ઉઘડયાં અને હાથ જોડી ઉભેલ રાજાને મુનિએ ધર્મલાભ કહ્યો.

શ્રેણિકને વનની વનરાજી કે બીજા કોઇએ તેના ચિત્તને ન આકર્ષ્યું. મુનિના ધર્મલાભ શબ્દ સાંભળ્યા છતાં ધર્મની ઉંડી વિચારણા કે તત્ત્વજિજ્ઞાસા તેને ન જાગી. તે તો મુનિને દેખી એકજ વિચારમાં પડયો કે કેવું સુકોમળ શરીર ! કેવી ખીલતી યુવાની ! શું સુંદર તેજસ્વી લલાટ ! અને ચમકતાં નયન! આવા સુંદર દેહધારીઓ પણ શું સાધુ થતા હશે? આમને એવું શું દુઃખ પડયું હશે કે સંસાર તજી આવા તપ તપતા હશે? કોઇ મહાદરિદ્રી હશે? ના, તેમનો દેહ સુખથી પોસાયેલો સુકોમળ છે. સ્ત્રી સગાં કે સંબંધીથી દુઃખી હશે? ના, તેમની મુખાકૃતિની પ્રસન્નતા અનેકને સગા સ્નેહી બનાવે તેવી છે. અને તેનું રૂપ અનેક લલનાઓને આકર્ષે તેવું છે. કોઈ ભયંકર રોગથી કંટાળ્યા હશે? એ પણ સંભવતું નથી કેમકે કલાકોના કલાકો સુધી ટટ્ટાર દેહે ધ્યાનમગ્ન રહે છે. લાવ પુછું. 'મુનિવર! કેમ તમે સંસાર તજ્યો?' પણ ધ્યાનમગ્ન રહેલ તપસ્વીને તેમ પુછી હું તેમની ધ્યાન સાધનામાં અંતરાય શા માટે કરૂં? તો અહિં તેમનું એવું કોણ પરિચિત છે કે મને આનો ખુલાસો આપે. રાજાએ ધૈર્ય ધર્યું અને બોલ્યો.

'ભગવંત! આપ યુવાન છો, રૂપવાન છો, તેજસ્વી છો. આપનો દેહ આપને સર્વ રીતના સુખી સુચવે છે. આપે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કેમ સંસાર તજ્યો હશે ? તે હું કલ્પી શકતો નથી. આપજ એનો ખુલાસો ન કરો ?'

'રાજન્! **હું અનાથ હતો. મારો કોઈ રક્ષક ન હતો. મને કોઈ નાથ ન મળ્યો** એટલે મેં આ સંયમ માર્ગ લીધો.'

નાથ વિના જીવે બહુ દુઃખ પામ્યાં, માહરે નહીં કોઈ નાથ;
તિણ કારણ મેં દીક્ષા લીધી, હવે હું હુઓ સનાથ કે.

શ્રેણિક આશ્ચર્ય પામ્યો અને બોલ્યો 'મહારાજ! આ શું બોલો છો? કોઈ આપને નાથ ન મળ્યો અને તેજ કારણે આપને સંયમ લેવું પડયું હોય તો હું નાથ બનું? આપ મારે ત્યાં પધારો સ્રી સ્નેહી મિત્ર સંપત્તિ અને સંબંધીથી સંસાર સુખ ભોગવો.'

( ૨ )

'રાજન્! આ બધું તો મારી પાસે હતું. મારે રૂપ રૂપના અંબાર સરખી બત્રીસ નારીઓ હતી. ભાઈ ભાઈ! કહી મોંઢું સુકવતા મોટા નાના ભાઈ અને બહેન હતાં. સાથે રમતા અને ઘડી મને અળગો ન મુકનારા મિત્રોનો પણ તોટો ન હતો. લાડેકોડે ઉછેરતા અને આંખની કીકીસમા મને માનતા મારા માતા અને પિતા પણ હતા, ધનસંપત્તિ તો મારે ત્યાં ક્રોડોની હતી. ઘેરે નોબતો વાગતી. યાચકોને દાન દેવાતાં એવી અઢળક સંપત્તિ હતી. પણ રાજા! આ બધું છતાં હું અનાથ હતો. મારૂં કોઈ રક્ષક ન હતું હું રક્ષક વિનાનો કેમ રહી શકું? અનાથતાના કારણે મેં આ સંયમ લીધો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'ભગવન્! આવી સંપત્તિ સમૃદ્ધિ અને સ્નેહી છતાં આપ અનાથ! આ કેમ સંભવે?'

"રાજન! હું સાચું કહું છું કે આ બધું છતાં મારો કોઇ રક્ષક ન હતો. એક દિવસ મને આંખમાં પીડા ઉપડી તેમાંથી આખા શરીરે દાહજ્વર પ્રગટયો. શરીર તુટવા માંડ્યું હું ચીસો નાંખવા માંડયો. આંખમાંથી આંસુ સારવા લાગ્યો. વૈદ્યો ઈલમીઓ બધા દોડી આવ્યા તેમણે ઘણા ઉપચારો કર્યા પણ મને કાંઇ શાંતિ ન મળી. શરીરમાં સોયા ઘોંચાતા હોય તેમ મને તીક્ષ્ણ વેદના થવા લાગી. મેં માતાના ખોળામાં માથું મુકયું માતાએ ઘણો પંપાળ્યો. પણ આંસુ સાર્યા સિવાય તે કાંઈ ન કરી શકી. પિતાના હાથમાં હાથ મુકી મેં બુમ પાડી ઓ પાલક પિતા! મારૂં રક્ષણ કરો મને વેદના સહાતી નથી. મને બચાવો બચાવો, પિતાએ લાખો ક્રોડો ખર્ચી વૈદ્ય હકીમો ભૂઆઓ અને માંત્રિકોને બોલાવ્યા સિવાય કાંઇ ન કરી શકયા. રાજન! મારી આ અનાથતાના નાથ ન વૈદ્યો બન્યા, ન ભૂવા કે ન માંત્રિકો બન્યા. પાલક પિતા અને માતા પણ ટગર ટગર સામે જોઇ રહ્યા કોઈ રક્ષક ન બન્યું. આ વખતે તું હોત તો મારો નાથ બનત ખરો ?

રાજન્! મારા પલંગની પાંજેઠે મારા બે ભાઇઓ મારા પગ પંપાળતા હતા. મેં પગ પછાડતાં કહ્યું 'હે જ્યેષ્ઠ બાંધવ! અને લઘુ બાંધવ! આ ભાઈનું રક્ષણ નહિ કરો! હું બળું છું વેદના મને સહન થતી નથી.' તે દીનવદને મુંગા ઉભા રહ્યા. હું રોતો રડતો આંસુ સારતો ઓળાટવા લાગ્યો રાજન્! આ બાંધવો પણ નાથપણાની ખોટ ન પુરી શકયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાઇ ભાઇ કહી આનંદ પામતી નાનકડી બેનો પલંગ પાસે માથું ધરી ઉભી હતી. તેં કાલા શબ્દો અને કરૂણ-સ્વરમાં કહેતી હતી કે 'વીરા! શાંત થાઓ. સારૂં થશે. ગભરાઓ નહિ' પણ મારી ગભરામણનો પાર ન હતો.

વધું શું કહું રાજન્ ! જેણે મારા સૌભાગ્યની ચુડલી પહેરી હતી તે મારી નારીઓ. કહેવાતી અર્ધાંગનાઓએ વેદના થતાં કોઇ પણ અંગમાંથી અર્ધો ભાર ન લીધો. તેમણે શણગાર છોડયા તાંબૂલ છોડયા નિંદ્રા છોડી પણ મને વેદનામાંથી ન છોડયો. રાજન્ ! ત્યારે સમજ્યો કે સ્ત્રીઓ અર્ધાંગના ખરી પણ તે સુખની, મોહની, દુ:ખની નહિ.

મારા પલંગની આજુ બાજુ મિત્રોનાં ટોળે ટોળાં ઉભાં હતાં. ટગર ટગર મારી સામે જોઇ રહ્યાં હતાં. પણ રોજ હાથાબેલી પકડી ફરવા લઇ જનારામાંથી એકે આગળ ન આવ્યો કે 'ઉઠ મિત્ર ! શા માટે મુંઝાય છે.' રાજન્ ! હું અનાથ હતો મારૂં કોઇ નાથ ન હતું. શ્રેણિક ! તે વખતે તમે મળ્યા હોત તો મારા નાથ બની શકત ને ? અને મારી રક્ષા કરી શકત ને ?"

શ્રેણિક શરમાયો અને બોલ્યો. 'ભગવંત ! ના ના હું પણ ત્યાં તો નાથ ન બની શકત.

( ૩ )

"રાજન્ ! એક ધન્ય પળે મારા હૃદયમાં વિચાર આવ્યો કે હે જીવ ! આવી સંપત્તિ સ્વજન અને મિત્રોના સમુહમાં પણ તારી વેદના કોઇ ઓછી કરી શકતું નથી તો તેં તિર્યંચ નરક વિગેરે યોનીમાં તેં દુ:ખો કેમ સહ્યાં હશે ? ચિત્ત સ્થિર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થા, દુઃખ સહન કર. મેં મારા આત્મામાંથી ધૈર્ય ઉભું કર્યું હું મુઠીઓ વાળી સ્થિર થયો. અને બોલ્યો.

**कृतकर्मक्षयो नास्ति कल्पकोटिशतैरपि ।**
**अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ।। १ ।।**

"કરોડો યુગ ચાલ્યા જાય તો પણ કરેલા કર્મનો ક્ષય થતો નથી. કરેલું શુભાશુભ કર્મ અવશ્ય મનુષ્યોને ભોગવવું પડે છે."

હું સમજ્યો કે આ દુઃખનું કારણ કર્મ છે. અને તે કર્મ હિંસા અસત્ય, ચોરી અબ્રહ્મ પરિગ્રહ વિગેરે પાપ પ્રવૃત્તિઓથી આવે છે. આ પ્રવૃત્તિઓના સંપૂર્ણ ત્યાગરૂપ સંયમજ ખરેખરૂં તેના નિસ્તારનું કારણ છે. હું જ્યારે સાજો સારો હતો ત્યારે કાંઇ ન સમજ્યો હવે શું થાય ? જો આ રોગ મટે તોં હું સંયમ લઇ દુઃખના કારણોનો નાશ કરૂં ?"

"જો. મુજ વેદના ઉપશમે તો લેઉં સંયમ ભાર;
ઈમ ચિંતવતાં વેદના ગઈ, વ્રત લીધું મે હર્ષ અપાર."

રાજન્! આ સંકલ્પે મારી આંખ ઘેરાઇ. વેદના ધીમી પડી અને હું ઘસઘસાટ ઉંઘી ગયો. નિંદ્રા ઉડી ત્યાંરે મેં પ્રભાત જોયું. મારી શય્યા પાસે મારા સ્વજનો બેઠેલા હતા. હું પહેલાં કોઇવાર થોડું ઉંઘતો તો જાગતો ત્યારે ચીસોચીસ નાંખતો પણ તે વખતે મને કાંઇ વેદના ન જણાણી. શરીર આંખ માથું બધું સ્વસ્થ લાગ્યું આ બધું કેમ બન્યું ? તો કોઈએ વૈદ્યોનો પ્રતાપ કહ્યો, તો કોઈએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માંત્રિકોને યશ આપ્યો તો કોઇએ આખડી ફળ્યાનું માન્યું પણ મેં તો મારા ગઇ કાલના કરેલા સંકલ્પને જ તેનું કારણ માન્યું.

મેં માતા પિતા ભાઈ બ્હેન સ્ત્રી અને મિત્રો સામું જોયું અને કહ્યું કે 'વૈદ્યો માંત્રિકો કે પરિચર્યાએ જે મને સુખ નથી આપ્યું તે મારા ગઈ કાલના 'જો હું સાજો થાઉં તો સંયમ લઇ દુઃખના કારણોનો નાશ કરૂં' તે સંકલ્પે વેદનાને ટાળી છે. પિતાજી ! હું હવે સંયમ લઇશ !' 'માતા ! મૃત્યુને ખોળે સુતેલા મને સંયમ માટે રજા આપશોને ?' 'બાંધવો ! દુઃખથી ટળવળતા આ અનાથ બાંધવને નાથ થવાદો.' 'બેની ! ભાઇને આનંદમાં મ્હાલવા સંયમ માર્ગે જવાદો' 'હે અર્ધાંગનાઓ તમારૂં અર્ધાંગ આજે સજીવ થાય છે. તેને સદા ચેતનવંતુ થવામાં સહભાગી બનો.' 'મિત્રો ! મિત્રને દુઃખી અવસ્થામાં ન ઉગારી શકયા તે સ્વયં સંકલ્પબળે સુખી માર્ગે જાય છે. તેને આશીર્વાદ આપો.'

( ૪ )

પિતાએ 'બેટા ! તું નાનો છે હજી દીક્ષાની વાર છે' કહી વાંસો પંપાળ્યો. માતાએ માથે હાથ મુકી કહ્યું 'મારા લાલ ! તારે માટે દીક્ષા કપરી છે.' ભાઇઓ બ્હેનો સ્ત્રી અને મિત્રો બોલ્યા 'તમે તો અમારા નાથ. તમે અમને છોડો એ કેમ પાલવે ?' મેં કહ્યું 'હું પોતે અનાથ. બીજાનો નાથ કેમ બનું. અનાથમાંથી નાથ થવાનો માર્ગ હું લેવા માગુ છું તે જ ખરેખરો છે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"નાથ આછું હું મુનિવર તાહરો, એહવો અર્થ વિચારો
નાથ અછે કોઇ ત્હારે રાજા, બોલ્યો બોલ અવિચાર્યો કે.
નાથ તણો અરથ જો જાણો, તો થાઓ મુજ નાથ."

રાજન્! મેં અનાથતા પારખી સંસાર છોડયો હું આજે મારો નાથ છું મને સુખદુઃખ પજવતાં નથી. રાજન્! સામે દેખાતી વનરાજી પશુ પંખી, માનવ સર્વનો નાથ છું હું કોઇને ઉપદ્રવ કરતો નથી. રાજન્! હું અનાથ હતો માટે મેં સંયમ લીધો છે. આ સંયમથી હવે હું નાથ બન્યો છું રાજન્! તારે નાથ બનવું છે.

શ્રેણિક બોલ્યો. ભગવંત! હું નાથનો અર્થ ન સમજ્યો હું નહિ પણ આખુ જગત અનાથ છે. નાથ તો ખરેખર આપ જેવા ત્યાગી મહાત્માઓજ છે. હું આપના ત્યાગ સંયમ અને જ્ઞાનને ન સમજ્યો અને મેં આપને ભોગ-પ્રત્યે પ્રેર્યા. મારા પામરનું શું થશે?

શ્રેણિક અનાથી મુનીના આ સંસર્ગે સમકિત પામ્યો. રયવાડીથી લશ્કર પરિવાર લઇને તે રાજગૃહી પાછો ફર્યો પણ તેનું હૃદય તો અનાથી મુનિના નાથ અને અનાથની મીમાંસામાંજ ખુંપી રહ્યું.

અનાથિ મુનિએ ત્યાંથી વિહાર કર્યો અને તેમણે શ્રેણિક જેવા કેઇને તાર્યા. અને અંતે શિવલક્ષ્મી મેળવી શાશ્વત સુખ પામ્યા.

(ઋષિમંડલવૃત્તિ અને ઉત્તરાધ્યયન)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૪૪

# ઇરિયાવહિ પડિક્કમણ

### યાને

# અઇમત્ત મુનિ

## (૧)

બરાબર બારનો સમય હતો. પશુ પંખીઓ સૂર્યના ઉગ્ર કિરણોથી કંટાળી માળાનો આસરો લઈ રહ્યાં હતાં. તે વખતે છ સાત વર્ષના પાંચ સાત છોકરાઓ પોલાસપુર નગરની એક શેરીમાં રમતા હતા અને ઘેર જમવા જવાની તૈયારી કરતાં હતાં ત્યાં દૂરથી નીચે દૃષ્ટિ રાખી ધીમે ધીમે તેજ તેજના અંબાર સરખા એક વૃદ્ધ મુનિને દેખાયા. બીજા છોકરાઓ તો રમતા રહ્યા. પણ વિજયરાજા અને શ્રીદેવીનો પુત્ર અઇમત્તો તુર્ત રમત છોડી મુનિ પાસે ગયો અને કહ્યું "મહારાજ! ખરા બપોરે ઉઘાડા માથે ઉગાડે પગે કેમ ફરો છો ?'

'બાળક ! હું ગૌચરીએ નીકળ્યો છું.' ગૌતમ ગણધરે કહ્યું.

બાળક બોલ્યો 'ભગવંત! સૌને ઘેર ગોચરી વહોરો અને મારે ત્યાં કેમ નહિ ? ચાલો મહારાજ? મારે ઘેર વહોરવા.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાના બાળક અઇમત્તાએ ગૌતમ ભગવંતનો હાથ ઝાલ્યો. અને પોતાના ઘર તરફ ખેંચવા માંડયો. ભગવાન વિજયને ઘેર આવ્યા. શ્રી વિજયની રાણી શ્રીદેવી બારણામાં ઉભી ઉભી બાળકના મુનિ પ્રત્યેના પ્રેમને જોઇ હરખાતી હતી. તે ગૌતમ ભગવંતને मत्थेण वन्दामि કહી બોલી ભગવંત ! પધારો !

**"આજ હમારે રત્નચિંતામણિ મેહ અમીરસ વુઠા આજ અમ આંગણુ સુરતરુ ફળીયો ને ગૌતમ નયણે દીઠા"**

બાળક પ્રત્યે સુખકરી શ્રી દેવી કહેવા લાગી. 'બાળક! આ મહાત્મા ગૌતમ ગણધર ભગવંત છે. મહાજ્ઞાની છે. તેમના ચરણ કમળ આપણે ત્યાં થયા તેથી આપણે ભાગ્યશાળી છીએ. પુત્ર ! મોદકનો થાળ લાવ અને મુનિને વહોરાવ. અઇમુત્તો થાળ લાવ્યો અને મુનિને ભાવથી મોદક વહોરાવી મુનિ સાથે ચાલ્યો.

( ૨ )

કુંવર અઇમત્તો મુનિની સાથે સાથે ચરમ તીર્થંકર ભગવાન મહાવીર પાસે આવ્યો. તેણે ભગવાનની દેશના સાંભળી અને દીક્ષા આપવા કહ્યું.

ગૌતમભગવંતે કહ્યું 'બાળક! એમ દીક્ષા ન અપાય ? તારી માતાએ મને સાથે મોકલ્યો છે મારાથી તેની અનુમતિ વિના કેમ દીક્ષા અપાય ?'

( ૩ )

બાળક અઇમત્તો ઘેર આવ્યો માતાને કહેવા લાગ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"માતા મેં મુનિને દેખ્યા ત્યારથીજ મારૂં મન તેમની સાથે રહેવાનું થયું. મેં રસ્તામાં એમની પાત્રની ઝોળી માગી કે 'મહારાજ! લાવો તમારી ઝોળી હું ઉપાડી લઉં ?'

મુનિએ કહ્યું 'ઝોળી એમ ન અપાય દીક્ષા લે તેનેજ અપાય.' માતા ! હું મુનિ સાથે ભગવંત પાસે ગયો. શું તેમની મધુર દેશના. શું ભવોભવને જણાવનારૂં જ્ઞાન. મેં ત્યાં ફરી દીક્ષાની માગણી કરી પણ મને તો જવાબ એજ મળ્યો. કે 'તને વળાવવા માતાએ મોકલ્યો છે તેની અનુમતિ વિના કેમ દીક્ષા અપાય?' માતા તું આમાં થોડીજ ના પાડવાની છે."

શ્રી દેવી બોલી? 'અતિમુક્ત ! તું તો હજી ઉછરતો નાનો બાળક છે. દીક્ષા શું? તેનો આચાર શો? તેના પરિષહ શા? તેની તને થોડી ખબર છે?'

'માતા ! પહેલેથી બધાને થોડી ખબર પડે છે એતો હું સંયમ લઇશ અને બધું હું સહીશ!' અઈમત્તાએ સમાધાન કરતાં કહ્યું.

'પુત્ર ! જૈનધર્મની દીક્ષા એતો તાત્ત્વિક દીક્ષા છે. કેવળ કાયાદમન કે ભિક્ષા માત્રથી પુરી થતી નથી. તું તત્ત્વ શું તે કાંઈ સમજે છે?'

'હા ! માતા ! હું એટલું તો જરૂર જાણું છું કે જગતમાં જે જીવો ઉત્પન્ન થાય છે. તેને મરવાનું ચોક્કસ છે પણ કયારે અને તે કેવી રીતે મૃત્યુ આવશે તેની મને ખબર નથી. જગતમાં થોડોજ નિયમ છે કે મોટા પહેલા મરે અને

પછી નાના મરે. માતા ! આપણે સાજા સારા મરશું કે દુ:ખી થઇને મરશું તેની કોને ખબર છે?

માતા! મને સુખ દુ:ખ થાય ત્યારે ખબર પડે છે કે મેં કાંઇ સારૂં ખોટું કર્યું હશે તેનું આ ફળ છે. પણ કયારે અને કયાં આ કર્યું તેની મને ખબર નથી. માતા! આ તત્ત્વ ન કહેવાય!' અઇમત્તાને ટુંકમાં તત્ત્વ સમજાવ્યું.

'બાળક ! તું જે તત્ત્વ જાણે છે તેજ ખરૂં તત્ત્વ છે. મરણ નિશ્ચિત છે તે જાણવા છતાં માણસ મરણની ચિંતા કરતા નથી. મરણની ચિંતા માટે સંયમ એ ઉત્તમ માર્ગ છે પણ હજુ તું બાળક છે મોટો થાય એટલે દીક્ષા લેજે.'

'માતા! હજી મોહ ? મોટા નાનાનો કોને ભરોંસો છે?' શ્રી દેવી મૌન રહી. વિજયે અઇમત્તાને રાજગાદી ઉપર સ્થાપ્યો. અઇમત્તો એક દીવસ રાજ્ય પાળી ગૌતમ ભગવંતને શરણે આવ્યો અને ભાગવતી પ્રવજ્યા સ્વીકારી.

( ૪ )

બાળ અઇમુત્ત મુનિ સ્થવિર સાધુ પાસે રહે છે અને મુનિના અનુરૂપ આચાર પાળે છે.

એક વખત સ્થવિર મુનિ સાથે અઇમુત્ત મુનિવર બહાર ગયા છે. સાથેના સ્થવિર સ્થંડિલે ગયા અને અઇમત્ત મુનિ એક નાના સરોવરના કાંઠે ઉભા છે. આ સરોવરમાં નાના બાળકો હાથ પગ પછાડી ક્રીડા કરે છે. બાળક અઇ-મત્તને સંયમનો ખ્યાલ ન રહ્યો અને બાળચેષ્ટા સ્ફુરી. સાથેનું પાત્ર સરોવરમાં તરતું મુકયું અને તે પણ હાથપગ પછાડતા બાળકોને કહેવા લાગ્યા 'જુઓ મારૂં આ નાનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વહાણુ કેવું સુંદર તરે છે?' છોકરાઓ અને બાળમુનિએ આખું નાનું સરોવર ડોળ્યું. થોડીવાર થઈ ત્યાં સ્થવિર મુનિ આવ્યા તો

'નાનું સરોવર નાનું ભાજન નાવ કરી અઇમત્તો' રમતો દીઠો તે બોલ્યા 'બાળમુનિ? તમે સંયમ લીધું છે. છ જીવકાયની વિરાધના નહિ કરવાની તમારી પ્રતિજ્ઞા છે. પૃથ્વી પાણી અપ તેજ વાયુ અને ત્રસ એ જીવનિકાય છે સરોવરની આ ક્રીડાથી તે પ્રતિજ્ઞાનો તમારે હાથે ભંગ થયો.' બાળક અઇમત્તો સરોવરમાંથી બહાર નીકળ્યો અને સ્થવિર મુનિઓની સાથે શરમાતો ભગવંત પાસે આવ્યો

( ૫ )

સ્થવિર મુનિ અને બાળમુનિ અઇમત્ત ઇરિયાવહી પડિક્કમવા લાગ્યા.

**पाणकमणे वीयकमणे...पणगदगमट्टी...**

બોલતાં અઇમત્ત મુનિની આંખમાં આંસુ આવ્યાં. 'હું અને આ બધા જીવો સરખા. મારામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણ અને તેમનામાં પણ તે ગુણ. મેં છજીવકાયની રક્ષાની ભગવંત પાસે પ્રતિજ્ઞા લીધી અને તે મેં ભાગી. છજીવ નિકાયની વિરાધના કરી હું કયાં છુટીશ ? મારૂં શું થશે.' બાળમુનિ ઉંડા ને ઉંડા ઉતર્યા તેથી તેમને ત્યાંજ કૈવલ્ય પ્રગટ્યું.

કેવળી અઇમત્ત કેવળી પર્ષદામાં જતા હતા ત્યાં સ્થવિરે તેમને રોકયા અને કહ્યું 'બાળમુનિ! આ તો કેવળી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પર્ષદા છે. ત્યાં તો કેવળી ભગવંતો જાય મુનિને તો આ તરફ બેસવાનું.'

ભગવંતે સ્થવિરને આગ્રહ કરતાં રોકયા અને કહ્યું 'સ્થવિર મુનિ! અઈમત્ત બાળક નથી રહ્યા. તમને તેની બાળચેષ્ટાથી આ બાળક શું દીક્ષા પાળશે તેમ લાગતું હતું પણ તે બાળકે તો ઇરિયાવહી પડિક્કમતાં પશ્ચાતાપની તીવ્ર ધારાએ ક્રીડાગમનના પાપને તો આલેચ્યું પણ અનેક ભવનાં ચીકણાં પાપ પણ આલેચ્યાં અને કર્મમળ દૂર કરી કૈવલ્ય જ્ઞાન ઉત્પન્ન કર્યું છે.'

અઈમત્ત મુનિ કેવળી પર્ષદામાં પધાર્યા. સ્થવિર મુનિ અને ગૌતમ ગણધર ભગવંતે બાળ અઈમત્ત કેવળી મુનિને વાંદ્યા. આ પછી અઈમત્ત મુનિ ઘણા કાળ વિચર્યા અનેકને પ્રતિબોધ્યા અને મોક્ષે સંચર્યા.

ઇરિયાવહીના આદર્શ પડિક્કમણામાં આજ પણ અઈ-મત્ત મુનિ જગત્ આગળ દૃષ્ટાન્ત રૂપે ધરાય છે. અને ઉંમરે બાળ છતાં મોટા ન કરે તે કરી કૈવલ્ય પામનારાઓમાં તેમની ગણના થાય છે.

**जं चेव य जाणामि, तं चेव न वेत्ति भणिअ पव्वइओ**
**अइमत्तरिसी, सिरिवीरअंतिए चरमदेहधरो ॥६५॥**

'ચરમ દેહધારી શ્રી અતિમુકત ઋષિએ પોતાના માત પિતાની પાસે હું જે જાણું છું તે નથી જાણતો એમ કહીને વીર પ્રભુ પાસે દીક્ષા લીધી.

( ઋષિમંડલવૃત્તિ )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૪૫
# કરે તેવું પામે
## યાને
# સમુદ્રપાલ

(૧)

સમુદ્રપાલના પિતા પાલિત મૂળ તો ચંપાનગરીના વણિક હતા. અને તે શ્રમણ ભગવાન મહાવીરના પરમ શ્રાવક હતા. પાલિત વ્યાપાર અર્થે દરીયો ખેડી પિહુણ્ડ નગરમાં ગયો. ત્યાં ઘણું કમાયો ત્યાંજ પરણ્યો અને મોટો ધનાઢય થયો. જે ધનને કુટુંબીઓ દેખી પ્રસન્ન ન થાય અને શત્રુઓ દેખી બળે નહિ તે ધન શા કામનું ? આથી પાલિત ચંપાનગરી પાછો ફરતો હતો ત્યા તેની સ્ત્રીએ પુત્રનો જન્મ આપ્યો. પાલિતે આ બાળકનું નામ પાડયું **સમુદ્રપાલ.**

સમુદ્રપાલને કમાવાની ચિંતા ન હતી. તેના પિતાએ ચંપાનગરીમાં ઉંચી ઉંચી હવેલીઓ સર્જી હતી અને સાથે સાથે પ્રતિષ્ઠાને ચારે બાજુ વિસ્તારી હતી. સમુદ્રપાલ દેવાંગના જેવી રૂપવતી કન્યાને પરણ્યો અને દોગુન્દક દેવ પેઠે વિલાસમાં રાચવા લાગ્યો. (૨)

એક વખત સમુદ્રપાલ ગોખે બેઠો હતો તે વખતે તેણે રસ્તામાં લોકોનું મોટું ટોળું દેખ્યું. આગળ કુટેલો ઢોલ વાગતો હતો. શરણાઇઓ બેસૂરો અવાજ કાઢતી હતી વચ્ચે ઉઘાડા શરીરે દોરડા બાંધેલો ગધેડા ઉપર એક માણસ બેઠો હતો. તેના ગળામાં રાતા કણેરના ફુલની માળા હતી અને મોઢું કાજળથી કાળું કરેલું હતું. વચ્ચે રાતાં સિંદુરનાં ટપકાં કર્યાં હતાં. છોકરાઓ જુઓ ચોરીનું ફળ. કહી બુમો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાડતાં હતાં સમુદ્રપાલને કોઇને પુછવાની જરૂર ન પડી તે આપોઆપ સમજ્યો કે ચોરને ફાંસી આપવા લઇ જાય છે.

ચોર અને લોકોનું ટોળું ગયું પણ સમુદ્રપાલનું ચિત્ત તો તે વિચારધારામાંથી ન ખસ્યું. તેને મનમાં એકજ વિચાર આવ્યા કર્યો કે "આ ચોરે ચોરી કરી તો તેને રાજાએ દેહાંત દંડ આપ્યો. કોઇ દુઃખોયાને મદદ કરે તો રાજા માન પાન આપી શિરપાવ આપે છે સારૂં કરનારને સારૂં ફળ મળે છે ખોટું કરનારને ખોટું ફળ મળે છે. આ તો આ ભવની પ્રત્યક્ષ વાત. પણ મેં તો જન્મ લઇ કાંઇ એવું સારૂં કર્યું નથી. છતાં હું કેમ હવેલીમાં મોજશોખ કરૂં છું અને સામે રમતાં દાસીનાં છોકરાંએ કાંઇ ખોટું કર્યું નથી છતાં તે બિચારાં કેમ ઉઘાડાં તડકે મજુરી કરે છે. જરૂર મેં કાંઇ પૂર્વભવમા સારૂં કરેલું તેનું આ સારૂં ફળ છે. પણ તે ફળ ભોગવી રહ્યા પછી શું?" આ ઉહાપોહમાં સમુદ્રપાલને જાતિ-સ્મરણ જ્ઞાન થયું. પૂર્વ ભવની આરાધના તેની નજર આગળ તરવરવા લાગી તે ગોખમાંથી ઉઠયો અને માતા પિતા આગળ આવી તેમની અનુમતિ માગી તેણે દીક્ષા લીધી.

સમુદ્રપાલનો વૈરાગ્ય અને સંયમ ચિંતનપ્રધાન હતો. તે પંચમહાવ્રતોના પાલનમાં ઉંડો ઉતર્યો. પરિષહ અને ઉપ-સર્ગ તેમના મનને ન સ્પર્શ્યા કેમકે તેમણે દેહને આત્માથી જુદો માન્યો હતો. પ્રિય કે અપ્રિય વચન તેમના આત્મ રમણમાં આડે આવ્યું નહિ કેમકે વચનોની પ્રશંસા કે નિન્દા તેમને મન ક્ષણિક હતી.

સમુદ્રપાલ મહર્ષિએ થોડાજ સમયમાં કૈવલ્ય મેળવ્યું અને અનેકને પ્રતિબોધી મુક્તિએ વર્યા. પણ તેમની જીવન કથા તો આજે પણ સમુદ્રપાલીય અધ્યયન રૂપે ઉત્તરાધ્ય-યનમાં ગુંથાયેલી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૪૬

# ગુરુ વચન

## યાને

# મહામુનિ આષાઢાભૂતિ

(૧)

**આષાઢાભૂતિ**ના પિતા કમળશેઠ અને માતા યશોદા વત્સપાટણના રહીશ હતા. આષાઢાભૂતિ અગિઆર વરસનો થયો અને ધર્મરુચિમુનિની વાણી સાંભળતાં તેને વૈરાગ્ય જાગ્યો. માબાપે ઘણું સમજાવ્યો પણ તે ન સમજ્યો અને દીક્ષા સ્વીકારી. બાળમુનિ થોડા દિવસમાં સારૂં ભણ્યો અને મંત્ર તંત્રમાં પણ પારગામી બની અનેક વિદ્યાઓ તેણે સાધી.

(૨)

રાજગૃહીમાં **ધર્મરુચિ** અણગાર પધાર્યા. આ ધર્મ-રુચિના યુવાન ચારિત્રસંપન્ન શિષ્ય આષાઢાભૂતિ ગોચરીએ નીકળ્યા. અને ફરતા ફરતા એક ઉંચી હવેલીવાળા **મહર્દ્ધિક** નટને ત્યાં આવી ચઢયા. ઘર તો હતું નટનું પણ વૈભવનો તેને ત્યાં પાર નહતો. રાચરચીલું અને મોજશોખનાં સાધનો તેને ઘેર લટકી રહ્યાં હતાં આ વખતે નટની પુત્રી ભુવન-સુંદરી અને જયસુંદરીએ 'પધારો મહારાજ ! કહી મુનિને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુંદર સુગંધી લાડુ વહોરાવ્યા. મુનિ લાડુ લઇ નીકળ્યા પણ તેની સુગંધ અને આકાર દેખી તેમને તેના ઉપર મૂર્ચ્છા જાગી. અને વિચાર્યું કે 'લાડવો તો સરસ છે પણ આ એક લાડુએ થશે શું ? આ તો ગુરુને આપવો પડશે. લાવ બીજી વાર વહોરવા જાઉં અને બીજો લાડવો લઇ આવું ! પણ રખેને તે બાળાઓ જાણી જાય કે આ સાધુ ફરી કેમ આવ્યા ?'

અષાઢભૂતિએ યુવાન સાધુનું રૂપ બનાવ્યું અને 'ધર્મ લાભ' કહી ફરી મહર્દ્ધિને ત્યાં જઇ પાત્ર ધર્યું. નટપુત્રીઓ ઉભી થઇ અને બીજો સુગંધી લાડવો આપ્યો. મુનિ વહોરી થોડે દૂર ગયા. ત્યાં ફરી વિચાર આવ્યો. ગુરૂને એક આપવો પડશે અને વિદ્યાગુરૂને આ બીજો આપવો પડશે. આપણને તો મળશે નહિ. તેમણે કાણા સાધુનું રૂપ સર્જ્યું અને ત્રીજો લાડવો વહોર્યો. ત્રીજો વહોર્યા પછી પણ તેમને વિચાર આવ્યો કે આ તો જશે ઉપાધ્યાયના ભાગમાં આપણને શું ?

ચોથીવાર અતિવૃદ્ધ અને પાંચમીવાર કોઢીઆનું રૂપ સર્જી લાડુ વહોર્યા તો પણ તેમને તૃપ્તિ ન થઈ કેમકે ગુરૂ બંધુ અને સંઘાડાના વૃદ્ધને આપતાં છઠ્ઠા લાડુ સિવાય પોતાનો વારો નહિ આવે આથી છઠ્ઠીવાર બાળમુનિનો સ્વાંગ સજી તેમણે છઠ્ઠો લાડુ વહોર્યો અને ઉપાશ્રયે આવી ગોચરી વાપરી.

ગોખે બેઠેલ નટ મહર્દ્ધિએ આ બધું બારીકાઇથી જોયું તેને મુનિએ છ લાડુ વહોર્યા તેની અપ્રીતિ ન થઇ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ તેણે વિચાર્યું કે 'આ મુનિની શું સુંદર કળા છે? આબેહુબ છ રૂપ તે કેવાં સુંદર ધરી શક્યા છે? જો આ નટ બન્યા હોત તો કેટલા રાજવીઓને રીઝવત? અને કેટલી લક્ષ્મી ઉપાર્જત?' મહર્દ્ધિક નીચે આવ્યો અને તેણે પુત્રીઓને કહ્યું 'મુનિને બરાબર વ્હોરાવજો અને રોજ વ્હોરવા આવે તેમ કરજો. રૂપપરાવર્ત્તનની તેમની શક્તિ અજબ છે.'

( ૩ )

આષાઢાભૂતિને નટનું ઘર ગમ્યું તે રોજ વહોરવા આવે અને મનગમતી ગોચરી તેને ત્યાંથી તુર્ત મળી જતી. ભુવનસુંદરી અને જયસુંદરી કોઇવાર હસીને વહોરાવે તો કોઇવાર લહેકો કરી મુનિના પાત્રમાં ભોજન નાંખે. ધીમે ધીમે તેમની દૃષ્ટિ મળી અને એક દીવસે તે બે સુંદરીઓએ શરમ છોડી કહ્યું 'મહારાજ! નાની વય છે. સુંદર રૂપવાન છો અને છો સશક્ત! રહોને હંમેશ અહિં. અમારા પિતાની આમાં સંમતિ છે. પિતાને ત્યાં ધનનો તોટો નથી. અમે બાળકુંવારાં છીએ. પિતા વરને માટે બીજે શોધ કરે તેના કરતાં અમેજ તમને કેમ સ્વયં ન વરીએ?' બાળમુનિ સંયમથી ચલિત થયો. અને બોલ્યો. 'બધું ઠીક! પણ ગુરૂ મારી રાહ જુએ તેનું શું! હું તેમની રજા લઇને આવું તો કેમ?'

બાળાઓ બોલી 'ભોળા મુનિ! ગુરૂ રજા આપશે ખરા!'

'મનથી રજા તો ન આપે પણ હવે મારે જવુંજ છે તો રોકવાથી શું તેમ ગણી ઉપેક્ષા તો કરશે ને?'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૪)

આષાઢાભૂતિ નગરનો માર્ગ વટાવી ગુરૂ મહારાજ પાસે આવ્યો અને બોલ્યો 'ભગવંત' મેં બાળવયમાં દીક્ષા લીધી છે સંસારના રંગરાગ દેખ્યા નથી. મને આજે બે નાટકડીઓ મળી છે મને કહે છે કે તમે દીક્ષા છોડી આવો અને અહિં રહી ભોગ સુખ વિલસો. ભગવંત!

"ઘરઘર ભિક્ષા માંગવી તે છે દુઃખ અપાર,
ચારિત્ર પાળવો દોહિલો તે છે ખાંડાની ધાર."

આ લો ઓઘો, મુહપત્તિ અને કપડાં મને રજા આપો.

ભણાવેલો ગણાવેલો સાથે રાખી વિહાર કરાવેલો બાળ-મુનિ યુવાન વયમાં પેસતાં આમ સંસારમાં લપટાય તે દેખી ધર્મરૂચિને ખુબ લાગી આવ્યું પણ તેમણે હૃદયથી માન્યું કે આ બધો પ્રતાપ એક ઘેર ગોચરી વહોરવા જવાનો છે. હવે તે સંબંધી ઠપકો આપવાનો અવસર નહોતો. બાજી હાથમાંથી ચાલી ગઇ હતી. તેમણે કહ્યું 'આષાઢાભૂતિ હું તને સંસારમાં જવાની રજા શી રીતે આપું ? હું તો તને કહું છું કે તું હજી સંસારના સ્વરૂપથી અજાણ છે. સંસાર કારમો છે. વિલાસી સ્ત્રી ગમે તેવા હાવભાવ કરે પણ અંતે તેનો અંજામ બુરો છે.'

'ભગવંત ! બધું ખરૂં પણ હું સંયમ આચરી શકું તેમ નથી. સંસારનાં ખારાં પાણી પણ મને આજે આકર્ષી રહ્યાં છે. આપ રજા આપો.'

ગુરૂએ વિચાર્યું કે સંયમભ્રષ્ટ હવે આ રહેશે નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છતાં તેને ગુરૂની શ્રદ્ધા છે તો કહેવા દે: 'આષાઢાભૂતિ! એક પગલું લપસેલો માનવી ક્યાં જઈ પડશે તેનો છેડો નથી પણ તું એટલું પાળે તો પણ બસ છે. કે તું માંસ અને મદિરા ન લે અને તેના લેનારાનો સંગ ન કરે.'

આષાઢાભૂતિએ મસ્તક નમાવ્યું અને 'ભગવંત! આપના આ બે વચન હું જરૂર પાળીશ.' કહી ત્યાંથી વિદાય થયો.

( ૫ )

આષાઢાભૂતિએ નટને ઘેર પગ મૂક્યો અને બોલ્યો 'હું તમારી પાસે આવ્યો છું પણ સાંભળો દારૂ અને માંસ હું નહિ લઉં અને તમારામાંથી કોઈ ન લે તોજ હું અહિં રહી શકું તેમ છું" નટ અને તેના બધા પરિવારે આ શરત કબુલી.

મહર્દ્ધિકે સારો દિવસ જોઈ બન્ને પુત્રી આષાઢાભૂતિને પરણાવી. રૂપપરાવર્ત્તનમાં કુશળ આષાઢાભૂતિએ વિવિધ નાટકો ભજવ્યાં અને મહર્દ્ધિકનું ઘર અતિને અતિ મહર્દ્ધિક બનાવ્યું.

( ૬ )

રાજગૃહીના રાજા સિંહરથ સભામાં બેઠા હતા અને એક નટ પરિવાર સાથે આવ્યો. ઘમઘમ ઘૂઘરા નચાવતો બોલ્યો 'રાજન્! મેં કેઈ નટો જીત્યા. અને તે જીતેલા નટોના નિશાન રૂપે આ ચોરાશી સોનાનાં પુતળાં મેં મારી

P. P. Ac. Gunratansuriji M.S. 	Jin Gun Aaradhak Trust

કમરે બાંધ્યાં છે. મેં સાંભળ્યું છે કે તમારે ત્યાં આષાઢાભૂતિ સુંદર નાટક કરે છે મારે તેની હરીફાઇ કરવી છે હું હારૂં તો મારૂં સર્વસ્વ મુકી જવા તૈયાર છું અને જો આષાઢભૂતિ હારે તો તેમ કરે.'

રાજાએ આષાઢભૂતિને બોલાવ્યો તેણે પણ તે શરત કબુલ કરી અને નાટકના આરંભનો દીવસ નક્કી કર્યો. નક્કી કરેલ દિવસે આષાઢાભૂતિ ઘેરથી નીકળ્યો.

આષાઢાભૂતિએ બન્ને પ્રિયાઓની વિદાય લીધી અને દૂર દૂર સુધી 'જલદી જીતી વહેલા આવજો'ના વેણ સાંભળતો તે રાજસભામાં આવ્યો અને નાટકનો આરંભ થયો. બન્ને નટોએ અપૂર્વ નાટકકળા બતાવી પણ આષાઢાભૂતિ તેમાં જીત્યો. રાજાએ અને પ્રેક્ષકોએ તેના ઉપર ધનની વૃષ્ટિ કરી. આવેલો વાદી સોનાનાં પુતળાં મુકી નાસી ગયો. આ બધું ધન આષાઢાભૂતિને વગર મહેનતે મળ્યું.

જય જય પોકારાતો આષાઢાભૂતિ ઘેર આવ્યો તો બન્ને સ્ત્રીઓ નગ્ન પડી હતી. મદિરાથી તેમનાં મોંઢાં ગંધાતાં હતાં રાંધેલું માંસ તેમની આગળ માંખીઓથી બણબણતું દુર્ગંધ મારતું તેમના ચરિત્રને જણાવતું હતું. આષાઢાભૂતિનો જયનો હર્ષ જતો રહ્યો ગુરૂનું વચન.

**'આપ પડે દુર્ગતિમાં અને પરને પાડતી'**

નું નારીનું સ્વરૂપ યાદ આવ્યું. ગુરૂવચન ન માન્યાનો તેના હૃદયમાં પશ્ચાતાપ થયો. હું ઉભય ભ્રષ્ટ બન્યો. સંયમથી ચૂક્યો ગુરૂના વચનને માન્યું નહિં. તે તુર્ત ઘર છોડી નીકળવા લાગ્યો ત્યાં નટડીઓ આડી આવી ઉભી અશ્રુપાત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરતી કહેવા લાગી 'નાથ! અમે આજ સુધી મદિરા માંસનો ત્યાગ આપને રાજી રાખવા કર્યો હતો. આપને વાદમાં વાર લાગશે એમ માની આ પાપ કર્યું પણ અમારૂં પાપ છાનું ન રહ્યું. આવી ભૂલ અમે ફરી નહિ કરીએ. નાથ! ક્ષમા કરો અમારો હવે કોણ આધાર?'

આષાઢાભૂતિએ કહ્યું 'પ્રિયાઓ! હું તમારા ઉપર દ્વેષ કરતો નથી. પણ હું મારી જાતને તિરસ્કારૂં છું. ચિંતામણિ રત્ન સરખું ચારિત્રરત્ન મને બાળપણમાં મળ્યું હતું તે હું હારી ગયો અને તમારા સરખી સીમંતિની–સ્ત્રીઓથી સીમન્તા–નરકનો અધિકારી થયો.

'નાથ! તમે જાઓ પછી અમારો રક્ષક કોણ અને નિર્વાહક કોણ? નાથ! આપ સંયમના રાગી હતા અને સંયમીજ થવા માગો છો તો એકવાર અમને ધનધાન્યથી પૂર્ણ કરી ભલે જવું હોય તો જાઓ.'

આષાઢાભૂતિ સમજ્યો કે 'આમને મારો ખપ સંપત્તિ માટેજ છે તો ભલે એકવાર તેમને મનગમતી સંપત્તિ અપાવી સંતોષું.' (૭)

આષાઢાભૂતિએ સાત દીવસમાં ભરત ચક્રવર્તિનું નાટક બનાવ્યું અને સિંહરથ રાજાની સભામાં નાટક આરંભ્યું.

આષાઢાભૂતિ ભરતચક્રી બન્યા. પાંચ રાજકુમારોને પોતાના સાથીદારો બનાવ્યા. નાટકના પડદા ઉપરજ ભરતચક્રીએ છ ખંડ સાધ્યા બત્રીસ હજાર મુકુટબદ્ધ રાજાઓને વશ કર્યા. ચક્રીનો અભિષેક થયો અને આરિસાભુવનમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આષાઢાભૂતિ–ભરતચક્રીએ પ્રવેશ કર્યો. ભરતચક્રીની નકલ કરતાં આષાઢાભૂતિએ એક વીંટી આંગળીમાંથી કાઢી અને બોલ્યો 'રાજા હો, ચક્રી હો, દેવ હો કે દાનવ. શરીર તો સર્વનાં ક્ષણભંગુર. દેહ ઉપરનાં પૌદ્ગલિક આભૂષણો દેહને કોઈકાળે સ્થિર નથી કરી શકતાં આ શરીર લોહી માંસથી ભરેલું છે. ક્ષણવિનશ્વર છે. 'કાયાનો કુંભ કાચો' શાસ્ત્રો કહે છે તે સત્ય છે.' આ બોલને હૃદયમાં ઉતારતાં આષાઢાભૂતિને નાટકના પડદા ઉપરજ કેવળજ્ઞાન થયું. તેમણે ભરતનાટકને ભવનાટક કરી બતાવ્યું અને તે ભવનાટકથી આષાઢાભૂતિ પોતે પડદા ઉપરજ તર્યા અને પાંચસોએ સાથીદારોને પ્રતિબોધી ત્યાંજ દીક્ષા આપી તાર્યા. પાંચસો રાજકુમારોનો પહેરવેશ અને આભૂષણો નટડીઓને મળ્યો અને તેમણે તેમની ધનની ભૂખ ભાગી.

આષાઢાભૂતિ કેવળી થયા આ વાત ગુરૂએ જાણી એટલે તે બોલ્યા 'દેવો પણ ઋદ્ધિ તો ઘણી વિકુર્વે છે પણ આષાઢાભૂતિએ તો ભરતની બહારની ઋદ્ધિ વિકુર્વી અને અંદરની ઋદ્ધિને પણ મેળવી. નાટકીયા તો ઘણાએ થયા પણ આષાઢાભૂતિ નાટકીયાએ તો ભવનાટકને સાચું કરી પોતે તરી અનેકને તાર્યા. પાંચસો રાજકુમારોને દીક્ષા આપી અને તે પાંચસોએ ગુરૂને વંદન કરી સ્વશ્રેય સાધ્યું.

( ઋષિમંડલવૃત્તિ–ઉપદેશમાળા )

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૪૭

# બ્રાહ્મણ–શ્રમણ

## યાને

# મહામુનિ હરિકેશી

## (૧)

**હરિકેશી** મુનિનું મૂળ નામ તો બળ. પણ હરિકેશ શબ્દનો અર્થ ચંડાળ થાય. અને હરિકેશ મૂળ જાતિએ પણ ચંડાળ એટલે લોકોએ તેમનું નામ હરિકેશી પાડયું.

ગંગાના એક કાંઠે ચાંડાળોનાં ઝુંપડાં હતાં તેમાં **બળકોટ** નામનો આગેવાન ચંડાળ. જાતિએ ચંડાળ પણ બુદ્ધિવાન મહેનતુ અને બાહોશ. તેને બે સ્ત્રીઓ એક ગોરી અને એક ગાંધારી. ગોરીએ સારા દીવસે છોકરાનો જન્મ આપ્યો. બળકોટે આ છોકરાનું નામ **બળ** પાડયું.

બળ નાનપણથી અટકચાળો ક્રોધી અને શક્તિશાળી. તે શેરીનાં છોકરાંને મારે કુટે અને અનેકની રોજ ઘેર ફરિયાદ લાવે.

એક દીવસ ઉજાણીનો દિવસ. બધા ચંડાળો જંગલમાં ગયા. નાચ તાન ગીત અને આનંદમાં મસ્ત હતા ત્યાં બળે કાંઇ અડપલું કર્યું. તેથી તેને મારી ચંડાળોએ દૂર ધકેલ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૨ )

થોડે દૂર ઓશીયાળો બની બળ ઝાડ નીચે બેઠો હતો ત્યાં થોડી વારે એક સાપ નીકળ્યો. અને પુંફવાડા મારતો ચંડાળોના ટોળા તરફ દોડયો, કોઇએ પથરો તો કોઇએ લાકડી લઈ જોતજોતામાં તેને મારી નાંખ્યો. થોડીવાર થઈ ત્યાં બીજો સરસર કરતો સાપ નીકળ્યો ગણુ લોકોએ તેને કાંઇ ન કર્યું કેમકે તે સાપ નિર્વિષ ઝેર વિનાનો હતો.

તોફાની બળના મગજમાં આ સામાન્ય દશ્યે ઘર કર્યું અને તે વિચારે ચઢયો. દુનીયામાં જે ઠેર ઠેર તિરસ્કાર કે માર ખાય છે તે તેના દોષથીજ ખાય છે. જે સાપ ઝેરી હતો તેને લોકોએ માર્યો પણુ જેનામાં ઝેર નહોતું તેને જવા દીધો. હું પણુ ક્રોધ કરૂં અડપલાં કરૂં જેને તેને મારૂં તો હડહડ થાઉં તેમાં કોનો વાંક ? જો હું ક્રોધ ન કરતો હોઉં શાંતિથી રહેતો હોઉં તો મારો થોડોજ તિરસ્કાર થાય. બળ એથી પણુ આગળ વિચારે ચડયો. દુનીયામાં ઠેર ઠેર નજર નાંખી તો તેને બધે તિરસ્કાર, રોષ કે પરાભવના કારણુમાં પોતાનામાં રહેલા દુર્ગુણુજ કારણુરૂપ છે તેમ લાગ્યા.

આમ ઉહાપોહ કરતાં બળને ત્યાંજ જાતિસ્મરણુ જ્ઞાન થયું અને પોતાનો તેને પૂર્વભવ યાદ આવ્યો.

( ૩ )

હું પૂર્વભવમાં ગજપુરમાં સોમદેવ નામનો પુરોહિત હતો. આ નગરમાં એક શેરીની જમીન એવી કે બપોર થાય ત્યારે પગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન મુકાય. આથી લોકોએ તે શેરીનું નામ પાડયું અગ્નિશેરી. આ શેરીમાં બપોર પછી કોઇપણ પગ ન મૂકે. ચકલું પણ ત્યાં ન ફરકે.

એક વખત હું ગોખે બેઠો હતો ત્યારે મથુરાના રાજા શંખે દીક્ષા લીધેલી તે શંખરાજર્ષિ ત્યાં થઇ પસાર થયા અને મને પુછયું 'અહિંથી જઇ શકાય છે ને ?' મને સાધુ ઉપર દ્વેષ, એટલે મેં કહ્યું 'સુખેથી મહારાજ ! જઇ શકો છો ?' હું કુતુહલ જોવા નીચે ઉતર્યો કે લાવ જોવું કે મુનિ તાપથી અગ્નિશેરીમાં કેવો નાચ કરે છે ?' પણ મુનિ તો નીચી નજર રાખી સીધા ચાલ્યા ગયા. અગ્નિશેરી જે તપેલી રહેતી હતી તે મુનિના તપતેજથી શીત થઈ ગઇ.

આ દેખી મને શરમ ઉપજી. મેં પાપીએ મુનિને રંજાડવા ઇચ્છયું પણ તેમના તપત્યાગનું મેં ભાન ન રાખ્યું. હું તુર્ત તે મુનિ પાસે ગયો. મારો અપરાધ કહ્યો. મુનિએ મને ક્ષમા આપી. હું તેટલેથી ન અટકયો. મેં મુનિ પાસે દીક્ષા લીધી. હું ચારિત્ર સુંદર પાળતો પણ મારા મનમાં બ્રાહ્મણ કુળનું અભિમાન અને બ્રાહ્મણોના આચાર વિચારની પવિત્રતાનો ગર્વ હંમેશાં રહ્યા કરતો. આનું પરિણામ એ આવ્યું કે મેં નીચગોત્ર બાંધ્યું અને મરી હું ચંડાળકુળમાં ઉત્પન્ન થયો.

( ૪ )

બળે આ જાતિસ્મરણ જ્ઞાનના પ્રતાપે ગંગાનો કિનારો છોડયો. મુનિવેષ ધારણ કર્યો. અને તપ ત્યાગમાં ચિત્ત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરોવી દુનીયા ઉપર વિહાર આરંભ્યો. થોડો વખત તો બળકુટ ચંડાળે અને ગોરીએ બળની તપાસ કરી પણ તેનાથી ત્રાસેલાં એટલે તેમણે બહુ લક્ષ ન આપ્યું. આ બળમુનિ હરિકેશ ચાંડાળ છે તે છાનું ન રહ્યું તેથી બળમુનિ જ્યાં ગયા ત્યાં લોકોએ તિરસ્કાર્યા. માર્યા કુટયા પણ તેમની શાંતિ તપ ત્યાગ અને ધીરજ દેખી હરિકેશી મુનિ કહી સંબોધ્યા.

ફરતા ફરતા હરિકેશી મુનિ વાણારસી આવ્યા. અને તિંદુક ઉદ્યાનમાં રહેલ યક્ષ મંદિરમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. બાળમુનિના આ તપ ત્યાગથી ગંડીવ યક્ષ મુનિ ઉપર પ્રસન્ન થયો, અને મુનિની પરિચર્યા કરી પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યો.

(૫)

રૂપ રૂપના અંબાર સરખી વાણારસીના રાજા કોશલિકની પુત્રી સુભદ્રા સોળ વર્ષની હતી. યુવાનીના તમામ ચિન્હો તેના અંગમાં ઉપસ્યાં હતાં સાથેજ રૂપ અને સમૃદ્ધિના અહંકારનાં ચિન્હો પણ તેની ચાલ અને શણગારમાં તરવરતાં હતાં. પુષ્પોના થાળ લઇ દાસીઓ સાથે સુભદ્રા યક્ષ મંદિરમાં દાખલ થઈ પણ તેની પહેલી નજર હરિકેશી મુનિ ઉપર પડી. મુનિનાં ગંદા કપડાં દેખી તેણે મોં મરડયું અને બોલી 'આવો ભૂત જેવો સવારના પહોરમાં કયાંથી મળ્યો ?' મુનિનો પૂજક ગંડીયક્ષ આ તિરસ્કાર સહી ન શકયો તેણે તુર્ત સુભદ્રાને ગાંડી બનાવી દીધી.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

બાળા અને દાસી રાજમહેલે આવ્યાં પણ સુભદ્રા ઘડીક હસતી તો ઘડીક રોતી હતી, ઘડીક કપડાં ફાડતી તો ઘડીક મુઠ્ઠિઓ વાળી મારવા દોડતી હતી. રાજાએ ઘણા ઘણા ઉપચાર કર્યા પણ કાંઇ ન વળ્યું. છેવટે ગાંડીયક્ષની સાધના કરી તેને પ્રસન્ન કર્યો ત્યારે તેણે કહ્યું 'રાજન્! આ બાળાએ તપસ્વી મુનિનો તિરસ્કાર કર્યો છે તેથી જો તે અહંકાર છોડી મુનિને વરે તોજ સાજી થાય.'

રાજાએ યક્ષની શરત કબુલી અને યક્ષે તેનું ગાંડપણુ દૂર કર્યું.

સુભદ્રા મુનિ પાસે ગઇ અને બોલી 'ભગવંત! મારો અપરાધ ક્ષમા કરો અને મારૂં પાણિગ્રહણ કરી મને આપની બનાવો.' મુનિ મૌન હતા. તપત્યાગમાં તેમનું ચિત્ત ઉંડું ઉતર્યું હતું. બાળાએ બે ચારવાર કહ્યું પણ મુનિએ ન સાંભળ્યું. ઘડી ઘડી બાળાએ એજ વાત કહેવા માંડી એટલે મુનિએ યક્ષમંદિર ઉપદ્રવવાળું માની છોડયું અને ત્યાંથી બીજે વિહાર કર્યો.

કાશીરાજને બ્રાહ્મણોની સલાહ મળી કે સુભદ્રા ઋષિ પત્ની થઇ તે હવે કોઇ રાજવીને ન ખપે તે તો કોઈ બ્રાહ્મણ પુત્રનેજ સોંપાય. આથી કાશીરાજે રુદ્રદેવ પુરોહિતને સુભદ્રા પરણાવી.

( ૬ )

સમય વીત્યો. વાણારસીમાં રુદ્રદેવે મહાયજ્ઞ આરંભ્યો છે. સુભદ્રા યજ્ઞપત્ની તરીકે રુદ્રદેવ સાથે બેઠી છે. હજારો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બ્રાહ્મણો દક્ષિણાના લોભે દૂરદૂરથી યજ્ઞમાં આવ્યા છે. પક-વાનોના ઢગના ઢગ ખડકાયા છે. યજ્ઞમંડપ ચિકાર છે. તે વખતે હરિકેશી ભિક્ષા માટે યજ્ઞમંડપમાં દાખલ થયા. દાખલ થતાં દરવાજે રહેલા બ્રાહ્મણોએ તેમને રોકયા અને કહ્યું 'ભૂત જેવા ભિક્ષાચર? તને ખબર નથી કે આ પવિત્ર યજ્ઞ ચાલે છે. તારા શરીર ઉપર મેલના થર બાઝેલા છે. તું દૂર ખસ. યજ્ઞને અભડાવ નહિ. તું અહિં શા માટે આવ્યો છે?'

ગંડીયક્ષ મુનિના શરીરમાં દાખલ થયો અને બોલ્યો 'બ્રાહ્મણો! હું બ્રહ્મચારી છું, ભિક્ષુક છું, સંયતી અને પરિગ્રહ રહિત છું કોઇ માટે તૈયાર થયેલો આહાર મળે તે મારે મન નિર્દોષ આહાર છે. હું આ નિર્દોષ આહાર દેખી ભિક્ષા માટે આવ્યો છું.'

બ્રાહ્મણો બોલ્યા. 'આ ભોજન બ્રાહ્મણો માટે છે. અને યજ્ઞનાં અનુષ્ઠાન વેદ વિશારદ બ્રાહ્મણોમાં ફળે છે. ભિક્ષાચર! તું અહિંથી ચાલ્યો જા.'

મુનિ ખસ્યા નહિ અને બોલ્યા. 'ભોળો ખેડૂત પણ ઉંચી નીચી બધી જમીનોમાં અનાજ વાવી પાક લે છે. વિદ્વાનો તમે એવું કયાં શીખી લાવ્યા કે બ્રાહ્મણો વિના બીજાને આપે યજ્ઞ ફળે નહિ. ક્રોધ, માન હિંસાવાળાં જાતિએ બ્રાહ્મણ છતાં બ્રાહ્મણ નથી અને જાતિએ બ્રાહ્મણ નહિ છતાં ક્રોધ વિગેરે દુર્ગુણ વિનાના પવિત્ર બ્રાહ્મણો છે.

'અમારે તારૂં તત્ત્વજ્ઞાન જોઇતું નથી ભિક્ષાચર!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આઘો જા. બ્રાહ્મણોની નિન્દા કરનારને ટુકડો નહિ મળે. અન્ન વધશે તો ફેંકી દઈશું પણ તને તો નહિ જ આપીએ.'

'બ્રહ્મ યુવાનો! ક્રોધ ન કરો. ક્રોધ કરે અને ત્યાગી તપસ્વીને ધુત્કારે યજ્ઞ થોડો સફળ થાય છે. યજ્ઞ તો શાંતિ તપ ત્યાગ અહિંસામાં છે.'

બ્રાહ્મણો કોપ્યા મુનિને લાતો અને ધક્કા મારી કાઢવા લાગ્યા. તપસ્વી મુનિ હેઠા પડયા. યજ્ઞમાંથી ટોળે ટોળાં આ જોવા ઉલટયાં. યજ્ઞપત્ની સુભદ્રા પણ ત્યાં આવી અને મુનિને ઓળખી બોલી ઉઠી.

'બ્રાહ્મણો આ શું કરો છો? આ કોણ મહામુનિ છે તેમને તમે ઓળખો છો? આ મહર્ષિ એ છે કે જેને મારા પિતાએ મને વરાવી હતી. પણ એ ધ્યાનસ્થ મુનિને જ્યારે ખબર પડી કે યક્ષે આ બધું તોફાન ઉભું કર્યું છે એટલે તે મને છોડી ચાલ્યા ગયા. આ ઋષિને દેવો દેવેન્દ્રો અને યક્ષો પૂજે છે, તે મહાત્યાગી તપસ્વી અને મહાત્મા છે. તમે તેમની ક્ષમા માગો પગે લાગો અને તેમના દર્શનથી તમારા આત્માને પવિત્ર કરો. મુનિની આ કદર્થના તમને મહા અનર્થકારી નીવડશે.

'મારો મારો' કરનાર બ્રાહ્મણ પુત્રોનો કોલાહલ શાંત થયો પણ મારનારામાંના કોઇ લોહીની ઉલટી કરતા તો કોઇ જમીન ઉપર આળોટતા બ્રાહ્મણ યુવાનોને તેણે દેખ્યા. સુભદ્રા સમજી ગઇ કે આ બધો પ્રતાપ મુનિના અપમાનનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. સુભદ્રા બોલી 'બ્રાહ્મણો ઉઠો! મુનિની ક્ષમા માગો. અને તમારા આત્માને પાવન કરો.'

રુદ્રદેવ, બ્રાહ્મણો અને સુભદ્રા મુનિને નમ્યા. અને કહેવા લાગ્યા. 'મહર્ષિ! અમે અજ્ઞાની! આપને ઓળખી ન શકયાં આ અમારો અપરાધ શાંત કરો.'

યક્ષે મુનિના શરીરમાંથી વિદાય લીધી એટલે સ્વસ્થ શાંત મુનિ બોલ્યા. 'મને કોઇ દ્વેષ નથી. કોઇ દેવે તમને કદર્થ્યા હશે. પણ મહાનુભવો! યજ્ઞ તો તપ ત્યાગ અને શૌચમાં છે. આ પછી મુનિએ સાચા યજ્ઞનું સ્વરૂપ સમજાવ્યું. રુદ્રદેવે અને સુભદ્રાએ મુનિને પડિલાભ્યા. મુનિએ ધર્મલાભ આશિષ એવો આપ્યો કે જેના પ્રતાપે બ્રાહ્મણો, રુદ્રદેવ અને સુભદ્રા જૈનધર્મી બન્યાં. આ પછી મુનિએ અનેકને તાર્યા. અને લાંબો વખત વિચરી કૈવલ્ય મેળવી મુક્તિએ સંચર્યા.

ઉત્તરાધ્યયન, ઋષિમંડલવૃત્તિ, ઉપદેશમાળા વિગેરે અનેક ગ્રંથોમાં આ હરિકેશી મુનિનો પ્રસંગ છે. અને તે પ્રસંગ બતાવે છે કે ચંડાળ કુળમાં ઉત્પન્ન થયેલ તપ ત્યાગ અને ભાવનાથી કલ્યાણ સાધી શકે છે.

સાચો બ્રાહ્મણ જાતિથી નહિ પણ આચારથી છે તપ ત્યાગ અને શૌચમાં રમતા શ્રમણોજ ખરેખરા બ્રાહ્મણો છે.

ચંડાળ–હરિકેશી મુનિ જાતિસ્મરણના જોરે મુનિ બન્યા. તપસ્વી બન્યા.. કેવળી થયા અને મુક્તિએ સંચર્યા.

( ઉત્તરાધ્યયન, ઋષિમંડલવૃત્તિ, ઉપદેશમાળા. )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૪૮

# સ્વયંવર
### યાને
# સતી પ્રભંજના

### ( ૧ )

વિદ્યાધરોની ચંદ્રાંકા નગરીમાં ઠેર ઠેર ધજાઓ અને તોરણો લટકી રહ્યાં હતાં. રાજમાર્ગો સાફ અને પાણીના છંટકાવથી સુંદર દેખાતા હતા. નગરના સ્ત્રી અને પુરૂષો બધા રાજમહેલ તરફ સુંદર કપડાં પહેરી જઈ રહ્યા હતા. રાજમહેલના સામેના ચોગાનમાં મોટો સમીયાણો બંધાયો હતો. વચ્ચે રાધાવેધ ગોઠવાયો હતો અને તેની સામે પ્રજાજનોને બેસવા ગાલીચા પાથર્યા હતા. ચારે બાજુએ દેશવિદેશથી આવેલા રાજકુમારો માટે ઉંચી જરીયાન બેઠકો ગોઠવાઇ હતી. દરવાજાની સામોસામ ચક્રાયુધ રાજા માટેનું રાજ્યસિંહાસન ઢળાયું હતું. આસપાસ પ્રધાનો પુરોહિતો અને આગેવાન શહેરીઓની બેઠકો ગોઠવાઇ હતી. રાજ્યસિંહાસનની જમણી બાજુએ પડદો રાખવામાં આવ્યો હતો જેની અંદર રાજ્યરાણી મદનલતા અને રાજકુંવરી **પ્રભંજનાનાં** સિંહાસન તથા તેમના સખીવર્ગ માટે બેઠકો ગોઠવાઈ હતી.

બરાબર નવ વાગ્યા આખો મંડપ ઉભરાઇ ગયો. દેશ દેશના વિદ્યાધર રાજકુમારો પોતાના શરીર ઉપર ક્રોડોનાં



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જવાહર શણગારી ગોઠવાઇ ગયા. પ્રધાનો અને શ્રેષ્ઠિઓએ પોતાનું સ્થાન લીધું ત્યાં છડીદારે છડી પોકારી અને ચક્રાયુધ રાજા પધાર્યા. રાજ્યસિંહાસને બેઠા કે તુર્ત હુકમ છોડયો 'પુત્રી પ્રભંજનાને વરમાળા લઈ મોકલો તે દેશ દેશના આવેલ પ્રતાપી તેજસ્વી રાજકુમારોને જોઇ તેમનો રાધાવેધ નિરખી ઇચ્છિત વર વરે.'

પડદામાંથી રાજ્યરાણી મદનલતાએ જવાબ આપ્યો 'પુત્રી તેની હજાર સખીઓ સાથે સુવ્રતા સાધ્વીજીને વંદન કરવા ગઇ છે. હમણાંજ આવતી હશે.'

આખી સભા પ્રભંજનાના આગમનની રાહ જોતી બેઠી. રાજકુમારો સ્વયંવર વરવાને સમયે પણ ધર્મને પ્રથમ સંભારનાર રાજકુમારી ધર્મઘેલી હશે કે કળાકુશળ હશે વિગેરે તર્કમાં પડયા.

(૨)

પ્રભંજનાએ હજાર સખીઓ સાથે સુવ્રતા સાધ્વીને **'मत्थेण वंदामि'** કહ્યું.

આધેડ વયનાં તપત્યાગથી ભાવિત આ તેજસ્વી સાધ્વીએ ઉંચું જોયું તો કિંમતી દાગીનાઓથી વિભૂષિત થયેલી અનેક સુંદર વસ્ત્રોથી તેમના રૂપને દ્વિગુણિત કરતી આનંદમાં મહાલતી આ બાળાઓને જોઇ પુછયું. 'પ્રભંજના! કેમ આજે આટલી બધી તમે હર્ષઘેલી છો?'

પ્રભંજના શરમાઈ પણ એક સખી બોલી 'મહારાજ! આપને નગરમાં શું થાય છે તેની ખબર નથી?'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'ના! અમારે શા માટે ખબર રાખવી જોઇએ?' સા-ધ્વીએ કહ્યું

શરમાતી એક વિદ્યાધર પુત્રી બોલી 'અહિં રાધાવેધ મંડાયો છે અને હજારો રાજપુત્રો ચદ્રાંકામાં આવ્યા છે. આખું નગર ત્યાં ઉલટયું છે. અમે ત્યાં જતા પહેલાં આપના વંદનરૂપ માંગલિક માટે અહિં આવ્યાં હતાં.'

'ત્યારે તમે બધાં આજેજ સ્વયંવરમાં વરવાના છો એમજ ને ?'

વિદ્યાધર પુત્રીઓએ નીચું જોયું પણ સાધ્વીએ કહ્યું 'આમાં આનંદ શા? આનંદ તો જયાં સદા સુખમગ્ન રહે-વાય ત્યાં હોય? આ વિષય સુખ તો મધથી ખરડાયેલ તરવારની ધારને ચાટવા જેવું છે. તરવારને જીભ અડાડતાં તે મીઠી લાગે પણ જીભ કપાતાં વેદનાનો પાર નહિ. વિષય એ તો હળાહળ ઝેર છે ભવોભવ રખડાવનાર અને અને આત્માના સદ્‌ગુણોનો મૃત્યુઘંટ છે. આમાં થોડુંજ કલ્યાણ છે. આવાં વર ને ઘર આજ સુધી ભવોભવમાં ઓછાં થયાં છે.

**વિષય હળાહળ વિષ જિહાં, શી અમૃત બુદ્ધિ લો,**
**ભોગસંગ કારમા કહ્યા, જિનરાજા સદાઇરે લો.**
**રાગદ્વેષ સંગે વધે, ભવભ્રમણ સદાઇરે લો.**

પ્રભંજના બોલી. 'મહારાજ! વાતતો આપની સાચી પણ અનાદિકાળનો વિષયસંગી જીવ થોડાજ વિષયવાસના છોડી શકે છે ખરેખર આર્યે આપ જેવાઓએ તેનો ત્યાગ કર્યો છે તેને ધન્ય છે. અમો કાયર વિષયવાસના ભુંડી જાણ્યા છતાં છોડી શકતાં નથી તેનું શું થાય ?'

આ તે વૈરાગ્ય અને તત્ત્વની વાત કરવાનો સમય છે સૌ જાણે છે કે કલ્યાણનો તે માર્ગ છે. પણ આપણે અત્યારે તો જ્યાં જઇએ છીએ ત્યાં જઇએ પછી ભુકતભોગી બની આ માર્ગ કયાં નથી લેવાતો ? પ્રભંજના ! રાજસભા ભરાઈ ગઇ છે. પિતા કોપશે. જલદી ચાલો.' ઉતાવળે ઉતાવળે બે સખીઓ બોલી.

"સખિઓ ! વૈરાગ્ય અને તત્ત્વની વાત તો જીવનની ધન્ય પળેજ આવે છે. વિષય અને સંસારના સુખ તો જગતમાં ઠેર ઠેર મળે છે. આપણાથી ધર્મ ન થાય તેમાં આપણી કાયરતા-નિર્બળતા માનવી. બાકી ભુકતભોગી બની વૈરાગ્ય માર્ગે વળશું તે કહેવું ખોટું છે. સ્રીનું જીવન થોડુંજ સ્વતંત્ર છે. અને નિર્મળ વિચારધારા થોડીજ કાયમ રહે છે."

'ત્યારે તારે અત્યારેજ લગ્નમંડપને દીક્ષા મંડપ બનાવવો છે ?' સખીઓએ પ્રભંજનાનો તિરસ્કાર કરતાં કહ્યું.

'હા.' પ્રભંજનાએ મક્કમતાથી કહ્યું.

સાધ્વીએ કહ્યું 'ચોખા વસ્રને કાદવમાં ખરડી ધોવાની ઇચ્છા સારી કે કાદવથી વસ્રને દુર રાખવું તે સારૂં ? નિર્મળ બ્રહ્મચર્યવાળી બાળાએ આત્મગુણમાં આગળ વધવું તે ઠીક કે પરણ્યા પછી જંજાળ વધારી છોડવાની ઇચ્છાએ લગ્ન કરવાં તે ઠીક ? બાળાઓ ! આજે ભલે તમે સ્વયંવરથી વરને વરો પણ વરને ઘેર ગયા પછી તમારૂં ઘર થયા પછી થોડાંજ તમે ઇચ્છશો ત્યારે નીકળી શકશો. સાધ્વી અને બાળાઓની પ્રશ્નોત્તરી આગળ ચાલી પણ પ્રભંજનાનું ચિત્ત શરૂઆતમાં તો સાધ્વીના ઉપદેશ તરફ રહ્યું પણ પછી તો તે ચિત્તમાં ઉંડીને ઉંડી વિચારધારાએ ચડી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'કુણુનારે સગપણ કેહની માયા,
કેહતાં સજ્જન સગા રે
સજ્જન વરગ કોઈ સાથ ન આવે
આવે આપ કમાઈ રે
મ્હારૂં મ્હારૂં સૌ કહે પ્રાણી,
ત્હારૂં કોણ સગાઇ રે
આપ સવાયો સહુને વ્હાલો,
કુણુ સજ્જન કુણુ માઈરે

હું સ્વયંવરમાં જેને વરવા ઇચ્છું છું આવો વર હું શું સંસારમાં પહેલવહેલી વરી છું. જે ભોગ સુખ માટે હું તલપાપડ બની છું તે ભોગ સુખ શું મેં પહેલવહેલાં ભોગવ્યાં છે ? હે ચેતન ! તેં સુખ ઘણાં ભોગવ્યાં અને વર ઘર પણ ઘણાં કર્યાં '

**એ મહારો એ પારકો રે અ૦ સવિ આરોપિત ભાવ.**

આ મારૂં આ પારકું એ કેવળ મોહ છે. જગતમાં મારૂં હોય તો સાથે રહેલું જ્ઞાન દર્શન છે. ભોગોને ભલે સુખનાં સાધનો માન્યાં પણ તે તો કાયાને હ્રાસ કરનારા છે અને ચેતનના ગુણને મંદ કરનારા છે. હું જ્યારે મારો વિચાર કરૂં ત્યારે તો ખરેખર મારો આત્મા એજ હું છું. અને તે તો ચિદ્રૂપ, અમૂર્ત અને જ્ઞાનમય છે" પ્રભંજનાની વિચારધારા આગળ ચાલી તેના હ્રદયમાં તીવ્ર વૈરાગ્યની ચિનગારીએ મોહનાં જાળાં બાળ્યાં અને સાથે સાથે કર્મપડળ બાળી જ્ઞાનના દરવાજા ઉઘાડયા. સાધ્વી અને સખીઓનો વાર્તાલાપ તો ચાલુ રહ્યો. ત્યાં દેવદુંદુભિ ગાજી અને દેવોએ પ્રભંજનાને કેવળી કહી વાંદી મુનિવેષ આપ્યો. હજાર સખીઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રતિબોધ પામી. પ્રભંજનાને ચેલી બનાવવા ઇચ્છતાં સુવ્રતા સાધ્વીએ પ્રભંજનાને પરમગુરૂણી માની વાંદ્યાં અને સ્તવ્યાં.

( ૩ )

ચક્રાયુધ રાજાએ બેવાર ત્રણવાર દાસીઓને મોકલી અને કહ્યું કે જાઓ અને પ્રભંજનાને કહો કે 'બેટા! વિલંબ ન કરતાં સાધ્વીને વાંદી તુર્ત પાછા આવો.'

દૂરથી આવતી દાસીને જોઈ સભાજનો અને રાજા ટટ્ટાર થયા. રાજા પુછે તે પહેલાં દાસી બોલી 'મહારાજ! પ્રભંજના હમણાં તુર્ત આવે છે.'

ત્યાં દેવદુંદુભિ ગુર્જી આકાશમાં તેજના અંબાર પથરાયા. ઉતાવળે નગરલોકો ઉભા થયા અને ઉંચે જોઇ બોલ્યા 'આ તો દેવો આપણા નગરમાં આવે છે. સમીયાણાથી થોડેજ દૂર દેવદુદુંભિનો અવાજ અને કોળાહળ જાગ્યો છે.'

ત્યાં દોડતી બે દાસીઓ આવી અને કહેવા લાગી 'રાજન! રાજકુમારી પ્રભંજનાને કેવળજ્ઞાન થયું દેવો તેનો ઉત્સવ ઉજવે છે.'

રાજા શરૂઆતમાં તો મંડપનો હેતુ નિષ્ફળ જતાં ગ્લાન બન્યો પણ બીજીજ ક્ષણે વિના પ્રયત્ને પુત્રીને કેવળજ્ઞાન પ્રગટયાનું જાણી કુળને અજવાળ્યાનો આનંદ થયો.

આખો મંડપ આંખના પલકારામાં ખાલી થયો. સૌએ પ્રભંજના કેવળીને વાંદ્યા. અને તેજ લગ્નમંડપ હજાર સહચરીઓ માટે દીક્ષા મંડપ બન્યો. લગ્નના ઉમેદવારો અને જાનૈયાઓ દીક્ષાના મહોત્સવના સાજન બન્યા અને દીક્ષા ઉત્સવને અનુમોદી કોઇ સમકિત તો કોઇએ અણુવ્રત લઈ પોતાના આત્માને અજવાળ્યાં.

( પ્રભંજનાસજ્ઝાય )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૪૯

# લોભપિંડ
## યાને
# સુવ્રતમુનિ

## ( ૧ )

ચંપા નગરીમાં લગ્નના દિવસો હતા. ઘેરેઘેર મિષ્ટાન્નની લ્હેંચણી થતી હતી. આ મિષ્ટાન્નમાં તે કાળે સિંહકેસર લાડવા બહુ વખણાતા. આ લાડવા ૬૪ દ્રવ્યો નાંખી બનાવવામાં આવતા. તેની સુગંધ ઘરમાં પ્રવેશનારને તુર્ત મ્હેંકાવતી અને તેનું ભોજન જીભને તલસાટ જગાવી શરીરમાં ચેતન પ્રસરાવતું.

**સુવ્રતે** ધન ધાન્ય મિલકત ઘરબાર છોડી વૈરાગ્યથી દીક્ષા લીધી હતી. બુદ્ધિની ઓછી કુશાગ્રતા હોવાના કારણે તેમણે તપમાં જીવ પરોવ્યો અને તે છઠ્ઠ અઠ્ઠમ વિગેરે તપ કરતા કરતા માસખમણ સુધી પહોંચ્યા. આ સુવ્રતમુનિ વિહાર કરતા કરતા એક વાર ચંપામાં પધાર્યા અને :માસખમણને પારણે ગોચરીએ નીકળ્યા.

જૈનમુનિની ગોચરી એટલે ભ્રમરગોચરી. ભ્રમર ફુલે ફુલે ફરે છતાં ફુલનો રસ સુકાય નહિ કેમકે તે થોડો થોડો રસ લઇ પોતાનું પોષણ કરે તેમ મુનિ ઘેર ઘેર ભિક્ષા લઇ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોઇને પીડા ઉપજાવ્યા વિના સંયમ નિર્વાહ કરે. મુનિ ભિક્ષા માટે એકજ વાર નીકળે પણ તપસ્વી મુનિ માટે જ્યાં સુધી નિર્દોષ આહાર ન મળે ત્યાં સુધી ફરવાની છૂટ હોય છે આથી આ સુવ્રતમુનિ ચંપામાં ઘર ઘર ફરતા હતા.

( ૨ )

માસખમણ ઉપર માસખમણ કરનાર સુવ્રતમુનિ મહા તપસ્વી હતા છતાં તેમને સિંહકેસરા લાડુ ઉપર તેની સુગંધ અને સ્વાદને લઇ પ્રેમ જાગ્યો હતો. તે સમજતા હતા કે આજે પારણું કર્યું તો પછી મહિને પારણું આવશે. પારણામાં સિંહકેસરા મળે તો સારૂં. ચંપામાં ઘેર ઘેર ફરે છે. અને સિંહકેસરાની ખોજ કરે છે.

ભાવુકો આ તપસ્વી મુનિને વહોરાવવા દુધ, રાબ અને વિવિધ મિષ્ટાન્નો ધરે છે પણ કોણ જાણે કેમ કોઈ પણ સિંહકેસરા લાડવા ધરતા નથી. મહિનાના ઉપવાસી ઉગ્ર નિર્દોષ આહારેષણા કરનાર મુનિ શરમ છોડી છેવટે કહે છે કે 'સિંહકેસરાનો જોગ છે ખરો ?' કોઇ ઠેકાણે કહેવામાં આવે છે 'મહારાજ ? હતા તો ખરા પણ હમણાંજ ખલાસ થયા.' ત્યારે કોઇક ઠેકાણે 'હાલ નથી પણ બે દીવસ પછી બને તેમ છે.' તેમ જણાવાય છે.

સુવ્રતને મોટી મોટી હવેલીએ સિંહકેસરા ન મળ્યા તે ન મળ્યા ભક્તિભાવિત પધારો મહારાજ કહેનારા ભાવુકોના ઘરમાં. સુવ્રતમુનિ ઉપવાસી હતા, થાકયા હતા. અગિઆર બાર વાગી એક બે થયા પણ તેમને સિંહકેસરા ન મળ્યા. સિંહકેસરાના રટણમાં સુવ્રત ઘરમાં પેસતાં 'ધર્મ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાભ કહેવું ભૂલી 'સિંહકેસરા' કહી પ્રવેશવા લાગ્યા. કોઇએ તેમને ગાંડા થયેલા માન્યા તો કોઈ કુતુહળપૂર્વક હસવા લાગ્યા.

સિંહકેસરાની ધૂનમાં સુવ્રત ચંપાનગરીના માર્ગો ભૂલ્યા, સંયમની જવાબદારી ભૂલ્યા. ફરતાં ફરતાં સંધ્યા પડી અને રાત થઈ તો પણ સુવ્રત તો ઘરે ઘર ફરે છે અને જે ઘરના બારણાં ઉઘાડાં હોય તેમાં જઇ બોલે છે 'સિંહકેસરાનો જોગ છે.'

( ૩ )

આ વખતે એક ભાવુક શ્રાવક ઘરના આંગણામાં ઉભો હતો. સુવાની તૈયારી કરતો હતો ત્યાં મુનિને તેણે 'સિંહ કેસરા' કહી ઘરમાં દાખલ થતા જોયા. રાતનો સમય અને મુનિની ગોચરી આ જોઇ શ્રાવક આશ્ચર્ય પામ્યો પણ બીજીજ ક્ષણે મુનિનું મુખ દેખી તેણે તેમને ઓળખ્યા અને વિચાર્યું કે આ મુનિ ભ્રષ્ટ નથી. ત્યાગી તપસ્વી અને વૈરાગ્યી મહાત્મા છે પણ કોણ જાણે કેમ આમ બન્યું ? તે શ્રાવકે 'મહા- રાજ ! આ શું કરો છો ? આ તે સાધુનો આચાર છે? રાતના ગોચરી હોય ? એમ કહી તિરસ્કાર કરવાનું ઉચિત ન ધાર્યું અને તેણે ખાજાં, ઘેબર, મોતીચુર વિગેરે અનેક પકવાન ધર્યાં પણ મુનિએ તેમાંનું 'ખપ નથી' કહી કાંઇ ન લીધું. શ્રાવકે વિચાર્યું કે મુનિ 'સિંહકેસરા' કહી પધાર્યા હતા. આથી લાગે છે કે તેમને કોઇ પણ ઠેકાણેથી તે નહિ મળ્યા તેથી તેમનું ચિત્ત ભ્રમિત થયું છે

શ્રાવક તુર્ત એક મોટો મોદક ભરેલો થાળ લાવ્યો અને બોલ્યો ભગવંત ! આ તાજા સિંહકેસરા લાડુ આપને ખપશે ખરા. મુનિએ પાત્ર ધર્યું અને શ્રાવકે માય તેટલા સિંહ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કેસરા લાડુ તેમના પાત્રમા ભક્તિપૂર્વક ભર્યા. મુનિ સિંહ કેસરા લાડુ મળતાં સ્વસ્થ થયા.

( ૪ )

શ્રાવક મુનિને હાથ જોડી બોલ્યો ભગવંત! આજે મારે આંગણે કલ્પવૃક્ષ ફળ્યું. આપ તપસ્વીનાં પગલાં અમારે ઘેર કયાંથી? વિષયવાસના અને ક્રોધ માન માયામાં ફસેલા અમારા જેવા તમારા ગુણોનું શું વર્ણન કરી શકીએ?'

મુનિએ શ્રાવકના સામું જોયું એટલે શ્રાવકે ફરી પગે લાગી પુછયું ' ભગવંત! મારો વ્યવસાય વિચિત્ર છે સૂર્યોદય વખતે બે ત્રણ તારા હોય ત્યારે હું નવકારશીનું પચ્ચક્ખાણ કરૂં છું આનું મારે શું પ્રાયશ્ચિત્ત આવે? અને ભગવંત! આજે મેં પુરિમઢ્ઢ કર્યું છે તે કયારે થશે?'

મુનિએ આકાશ સામું જોયું તો તારાને દેખતાં અડધી રાત વીતેલી લાગી. તુર્ત ચિત્ત ઠેકાણે આવ્યું તે વિચારે ચડયા. 'હું મુનિ! માસખમણનો તપસ્વી! સિંહકેસરા લાડુની આટલી મારી આસક્તિ કે હું ધર્મલાભ ભૂલી સિંહકેસરા બોલતો થયો. દીવસ કયારે પુરો થયો તેનું પણ મને ધ્યાન ન રહ્યું, અડધી રાતે સાધુ વ્હોરવા ફરે તે કેટલાને અધર્મ પમાડે. ખરેખર હું સાધુપણાથી ભ્રષ્ટ બન્યો. મેં મારી જાતને ડુબાડી અને જૈનમુનિઓ રાત્રિએ ભિક્ષા માટે ફરે છે તે જણાવી ઘણાને અધર્મ પમાડયા. આ કેવો સુંદર શ્રદ્ધાળુ શ્રાવક! જેણે પુરિમઢ્ઢ પચ્ચક્ખાણના સમય પુછવાના બાને મને માર્ગે આણ્યો. હું જીહ્વેંદ્રિયમાં આસકત બનેલ

ભાન ભૂલેલ રાત્રિએ શું સિંહકેસરા લાડુ ન ખાઇ જાત ! સાધુને તો દીવસે લાવેલ ભિક્ષા દીવસેજ ખપે અને હું રાત્રે ભિક્ષા લેવા નીકળ્યો. કેટલો મારો પ્રમાદ !" મુનિની આંખમાં ઝળહળીયાં આવ્યાં અને તે બોલ્યાઃ

'તત્વજ્ઞ શ્રાવક ! તમારા જેવા ધર્મનિષ્ઠોથી જૈનશાસન જયવંતુ છે. તમે અમને સાચી ચોયણા કરાવી. મેં ધર્મ-ગુરૂનો વેષ ભલે ધર્યો પણ તું તો ખરેખર મારો ધર્મગુરૂ છે. ઉત્તમ શ્રાવક ! આવી તમારી કુશળતા ન હોત તો હું કયાં જઇ પડત.' મુનિ પાપના તીવ્ર પશ્ચાતાપમાં પડયા અને તે રાત્રિ શ્રાવકને ત્યાંજ નિર્દોષ ભૂમિ યાચી કાઉસ્સગ્ગ ધ્યાને ગાળી.

પ્રાતઃકાળે ઢંઢણ મુનિની પેઠે સુવ્રત મુનિ નગર બહાર નીકળ્યા. તેમને દેહનો મમત્વ ન હતો. આહાર પ્રત્યે મમતા ન હતી. તેમના ચિત્ત આગળ ગઇકાલની તેમની ભ્રમિત દશા અને 'સિંહકેસરા સિંહકેસરા' કઈ ફરવાની ઘેલછા તરવતી હતી. શુદ્ધ ભૂમિ જોઇ તેમણે સિંહકેસરાના ચૂરા કરવા માંડયા. સિંહકેસરાનો આ બાજુ તેમણે ચૂરો કર્યો અને સાથે સાથે તેમણે તીવ્ર પશ્ચાતાપે કર્મનો ચૂરો કરી કેવળજ્ઞાન મેળવ્યું.

દેવોએ કેવળ જ્ઞાનનો મહોત્સવ કર્યો. આ પછી મુનિએ અનેકને ઉપદેશ આપી તાર્યા અને અંતે તે મોક્ષને વર્યા.

( ઉપદેશપ્રાસાદ )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૫૦

# વિકથા
### યાને
# રોહિણી

(૧)

વિકથા એટલે કુથળી. વિકથા પરમ તપસ્વી, જ્ઞાની અને કેઇ ઉંચે ચઢેલાની ઘડીકમાં અધોગતિમાં નાંખે છે. ઘરબાર છોડી સંયમ લેનાર ઉંચે ચડેલ મુનિ, અસિધારા જેવાં વ્રત પાળનાર શિળવંત પુરૂષો અને પરમ તપસ્વીનાં તેજ તેણે ઓછાં કર્યાં છે.

(૨)

રોહિણી એ કુંડનપુર નગરના સુભદ્રશેઠની એકની એક પુત્રી હતી. શેઠ અતિ ધર્મિષ્ઠ સરળ અને ક્રિયાશીલ. શેઠના આ સંસ્કાર પુત્રીમાં પણ ઉતર્યા. પુત્રી પોસહ, પ્રતિક્રમણ વિગેરે આવશ્યક ક્રિયાઓમાં રકત રહેતી અને સાથે સાથે કર્મગ્રંથ કમ્મપયડી વિગેરે અનેક ગ્રંથોને ભણતી.

સુભદ્રશેઠે તેને ઉંમરલાયક થતાં પોતાના જેવાજ ધર્મિષ્ઠ શ્રેષ્ઠિપુત્ર વેરે પરણાવી. રોહિણી પરણી સાસરે ગઇ પણ થોડાજ દીવસમાં વિધવા થઇ. વિધવા બનેલ રોહિણીએ લોકાચાર મુજબ રૂદન કર્યું પણ તેનું ચિત્ત ધર્મમાં પરોવાયેલ હોવાથી હાયવોય ઓછી કરી તે અધ્યાત્મ માર્ગે વળી. તેણે વિચાર્યું કે 'કોના મા બાપ અને કોના વર ને ઘર ?'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રોહિણી જાણે થોડા દીવસ યાત્રાએ ગઇ હોય તેમ શ્વસુર ગૃહથી શ્રેષ્ઠિને ઘેર–પિયર પાછી ફરી અને પિતાને ત્યાંજ રહી. તેની ધર્મકરણી ઉત્તમ, તેનો સ્વાધ્યાય ભલભલા મુનિઓ પ્રશંસે તેવો, તેના તપ એટલે વિવિધ અભિગ્રહોની હારમાળાથી ગુંથાયેલ. આદર્શ શ્રાવિકા જેવી રોહિણી કુંડનપુરમા ઘેર ઘેર પ્રશંસાણી. તેના દર્શને લોક પોતાની જાતને કૃતકૃત્ય માનતા થયા.

( ૩ )

મોહરાજાને પાપકરણી પસંદ. તેને કોઇ ધર્મમાં ચડે તે ગમેજ કેમ ? તેને લાગ્યું કે રોહિણી આમ વધુ વખત રહી તો કદાચ સાધ્વી બનશે કે કદાચ ગૃહસ્થ જીવનમાં જ કેવળી થશે અને તેમ બને તો તે તેના સુંદર જીવનથી અનેકને તારશે. તેના જીવનમાં વિવેક છે. ધર્મ છે. કષાય પાતળા છે તે કઈ રીતે લાંબો વખત સંસારમાં ટકે. ત્યાં તો મોહરાજાની સ્ત્રી કુદૃષ્ટિની સખી વિકથા બોલી 'મહારાજ! બહુ ફીકર ન કરો. ઉંચામાં ઉંચા ચડેલાને પાડવામાં હું સમર્થ છું. જુઓ મારો પ્રભાવ. પરમ જ્ઞાની હોય પણ હું તેનામાં દાખલ થાઉં એટલે તેનું બધું જ્ઞાન ફોક. જે જ્ઞાન આગળ લઇ જતું હોય તેજ તેને પાડે. પરમ તપસ્વી હોય પણ મારો સંગ થયો એટલે તેનું તપ તેનેય શુદ્ધ ન કરે અને બીજાને પણ આદર ઉત્પન્ન ન કરે. ગમે તેવા ઉત્કટ બ્રહ્મચારી હોય પણ મારા સંગમાં આવ્યો એટલે તેના બ્રહ્મચર્યની કિંમત કોડીની. તેની પ્રશંસાને બદલે ઠેર ઠેર નિંદાજ થાય. વિકથા અદૃશ્ય થઇ અને રોહિણીમાં દાખલ થઇ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૪ )

રોહિણી પોસહ પડિક્કમણાં અને અનેક વ્રતો કરતી પણ હવે તે નિંદા કરતી થઇ ગઈ. આડોશ પાડોશની સ્ત્રીઓ ક્રિયાકાંડ ઓછાં કરે તે માટે બોલતી કે 'શું આતો એમજ માનતાં લાગે છે કે છોકરાં અને વર ઘર તેમને સ્વર્ગે લઇ જશે. છે કોઇમાં કાંઇ વિવેક ? ચઉદશ આઠમનું સરખુંય કોઇને ભાન છે?' પોષહ પડિક્કમણાં કરવા આવતી સ્ત્રીઓના પણ તે છિદ્ર જોતી થઇ, અને કોઇ ક્રિયા ઉતાવળે કરે કે પડિલેહણમાં પુરતું ધ્યાન ન આપે તો બોલી ઉઠતી 'આ તે કાંઇ તમારી ક્રિયામાં ઢંગધડા છે? આ બધું શું કામ કરો છો ? લોકોને બતાવવા કરો છો? કે આત્મા માટે ?'

રોહિણીની આ વૃત્તિ દીવસે દીવસે વધવા લાગી. પડિક્કમણું કરી એટલે બેસે અને કલાકના કલાક સુધી લોકોનાં નળીયાં ઉકેલી કેટલાય એટલા ભાગે અને માંડે. દેરાસર જાય તો દેરાસરમાં સુંદર કંઠે સ્તવન ગાય ભાવથી ચૈત્ય-વંદન કરે પણ રસ્તામાં જે કોઇ મળે તેની સાથે આખા ગામની તેને પંચાત. કોઇની વહુનાં રૂપ વખાણે તો કોઇના જમાઇના અવર્ણવાદ બોલે. ગામગપાટામાં તેને ખુબ રસ. અક્કર ચક્કરની વાતો લાવે અને મન મંછાએ તેના રદીયા આપે. વિહારમાં આવતા સાધુ સાધ્વીના પણ ગુણ સાથે દોષોને પણ જોયા વગર રહેતી નહિ. તેની વિકથા એટલી વધી કે ધર્મ કરણી કર્યા છતાં તે ધર્મના કાર્યોમાં પણ કયાંક કયાંક દૂષણો બોલતી. સારા સારા આચાર્યો અને સાધ્વીઓએ રોહિણીને કહ્યું 'રોહિણી! તું સારૂ ભણેલી, આચાર વિચારને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સારી જાણનારી. સારા સંસ્કારે ઉછરેલી છતાં શા માટે જીભના દોષથી આકરી થાય છે' શાસ્ત્ર કહે છે કે

यदीच्छसि, वशीकर्त्तुं जगदेकेन कर्मणा
परापवाददोषेभ्यश्चरंतीं गां निवारय

'જો જગતને વશ કરવા ઈચ્છતા હો તો પારકી નિંદા કરવાથી વાણીને રોકો.'

રોહિણીએ આમાંથી ગુણ ન લીધો અને ઉલટું બોલી 'મહારાજ! શું કહો છો આજે તે કાંઈ ચારિત્રનાં ઠેકાણાં છે ચારિત્ર તો કેવું જોઇએ માંખની પાંપણ પણ ન દુઃભાય. પણ તમે શું કરો આજનો કલિકાળ પંચમઆરો એવો છે કે સાચું ચારિત્રજ ન પળાય.'

( ૫ )

એકવાર રોહિણી જિનમંદિરે જતી હતી ત્યાં તેની નજર એક રૂપ રૂપના અંબાર સરખી ક્રોડો રૂપીયાના ઘરેણાથી લાદેલી સ્ત્રી ઉપર પડી. આ સ્ત્રીએ સુંદર સેંથો પાડેલો હતો. મુખના હોઠ તેના લાલ હતા. સખીઓ સાથે હસતાં તેના ગાલમાં ખાડાં પડતા હતા. રોહિણીએ મુખ મરડયું અને પાસે ઉભેલી સ્ત્રીને કહ્યું કે 'કેવો અદાડો આવ્યો છે રાજરાણી તો સંસ્કારના ધામ જેવી જોઇએ તેને બદલે જુઓને આ તે રાજાની રાણી છે કે વેશ્યા? એના ઢંગધડાજ કહી આપે છે કે એનામાં કાંઇ શિયળના સંસ્કારનો છાંટો નથી. દૂર ઉભેલી દાસીએ આ વચન સાંભળ્યું અને તેણે શેઠની પુત્રીનું વચન રાજાને કહ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાને રાણી ઉપર પુષ્કળ પ્યાર હતો. તેણે રાણીમાં કોઇ દોષ જોયો નહતો. અછતા દોષને સાંભળી રાજાને ઝાળ લાગી. તેણે રોહિણીને પોતાની પાસે પકડી મંગાવી અને પુછયું 'રોહિણી! સાચું બોલ કયા પુરૂષ સાથે રાણીને તેં વિલાસ કરતાં દેખી. રોહિણી! મારો ભય ન રાખ અને તેં કોઇ પુરૂષ સાથે તેને હસતાં બોલતાં સાંભળી હોય તો તું સુખેથી કહે.

રોહિણીએ કહ્યું 'રાજન્! કાંઇ કોઇનાં થોડાંજ કાંડા પકડાય છે? લોકો તો તેના ચેનચાળા ઉપરથી સારા ખોટા જણાય. સુશીલ માણસો તો છાના ઓછા રહે છે. વધુ શું કહું? રાજરાણી થઇ ખડખડ હસે અને આટલા બધા શૃંગાર શાના ધરે?'

સખીઓ સાથે હસે બોલે અને ઘરેણાં તથા કપડાંની શોભામાત્રથી રાણી અસતી છે. તેમ તું કહે તે કેમ ચાલે? રોહિણી! રાજરાણી વૈભવ ન માણે તો માણે કોણ?' શેઠ તરફ ફરી રાજાએ કહ્યું 'શેઠ! પુત્રીને શિખામણ આપો કે જીભ વશ રાખે.'

શેઠે કહ્યું 'રાજન્! મેં એને ઘણું કહ્યું કે પુત્રિ! તારૂં તપ, જ્ઞાન આચાર બધું આ વિકથાથી એળે જાય છે તું ઠેર ઠેર હડ હડ થાય છે પણ તે માનતીજ નથી.'

રોહિણીને રાજાએ રજા આપી પણ તેનો વિકથા દોષ વધુ ને વધુ ઉગ્ર થતાં તેને કાઢી મુકી. રોહિણી જંગલ વન ભટકી આર્ત્તધ્યાન ધરી અનેકની નિંદા કરતી અને જગત્‌થી નિંદાતી અનેક નિંદ્ય દુર્ગતિમાં રખડી.

(શ્રાદ્ધવિધિ.)

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૫૧

# એક દીવસનું સંયમ
## યાને
# પુંડરિક અને કંડરિક

### ( ૧ )

પુંડરિકિણી નગરીના રાજા **મહાપદ્મને પુંડરિક** અને **કંડરિક** નામે બે પુત્રો થયા. બન્ને સ્નેહાળ, ગુણીયલ અને વિવેકી. મહાપદ્મે રાજ્યની ધુરા પુંડરિકને આપી અને યુવરાજપદ કંડરીકને આપી દીક્ષા લીધી.

વૈરાગ્યવાસિત પિતાના આ બન્ને પુત્રોએ એક વખત કોઇ જ્ઞાની મુનિ મહારાજની દેશના સાંભળી અને તેથી તેમના બન્નેમાં એકી સાથે વૈરાગ્યાંકુર જાગ્યો. પુંડરિકે કંડરિકને રાજ્ય આપી દીક્ષા લેવાની ઇચ્છા બતાવી ત્યારે કંડરિકે કહ્યું 'બાંધવ! સંસાર આપને અકારો લાગ્યો છે તેમ મને પણ લાગ્યો છે. આપ અનેકના આધાર છો તો ભલે સંસારમાં રહી આધાર બનો. પણ હું તો દીક્ષા લઇ મારા આત્માને તારીશ.'

'બાંધવ! કોણ કોનો આધાર છે? હું ભુક્તભોગી છું. તું હજી આશાભર્યો યુવાન છે. તું રાજ્ય અને વૈભવ ભોગવ. મને દીક્ષા લેવા દે તને સંયમના પરિષહો આકરા લાગશે!'



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'મોટા ભાઈ! સંયમના પરિષહોનાં દુઃખ નરકનાં દુઃખ કરતાં તો કેઈ ગણાં ઓછાં છે મારે સંસારમાં ઉંડા ડુબવું નથી. મને દીક્ષા લેવા દો.'

પુંડરિકે દીક્ષાની અનુમતિ આપી આથી કંડરિકે દીક્ષા લઈ સારા દીવસે વિહાર કર્યો, આ પછી પુંડરિકે સર્પની કાંચલીની પેઠે રાજ્યને પોતાથી પર માની હૃદયમાં ભાવ-ચારિત્ર ધારી રાજ્યધૂરા વહેવા માંડી.

( ૨ )

વર્ષો બાદ પુંડરિકિણીમાં એકવાર કેટલાક મુનિમહારાજાઓ પધાર્યા. તેમાં કંડરિક મુનિ પણ હતા. પુંડરિકે ગુરૂને વાંદી પુછયું 'ભગવંત! મારો બાંધવ કંડરિક કયાં છે?'

ગુરૂએ કહ્યું 'પુંડરિક! આ મારી પાસે બેઠેલા કંડરિક મુનિ એજ તમારા ભાઈ છે શું તમે તેમને ન ઓળખી શકયા?'

પુંડરિકે કંડરિકને વંદન કર્યું પણ દીક્ષા વખતના કંડરિક અત્યારે ન હતા. કંડરિક અગિઆર અધ્યયન ભણ્યા હતા. તપ ત્યાગમાં ખુબ આગળ વધ્યા હતા. પણ આંત પ્રાંત લુખાં ભોજનથી તેમનું શરીર વ્યાધિગ્રસ્ત થયું હતું. તે વખતનો યુવાન તેજસ્વી રાજકુમાર કંડરિક કયાં? અને કાચા મળી ગયેલ હાડપિંજર સરખા ઉંડી આંખોવાળા આ મુનિ કંડરિક કયાં?

થોડા દિવસ બાદ ગુરૂએ વિહાર કર્યો પણ પુંડરિકે ઘણી વિજ્ઞપ્તિથી ગુરૂની અનુમતિ લઈ કંડરિકને પુંડરિકીણી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નગરીમાં રાખ્યા અને તેમના રોગના વિવિધ ઉપચાર કરાવવા માંડયા.

( ૩ )

થોડા દીવસમાં તો કંડરિકનું શરીર તેજસ્વી થયું. ઉંડી આંખો બહાર આવી ચકમક ચમકવા લાગી. ચીમળાઈ ગયેલી ચામડી સુંવાળી રેશમ થઇ. પહેલાં ખડખડ હાલતાં હાડકાં માંસ અને મેદથી દબાઇ ગયાં. કંડરિક મુનિએ દ્રવ્યરોગ દૂર કરી શરીર નિરોગી બનાવ્યું પણ એમણે રોગને બદલે તેમણે તેમના હૃદયમાં રસલોલુપતાનો ભાવરોગ દાખલ કર્યો.

પુંડરિક રોજ વંદન કરવા આવે, કંડરિક મુનિની સુખ સાતા પુછે અને કહે 'ભગવંત! આપ તો જગત્ ભરના જીવોને ઉપકાર કરનારા. પવન રોકયો રોકાય નહિ તેમ તમે પણ થોડાજ અમારાથી રોકાવાના છો. ભગવંત! ખરેખર તમે ધન્ય છો, તમે તમારી જાતને અજવાળી અને સંયમ લઇ અમારા કુટુંબને પણ અજવાળ્યું છે.'

રસની લોલુપતા કંડરિકને પુંડિરિકીણી નગરી છોડવા દેતી ન હતી પણ હૃદય ભાઇનો વિનય, પ્રેમ, ધાર્મિકતા વધુ સ્થિર રહી ઓછો કરવા ના પાડતું હતું. એક દીવસે લજ્જાથી તેમણે પુંડિરિકિણી નગરી છોડી અને તે ગુરૂ સાથે વિહારમાં જોડાયા.

( ૪ )

ભાવપૂર્વક રાજ્યઋદ્ધિ છોડી દીક્ષા લેનાર કંડરિકને ગોચરીનો આંત પ્રાંત આહાર ન રૂચ્યો. તેને તો રોજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુંડરિકિણી નગરીનો સ્નિગ્ધ આહાર યાદ આવવા લાગ્યો. હૃદયમાં એ પણ અજંપો થયો કે 'ભાઈ જેવો ભાઈ આખું રાજ્ય મને આપતો હતો અને કહેતો હતો કે સંયમના પરિષહ આકરા છે તું રાજ્ય ભોગવ અને મને દીક્ષા લેવા દે. પણ મેં મૂરખે ભાઈની સાચી શિક્ષા ન માની અને ઉતાવળે સંયમ લીધું. આ આંત પ્રાંત આહારે શરીર કેમ સાચવી શકાશે. ખીલેલું આ સુંદર યૌવન વનવગડાના ફુલની પેઠે શું મારે નિરર્થક ગુમાવવું? સામે પેલા ઋદ્ધિવિનાના તરૂણો પણ પોતાની સ્ત્રીઓ સાથે કેવો આનંદ લુંટે છે? હું તો ઋદ્ધિસિદ્ધિ સંપન્ન હતો. મારે ત્યાં સ્ત્રીઓનો પણ કયાં તોટો હતો. વૈરાગ્ય વિના આ સંયમ હું કેટલો વખત આચરી શકીશ.'

સંયમપરાઙ્મુખ બનેલ કંડરિક ગુરૂથી જુદા પડયા અને પુંડરિકિણીના પરિસરમાં આવ્યા. ત્યાં સામેજ ધાવમાતા મળી. કંડરિક ધાવમાતાને કાંઈ ન કહી શકયો પણ સાધુના ઉપકરણો ઝાડ ઉપર લટકાવી હરિયાળી જમીન ઉપર આળોટવા લાગ્યો. ચકોર ધાવ સમજી કે કંડરિક સંયમ રાખવા માગતો નથી તેને ઘરવાસ સ્વીકારવો છે. પણ તે બોલી શકતો નથી. ધાવે આ બધી વાત પુંડરિકને કહી. તે દોડતો ત્યાં આવ્યો તેણે પ્રથમ ભાવથી મુનિને વાંદ્યા અને બોલ્યો.

'નિસ્પૃહ! નિર્ગ્રંથ! બાંધવ! તમે મહાપૂણ્યશાળી છો! અગિઆર અંગના આપ જ્ઞાતા છો. અનેક તપ તપી તમે તમારા આત્માને પલ્લવિત કર્યો છે તમે તરી અનેકને તમારી વાણીએ તાર્યા છે.' આમ ખુબખુબ પ્રશંસા કરી પણ કંડ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રિકનું મોઢું નિસ્તેજ અને ચિંતાતુર હતું તે નીચું મૂખ કરી ભૂમિ ખોતરતો હતો. પુંડરિકની ધીરજ ખુટી તે ફરી ઉતાવળે બોલ્યો 'ભગવંત! આપ ખરેખર ધ્યાનમગ્ન છો? આપનું ધ્યાન પ્રશસ્તજ હોય. હું અપ્રશસ્ત હોય તેમ ન માનું છતાં કર્મે પછાડો માર્યો હોય અને અપ્રશસ્ત બન્યું હોય તો તમારાં સંયમનાં ઉપકરણ આ બાંધવને આપો અને ભવોભવ બુડાડનાર પટ્ટહસ્તી વિગેરે તમારે ગ્રહણ કરવાં હોય તો સુખેથી ગ્રહણ કરો.'

કંડરિક ઉભો થયો અને પટ્ટહસ્તિ પાસે જઈ ઉભો રહ્યો પુંડરિકે કંડરિકનો મુનિવેષ લીધો. રાણીઓ પ્રજાજનો સૌ કકળી ઉઠયાં. કંડરિક સાધુમાંથી સંસારી થયો અને પુંડરિક સંયમ લઇ રાજર્ષિ બન્યો.

## ( ૫ )

કંડરિક રાજ્ય મહેલે આવ્યો તેણે ખવાય એટલું ખાધું અને ભોગવાય એટલું ભોગવ્યું. કપડું પણ ગજા ઉપરાંત ભરાય તો ફાટી જાય પછી શરીર તો થોડુંજ ટકે, ખાધેલું અનાજ પચ્યું નહિ. અને વધુ પડતા ભોગવેલા ભોગે તેના શરીરને રોગગ્રસ્ત બનાવ્યું. અપાન વાયુ બંધ થયો. આખા શરીરે પીડા થવાથી કંડરીક બુમો પાડવા લાગ્યો પણ તેના ઉપર નહોતો મંત્રીઓને પ્રેમ કે નહોતો રાજવર્ગનો સૌ આઘા પાછા થયા પણ કોઇએ કાંઇ ઉપચાર ન કર્યો.

કંડરિક બોલ્યો કે 'રાત્રિ જવા દો સવાર પડે એટલે બધાની હું ખબર લઇશ પણ તેને ભાગ્યેજ ખબર હતી કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ એકજ રાત તેની ખબર લઇ યમસદને પહોંચાડશે. ક્રોધે ધમધમતો કંડરીક એકજ દીવસના અસંયમમાં પૂર્વનું બધું સંયમનું સુકૃત ગુમાવી પાપનો થર એકઠો કરી ટળવળતો સાતમી નરકે ગયો.

વર્ષો સુધી સંયમ પાળનાર કંડરિકે એક દીવસના અસયંમમા પૂર્વનું બધું સુકૃત ગુમાવ્યું અને સાતમી નરકની યોગ્યતા પ્રાપ્ત કરી તો તે કેટલો અસંયમમાં ખુંચ્યો હશે. દુકાળીયો જેમ ઘેબર દેખી પેટ કે ગજાનો વિચાર કર્યા વિના ખાવા માંડે તેમ સંયમવિમુખ બનેલ કંડરીક ખુબ અસંયમમાં રાચ્યો અને સંયમ પ્રત્યે અનહદ દ્વેષ કેળવ્યો તેને પરિણામે તે સાતમી નરકે પહોંચ્યો. અને આ અસંયમના રાગે તેને ઘણો સંસાર રખડાવ્યો.

પુંડરિકે વર્ષો સુધી રાજ્ય કર્યું હતું. સંસારના ભોગો ભોગવ્યા હતા પણ આ બધું તેણે નિરાળા મને સેવ્યું હતું. વર્ષો સુધી સંયમ પાળનાર બાંધવ કંડરિક સંયમ વિમુખ બન્યો ત્યારે તેમને તેની ઉપર દયા ઉપજી તે બોલ્યા 'ખરેખર આ જન્મમાં સંયમની પ્રાપ્તિ મહાપૂણ્યોદય હોય તોજ મળે અને તે મળેલ સંયમ માણસ ગુમાવે કયારે કે જ્યારે તે લોકલજ્જા માણસાઇ. ગુણ, પરભવનો ડર વિસારે ત્યારેજ. આ મારો બાંધવ કંડરિક ખરેખર મારા કરતાં પૂણ્યશાલિ હતો. મેં તેને રાજ્ય માટે આગ્રહ કર્યો પણ તેણે રાજ્ય ન લીધું. વૈરાગ્યભાવે સંયમ ગ્રહ્યું અનેક વ્રત અને તપ તેણે આચર્યાં. સંયમી બની તેણે શ્રુતાભ્યાસ કર્યો. રાજકુળમાં જન્મી તે વ્યવહારથી લોકોમાં પ્રશંસાયો. અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તપસ્વી બની પરમાર્થથી પ્રશંસાયો પણ કોઈ એથી અધન્ય પળે તેને દુષ્કર્મનો ઉદય આવ્યો કે જેથી આ ઉંચે ચડેલ બાંધવ! સંયમવિમુખ બન્યો અને આજે સંયમ છોડી નરકાવાસમાં ધકેલનાર રાજ્ય તરફ લલચાયો. ખરેખર તે દયાપાત્ર છે. કે જેણે ઘણું સહ્યું અને થોડા માટે ગુમાવ્યું. તે રાજવી બને અને મારો બોજો ઉતારે તે તો મને ઇષ્ટ છે. પણ તે ખરેખર તેમાં લપેટાઈ દુઃખી ન થાય. આ પછી પુંડરીકે જેવી જેની ભવિતવ્યતા જાણી મન વાળ્યું અને વિચાર્યું કે વર્ષો સુધી રાજ્ય ભોગવનાર મેં કેટલાં પાપપુંજ એકઠા કર્યા હશે. અને જો આ સમયને મેં ઝડપી ન લીધો હોત તો હું કયાં અટકાત મારૂં ખરેખર ભાગ્ય જાગતું છે. મને સંયમની તક મળે તેવી કલ્પનાય નહોતી તે અચાનક મળી. રાજ્ય દારા પુત્ર મિત્ર ખરેખર અસ્થિર છે સ્થિર હોય તો આ સંયમ અને સુકૃત છે.

પુંડરિક મહર્ષિએ સ્વયં મુનિવેષ ધર્યો પણ વ્રતારોપણ ગુરૂ પાસે જંખતા તે છઠ્ઠ કરી ગુરૂ પાસે પહોંચ્યા. ભાવના પૂર્વક ગુરૂ પાસે સંયમ લીધું અને ગોચરીએ સંચર્યા. ગોચરીનો લુખોસુકો આહાર પુંડરિક રાજર્ષિને ન પચ્યો. તેમને તીવ્ર વેદના થઇ પણ તે તીવ્ર વેદનાને તેમણે સમભાવે સહી. કંડરિકને માદક આહારે ઉત્પન્ન કરેલ વેદનાએ તેને રોષથી નરક અપાવી અને પુંડરિકને આંતપ્રાંત આહારે ઉત્પન્ન કરેલ વેદનાએ સમતાથી સર્વાર્થસિદ્ધ અપાવ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુંડરિક અને કંડરિક એકજ માતા પિતાના સગા બે પુત્રો. એકે એક દીવસનું અસંયમ આચરી નરકગતિ મેળવી અને બીજાએ એક દીવસનું શુદ્ધ સંયમ પાળી સર્વાર્થસિદ્ધ મેળવ્યું. અંતનો તીવ્ર કિલષ્ટભાવ પૂર્વે કરેલ ઘણા સંયમને ભસ્મિભૂત કરે છે અને ઘણા પણ અસંયમને તીવ્ર સંયમ-આરાધના થોડાજ વખતમાં નાશ કરે છે. તેના નિદર્શનરૂપે આ બન્ને ભાઈઓ આજે પણ જૈન શાસનમાં સંભળાય છે.

वाससहस्संपि जई, काऊणवि संयमं विउलंपि ।
अंते किलिट्ठभावो, नवि सिज्झइ कंडरियव्व ॥

હજાર વર્ષ સુધી વિપુલ સંયમ પાળ્યા છતાં પણ જો અંતે કિલષ્ટ અધ્યવસાય થાય છે તો તે કંડરિકની જેમ સિદ્ધિપદને પામતો નથી.

अप्पेणवि कालेण, केइ जहा गहियसीलसामन्ना ।
साहंति निययकज्जं, पुंडरियमहारिसिव्व जहा ॥

થોડો કાળ માત્ર પણ ચારિત્ર ગ્રહણ કરીને જે યથાર્થ પાળે છે તે પુંડરિક ઋષિની જેમ પોતાનું કાર્ય સિદ્ધ કરે છે.

( ઉપદેશપ્રાસાદ )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૫૨

# નાનો નિયમ

## યાને

# શ્રેષ્ઠિપુત્ર કમળ

## ( ૧ )

" મહારાજ ! પડિક્કમણા સામાયિક અને વ્યાખ્યાન સાંભળું છું પણ એક સંસારિક વાત મને બહુ નડે છે અને તે મારા પુત્ર **કમળ**ની છે. અમે બન્ને ધર્મનાં રાગી છીએ. સાધુ સાધ્વીની વૈયાવચ્ચ અને ધર્મભક્તિ અમને બન્નેને ગમે છે. પણ મારો આ એકનો એક પુત્ર કમળ છે તે ધર્મનું નામ દેતાં ભડકે છે. મેં ઘણું ઘણું કર્યું પણ માંખીને ચંદન ન ગમે તેમ તેને ધર્મ તો ગમતો જ નથી. આખો દીવસ ગપાટા મારે પણ વ્યાખ્યાને ન આવે. આખા ગામમાં ધમપછાડા કરે પણ જિનમંદિરે પૂજા ન કરે. ભાઈબંધ દોસ્તારો સાથે રખડવામાં ભૂખ તરસ ન ગણે પણ નવકારશીનું પચ્ચકખાણ પણ ન કરે. મેં ઘણું ઘણું સમજાવ્યું પણ તે ખુબ નઠોર બન્યો છે. ભગવંત! આપ કાંઇક બોધ આપો અને સુધરે તો તેનું કલ્યાણ." શ્રીપતિ શેઠે શીલંધર મુનિને કહ્યું.

"શ્રીપતિ ! તેને બોલાવો અમારી તો ફરજ છે કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપદેશ આપવો. પણ શ્રેષ્ઠિન્! ધર્મોપદેશ પણ જીવમાં નિકટ ભવ્યતા હોય તોજ પરિણમે છે."

'મહારાજ! હું તમારી પાસે તેને લઇ આવું છું' કહી શ્રીપતિ **मत्थेण वंदामि** બોલી વિદાય થયા.

( ૨ )

'દીકરા કમળ! જો આ મહાવિદ્વાન્ તપસ્વી શીલંધર આચાર્ય ભગવંત છે. તેમનું દર્શન પરમપુણ્ય અને ભાગ્ય હોય તોજ મળે છે. શું તેમની વાણી? અને શું તેમનું તપ તેજ છે?' કહી કમળને આચાર્ય મહારાજનો પ્રભાવ વર્ણવી શ્રીપતિએ સામે બેસાર્યો.

'કમળ! માનવભવ મહાદુર્લભ છે. આ જીવ પશુ, પંખી, દેવ, નારક વિગેરે ઘણી યોનિમાં રખડયો અને હજી રખડશે પણ માનવભવમાં જે જીવ પ્રગતિ-વિકાસ કરી શકે તે બીજે ન કરી શકે? આ માનવભવ તને મળ્યો છે તેને પામી તારે ઉંચા ન આવવું જોઇએ?

આમ ગુરૂએ એકધારો સતત ઉપદેશ આપ્યો અને કમળે ગુરૂના સન્મુખ દૃષ્ટિ રાખી એકચિત્તે સાંભળ્યો.

શ્રીપતિ આનંદ પામ્યા કે જરૂર ગુરૂની વાણી તેને પરિણમી. નહિતર આ અટકચાળો છોકરો દસવાર ઉભો થાત અને અનેક અડપલાં કરત.

ગુરૂ પણ બોલ્યા 'કમળ! આ બધું કહ્યું તેમાં તેં શું ધાર્યું?

વિનય બતાવતાં કમળે કહ્યું 'ભગવંત! આપ બોલતા હતા ત્યારે તમારો ગળાનો કાકડો ઉપર નીચે થયા કરતો હતો તેને મેં ૧૦૮ વાર ગણ્યો પછી તો એવો જોસથી તે ચાલવા માંડયો કે હું તેને ગણીજ ન શકયો પણ ધારૂં છું કે ત્રણ ચાર હજારથી વધુ વખત ઉંચો નીચો ગયો હશે.'

કમળનો આ જવાબ સાંભળી શેઠને નિરાશા ઉપજી અને આચાર્ય ભગવંતને તેની વિમુખતા દેખી દયા ઉપજી. શેઠ અને કમળ બન્ને ઘેર ગયા.

સમય વીત્યો તેમ કમળ વધુને વધુ ઉદ્ધત અટકચાળો અને ધર્મવિમુખ બનતો ગયો.

( ૩ )

શ્રીપતિ ધર્મક્રિયા કરતા પણ કમળની ધર્મવિમુખતા તેમને ચેન પડવા ન દેતી.

એક વખત પત્થરને પણ પીગળાવે તેવા વ્યાખ્યાની ગુણસાગરસૂરિ શ્રીપુર નગરમાં આવ્યા. કોઇ દીવસ ઉપાશ્રયે નહિ ચડનારા માણસો પણ ધર્મ સાંભળતા થયા અને વ્રત વ્રતુલાં આચરતા બન્યા. ગામ આખું ગરૂને વખાણે પણ કમળ કાંઇ સમજે તોજ શ્રીપતિને ચેન વળે તેમ હતું તેથી એક દીવસ કમળને શ્રીપતિ ઉપાશ્રયે લાવ્યા અને, ગુરૂમહારાજને નમી બોલ્યા.

'ભગવંત ! આ મારો પુત્ર છે. ધર્મનો બોધ તેને કાંઇક આપો !'

' કમળ ! નીચી દષ્ટિ રાખ અને ગુરૂમહારાજ કહે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે બરાબર સાંભળ' એમ સત્તાપૂર્વક અવાજે શેઠે કહ્યું કેમકે શીળંધર આચાર્યના સામું જોઇ તેણે તેમના ગળાનો કાકડો ગણ્યો હતો તેથી નીચી દ્રષ્ટ રખાવ્યા સિવાય તેમને બીજું કાંઇ કહેવાનું નહોતું.

ગુણસાગરસૂરિએ કેઇ કવિતાઓ અને વિનોદભરી ધર્મની વાતો કહી પણ કમળે ઉંચી દ્દષ્ટિ સરખી ન કરી. કલાક પછી ગુરૂએ પુછ્યું 'કમળ! આ બધામાં તને કાંઈ ગમ્યું.'

કમળે ધીમે અવાજે કહ્યું 'આ નીચે સામા દરમાંથી એકસો આઠ એક પછી એક કીડીયો નીકળી. જગ્યા નાની છે અને આટલી બધી કીડીયો કયાંથી નીકળે છે તેનોજ હું કયારનો વિચાર કરૂં છું.'

કમળની પાસે ઉભેલા શ્રાવકોએ ખરેખર શ્રીપતિને ત્યાં પત્થરો જન્મ્યો છે કહી તેને તિરસ્કાર્યો. પણ કમળને તેની કાંઇ અસર ન થઈ તે તો જાણે બંધનથી છૂટયો હોય તેમ ઉપાશ્રયની બહાર નીકળ્યો.

( ૪ )

જ્ઞાનના દરિયા જ્ઞાનસાગરસૂરિએ પહેલેથીજ સાંભળ્યું હતું કે શ્રીપુરમાં બધા બોધ પામે પણ કમળને બોધ પમાડે તે ખરા.

તેમણે શ્રીપુરમાં આવ્યા પછી તુર્ત કમળને ઉપાશ્રયે બોલાવ્યો અને કહ્યું 'કમળ! કામરાજાનું સૈન્ય કયું? તે તું જાણે છે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'ના મહારાજ ! વિષયવિકાર તે કામ આટલું જાણું છું પણ તે રાજા છે અને તેને છત્ર, બન્દિઓ, હાથી, પરિજન અને સૈન્ય હોય તેની મને ખબર નથી.'

"કરાળ ! કામરાજાની બિરૂદાવલી બોલનારાં કોયલ ભમરા વિગેરે પક્ષીઓ ભાટચારણો છે. સુંદર સુકોમળ શરીર વાળી સ્ત્રીઓ તે કામરાજાનું ધનુષ્ય છે. અને તેના ચેનચાળા એ બાણો છે. આ બાણ જેને વાગ્યું તે પડેજ છૂટકો. આ કામદેવનું સામ્રાજ્ય બધે વ્યાપક છે. હરિ પુરંદર બધા એને વશ પડયા છે. કમળ! ચંદ્રમા, ઠંડો પવન, માદક ખોરાક આ બધાં શું કામનાં સાધનો નથી ?"

કમળ ગુરૂની આ વાણીમાં લીન થતો ગયો તેને ઉઠવાનું મન ન થયું પણ ગુરૂએ આવશ્યક ક્રિયાનો સમય થવાથી બોલવું બંધ કર્યું.

કમળ પગે લાગી ઘેર ગયો પણ બીજે દીવસે વગર બોલાવ્યો ગુરૂ પાસે આવ્યો અને બોલ્યો 'ભગવંત ! આપનો ઉપદેશ ગમે છે !'

"કમળ ! સ્ત્રીઓના ભેદ કેટલા તે તું જાણે છે ? ના મહારાજ ! સ્ત્રીઓ જાડી, પાતળી, રૂપાળી બેડોળ અનેક જાતની દેખાય છે. આ સિવાય બીજા ભેદની મને ખબર નથી."

'કમળ ! પદ્મિની, શંખિની, ચિત્રીણી, અને હસ્તિની ચાર પ્રકારની સ્ત્રીઓ છે.'

'મહારાજ ! આ ભેદેઃ શી રીતે સમજાય .'

'જે સ્ત્રીનો મોઢાનો ગંધ કમળ જેવો હોય, આંખો સ્હેજ ઢળતી મૃગલા જેવી હોય. શ્રીફળ જેવા સ્તન હોય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને કમળના ફુલ જેવું મોઢું હોય'....વિગેરે વર્ણન એક કલાક સુધી કર્યું. કમળ એકીટસે આ બધું સાંભળી રહ્યો.

ત્રીજે દીવસે કમળ ગુરૂમહારાજ પાસે વહેલાં આવ્યો અને શંખિનીનું સ્વરૂપ સાંભળ્યું આમ ૧૦–૧૫ દીવસ કામશાસ્ત્ર સાંભળવામાં કમળ તલ્લીન બન્યો.

શ્રીપતિ શેઠ રોજ વ્યાખ્યાને જાય અને કમળ બપોરે રોજ ગુરૂમહારાજ પાસે મિત્રોને લઈ કામશાસ્ત્ર સાંભળે લોકોએ જાણ્યું કે કમળ ઉપાશ્રયે વળ્યો એટલે કાંઇક પણ પામશે.

ગુરૂએ કામશાસ્ત્ર પુરૂં કરી નવે રસો વર્ણવ્યા અને પછી નિમિત્ત જ્યોતિષમાં લઈ જઇ છેવટે વૈરાગ્ય રંગ જમાવ્યો.

શ્રીપતિ શેઠ ઉપાશ્રયે બે ચાર કલાક રહે પણ કમળ તો સવાર, બપોર અને રાત ગુરૂ પાસે હાજરજ હોય.

( ૫ )

બધા શ્રાવકો શ્રીપુર નગર બહાર આવ્યા. નાના મોટા બધા હાથ જોડી ઉભા અને જ્ઞાનસાગરસૂરિએ મંગળાચરણ સંભળાવી અનેકને નાના મોટા નિયમો આપ્યા.

'કમળ ! તારે કાંઇ નિયમ લેવો છે ખરો !' ગુરૂએ સૌ પછી કમળને પુછયું.

કમળે કહ્યું 'ભગવંત ! જરૂર હું પણ નિયમ લઇશ ! ભગવંત શુકલ અને કૃષ્ણપક્ષ સિવાય જુઠું નહિ બોલું. આખું નાળિયેર મોઢામાં નહિ મુકું. છાણ ખાવાના પચ્ચ-ક્ખાણ રાખીશ.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'કમળ ! અમારી સાથે પણ હસવાનું ?'

'મહારાજ ! તમારો આગ્રહ છે તો લ્યો. મારા ઘરની સામે સીમલો કુંભાર છે તેની ટાલ જોયા સિવાય નહિ ખાઉં.'

'બહુ સારૂં ! આ નિયમ પણ જરૂર પાળજે હો' કહી ગુરૂએ આગળ વિહાર કર્યો.

( ૬ )

એક દિવસ પરોઢથી સીમલો કુંભાર વગડે માટીની ખાણુ ખોદવા ગયેલો. રોજ તો સીમલો સામોજ દેખાય એટલે કમળ તેને જોઇ ખાવા બેસતો પણ આજે તે વિસરી ગયો. કમળે કોળીયો હાથમાં લીધો કે તુર્ત તેની માતા સુન્દરીએ સંભાળી આપ્યું કે 'કમળ ! તેં સીમલાની ટાલ જોઇ ?'

'ના બા ! હું ભૂલી ગયો' કહી કમળ ભાણું છોડી ખાણના રસ્તે ચાલ્યો. થોડે દૂર ગયો અને તેણે છેટેથી સીમલાને જોયો. સીમલો પણ કમળશેઠને દૂરથી જોઇ આઘો પાછો થવા લાગ્યો કેમકે ખાણ ખોદતાં ખોદતાં સીમલાને રત્નોથી ભરેલ કડાઇ હાથ લાગી હતી. તેને તે આઘી પાછી સંતાડતો હતો.

સીમલો કમળને જોઇ ઉંચો થયો ત્યાં કમળ ઉતાવળે બોલ્યો 'અલ્યા સીમલા દેખી દેખી.'

સીમલો બુમ પાડી બોલ્યો 'શેઠ ! અડધી મારી અને અડધી તમારી ! આમ આવો આમ આવો.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કમળ સીમલા પાસે ગયો તો લાખોના ઝવેરાતની કઢાઇ દેખી. કુંભારે અડધાં રત્ન કમળને આપ્યાં અને અડધાં તેણે લીધાં.

કમળ રત્નો લઈ ઘેર વળ્યો તેમ તેનું મન પણ દુર માર્ગથી સન્માર્ગે વળ્યું. તે એકજ વિચારે ચડયો કે 'સીમલાની ટાલ જોવાનો નિયમ તો મેં મશ્કરીમાં લીધો હતો. આ હાંસીના નિયમે મને અનર્ગલ સંપત્તિ અપાવી તો ખરેખર મેં સાચો નિયમ લીધો હોત તો હું શું ન પામત.'

કમળ ત્યારથી પલટાયો અને બોલ્યો ધન્ય જૈન-શાસન અને ધન્ય ધર્મગુરૂ. તે વિનયી બન્યો, ફરી જ્ઞાન-સાગરસૂરિ શ્રીપુર પધાર્યા ત્યારે તેણે અનેક નિયમ લીધા અને પિતાની માફક સમકિતપૂર્વક બાર વ્રત ઉચ્ચરી તે નિરતિચાર પાળી મરી દેવલોકે દેવ થયો.

**अल्पीयानपि नियमः सुखाय सम्यक् प्रपालितो भवति**
**घटकृट्टल्यवलोकनरुपः कमलाभिधस्येव ॥१॥**

થોડો પણ નિયમ પાળવામાં આવે તો સુખને માટે થાય છે જેમ કમળે કુંભારની ટાલ જોવાનો નિયમ લીધો હતો તે તેને પરિણામે લાભ આપનારો થયો.

[ પ્રિયંકરનૃપકથા ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૫૩

# સાત દીવસનો બંગલો

## યાને

# નાગદત્ત

## (૧)

'ચિત્રકાર! આ મહેલને ચણાવતાં મને બાર વર્ષ લાગ્યાં છે. પૈસાને મેં આમાં પાણીની પેઠે વાપર્યો છે. તું તેમાં આકાશની વાદળીયો જેવા સુંદર રંગ પુરજે અને જે મારી સાત પેઢી સુધી ઝાંખા ન થાય તેવા કરજે. દુનીયા જાણે કે નાગદત્તે મહેલ કરાવ્યો હતો. અને કળાકારો પણ જાણે કે કોઇ એવો અજોડ ચિત્રકાર હતો કે જેણે સાત પેઢી સુધી રંગને ઝાંખો થવા ન દીધો.' ઉજ્જૈનીના નાગદત્ત શેઠે હવેલીમાં રંગ પુરનાર ચિત્રકારને કહ્યું.

'શેઠ! જેવું નાણું ખરચાય તેવું કામ થાય. શિલ્પી તો હજાર વર્ષ સુધી રહે તેવી ઇમારત ખડી કરી શકે છે. અને જેને જોઇ સાચું માની પકડવા જાય તેવાં જીવતાં જાગતાં ચિત્રો પણ દોરી શકે છે.'

'ચિત્રકાર! મારી સાતમાળની હવેલી સાત પેઢી સુધી એમ ને એમ રહે તેવી બનાવ. પૈસા મોં માગ્યા માગજે પણ તેમાં કચાશ રાખીશ નહિ' આ શબ્દ ગોચરીએ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નીકળેલ જ્ઞાની મુનિ ત્યાં થઇને પસાર થતા હતા તેમણે સાંભળ્યા. નાગદત્ત મુનિને પગે લાગ્યો. મુનિ ધીમેથી ધર્મ-લાભ કહી સહેજ સ્મિત કરી આગળ ચાલ્યા.

નાગદત્તને આશ્ચર્ય થયું અને તે બબડયો કે 'ગંભીર ગણાતા મુનિએ એવું તે આમાં શું જોયું કે હસ્યા. સારૂં. નવરો થવાદે, ઉપાશ્રયે જઇને હમણાંજ પુછુછું. કે મહારાજ! કેમ હસ્યા ?'

( ૨ )

"દેવિ ! શું સુંદર મહેલ તૈયાર થયો છે. લોકો તો જોશે પણ દેવોય દેખવા લલચાય તેવા તેમાં મારે રંગ પુરાવવા છે. સાત પેઢી સુધી આપણી નામના રહે અને ઉજ્જેણી જ્યાં સુધી રહે ત્યાં સુધી સૌ આપણને સંભાળે." જમવા બેસતા નાગદત્તે નાના છોકરાને ખોળામાં આઘોપાછો કરતા પોતાની સ્ત્રી યશોમતીને કહ્યું.

'આ બધી મહેનત, અને મમતા બાળ બચ્ચાં અને નામના માટેજ છેને ? લોકો કાંઇ થોડીજ માત્ર આજીવિકા માટે મહેનત કરે છે.' શેઠના ખોળામાં રહેલ છોકરાને પંપાળતાં યશોમતી બોલી.

'દેવિ ! લે આ બાળકને. તેણે તો મારાં કપડાં અને આ થાળી બધું મૂત્ર મૂત્ર કર્યું' આ શબ્દ શેઠ પુરા કરે ત્યાં તો મુનિ 'ધર્મલાભ' કહી નાગદત્તને ઘેર વહોરવા પધાર્યા.

યશોમતીએ મુનિને ભાવથી વહોરાવ્યું. નાગદત્તે થાળી-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માંથી મૂત્ર દૂર કર્યું અને તેજ થાળીમાં મુનિની સમક્ષ ભોજન લીધું. મુનિએ વ્હોર્યું પણ તેમની નજર મૂત્રવાળી થાળીમાં ભોજન લેતા શેઠ ઉપર ઠરી અને સ્હેજ સ્મિત કરી ફરી વિદાય થયા.

નાગદત્ત બોલ્યો 'દેવિ ! આ મુનિ કાંઇ કારણથી હસે છે કે અમસ્તો તેમને હસવાનો સ્વભાવ છે. હમણાં હું ચિતારાને ભલામણ કરતો હતો ત્યારે પણ હસ્યા અને વહોરી પાછા ફરતાં પણ સહેજ હસ્યા !

'નાથ ! મુનિઓ વિના કારણે ન હસે. કાંઇક કારણ તો હશેજ.'

'જો જતા પહેલાં હસ્યા હોત તો પુછત પણ હવે તો જમ્યા પછી નિરાંતે વાત.' કહી શેઠે ભોજન કરવા માંડયું.

( ૩ )

બરાબર ત્રણ વાગ્યાનો સમય હતો. તડકો હમણાંજ નમ્યો હતો. નાગદત્ત શેઠની દુકાન ઉજ્જૈનીના બજાર વચ્ચો વચ્ચ હતી. શેઠ ગાદી ઉપર બેઠા હતા ત્યાં એક અલમસ્ત બોકડો દુકાન ઉપર ચડી ગયો. તેની પાછળજ કસાઇ દોડતો આવ્યો અને શેઠ મારો બોકડો છે, પાછો આપો, અને જો તમને તેની દયાજ આવતી હોય તો બોકડાની ઉચિત કિંમત આપો.

બોકડો બેં બેં કરતો દુકાનના ઓરડામાં પેસી ગયો નોકરોએ એક બે દંડા લગાવ્યા પણ તેતો ઉંડો ને ઉંડો ખૂણામાં ગયો. શેઠ જાતે ઉઠયા અને તેના બે કાન પકડી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દુકાનની હેઠે ઉતારવા માંડયો બોકડો કેમે કરી હેઠો ઉતરે નહિ. શેઠ બોકડાને હેઠો ઉતારી દુકાનના બારણા બંધ કરતા હતા ત્યાં સામે મુનિને જોયા તે વખતે પણ મુનિ સ્હેજ હસી આગળ ચાલ્યા.

શેઠ ખુબ વિચારમાં પડયા. આ મહારાજ આજે ત્રણ વખત મળ્યા અને ત્રણે વાર છૂટા પડતાં હસીનેજ ગયા. ગમે તેમ આમાં કાંઇ કારણ છે. આજે રાતે ઉપાશ્રયે જાઉં અને પુછું કે 'મહારાજ ! શાથી હસ્યા ?' તે કહો.'

બેં બેં કરતા બોકડાને કસાઈ લઈ ગયો પણ તેની આંખો અને મોઢું તો શેઠની તરફજ હતું તે માગણી કરતો હતો કે 'દયાળુ શેઠ ! મને છોડાવ' શેઠ આ બધું સમજતો હતો પણ તે માનતો હતો કે 'આમ જો હું છોડાવું તો કાલથી રોજ કસાઈ પેંધે અને એ રીતે તો મારૂં નાણું કયાં પહોંચે?'

બોકડો અને કસાઇ ચાલ્યા ગયા શેઠ પણ બીજે ધંધે વળગ્યો પણ 'મુનિ કેમ હસ્યા' તે વાત તેના મનમાં ગુંજતીજ રહી.

( ૪ )

"મહારાજ! ચિતારાને હું ભલામણ કરતો હતો તે જોઇ આપ કેમ હસ્યા ? ઘરનાં કામ આ દુનીયામાં કોણ કરાવતું નથી?" ઉપાશ્રયે આવેલ નાગદત્તે મુનિને હાથ જોડી પુછયું.

"નાગદત્ત! મને હસવું એટલા માટે આવ્યું કે તમે સાત પેઢી ટકે તેવા રંગની વાત કરતા હતા પણ તમને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમે પોતેજ કયાં સુધી રહેશો કે ટકશો તેની થોડીજ ખબર છે ”

“ મહારાજ ! એ તો આપ જેવા જ્ઞાની જાણે. અમે તો જીવીએ ત્યાં સુધી માયા અને મમતામાં રાચેલાજ છીએને ? ભગવંત ! હું કેટલો વખત જીવીશ ? આપને શું હું થોડા દીવસનો મેમાન લાગું છું ” પોતાના આયુષ્યનો નિર્ણય કરવા જંખતા શેઠે મુનિ ભગવંતને કહ્યું.

“ નાગદત્ત ! કોનું કેટલું આયુષ્ય તે અમારે કહેવું ન જોઇએ કેમકે કોઇ આત્મા તેથી વલોપાત કરી વધુને વધુ દુઃખમાં ડૂબે તેથી તે કહેવું મુનિજન માટે ઉચિત નથી.”

“ ભગવંત ! હું વલોપાત નહિ કરૂં ”

“નાગદત્ત ! તારૂં આયુષ્ય સાત દીવસનું છે આજથી સાતમે દીવસે તું સાંજે મૃત્યુ પામીશ. તું હવેલીને સાત પેઢી સુધી રંગ ટકાવવાની વાત કરતો હતો ત્યારે મારી સમક્ષ તારૂં સાત દીવસનું આયુષ્ય દેખાયું અને થયું કે ‘પ્રાણીને કેટલો મોહ છે સાત પેઢીની વાતો કરનાર સાતમા દીવસે તો આ દુનીયા છોડી ચાલ્યો જવાનો છે.’ નાગદત્ત ! મારા હસવાનું આ કારણ છે.”

( ૫ )

નાગદત્તે મન ઘણું મજબુત કર્યું પણ તેની ધીરજ ન રહી તે બ્હાવરો બન્યો અને બોલ્યો ‘ ભગવંત ! હું સુખે સમાધિએ મરીશ કે મને કાંઇ રોગ થશે ?’

“ નાગદત્ત ! તારા કપાળમાં શૂળ ઉત્પન્ન થશે અને તેની આકરી પીડા થશે, ”

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાગદત્તની આંખમાં ઝળહળીયાં આવ્યાં તે બોલ્યો 'ભગવંત! તમે સાચું હસ્યા. હું હસવા જેવોજ હતો. મને મૂરખને ભાન નથી કે સાતમે દીવસે મારે જવું છે અને હું સાત પેઢીની વાતો કરૂં છું.' આ કહેતાં કહેતાં તેના ગળામાં ડૂમો ભરાયો.

મુનિ આશ્વાસન આપતા બોલ્યા 'નાગદત્ત!

જીવ એકીલો આવ્યો જાશે એકલો
પરભવ નહિ સચવાશે જીરે
પુત્ર માતા પરિગ્રહ અસાર છે
કુટુંબાદિક પરિવારજીરે–મમ કર મમતારે સમતા આદરો.'

'નાગદત્ત! વનમાં વડનું વૃક્ષ મોટું હતું મોટી તેનો ડાળો હતી પક્ષીઓ કલ્લોલ કરતાં હતાં પણ એક વખત દવ લાગ્યો. વૃક્ષ બળવા માંડયું એટલે પંખીઓ ઉડી ગયાં તેમ જીવ જાતાં બધાં સગાં વહાલાં ઉડી જવાનાં.' શેઠ!

'સુધી ધર્મકરણી સમાચારો તો તરશો સંસાર જીરે'

'ભગવંત! સાત દીવસમાં હું શું આચરૂં અને શું કરૂં. મેં જન્મ વૃથા ગુમાવ્યો. મમતા અને પ્રતિષ્ઠામાં રાચ્યો આ કોઇ સાથે નહિ આવે તે ચોક્કસ છે.'

શેઠને હવે બીજાં બે હસવાનાં કારણ પુછવાનું મન રહ્યું નહિ છતાં પુછયું 'ભગવંત! આપ વ્હોરતાં કેમ હસ્યા?'

"નાગદત્ત! સંસારનું સ્વરૂપ જોઇને? તું જેને પુત્ર પુત્ર કરી હુલરાવે છે અને જેના મૂત્રને પણ વહાલું ગણે છે તે પરભવમાં તારી સ્ત્રીનો જાર હતો તેને તેં ઘણો માર્યો

હતો તે મરી તારી સ્ત્રીની કુક્ષિમાં અવતર્યો છે. તે મોટો થશે એટલે તારો આ બંગલો વેચશે. તારાં ઘરબાર વેચશે. તારી સ્ત્રીને ઝેર આપી મારી નાંખશે અને તારી સાતે પેઢીને લજવશે. શેઠ! આ દેખી મારૂં હસવું રોકાયું નહિ અને સ્હેજ હસ્યો."

"ભગવંત! હું ખરેખર ચારે બાજુથી ઠગાયો છું. સ્ત્રી કુલટા! જે પુત્રની સાત પેઢી સુખને જંખુછું તે આવો. ભગવંત! હવે જલદી કહો કે ત્રીજીવાર બોકડાને દુકાનમાંથી ઉતારતાં કેમ હસ્યા?"

'નાગદત્ત! તમારી અજ્ઞાનતાથી, જેને તેં બોકડો માની દુકાનમાંથી બહાર કાઢયો તે તારો પિતા હતો. જેણે તને ઘર બહાર મિલકત સોંપી હતી. તેણે જીંદગીભર ખોટા તોલ માન માપા કર્યા અને ધન સંઘર્યું તેથી આ બોકડો થયો.

**કૂડકપટ પરભાવથી વળી કુડા તોલા માપજીરે**
**તે પાપેથી તિર્યંચ ઉપજે જુઠ માયાને પ્રતાપજીરે.**

બોકડાને લાવનાર કસાઇના તેણે પરભવમાં પૈસા પુરા લીધા પણ કપાસ ઓછો આપેલો તેનું તેને દેવું રહ્યું. આથી તે મરી બોકડો થયો અને કસાઇનું દેવું ચૂકવવા આવ્યો.'

'નાગદત્ત! તેણે રસ્તામાં પોતાની દુકાન દેખી, તને દેખ્યો જાણીતું બધું જોયું એટલે તેને જાતિસ્મરણ જ્ઞાન થયું અને તે તારે આશ્રયે આવ્યો. ચંડાળે તને કહ્યું કે પૈસા આપો તો છોડું પણ તેં લોભને લઇ તેને ન લીધો. આ મારા ત્રીજા હસવાનું કારણ છે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાગદત્તની આગળ દુનીયા ચક્કર ચક્કર ફરવા લાગી. તેને જગત્ અસાર લાગ્યું. તે તુર્ત ત્યાંથી ઉભો થયો અને ચંડાળને ત્યાં પહોંચ્યો અને કહ્યું 'જેટલા પૈસા લેવા હોય તે લે પણ મને બોકડો આપ.'

ચંડાળે કહ્યું 'શેઠ! બોકડો તો કપાઇ ગયો. હવે શું થાય?'

નાગદત્ત ફરી ઉપાશ્રયે આવ્યો અને મુનિને પુછવા લાગ્યો 'ભગવંત! મારો પિતા મરી કયાં ગયો?'

'નાગદત્ત! ચિત્તની વિહ્વળતા ક્રોધ અને નિરાધારતામાં ટળવળતો અને તને તિરસ્કારતો તે મરી નરકે ગયો.

'ભગવંત! હું શું કરૂં? સાત દીવસમાં હું શું સાધું? અને શું પરવારૂં?

'નાગદત્ત! એક દીવસનું ચારિત્ર અનુત્તર વિમાને પહોંચાડે છે. હજુ તો તારી પાસે તો સાત દીવસ બાકી છે.'

નાગદત્તે સંયમ લીધું ચાર દીવસ વેદના રહિત ચારિત્ર પાળ્યું અને ત્રણ દીવસ સમતાભાવે શિરના શૂળની વેદના સહી ચારિત્ર પાળ્યું.

સાતપેઢી સુધી બંગલાના રંગને જેવો ને તેવો રાખવા ઇચ્છતો નાગદત્ત સાતમે દીવસે ઉજ્જેણી છોડી સૌધર્મ દેવલોકે સિધાવ્યો.

( જૈન કથાર્ણવ )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૫૪

# સુખ નહિ પુત્રમાં કે નહિ અપુત્રમાં?

## અને

# બહુપુત્રિકાદેવી

### (૧)

રાજગૃહી નગરના ગુણુશૈલ ચૈત્યમાં શ્રમણ ભગવાન મહાવીર પરમાત્મા સમવસર્યા.

આ અરસામાં એક દેવી આવી તેણે ૧૦૮ બાળકો અને બાળિકાઓ સાથે નૃત્ય કરી ભગવાનની ભક્તિ કરી.

એ દેવી તો ગઇ પણ ઇંદ્રભૂતિ ગૌતમ ગણધરને તેને આ દિવ્ય સિદ્ધિ શાથી મળી તે જાણવાનું મન થતાં ભગવાનને પુછયું 'ભગવંત ! આ દેવી કોણ હતી ? અને તેણે પૂર્વે કયું કર્મ કર્યું કે જેથી આવી દેવી થઈ ?

ગૌતમ ! તે બહુ પુત્રિકા નામની દેવી હતી. તે બહુ-પુત્રિકા કેમ થઈ તે માટે તેનો પૂર્વભવ બહુ રસિક છે.

### (૨)

પહેલાના વખતમાં વાણારસી નગરીમાં એક ભદ્ર નામનો સાર્થવાહ હતો. તે ખુબ પૈસાદાર અને તેવોજ આબરૂવંત. આ ભદ્ર સાર્થવાહને સુભદ્રા નામની રૂપાળી સ્ત્રી હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભદ્ર અને સુભદ્રાએ સંસારસુખ ઘણું ભોગવ્યું, પણ તેમને ત્યાં પુત્ર કે પુત્રી ન થઇ. ભદ્ર સાર્થવાહે ઘણી ઘણી ઔષધિઓ અને અનેક ઉપચાર કર્યા તેમજ સુભદ્રાએ પણ પુત્ર માટે ઘણાં ફાંફાં માર્યાં પણ તે બધાં નકામાં ગયાં.

એક મધ્યરાત્રિએ સુભદ્રાની ઉંઘ ઉડી ગઇ અને તે વિચારે ચડી. 'આ તે કાંઇ મારો અવતાર છે! મારા સાથે પરણેલી સ્ત્રીઓ છ આઠ છોકરાઓની માતાઓ છે અને હું તો હજી એવી ને એવી રહી. જેમના ખોળામાં છોકરાં રમતાં હોય, કુદતાં છોકરાંઓને દોડીને જે સ્ત્રીઓ પકડતી હોય અને ધવરાવતી વખતે વહાલથી બચ્ચાંઓને છાતી સરસાં દાબતી હોય તે ખરેખર ભાગ્યશાળી સ્ત્રીઓ છે. હું પુરી અભાગણી કે વર્ષો સુધી ઘરવાસ સેવ્યો છતાં મારે નહિ એકે છોકરી કે નહિ એકે છોકરો' આખી રાત આજ વિચારે તેનું વ્હાણું વાયું.

સવારે અચાનક તેના ઘેર સુવ્રતા નામનાં સાધ્વી પધાર્યાં. આ સાધ્વી ઉંમરે આધેડ હતાં. તેમનું શરીર તપતેજથી ચમકતું હતું. તેમની વાણી કાંસાના રણકારની માફક વચન બોલાયા પછી ઘણીવાર વાતાવરણમાં ગુંજતી હતી. તેમની આંખ સૌમ્ય અને જ્ઞાન તેજથી ચમકતી હતી. સુભદ્રાએ ખુબ ભક્તિથી સાધ્વીને પડિલાભ્યાં. સાધ્વી ધર્મલાભ કહી વળ્યાં. પરંતુ સુભદ્રા પાછળ આવી. સાધ્વી સમજ્યાં કે આને કાંઇ પુછવું છે? સાધ્વી થોભ્યાં એટલે સુભદ્રા બોલી.

"ભગવંત! આપ ગામે ગામ ફરો છો, જ્ઞાનના દરિયા છો અને લોકોની વિવિધ પ્રકૃતિનાં જાણ છો. મારે ત્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઋદ્ધિ સિદ્ધિનો પાર નથી. પતિનો પ્રેમ પણ મારી પ્રત્યે અતુટ છે. પણ મારે ત્યાં પુત્ર નથી. સાધ્વીજી મહારાજ! એવો કોઇ મંત્ર તંત્ર, માદળીયું, વિદ્યાપ્રયોગ, ઔષધ, ચૂર્ણ કે વિરેચન નથી કે જેથી હું સંતાનવતી થાઉં."

'શ્રાવિકા! જો અમે સંયમી છીએ. અમારાથી આવું વચન સંભળાય પણ નહિ. અમે તો બધા દુઃખનું ઔષધ તપ અને ધર્મ છે એમ કહીએ છીએ. આ ધર્મ જેની જે ઇચ્છા હોય તે તેને આપે છે. આથી ધર્મને શાસ્ત્રોમાં કલ્પવૃક્ષ જેવો કહ્યો છે' સાધ્વીએ ધર્મનું રહસ્ય સમજાવ્યું.

ધર્મથી પણ જો મારૂં દુઃખ ભાગતું હોય તો તે પણ હું આચરૂં તેમ માની સુભદ્રા સુવ્રતા સાધ્વી પાસે શ્રાવક ધર્મને સમજી અને તેનો આદર કર્યો. સાધ્વીએ વાણારશીથી વિહાર કર્યો. સુભદ્રા શ્રાવકધર્મમાં લીન બની.

સુભદ્રાએ આ પછી પણ ઘણો વખત સંસાર સેવ્યો પણ તેને પુત્ર કે પુત્રી તો નજ થઇ.

( ૩ )

વખત વીત્યો સુવ્રતા સાધ્વીજી ફરી ફરતાં ફરતાં વાણારસી આવ્યાં અને સુભદ્રાને ઘેર ધર્મલાભ કહી પધાર્યાં. સુભદ્રા સાધ્વીને દેખતાં આનંદિત થઇ અને બોલી.

'ભગવંત! મારો સંસારવાસ વંધ્ય છે. હું હવે આપની પાસે દીક્ષા લેવા માગું છું. મેં ભદ્ર સાર્થવાહ સાથે ઘણો સંસારવાસ સેવ્યો પણ તેમાં કાંઈ સાર ન ભાળ્યો.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાધ્વી मा पडिबन्धं कारेह કહી આગળ ગયાં.

સુભદ્રાએ ભદ્રસાર્થવાહને કહ્યું 'નાથ! મેં ઘણા વર્ષ સંસારવાસ તમારી સાથે સેવ્યો પણ મને તેના ફળ રૂપે પુત્ર કે પુત્રી કાંઇ ન થયું' મારી ઇચ્છા તમે રજા આપો તો સુવ્રતા સાધ્વી પાસે સંયમ લેવાની છે.'

'દેવિ! હું તારા સંયમની આડે નહિ આવું. પણ હમણાં તું સંસારમાં રહે.'

'ના નાથ! હું હવે સંસારમાં નહિ રહું. વર્ષો સુધીનો ગૃહવાસ મારો નકામો નીવડયો તે થોડોજ હવે સફળ થવાનો છે.'

ભદ્રસાર્થવાહે સુભદ્રાને ઘણું ઘણું સમજાવ્યું પણ તેની સુભદ્રાને બહુ અસર ન થઇ.

સારા મુહૂર્તે ભદ્ર સાર્થવાહે મહામહોત્સવ પૂર્વક સુભદ્રાને દીક્ષા આપી.

(૪)

સુભદ્રા એ ભુકતભોગી હતી. તેને ભોગની કે સંસારની તૃષ્ણા ન હતી. તે તપત્યાગમાં ખુબ આગળ વધી. અને સુવ્રતા સાધ્વી સાથે ગ્રામાનુગ્રામ વિચરવા લાગી.

સુભદ્રાએ દીક્ષા લીધી હતી. પણ સંસારવાસમાં પુત્ર નહિ થયેલ હોવાથી તેને સંતતિ પ્રત્યેની લાલસા ઉંડે ઉંડે રહી ગઇ હતી, આથી તે કોઇનાં પણ બાળકો જોતી ત્યારે તેને તેની પ્રત્યે લાગણી થઇ આવતી. શરૂ શરૂમાં તો તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હસાવતી બોલાવતી પણ પછી તો તેની એટલી બધી મુર્છા વધી કે ઉપાશ્રયની આસપાસનાં છોકરાંઓને તે ભેગા કરવા લાગી. તે કોઇના પગ રંગતી તો કોઇની આંખોમાં કાજળ આંજતી. કોઇ છોકરાં રોતાં તેને રમકડાં લાવી આપતી તો કોઇ છોકરાંઓને થાબડી ઉંઘાડતી. છોકરાંઓને રાજી રાખવા કોઇને વહોરી લાવી દૂધ આપતી તો કોઈ છોકરાંઓને લાડુ લાવી ખવરાવતી. આખો દીવસ સુભદ્રા સાધ્વી છોકરાંઓને રમાડવામાં અને સાચવવામાંથી ઉંચી ન આવવા લાગી.

સુભદ્રાએ સાધુ મર્યાદા છોડી વધુ પડતું કરવા માંડયું એટલે ગુરૂણીએ કહ્યું 'સાધ્વી! તમે ઉત્તમ કુળનાં છો, વૈરાગ્યથી દીક્ષા લીધેલી છે. તમારો તપ ત્યાગ અને બ્રહ્મચર્ય ઉત્તમ કોટિનું છે. છોકરાઓને લડાવવાં ઉછેરવાં તે એક મોહ છે અને આ મોહ આપણને ન ઘટે? તમે પોતે સંયમથી ચૂકો છો અને બીજા કોઈ તમારૂં આવું જીવન જુએ તો તે ધર્મની નિંદા કરતા થાય તેમાં તમે નિમિત્ત બનો છો ?'

સુભદ્રાએ આ બધો ઉપદેશ સાંભળ્યો. પણ તેને તે ગળે ન ઉતર્યો તે તો એવું વિચારવા લાગી કે 'હું શેઠાણી હતી ત્યારે આ સાધ્વીઓ કેટલું બધું મારૂં માન સાચવતાં હતાં. હવે તે મારી બિલકુલ દરકાર રાખતાં નથી અને ઉલટી મને વગોવે છે. '

તેણે એક દીવસે સુવ્રતા સાધ્વીથી જુદા પડવાનો નિર્ણય કર્યો અને સમુદાય છોડી તે કોઇ બીજા ઉપાશ્રયમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગઈ. હવે અહિં તેને કોઈ રોકનાર નહોતું કે કોઇ ઠપકો આપનાર ન હતું.

સુભદ્રા રોજ છોકરાઓને ભેગા કરતી રમાડતી ખવરાવતી અને તેમાંજ આનંદ માનતી જીવન પસાર કરવા લાગી. આમ સાધ્વી સુભદ્રા સંયમથી ભ્રષ્ટ બની કુશીળ થઇ ઘણાં વર્ષ ચારિત્ર પાળી અંતે પંદર દીવસના ઉપવાસ કરી મૃત્યુ પામી બહુપુત્રિકા દેવી થઈ.

અહિં પણ પુત્રના મોહને લઇ તે પુત્ર પુત્રીઓને વિકુર્વે છે અને તેની સાથે નાચ કરી આનંદ માને છે. વચમાં ગૌતમ ગણધર ભગવંતે ભગવાનને પુછ્યું ' ભગવંત આ દેવી આ દેવલોકમાં કેટલો વખત રહેશે અને પછી તેનું શું થશે?'

ગૌતમ અહિં ચાર પલ્યોપમનું આયુષ્ય ભોગવી આ બહુ પુત્રિકા દેવી પુત્ર મોહને લઇ **વિભેલસંનિવેશમાં** ઘણા પુત્રોવાળી સોમા નામની બ્રાહ્મણી થશે.

( ૫ )

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં વિભેલ નામના ગામમાં રાષ્ટ્રકુટ નામના બ્રાહ્મણને ઘેર તે સોમા નામે બ્રાહ્મણી થશે. રાષ્ટ્રકુટ સાથે ભોગ ભોગવતાં તેને વર્ષે વર્ષે એક યુગલ જન્મશે. આ બત્રીસ બાળકોને સાચવવામાંથી સોમા ઉંચી નહિ આવે. કેટલાંક છોકરાંઓનું મૂત્ર સાફ કરી રહેશે ત્યાં બીજા રડવા બેસશે, તેને તે પતાવશે ત્યાં બીજા ખાવાનું માગશે. આનારાનું હજી નહિ પતાવ્યું હોય ત્યાં કેટલાંક ભૂ ભૂ કરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બૂમો પાડશે. સોમા કંટાળશે કોઇને મારશે કોઇને પીટશે અને કોઇને પછાડશે. સોમા રાતે નીરાંતે ઉંઘી શકશે નહિ પેટ ભરીને ખાઇ શકશે નહિ. અને રાષ્ટ્રકુટ સાથે સુખ પણ ભોગવી શકશે નહિ. કાનમાં કીડા પડેલ કૂતરૂં હાડહાડ થાય તેમ સોમાનું જીવન હાડ હાડ થશે.

એક વખત સોમાની મધ્યરાત્રિએ ઉંઘ ઉડી જશે તે વખતે તેને વિચાર આવશે કે 'આતે કાંઇ મારો અવતાર છે નથી મારૂં ખાવાનું ઠેકાણું. કે નથી પીવાનું ઠેકાણું. હું નથી ધણી સાથે શાંતિથી વાત કરી શકતી કે નથી તેમની સાથે બેસી ઉઠી શકતી આતે કાંઇ મારૂં જીવન છે. મેં જીવન ધરીને કોઇ દીવસ સારૂં કપડું પહેર્યું નથી કે નથી કોઇ ઉત્સવ માણ્યો. ખરૂં જીવન તો જેને કોઈ લપછંદર ન હોય એકલાં અટુલાં હોય તેનુંજ છે. તે કેવાં હરી ફરી શકે અને પહેરી ઓઢી શકે. પતિની સાથે ઉત્સવમાં કેવો આનંદ માણી શકે? ખરેખર આવી છોકરા વિનાની સ્ત્રીઓનું સુખ એજ ખરૂં સુખ છે. હું ખરેખર અધન્ય છું. પૂણ્યવિનાની છું કે જેથી હું મળમૂત્ર ઉચકવામાંથીજ ઉંચી નથી આવતી.'

થોડા દીવસ બાદ આ સોમાને ત્યાં સાધ્વીજી પધારશે સોમા તેમને પડિલાભશે. અને પછી પુછશે. 'ભગવંત! હું તો આ છોકરાંઓની બલાથી કંટાળી છું મને કોઇ આમાંથી છૂટવાનો માર્ગ બતાવો.' સાધ્વી કહેશે કે 'બધા દુ:ખના નાશનું કારણ ધર્મ છે તું ધર્મમાં ચિત્ત પરોવ.'

સોમા સાધ્વી પાસે ધર્મ સાંભળી શ્રાવિકાનાં બારવ્રત સ્વીકારશે. આ પછી સાધ્વી વિહાર કરશે અને તે સોમા પુત્ર પુત્ર્યાદિની સેવના કરતાં થોડો કાળ કાઢશે.

વખત જતાં ફરી સાધ્વી વિભેલ સન્નિવેશમાં આવશે ત્યારે સોમા તેમને પોતાને પ્રવજ્યા આપવાની માગણી કરશે. સાધ્વી 'જેવી તમારી ઇચ્છા' કહી ઉપાશ્રયે જશે.

સોમા પતિની પાસે અનુમતિ મેળવી દીક્ષા લેશે. આ પછી સોમા સાધ્વી અગિઆર અંગ ભણશે. છઠ્ઠ અઠ્ઠમનાં વિવિધ તપો કરશે. અને શુદ્ધિપૂર્વક સંયમની આરાધના કરશે.

સોમા સાધ્વી જીવનના પાપોની આલોચના કરશે.

પુત્રના મોહ અને પુત્રના તિરસ્કાર બન્નેને દુનીયાના રંગ માની હૃદયમાંથી વિસારશે, અધ્યાત્મ માર્ગે વળશે અને માસિક સંલેખના કરી સૌધર્મ દેવલોકમાં સામાનિક દેવ થશે. ત્યાંથી ચ્યવી સોમા મહાવિદેહમાં જન્મી મુક્તિને વરશે."

ભગવાનના શ્રીમુખે બહુપુત્રિકાનું વૃત્તાંત સાંભળી કેઈ જીવો બોધ પામ્યા. પુત્રની પ્રાપ્તિ એ પણ દુઃખ અને પુત્ર ન હોવા એ પણ દુઃખ છે. સંસારમાં સુખદુઃખ એ મનનાં કારણો છે. પૌદ્ગલિક કે સંસારના બાહ્ય પદાર્થોમાં ખરી રીતે સુખ છેજ નહિ.

( નિરીયાવલી )

———

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૫૫
# તાત વંદે
## યાને
# વલ્કલચિરિ
## (૧)

પોતનપુર નગરના રાજ્ય મહેલની પાછળના ગોખે રાજા **સોમચંદ્ર** અને રાણી **ધારિણી** બેઠાં હતાં. રાણી કાંસકી લઇ રાજાના વાળ ઓળતી હતી ત્યાં એકદમ રાણી બોલી 'નાથ ! જુઓ આ દૂત આવ્યો.'

રાજા સોમચંદ્રે આમ તેમ દિવાનખાનામાં નજર નાંખી તો કોઇ માણસ ન દેખાયો એટલે બોલ્યો 'દેવિ ! કોનો દૂત ? અને કયાં છે ?' રાણીએ રાજાના માથાનો ધોળો વાળ રાજાના હાથમાં આપતાં કહ્યું કે 'આ જરા દૂત–ઘડપણ સૂચક સફેદવાળ.'

રંગરાગમાં રાચતા સોમચંદ્રના મુખ ઉપરની છાયા પલટાણી અને તે બોલ્યો 'દેવિ ! એ જરાદૂત નહિ પણ યમ દૂત. કેમકે જરા પણ યમદૂત જ છે ને ? આ સફેદવાળ સૂચવે છે કે ચેતવું હોય તો ચેતો નહિતર થોડા દીવસમાં તમારે યમને ત્યાં આવવાનું છે !'

'નાથ ! આવું ન બોલો. જન્મે તે બાળક યુવાન અને ઘરડો થાય. કાળ કાળનો સ્વભાવ બતાવે. તેમાં ગભરાવાનું



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શું ? ઘણુપણુથી લજ્જા પામતા હો તો હું ઉગતા ધોળા વાળને મૂળથી કાઢી નાંખીશ.'

'દેવિ ! મને લજ્જા આ સફેદવાળની નથી આવતી પણ લજ્જા એની આવે છે કે મારા વડીલોએ તો યુવાની આથમ્યા પહેલાં ધર્મમાર્ગ સ્વીકારી રાજ્ય છોડયાં હતાં. અને હું, માથે ધોળાં આવ્યા છતાં રાજ્ય અને રમણીમાં રાચી રહ્યો છું. દેવિ ! તેં સારૂં કર્યું કે દૂતનું સૂચન કર્યું.'

રાજા ગોખેથી અધુરા ઓળેલા વાળે ઉઠયો હવે તેને શિર કે દેહની સુશ્રુષાનો મોહ રહ્યો નહિ. રાજ્યસભામાં ગયો અને મંત્રીઓને કહ્યું કે 'રાજ્યગાદી ઉપર પ્રસન્નચંદ્રને સ્થાપો. હું તાપસ બની ધર્મમાં મારૂં જીવન પરોવીશ.'

સારા દીવસે પ્રસન્નચંદ્રનો રાજ્યાભિષેક થયો અને સોમચંદ્ર તથા ધારિણી તાપસવનમાં પધાર્યાં.

( ૨ )

પોતનપુરથી દસ પંદર ગાઉ દૂર એક ગાઢ જંગલ હતું આ જંગલની મધ્યમાં એક ઝુંપડી બાંધી સોમચંદ્ર રાજર્ષિ દિક્પ્રોષિત તાપસ ચર્યા આચરવા લાગ્યા. ધારિણીએ પાંદડાની ઝુંપડીનું આંગણું છાણથી સુંદર લીપ્યું હતું. નાના નાના છોડવાઓનો નાનોશો મંડપ બનાવી તેમાં મૃગ બચ્ચાંઓને તેણે પાળ્યાં હતાં. અને તપસ્વી પતિની વૃક્ષની છાયા પેઠે હરહંમેશ પરિચર્યા કરતી હતી.

થોડા દીવસમાં તો ધારિણીનું પેટ વધ્યું. સ્વરભંગ થયો. ગતિમાં મંદતા આવી. રાજર્ષિએ આ બધું દેખી પુછયું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'દેવિ! તું ગર્ભવતી હતી તો શું કામ મારી સાથે તપોવનમાં આવી? આથી તો આપણું તાપસવ્રત લોકોને ધર્મરુચિ પ્રગટાવવાને બદલે નિંદા તરફ દોરી જશે.'

ધારિણી શરમિંદી પડી અને બોલી 'નાથ? હું ગર્ભવતીછું' એમ કહું તો આપ મને સાથે ન લેત અને હું આપથી જુદી પડવા ઇચ્છતી ન હતી.' આ પછી ધારિણીએ પૂર્ણ દીવસે બાળકનો જન્મ આપ્યો અને તપોવનના વલ્કલોથી વીંટાયેલ તે બાળકનું નામ **વલ્કચિરિ** પાડવામાં આવ્યું.

વલ્કલચિરિના જન્મ બાદ ધારિણી થોડાજ દીવસમાં મૃત્યુ પામી. સોમચંદ્ર રાજર્ષિ રાજ્ય છોડી નિરીહતામાં રાચવા તપોવનમાં પધાર્યા હતા પરંતુ અહિં પણ તેમને ન છોડી શકાય તેવી પુત્રની લાલના કરવાની ફરજ આવી પડી. રાજર્ષિએ આ બાળકને તપોવનના મૃગલાની પેઠે નિર્દોષ ફળાહાર અને વલ્કલોથી આચ્છાદિત કરી ઉછેર્યો. વલ્કલચિરિ આમ સોળ વર્ષનો થયો.

વનના વનરાજ જેવું વલ્કલચિરિનું શરીર કદાવર થયું. વનના ફળો તે લાવતો ખાતો અને પિતાને ખવરાવતો. વલ્કલચિરિની સમક્ષ મૃગલાંઓ, વૃક્ષો, પક્ષિઓ અને માનવમાં માત્ર પિતા હતા. વલ્કલચિરિ બોલતાં શિખ્યો. પણ તેના શબ્દકોષમાં તાત, ફળ અને મૃગથી વધુ શબ્દ ન હતા.

( ૩ )

'વાત તો વાયરે જાય' તેમ પ્રસન્નચંદ્રના કાને વાત આવી કે પોતાનો સહોદર વલ્કલચિરિ વનમાં વનરાજ પેઠે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉછરે છે. તેણે ચિત્રકારને વનમાં મોકલી તેનું ચિત્ર મંગાવ્યું તો જાણે આબેહુબ સોળ વર્ષનો સોમચંદ્ર રાજર્ષિ. પ્રતિકૃતિ જોતાં પ્રસન્નચંદ્રની આંખમાં આંસુ આવ્યાં, તે બોલ્યા 'રાજ્યના અડધો અડધ ભાગીદાર વલ્કલચિરિને જટાજુટ કેશ અને વસ્ત્રની છાલને ધારણ કરી જંગલના પશુપંખીઓની માફક વનફળ અને ફુલો ખાઇ નિર્વાહ કરવાનું ? પિતા તો વાનપ્રસ્થ છે તેમને તાપસવ્રત ભલે યોગ્ય હોય પણ મારો સહોદર બાલ્યકાળે બળાત્કારે તાપસજીવન ગુજારે ?

ચિત્રકારો ! હું જાઉં છું તપોવનમાં તમે મને મારો બાંધવ બતાવો ! પણ પિતા તે મને આપશે ખરા ! ભાઇને લાવતાં પિતાના તપની વનરાજીમાં ક્રોધ અંગાર પ્રગટાવનારો તો હું નહિ બનું ને ? બાંધવ ! બાંધવ ! બોલતા પ્રસનચંદ્રને અંધારાં આવ્યાં અને તેણે સિંહાસનની ડાબી બાજુએ મસ્તકને ઢાળી દીધું.

રાજ્યસભા ગમગીન થઇ. થોડીવારે પ્રસન્નચંદ્ર સ્વસ્થ થયા અને સામે ઉભેલ વારાંગનાને જોઇ કહ્યું 'વારાંગનાઓ ! મારા બાંધવને કોઇ રીતે બોલાવી મારી પાસે લાવો પણ એ પુરૂં ધ્યાન રાખશો કે પિતાને ઉદ્વેગનું કારણ તમે ન બનશો.'

( ૪ )

વલ્કલચિરિ તપોવનમાં એક ઝાડથી બીજે ઝાડ કુદતો ફળો વીણતો હતો ત્યાં તેણે ચાર વેશ્યાઓને આવતી દેખી. તે હેઠો ઉતર્યો અને બોલ્યો 'તાત ! તમને નમસ્કાર. તમો કયાં જાઓ છો ? અને તમારો આશ્રમ કયાં આવ્યો ?'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વેશ્યાઓ બોલી ' અમો પોતન આશ્રમનાં ઋષિઓ છીએ અને અમે તમારા મેમાન થવા આવ્યાં છીએ. ઋષિકુમાર! તમે શું આતિથ્ય કરશો ?'

વલ્કલચિરિએ તાજાં ઉતારેલાં ફળ તેમની આગળ ધર્યાં અને કહ્યું 'આરોગો આ મધુર ફળો.'

વેશ્યાઓએ પોતાની ઝોળીમાંથી લાડુ, દ્રાક્ષ, સાકર વિગેરે કાઢયાં અને કહ્યું 'અમારા આશ્રમના ફળ જેવાં મધુર ફળો બીજે કયાંય નથી.' તેમણે તે ફળો વલ્કલચિરિને ખાવા આપ્યાં અને પોતે ખાવા માંડયાં.

વલ્કલચિરિને આ ફળો ખુબ સ્વાદિષ્ટ લાગ્યાં. તેનું મન વૃક્ષોના તાજાં કોઠ વિગેરે ફળોના તુરા ખાટા રસથી ઉદ્વિગ્ન થયું અને તે બોલ્યો 'બહુ સુંદર ફળો!'

વેશ્યાઓ આગળ વધી તેમણે વલ્કલચિરિનો હાથ પોતાના સ્તન ઉપર મુકયો. બાળો ભોળો વલ્કલચિરિ બોલ્યો 'ઋષિઓ ! આ તમારૂં શરીર આટલું બધું સુકોમળ કેમ છે ? અને આ ઉપસેલી વેદિકાઓ શું ?'

" ઋષિકુમાર ! આ બધો પ્રતાપ અમારા આશ્રમના ફળોનો છે. "

' તો ઋષિઓ ! અહિં બેસો હું હમણાંજ તમારી સાથે આવુંછું ' કહી વલ્કલચિરિ ઝુંપડીએ આવ્યો તેણે પોતાના ઉપકરણો ગોપવ્યાં અને તુર્ત વેશ્યાઓને જે સ્થાને બેસાડી હતી ત્યાં તે આવવા નીકળ્યો પણ તેજ વખતે સોમચંદ્ર ઋષિને દુરથી આવતા વેશ્યાઓએ ચરો દ્વારા જાણ્યા તેથી તેઓ શ્રાપના ભયથી એકદમ નાસી ગઇ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૫ )

વલ્કલચિરિની જીભ પોતનઆશ્રમના ફળ માટે તલસતી હતી. તેવામાં એક રથવાળો નીકળ્યો. વલ્કલચિરિએ 'તાત !' કહી પ્રણામ કરી પોતનઆશ્રમનો માર્ગ પુછયો. 'રથિકે મુનિને કહ્યું હું ત્યાંજ જાઉં છું.'

રથ આગળ અને વલ્કલચિરિ પાછળ. થોડો માર્ગ તો તે મુંગો ચાલ્યો પણ બળદોને આર ઘોંચતા રથિકને કહેવા લાગ્યો 'તાત ! આ મૃગોને તમે મારો છો તે મુનિ માટે યોગ્ય નથી.' રથિક હસ્યો ત્યાં ફરી વલ્કલચિરિ રથિકની સ્ત્રીને કહેવા લાગ્યો 'તાત ! મૃગલાઓને રથમાં જોડવા તે શું સારૂં છે ?' માર્ગમાં વલ્કલચિરિ આમ 'તાત ! તાત !' કરતો રથિકની સ્ત્રી સાથે વાતો કરતો આગળ ચાલ્યો. સ્ત્રી સમજી કે 'શું વનનો મહિમા છે? સોળ વર્ષનો યુવાન સ્ત્રી કોણ અને પુરૂષ કોણ તે પણ જાણતો નથી?'

રથિકે ભાતામાંથી લાડુ કાઢી વલ્કલચિરિને ખાવા આપ્યો. વલ્કલચિરિ મોંઢામાં મુકતાંજ બોલ્યો. 'હાં ! આજ પોતન-આશ્રમનાં ફળો. શું સુંદર તેનો સ્વાદ છે ! આ માટે તો હું પોતનઆશ્રમના ઋષિઓ પાસે જાઉં છું.'

માર્ગમાં ચોર મળ્યા પરાક્રમી રથિકે તેને હરાવ્યા અને તેમની પાસેથી ધન લઇ લીધું.

બરાબર સંધ્યા વખતે પોતનપુર આવ્યું એટલે રથિક બોલ્યો 'ઋષિકુમાર ! આ પોતનઆશ્રમમાં ધન વગર આશ્રમ કે ફળ મળતાં નથી આ માટે તેણે તેને થોડું ધન આપ્યું.'

રથિક આગળના માર્ગે ચાલ્યો અને વલ્કલચિરિ પોતનપુરમાં પેઠો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૬ )

સ્ત્રી અને પુરૂષ જે કોઇ માર્ગે મળે તે બધાને 'તાત વંદે તાત વંદે' કરતો વલ્કલચિરિ બજારમાં આવ્યો. લોકોનાં ટોળે ટોળાં જોવા એકઠાં થયાં. વલ્કલચિરિ બધાને 'તાત વંદે તાત વંદે' કરતો ગભરાયેલો આગળ વધ્યો ત્યાં એક વેશ્યા આવી અને તે તેને પોતાને ઘેર લઇ ગઇ. તેણે વલ્કલચિરિના શરીરનું મર્દન કરાવ્યું વાળ ઉતરાવ્યા. નખ કપાવ્યા અને તાપસવેષ ઉતરાવ્યો. વલ્કલચિરિ બુમો પાડવા લાગ્યો 'તાત! આ શું કરો છો? જન્મથી ધારણ કરેલો આ વેષ કેમ ઉતારો છો?' વેશ્યા બોલી 'ઋષિકુમાર પોતનઆશ્રમનો આ આચાર છે.' મદારી વાંસળીએ સાપને જેમ નચાવે તેમ વેશ્યાએ પોતનઆશ્રમના નામે તેને નવરાવ્યો અને ઘરેણાં પહેરાવી વેદિકા ઉપર બેસાડી પોતાની દીકરી સાથે પરણાવ્યો. વલ્કલચિરિ બોલ્યો. 'ઋષિઓ! આ બધું તમે શું કરો છો અને સ્વાહા સ્વાહા શું બોલો છો.'

વેશ્યા બોલી 'ઋષિકુમાર! પોતનઆશ્રમની આ દીક્ષા છે.'

લગ્નવિધિ પતતાં તુર્ત વાજિંત્રનો અવાજ થયો. વલ્કલચિરિ ચમક્યો તેણે કાનમાં આંગળી ઘાલી અને 'ઓ તાત! આ શું કરો છો? કરતો ઉભો થયો.'

( ૭ )

પોતનપુરનો રાજવી પ્રસન્નચંદ્ર રાજ્યમહેલમાં શય્યામાં આમથી તેમ આળોટતો હતો તે બોલતો હતો કે 'મેં બાંધવ વલ્કલચિરિને લેવા વેશ્યાઓને મોકલી પણ તે પિતાના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોપના ભયે પાછી આવી. કહે છે કે શું બાળો ભોળો મારો ભાઇ છે. હા ! આવા ભાઇ જેવા ભાઇને હું આમ વનમાં રખડવા દઇ રાજ્ય ભોગવીશ. કેવો હું નિષ્ઠુર!' ત્યાં રાજાને કાને વાજિંત્રનો અવાજ પડયો. તેણે સેવકને બુમ મારી કહ્યું 'હું પાણી વિના માછલી તરફડે તેમ તરફડું છું ત્યારે આ કયો પ્રજાજન ઉત્સવમાં મ્હાલે છે. સેવક ! જા અને તેને બોલાવી લાવ.'

થોડીજ વારે એક વૃદ્ધ વેશ્યા સાથે રાજસેવક હાજર થયો. વેશ્યા સાષ્ટાંગ નમતાં બોલી 'મહારાજા ! નિમિત્તકના કહેવાથી એક યુવાન બાળાભોળા, સૌને તાત ! તાત ! કહી સંબોધતા ઋષિકુમારને મેં પુત્રી પરણાવી છે તેથી વાજિંત્ર વાગે છે. મને આપના શોકની ખબર નહતી. દેવ ! ક્ષમા કરો મારા અપરાધને.'

પ્રસન્નચંદ્રે તુર્ત પેલી ચાર વેશ્યાઓને ઋષિકુમાર જોવા મોકલી. તે નાચતી કુદતી આવી અને બોલી 'મહા-રાજા ! તે મુનિ આપનો બાંધવ વલ્કલચિરિ છે. અમારા મોદક વગેરેને ફળ માનતો તેના સ્વાદથી ખેંચાઈ અહિં આવ્યો છે.

પ્રસન્નચંદ્ર સ્વયં વેશ્યાને ઘેર આવ્યો અને ભાઇને ભેટી રાજ્યગૃહે લાવ્યો.

વનનો ઋષિકુમાર વલ્કલચિરિ થોડાજ દીવસમાં પોતન-પુરનો યુવરાજ બન્યો અને અનેક રાજ્યકુમારીઓનો ભર્તા થયો.

(૯)

સોમચંદ્ર રાજર્ષિ દિક્પ્રોષિત ક્રિયા કરી સાંજે ઝુંપ-ડીએ આવ્યો. તેણે વલ્કલચિરિ વલ્કલચિરિ કરી બુમો પાડી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વૃદ્ધ તપસ્વી મૃગલાઓનાં મોંઢાં ઉંચા કરી પુછવા લાગ્યો 'બચ્ચાંઓ તમે તમારા સહચર વલ્કલચિરિને જોયો.' ઝાડેઝાડે ફરતો સોમચંદ્ર બૂમો પાડવા લાગ્યો 'ઓ બેટા વલ્કલચિરિ વલ્કલચિરિ.' વૃદ્ધ તપસ્વીની ધીરજ ખુટી. તેની આખમાં આંસુની ધારા ચાલી. 'પુત્ર પુત્ર' કરતો ઋષિ જમીન ઉપર પટકાયો. બે ચાર દીવસ વીત્યા બાદ સોમચંદ્રને કાને વલ્કલચિરિ પોતનપુર પહોંચી ગયાના સમાચાર મળ્યા. સોમચંદ્રે હાશ કહી નીરાંત વાળી પણ તે પહેલાં તો તેણે રોઇ રોઇ આંખો ગુમાવી દીધી હતી.

અંધ બનેલ સોમચંદ્ર રાજર્ષિ બીજા તપસ્વીઓને આસરે પડયો. અને તે તેમની નિશ્રામાં તાપસ જીવન ગુજારવા લાગ્યો.

( ૯ )

વલ્કલચિરિને તપોવન છોડે બાર વર્ષ વીત્યાં હતાં. તેનો દેહ હવે સુકોમળ હતો. વનના વલ્કલને બદલે તેનું શરીર હવે રેશમી દુકુલો અને આભૂષણોથી સુશોભિત હતું. તાત, મૃગ અને ફળ ભૂલી લલના અને વૈભવમાં તે મગ્ન થયો હતો.

એક મધ્યરાત્રિએ વલ્કલચિરિને ઉંઘ વેરણ થઇ. બાર વર્ષ પહેલાંનો કાળ તેની નજર આગળ આવ્યો. 'હું મહા મંદભાગી કે જન્મતાંજ માતા મૃત્યુ પામી. તપસ્વી બનેલ મુનિ પિતાએ મને ઉછેર્યો. હું કૃતઘ્ની નીવડયો. પિતાને પૂછયા વિના વૈભવમાં રાચવા અહિં આવ્યો. સગા હાથે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેણે મને ઉછેર્યો તે પિતાના વાત્સલ્યનો મેં મુદ્દલ વિચાર ન કર્યો. એ વૃદ્ધ પિતા શું કરતા હશે. તેની વૈયાવચ્ચ કોણ કરતું હશે?' આ વિચારમાંજ રાત પસાર થઇ.

પ્રાતઃકાળે વલ્કલચિરિ પ્રસન્નચંદ્ર પાસે આવ્યો અને બોલ્યો 'બાંધવ! મને અહિં બાર વર્ષનાં વ્હાણાં વાયાં. માતાથી અધિક વાત્સલ્યે ઉછેરનાર પિતાને હું સાવ ભૂલ્યો છું મારે આજે તેમનાં દર્શન કરવાં છે.'

"વલ્કલચિરિ! મારા અને તારા પિતા થોડાજ જુદા છે. આવો આપણે બન્ને તપોવનમાં જઈએ, પિતા મુનિના દર્શન કરી કૃતકૃત્ય થઈએ."

વલ્કલચિરિ અને પ્રસન્નચંદ્ર બન્નેએ રથમાં બેસી પિતાને મળવા તપોવન તરફ પ્રયાણ કર્યું.

( ૧૦ )

'બાંધવ! આ તપોવનનાં ઝાડ મારાં બાંધવ હતાં. આ દોડતા મૃગલાઓ મારા સહચર હતા. આ વૃક્ષની ડાળીયે ડાળીયે કુદતો કુદરતને ખોળે આનંદ કરતો હું ખરેખર સુખી હતો.' તપોવનને જોતાં વલ્કલચિરિ બોલ્યો.

રથમાંથી ઉતરી પ્રસન્નચંદ્ર અને વલ્કલચિરિ પિતાની ઝુંપડી તરફ વળ્યા.

પ્રસન્નચંદ્ર પિતા સોમચંદ્ર તપસ્વીને પગે પડતો બોલ્યો 'પિતા! હું પ્રસન્નચંદ્ર આપને નમું છું.'

'કલ્યાણ થાઓ' બોલી પિતાએ પ્રસન્નચંદ્રના માથે હાથ મુકયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'પિતાજી હું વલ્કલચિરિ આપને સાષ્ટાંગ પ્રણામ કરૂં છું' આ બોલતાં વલ્કલચિરિનું ગળું ભરાઈ આવ્યું આંખમાં આંસુ આવ્યાં. અને વૃદ્ધ તપસ્વી સોમચંદ્ર વલ્કલચિરિ નામ સાંભળતાં 'બેટા વલ્કલ' કહેતાં ચોધાર આંસુ વરસાવતો ભેટી પડયો. પણ આ ચોધારા આંસુએ સોમચંદ્ર તાપસના અંધત્વનાં પડળ દુર કર્યાં.

સોમચંદ્ર ધરાય ત્યાં સુધી પુત્રને ભેટયો અને વલ્કલચિરિ પણ પિતા સંતોષાય ત્યાં સુધી પોતાની પૂર્વભૂલને સંભાળતો રડતો રડતો તેમના પગે પડયો.

વલ્કલચિરિને પોતાના છૂપાવેલાં તાપસ ઉપકરણો યાદ આવ્યાં. તે તેણે તપાસ્યાં. તેની ઉપર પડેલ રજ તેણે દુર કરવા માંડી પણ તે સાથે તેને ઉહાપોહ જાગતાં જાતિસ્મરણ જ્ઞાન થયું અને પૂર્વભવનું સંયમ યાદ આવ્યું. તાપસ ઉપકરણોની રજને પ્રમાર્જતાં પ્રમાર્જતાં વલ્કલચિરિએ ઉંડા આધ્યાત્મમાં ઉતરી કર્મરજને પ્રમાર્જી–દુર કરી તેજ તપોવનમાં કૈવલ્ય મેળવ્યું.

કેવળી વલ્કલચિરિએ પિતા સોમચંદ્રને સાચો રાહ સમજાવી શ્રમણ બનાવ્યા અને પ્રસન્નચંદ્રને અણુવ્રતધારી બનાવ્યો.

તાત વંદે તાત વંદે કહેનાર ભોળોભોળો તાપસ મુનિ જે તપોવનમાં ઉછર્યો હતો તેજ તપોવનમાં તાતના ફરી દર્શને મુક્તિમાર્ગ પામ્યો.

[ પરિશિષ્ટ પર્વ ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ઘડીકમાં નરક અને ઘડીકમાં મુક્તિ.
## યાને
## પ્રસન્નચંદ્ર રાજર્ષિ

(૧)

રાજગૃહી નગરની બહાર ગુણશિલ ચૈત્યમાં શ્રમણ ભગવાન મહાવીર સમવસર્યા.

આખી રાજગૃહી ભગવાનના દર્શન માટે ઉલટી. શ્રેણિક રાજા પણ ત્યાં આવ્યો. દેશના બાદ તેણે ભગવાનને પુછ્યું 'ભગવંત ! હું આપને વંદના કરવા આવતો હતો ત્યારે માર્ગમાં મેં પ્રસન્નચંદ્ર રાજર્ષિને સૂર્યસામું દૃષ્ટિ રાખી એક ધ્યાનથી કાઉસ્સગ્ગ કરતા નિહાળ્યા. આવી ઉચ્ચ દશામાં તે મહાત્મા કાળધર્મ પામે તો મરી કયાં જાય ? ભગવંતે કહ્યું.

'સાતમી નરકે'

'ભગવંત ! શું કહો છો ?' બોલતો શ્રેણિક આશ્ચર્ય પામ્યો. તેણે ફરી પુછ્યું 'ભગવંત ! અત્યારે કાળધર્મ પામે તો કઇ ગતિમાં જાય ?'

'છઠ્ઠી નારકે ?'

શ્રેણિક ફરી ફરી પુછતો ગયો અને ભગવંત પાંચમી, ચોથી ત્રીજી બીજી પહેલી નારકી પછી. પહેલો બીજો દેવલોક કહી અનુતર વિમાને જાય તેમ બોલ્યા.

ત્યાં આકાશમાં દેવદુંદુભિ ગર્જી. શ્રેણિક બોલ્યો 'ભગવંત ! આ શું ગર્જ્યું'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'શ્રેણિક! પ્રસન્નચંદ્ર મુનિને કૈવલ્ય પ્રગટયું તે નિમિત્તે દેવો દેવદુંદુભિ વગાડે છે.

શ્રેણિકની ધીરજ ખુટી અને તે બોલ્યો 'ભગવંત! ઘડીકમાં સાતમી નારક અને ઘડીકમાં મુક્તિ, આમ નારકી અને મુક્તિ વચ્ચે આંતરૂં માત્ર ઘડીકનું.' 'હા. શ્રેણિક! મન એજ નરક અને મુક્તિનું કારણ છે કિલષ્ટ ધ્યાન જીવને ઘડીકમાં સાતમી નારકે ધકેલે છે અને તેજ મન શુભ ધ્યાને ચડે તો કૈવલ્ય અપાવે છે. આની પ્રતીતિ પ્રસન્નચંદ્ર રાજર્ષિના જીવનમાં છે. શ્રેણિક! પ્રસન્નચંદ્રનું જીવન સાંભળ.

(૨)

"પોતનપુરના રાજા પ્રસન્નચંદ્ર પોતાના બાંધવ વલ્કલચિરિના કેવળજ્ઞાન પછી રાજ્યભોગવતા પણ નિરીહભાવે. એક વખત તેમની નજર આકાશમાં પડી. આકાશમાં રંગ બેરંગી વાદળીયો હતી. રાજા આકાશસામું જોઇ રહ્યા ત્યાં તો થોડીજ ક્ષણે તે વાદળીયો વિખરાઇ ગઇ.

પ્રસન્નચંદ્રે આકાશની વાદળી જેવા સંસારના સંયોગો માન્યા. તેમને રાજ્યઋદ્ધિ અને દુનીયાનાં સુખ વાદળીથી અધિક ચિરંજીવ ન લાગ્યાં. તેમણે મંત્રીઓને બોલાવ્યા અને પોતાના નાના બાળકુંવરને ગાદી ઉપર બેસાડી દીક્ષા લીધી.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ ગ્રામાનુગ્રામ વિચારતા રાજગૃહીના ઉદ્યાનમાં કાયોત્સર્ગ રહ્યા હતા. તેમની બે આંખો સ્થિરપણે સૂર્ય સામે મંડાણી હતી. પરસેવાની રેલમછેલ શરીર ઉપર જામી હતી. છતાં મુનિ સ્થિર હતા.

શ્રેણિક! તું પરિવાર સાથે વંદન કરવા નીકળ્યો. તારા પરિવારના મોખરે સુમુખ અને દુર્મુખ નામના તારા

બે સેવકો હતા. તેમાંથી સુમુખ બોલ્યો. 'ધન્ય છે આ રાજર્ષિને કે જેણે ભર્યું ભાદર્યું રાજ્ય છોડયું. વૈભવ છોડયો અને ઇચ્છાપૂર્વક કેવો ઉગ્ર તપ આરંભ્યો છે.'

ત્યાં તારો દુર્મુખ સેવક બોલ્યો 'છોડ એ ચંડાળનું નામ. દૂધ પીતા નાના છોકરાને રાજ્ય સોંપી જુઓને ભલુ કરવા નીકળી પડયો છે. તેણે કુંવરને રાજ્ય સોંપી દીક્ષા લીધી. પણ હમણાંજ પોતનપુર ઉપર સૈન્ય ચડી આવ્યું છે. પોતનપુરનો શત્રુ સૈન્યે કબજો લીધો છે પ્રજા રોકકળ કરે છે અને કુંવરબાળક હણાયો હશે કે હમણાં હણાશે.'

શ્રેણિક ! તારા બે સેવકો તો આગળ ગયા પણ પ્રસન્નચંદ્રનું ધ્યાન દુર્મુખના શબ્દથી ભાગ્યું. તે પોતનપુરના વિચારમાં ચડયો. તેને મંત્રીઓ ઉપર અને શત્રુઓ ઉપર દ્વેષ જાગ્યો. મનમાં ને મનમાં તેણે શત્રુઓને શસ્ત્રોથી મારવા માંડયા. અને મનથીજ કેઇની કતલ કરી નાંખી. રાજર્ષિ ક્ષણ પહેલાં જે ઉત્કટ ધ્યાનમાં હતા તે ધ્યાન ભૂલ્યા અને સાચેજ યુદ્ધ કરતા હોય તેવી વિચારમાળામાં દોડયા.

રાજન્ શ્રેણિક ! આજ વખતે તું ત્યાં આવ્યો તેં હાથી ઉપરથી હેઠા ઉતરી તેમને ત્રણ પ્રદક્ષિણા દઇ ભાવથી વાંદ્યા. પણ મુનિનું ધ્યાન તો શત્રુના હણવામાં ચકચૂર હતું. તું આગળ વધ્યો પ્રસન્નચંદ્ર મુનિ ધ્યાનમાં શત્રુઓને એક પછી એક શસ્ત્રો લઇ હણતા હતા ત્યાં શસ્ત્રો ખુટયા એટલે તેમણે માથાનો ટોપ લઇ મારવા દોડવાના વિચારે માથા ઉપર હાથ મુકયો તો મુંડન કરેલ મસ્તક દેખાયું. ક્રોધની ધમધમતી વિચારધારા તુર્ત પલટાણી અને પ્રસન્નચંદ્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિચારવા લાગ્યા 'અરે આ મેં શું કર્યું ? હું ધોમ તપતા તડકામાં વીતરાગતાનું ધ્યાન કરવા બેઠો છું કે યુદ્ધ કરવા? પુત્ર કોના અને રાજ્ય કોનું ? આ દુર્ધ્યાન મને શોભે ? મેં મહા અનર્થ કર્યો. શત્રુમિત્રને સમગણનાર સંયમ લઇ મેં શત્રુ માન્યા. તેમની હિંસા માટે શસ્ત્રો ઉગામ્યાં. તેમને હણાતા માની આનંદથી હું નાચ્યો. હા! હા! મેં સંયમ વિરાધ્યું. હું કયાં જઇશ ? મારો કઇ રીતે નિસ્તાર થશે ? ખરેખર હું ભૂલ્યો. મારે કોઇ શત્રુ નથી તે મેં ન જાણ્યું, મારે પુત્ર અને સ્ત્રી શાનાં ? મારે તો બધા જીવો મિત્રો છે મારે મન તો કંચન માટી સરખાં છે મારો દેહ પણ મારો નથી તો પછી બીજા તો મારા કયાંથી જ ગણાય.' આ વિચારધારા આગળ વધી અને હે શ્રેણિક ! પ્રસન્નચંદ્ર એક પછી એક નારક વટાવી દેવલોકોને પણ ઓળંગી અનુત્તર વિમાનયોગ્ય શુદ્ધિથી પણ વધુ શુદ્ધિ મેળવી કૈવલ્ય પામ્યા.

શ્રેણિક! મુક્તિ અને નરક માનવની મનશુદ્ધિ ઉપર આધાર રાખે છે. માનવ મનથી ઘડીકમાં નરક પણ મેળવી શકે છેઅને ઘડીકમાં મુક્તિ પણ મેળવી શકે છે. મનને કાંઇ અસાધ્ય નથી.

मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः
क्षणेन सप्तमीं याति जीवस्तंदुलमत्स्यवत् ॥ १ ॥

મનુષ્યોને મન એજ બંધ તથા મોક્ષનું કારણ છે.

જીવ ક્ષણમાં તંદુલમત્સ્યની પેઠે મનથીજ સાતમી નારકીએ જાય છે.

(પરિશિષ્ટ પર્વ)

૫૭

# દુઃખદાયી લક્ષ્મી
## યાને
# વિશ્વભૂતિ બ્રાહ્મણ

(૧)

સવારનું પહોર હતું. સૂર્યનારાયણે આછી સોનેરી ચાદર પૃથ્વી ઉપર પાથરી હતી. આ વખતે એક બ્રાહ્મણ ઉજ્જયિનીના બજારમાંથી પસાર થયો. તેના પગ ઉઘાડા હતા. તેનું ધોતીયું મેલું અને જ્યાં ત્યાં ગાંઠો વાળેલું હતું. કેડીયામાં ઠેર ઠેર ચીરા પડેલા હતા. અને માથાનું ફાળીયું તો ચીથરાં ભેગાં કરીને તૈયાર થયું હોય તેવું જણાતું હતું. વિશ્વભૂતિ ચૌટાના મધ્ય ભાગમાં આવ્યો ત્યારે એક દુકાનના બે ગુમાસ્તા દુકાનનું તાળું ઉઘાડતા હતા તેમની નજર તેના ઉપર પડી. તેમાંથી એક બોલ્યો 'એ આ સામે બ્રાહ્મણ આવે છે તેની પાસે કેટલા પૈસા હશે ?'

બીજાએ કહ્યું 'એના દેદારજ કહે છે કે ભીખ માગીને પુરૂં કરતો હશે! ભલા માણસ ગરીબ માણસની મશ્કરી ન કરીએ.'

'અરે તને ખબરજ નથી આ તો આપણા નગરનો મોટામાં મોટો ધનાઢય વિશ્વભૂતિ બ્રાહ્મણ છે. તેની પાસે લાખો રૂપીયા છે. પણ સવારે તેનું મોઢું જોવામાં આવે તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખાવા ન મળે તેવો કંજુસ છે. તેને ચાર છોકરા છે. પણ એકેક છોકરો કેટલા કોળીયા ખાય તેની રોજ ગણતરી ગણે અને ભૂલે ચૂકે કોઈ એકાદ વધારે કોળીયો ખાય તો મહિનાનો વરસનો હિસાબ ગણી નુકશાન તારવે છે. એના ઘેર ઘી તો ભાગ્યેજ કોઈ વાર તહેવારે આવતું હશે. કપડાં ધોવાની વાત તો એને ઘેર થાયજ નહિ. એ તો માને છે કે કપડું ધોઇએ તો ફાટી જાય. કંજુસ તો કેવો કે જો ભૂલે ચૂકે કોડીનો પણ વ્યય થયો તો છોકરાં છૈયાંની ધૂળ કાઢી નાંખે. કોઇનો ભરોંસો તો તેને છેજ નહિ. ચાર છોકરા મોટા થયા છે તે બધો ધંધો સંભાળે તેવા છે પણ કોઇને કશો અધિકાર ન મળે. ઉજ્જયિનીનો આ મોટામાં મોટો ધનાઢય છે પણ ભાગ્યેજ તેને ત્યાં કોઇ ટીપ ટપોરૂં લઇ જાય. અરે ટીપ ટપોરૂં તો દુર રહ્યું પણ ગામના ભિખારીઓય જાણે છે કે જો તેને ત્યાં માગવા ગયા તો ખાવાનું તો નહિ મળે પણ ઉલટી બે પાંચ ગાળો કે એકાદ છૂટી લાકડી પડશે. શું તું આને ઓળખતોજ નથી ? ગામમાં આતો બહુ જાણીતો છે ? ઉજ્જયિનીમાં જોવા જેવી ચીજોમાં વિશ્વભૂતિ પણ જોવા જેવા આશ્ચર્યમાં ગણાય છે.'

"ભલા માણસ ! સવારના પહોરમાં આની વાત તે કયાં કરી ? આજે દુકાને વકરો થશે કે નહિ ? શું આ એટલુંય નહિ સમજતો હોય કે હું ઘરડો થયો છું કેટલા દીવસ જીવીશ અને પછી આ ધન પાછળના ઉડાવશે તો મારે કેમ ન વાપરવું ?"

બીજાએ કહ્યું 'ધન ભાગ્યથી મળે છે. અને તેના



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરતાં પણ સવાયું ભાગ્ય હોય તોજ વપરાય છે. જવાદો આવા માણસનું નામ. ચાલો આપણે આપણા કામમાં લાગીએ'.

બન્ને ગુમાસ્તાઓએ દુકાન ઉઘાડી અને ઘીનો દીવો પ્રગટાવતા જાણે નિંદાનો પશ્ચાતાપ કરતા હોય તેમ આંખ બંધ કરી ઇષ્ટ સ્મરણ કરવા લાગ્યા.

( ૨ )

વિશ્વભૂતિ વિપ્ર ધીમો ધીમો ચાલતો બજારના એક છેડે આવ્યો ત્યાં એક મોટી હવેલી આવી. તેમાં તે પેસવા જતો હતો ત્યાં તેને દ્વારપાળે રોકયો અને પુછયું 'ડોસા! પુછયા વિના કયાં જાય છે અને તમારે કોનું કામ છે?'

વિશ્વભૂતિએ કહ્યું 'અલ્યા કેમ રોકે છે? મારે દેવભદ્ર પાસે જવું છે હું અમસ્તો નથી આવ્યો, પૈસા લેવા આવ્યો છું?'

'ડોસા! ઉભા રહો શેઠને પુછી આવું પછી જજો' એમ કહી દ્વારપાળ શેઠ પાસે ગયો અને બોલ્યો.

"શેઠ સાહેબ! કોઇક ગરીબ બ્રાહ્મણ આવ્યો છે તે કહે છે કે મારે શેઠને મળવું છે? અને પૈસા લેવા છે?"

'દ્વારપાળ! માગનારા લેણદારજ છે ને? આપણે ન આપીએ તો બીજો કોણ આપે? તું તેને ભિક્ષુકોને આપવાના છૂટા પૈસામાંથી આપ અને તે લઇ જાય તો ભલે નહિતર સુખેથી આવવા દે.'

થોડીવારે દ્વારપાળ આવ્યો અને બોલ્યો 'એ ડોસા? લે ચાર પૈસા અને બીજે જા.'

"એ શું બોલ્યો. તું મને ભિખારી સમજે છે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અલ્યા હું તો વિશ્વભૂતિ બ્રાહ્મણ ! લખ્ખોપતિ છું. તારા શેઠ પાસે મારૂં લ્હેણું લેવા આવ્યો છું. આઘો ખસ. જવા દે બોલતો વિશ્વભૂતિ લાકડી પછાડતો દરવાજામાં પેઠયો અને વિચારવા લાગ્યો ' શું આણે ધતીંગ જમાવ્યું છે જુઓને દ્વારપાળ રાખ્યા છે અને આ કાનો ફોડવા નોબતો વગડાવવા માંડી છે. કાંઇ ખર્ચાનો હિસાબ છે. સારૂં થયું કે હું લહેણું લેવા આવ્યો નહિતર આતો પારકા પૈસે દીવાળી કરી મને તો ભીખજ મગવત. મને તો લાગે છે કે આમ પૈસા ઉડાવી થોડાજ દીવસમાં ભીખારી થશે. જુઓને ભીંતો ઉપર મોટાં ચાટલાં રાખ્યાં છે અને જંગલનાં ઢોરોનાં ભીંતો ઉપર ચિતરો ચિતર્યાં છે. જાણે રાજદરબારનો ઠાઠ જમાવ્યો છે. અરે રાજાને તો હરામનું લોકો પાસેથી આવે ! એટલે તેને પાલવે આપણે શાહુકારને તો આવો ખર્ચો કરે ન પાલવે. સારૂં થયું કે આજે રાતે મને દેવાદારમાં એનું નામ યાદ આવ્યું. નહિતર આપણા પૈસા તો જાતજ. વ્યાજ અને મુડી બધું લઈ લઉં વગર સમજે ઉડાડનારને વળી ધીરાય ખરૂં ? '

આમ વિચારમાં ને વિચારમાં તે દેવભદ્ર શેઠની બેઠક આગળ આવ્યો ત્યાં દેવભદ્રે ઉભા થઇ ' પધારો દ્વિજવર ! આગળ બેસો કહી ગાદીએ બેસાડયા અને પુછયું ' આપ કુશળ તો છો ને ? આપને શું કામ પધારવું થયું ?'

શ્વાસ લેતાં લેતાં વિશ્વભૂતિ બોલ્યો ' દેવભદ્ર ! મેં તમોને પાંચ હજાર રૂપીયા આપ્યા છે તેની ખપ પડી એટલે લેવા આવ્યો છું માટે જે વ્યાજ હોય તે વ્યાજ અને મુદ્દલ રૂપીયા આપો.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવભદ્રે મોટા મુનીમને બોલાવી કહ્યું ' મુનીમજી ! આ વડીલ દ્વિજવરનું ખાતું જોઈ પુરો હિસાબ કરી વ્યાજ સાથે પૈસા આપી દો. ધ્યાન રાખજો કે તેઓ બ્રાહ્મણ છે પૈસો પણ ખોટો તેમનો આપણા ઘરમાં ભૂલેચૂકે ન રહે. તે આપવા યોગ્ય છે લેવા યોગ્ય નથી. '

થોડીજ મીનીટમાં મુનીમે હિસાબનો કાગળ શેઠને વંચાવી વિશ્વભૂતિને રૂપીયા ગણી આપ્યા.

વિશ્વભૂતિ પૈસા લઇ ઉઠવા તૈયાર થયા ત્યાં દેવભદ્રે કહ્યું ' દ્વિજવર ! ઘણા દીવસે પધાર્યા છો તો જમીને જજો આપણે કાંઇ સુખદુઃખની વાતો પણ કરીએ. ' દેવભદ્રે ઘરના નોકરને બોલાવી કહ્યું 'જો ઘી, દાળ, શાક, વિગેરે બધી વસ્તુની સગવડ શેઠને કરી આપ તે જમીને જશે'.

વિશ્વભૂતિને ઘી, ગોળ, દૂધ, દહિ જોઇ પાણી છૂટયું અને તેણે પાકી રસોઇ બનાવી પારકું હતું માટે ખુબ ખુબ ધરાઇને ખાધું.

વિશ્વભૂતિને જમી કરી તૈયાર થતાં રાત પડી. એટલે દેવભદ્રે ' દ્વિજવર ! આપ થાકયા હશો થોડો વખત આરામ કરો. હું પણ પેઢીનું કામકાજ અને નિત્યનિયમ આટોપી સુવા માટે આવુંછું ' એમ કહી નોકરને ઉપલા માળે પોતાના શયનગૃહમાં પોતાની શય્યા પાસે ભવ્ય પલંગ બિછાવવાની સૂચના આપી.

( ૩ )

" શું આ વાણીયાની મૂર્ખાઈ છે. હજાર હજાર રૂપીયાના જુઓને બિલોરી કાચ વસાવ્યા છે. ભૂલે ચૂકે કોકનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પગ અથડાયો અને તે કુટયો તો કોડી થોડીજ ઉપજવાની છે. ચારે બાજુ ધૂપધાણામાં ધૂમાડો કાઢી શામાટે આ પૈસાનો ધૂમાડો કરતો હશે. આ રાખોડાગાંથી થોડું કાંઇ હાથ આવવાનું છે ? પલંગ ઉપર આણે ફુલોની જાળીયો ગુંથાવી છે પણ આ મૂર્ખને શું એ ખબર નથી કે સવારે તો આ ફુલો ફેંકી દેવાં પડશે ? વ્યાપારીએ તો પાઈ પાઇનું ધ્યાન રાખવું જોઇએ. આ તે શું વ્યાપારીનાં લક્ષણ છે." દેવભદ્ર શેઠના શયનગૃહની રચના જોઇ વિશ્વભૂતિ દેવભદ્રશેઠના પલંગના જોડેના પલંગમાં આળોટતો વલોપાત કરતો હતો.

બરાબર રાતના દસ થયા એટલે દેવભદ્રશેઠ શયનગૃહમાં દાખલ થયા તેમણે વિશ્વભૂતિને આમથી તેમ આળોટતા દેખી પુછયું "દ્વિજવર ! કેમ આપ હજુ જાગો છો ? કેમ આપને ઉંઘ નથી આવતી ?"

"ના. ચિન્તાથી હું કયારનો આળોટું છું."

"આપને અહિં શાની ચિન્તા કરવી પડી ?"

"બીજા કોઇની નહિ પણ આપનીજ ચિન્તા કરૂં છું."

'અમારી આપને શી ચિન્તા થઇ પડી.' કહી દેવભદ્રે આશ્ચર્ય વ્યકત કર્યું.

'જુઓને વ્યાપારી થઇ તમને કાંઇ ધનની પડી છે. આ ફુલના ઢગલા કાલ સવારે ફેંકી દેવા પડશે, તેની પાછળ તમે કેવો ગાંડો ખર્ચો કર્યો છે આ તમારા આવાસમાં જ્યાં હું નજર કરૂં છું ત્યાં બધે કેવળ પૈસાનું પાણી કરવામાં આવ્યું છે. વાણીઓ તો પચાસ વરસ ચાલે અને ખુટે તોય અડધું નાણું આવે એવું રાચરચીલું વસાવે ત્યારે તમારે

ત્યાં તો પગ અથડાય અને ભાગી જાય તેવું કાચનું રાચ-રચીલું છે અને ફુટયા પછી પાઇ પણ ન ઉપજે.' આ બોલતાં બોલતાં વિશ્વભૂતિ બેઠો થઇ ગયો અને દેવભદ્રશેઠની સામે હાથ કરી દુ:ખ બતાવવા લાગ્યો.

'દ્વિજવર ! આપ વડીલ છો ! વૃદ્ધ છો અને શાણા છો. આ પૈસા આપણી પોતાની મહેનતથી છે કે ધર્મના બળથી છે ? જો પોતાની મહેનતથી પૈસા થતા હોય તો કોને ધનવાન થવું નથી ! બધાય ધનવાન થઇ જાય. આપણે ગમે તેટલું કંજુસાઈથી ધન સાચવીએ તોય ટકતું નથી તે શું આપણે નજર આગળ નથી જોતા. ધન મળવું અને ટકવું તે ધર્મનો પ્રતાપ છે; લક્ષ્મીનો સારો ઉપયોગ એ તો ધર્મ માર્ગે ખર્ચવું તે છે. બીજું લક્ષ્મી ધર્મ હશે ત્યાં સુધી ટકશે તો તેનો ઉપયોગ ઉપભોગમાં પણ કેમ ન કરવો ? વડીલ ! લક્ષ્મી આપણી મહેનતથી ટકવાનીયે નથી અને વધવાની પણ નથી. એ બધો પ્રતાપ ધર્મનો છે માટે દાન પૂણ્યમાં ધન ખર્ચવું તેજ યોગ્ય છે ' શેઠે લક્ષ્મીની મિમાંસા સમજાવી.

વિશ્વભૂતિ બોલ્યો 'ભલામાણસ! બસો પાંચસો કે હજાર કોઇને આપી દઈએ તો કયાં ધર્મ આડો હાથ ધરે છે. પૈસા તો તિજોરીમાંથી ઘટેજ છેને ?

'દ્વિજવર ! બધાય ધર્મમાં કહ્યું છે કે લક્ષ્મી દાન-ભોગમાં વાપરવાથી ઘટે નહિ પણ વધે. શું તમે અને હું આ બધા ધર્મશાસ્ત્રકારોથી વધારે ડાહ્યા છીએ ? અને આપણે ખાધા પીધા કે વાપર્યા વિના પૈસા ગમે તેટલા એકઠા કરીએ છતાં કોઈ ફટકો આવે તો પૈસા શું નથી પડી જતા ?'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિશ્વભૂતિનું મન શાસ્ત્રકારો ધર્મને લક્ષ્મીનું કારણ કહે છે તે કેમ ખોટું ગણાય ? અને લક્ષ્મી વાપરીએ તો દેખીતી રીતે ઘટતી કોઈ રોકતું નથી વિગેરે વિચારના ચકડોળે ચઢયું.

દેવભદ્રશેઠ તો થોડીવારે ઘસઘસાટ ઉંઘી ગયા. પણ વિશ્વભૂતિને થયું કે આ શેઠ કહે છે તે સાચું કે હું કરકસર કરી જીવું છે તે સાચું ? વિચાર કરતો તે પથારીમાં આમતેમ આળોટવા લાગ્યો.

( ૪ )

"આ વાણીયો વાતો તો ધર્મની અને નીતિની મીઠી મીઠી કરે છે અને કામ તો જોયાં જેવાં કરે છે." ઓરડામાં રૂમઝુમ કરતી દાખલ થતી સ્ત્રીને જોઇ વિશ્વભૂતિ મનમાં બોલ્યો.

પથારીમાં પડે પડે તેણે સ્ત્રી સામે નજર નાંખી તો તે સ્ત્રી દેવભદ્રની ધણિયાણી નહોતી. કેમકે તેને તે સારી રીતે ઓળખતો હતો. વિશ્વભૂતિએ સ્ત્રીની અવર જવર ઉપર પથારીમાં પડયાં પડયાં ધ્યાન રાખ્યું. તે સ્ત્રી શયનગૃહમા આમ તેમ ફરી શેઠના પલંગની ફરતા બે ત્રણ આંટા લગાવી ઓરડો છોડવાને તૈયાર થઇ એટલે તુર્ત વિશ્વભૂતિએ તે સ્ત્રીનો છેડો પકડયો અને 'બોલ્યો. બાઇ ! કેમ તને મારી શરમ આવી લાગે છે ? તમારા પ્રેમમાં હું અંતરાયરૂપ થઈ પડયો કે શું ?'

વિશ્વભૂતિ આગળ બોલે તે પહેલાં તો તે સ્ત્રીએ પોતાનો છેડો બ્રાહ્મણને તરછોડી ખેંચી લીધો અને બોલી.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

'મૂર્ખ શિરોમણિ ? સાઠે બુદ્ધિ નાઠયાની પેઠે શું ગાંડું ગાંડું બોલે છે. હું લક્ષ્મીદેવી છું. હું શેઠની સારસંભાળ લેવા આવી છું. શેઠનો ખેસ ધૂપધાણા પાસે પડયો. પડયો સળગતો હતો તે હું ઓલવવા આવી હતી. શેઠના પૂણ્યથી હું તેની દાસી છું અને તેની હરહંમેશાં સાર સંભાળ રાખું છું. બુઢ્ઢા ! આવા પૂણ્યશાળીની નિંદા કે કુથળી કરતાં તું કેમ શરમાતો નથી ?

"શું આપ લક્ષ્મીદેવી છો ? મારે ત્યાં આપ કેમ પધારતાં નથી ? લક્ષ્મી મારે ત્યાં દેવભદ્ર શેઠ કરતાં પણ વધારે છે. મારી તો કોઇ દીવસ આપ ખબરજ લેતાં નથી. અને આણે તમારૂં એવું શું કર્યું છે કે તમે આની આટલી ચિંતા રાખો છો ?"

'બ્રાહ્મણ ! આ શેઠે પૂર્વભવમાં દાનપૂણ્ય કરી પુણ્યાનુબન્ધિ પૂણ્ય ઉપાર્જ્યું છે. પરભવમાં પૂણ્ય કર્યું તેથી આ ભવમાં લક્ષ્મી મળી અને આ ભવે તે ધર્મકાર્યમાં લક્ષ્મી ખર્ચી પૂણ્ય ઉપાર્જે છે. તેથી હું તેની દાસી છું. અને તું તો પાપાનુબન્ધિ પૂણ્યવાળો છે. તને મળેલી લક્ષ્મી પાપ વધારવા માટે છે. પાપાનુબંધિ પૂણ્યવાળા માણસો તો મારા સેવકો છે. સેવકોની ચિંતા સ્વામિનીને કરવાની ન હોય ?'

બ્રાહ્મણ બોલ્યો. 'દેવિ ! શું કહો છો ? આતો તમારો જ્યાં ત્યાં વ્યય કરે છે અને હું તો સાચવી રાખું છું છતાં મારા તરફ તમે કરડી નજર રાખો છો ? '

'બ્રાહ્મણ ! સાચવનારને સાચવવાનું હોય છે તે વાપરી ન શકે. તું તો લક્ષ્મીનો રક્ષક છે. દેવભદ્ર લક્ષ્મીના માલીક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. માલીક વાપરી શકે. સીલક સાચવનાર મુનીમથી પૈસો ન ખર્ચાય.'

'હાં તમને સ્થિર રાખવાનું રહસ્ય મેં જાણ્યું. જ્યાં સુધી મારૂં પૂણ્ય છે ત્યાં સુધી તમે થોડાંજ ખસી શકવાનાં છો આજથી જ ધન વાપરવા માંડુ. પછી જખ મારીને મારે ત્યાં તમારે આવવું પડે છે કે નહિ તે હું જોઉં છું.

"તું શું વાપરતો હતો. જો તું વાપરે તો તને નવ અંગે ડામ પડશે ?"

'જા જા. આથી ખસ તારાથી થાય તે કરજે. મારૂં કમાએલું હું વાપરવા સરમુખત્યાર છું'.

'એમ છે તો થા ઉતાવળો તને એઠવીસ દીવસ ભૂખ્યો રાખી ડામ દેવરાવું છું કે નહિ તે જોઇ લેજે ?'

'તારાથી થાય તે કરી નાંખજે.' કહી બ્રાહ્મણ પથારીમાં પડયો અને ઘસઘસાટ ઉંઘી ગયો.

( ૫ )

'ભાઈઓ ! આજ સુધી હું ભૂલ્યો મેં ન ખાધું અને મેં ન વાપર્યું. લક્ષ્મી દાન દીધે અને વાપરે જ ટકે છે' એમ બોલતા વિશ્વભૂતિએ રૂપીયા આના પાવલીથી મુઠ્ઠિઓ ભરી યાચકો તરફ ફેંકી.

જોતજોતામાં આખા નગરમાં વાત ફેલાઇ કે કંજુસ વિશ્વભૂતિ મુઠ્ઠીએ મુઠ્ઠીએ છુટા હાથે દાન દે છે. યાચકોના ટોળાં ઉલટયાં તે કરતાં પણ વધુ ટોળાં વિશ્વભુતિને જોવા ઉલટયાં.

વિશ્વભૂતિએ સવારે ઉઠી દેવભદ્રની પાસેથી પાંચ હજાર રૂપીયા લઇ કપડાં, પરચુરણ વિગેરે મંગાવ્યું અને પોતે સારાં કપડાં પહેરી સીગ્રામમાં બેઠો. જતાં જતાં તેણે દેવભદ્રશેઠને કહ્યું. શેઠ ! સાઠે વર્ષે તમે મારા સાચા ગુરૂ મળ્યા અને સમજાવ્યું કે 'લક્ષ્મી દાન અને ભોગથી જ વધે છે.'

આ પછી વિશ્વભૂતિ મુઠ્ઠીએ મુઠ્ઠીએ દાન દેતો ઉજ્જયિનીના બજારમાંથી પસાર થયો. જે મળે તેને કહેતો કે 'મારી ભૂલ થઇ છે કે મેં ખાધું નહિ અને વાપર્યું નહિ.' થોડે દૂર ગયો ત્યાં તેણે પોતાના ચાર પુત્રોને આવતા દેખ્યા. પુત્રોને જોતાં વિશ્વભૂતિ આનંદથી નાચતો બોલ્યો 'પુત્રો ! તમે સુખેથી પૈસા વાપરો ! યાચકોને દાન આપો. મેલાં ઘેલાં કપડાં કાઢી નાંખો. ઘર ધોળાવો, ચાકરો રાખો, પહેરેગીરોને દરવાજે બેસાડો અને નોબતો વગડાવો આપણે ત્યાં ધનનો કયાં તોટો છે? આજે લક્ષ્મીદેવીએ મને સ્પષ્ટ કહ્યું છે કે મારો સ્થિર કરવાનો ઉપાય દાન અને ભોગ છે.'

વિશ્વભૂતિ આવેગમાં ને આવેગમાં રાતની બધી ઘટના બોલી જતો હતો. છોકરાઓએ ડોસાનું ચિત્ત ખસી ગયું છે એમ જાણી તેને ઉપાડયો. પાછળ લોકો અને છોકરાઓએ રાડ નાંખી કે 'વિશ્વભૂતિ કંજુસ ગાંડો થયો ગાંડો થયો.' પુત્રોએ વિશ્વભૂતિને ભોંયરામાં નાંખ્યો. વૈદ્યોએ સલાહ આપી કે 'એકવીસ દીવસ તેમને ભૂખ્યા રાખો અને સાત ડામ દો એટલે મગજ ઠેકાણે આવશે.'

છોકરાઓએ વિશ્વભૂતિના હાથ પકડયા અને એક પછી એક ડામ દેવા માંડયા. વિશ્વભૂતિ તરફડીયા મારતો બોલતો

હતો કે 'અલ્યા એ છોકરાઓ હું ગાંડો નથી થયો સાજો છું મને સાક્ષાત્ લક્ષ્મી મળ્યાં હતાં તેમનું કહેવું હું કરૂં છું.' પણ છોકરાઓએ તેની બધી વાત બકવાદ ગણી સાત ડામ દીધા.

એકવીસ દીવસનો ભૂખ્યો અને ડામથી પીડાતો વિશ્વભૂતિ વિચારવા લાગ્યો કે 'દેવીએ કહેલી વાત સ.ચી પડી. એકવીસ દીવસ ભૂખ્યા રહેવું પડયું અને સાત ડામ પડયા.'

એક સવારે વિશ્વભૂતિએ છોકરાઓને કહ્યું. 'અલ્યા પેલા દેવભદ્રશેઠના પાંચ હજારનું શું થયું ?'

'તમે મુઠીએ મુઠીએ ઉડાવ્યા ને ?'

'અરે મૂર્ખ ! પૈસો પણ હું ખર્ચતો હોઇશ. હાય ! પાંચ હજાર રૂપીયા ઉડાવ્યા.'

પિતાજી તમારૂં મગજ સ્થિર ન રહ્યું અને તમે પાંચ હજાર એક દીવસમાં ઉડાડી નાખ્યા.

'એ કદાપિ ન બને હું પૈસો પણ ન ખર્ચું ને.'

વિશ્વભૂતિ હાય ! પૈસા કરી કુટવા લાગ્યો.

છોકરાઓ સમજ્યા કે હવે બાપનું ઠેકાણે આવ્યું છે. આ પછી વિશ્વભૂતિ સુધર્યો પણ જીવ્યો ત્યાં સુધી પાપાનુબન્ધિ પૂણ્યવાળી લક્ષ્મી હોવાથી તે નજ ખરચી શકયો. લક્ષ્મી તો પૂણ્યાનુબન્ધિ પૂણ્યવાળી જ ખર્ચાય. લક્ષ્મીને કમાવામાં જે પૂણ્ય જોઇએ તેથી તેને ખર્ચવામાં સવાયું પૂણ્ય જોઇએ.

( ધન્યચરિત્ર )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૫૮

# ઇર્ષ્યા

## યાને

# પંકપ્રિય કુંભાર

## (૧)

અયોધ્યાનો રાજા જિતારિ મૃગલાના ટોળાં પાછળ દોડતે ઘોડે પડયો પણ ચપળ મૃગલાં રાજાને એક ઉંડી અટવીમાં લઇ કયાંય અદૃશ્ય થઇ ગયાં. બપોર તપ્યો. રાજા તરસ્યો અને ભૂખ્યો થયો. આગળ પાછળ જોયું તો કોઇ નોકર ન જણાયો. રાજાએ અહિં તહિં નજર નાંખી તો એક વૃદ્ધ પુરુષ નજરે પડયો. તે રાજાને પગે લાગ્યો અને તેને પોતાની ઝુંપડીએ લઇ જઇ તેણે ઠંડું પાણી પાયું. રાજા કાંઇક સ્વસ્થ થયો એટલે તેણે રસોઇ કરી રાજાને જમાડયો.

રાજાએ પુછયું 'વૃદ્ધ ! તમે તાપસ તો નથી જણાતા. કેમકે તમે ભગવાં પહેર્યાં નથી. તો આ ગૃહસ્થવેષે તમારે શા માટે જંગલમાં રહેવું પડયું છે ?'

"રાજા ! મારૂં નામ **પંકપ્રિય** છે. હું આપની નગરી અયોધ્યાનો કુંભાર છું. મારે ઘેર છોકરાં છૈયાં વિગેરે સારો કુટુંબ કબીલો છે. મેં મારી પ્રકૃતિને રોકવા ઘણું ઇચ્છયું પણ રોકાઇ નહિ તે પ્રકૃતિ એ છે કે કોઇપણ વધારીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાત કરે તે મને ન ગમે. કેટલીક ભુંડી ભમરાળી સ્ત્રીઓ હોય અને બોલે કે જુઓને કેવું મારું ચંદ્રમા જેવું મોઢું છે. કુડા કુરૂપવાળા છોકરાને તેડી કેટલાક યુવાનો બોલે આ તો અમારો રાજાનો કુંવર છે. લગ્નમાં ખર્ચે પાંચસો અને બડાશ મારે પાંચ હજારની. રાજા ! આ બધું મને સહન ન થાય. હું કેટલાક સાથે લઢું. અને તેમાં ન ફાવું તો છેવટે માથા કુટું. આમ માથું કુટતાં મારા માથે મોટાં ઢીમડાં થયાં. છોકરાઓએ મને કહ્યું 'પિતાજી ! આ દુનિયા જ વાયડી છે કે તેને બડાઇ માર્યા વગર ન ચાલે. એ બોલે છે તો એના મોંઢે, તમે શું કામ ચીડાવ છો ?' પણ મારાથી ન સહેવાયું. આથી તેમણે મારી ઉપર લાગણી રાખી મને જંગલમાં ઝુંપડી બાંધી આપી. હું અહિં મારે સુખે રોટલો ખાઉં છું અને સુખે જીવું છું. ઘટે વધે તે છોકરાંઓ પુરૂં કરી જાય છે. રાજન્ ! મને અહિં શાંતિ છે મારે કોઇનું વધુ પડતું સાંભળવું એ નહિ અને માથું કુટવું એ નહિ."

"પંકપ્રિય ! તમે મારા ઉપકારી છો તમે ચાલો મારી સાથે શહેરમાં. કોઇ વધુ પડતું બોલશે તો એની હું જીભ ખેંચી લઇશ."

'રાજા ! આગ્રહ ન કરો હું અહિંજ રહીશ મને મને અહિં શાંતિ છે.'

'વૃદ્ધ ! તમારી અહિં સાર સંભાળ કોણ લે ? તમારૂં દુઃખ હું સમજી ગયો. તે તમને રાજ્યમહેલમાં નહિ થાય' રાજાએ રક્ષાની પુરી બાંહ્યધરી આપી પંકપ્રિયને સાથે લીધો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પંકપ્રિય અને જિતારિ રાજા થોડા દુર ચાલ્યા ત્યાં એક બોરડી નીચે પંદર વર્ષની છોકરી બોર વીણતી હતી. તેનાં કપડાં મેલાં હતાં પણ વાદળામાં છવાયેલો ચંદ્ર જેમ પ્રકાશ કરે તેમ તેના મૂખનું લાવણ્ય ઝળકતું હતું. રાજાએ પુછ્યું 'તું કોની છોકરી છે ? અને શું તારૂં નામ છે ?'

'હું ક્ષત્રિયની પુત્રીછું અને મારૂં નામ ખક્ખા છે' રાજા હસ્યો અને ત્યાર પછી છોકરી શરમાઇ ચાલી ગઈ પણ થોડાજ દીવસ પછી મંત્રીદ્વારા રાજા તેના પિતાની સંમતિથી આ ખક્ખાને પરણ્યો.

( ૨ )

રાજાએ અયોધ્યામાં ઢંઢેરો પીટાવ્યો 'કોઇએ પણ પંકપ્રિયની આગળ વધુ પડતું કે કાંઇ અસંબદ્ધ બોલવું નહિ આમ છતાં જો કાંઇ બોલશે તો તેને ભારેમાં ભારે શિક્ષા થશે.'

રાજાના હુકમે સૌ કોઇ પંકપ્રિય પાસે સમજીને બોલવા લાગ્યા. પંકપ્રિય રાજ્ય મહેલમાં રહેવા લાગ્યો છતાં તેની આગળ કોઇનો વધુ પડતો શબ્દ કાને ન પડયો.

( ૩ )

ચોમાસું વીત્યું. શરદઋતુ આવી. વનરાજી સર્વ કલાએ ખીલી અને પુષ્પો દ્વારા પોતાનું હાસ્ય વેરવા લાગી.

રાજા, ખખ્ખા રાણી અને પંકપ્રિય ફરતા ફરતા જ્યાં ખખ્ખા બોર વીણતી હતી ત્યાં આગળ આવ્યાં. રાજાએ કુતુહલથી ખખ્ખાને બોરડીનાં વૃક્ષ બતાવતાં પૂછ્યું. 'દેવિ! આ ઝાડ શાનું છે ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'મને ખબર નથી કે આ કયું ઝાડ છે?' રાણીએ હાથ લાંબો કરી આશ્ચર્ય બતાવતાં કહ્યું.

પંકપ્રિયે એકદમ મુઠીઓ વડે માથું કુટવા માંડયું. રાજાએ 'એ પંકપ્રિય? કેમ માથું કુટે છે. મરવાની ઇચ્છાવાળા કોણે તને વધુ પડતું કહી ચીડવ્યો.

**कालिं जे बोरां वीणती आज न जाणे खकूख**
**पुणरवि अडवि करिसुं घर विं न सहुं ए अणकूख**

"હે રાજા! ગઇ કાલની વાત છે કે આ રખડતી ખક્ખાને તમે આ ઝાડ નીચેથી બોર વીણતી લાવ્યા હતા. ને આજે તે બોરડીનું ઝાડ કે બોર જાણે ન જ જોયાં હોય તેમ બોલે છે કે 'કોણ જાણે આ કયું ઝાડ છે.?' રાજન્ મારે તમારા રાજ્યમહેલમાં નથી રહેવું કે તમારી સાથે પણ નથી રહેવું. મારે માટે તો ભલી મારી અટવીની ઝુંપડી.' આમ બોલતો પંકપ્રિય વધુ માથું કુટવા લાગ્યો.

ખખ્ખાને પોતાનો પૂર્વકાળ યાદ આવ્યો. તે વિલખી પડી. રાજા પણ ખુબ વિચારમાં પડયો પડયો વિચારવા લાગ્યો કે 'જે સુખ ભોગવતાં પૂર્વની અવસ્થાનો ખ્યાલ રહે તે સારૂં સુખ કેમ કહેવાય.? રાણી મારે ત્યાં સાચી સુખી તો ત્યારે જ ગણાય કે પોતાની પૂર્વ અવસ્થા ભુલે. રાણીનો આમાં દોષ નથી. પંકપ્રિયની પ્રકૃત્તિ દુઃસ્ત્યજ છે.' રાજા બોલ્યો.

"પંકપ્રિય! તમારે જવું હોય તો ભલે વનમાં જાઓ પણ માણસ સુખના અંતિરેકમાં કે દુઃખના અતિરેકમાં તન્મય થઇ કાંઇ બોલે તેટલા માત્રથી માથું ન ફોડાય?"

પંકપ્રિય મૌન રહ્યો પણ બીજે દીવસે તે રાજ્યમહેલમાં ન દેખાયો.

પંકપ્રિયે જંગલમાં ફરી ઝુંપડી બાંધી અને ત્યાં તેણે રહેવાનું રાખ્યું.

( ૪ )

ઘોર અંધારી રાત હતી વાઘની ત્રાડો પંકપ્રિયના શરીરને કંપાવતી હતી. પંકપ્રિય ગુફામાં ઉંડોને ઉંડો સંકોચાઇ ધકેલાયો. સવાર પડ્યું એટલે ત્રાડો ધીમી પડી પંકપ્રિયે પોતાના હાથ પગ ઉંચા નીચા કરવા ઇચ્છયા પણ તે ન થયા. પંકપ્રિયનાં અંગો ઝલાઈ ગયાં પંકપ્રિય સંકુચિત અંગની અસહ્ય વેદના સહી જંગલમાં અનાથ રીતે મૃત્યુ પામ્યો પણ મરતાં મરતાં તે બોલ્યો.

**महवयणेण पावज्जेज्ज पुत्तय अणक्खे**

હે પુત્રો! હું કહું છું કે મારી માફક કોઇ ઈર્ષા કરશો નહિ. ઇર્ષા કરવાથી સામાનું કાંઇ બગડતું નથી પણ આપણું જ લોહી, બળ અને હૃદય બગડે છે.

બીજાની વાતોમાં માણસે શામાટે માથું મારવું જોઇએ. પોતાથી સુધારાય તો બીજાને સુધારવા પ્રયત્ન કરવો પણ તે ન બને તો બીજાની બળતરા પોતાના શરીરમાં દાખલ કરી પોતે ન બળવું જોઇએ.

( શ્રી ધન્યચરિત્ર )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પૃથ્વીચંદ્ર ગુણસાગર

## ૫૯

# સોનાના કડાં

## યાને

# શંખરાજા અને કલાવતી (પ્રથમ ભવ)

## (૧)

શંખપુરના રાજા **શંખ** રાજસભામાં બેઠા હતા. આખી રાજસભા ચિકાર હતી. ત્યાં દત્ત નામનો એક ધનાઢય વણિક્ આવ્યો. તે કિંમતી ભેટણાં ધરી રાજાને નમ્યો. રાજાએ પૂછયું.

'દત્ત ! તું ઘણા દીવસે દેખાયો ?'

'હા. મહારાજા ! અમે વ્યાપારી રહ્યા. વ્યાપાર પરદેશ ખેડયા વગર થોડો જ ચાલે છે. હું આજે જ જુદા જુદા દેશ ફરી ઘેર આવ્યો છું.'

'દત્ત ! આ દેશોમાં ફરતાં કાંઇ જાણવા જેવું કે જણાવવા જેવું અમારા માટે છે.'

'હા મહારાજ ! કહી દત્તે એક ચિત્ર રાજા આગળ ધર્યું.

શંખરાજાએ ચિત્ર હાથમાં લીધું તો એ ચિત્ર એક રૂપરૂપના અંબાર સરખી સુંદર સુંદરીનું હતું. રાજાએ માન્યું કે આ ચિત્ર કોઇ જીવતી સ્ત્રીનું નહિ હોય પણ ચિત્રકારે માત્ર કળા બતાવવા ચીતર્યું લાગે છે. રાજા બોલ્યો.

'દત્ત ! આ કોઇ દેવીનું ચિત્ર છે કે માત્ર ચિત્રકારની કળા છે.'



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'મહારાજ ! આપ દેવના હાથમાં આવે તો મનુષ્યાણી પણ દેવી થઇ જાય. ચિત્ર છે તો જીવતી જાગતી સ્ત્રીનું.'

'તો કોનું છે.'

મારી બેનનું !'

'દત્ત તારે બેન કયાં છે? સાચે સાચું બોલ ખોટું ન બોલ.'

"દત્તે કહ્યું મહારાજા ! હું સાચું કહું છું કે આ ચિત્ર મારી બેનનું છે." સાંભળો "હું માતપિતાની રજા લઇ કમાવા નીકળ્યો. અમારો પહેલો વિચાર દેવશાલ નગરમાં જઇ વ્યાપાર કરવાનો હતો. આથી દેવશાલ નગર તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં એક વન આવ્યું અમે વનમાં પેઠા અને થોડો માર્ગ કાપ્યો ત્યાં મેં એક યુવાનને જમીન ઉપર મુચ્છાં ખાઈ પડેલો જોયો. આ યુવાનથી પાંચ સાત ડગલાં દૂર જ એક ઘોડો મરી ગયેલો પડયો હતો. મેં આ યુવાન ઉપર ઠંડુ પાણી છાંટયું અને પવન નાંખ્યો ત્યારે તે આંખ ઉઘાડી મારી સામું જોઇ ધીમેથી બોલ્યો 'પ્રાણદાતા! તમે કોણ છો? અને કયાં જાઓ છો?' મેં કહ્યું હું શંખપુરનો વણિક છું અને દેવશાલ નગરી જાઉં છું.' તેણે કહ્યું 'હું પણ છું તો દેવશાલ નગરનો પણ અશ્વે મને લાવી આ જંગલમાં નાખ્યો અને તમે ઉપકારીએ મને જીવાડયો. ભવિષ્યને થોડું જ કોઇ ફેરફાર કરી શકે છે.'

રાજન્ ! આ પછી હું અને તે કુમાર સાથે સાથે થોડું આગળ ચાલ્યા. ત્યાં એક કોલાહલ સંભળાયો. અમે માન્યું કે અમને લુંટવા કોઇ ચોરોનું ટોળું આવતું હશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અમારા પહેરેગીરોએ બાણો તૈયાર કર્યાં ત્યાં સામેના ટોળામાંથી એક ઘોડેસ્વાર આગળ આવ્યો અને તે મારી સાથેના યુવાનને ઓળખી પગે લાગી બોલ્યો. 'જયસેન-કુમાર! તમે અશ્વથી હરાયા તેથી તમારૂં પગેરૂં લઇ અમે તમારી પાછળ પાછળ આવ્યા છીએ.' અમે નજીકમાં રહેલ વિજયરાજાની છાવણીએ ગયા. જયસેનકુમારે મને વિજયરાજા સમક્ષ તેના પ્રાણદાતા તરીકે ઓળખાવ્યો. રાજન્! ત્યારથી વિજયરાજાએ જાણે હું તેનો મોટો પુત્ર ન હોઉં તેવો મને માન્યો. હું શંખપુરનગર ભૂલ્યો અને માતપિતા પણ ભૂલ્યો. રાજન્! હું દેવશાળનગરમાં ગયો પણ ત્યાં વ્યાપારી મટી રાજકુંવર જેવો બન્યો.

આ વિજયરાજાને શ્રીદેવી રાણીથી ઉત્પન્ન થયેલ **કલાવતી** નામે એક પુત્રી છે. કલાવતી એટલે કલાનો જ ભંડાર. એના એકેએક અંગ ઘાટીલાં અને ખુબ સુંદર. આ પુત્રી યુવાન થઇ એટલે રાજાને ચિંતા વધી પડી. તેને યોગ્ય વરની ઘણી તપાસ કરી ત્યાં આપ મને યાદ આવ્યા અને હું ચિત્ર લઇ આપની પાસે આવ્યો. મને તો તે આપને માટે જ યોગ્ય લાગે છે. રાજન્! આ ચિત્ર કલાવતીનું છે. અને એ મારી બેન છે."

ત્યાં સભાનો સમય પુરો થયો અને રાજ્યસભા બરખાસ્ત થઇ.

## (૨)

શંખરાજા જમીને શય્યામાં આળોટતો બબડતો હતો કે 'માનવ સારા કે પક્ષિ? મને તો લાગે છે કે પક્ષિઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સારાં કેમકે તેને પોતાના વ્હાલાંને મળવું હોય તો તુર્ત ઉડી મળી શકે. મારૂં ઘણુંએ કલાવતીને મળવાનું મન છે. પણ હું થોડો જ ઉડીને મળી શકું તેમ છું.' રાજા નિઃસાસો નાંખતો બોલ્યો 'કલાવતીને મેળવવા મારૂં પુરૂં ભાગ્ય જોઈએ નિર્ભાગીને થોડી જ આવી પદ્મિની સ્ત્રી મળે છે.' કલાવતીના વિચારમાંને વિચારમાં બપોરની રાજસભાનો સમય થયો અને ફરી રાજા રાજસભામાં આવી બેઠા.

આખી સભા ચિકાર હતી ત્યાં એક દોડતા સેવકે આવી કહ્યું 'રાજન્ સીમાડે ધૂળના ગોટેગોટા ઉડે છે. ભાલાઓ ખખડે છે અને જાણે ઓચિંતું કોઇ શત્રુ સૈન્ય શંખપુર ઉપર ચડી ન આવતું હોય તેવું દેખાય છે.' રાજાની આંખ લાલ થઇ સેનાપતિને સૈન્ય સજવા હૂકમ આપ્યો. જોતજોતામાં રણભેરી વાગી અને શંખપુરમાં ભય અને ઉત્સાહનું મિશ્ર વાતાવરણ જામ્યું.

દત્ત એકદમ આગળ આવ્યો અને બોલ્યો 'મહારાજા! શા માટે રણભેરી વગાડો છો ? આ શત્રુ સૈન્ય નથી આવતું પણ મિત્ર સૈન્ય આવે છે. વિજયરાજાનો પુત્ર જયસેનકુમાર પોતાની બહેન સ્વયંવરા કલાવતીને લઇ આપને ત્યાં આવે છે. તેના પરિવાર અને રક્ષકોનો આ અવાજ છે.'

પ્રધાનમંત્રી મતિસાર બોલ્યો 'દત્તશેઠ ! આ તો બધી આપનીજ કરામત લાગે છે ! તમેજ મહારાજાના ગુણોને વર્ણવી કલાવતીને મહારાજાની અનુરાગી બનાવી લાગે છે અને તમે બધાએ સાથેજ પ્રયાણ કરેલું પણ મહારાજાને અગાઉથી ખબર આપવા તમે પહેલા આવ્યા લાગો છો. પર-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેશમાં પણ ખરેખર તમે રાજાના પુરા ભક્ત રહ્યા છો.'

દત્તે માથું નીચું નમાવ્યું અને કહ્યું ' મંત્રિવર ! તમો અજબ બુદ્ધિશાળી છો જોયા વિના પણ બધું યથાર્થ કહી શકો છો.'

થોડીવારે તો જયસેનકુમાર રાજસભામાં દાખલ થયો રાજાએ તેનું સ્વાગત કર્યું. કુમાર બોલ્યો. 'રાજન્ ! કલાવતી મારી બેન છે તે તમારા ગુણોથી આકર્ષાઈ છે. એ સ્વયંવરાને પિતાની અનુમતિથી હું અહિં આપને વરાવવા આવ્યો છું.'

રાજા મૌન રહ્યો. અને થોડાજ દીવસમાં શંખરાજા અને કલાવતી લગ્નગ્રંથિથી જોડાયાં. જયસેનકુમાર સારો દાયજો આપી બ્હેન કલાવતીને આશીર્વાદ આપી દેવશાલ નગરે ગયો.

શંખ અને કલાવતી આનંદપૂર્વક કાળ નિર્ગમે છે. કલાવતીએ કલાથી રાજાનું હૃદય એવું વશ કર્યું કે શંખને કલાવતી વિના જરા પણ ચેન પડતું નથી. એક વખત રાત્રિના સમયે કલાવતીએ ભરેલા સુવર્ણકળશને સ્વપ્નમાં જોયો અને તેજ દીવસથી તે ગર્ભવતી થઇ.

કલાવતી ગર્ભવતી થઇ છે આ વાત વિજયરાજાએ જાણી. આથી તેણે તેને તેડવા પોતાના માણસોને શંખપુર મોકલ્યા. આ માણસોને વિજયસેનકુમારે બેનને ભેટ આપવા પોતાના નામનાં સુંદર બે કડાં આપ્યાં હતાં.

વિજયરાજાનો પરિવાર પ્રથમ દત્તશેઠને ત્યાં ગયો. આજ વખતે કલાવતી દત્તને ત્યાં આવેલી હતી. પરિવારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાઈ વિજયસેનનાં આપેલ કડાં અને દુકુલો કલાવતીને બતાવ્યાં કલાવતી તેમાંથી બે કડાં લઈ રાજ્ય મહેલે આવી.

( ૩ )

કલાવતી શણગાર સજતી હતી. અને અરિસામાં જોઈ મલકાતી હતી. ત્યાં તેની સખિઓ બોલી 'કલાવતી ! આ બે કડાં કોણે તને આપ્યાં? શું સુંદર કડાં છે ?'

'સખિઓ એ કડાંને જોઉં છું ને કડાંનો દેનાર મને યાદ આવે છે. એનો આપનાર મારા હૃદયથી જરાયે અળગો નથી અને હું પણ એનાથી જરાયે અળગી નથી. શું સુંદર કડાં. હું એને ભેટતાં એના મોકલનારને ભેટયાનો આનંદ અનુભવું છું.'

શંખરાજા આજ વખતે રાજ્ય મહેલમાં દાખલ થતા હતા. તેમણે કલાવતીના આ શબ્દો સાંભળ્યા. અને સમજ્યા કે 'હું જ કલાવતીને વ્હાલો છું એવી મારી માન્યતા ભૂલ ભરેલી છે. એનો ખરો વ્હાલો તો આ કડા મોકલનારો છે. મારી પ્રત્યેનો પ્રેમ તો તેનો બનાવટી પ્રેમ છે.'

ઘડીક પહેલાં કલાવતી કલાવતી રટનાર શંખનો પ્રેમ કલાવતી ઉપરથી ઓસરી ગયો. તેણે નિષ્કરુણ નામના રથવાળાને બોલાવ્યો અને કહ્યું 'નિષ્કરુણ ! આજે કલાવતીને તારે કોઈ પણ બાના તળે નિર્જન જંગલમાં છોડી દેવાની છે આ કાર્ય ગુપ્ત રહેવું જોઈએ.'

જેવી દેવની આજ્ઞા કહી નિષ્કરુણ રાજાને નમી વિદાય થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૪)

'દેવિ ! રાજા કુસુમોદ્યાને પધાર્યા છે અને આપને ત્યાં તેડી લાવવા તેમણે મને આજ્ઞા ફરમાવી છે.'

કલાવતી કડાંને ઘડી ઘડી જોતી અને તેની શોભાથી શરીર સવાયું શોભતી માનતી રથ ઉપર આરુઢ થઇ.

રથ પવનવેગે ઉપડયો. શંખપુરનાં ઝાડવાં વીતાવતો રથ આગળને આગળ ચાલ્યો. રાણી અજાણી ભૂમિ દેખી ચમકી બોલી. 'નિષ્કરૂણ ! રથ કયાં લઇ જાય છે ? આ તો ઘોર જંગલ લાગે છે. નથી કોઇ માણસનો અવાજ સંભળાતો કે નથી ઉદ્યાનનો કાંઇ કિલકિલાટ સંભળાતો.'

નિષ્કરૂણે રથ ઉભો રાખ્યો. રથથી હેઠો ઉતરી તે બોલ્યો. 'દેવિ ! ક્ષમા કરજો. હું નામે નિષ્કરૂણ તેમ મારે કામ પણ નિષ્કરૂણ કરવાનાં છે. રાજાએ મને હુકમ કર્યો છે. કે કલાવતીને ઘોર જંગલમાં એકલી મુકી ચાલ્યા આવવું. દેવિ ! આપ હેઠાં ઉતરો.'

કલાવતી આ શબ્દ સાંભળતાં મૂર્છા પામી તે રથમાંથી હેઠી પડી ગઇ. કલાવતીને મૂર્છા વળે તે પહેલાં તો નિર્જન-વનમાં કલાવતીને એકલી છોડી તે નિષ્કરૂણ ચાલ્યો ગયો હતો.

કલાવતી મૂર્છા વળતાં બોલી 'નાથ ! મેં શો અપરાધ કર્યો છે કે મને નિર્જન વનમાં છોડી ? દેવ ! મેં કોઇ દીવસ કોઇ પુરૂષને મનથી સંકલ્પ્યો નથી. આપને આ શું સુઝયું ?' કલાવતી આંસુ શારતી વિલાપ કરે છે ત્યાં સાક્ષાત્ યમદૂત જેવી ચંડાલણિઓ આવી અને બોલી.

'શું અપરાધ કર્યો છે ? રાજાને કપટથી રમાડવો છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને મનથી તો બીજાઓમાં રમવું છે.' ચંડાલણીઓએ તેને પકડી અને કલાવતીનાં કાંડાં કડાં સાથે કાપી નાંખ્યાં.

કલાવતી સમજી ગઇ કે 'રાજાને આ કડાંએ મારા ઉપર વ્હેમ ઉત્પન્ન કરાવ્યો. પણ અવિચારી રાજાએ મને પુછવું હતું તો ખરૂં. હું ભૂલી. એ બિચારા શું કરે? મારૂં કર્મજ દુઃખ માટે પાકયું હોય તેમાં તેમનો શો દોષ? સીતા જેવી સતીને શું રામે ખોટા આળથી નથી તજી? નળ જેવા બુદ્ધિમાન રાજાને દમયંતીને વનવગડામાં છોડતાં થોડોજ વિચાર આવ્યો હતો? હૃદય! મજબુત થા અને દુઃખ સહન કર.'

કલાવતીને દુઃખ અને શોકની પીડાથી એકદમ પેટમાં દુઃખ ઉપડયું. તે સરોવરને કાંઠે આવી. ત્યાં તેને પુત્રનો પ્રસવ થયો. તે બોલી કેવું મારૂં કમભાગ્ય કે પુત્ર જેવા પુત્રની કોઇ વધામણી ખાનાર નહિ કે તેનો ઉત્સવ કરનાર નહિ. દુઃખમાં પણ ક્ષણભર પુત્રનું મુખ જોઇ તેણે સુખ અનુભવ્યું. પણ થોડીજ પળે તે પુત્ર આળોટતો આળોટતો સરોવરના કીનારે આવ્યો. કલાવતી રડી ઉઠી. તેણે પગથી પુત્રને દાબ્યો અને બોલી. 'હે નસીબ! નિરપરાધી મને તેં વનમાં તજાવી હાથ કપાવ્યા. જંગલમાં પુત્રને જન્માવ્યો અને હવે પણ શું બાકી રહ્યું છે કે આ છોકરાને પણ નદીના પ્રવાહમાં ખેંચી જાય છે. હે નદીની અધિષ્ઠાતા દેવિ! મેં મારૂં શિયળ નિષ્કલંક પાળ્યું હોય તો મને આ પુત્રને પકડી સાચવવાનો ઉપાય બતાવો. હે દેવિ! મન વચન અને કાયાથી મેં મારૂં શિયળ ન ખંડયું હોય તો

મને બે બાહુ આપો.' કલાવતી આમ દીનવદને પ્રાર્થના કરતી હતી ત્યાં તેના બે બાહુ વૃક્ષમાં ડાળાં ફુટે તેમ ફુટી નીકળ્યા. કલાવતીએ પુત્રને પકડયો. થોડો વખત ચુપ્યો પણ પાછું દુઃખ યાદ આવતાં તે રોવા લાગી. આ અરસામાં એક તાપસ નદીએ આવ્યો તે અનાથ બાળાને આશ્રમે લઇ ગયો. આ પછી તાપસીઓની વચ્ચે રહી કલાવતી પુત્રને ઉછેરવા લાગી.

( ૫ )

શંખરાજાને નિષ્કરુણે કલાવતીને જંગલમાં મુકી આવ્યાના સમાચાર આપ્યા અને થોડી જ વારે કલાવતીના કેયૂર સાથેનાં બે કાપેલાં કાંડાં ચંડાળણીઓએ આપ્યાં. રાજાએ કાંડાં જોતાં વૈર લીધાનો દમ ખેંચ્યો પણ કેયૂર ઉપર **જયસેનકુમાર**નું નામ દેખતાં તે એકદમ મૂર્છા ખાઈ હેઠો પડયો. તે બોલ્યો 'અરે આ કડાં તો કલાવતીના બાંધવ જયસેનકુમારનાં છે.' તેણે તપાસ કરી તો જયસેન-કુમારે મોકલેલાં જ કડાં હતાં. 'ખરેખર મેં અવિચારી કામ કર્યું. દેવીને ફોગટ જંગલમાં તજી અને તેના હાથ કપાવ્યા. હા ! હા ! હું પાપી અને નિર્દય છું. નિરપરાધ પતિપરાયણ સતીનો મેં જીવ લીધો. હું સ્રીઘાતી, નિર્દોષઘાતી, સતીઘાતી મહાપાપી છું. હું અદૃશ્ય મુખવાળો છું. મંત્રિઓ ! હું મારૂં મુખ બતાવવા જેવો રહ્યો નથી. મને નરકમાં પણ સ્થાન નહિ મળે. હું નહિ જીવી શકું. તમે ચિતા રચાવો અને મને ભસ્મીભૂત થવા દો.'

મંત્રીઓ બોલ્યા. 'રાજન્ ! એક અવિચારી કામ કર્યા પછી બીજું અવિચારી કામ ન કરો. આત્મહત્યા એ મહા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાપ છે. તમને પાપનો પશ્ચાતાપ થયો હોય તો તમે તમારો જીવ ધર્મમાર્ગે પરોવો પણ આમ વધુ નિન્દિત ન બનો.'

આ જ અરસામાં સમાચાર આવ્યા કે અમિતતેજ નામના ચાર જ્ઞાનના ધણી મુનિવર પધાર્યા છે.

હતાશ બનેલ રાજા પરિવાર સાથે ગુરૂ પાસે આવ્યો તે ભગવંતની ક્રોધનાં બુરાં ફળની દેશના સાંભળી બોલ્યો. 'ભગવંત ! હું મહાક્રોધી મહા અવિચારી છું. મેં સતી નિર્દોષ સ્ત્રીને જંગલમાં છોડી તેનાં કાંડાં કપાવ્યાં હું મહા હત્યારો છું. ભગવંત ! તે જીવે છે કે કેમ ? અને તે મને મળશે કે નહિ ?'

'રાજન્ ! એક જ દીવસ બાદ કલાવતી તમને મળશે. અને તમે આત્મહત્યા કરી માનવભવ એળે ન કાઢો આજ જીવનમાં તમે અંતે દીક્ષા લેનારા બનશો.'

રાજાનું ચિત્ત શાંત થયું.

ઠેર ઠેર માણસોએ કલાવતીની તપાસ કરી પણ કલાવતીનો પત્તો ન લાગ્યો. દત્ત ફરતો ફરતો તાપસ આશ્રમમાં આવ્યો અને ત્યાં તેને તેનો પત્તો લાગ્યો. દત્તે કહ્યું 'દેવિ ! રાજાનો અપરાધ ક્ષમા કરો. અવિચારીપણાનો તેને ઘણો પશ્ચાતાપ થયો છે. જો તારી ભાળ નહિ મળી હોત તો તે આજ કાલ અગ્નિમાં પ્રવેશ કરત.' દત્ત કલાવતીને લઇ રાજા પાસે આવ્યો. કલાવતીને દેખતાં રાજા હર્ષથી નાચ્યો પણ પોતાના અપરાધ બદલ તેનું મુખ લજ્જાથી નીચું ઢળ્યું. તે બોલ્યો 'દેવિ ! મેં મૂર્ખતા કરી તને નિરપરાધીને મેં અમાપ દુ:ખ આપ્યું તું ખરેખર ગંભીર અને ગુણી છે. તારામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દોષનો છાંટો પણ કયાંથી હોય. દોષદૃષ્ટિ એવા મેં ખરેખર ઉજ્વળ ગુણને દોષ ગણ્યો અને તને દંડી.'

રાજા રાણી બન્ને ગુરૂની દેશના સાંભળવા ગયા. દેશનાને અંતે રાજાએ મુનિને પુછયું 'ભગવંત. કલાવતી નિરપરાધી હતી છતાં મેં તેના હાથ કેમ છેદાવ્યા. અને એવું તો એણે પૂર્વભવે શું ખરાબ કામ કર્યું હતું કે આ ભવે તેને આવું દુઃખ સહેવું પડયું. મુનિ બોલ્યા.

'કલાવતી પૂર્વભવમાં મહેન્દ્રપુરના રાજા નરવિક્રમની સુલોચના નામે પુત્રી હતી. નરવિક્રમને એક વખત એક પોપટ ભેટ મળ્યો. સુલોચનાએ આ પોપટને સુંદર રીતે ભણાવ્યો અને સારી રીતે પાળ્યો. સુલોચના એક વખત પોપટની સાથે જિનમંદિરે પૂજા કરવા ગઇ. પોપટને જિન-મંદિર જોઇ જાતિસ્મરણ જ્ઞાન થયું અને તેમાં તેણે જાણ્યું કે હું પૂર્વભવે મુનિ હતો સારૂં ભણેલો હતો પણ ઉપધિના પરિગ્રહને લઇ સયંમવિરાધી પોપટ થયો છું. પોપટે જિને-શ્વરભગવંતને નમ્યા વિના ન ખાવાનો નિયમ લીધો.

સુલોચના રાજ્યભવને આવી. બીજે દીવસે જમવાના અવસરે પોપટને પાંજરામાંથી બહાર કાઢયો અને તેની આગળ સુંદર ખોરાક મુકયો પણ તે **नमोऽर्हद्भ्यः** બોલી ઉડી ગયો. પોપટ રોજ જિનમંદિરે દર્શન કરી ફ્ળોનો આહાર કરવા લાગ્યો.

સુલોચનાને પોપટ પ્રાણ જેવો વ્હાલો હતો. પોપટના જવાથી તે ખુબ દુઃખી થઇ. તે રોજ આંસુ સારવા લાગી. અને પોપટ મળે તો જ ખાવું તેવા આગ્રહવાળી થઇ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાના નોકરોએ એક વખત પોપટને દેખ્યો એટલે તેને પાશ નાંખી પકડી સુલોચનાને આપ્યો. સુલોચનાને પોપટ ઉપર ક્રોધ ચડયો કે પાંખો છે એટલે પોપટ ઉડી જાય છે માટે તેની પાંખો જ કાપી નાખું. આ પછી સુલોચનાએ પોપટની પાંખો કાપી નાંખી. પોપટ તો અડગ નિશ્ચયી હતો તેણે તેનો સંકલ્પ જિનમંદિરે દર્શન કર્યા વિના ન ખાવું તે પાળવા અણસણ લીધું. બરાબર પાંચ દીવસે પોપટ મૃત્યુ પામ્યો અને સુલોચના પણ ત્યાર પછી થોડા જ દીવસમાં મૃત્યુ પામી."

શંખરાજા! પોપટ મરી દેવ થયો. સુલોચના મરી દેવી થઇ એ પોપટ દેવલોકમાંથી આવી તમે શંખ રાજારૂપે થયા અને સુલોચના કલાવતીરૂપે થઈ. સુલોચનાએ પોપટની પાંખો પૂર્વભવમાં કાપી હતી તેથી હે રાજા તમે આ ભવમાં તેના હાથ કાપ્યા.

કર્મની ઘટમાળ તો એ છે કે જે કરવાનું છે તે જ ભોગવાનું છે.

રાજા પ્રતિબોધ પામ્યો. શરૂઆતમાં તેણે અણુવ્રત લીધાં અને પછી પૂર્ણકળશ નામના પોતાના પુત્રને રાજ્ય સોંપી સંયમ લીધું.

શંખ અને કલાવતી સંયમ પાળી પ્રેમતંતુથી બંધાયેલ સૌધર્મદેવલોકે દેવ થયાં.

(પૃથ્વીચંદ્ર ચરિત્ર પદ્ય)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૬ ૦

# પરસ્ત્રીનો ત્યાગ

## યાને

# કમળસેન અને ગુણસેના (બીજો ભવ)

( ૧ )

પોતનપુર નગરના રાજા શત્રુંજયને વસન્તસેના નામે રાણી હતી. આ રાણીની કુક્ષિમાં શંખરાજાનો જીવ દેવલોકથી ચ્યવી ઉત્પન્ન થયો. રાણીએ તેના પ્રભાવથી સ્વપ્નમાં ખીલતા કમળોવાળું સરોવર જોયું. અને તેને વિવિધ ધર્મ કાર્યોના દોહલા ઉત્પન્ન થયા જે શત્રુંજય રાજાએ પુરા કર્યા. રાણીએ પુરા માસે તેજસ્વી પુત્રનો જન્મ આપ્યો. રાજાએ પુત્રનું નામ સ્વપ્નને અનુસરી **કમળસેન** રાખ્યું. કમળસેન નાનપણથીજ નિરાળો શાંત ગંભીર અને ગુણપ્રિય હતો. કમળસેને યુવાવસ્થામાં પ્રવેશ કર્યો છતાં તેનામાં બિલકુલ વિષયોન્મુખતા ન જાગી. રાજાને કુમારની આ દશા ન રૂચી. આથી તેણે કુમારને ઉલ્લાસિત કરવા તેને વિવિધ મિત્રોનો સંસર્ગ કરાવ્યો.

( ૨ )

એક સમયે મિત્રો સાથે કમળસેન નન્દનવનમાં ગયો. વસંત પુર બહાર ખીલી હતી. અને તે પુષ્પો રૂપી દાંતથી હસીને આગંતુકોનું સ્વાગત કરતી હતી. મિત્રો વસંતનો આનંદ માનતા આગળ ચાલ્યા ગયા. કુમાર કુદરતની લીલાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિહાળતો ધીમે ધીમે ચાલવા લાગ્યો ત્યાં 'અરે જગત્ નાથ વિનાનું થયું' તેવો તેણે તીણો અવાજ સાંભળ્યો. કુમારે અવાજની દિશામાં કાન માંડયા તો તેને કોઇ રોતી સ્ત્રીનો અવાજ જણાયો. કુમાર તલવાર ખેંચી મનમાં બોલ્યો 'મારા પિતા જેવા ન્યાયી રાજા છતાં જગત્ કેમ નિર્નાથ હોય ?' કુમારે અવાજની દિશામાં આગળ ધપ્યો તો તેણે એક દેવમંદિરમાં પેસતી સ્ત્રીને દેખી. કુમાર ત્વરિત ગતિએ દેવમંદિરમાં આવ્યો અને તે સ્ત્રીને કાંઇ પુછે તે પહેલાં તો આખું દેવમંદિર વિમાનની પેઠે આકાશમાં ઉડયું અને કોઇ એક સુંદર જગ્યાએ જઇ નીચે ઉતર્યું.

કુમાર આ શું થયું તે વિચારે તે પહેલાં તો દેવમંદિરમાં રહેલી સ્ત્રી બોલી 'નાથ! પધારો અને આ આસન ઉપર બેસો.'

કુમાર આસન ઉપર બેઠો અને બોલ્યો 'બાઇ ! તું કોણ છે? અને શા માટે જગત્ અનાથ થયાની બૂમ પાડે છે?'

'નાથ ! મારૂં નામ **અંગશ્રી** છે હું ઘણા પુરૂષોથી ભોગવાયેલી છું. પણ હું તમારી આકૃતિ, રૂપ અને સત્ત્વ નિહાળી આકર્ષાઇ છું. મેં આપને નાથ કરવા બૂમ પાડી હતી અને આ મંદિર વિગેરેની ઘટના પણ મેં જ કરી હતી.'

કુમાર બોલ્યો. 'આવું અશ્રાવ્ય વચન ન સંભળાવ હું દીન અને દુઃખીયાનો નાથ થવા ઉચ્છું છું. પણ તારા જેવી પરસ્ત્રીનો નાથ બની મારા જીવન અને કુળને કલંકિત કરવા નથી ઇચ્છતો.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'કુમાર એકદમ મંદિરમાંથી બહાર નીકળ્યો ત્યાં એક કદાવર બળવાન પુરૂષ શસ્ત્ર સાથે રાડ નાંખતો કુમાર સામે આવી બોલ્યો.

'નાદાન છોકરા! ઉભો રહે. પારકા ઘરમાં પેસી કુતરાની માફક કયાં નાસી જાય છે?'

કુમારે ધીર અવાજે કહ્યું. 'પુરૂષ! હું નાસી જતો નથી તારે મારી સાથે લડવું હોય તો તૈયાર થા.' બન્નેએ સમશેરો ખેંચી. પેલો રાક્ષસ કુમારને કહેવા લાગ્યો. 'છોકરા! પહેલો ઘા તું કર અને પછી મારા ઘાનો સ્વાદ ચાખી જો.'

કુમાર બોલ્યો. 'હું ક્ષત્રિયપુત્ર છું કોઇ દીવસ સામાના ઘા વિના હું ઘા કરતો નથી.'

પેલો પુરૂષ ખડખડ હસ્યો અને બોલ્યો 'કુમાર! તું ખરો સત્ત્વશાળી છે. ખરેજ તું અંગલક્ષ્મીને યોગ્ય જ છે.'

કુમારે કહ્યું 'તમે કોણ છો.'

'કુમાર! હું અંગદેશની ચંપાનગરીનો અધિષ્ઠાયક દેવ છું. આ સ્ત્રી પુરૂષ અને મંદિર એ બધી મારી માયા છે. હું તને હમણાં જ અંગદેશનો રાજા બનાવું છું.' બોલતો તે પુરૂષ અદ્રશ્ય થયો અને સાથે જ સ્ત્રી અને મંદિર પણ અદ્રશ્ય થયું.

કુમાર સમજ્યો કે 'અંગશ્રી એટલે અંગદેશની લક્ષ્મી-રાજ્યસંપત્તિ. સામાન્ય સ્ત્રી નહિ.

(૨)

કુમાર કમળસેન આ બધો વિચાર કરતો થોડો આગળ ચાલ્યો. ત્યાં સાજ માંડેલા ઘોડાની લગામ પકડી ઉભેલા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક પુરૂષને તેણે જોયો. કુમાર તેને કાંઈ પુછે તે પહેલાં તો તેણે કહ્યું 'કુમાર ! હું આપની રાહ જોતો ઉભો છું. આપ આ ઘોડા ઉપર સવાર થાઓ અને અમારા રાજા ગુણસેન નજીકમાં મંત્રીમંડળ સાથે આપની રાહ જોતા બેઠા છે તેમના મેમાન બનો.'

કુમાર થોડું આગળ ચાલ્યો તો એક યુવાન રાજવીને મંત્રીમંડળ સાથે ચિન્તામગ્ન દેખ્યો. કુમાર ઘોડા ઉપરથી હેઠો ઉતરી રાજવીને નમવા ગયો ત્યાં રાજવી તેને નમતાં રોકી બોલ્યો.

कुकुकुकुकुशलं ततततव ससससस्वागतं तेऽद्य ।

'તમારૂં કુશળ થાઓ અને હું તમારૂં સ્વાગત કરૂં છું.'

કુમાર વિચારવા લાગ્યો કે 'આ રાજાની જીભ કેમ ઝલાઈ ગઈ છે ? અને તે મને નમતાં કેમ રોકે છે ?'

કુમાર કાંઇ પુછે તે પહેલાં તો સ્વારી ચંપાનગરીએ ઉપડી અને રાજાનો મંત્રી કુમારને પોતાના આવાસે લઇ ગયો મંત્રી કુમારની સુંદર આગતાસ્વાગતા કરી બોલ્યો 'કુમાર ! અંગદેશના રાજવી બની તમે અમારા રાજવીના મનોરથ પુરો. અમારી ઘણા વર્ષની ચિંતા આપે આજે મિટાડી ખરેખર તમે ભાગ્યશાળી છો.'

કમળસેનને આ બધી વાતોથી આશ્ચર્ય થયું અને તે બોલ્યો 'મંત્રિવર ! યુવાન પ્રતાપી ગુણસેન જેવો રાજવી છે છતાં તમે કેમ મારા જેવાને રાજા બનાવો છો ?'

ગળે થુંક ઉતરતાં મતિવર્ધન મંત્રી બોલ્યો કુમાર ! અમારો વૃત્તાન્ત પુરો સાંભળો એટલે તમારૂં આ બધું આશ્ચર્ય મટી જશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાચોટા જૈન સંવેગીનો મોટો જ્ઞાન ભંડાર નં..................

( ૪ )

"આ નગરમાં શ્રીકેતુ રાજા હતો. તેને વૈજયંતી નામે રાણી હતી. એક વખત રાજસભામાં એવો પ્રશ્ન થયો કે 'આપણા નગરમાં સુખીમાં સુખી કોણ?'

રાજસભામાં તો બધા રાજાની હામાં હા કહેનારા હોય છે પણ અહિં એક નીડર ડાહ્યો બ્રાહ્મણ હતો તે બોલ્યો "આપણા ગામમાં પૂર્ણ સુખી હોય તો તે વિનયંધર શેઠ છે."

કોઇ બોલ્યો 'શું તે વાણિયો રાજાથી પણ વધુ સુખી છે?'

'હાઃ' બ્રાહ્મણે નીડરતાથી કહ્યું. 'જુઓ. એને ત્યાં લક્ષ્મી કુબેરભંડારીની પેઠે અનર્ગલ છે. એ શેઠ પોતે રૂપરૂપનો ભંડાર છે સાથેજ તેને ત્યાં પદ્મિની જેવી તારા, શ્રીમતી, વિનયવતી અને દેવી નામની ચાર સ્ત્રીઓ છે. વધુ શું નગરમાં કેટલીએ સ્ત્રીઓ એમના જેવું રૂપ મેળવવા અનેક બાધા આખડીયો રાખે છે.'

સભા વેરાઈ પણ રાજાનું ચિત્ત વિનયંધરની સ્ત્રીઓને મેળવવા તલપાપડ બન્યું.

તેણે એક પેંતરો રચ્યો અને એક ભોજપત્ર ઉપર કોઇ દ્વારા વિનયંધર પાસે એક શ્લોક એવો લખાવ્યો કે

'હે સ્ત્રી! તારા વિરહે એક પ્રહરની રાત મારે મન સો પ્રહર જેવી થઇ પડી.'

રાજાએ રાજસભામાં વાત કરી કે 'લોકો! ભલે વિનયંધરને તમે ડાહ્યો અને ગુણી કહેતા હો પણ તે લુચ્ચો અને લંપટ છે, આજેજ તેના હસ્તાક્ષરનો એક કાગળ મને



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અંતઃપુરમાંથી જડયો છે' તેણે સભાને તે બતાવ્યો. લોકોએ વિનયંધરના અક્ષર ઓળખ્યા. રાજાએ તુર્ત વિનયંધરને પકડી જેલમાં પૂર્યો. તેની લક્ષ્મી કબજે કરી અને તેની સ્ત્રીઓને જનાનખાનામાં કેદી જેવી બનાવી દીધી.

સભા સમજી કે વિનયંધર આવો ન હોય. પણ કોઇ રાજા આગળ કાંઇ ન બોલી શકયું.

સાનભાન ગુમાવેલા શ્રીકેતુએ દાસીઓ દ્વારા વિનયંધરની સ્ત્રીઓને સમજાવવા ઘણું કર્યું પણ તેમણે તો એકજ કહ્યું 'દાસીઓ! તમારા રાજાને કહો કે મરણથી વધુ ભય તો કોઇ નથી ને? અમે મરવું પસંદ કરશું પણ શીલ ખંડન નહિ કરીએ.'

રાજા સાન ભાન ભૂલ્યો અને જાતે એકવાર શેઠની સ્ત્રીઓ પાસે આવ્યો તો તેની નજરે તે સ્ત્રીઓ બેડોળ રાક્ષસી જેવી દેખાવા લાગી. રાજાએ આંખો ચોળી ધારી ધારી જોયું તો જેને જોતાં બીક લાગે તેવી ભૂતડીઓ જેવી તે દેખાઇ. રાજા વધુ બોલે તે પહેલાં તો પટરાણી ત્યાં આવ્યાં અને બોલ્યાં.

'રાજન્! ધિક્કાર છે તમને. અનેક રાજકન્યાઓ તમારા રાણીવાસમાં છતાં તમને પરસ્ત્રીની ઇચ્છા કેમ થાય છે? પૂર્ણ સરોવરને મુકી વિષ્ઠામાં તો મોઢું નીચ કાગડોજ નાંખે. આપ પ્રજાના પાલક બની પ્રજાની વહુ બેટી તરફ નજર ફેંકો છો તે કુદરત કેમ સહન કરશે? રાજન્! જરા સમજો તમે તમારી જાત અને કુળને કલંકિત ન કરો.' રાજા શરમાયો તેણે સ્ત્રીઓની માફી માગી. અને વિનયંધર પાસે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ પોતાની ભૂલ બદલ ક્ષમા યાચી તેના આવાસે મોકલ્યો. વિનયંધરને ઘેરતો તે સ્ત્રીઓ દેવરૂપજ રહી. રાજા સમજ્યો કે આ પ્રભાવ તેમના સતીપણાનો છે. શ્રીકેતુ પ્રથમ તો વગોવાયો પણ પછી સુધરતાં પ્રજાને તેના ઉપર માન ઉપજ્યું અને શેઠ ઉપર તો પ્રજાને સવાઇ લાગણી જાગી.

( ૫ )

સમય જતાં એકવાર ચંપાનગરીને પાદરે સુરસેન નામના ગુરૂ મહારાજ પધાર્યા. ગુરૂની દેશના બાદ રાજાએ શરમ છોડી પુછયું 'ભગવંત ! આ વિનયંધરે શું એવું પૂણ્ય કરેલું કે તે આવી શીલવતી સ્ત્રીઓનો ભરથાર થયો. અને એ સ્ત્રીઓને મેં જોઇ ત્યારે તે મને કેમ કુરૂપ દેખાઈ અને પછી શેઠને ઘેર જતાં હતી તેવી કેમ થઇ ગઇ ?'

ગુરૂએ કહ્યું ' આ ભવમાં રૂપ સૌભાગ્ય અને આરોગ્ય જે જીવોને મળે છે તે બધામાં પૂર્વભવનાં તે તે જીવનાં કર્મ કારણરૂપ હોય છે.'

આ પછી મુનિ ભગવંતે વિનયંધર અને તેની સ્ત્રીઓનો પૂર્વભવ કહેવા માંડયો.

( ૬ )

"પહેલાં ગજપુર નગરમાં વિચારધવલ રાજા હતા. તેમને ગુણવાન એક બન્દી હતો. આ બન્દીએ પાત્રને દાન આપી ભોજન કરવાનો નિયમ રાખ્યો હતો.

દૈવયોગે એક વખત તેને ત્યાં સુવિધિનાથ તીર્થંકર ભગવાન પધાર્યા. બન્દીએતેમને ભાવથી વહોરાવ્યું.આથી બન્દિને ઘેર 'અહો દાનં અહો દાનં'નો દિવ્ય ધ્વનિ થયો, બન્દિએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાના આ સુકૃતની ખુબ અનુમોદના કરી. આ બન્દિ સારા અધ્યવસાયે મૃત્યુ પામી દેવગતિમાં જઇ વિનયંધર રૂપે થયો છે. તેનું આ ભવનું સૌભાગ્ય એ પૂર્વભવના તેના દાનનો પ્રતાપ છે."

## (૭)

"અયોધ્યાના રાજા નરકેસરી અને રાણી કમળસુંદરીની પુત્રી રતિસુંદરી હતી. આ રતિસુંદરીને દત્તમંત્રીની પુત્રી બુદ્ધિસુંદરી, સુમિત્ર શેઠની પુત્રી ઋદ્ધિસુંદરી અને પુરોહિતની પુત્રી ગુણસુંદરી સાથે સખિપણું થયું.

આ ચારે સહિયરો એકવાર સુમિત્રશેઠને ઘેર રમતી હતી. ત્યાં એક ગુણશ્રી નામનાં સાધ્વી પધાર્યાં. ચારે છોકરીઓએ તેમને વાંદ્યાં સાધ્વીએ સમકિત અને બારવ્રત સમજાવી શીયળવ્રતનું માહાત્મ્ય સમજાવ્યું. આ ચારે સહિયરોએ સાધ્વી પાસે પૂર્ણપણે શિયળવ્રત પાળવાના શપથ લીધા.

## (૮) રતિસુંદરી

સમય જતાં ચારે સહિયરોએ યુવાવસ્થામાં પ્રવેશ કર્યો. રાજાની પુત્રી રતિસુંદરી નંદિપુરના રાજા ચંદ્રને પરણી.

રતિસુંદરીના રૂપની પ્રશંસા કુરૂદેશના રાજા મહેન્દ્રસિંહે સાંભળી. તેથી તેણે દૂત મોકલી ચંદ્રરાજવી પાસે રતિસુંદરીની માગણી કરી.

ચંદ્ર એ મહેન્દ્રસિંહનો ખંડીયો રાજા હતો. તેનું બળ અને સંપત્તિ ઓછી હતી પણ સ્ત્રીનું માગું કરનાર દૂતને તે ન સહી શકયો. તેણે દૂતને ગળું પકડી સભા બહાર

ધકેલ્યો અને કહ્યું કે 'તું તારા રાજાને જઇને કહેજે કે તારી માગણીથી તું કોઇ વ્યભિચારી સ્ત્રીનો પુત્ર જણાય છે. માગાં તે પુત્રીનાં હોય વધૂનાં નહિ ?'

દૂત કુરુદેશ ગયો અને તેણે ચંદ્રરાજાના ક્રોધની વાત મહેન્દ્રસિંહને કરી. તુર્ત બન્ને રાજવીઓ વચ્ચે ખુનખાર યુદ્ધ જામ્યું. ચંદ્રરાજાનું લશ્કર ભાગ્યું. મહેન્દ્રે નંદિપુર લુટયું અને રતિસુંદરીને પકડી તે તેને પોતાના નગરે લાવ્યો.

જનાનખાનામાં દાખલ થતાં મહેન્દ્રસિંહને રતિસુંદરી પગે પડી બોલી. 'દેવ! મારે હાલ ચાતુર્માસી વ્રત છે. મારૂં શિયળ ચાર મહિના અખંડ રહેવા દો.' ક્રોધ અને વિષયથી ધમધમતો મહેન્દ્રસિંહ અટક્યો. તેણે માન્યું કે 'ચાર મહિના કાલ ચાલ્યા જશે જ્યાં સુધી સ્ત્રી હેતથી વશ થાય ત્યાંસુધી જુલ્મથી વશ ન કરવી.'

રતિસુંદરીએ સ્નાન અંગ અને આભૂષણોનો ત્યાગ કર્યો. તેણે આયંબિલ તપ કરવા માંડયું. કાયા હાડપીંજર જેવી બનાવી દીધી અને શરીર દુર્ગંધથી ઉછળતું બનાવ્યું. બરાબર ચાર મહિને મહેન્દ્રસિંહ તેના આવાસે આવ્યો. તેણે જોયું તો પહેલાનું રતિસુંદરીનું રૂપ રહ્યું ન હતું. તે બોલ્યો. 'દેવિ ! તારૂં આવું દુર્બળ શરીર કેમ બન્યું ? શું તારી આ રાજ્યભવનમાં પરિચર્યા નથી થતી ?'

'રાજન્ ! મેં વ્રત આદર્યું છે તેથી શરીર દુર્બળ બન્યું છે.'

'કુરુદેશની રાણી થનારને શા માટે વૈરાગ્ય રાખવો ?'

'રાજન્ મારો દેહ જ વૈરાગ્યનું કારણ છે કેમકે તે લોહી

અને પરૂનો ભરેલો છે. જીવડાઓથી ખદબદતો છે. આવી દુર્ગંધમાં કોણ ડાહ્યો માણસ રાચે.'

'દેવિ ! ભલે તારૂં શરીર દુર્બળ થયું. અને દુર્ગંધ મારતું રહ્યું પણ હું તો રાત અને દીવસ તનેજ જંખુ છું. તારા વ્રતના દીવસો ગણતાં મેં ઉજાગરા વેઠયા છે.'

'રાજન્ ! મારા કયા અંગમાં આપને મોહકતા લાગી ?'

'દેવિ ! જોને આ તારી બે આંખો કેવી સુંદર તગતગે છે જાણે ઝભરૂ હરિણીનાં નેત્રો !'

'રાજન્ ! લ્યો આ આંખો તમને તે વ્હાલી હોય તો તેનાથી તમે સંતોષ અનુભવો.' બોલી રતિસુંદરીએ પોતાની બે આંખો રાજાના હાથમાં આપી.

કામી મહેન્દ્રસિંહનો કામ ઓસર્યો. 'તે દેવિ ! આ શું કર્યું. આ શું કર્યું' બોલતો રડી ઉઠયો.

'રાજન્ ! મેં આંખો આપી આપની આંખો ઉઘાડી છે. મેં મારી શિયળની રક્ષા કરી આપને સાચે માર્ગે આણ્યા છે. રાજન્ ! મારી આંખો ભલે ગઇ પણ મારૂં શિયળ જીવન નથી ગયું. તેથી આંખો જવા છતાં મને દુઃખ નથી.'

આથી મહેન્દ્રસિંહ પ્રતિબોધ પામ્યો તેણે પરસ્ત્રીગમનના શપથ લીધા. રતિસુંદરીએ કાયોત્સર્ગ કર્યો અને શાસનદેવીની પાસે માગણી કરી કે 'હે દેવિ ! મેં મન વચન કાયાથી પૂર્ણ શિયળ પાળ્યું હોય તો મને મારા નેત્રો પાછા મળો. દેવીના વરદાને રતિસુંદરી નેત્રોવાળી થઇ.

એક વખતનો કામી મહેન્દ્રસિંહ રતિસુંદરીનો ભક્ત બની તેના ચરણને પૂજતો તેને બેન ગણી યોગ્ય દાયજો આપી નંદિપુર મુકી આવ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આમ રતિસુંદરીએ સાધ્વીનું આપેલું શિયળ વ્રત નિર્મળ પાળ્યું.

## ( ૯ ) બુદ્ધિસુંદરી

સુસીમ નગરના રાજા જિતશત્રુને સુંદરકીર્તિવાળો સુકીર્તિ નામે મંત્રી હતો. આ મંત્રી વેરે મંત્રીપુત્રી બુદ્ધિસુંદરીનાં લગ્ન થયાં. પતિ પત્ની આનંદમાં પોતાનો સમય વીતાવતાં હતાં ત્યાં એક વખત રયવાડીએ ચડેલ રાજાની નજર બુદ્ધિસુંદરી ઉપર પડી. રાજાએ મંત્રીનો કોઇ ખોટો અપરાધ ઉભો કરી તેને પકડયો અને તેની સ્ત્રીને ઉપાડી અંતઃપુરમાં દાખલ કરી.

રાત્રિએ રાજા બુદ્ધિસુંદરી પાસે આવ્યો અને બોલ્યો. 'સુંદરિ ! તું તારા ભાગ્યનો ઉદય માન કે રાજાની રાણી થવાનું તને સૌભાગ્ય પ્રાપ્ત થયું.' તે બોલી

'મારા નિમિત્તે પતિની લીલી વાડી વિખેરાઈ અને પ્રજાનો પાલક પિતા રાજા નીચ કર્મમાં જોડાય ત્યાં હું શી રીતે ભાગ્યનો ઉદય માનું. રાજન્ ! સ્ત્રી માત્ર વિષ્ઠા અને મૂત્રની કયારી છે. તેમાં ડાહ્યો માણસ તો ન રાચે. પરસ્ત્રી લોહ અંગાર છે. તેનો સ્પર્શ માણસના લોહી માંસ ચૂસે છે અને નરકમાં ધકેલે છે.'

'સુંદરિ ! તું ગમે તેમ બોલે પણ આ મોહક તારા દેહના આલિંગન આગળ દુનીયાની બધી વસ્તુ મને તુચ્છ લાગે છે.'

'રાજન્ ! જો તમારો તેવો જ નિર્ણય હોય તો મારા વ્રતનિયમ પુરા થાય ત્યાંસુધી સબુર કરો.'

રાજા ધીરો પડયો. બુદ્ધિસુંદરીએ મીણની પોતાની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુતળી બનાવી. તેના ઉપર સુંદર આભૂષણો સજ્યાં જાણે બુદ્ધિસુંદરી જ સાક્ષાત્ જોઇ લો.

સમય પુરો થતાં રાજા ફરી બુદ્ધિસુંદરી પાસે આવ્યો અને બોલ્યો. 'તારી શું સુંદર પ્રતિમા બનાવી છે ?'

'રાજન્ ! મારા કરતાં પણ તે કેવી સુંદર છે. તેને જ આપ ભેટો અને આનંદ પામો તો શું ખોટું.'

રાજાએ છટ કરી તે પ્રતિમાને પાટુ મારી તો તેમાંથી દુર્ગંધની છોળ ઉછળી. 'સુંદરી ! આ શું ?' કહી રાજા આઘો ખસ્યો.

'રાજન્ ! આ દુર્ગંધ તો કાલે દૂર થશે પણ મારૂં શરીર તો તેથી પણ ભયંકર દુર્ગંધ છે. તાપ અને તડકો તેની દુર્ગંધ કાલ સમાવશે. પણ મારા શરીરમાં તો દુર્ગંધનાં દ્વારો સદા વહેતાંજ છે.'

રાજાનું માથું ડોલ્યું તે સમજ્યો કે બુદ્ધિસુંદરી સાચું કહે છે. આ પછી તેણે પરદારા સેવનનો નિયમ લીધો.

બુદ્ધિસુંદરીને રાજાએ મંત્રીને સોંપી અને પોતાના અપરાધની તેની પાસે ક્ષમા માગી.

## ( ૧૦ ) ઋદ્ધિસુંદરી

સુમિત્રશેઠની પુત્રી ઋદ્ધિસુંદરીનાં લગ્ન તામ્રલિપ્તી નગરના શ્રેષ્ઠિસુધર્મ સાથે થયાં. સુધર્મ એ ખરેખર સુધર્મ જ હતો. સખીઓ સાથે સંચરતાં ઋદ્ધિસુંદરીને છીંક આવી ત્યારે તે **जिनेन्द्राय नमः** બોલી હતી. તેથી તે તેના ધર્મમય જીવનથી આકર્ષાઈ પરણ્યો હતો.

સુધર્મે એક વખત પ્રિયા ઋદ્ધિસુંદરીને લઇ સમુદ્ર માર્ગે પ્રયાણ કર્યું પણ અધવચ વહાણ ભાંગ્યું. પૂણ્યયોગે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુધર્મ અને ઋદ્ધિસુંદરીના હાથમાં એક પાટીયું આવ્યું બન્ને તરતાં તરતાં એક દ્વીપે પહોંચ્યાં.

થોડો વખત તે થોભ્યાં ત્યાં એક વહાણ આવ્યું તેમાં તે બેઠાં. આ વહાણનો અધિપતિ સુલોચન સાર્થવાહ હતો. નામ તો તેનું સુલોચન હતું પણ તેની દૃષ્ટિ કુલોચન હતી. તેથી તે ઋદ્ધિસુંદરીને જોતાં મોહ પામ્યો. વહાણ ભરદરીયે મધ્યરાત્રિએ પસાર થતું હતું તેવખતે તેણે સુતેલા સુધર્મને ઉપાડી સમુદ્રમાં ફેંક્યો. ઋદ્ધિસુંદરીએ પતિને નહિ દેખવાથી ભયંકર કલ્પાંત કર્યો, સુલોચને તેને આશ્વાસન આપતાં કહ્યું. 'સુંદરિ ! આ વહાણ અને આ બધી સંપત્તિ તમારી છે. હું પણ તમારો જ છું સુધર્મના જવાથી તમને કોઇ મુશ્કેલી નહિ પડે.'

ઋદ્ધિસુંદરી તેની દુષ્ટબુદ્ધિ સમજી ગઇ. તેણે જોયું કે વહાણ ભરદરીયે છે. વહાણ ઉપર આધિપત્ય સુલોચનનું છે. તેણે શિયળની રક્ષા માટે ઝંપાપાત કરવા ઇચ્છયું પણ બીજી જ ક્ષણે તેના ધર્મજ્ઞાને આત્મહત્યા કરતાં રોકી. તે બોલી 'સુલોચન ! હમણાં તમે ધીરજ ધરો વહાણ સમુદ્ર કિનારે આવશે એટલે તમારી ઇચ્છા મુજબ બધું થશે.'

સુલોચન રાજી થયો. પણ તેની તે પ્રસન્નતા લાંબો વખત ન ટકી. કેમકે થોડાજ વખતમાં સમુદ્રમાં તોફાન ઉપડયું. વહાણના ટુકડે ટુકડા થયા. ઋદ્ધિસુંદરીને પાટીયું હાથ આવ્યું અને તે તરતી તરતી કિનારે આવી તો દૈવયોગે એ જ કિનારે સમુદ્રમાં તરી બહાર નીકળેલ સુધર્મનો તેને ભેટો થયો. સુધર્મ અને ઋદ્ધિસુંદરીને કિનારાના કોઇ ઠાકોરે આશ્રય આપ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુધર્મ થોડા જ વખતમાં સુખી અને ઋદ્ધિસંપન્ન થયો. સુલોચન પણ રખડતો રખડતો એ કિનારે આવ્યો. ઋદ્ધિસુંદરીએ તેને ઓળખ્યો. અપકારી એવા પણ સુલોચનને તેમણે આશ્રય આપ્યો. સુલોચનને આપોઆપ પોતાના કૃત્ય માટે પશ્ચાતાપ જાગ્યો અને તેણે પરસ્ત્રીત્યાગના નિયમને સ્વીકાર્યો.

## ( ૧૧ ) ગુણસુંદરી

પુરોહિત પુત્રી ગુણસુંદરી ગુણનો ભંડાર હતી. એક વખત નગરમાંથી પસાર થતા પુરોહિત જ્ઞાતિના વેદરૂચિ નામના બ્રાહ્મણની નજર તેના ઉપર પડી. બાણથી વિંધાયેલ પક્ષી ઢગલો થઇને જમીન ઉપર પડે તેમ વેદરૂચિ ગુણસુંદરીનું ધ્યાન ધરતો બેચેન બન્યો તેના માતપિતાને આ વાતની ખબર પડી એટલે તેમણે સુઘોષ પુરોહિત પાસે ગુણસુંદરીની માગણી કરી પણ સુઘોષે કહ્યું 'વિપ્રવર! તમે થોડા મોડા પડયા. મેં તે પુત્રીનો શ્રાવસ્તીનગરના રાજ્યપુરોહિતના પુત્ર પુણ્યશર્મા સાથે વિવાહ કર્યો છે.'

સારા મુહુર્તે પુણ્યશર્મા સાથે ગુણસુંદરીનાં લગ્ન થયાં. અને તે બન્ને યુગલ શ્રાવસ્તી ગયું.

વેદરૂચિએ આમ છતાં પણ ગુણસુંદરીનો છેડો ન મુકયો તે શ્રાવસ્તી જવા ઉપડયો. રસ્તામાં એક ભિલોની પલ્લી જોઇ તેમાં તે વસ્યો અને પલ્લીપતિને સાધી શ્રાવસ્તી લુંટાવી. ભિલ્લોએ લુંટમાં ભાગ લીધો પણ વેદરૂચિને તો ગુણસુંદરીનો ખપ હતો તેથી તે તેને ઉપાડી પલ્લીમાં લાવ્યો. તે ગુણસુંદરી પાસે આવી બોલ્યો 'સુંદરિ! બાળપણથી હું તારો ચાહક છું અને આ બધો પ્રયત્ન મેં તારે કાજેજ કર્યો છે.'

'વિપ્ર! જો તું ચાહકજ હતો તો લગ્ન પહેલાં મને જણાવવામાં તારૂં શું જતું હતું. ગામમાંજ જો પતિ મળત તો પરદેશ ખેડવાની મારે શી જરૂર હતી? હવે તો હું પરણી. પરણેલી સ્ત્રીને ઇચ્છવાથી તો ધર્મ અને કુલમર્યાદા કાંઈ નહિ રહે' ગુણસુંદરી બોલી.

વેદરૂચિને પોતાની ભૂલ સમજાઇ છતાં તે બોલ્યો 'સુંદરિ મારે ધર્મ કુળ કે લજ્જા કોઇની પડી નથી તું મારા દેહને ભેટે એટલે મારે બધાથી સર્યું.'

"વિપ્ર! મેં હમણાં મહાવ્રત આરંભ્યું છે. તેને બે મહિના પસાર થયા છે. અને બે મહિના બાકી છે તું એટલી મારી ખાતર ધીરજ ન ધરે?"

વેદરૂચિ સારૂં કહી અટક્યો. ગુણસુંદરીએ વેદરૂચિનાં ઘરનાં બધાં કામ કરવા માંડ્યાં અને તેને તે વાતચિતથી રંજિત કરવા લાગી. બરાબર અવધિને દીવસે તે બુમો અને ચીસો પાડતી જમીનપર આળોટવા લાગી. અને બોલી 'વેદરૂચિ! મને મારા પતિની ચિંતા નથી પણ તારી ચિંતા થાય છે કે હું તને સંતોષી શકી નહિ. તારા બધા પ્રયત્નો મેં નિષ્ફળ કાઢયા. ખરેખર હું કમભાગી છું. અરે! મારાથી દુઃખ સહન થતું નથી મારી ચિતા રચાવો અને મને ભસ્મીભૂત કરો'.

વેદરૂચિ ગળગળો થયો અને બોલ્યો 'સુંદરિ! ચાલ શ્રાવસ્તીમાં તારા રોગનો ઉપચાર હું વૈદ્ય પાસે કરાવું.'

ગુણસુંદરીને ગાડામાં નાંખી વેદરૂચિ શ્રાવસ્તિ આવ્યો અહિં પૂણ્યશર્મા ગુણસુંદરીને દેખી રાજી થયો. ગુણસુંદરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બોલી 'નાથ! આ મહાપુરૂષે મારૂં રક્ષણ કર્યું છે અને તે મારા બાંધવ છે. વેદરૂચિ બધુ મનમાં સમજ્યો. રાતે તે ત્યાં પરિપુર્ણ પરિચર્યાપૂર્વક સુતો. તેને મનમાં થયું કે સવારે લોકોને મુખ બતાવ્યા પહેલાં વહેલો ઉઠી પલ્લીમાં ચાલ્યો જાઉં. રાતે ઉઠી નાસવા જતાં તેને સર્પ કરડયૌ. વેદરૂચિએ ચીસ નાંખી. પૂણ્યશર્માએ તેના ઘણા ઘણા ઉપચાર કર્યા પણ સર્પનું ઝેર કેમે ન ઉતર્યું. વેદરૂચિની અંતઘડીઓ ગણાવા લાગી. તેણે જીવવાની આશા છોડી. સૌ રોકકળ કરવા લાગ્યા ત્યાં ગુણસુંદરી પાણીનું ચાંગળું લઇ છાંટતાં બોલી 'મારૂં અખંડિત શિયળ હો તો આ મારો બાંધવ નિર્વિષ થાઓ.' ત્રણ પાણીના છાંટણાએ વેદરૂચિ સાજો થયો.

આખા નગરમાં ગુણસુંદરીના શિયળની પ્રશંસા ચાલી અને તેના પાદના સ્પર્શે લોકો પોતાને પુનિત માનવા લાગ્યા.

વેદરૂચિ લાજ્યો અને તેણે પરસ્ત્રીગમનના સપથ લીધા.

આ ચારે સખીયો સુંદર શિયળવ્રત વાળી દેવલોકમાં ગઇ અને ત્યાંથી ચ્યવી હે રાજન્! વિનયંધરની પ્રિયાઓ થઇ. તેમણે પૂર્વભવમાં આરાધેલ શિયળવ્રત આ ભવમાં પણ વધુ દઢ કર્યું. શાસનદેવી તેમને સાન્નિધ્ય છે તેથી તારી કુદષ્ટિ વખતે તેમનાં રૂપ બદલી તેણે તેમના શિયળની રક્ષા કરી. રાજન્! આ પાંચ ધર્માત્માઓને વિઘ્ન કરનાર દુઃખી દુઃખી થઈ નાશ પામશે. સારૂં થયું કે તું થોડે સમજી ગયો."

( ૧૨ )

પૂર્વભવના આ બધા પ્રસંગો સાંભળી શ્રીકેતુ રાજા વૈરાગ્યરસે ભીંજાયો અને દીક્ષા લેવા તૈયાર થયો. મંત્રીઓએ તેને

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાની ગર્ભવતી રાણીને છોડી દીક્ષા લેવા ના પાડી પણ તેને તો ક્ષણ લાખેણી જતી દેખાઇ તેથી તેણે બધાની ના છતાં દીક્ષા લીધી. વિનયંધરશેઠે પણ સ્ત્રીઓ સહિત દીક્ષા સ્વીકારી.

રાજાની પ્રવજ્યા બાદ વૈજયન્તી રાણીએ પુત્રીનો જન્મ આપ્યો.

મંત્રીઓએ આ વાત છૂપાવી અને રાજ્યમાં રાણીને પુત્ર પ્રસવ્યો છે તેવી વાત જાહેર કરી. આ પુત્રીનું નામ **ગુણસેના** પાડયું પણ રાજ્ય અને પ્રજામાં તો તે ગુણસેન કુમાર કહેવાયો.

આ ગુણસેના સોળ વર્ષની થઇ એટલે રાજ્યમાતાને ચિંતા વધી. આથી અમે યક્ષની આરાધના કરી અને તેણે અમને તમે લાવી આપ્યા.

કુમાર ! રાજા ગુણસેન રાજકુમાર નથી પણ રાજપુત્રી છે. રાજકુમાર ! તમે આટલા ચતુર હોવા છતાં શું એટલું ન પારખી શકયા કે જ્યારે તેણે તમને દેખ્યા ત્યારે તે સંપૂર્ણ જિહ્વાવાળી હોવા છતાં વિકારથી ઘેરાઇ ગઈ અને તેના જીભના અક્ષરો તોતડાયા. ”

કમળસેન બધું સમજી ગયો ગુણસેનાને ધામધુમથી તે પરણ્યો અને તે અંગદેશની ચંપાનો રાજવી થયો.

( ૧૩ )

એક વખતે કમળસેનરાજા રાજસભામાં બેઠા હતા ત્યાં વત્સદેશના અધિપતિ સમરસિંહનો દૂત રાજસભામાં આવ્યો અને બોલ્યો ‘કુળપરંપરાથી આવેલી રાજ્યલક્ષ્મી પણ સાચવવી કઠિન છે. રાજ્યલક્ષ્મી શૌર્યને આધીન છે તો હે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પથિકરાજા! તમે અમારા રાજાની આજ્ઞા માનો અગર રાજ્ય છોડી ચાલ્યા જાવ.'

કમળસેને દૂતને ગળુ પકડી કાઢી મુકયો. દૂતના વચનથી સમરસિંહ ચંપા ઉપર ચઢી આવ્યો. કમળસેન લશ્કર લઇ નગર બહાર નીકળ્યો પણ તેને હૃદયમાં નિરર્થક માનવીઓનો સંહાર ખટકયો તેથી તે બોલ્યો 'રાજન્ સમરસિંહ ઘણા જીવોના નાશ કરનાર યુદ્ધ કરતાં આપણા બેના યુદ્ધથીજ આપણે જયપરાજયનો નિર્ણય કરીએ તો શું ખોટું?'

આ શરત સમરસિંહે કબુલ કરી અને સમરસિંહ તથા જયસેનકુમાર પરસ્પર બાટકયા. સમરસિંહ જયસેનના ઘાએ ઘવાયો અને મૂર્છા ખાઇ જમીન ઉપર પડયો. કમળસેન તુર્ત દોડી આવ્યો. તેણે સમરસિંહનું મસ્તક ખોળામાં લીધું અને શીતોપચાર કર્યાં. સમરસિંહે આંખ ઉઘાડી તો તે શત્રુના ખોળામાં સૂતેલો હતો. સમરસિંહનો રોષ ઉતરી ગયો તે બોલ્યો 'ખરેખર દાનો શત્રુ?'

કમળસેને ફરી યુદ્ધ માટે સમરસિંહને તરવાર આપી પણ તેને હવે યુદ્ધની ઇચ્છા રહી નહિ. તેણે રણાંગણમાંજ વત્સદેશનું રાજ્ય કુમારને ભળાવ્યું અને પોતે દીક્ષિત બન્યો.

કમળસેન અંગ અને વત્સ બન્ને દેશનો રાજવી બન્યો.

( ૧૪ )

પિતા શત્રુંજય રાજાએ કમળસેનની પરાક્રમ ગાથા ઉડતી સાંભળી તેથી તેણે પોતાના સેવકો ચંપામાં મોકલ્યા. તે રાજસભામાં આવ્યા. અને કમળસેનને નમી કહેવા લાગ્યા 'રાજન્ આપના પિતા પોતનપુર નરેશ આપને જંખે છે માટે આપ ત્યાં પધારો અને તેમની આંખોને ઠારો.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કમળસેન અંગ અને વત્સના રાજ્યની લગામ મંત્રીઓને સોંપી સારા પરિવાર સહ ગુણસેનાને સાથે લઇ પોતનપુર આવ્યો. પિતા પુત્રને ખુબ ભેટયો અને પોતાનો ભાર હળવો કરી પોતનપુરનું રાજ્ય પણ કમળસેનને આપી તેમણે શીલંધર ગુરૂ પાસે દીક્ષા લીધી.

પોતનપુર, અંગ અને વત્સદેશના રાજ્યનું પાલન કરતાં કમળસેને ઘણો કાળ વિતાવ્યો.

(૧૫)

એક વખત ચોમાસાની ઋતુમાં ઉદ્યાનમાં કમળસેન નદીના સામેના ભાગમાં બેઠા હતા. નદીનો પ્રવાહ વધવા માંડયો અને જોતજોતામાં તેણે ભેખડાની ભેખડો ઉડાડી દીધી. થોડીવારે કાંઠાના ઝાડો પણ તેણે ઉખેડી ફેંકી દીધાં. આ દૃશ્ય જોઇ રાજા વિચારવા લાગ્યો નદીનો વિસ્તાર તેવોજ રાજ્યલક્ષ્મીનો વિસ્તાર છે. નદી ઝાડવાંને ઉખેડી ફેંકી દે છે તેમ આ લક્ષ્મી આપણને ઉખેડી ફેંકી દેવાની છે. અને તે તો આગળને આગળ ચાલી જશે. કમળસેન વૈરાગ્ય માર્ગે વળ્યો તેણે પોતાના પુત્ર સુષેણને રાજગાદી આપી ગુણસેના સાથે સંયમ સ્વીકાર્યું. સારી રીતે સંયમ આરાધી કમળસેન અને ગુણસેના બ્રહ્મદેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયાં.

પ્રથમભવમાં શંખરાજા તે આ ભવમાં કમળસેન થયો અને પૂર્વે જે કલાવતી તે આ ભવમાં ગુણસેના થઇ. બન્નેનો પ્રેમ અંકુર દીવસે દીવસે વધુ પલ્લવિત થયો અને ગુણશ્રેણિએ ચડતાં તે યુગલ દેવલોકની ઉંચી કક્ષાએ ગયાં.

[ પૃથ્વીચંદ્ર ચરિત્ર પદ્ય ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૬૧

# ચિત્રદર્શન

## યાને

## દેવસિંહ અને કનકસુંદરી (ત્રીજો ભવ)

### (૧)

મથુરામાં રાજરાણી **મુક્તાવલી** આંખમાં આંસુ સાથે **મેઘરાજાને** કહેતાં હતાં 'નાથ ! આપનું નિષ્કંટક રાજ્ય છે. પણ મને તો આ રાજ્યનો વૈભવ કાંટા જેવો લાગે છે. તમારા ઉદ્યાનનો મીઠો ઠંડો પવન આપને આહ્‌લાદ આપતો ભલે લાગતો હોય પણ મને તો તે ઝાળ ઉત્પન્ન કરે છે. હીરા માણેક મોતી અને સોનાના ઢગથી ભલે આપ ખુશી થતા હો પણ મને તો તે અણગમો ઉત્પન્ન કરે છે. મુઠીમાં સમાય તેવા વિવિધ દુકુલો મને તો મારૂં અંગ છોલતાં લાગે છે. બે બે હાથની ઉંચી મુલાયમ શય્યાઓ પત્થર કરતાં પણ મને કઠિન લાગે છે. મને આ બધામાં કાંઈ ચેન પડતું નથી. હું તો ઇચ્છું છું માત્ર એક પુત્રને. વર્ષો થયાં આપણે ભોગ ભોગવ્યા. મેં મારૂં યૌવન ખર્ચવા માંડયું અને આપ પણ યુવાની વિટાવી વાર્દ્ધક્યમાં પ્રવેશવાની તૈયારી કરી રહ્યા છો. આ રાજ્યની સમૃદ્ધિ અને વૈભવ આપણે આમ ટગર ટગર જોઇ ચાલ્યા જઇશું. વાયરા આવે અને ચાલ્યા જાય તેમ આપણે નસીબે આપણું કોઇ પ્રતીક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુકયા વિના શું આપણે ચાલ્યા જવાનું સર્જાયું છે? આપણુને શું પુત્રની પ્રાપ્તિ નહિ થાય ?'

"દેવી પુત્રની પ્રાપ્તિ એ આપણા હાથની થોડી વાત છે" જે વસ્તુ દૈવ આધીન હોય તેમાં આપણો પુરૂષાર્થ શા કામનો ? મેં અને તેં ઘણા વૈદકીય ઉપચારો કર્યા. જોષ જોવડાવ્યા. નિમિત્તો કઢાવ્યાં અને તેં તો પત્થર એટલા દેવ કર્યા પણ ભાગ્યમાં ન હોય તે કયાંથી મળે? અને ભાગ્યમાં ન હોય તેનો પરિતાપ કરે પણ શું કામ આવે ? દેવિ ! ભાગ્યનું નિર્માણ ધર્મ કરે છે. માટે તું અને હું ધર્મમાં પરોવાઇએ એ જ ઉત્તમ છે."

'નાથ ! મનની શાંતિ વિના ધર્મકરણી પણ થોડી જ સુઝે છે. મારૂં ચિત્ત હરહંમેશ આજ પરિદેવનામાં ખુંચેલું રહે છે.'

"દેવિ ! હું ઉગ્ર આરાધના કરીશ. અને પુત્ર માટે જે ભોગ આપવો પડશે તે આપીશ."

( ૨ )

મેઘરાજા કાળી ચઉદશની રાતે શ્મશાનમાં ગયા. અને તેમણે પુત્ર માટે આરાધના કરવા માંડી. ત્યાં વિકરાળ પિચાશ અગ્નિની જ્વાળાની માફક જીભ લપલપાવતો 'ખાંઉં ખાઉં' કરતો આવ્યો. રાજા ભય પામ્યા વિના બોલ્યો. 'જોઇએ એટલું મહામાંસ આપીશ. અને તમે તૃપ્તિ પામો એટલું લોહી પણ આપીશ પણ મને પુત્ર આપો.'

૧૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'રાજન્! માંસ આપે પુત્ર ન મળે પુત્ર માટે તો માથું આપવું પડે.'

રાજાએ તરવાર ખેંચી અને પોતાના માથા ઉપર ઘા કરવા ઉપાડી. પિચાશ રાજાનું સત્ત્વ દેખી પ્રસન્ન થયો. તે તરવાર અદ્ધર ઝીલી બોલ્યો. 'રાજન્! સબુર. રાણીને સિંહનું સ્વપ્ન આવશે અને અલૌકિક પુત્ર રત્ન થશે.'

થોડા જ દીવસમાં **મુક્તાવલી** રાણીએ સિંહનું સ્વપ્ન જોયું. રાણીની કુક્ષિમાં બ્રહ્મદેવલોકમાંથી ચ્યવી પૂણ્યવાન કમલસેનનો જીવ ગર્ભમાં ઉત્પન્ન થયો. રાણી ગર્ભવતી થઈ. પુરા માસે રાણી મુક્તાવલીએ પુત્રનો જન્મ આપ્યો. રાજાએ વરદાનને અનુસરી તેનું નામ **દેવસિંહ** પાડયું. મેઘરાજાએ પુત્રનો જન્મઉત્સવ ઉજવવામાં કાંઇ મણા ન રાખી.

આ તરફ ગુણસેનનો જીવ પણ બ્રહ્મદેવલોકથી ચ્યવી ઉજ્જયિનીના રાજા વિજયશત્રુ અને રાણી કનકમંજરીની પુત્રી **કનકસુંદરી** રૂપે થયો. આ કનકસુંદરી સુવર્ણ જેવા વાને હતી. આછા આછા ઘાટે તે ઘડાયેલી હતી. એનો દેખાવ મોહક હતો પણ તેનું મન નિર્મોહી હતું. રાજકુમારી સોળ વર્ષની થઇ પણ તેને ન્હોતો આભૂષણોનો શોખ કે ન્હોતો ટાપટીપનો. તે બહુ સાદી રીતે રહેતી અને હરહંમેશ નીતિ અને ધર્મની વિચારણામાં પોતાનો સમય વિતાવતી.

( ૩ )

પુત્રીની ગુણિયલતા અને તેની ધીર ગંભીરતાથી રાજા રાણી પ્રસન્ન હતાં પણ તેનું નિર્મોહી જીવન તેમને બહુ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અકળાવતું. રાજાએ એકવાર મંત્રીને પુછયું 'મંત્રિ! યુવાવસ્થામાં કામ સૌને પીડે છતાં આ પુત્રી કેમ તેથી સાવ વિમુખ છે? તેનું શરીર સશક્ત છે., કલા અને વિદ્યાની તો તે ખાણ છે છતાં આમ કેમ હશે ?'

'રાજન્! મને તો લાગે છે કે રાજકુંવરીનો પૂર્વભવમાં કોઇ પુરૂષ ઉપર અત્યંત પ્રેમ હશે. તેની દૃષ્ટિ તેના પ્રિયની સાથે જ જડાયેલી હશે. આથી તેના વિના કોઇપણ જગ્યાએ તેને સ્નેહ જાગતો નથી. પૂર્વભવના તેના પ્રિયનું નામ કે પ્રતિકૃતિ દેખશે તો આપોઆપ તેને તેના ઉપર પ્રેમ જાગી ઉઠશે. અને તે વખતે આપણને તેની ચિંતા કરવાનું કારણ નહિ રહે, આને માટે જુદા જુદા રાજકુમારોનાં ચિત્રો તેને બતાવો અને તેમાંથી જેને જોતાં તેનો પ્રેમ અંકુર જાગે તેની સાથે તેને પરણાવો.' મંત્રી બોલ્યો,

રાજાને મંત્રીની વાત ગમી તેણે કેઇ ચિત્રકારોને કનકસુંદરીની છબી હાથમાં આપી દેશોદેશ મોકલ્યા.

જોતજોતામાં કેઈ યુવાન રાજકુમારોનાં મનમોહક ચિત્રો રાજા પાસે આવ્યાં. રાજાએ આ બધાં ચિત્રો રાજકુમારીને બતાવવા માંડયાં પણ તે તો બોલી.

'પિતાજી! આવી છબીઓને જોઇ હું શું કામ મારા કામમાં અંતરાય કરૂં ? આ છબીઓમાં કાગળ અને રંગ સિવાય વધુ શું છે? આના કરતાં તો હું સુંદર વાદળાના રંગ કેમ ન નિરખું કે જેથી કાંઇ જ્ઞાન પણ મળે. ચિત્રકારો અને આપ આ બધા ચિત્રોમાં ભલે સુંદર રૂપના દર્શન કરતા હો પણ મારે મન તો તે કાગળ અને લાલ પીળા રંગ જ લાગે છે..

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજા મનમાં હસ્યો અને બોલ્યો 'રૂપ માટે તો દુનિયા ઘેલી બની અનેક અનર્થો ઉભા કરે છે તે રૂપને આ બાળા શૂન્યવત્ સમજે છે. શું તેની નિર્મોહતા !'

( ૪ )

કેટલાક દીવસ બાદ મથુરાથી એક ચિત્રકાર આવ્યો અને તેણે મથુરાના રાજકુમાર દેવસિંહનું ચિત્ર રાજાને બતાવ્યું. રાજા ચિત્ર દેખી મંત્રમુગ્ધ થયો. ખરેખર દેવનો દીધેલો દેવસિંહ સિંહ જેવો પરાક્રમી અને દેવ જેવો આહ્‌લાદક લાગતો હતો. રાજા બોલ્યો 'જો પુત્રી આ ચિત્રને જોઇને પણ મોહ ન પામે તો મારે કહેવું જોઇએ કે પુત્રી કાંતો તદ્દન જડ છે કે કાંતો તે યોગિની થવા માટે સર્જાઈ છે.'

રાજાએ ચિત્ર રાજકુમારી કનકસુંદરીને મોકલ્યું. ચિત્ર જોતાં કનકસુંદરીની આંખ સ્થિર થઇ. વિજળીની એક ચાંપે સમગ્ર દીવાઓ ઝળહળી ઉઠે તેમ સ્નેહનો પ્રાદુર્ભાવ થતાં તેના શરીરમાં રોમેરોમ વિકસ્વર થયાં. તે ચિત્ર જોવામાં એકદમ તલ્લીન થઇ ગઇ અને બોલી 'શું આ પુરૂષકુમારનું રૂપ છે? દુનિયામાં આવો રૂપવાન પુરૂષ હશે ખરો !' તુર્ત એક સખી બોલી 'કુંવરી! આ મથુરાના મેઘરાજાનો પુત્ર દેવસિંહ કુમાર છે. તે તને ગમે છે ને ?' કુંવરી હસી અને નિઃસાસો નાંખતાં બોલી. 'મારૂં ભાગ્ય એને અનુરૂપ હોવું જોઇએ ને ?'

સખીઓ દ્વારા વિજયશત્રુ રાજાએ કુંવરીનો વિચાર જાણ્યો અને તેથી દૂત મોકલી દેવસિંહકુમાર સાથે કનકસુંદરીનો વિવાહ કર્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સારા મુહૂર્તે પરિવારસહ દેવસિંહ મથુરાથી ઉજ્જયિનીમાં આવ્યો અને કનકસુંદરીને ઉત્સાહપૂર્વક પરણ્યો.

આથી રાજા વિજયશત્રુ અને કનકમંજરીના મનને શાંતિ મળી.

મથુરામાં આજ અરસામાં કોઇ ચતુર્જ્ઞાની મુનિ પધાર્યા. યુવાન દેવસિંહે મુનિની દેશના સાંભળી શ્રાવક ધર્મ સ્વીકાર્યો. અને પછી થોડા દીવસમાં કનકમંજરી સાથે મથુરા આવ્યો.

( ૫ )

દેવસિંહ અને કનકમંજરીનો પ્રેમ પૂર્વભવનો વૃદ્ધિ પામેલો પ્રેમ હતો. દેવની પેઠે તેમણે વિલાસ કરતાં કેટલોક કાળ કાઢયો.

હવે રાજા મેઘ વૃદ્ધાવસ્થામાં પહોંચી ગયા હતા. તેમને અને રાણી મુકતાવલીને પુત્રથી પૂર્ણ સંતોષ હતો. તેમણે બન્નેએ દીક્ષા લીધી અને રાજ્યગાદી દેવસિંહને સોંપી.

રાજા દેવસિંહે આ પછી મથુરાનું રાજ્ય શાંતિ નીતિ અને ધર્મથી પાળી પ્રજાને સુસ્થિત બનાવી.

અંતે સારી રીતે શ્રાવકધર્મને પાળી દેવસિંહ અને કનકસુંદરી મૃત્યુ પામી. મહાશુક્ર દેવલોકે દેવ થયાં અને ત્યાં પણ તેમણે પ્રેમપૂર્વક સત્તર સાગરોપમ દેવસ્થિતિ પાળી.

( પૃથ્વીચંદ્ર ચરિત્ર પદ્ય )

## ૬૨

# સ્વયંવર
## યાને
# દેવરથ અને રત્નાવલી (ચોથા ભવ)

### ( ૧ )

સુકચ્છ વિજયની આગ્રામહી નગરીના રાજા વિમળ-કીર્તિને પ્રિયમતી નામે રાણી હતી. આ રાણીની કુક્ષિમાં દેવસિંહનો જીવ દેવલોકથી ચ્યવી ઉત્પન્ન થયો. રાણીએ આ ગર્ભના પ્રભાવથી સ્વપ્નમાં દેવનો રથ જોયો. પૂર્ણ માસે પુત્રનો જન્મ થતાં રાજાએ સ્વપ્નને અનુસરી પુત્રનું નામ **દેવરથ** પાડયું. દેવરથ બાલ્યકાળ વિતાવી યૌવનવય પામ્યો.

કનકસુંદરીનો જીવ પણ દેવલોકથી ચ્યવી રતિરત્ન નામના નગરના રાજા રવિતેજની સ્ત્રી રતિદેવીની કુક્ષિમાં અવતર્યો. રતિદેવીએ પુત્રીનો જન્મ આપ્યો રાજા રાણીએ પુત્રીનું નામ **રત્નાવલી** પાડયું. રત્નાવલી ચોસઠે કળામાં પારગામી થઇ પણ પુરૂષના નામ માત્રથી તેને દ્વેષ જાગ્યો.

### ( ૨ )

રતિરત્નનગરમાં સ્વયંવર મંડપ મંડાયો. દેશદેશના રાજકુમારો તે નગરી તરફ ઉપડયા. આગ્રામહીનો રાજકુમાર દેવરથ પણ થોડો પરિવાર સાથે લઈ રતિરત્ન નગરે જવા ઉપડયો.

દેવરથે આગ્રામહી નગરીનો સીમાડો છોડયો અને તે થોડું આગળ ચાલ્યો ત્યાં પાંખ કપાઇ ગયેલા પક્ષીની માફક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉડવા મથતા એક વિદ્યાધરને તેણે જોયો. કુમારે વિદ્યાધરને પુછયું કે 'ખેચરરાજ ! આ જંગલમાં તમે એકલા કેમ આવી પડયા ? અને તમારી આવી દશા આમ કેમ થઇ ?'

ખેચર બોલ્યો "કુમાર ! હું કુંડલપુરના શ્રી વિજય-રાજાનો ચંદ્રગતિ નામનો પુત્ર છું. હું કુલપરંપરાની વિદ્યાનો અભ્યાસ વૈતાઢયપર્વતની તળેટીમાં કરતો હતો ત્યાં મેં એક સ્ત્રીનો રોવાનો અવાજ સાંભળ્યો. હું મારો અભ્યાસ છોડી અવાજની દિશામાં ગયો તો એક બેભાન યુવતિને તેની સખીઓ પંખો નાંખતી હતી મને જોતાંજ તે સખીઓ બોલી 'આ અમારી સખી ગંધર્વરાજાની પુત્રી છે. અમે આ ઉદ્યાનમાં રમતાં હતાં ત્યાં તેને અચાનક સર્પ કરડયો અને તે બેભાન થઇને પડી.' મેં મારી દિવ્ય મુદ્રારત્નના પાણીથી તેનું ઝેર ઉતાર્યું. તે સ્ત્રી આળસ મરડી બેઠી થઇ અને પોતાની સખીઓને પુછવા લાગી. 'આ બધું શું છે?' સખીઓએ મારી ઓળખ કરાવી તેને કહ્યું 'તને રમતાં હમણાં સર્પ કરડયો હતો તેથી તું બેભાન થઈ ગઈ હતી. આ ભાગ્યવાન પુરૂષે તારૂ ઝેર ઉતાર્યું છે અને તને સાજી કરી છે.' તે સ્ત્રી આ સાંભળી મારા ઉપર રાગવાળી થઇ. થોડીવારે તેના પિતા ગન્ધર્વરાટ ત્યાં આવ્યો. તેણે મને શ્રીધ્વજ વિદ્યાધરના પુત્ર તરીકે ઓળખ્યો અને પોતાની પુત્રી પરણાવી.

આ પછી અમે બન્નેએ ઘણો કાળ સુખમાં વીતાવ્યો. એકવાર હું ઉદ્યાનમાં પાછો ફરતો હતો તે વખતે મારી ફઇનો છોકરો સુમેઘ સામે ભેટાયો. તે મારી સ્ત્રીને જોઇ લલચાયો અને મારા સાથે યુદ્ધ કરવા લાગ્યો. આ યુદ્ધ વખતેજ હું આકાશગામિની વિદ્યાનું એક પદ વિસરી ગયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હું તુર્ત કપાઈ ગયેલી પાંખોવાળા પક્ષિની પેઠે હેઠો પડયો. કુમાર! તે સુમેઘ મારી સ્ત્રીને લઇને નાસી ગયો."

દેવરથ કુમાર બોલ્યો. 'આકાશગામિની વિદ્યાના અક્ષરો બોલો જોઈએ. હું કાંઇ તમને મદદ કરી શકુંછું કે નહિ?'

વિદ્યાધરે મંત્ર બોલવા માંડયો. દેવરથકુમારે ખુટતું પદ પદાનુસારિણી વિદ્યાથી પુરી આપ્યું. વિદ્યાધરકુમારને તુર્ત વિદ્યા સિદ્ધ થઇ તેથી તે રાજી રાજી થયો. દેવરથકુમારને તેણે આકાશગામિની વિદ્યા તો આપી પણ સાથે સાથે રૂપ બનાવવાની વૈક્રિય વિદ્યા પણ આપી.

ચંદ્રગતિ સુમેઘ વિદ્યાધરને પકડવા આકાશમાં ઉડયો અને દેવરથકુમાર બે વિદ્યાઓ લઈ રતિરત્ન નગરે આવ્યો.

( ૩ )

રતિરત્ન નગરમાં વચ્ચોવચ્ચ મોટો મંડપ ઉભો કરવામાં આવ્યો હતો. આવનાર રાજકુમારો માટે ચારે બાજુએ ઉંચા આસનો બિછાવ્યાં હતાં. સામે રવિતેજ રાજાનું રાજ્ય સિંહાસન મુકાયું હતું.

આઠવાગે આખો મંડપ ચિકાર થયો. બધા રાજકુમારો સિંહાસન ઉપર બેઠયા કોઈ ઘડીક ભૂજા ઉપર દૃષ્ટિ ફેરવતા તો કોઇ પોતાના આભૂષણો જોઇ હરખાતા દેવરથ કુમાર મંડપમાં દાખલ થયો પણ તેણે પોતાના આસને પોતાના મિત્રને બેસાડયો અને પોતે કુરૂપ વીણાવાદકનું રૂપ ધરી દરવાજે વીણા વગાડવા માંડયો.

થોડીવારે રાજકુમારી રત્નાવલી મંડપમાં દાખલ થઇ તે એકેક રાજ્યકુમાર આગળ થોભતી થોભતી દરવાજા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાસે આવી. અહિ એક કુરૂપ વીણાવાદક પોતાની વીણા વગાડતો હતો.

રાજકુમારીની નજર વીણાવાદક ઉપર ઠરી તેણે તુર્ત વીણાવાદકના ગળામાં વરમાળા આરોપી. રાજકુમારોની આંખો લાલ થઇ અને તે બધા સાથે બોલી ઉઠયા, 'જો આવા શ્યામ કુબડા ગવૈયાનેજ વરવું હતું તો બધા રાજકુમારોને શામાટે અહિં તેડાવ્યા ?'

રવિતેજ રાજા પણ ખિન્ન થયો અને મનમાં બોલ્યો 'રત્નાવલી ગમે તેવી ડાહી તો પણ સ્ત્રી જાતને. તેને આમાં શું કોઈ ન ગમ્યો તે આ વીણાવાદકને વરી ?'

ઘડીક પહેલાનો ઉમળકા ભરેલો મંડપ કાગારવ જેવો થઇ ગયો. કોઇ રાજકુમાર બોલ્યો 'પકડો પેલા ગવૈયાને શું આપણા છતાં તે કુમારીને પરણે ?'

રવિતેજ રાજા બોલ્યા. 'કુમારો આ ખોટું કરો છો. તમે તો બધા જાણો છો કે કોઇ રાજ્યમાં રાજ્યનો વારસ ન હોય ત્યારે દિવ્ય કરાય છે. તે દિવ્ય રસ્તે રખડતા ભિખારીને લઇ આવે તો પણ બધા કબુલ કરે છે તેમ અહિં પણ સમજવું. આમાં બીજું કાંઇ ન થાય. કુમારીને ગમ્યું તે ખરૂં. કુમારી વિચક્ષણ છે. તેનો કોઇ આમાં દેવી સંકેત હશે. આ કુબડો નહિ હોય પણ કોઇ રાજબીજ હશે. તેની સાથે લડવામાં તમે બહુ લાભ નહિ કાઢો.'

રાજકુમારોને રાજાના વચનની અસર નહિ થઈ અને તે બધા એકી સાથે દેવરથની આસપાસ વીંટળાઇ વળ્યા. કુમારે સમશેર હાથમાં નચાવી કે તુર્ત વાંદરાઓનું ટોળું નાસે તેમ તે બધા રાજકુમારો નાઠા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રવિતેજ રાજાને તુર્ત ખબર પડી કે 'કુરૂપ ગવૈયો ગવૈયો નહોતો પણ વિમળકીર્તિ રાજાનો પુત્ર દેવરથ છે.'

રાજાએ મહોત્સવપૂર્વક લગ્ન ઉત્સવ આરંભ્યો. દેવરથ કુમારનું નામ સાંભળી રાજકુમારો સ્વસ્થ થયા. અને તે બધાએ લગ્નમાં જાનૈયા થઇ ભાગ લીધો.

થોડા વખતમાં દેવરથ રત્નાવલી સાથે પોતાના નગરે આવ્યો. કામદેવ રતિ સાથે સુખ ભોગવે તેમ તે તેની સાથે વિલાસ કરવા લાગ્યો.

( ૪ )

એક વખત આગ્રામહી નગરીમાં ધર્મવસુ નામના આચાર્ય પધાર્યા. વિમળકીર્તિ પરિવાર સહ દેશના સાંભળવા ગયા. આચાર્ય ભગવંતે ! નમસ્કાર મહામંત્રનો મહિમા વર્ણવ્યો અને કહ્યું કે 'નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરનાર અવશ્ય સદા સુખ સમૃદ્ધિને પામે છે.' ગુરૂએ આ પછી નમસ્કાર મહામંત્ર ઉપર રત્નશિખનું દૃષ્ટાન્ત કહ્યું. વિમળ-કીર્તિ રાજા ગુરૂની દેશના સાંભળી પ્રતિબોધ પામ્યા તેણે દેવરથકુમારને રાજ્યગાદી ઉપર સ્થાપી ધર્મવસુ આચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી.

દેવરથે ઘણા વર્ષ સુધી રત્નાવલી સાથે સુખ ભોગવી પોતાના પુત્ર ધવલને રાજ્યારૂઢ કર્યો. આ પછી બારવ્રત અને બાર ભાવનાને નિવૃત્ત થયેલ તે દંપતી ભાવતાં આયુષ્ય પૂર્ણ કરી આનત દેવલોકમાં ઓગણીસ સાગરોપમની સ્થિતિ-વાળાં દેવ થયાં.

(પૃથ્વીચંદ્રચરિત્ર પદ્ય)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૬૩

# નિર્વાણશ્રવણ

## યાને

# પૂર્ણચંદ્ર અને પુષ્પસુંદરી (પાંચમો ભવ)

## (૧)

આનતકલ્પ દેવલોકનાં અનુપમ સુખ ભોગવી દેવરથનો જીવ વિશાળા નગરીના સિંહસેન રાજાની રાણી પ્રિયંગુમંજરીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. રાણીએ તેજ રાત્રિએ સ્વપ્નમાં સુંદર ચંદ્રમાને જોયો. રાણીએ રાજાને વાત કરી. રાજાએ 'ચંદ્ર જેવો કલાવાન પુત્ર થશે' તેમ કહ્યું. પુરા દીવસે રાણીએ પુત્રનો જન્મ આપ્યો. રાજા રાણીએ એ પુત્રનું નામ **પૂર્ણચંદ્ર** રાખ્યું. પૂર્ણચંદ્ર થોડાજ દીવસમાં ચંદ્ર જેમ ચોસઠ કળાએ ખીલી ઉઠે તેમ બધી કલાએ ખીલી યૌવન વયને પામ્યો.

રાણી પ્રિયંગુમંજરીનો ભાઈ વિશાલ રાજાનો માનીતો સામંત હતો. વિશાળને ત્યાં હરહંમેશ આનંદ આપતી સુલક્ષણી જયા નામે ભાર્યા હતી. આ જયાની કુક્ષિમાં રત્નાવલીનો જીવ દેવલોકથી ચ્યવી ઉત્પન્ન થયો. જયા આ ગર્ભના પ્રભાવથી ઠેર ઠેર જય પામતી થઇ. તેણે પૂર્ણ માસે પુત્રીનો જન્મ આપ્યો. આ પુત્રીનું નામ તેમણે **પુષ્પસુંદરી** રાખ્યું.

વખત જતાં થોડીજ વાર લાગે છે. પુષ્પની કુંપળ જેમ થોડાજ દીવસમાં સુંદર ખીલતું પુષ્પ થાય તેમ પુષ્પસુંદરીએ યૌવનમાં પ્રવેશ કર્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૨ )

વસંત ઋતુ હતી. વનરાજી ખીલી હતી. વિશાળા નગરની બહાર એક મનોહર ઉદ્યાન હતું. આ ઉદ્યાનમાં પુષ્પસુંદરી અને તેની સખીઓ વિવિધ ક્રીડા કરતી હતી. બગીચાના પુષ્પો પવનથી ઉંચા થઇ બાળાના શરીરની કોમળતાને જોઇ પાછાં નીચા નમી પોતાની કોમળતા તેમને ઓછી લાગતાં શરમાઇ નીચે નમતાં હતાં. આકાશનો ખીલેલો ચંદ્ર વાદળીમાંથી નીકળી ઘડીક બાળાને જોતો પણ આહ્લાદકતામાં બાળા વધતી દેખાતાં પાછો શરમાઇ વાદળામાં છૂપાઇ જતો હતો.

બાળા અને સખીઓ આખા ઉદ્યાનમાં ફરી થાકી એક લતામંડપમાં બેઠી. બાળા વીણા વગાડતી હતી અને સખીઓ સુંદર સ્વર પુરતી હતી.

આ અરસામાં પૂર્ણચંદ્ર કુમાર પોતાના મિત્રો સાથે ફરતો ફરતો ઉદ્યાનમાં આવ્યો. કુમારને જોતાં બાળાના હાથ થંભી ગયા અને તેની આંખો કુમારનું રૂપ જોવામાં સ્થિર થઇ. પરંતુ કુમારે જ્યારે તેની સામે નજર નાંખી એટલે બાળાએ શરમીંદા થઇ પોતાનાં નયન નીચે ઢાળ્યાં.

સખીઓ અને બાળા ઉભા થયાં. પૂર્ણચંદ્રનું સ્વાગત કરી તેમને આસન આપ્યું. કુમારે સખીઓને કહ્યું 'તમે તમારો સંગીત ઉત્સવ ચાલુ રાખો અમે તમારૂં સંગીત સાંભળી અમારા કાનને પવિત્ર કરીએ.' સખીઓએ પુષ્પસુંદરીને વીણા વગાડવા ઘણું કહ્યું પણ કુમારને જોયા પછી તેનું શરીર કામ કરતું ન હતું આથી સખીઓએ વીણા

કુમારના હાથમાં આપી. કુમારે વીણાને એવી સરસ વગાડી કે મિત્રો અને પુષ્પસુંદરી સહિત સખીઓતો ડોલી પણ વનના પક્ષિઓ અને ઝાડવાં પણ વીણાના અવાજથી એકતાન થઇ ડોલવા લાગ્યાં.

સંગીતની પુરી ધૂન જામી હતી ત્યાં પુષ્પસુંદરીની માતા તરફથી એક દાસી આવી અને બોલી 'માતા! તમોને જલદી બોલાવે છે. પુષ્પસુંદરીને કેમ મોડું થયું તેનો તે ક્યારનાં વલોપાત કરી રહ્યાં છે.'

સંગીત અધુરૂં રહ્યું. પુષ્પસુંદરી અને સખીઓ પોતાના આવાસે ગયાં અને પૂર્ણચંદ્ર કુમાર મિત્રો સાથે રાજ્યમહેલે આવ્યો.

ચબરાક સખિઓ ચૂપ ન રહી તેમણે જયાને કહ્યું 'બા! શું ઉદ્યાનમાં મઝા જામી હતી. પુષ્પા અને પૂર્ણચંદ્ર બન્ને વીણાં વગાડવામાં એક બીજાથી ચડે એવાં છે. કુમારે પુષ્પાને વીણા વગાડવાનું ઘણું કહ્યું પણ તે બહુ શરમીંદી.' પુષ્પસુંદરીએ મોઢું નીચું ઢાળ્યું અને બોલી 'બહુ બટકબોલી ન બન.'

રાત પડી ત્યાં પુષ્પસુંદરી કુમારના લવારે ચડી ઉંઘમાં પણ પૂર્ણચંદ્રને ઉચ્ચારવા લાગી. વિશાળસામંત અને જયા સમજ્યાં કે પુષ્પસુંદરી પૂર્ણચંદ્રને વરવા ઇચ્છે છે. પુષ્પસુંદરી પૂર્ણચંદ્રને વરે તે તો તેમને ઇષ્ટ જ હતું. આથી તેમણે સિંહસેન રાજા સમક્ષ કુમાર વેરે પુષ્પસુંદરીનો વિવાહ કર્યો.

થોડા જ વખતમાં પુષ્પસુંદરી અને પૂર્ણચંદ્રનાં લગ્ન થયાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂર્વભવનું આ પ્રેમી યુગલ પ્રેમમાં ઓતપ્રોત બન્યું અને એક બીજાનો અનુરૂપ સંયોગ થતાં બન્નેના માતપિતા પણ તેમના પ્રેમને દેખી આનંદ પામ્યાં.

( ૩ )

વિશાળપુર નગરની બહાર મોટું પુષ્પશાળા નામનું ઉદ્યાન હતું. આ ઉદ્યાનમાં એક વખત **સુરસુન્દર** નામના આચાર્ય ભગવંત પધાર્યા. વનપાલકે રાજાને વધામણી આપી એટલે રાજા પરિવાર સહિત ઉદ્યાનમાં આવ્યો. સૂરિએ દેશના આરંભી.

'જન્મ જરા મૃત્યુ રોગ શોક આ બધાં પાપનાં ફળ છે. આ સંસારમાં ડગલે અને પગલે તેનો ભેટો માણસોને થાય છે તે આવે છે ત્યારે માણસ આકુળવ્યાકુળ થાય છે પણ તે દુઃખ કાંઇ ઓછું થાય એટલે માણસ પાછું બધું ભૂલી જાય છે. હે ભવ્યો! કલ્યાણ સાધવા માટે આ ચારે ગતિમાં કોઇપણ ઉત્તમ ગતિ હોય તો તે આ મનુષ્યની છે. તેને પ્રમાદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથાથી ગુમાવો નહિ.'

સભાએ દેશનાને હૃદયમાં ઉતારી ઘણાએ અનેક વ્રત લીધાં. પણ પૂર્ણચંદ્રનું હૃદય મુનિને દેખતાં ધરાયું નહિ. તે બોલ્યો.

" ભગવંત! આપનો દેહ સુકોમળ છે. આપનું લલાટ તગતગતું છે. આંખો તેજસ્વી છે અને ભૂજાઓ દીર્ઘ છે. આપનો દેહ જ આપને વૈભવી અને ભાગ્યવંત સૂચવે છે. આપની વય યૌવન છે. શરીર સશક્ત છે. ઉગ્ર તપ અને ઉગ્ર વિહાર છતાં આપના શરીરની કાંતિ તેવીને તેવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આલ્હાદક છે. કૃપાનાથ! આપને સંસારમાં એવું કયું નિમિત્ત મળ્યું કે જેને લઈ આપે સંસાર છોડયો અને સંયમ લીધો."

"પૂર્ણચંદ્ર! સંસારમાં વૈરાગ્યના નિમિત્તનો કયાં તોટો છે. હળવા કર્મી જીવ તો જ્યાં જ્યાં નજર નાંખે ત્યાં ત્યાં તેને વૈરાગ્યનાં નિમિત્ત મળી આવે છે. આ દેહ, સ્ત્રી, ધન, કુટુંબ જેના ઉપર લોકો આસક્ત થઇ વિવેક ભૂલે છે તે પોતે જ ખરી રીતે વૈરાગ્યનું નિમિત્ત છે કેમકે, તેને વિરસ કે નશ્વર થતાં થોડી જ વાર લાગે છે. પૂર્ણચંદ્રકુમાર! મારો વૃત્તાંત આ પ્રમાણે છે.

"રત્નપુર નગરમાં સુધન નામનો શેઠ હતો તેને સાક્ષાત્ લક્ષ્મી જેવી લક્ષ્મી નામે સ્ત્રી હતી. તે દંપતીને **સુરસુંદર** નામનો પુત્ર થયો. આ સુરસુંદર તે હું. મને પિતાએ બત્રીસ સ્ત્રીઓ પરણાવી. માબાપ સમય જતાં મરી ગયાં. આથી ઘરનો બધો કારભાર મારા હાથમાં આવ્યો. પૈસા ટકાનો મારે ત્યાં તોટો નહોતો. મને કોઇ જાતનું દુઃખ નહોતું. પણ મેં મારી જાતે જ દુઃખ ઉભું કર્યું. રૂપ રૂપના અંબાર સરખી બત્રીસ સ્ત્રીઓને જોઇ મને ઘડી ઘડી તેમના જીવન વિષે શંકા આવતી એથી હું એકે સ્ત્રીને ઘર બહાર નીકળવા દેતો નહિં. તેમજ તે સ્ત્રીઓ ભૂલે ચૂકે કોઇની સાથે વાત કરે તે પણ હું સહન કરી શકતો નહિ. વધુ શું? કુમાર! મારે દુકાને કે બહાર જવું હોય તો હું મારા ઘરની ખડકીએ તાળું મારતો મને ભય રહેતો કે રખેને સ્ત્રીઓમાંની કોઇ આઘીપાછી ન થાય કે મારી ગેરહાજરીમાં બીજો કોઇ આવી તેમનો સંસર્ગ ન સાધે.

આનું પરિણામ એ આવ્યું કે સારા માણસોએ મારૂં ઘર તજ્યું. હું અટુલો બન્યો. વધુ શું કહું, સાધુ સંત પણ મારે ત્યાં આવતા બંધ થઇ ગયા. સૌને એમ થયું કે આવા શંકાશીલના ઘેર ન જવું કેમકે તેના ઘેર જવાથી કોઇ વખત વગર સરજી ઉપાધિ થઇ પડે.

દૈવાનુયોગ એકવાર હું ડહેલીએ તાળું દીધા વિના બહાર ગયો રત્નપુરમાં આ વખતે કોઇ અજાણ્યા મુનિરાજ આવી ચડેલા તે ફરતા ફરતા ધર્મલાભ કહી મારે ઘેર આવ્યા. મારી પ્રિયાઓ મુનિને જોઇ આનંદ પામી. તેમણે એ મુનિને પડિલાભ્યા અને કહ્યું 'ભગવંત ! અમને ધર્મનું પાન કરાવી અમારો જન્મ સફળ કરો' મુનિએ મારી સ્ત્રીઓની ધર્મજિજ્ઞાસા દેખી ઉપદેશ આપવા માંડયો. હું ઘેર આવ્યો તો તેજસ્વી યુવાન સાધુ આસન ઉપર બેસી ઉપદેશ આપતા હતા અને મારી સ્ત્રીઓ એકીટશે તે સાંભળતી હતી. દ્વારમાં પેસતાંજ મને એવો ક્રોધ ચઢયો કે 'આ સાધુને એના એકેક અંગ ઉપર એવી પાંચ લાકડીઓ મારૂં કે ફરી મારે ઘેર આવવાનું ભૂલી જાય.' ક્રોધમાં ધમધમતો હું ઘરના ઓરડામાં દાખલ થાઉં તે પહેલાં મને વિચાર આવ્યો કે 'મને જરા ઉભો રહેવા દે આ સાધુ અને મારી સ્ત્રીઓ શું ગોષ્ઠી કરે છે તે તો જોઉં.' હું ઓરડા બહાર ઉભો રહ્યો તો સાધુ બોલતા હતા. કે.

"હે ભાગ્યવંતી સ્ત્રીઓ ! હિંસા બહુ ખરાબ વસ્તુ છે હિંસા કરવાથી પરભવમાં પાંગળા, લુલા, બોબડા અને બહેરાપણું આવે છે. હિંસા કરનાર ભવોભવ દુર્ભાગી, નિર્ધન

અને ઠેર ઠેર તિરસ્કાર પામે છે. માટે જેમ બને તેમ હિંસાનો ત્યાગ કરો' આ પછી તેમણે શત્રુંજય અને શુર નામના બાપદીકરાની વાત કરી. મારી સ્ત્રીઓ બોધ પામી અને તેમણે બધાંએ **સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ** વ્રત સ્વીકાર્યું.

કુમાર ! મારો ક્રોધ જરા શાંત થયો. મનનો વ્હેમ સહેજ હળવો થયો અને મેં વિચાર્યું કે 'સ્ત્રીઓએ આ વ્રત લીધું તે તો સારૂં લીધું. હવે મારી સાથે કદાચ અણબનાવ થશે તો તે કોઇ દીવસ ઉશ્કેરાઇને પણ મારૂં ખોટું નહિ કરે. મેં મનથી નિશ્ચય કર્યો કે હવે આ સાધુને હું પાંચ નહિ પણ ચાર લાકડી મારીશ.

મુનિએ તેમનો ઉપદેશ આગળ ચલાવ્યો અને બોલ્યા. 'હે કુળવાન સ્રીઓ ! આ જીવનમાં સત્ય એ અત્યુત્તમ છે. સત્યથી માણસનો વિશ્વાસ બેસે છે. સાચો માણસ બધે વ્હાલો લાગે છે. કોઇ પણ ઠેકાણે જુઠું બોલવાનું ન રાખશો. જુઠું બોલવાથી પરભવમાં જીભ છેદાય છે. જુઠુ બોલનારને લોકો લુચ્ચો અને ખળ કહે છે. જુઠા માણસનો કોઇ ભરોંસો રાખતું નથી.' આ પછી તેમણે ધન શ્રેષ્ઠિનું દૃષ્ટાન્ત આપ્યું.

કુમાર ! મારી સ્ત્રિઓએ આ દૃષ્ટાન્ત સાંભળી આ મુનિ પાસે **સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રત** સ્વીકાર્યું. મેં બહાર રહી આ જોયું તેથી મને થયું કે 'આ વ્રત પણ તેમણે ઘણું સારૂં સ્વીકાર્યું' મારી ઘણી શંકાઓ આથી ટળશે. કેમકે હું વારે ઘડીયે પુછતો કે કોણ આવ્યું હતું ? કોના સા સું ત ?



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતું ? કોણે તમને બોલાવ્યા હતા ? વિગેરે મારા પ્રશ્નોના સાચા ઉત્તરો તેઓ આપશે. અને મને ખોટી કે બનાવટી વાતોથી ઠગશે નહિ. હવે હું મુનિને ચાર નહિ ત્રણ જ લાકડી મારીશ.' એમ મેં મનમાં બોલી સંતોષ અનુભવ્યો.

મુનિએ કહેવા માંડયું 'ભાગ્યશાળિ શ્રેષ્ઠિવધૂઓ ! જીવને દશ પ્રાણ છે. પણ મૂર્ચ્છાને લઇ લોકો ધનને અગિઆરમો પ્રાણ માને છે. આ ધન જતાં માણસ મૂર્ચ્છા ખાઇ પટકાય છે અને જીવ કાઢી નાંખે છે. માટે કોઇ દીવસ કોઇની પણ નહિ આપેલી વસ્તુ લેશો નહિ. ચોરી એ મહા ભયંકર છે. ચોરી કરનારને આ ભવમાં રાજા દંડે છે અને પરભવમાં કર્મરાજા દંડે છે. ચોર માણસ જ્યાં જાય ત્યાં તિરસ્કાર પામે છે અને કુતરાની માફક હડહડ થાય છે. સિદ્ધદત્તે ચોરી નહિ કરવાનો નિયમ રાખેલો તેથી ઠેર ઠેર માન પામ્યો અને કપિલ ચોરી કરવાને કારણે ઠેર ઠેર દંડાયો.'

કુમાર ! મુનિનો આ ઉપદેશ મારી સ્રિઓને ગમ્યો અને તેમણે **સ્થૂલ અદત્તાદાન વિરમણ**નાં પ્રત્યાખ્યાન લીધાં. અને આનંદ થયો. હું મનમાં બોલ્યો. 'મારે હવે ઘેર તાળાં મારવાની કે અવિશ્વાસ રાખવાની પંચાત મટી. ગમે ત્યાં ગમે તે વસ્તુ પડી હશે તો પણ મારા ઘરમાંથી હવે કોઇ ચીજ જવાની નથી. આ સાધુએ ઉપદેશ તો સારો આપ્યો.' મેં તે વખતે સાધુનો ઉપકાર માન્યો અને નિશ્ચય કર્યો કે 'હવે આ સાધુ બેથી વધુ દંડને લાયક નથી.'

આ પછી મુનિ બોલ્યા. 'સૌથી ઉત્તમમાં ઉત્તમ શિયળ છે. શિયળવંતને દેવતાઓ પણ વશ થાય છે અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રભાતે સારા શિયળવાળાનાં સૌ નામ યાદ કરે છે ' મુનિએ શીલસુંદરીનું દૃષ્ટાન્ત આપી તેમને **સ્વપતિ સંતોષ નામનું ચોથું અણુવ્રત આપ્યું.**

કુમાર ! સ્ત્રીઓએ આ નિયમ લીધો એટલે મારા હર્ષનો પાર ન રહ્યો. હું બહાર ઉભો ઉભો ખુબ નાચ્યો આજ સુધી મને સ્ત્રીઓ પ્રત્યે વ્યભિચારની કે પર પુરૂષ પ્રત્યેના રાગની શંકા રહેતી તે હવે ટળી. હું મનમાં બોલ્યો ' વાહ ! ઉપકારી મુનિ ! તમે ખુબ સરસ કર્યું મારૂં આખું ઘર સુધાર્યું. મારી હંમેશની ચિંતા ટાળી. આજથી હવે મારાં દ્વાર સાધુસંત માટે ખુલ્લાં રહેશે.'

' મુનિ ! હવે તમને હું એકજ લાકડી મારીશ કેમકે તમે મારા ઉપર ઓછો ઉપકાર નથી કર્યો.'

આ પછી હવે શું આગળ ચાલે છે તે જોવા હજી થોડીવાર બહાર હું થોભ્યો ત્યાં મુનિએ આગળ ચલાવ્યું.

' એ સતીસ્ત્રિઓ ! માણસને ખાવા પરિમિત જોઈએ છે અને પહેરવા ઓઢવા પણ પરિમિત જોઈએ છે. છતાં તે સંગ્રહ અમાપ રાખે છે. આ સંગ્રહશીલ સ્વભાવ તેને તેમાં મૂર્છા ઉત્પન્ન કરાવે છે અને તેના જીવનને બરબાદ કરે છે. હે સુગુણી સ્ત્રીઓ ! ગુણાકરે પરિગ્રહ પરિમાણ વ્રત લઈ કલ્યાણ સાધ્યું તેમ તમે પણ તે વ્રત સ્વીકારો.

મારી સ્ત્રીઓએ ઈચ્છાઓનું પ્રમાણ કર્યું અને **પાંચમું પરિમાણ અણુવ્રત** પણ સ્વીકાર્યું.

મારૂં હૃદય પલટાણું. હું વિચારવા લાગ્યો. 'મારા ઘરની આખી સિકલ ફેરવી નાંખનાર ઉપકારી મુનિને પાંચ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાકડીના ઘા મારવાનું વિચાર કરનાર હું કેવો અધમ છું. હરહંમેશ સ્ત્રીઓની કુચેષ્ટાની શંકા રાખનારો હું પોતે જ કુચેષ્ટાનો ભંડાર છું. હું જેમની શંકા રાખતો હતો તેમણે તો ઉત્તમ વ્રત સ્વીકાર્યાં અને તેમણે તેમનું હિત સાધ્યું. પણ હું મુનિને મારવાનો વિચાર કરનાર કઇ ગતિએ જઇશ.' મુનિ આગળ મેં મારો પશ્ચાતાપ રજુ કર્યો.

'ભગવંત ! આપ જેવા પરોપકારી સાધુ ભગવંતના હાડકાં ખોખરાં કરવાનો મેં નિર્ણય કર્યો. આપની અમૃત વાણીને મેં શંકાની નજરે નિરખી. મારા અધમનો કઇ રીતે નિસ્તાર થશે ?'

મુનિ બોલ્યા. 'ભદ્ર ! પાપ પશ્ચાતાપે તુટે છે અને સાથે જ તેવી તીવ્ર કરણીથી નિર્મૂળ થાય છે. પાપને દૂર કરવાનો ઉત્તમમાં ઉત્તમ માર્ગ સાધુવ્રતનો છે. પણ તે વ્રત કાયરો માટે નથી. તેનો આદર અને નિર્વાહ સત્ત્વશાળીઓજ કરી શકે છે'.

'હે પૂર્ણચંદ્ર ! મારા હૃદયમાં તીવ્ર પશ્ચાતાપ જાગ્યો અને મેં ભર્યું ભાદર્યું ઘર અને સ્ત્રીઓ છોડી સંયમ લીધું.'

હું તો અત્યારે પણ તે સ્ત્રીઓ અને ગુરૂનો ઉપકાર માનું છું કે મારૂં આ રીતે તેમને હાથે શ્રેય થયું.'

સિંહસેન રાજા સુરસુંદરસૂરિની આત્મકથા સાંભળી પ્રતિબોધ પામ્યા. તેમણે પૂર્ણચંદ્રકુમારને રાજ્ય ઉપર આરૂઢ કરી ભાગવતી પ્રવજ્યા સ્વીકારી.

પૂર્ણચંદ્રકુમારે પણ સમકિત સહિત ગુરૂ પાસે અણુવ્રત સ્વીકાર્યાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૪ )

આ પછી પૂર્ણચંદ્ર અને પુષ્પસુંદરીને સંસાર સુખ ભોગવતાં પુત્ર થયો તેમનું તેમણે **વીરોત્તર** નામ રાખ્યું. વિરોત્તરકુમાર મોટો થતાં રાજાએ તેને યુવરાજ બનાવ્યો.

પૂર્ણચંદ્ર અને પુષ્પસુંદરી ગોખે બેઠાં હતાં. તેમની ઉંમર આધેડ થઇ હતી. સંસારના રંગરાગ ઓછા થયા હતા છતાં તેમનો એક બીજા પ્રત્યેનો પ્રેમ ગાઢો અને પરિપક્વ હતો.

આ વખતે એક પુરૂષ આવ્યો અને બોલ્યો.

'રાજન્ ! આપના પિતા સિંહસેન રાજર્ષિ સંયમ લઇ વિચરતા હતા તે કૈવલ્ય પામી નિર્વાણ પામ્યા.'

પિતાનું નિર્વાણ સાંભળી રાજા ક્ષણભર દુઃખી થયો પણ બીજી જ ક્ષણે તેને આનંદ થયો. તે વિચારવા લાગ્યો "ખરેખર પિતાને ધન્ય છે કે જેમણે રાજ્ય ઋદ્ધિ વૈભવ ભોગવ્યો અને છેવટે અનંત સુખ મેળવ્યું. હું એ જ પિતાનો પુત્ર છું છતાં સંસારમાં રહ્યો છું. હું ધૂમાડાના બાચકા જેવી આ સંસારની સ્થિતિને સારી રીતે જાણું છું છતાં હું તેને છોડી શકતો નથી.' રાણી પુષ્પસુંદરી રાજાને પડી ગયેલા મુખવાળા દેખી બોલી 'નાથ ! કેમ ગમગીન બન્યા છો રાજર્ષિનું નિર્વાણ તો અનુમોદના પાત્ર છે.'

'દેવિ ! હું તેનું અનુમોદન કરૂં છું પણ મને પશ્ચાતાપ મારા જીવનનો થાય છે. તેમણે તો આત્મકાજ સાધ્યું પણ હું આમ કયાં સુધી રાજ્યકાજમાં પરોવાયેલ રહીશ.'

'નાથ ! હજુ શું બગડયું છે. રાજ્યની જવાબદારી કુમારને સોંપો અને આપણે ધર્મમાં ચિત્ત પરોવીએ.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજા પૂર્ણચંદ્ર રાણીને ધર્મપ્રેરક બનતી જોઇ આનંદ પામ્યો. તેણે વીરોત્તર કુમારનો રાજ્યાભિષેક કર્યો. અને પોતે તથા રાણી પોષહ પ્રતિક્રમણ વિગેરે ધર્માનુષ્ઠાનમાં જોડાયાં. રાજાને હવે જીવનમાં કોઇ આશા, ઇચ્છા કે આકાંક્ષા ન હતી. તેની માત્ર જંખના સુરસુંદરસૂરિ મહારાજનો મેળો કરવાની હતી. તેણે ઠેર ઠેર માણસો મોકલી ગુરૂમહારાજની તપાસ કરાવી પણ તેમનો તેને પત્તો ન લાગ્યો તેથી તે બોલ્યે.

'તે દેશ નગર અને ભૂમિને ધન્ય છે કે જ્યાં મારા ગુરૂ વિચરે છે. હું કયારે એ મહાપુરૂષનું દર્શન કરીશ અને તેમની પાસે સંયમ લઇશ.'

રાજા ગુરૂ અને સંયમને જંખતો રાણી સાથે અનેક પ્રકારનાં તપમાં આગળ વધ્યો. કોઇ એક રાતે આકસ્મિક રીતે રાજાને રોગે ઘેર્યો. તેના શરીરમાં ઉગ્ર પીડા થઇ, પણ રાજાએ તે બધી પીડાને દેહનો સ્વભાવ ગણી ઉવેખી ચિત્તને સ્થિર રાખ્યું.

મૃત્યુકાળે રાજાએ રાજ્ય, પુત્ર, સ્ત્રી અને વૈભવ ઉપરથી મમતા ઉતારી બાર વ્રતની ભાવનામાં સ્થિર થઇ, ગુરૂની ભાવના ભાવતો મૃત્યુ પામી અગીઆરમા દેવલોકે ગયો.

પુષ્પસુંદરી પણ પતિની સમકક્ષાએ વ્રત આચરી તે જ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થઇ.

આમ પ્રથમ ભવના શંખરાજા અને કલાવતી રાણીના જીવો ઉત્તરો ઉત્તર જીવનવિકાસમાં આગળ વધતાં આગળ આગળના દેવલોકે ગયાં.

[ પૃથ્વીચંદ્ર ચરિત્ર પદ્ય ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬૪

# કેવળીનો ઉપદેશ

## યાને

# સૂરસેન અને મુક્તાવલી (છઠ્ઠો ભવ)

## (૧)

"દેવ ! આજે રાત્રિએ હું ફરતો હતો ત્યારે એક સ્ત્રી બોલી. 'નરસિંહ રાજા ઘણું જીવો શું દયાળુ પરાક્રમી રાજા છે.' પણ તેની બીજી સહચરીએ તુર્ત ઉત્તર આપ્યો.

'રાજાનાં ખોટાં વખાણ ન કર. રાજાનું નામ ભલે નરસિંહ રહ્યું. બાકી કામ તો તેનાં નરજંબુક જેવાં છે.'

પહેલીએ કહ્યું. 'કેમ એમ બોલે છે ?'

બીજી બોલી 'જાણતી નથી કે રાજાની ઉંમર પરિપક્વ થવા આવી છે. તેને પુત્ર નથી છતાં તે તે પુત્ર માટે થોડો જ પ્રયત્ન કરે છે. પ્રયત્ન કરે તો પુત્ર ન થાય તેવું થોડું જ છે. પૂર્વના કેઇ રાજાઓએ ઋષિઓ, દેવો અને મંત્રની સાધનાથી શું પુત્ર નથી મેળવ્યા ? આ રાજામાં એવું પરાક્રમ જ કયાં છે ? ફળ વિના તો ઝાડવાંય શોભતાં નથી પછી માણસ તો સંતતિ વિનાનો શોભે જ કયાંથી ?'

મિથિલાના રાજા **નરસિંહ** આગળ એક ગુપ્તચરે આ વાત કરી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજા શરૂઆતમાં તો ક્રોધવાળો થયો પણ ક્ષણવાર વિચાર કરતાં તેને લાગ્યું કે વાત કરનારનો આશય મારી નિન્દાનો નથી પણ હું સંતતિ વિનાનો હોવાથી તેનું તેને દુઃખ છે. અને તેથી તેણે બળતા હૃદયે મને ઠપકો આપ્યો છે.'

રાજાએ મંત્રીને આ બધી વાત કરી. મંત્રીએ કહ્યું 'રાજન્ હમણાં મિથિલામાં એક યોગી આવ્યો છે. તે ઘણાને આશ્ચર્ય બતાવે છે અને અગમ્ય વાતો કરે છે. આને આપણે પુછીએ તો આનો કાંઇક માર્ગ જડશે.'

( ૨ )

'યોગીરાજ! તમે શું શું કરી શકો છો અને તમારામાં શી શી શક્તિ છે?' રાજાએ યોગીનો સત્કાર કરી પુછયું.

'રાજન્! મારી શક્તિ અપાર છે. તમો કહો તો નાગલોકમાંથી હું નાગકન્યાને હાજર કરૂં. કહો તો ચારે બાજુ પાણી ફેલાવું. કહો તો હાથી અને ઘોડાની કતારો બતાવું. દુનિયામાં કોઇ એવું કામ નથી કે હું ન કરી શકું?'

'એમ છે તો બોલાવો જોઇએ નાગકન્યાને?' રાજાએ આશ્ચર્ય જાણવા કહ્યું.

યોગીએ પદ્માસનવાળી આંખો મિંચી ત્યાં એકદમ તેજનો પુંજ થયો અને તેમાંથી નાગકન્યા હાજર થઇ. નાગકન્યા બોલી 'યોગી શી આજ્ઞા છે?'

યોગી બોલ્યો 'કન્યા! રાજાને પુછ અને તેની આજ્ઞાનો અમલ કર.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજા દિગ્મૂઢ થયો. થોડીવારે નાગકન્યા અદૃશ થઇ..

મંત્રી બોલ્યો 'યોગિ! અમારા રાજાને પુત્ર નથી પુત્ર થાય તેવું તમે કાંઈ કરી શકો તેમ છો ?'

યોગીએ કહ્યું 'પુત્ર અને રાજાને બીજું જે જોઇએ તે બધું હું કરી આપી શકું તેમ છું પણ તે માટે રાજાએ હું કાળી-ચઉદસે જ્વાલિની વિદ્યા સાધું છું તેમાં ઉત્તર સાધક થવું પડશે. આ વિદ્યા સધાય એટલે બધી સિદ્ધિ મળશે અને હું બધું ધાર્યું કરી આપીશ.'

'યોગિરાજ! હું તમારો ઉત્તરસાધક થઇશ' એમ કહી રાજાએ સભા બરખાસ્ત કરી.

( ૩ )

કાળીચૌદસની ઘોર અંધારી રાત હતી. શ્મશાનમાં યોગી માંડલું ચિતરી વચ્ચે હવનનો કુંડ સળગાવી અનેક મંત્રોચ્ચાર બોલતો હતો. તેણે રાજાને જોઇ કહ્યું 'રાજન્! જુઓ સામે પેલું એક વડનું ઝાડ છે. તેની ડાળી ઉપર એક શબ લટકે છે તે તમે લઇ આવો તમારી સાથે તે ગમે તે બોલે પણ તમે જરા પણ તેને ઉત્તર આપશો નહિ.'

રાજા વડવૃક્ષ પાસે ગયો તેણે શબ હેઠું ઉતાર્યું પણ પાછું તે ઉપર ચડી ગયું રાજાએ આમ બે ચાર વાર કર્યું પણ રાજા કંટાળ્યો નહિ એટલે શબનો વ્યંતર પ્રસન્ન થયો અને બોલ્યો. 'ભોળા રાજા! આ યોગી માયાવી અને દુર્જન છે. તું પુત્રનો અર્થી છે. તેથી તું તેનો ઉત્તર સાધક થયો છે. પણ તું બરાબર ધ્યાન રાખજે કેમકે આ યોગી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તારો વધ કરી વિદ્યા સાધવા માગે છે તે તારી પાસે તલવાર માગે તો તું ભૂલેચૂકે આપીશ નહિ. પુત્રની પ્રાપ્તિ માટે હું તને વરદાન આપું છું કે સાતમા દીવસે તારી રાણી ગર્ભવતી થશે અને તે પુરે માસે તેજસ્વી પુત્રનો જન્મ આપશે.'

રાજા મૌન રહ્યો. તેણે ફરી શબને ઉપાડયું અને તેને લઈ તે યોગી પાસે આવ્યો.

યોગીએ ઉભા થઇ શબને ઉભુ રાખ્યું તેની ચંદનથી ચર્ચા કરી અને તેના ઉપર કરેણનાં ફુલ ચડાવ્યાં. આ પછી યોગી બોલ્યો 'રાજન્ હવે તમારી તલવાર લાવો આ તલવાર મારે મૃતકના હાથમાં આપવી પડશે. અને તે મૃતક તલવારથી આ હોમ વિધિની રક્ષા કરશે'

'યોગિ! ક્ષત્રિય બચ્ચો બધું આપે પણ તલવાર તો તે સોંપી ન જ શકે.'

'રાજા! તું શું બોલે છે યોગની વિધિ અધુરી રહે તો મારૂં અને તારૂં બન્નેનું આવીજ બને? વિચાર પછી કરજે તલવાર આપ.'

રાજાએ તલવાર ન આપી એટલે યોગી રાજા સામે લડવા તૈયાર થયો. પણ તેનું શું ગજું હતું કે રાજાને પહોંચી શકે. રાજાએ તેને હેઠો નાંખ્યો અને કહ્યું 'યોગી મારા હાથ તારા જેવા પરિવ્રાજકને મારતાં શરમાય છે. હું તને નહિં મારૂં પણ આવું તું ફરી કરીશ નહિ.'

યોગીનો યોગ અધુરો રહ્યો, રાજાએ તેને જીવતો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છોડયો તે બદલ તેણે તેને વ્રણસંરોહણરત્ન આપ્યું. સવાર થતાં રાજા અને યોગી બન્ને પોતપોતાના સ્થળે ગયા.

( ૪ )

પૂર્ણચંદ્રનો જીવ દેવલોકથી ચ્યવી રાણી **ગુણમાલાની** કુક્ષિમાં અવતર્યો. રાણીને ગર્ભના પ્રભાવથી સર્વસામંતથી પરિવરી હાથી ઉપર બેસી નગર અને બગીચામાં ફરવા જવાનો દોહલો ઉત્પન્ન થયો. નરસિંહ રાજાએ રાણીના દોહલાનુસાર રાણીને હાથી ઉપર બેસાડી ઉપવનમાં ફેરવી. રાજા રાણી બન્ને ઉપવનમાં હતાં તે વખતે એક સ્ત્રીનું કરૂણ રૂદન સંભળાયું. રાજા રાણી અવાજની દિશામાં ગયાં તો એક પુરૂષ ઘાયલ થયેલો પડયો હતો અને તેની પાસે તેની સ્ત્રી તેનો ઉપચાર કરતી રોતી હતી. નરસિંહ રાજાએ વ્રણસંરોહણરત્નથી તુર્ત ઘાયલ થયેલા પુરૂષનો ઘા રૂઝાવ્યો અને પુછયું 'ભાગ્યવંત! તમે આવી મુશ્કેલીમાં કેમ આવી પડયા?' સાજો થયેલ પુરૂષ બોલ્યો.

" હું વૈતાઢયના **રત્નપુર** નગરના રાજા **જયંતનો** પુત્ર **જયવેગ** નામનો વિદ્યાધર છું. મારે એક મોટી બ્હેન હતી. આ બ્હેનની માગણી કુંભનગરના **શ્રીધરનૃપતિએ** કરી. મારા પિતાએ શ્રીધરરાજાનું આયુષ્ય નિમિત્તક દ્વારા અલ્પ જાણ્યું તેથી તેમણે તેને તે ન આપી અને અચલ-પુરના રાજા **અનંગવેગ** વિદ્યાધરને આપી. શ્રીધર ક્રોધે ભરાણો અને તે મારા પિતા સાથે યુદ્ધ કરવા આવ્યો. આ યુદ્ધમાં શ્રીધર મૃત્યુ પામ્યો. પણ તેનું વેર તેનો પુત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**કિન્નર** ન ભૂલ્યો. એક વખત હું મારી સ્ત્રી **રવિકાંતા** સાથે ઉદ્યાનમાં આ નગરની સમીપે આવ્યો ત્યારે તે લાગ જોઈ મારા ઉપર તીવ્ર ઘા કરી નાસી ગયો. આ તીવ્ર ઘાએ હું મૂચ્છિર્ત થયો તેથી મારી પ્રિયાએ ચીસ નાંખી. આ ચીસ સાંભળી તમે આવ્યા અને મને સાજો કર્યો."

અહિં રવિકાંતા વિદ્યાધરી અને ગુણમાલા રાણીને સખીપણું થયું. ગુણમાલાએ પૂર્ણમાસે પુત્રનો જન્મ આપ્યો એટલે તે વિદ્યાધરી તેને રમાડવા આવી તે કુમારનું સુંદર રૂપ જોઈ બોલી 'સખિ! મને નિમિત્તીયાએ કહ્યું છે કે 'તારે પહેલી પુત્રી થશે. જો પુત્રી થશે તો હું મારી પુત્રીને તારા પુત્ર વેરેજ પરણાવીશ.

ગુણમાલા બોલી 'બહુ સારૂં. તારે અને મારે કયાં જુદાઇ છે. પુત્રી થાય ત્યારે કહેજેને. જન્મ પહેલાં શું વાત કરવી?' રાજાએ અને ગુણમાલાએ પુત્રનું નામ **શુરસેન** કુમાર પાડયું.

થોડાજ વખતમાં રવિકાંતાની કુક્ષિમાં પુષ્પસુંદરીનો જીવ દેવલોકથી ચ્યવી પુત્રીપણે ઉત્પન્ન થયો. પુરે માસે રવિકાંતાએ તેનો જન્મ આપ્યો અને તેનું નામ **મુક્તા-વલી** પાડયું.

સમય જતાં શૂરસેન અને મુક્તાવલી યૌવનવય પામ્યાં. જયવેગ વિદ્યાધર પુત્રી મુક્તાવલીને લઇ મિથિલા આવ્યો અને તેણે પોતાની પુત્રી શૂરસેન કુમાર સાથે પરણાવી.

શૂરસેન અને મુક્તાવલી આનંદપૂર્વક દાંપત્ય જીવન ગુજારવા લાગ્યાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૫ )

નાહીધોઇ પરવાર્યા બાદ એક વખત નરસિંહ રાજાએ રાજ્યમહેલના મુખ્ય ભવનના એક આરિસામાં પોતાનું મોઢું જોયું. મોઢું જોતાં રાજા વૈરાગ્યના વિચારે ચઢયો. 'અહો ! પહેલાં મારા કેવા કાળા ભ્રમર જેવા વાળ હતા. આજે તે મુંજ જેવા કેવા પીળા થઇ ગયા છે. મારા ગાલ અને દાંતમાં પણ કેટલો બધો ફેર પડી ગયો છે. ડાચાં બેસી ગયાં છે. અને દાંત પોલા થઇ ગયા છે. પ્રથમનું ટટ્ટાર મારૂં શરીર કયાં અને અત્યારે લચી પડતી મારી કાયા કયાં ? ખરેખર આ દેહ વિરસજ છે. તેને ગમે તેટલું ખવરાવો પીવરાવો કે મર્દન કરો પણ તે અશુદ્ધિથી ભરેલો વિરસજ રહેવાનો' આ વિચારમાંજ નરસિંહરાજા કેવળજ્ઞાન પામ્યા. આકાશમાં દેવદુંદુભિ વાગી દેવોએ નરસિંહરાજાને સાધુનો વેષ આપ્યો. નરસિંહ કેવળીએ ત્યારપછી જગતમાં વિચરી ભવ્ય જીવોને ઉપદેશ આપવા માંડયો. અને મિથિલાના રાજ્ય ઉપર શૂરસેન કુમાર આરૂઢ થયો.

( ૬ )

સમય જતાં વાર ન લાગી. શૂરસેન રાજા અને રાણી મુક્તાવલીને **ચંદ્રસેન** નામનો પુત્ર થયો. આ પુત્ર પણ યૌવનવય પામતાં આઠ કન્યાને પરણ્યો.

એક વખત મિથિલામાં ઘોડાના વેપારી આવ્યા. રાજાને તે ઘોડા ખરીદવાનું મન થયું. રાજાએ તેમાંથી એક ઘોડો પસંદ કર્યો અને નગર બહાર તેના ઉપર સવાર થઇ તેની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરીક્ષા કરવા લાગ્યો. આ અરસામાં એક વૃક્ષ નીચે આતાપના લઈ રહેલ મુનિ ઉપર શૂરસેન રાજાની નજર પડી. તે ઘોડા ઉપરથી હેઠો ઉતરી મુનિને પગે લાગી તેમની પાસે દેશના સાંભળવા બેઠો. મુનિએ દેશના આપતાં કહ્યું.

'રાજન્! ભલે ભોગ ભોગવો. પણ ખરી રીતે તમે ભોગ ભોગવતા નથી પણ તમારૂં શરીર ભોગવાય છે. ભોગમાં હંમેશાં રોગનો ભય રહેલો જ હોય છે. માટે ભોગનો ત્યાગ એ જ શ્રેયસ્કર છે.'

રાજા દેશના સાંભળી ભાવિત દીલે રાજ્ય મહેલે આવ્યો. થોડી વાર થઈ ત્યાં દેવદુંદુભિ ગર્જી. રાજા વિચાર કરે ત્યાં તો વનપાલકે ખબર આપી કે 'આતાપના લેતા મુનિને કેવળ જ્ઞાન પ્રગટયું છે. રાજા, રાણી આદિ પરિવાર સાથે કેવળી ભગવંતને વાંદવા ગયો. કેવળી ભગવંતે દેશના આપી તેમાં રાત્રિ ભોજનની ભયંકરતા ઉપર ઇશ્વર અને ધનેશ્વરનું દૃષ્ટાંત આપી જણાવ્યું કે.

'પદ્મખંડ નગરમાં ઇશ્વર અને ધનેશ્વર નામના બે વણિક્ મિત્રો હતા. ઇશ્વરને રાત્રિ ભોજનનો નિયમ હતો. ધનેશ્વર હંમેશાં રાત્રિભોજન જ કરતો. ધનેશ્વર આ રાત્રિ ભોજનના પ્રતાપે મરી અનેક ભવ કરી તે વિશાલાપુરીમાં દેવગુપ્ત બ્રાહ્મણનો પુત્ર થયો. તે જન્મતાંજ કેટલાક રોગ લઇને જન્મ્યો. અને જેમ જેમ વધતો ગયો તેમ તેમ તેના રોગો પણ વધતા ગયા.

ઇશ્વર વણિક્ દીક્ષા લઇ સાધુ થયો. વિહાર કરતા કરતા ઇશ્વર મુનિરાજ વિશાળામાં આવ્યા. દેવગુપ્તે આ મુનિને દિત્રના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રોગનો પ્રતિકાર પુછયો. મુનિએ તેનો પૂર્વભવ જોઇ કહ્યું 'રોગ જેથી થયો હોય તે કારણ દૂર કરવામાં આવે તોજ રોગ મટે તેમ તારા પુત્રને જે આ રોગની પીડા થઇ છે તે પૂર્વભવે કરેલા રાત્રિભોજનના પાપનો પ્રતાપ છે.' આને માટે તે રાત્રિભોજનના ત્યાગનો નિયમ લે તેજ ઉચિત છે. આ પછી મુનિએ દેવગુપ્તના પુત્રને રાત્રિભોજનના નિયમ આપ્યા. આ નિયમનું તેણે સુંદર પાલન કર્યું તેથી તે મૃત્યુ પામી દેવલોકે ગયો.

રાજન્! ઇશ્વરમુનિ તે હું અને મારો મિત્ર ધનેશ્વરનો જીવ તે આ પર્ષદામાં મારી વધુ ભકિત કરતો દેવ દેખાય છે તે છે. જેણે પૂર્વભવે રાત્રિભોજનનો નિયમ ઘણા ઘણા પ્રલોભનો છતાં સુંદર રીતે પાળ્યો તેથી તે દેવ થયો છે.

ઇશ્વર કેવળીનો ઉપદેશ સાંભળી શૂરસેન રાજા પ્રતિબોધ પામ્યો. તેણે પોતાનો પુત્ર ચંદ્રસેનને રાજયગાદી આપી મુકતાવલી સાથે દીક્ષા સ્વીકારી.

શૂરસેન રાજર્ષિ અને મુકતાવલીએ સુંદર ચારિત્ર પાળ્યું જેના પ્રતાપે તે બન્ને ત્યાંથી મૃત્યુ પામી ગ્રૈવેયકમાં ઉત્પન્ન થયાં.

(પૃથ્વીચંદ્ર ચરિત્ર પદ્ય)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૬૫

# જુગારી આપણે ખરા કે નહિ ? (સાતમો ભવ)
## યાને
# પદ્મોત્તર અને હરિવેગ

### (૧)

**પદ્મોત્તર** ગર્જનપુરના રાજા **સુરપતિ** અને રાણી **સતીનો** પુત્ર હતો.

**હરિવેગ** વૈતાઢય પર્વતના સુભીમનગરના વિદ્યાધર **તારવેગ** રાજા અને **કમલમાલા** રાણીનો પુત્ર હતો.

પદ્મોત્તર એ પૂર્વભવનો શૂરસેનનો જીવ હતો અને હરિવેગ એ પૂર્વભવનો મુક્તાવલીનો જીવ હતો. આજસુધી ભવોભવ પુરૂષ અને સ્ત્રીરૂપે જન્મતું આ યુગલ સાતમા મનુષ્યભવમાં બન્ને પુરૂષરૂપે જનમ્યાં. અને બન્ને સમય જતાં યુવાવસ્થાને પામ્યા.

### (૨)

મથુરા નગરમાં **ચંદ્રધ્વજ** નામે રાજા હતો આ રાજાને **ચંદ્રમતિ** અને **શુરમતિ** નામે બે સ્ત્રીઓ હતી. ચંદ્રમતિએ **ચંદ્રલેખા** પુત્રીનો અને શૂરમતિએ **શૂરલેખાનો** જન્મ આપ્યો. બન્ને સરખી ઉંમરની અને સરખી કળાવાળી યુવાવસ્થાને પામી.

ચંદ્રધ્વજ રાજાએ આ રાજકુમારીઓ માટે સ્વયંવર

P. P. Ac. Gunratansuriji M.S.		Jin Gun Aaradhak Trust

આરંભ્યો. આ સ્વયંવરમાં જવા માટે પદ્મોત્તર રાજકુમારે પિતાની આજ્ઞા મેળવી અને સારા દીવસે પ્રયાણ કર્યું.

મથુરા જતાં પદ્મોત્તર કુમારના માર્ગમાં એક તપોવન આવ્યું. આ તપોવનનો કુલપતિ **વસંતતાપસ** હતો. તે કુમાર પાસે આવ્યો તેણે કુમારને વનમાલા નામની તાપસ કન્યા બતાવી તેને પરણાવવાનો આગ્રહ કર્યો.

કુમાર બોલ્યો 'બ્રહ્મચારી ! તપસ્વીઓને કન્યા કયાંથી ? અને તેને પરણાવવાની આપને ચિંતા પણ કેમ કરવી પડી ?'

તાપસે કહ્યું 'કુમાર ! આ કન્યાની કથા આ પ્રમાણે છે.'

"સુરભિપુર નગરના રાજા **વસંતરાજ** અને તેની રાણી **પુષ્પમાલાને ગુણમાલા** નામની પાંચ પુત્રો ઉપર એક પુત્રી થઈ. આ પુત્રીને રાજા રાણીએ ચંપાનગરના યુવરાજ **શુકરાજ** વેરે પરણાવી. આ શુકરાજ ગુણવાન ખરો પણ શિકારનો મહા વ્યસની.

એક વખત પુષ્પમાળા ગર્ભવતી થઈ. શુકરાજ ગર્ભવતી સ્ત્રીને લઈ પોતાના નગરે જવા ઉપડયો. માર્ગમાં એક તપોવન આવ્યું. આ તપોવન નજીક ઘણાં પશુઓ દેખી શુકરાજને મૃગયા રમવાનું મન થયું. તેણે પશુઓ તરફ ઘોડો દોડાવ્યો પણ તે ઘોડો ઘાસથી ઢંકાયેલ ખાઈમાં જઈ પડયો. શુકરાજનાં આ ખાડામાં હાડકાં ભાંગ્યાં અને ખુબ ઘવાયો. ગુણમાલાએ કલ્પાંત કર્યું. આ વાતની ખબર સુરભિપુરનગરે પડતાં અશ્વરાજ અને પુષ્પમાલા બન્ને તપોવનમાં આવ્યાં. તેમણે શુકરાજની સારી સુશ્રુષા કરી પણ તે નજ બચ્યો. શુકરાજના મૃત્યુથી વૈરાગ્ય પામી અશ્વરાજ પુષ્પમાલા અને



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુણમાલા એ ત્રણેએ તાપસ દીક્ષા લીધી. ક્રમે કરીને ગર્ભવતી તાપસી ગુણમાલાએ પુત્રીનો જન્મ આપ્યો. તાપસોએ આ પુત્રીનું નામ **વનમાલા** પાડયું. વનમાલા તાપસોથી વૃદ્ધિ પામી. તેની માતા ગુણમાલા વિગેરે બધાં જતે દિવસે મૃત્યુ પામ્યાં. આમ આ તાપસ કન્યાને મેં ઉછેરી તેથી તે મારી પાલક પુત્રી છે. રાજકુમાર! આ પુત્રીને પરણનાર રાજાધિરાજ થશે. આથી તું આ પુત્રીને પરણી મને ઉપાધિમાંથી મુકત કર."

પદ્મોત્તરકુમાર વનમાલાને પરણ્યો ઋષિએ દાયજામાં કુમારને બીજી વસ્તુ સાથે એક સિદ્ધવૈતાલિની વિદ્યા આપી. કુમાર થોડો વખત તપોવનમાં રહી તાપસની અનુજ્ઞા મેળવી મથુરા ગયો.

( ૩ )

મથુરામાં સ્વયંર મંડપમાં બધા રાજકુમારો પોતાના આસને બિરાજ્યા હતા. સૌને એમ હતું કે હું જ પરાક્રમી અને રૂપવાન છું અને તેથી કન્યા મને જ વરશે. પણ જોતજોતામાં શશિલેખા અને સૂરલેખાએ પદ્મોત્તરકુમારના ગળામાં માળા આરોપી.

ત્યાં સાકેતપુરનો રાજા **વિદૂર** ગર્જ્યો અને બોલ્યો 'શું આ બધા કુમારો અહિં નકામા આવ્યા છે કે એક જ રાજકુમારને બે કન્યા વરે. એ કદિ નહિ બને એક રાજકુમારને એક જ કન્યા વરવી જોઇએ. બીજા રાજકુમારો વિદૂરની પડખે ચડયા. તરવારો ઉછળી. ચંદ્રધ્વજ રાજા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુમારની પડખે ચડયા પણ કુમાર તેને તથા તેના બધા સૈન્યને રોકી એકલો રણાંગણમાં ઝુઝ્યો. સિદ્ધવૈતાલિની વિદ્યાના બળે રાજાઓ જે પ્રહાર કરતા તે બધા તેમને જ વાગવા લાગ્યા. આમ પોતાનાજ પ્રહારે તે રાજાઓ જર્જરિત થયા. અને આખરે કુમારને તેજસ્વી જાણી તેને નમ્યા. વિદૂર રાજાને પણ પોતાની ભૂલ સમજાઇ તે પદ્મોત્તરકુમારની તથા ચંદ્રધ્વજ રાજાની ક્ષમા માગી પોતાને નગરે ગયો. બીજા રાજકુમારો પણ પોતપોતાના નગરે ગયા. આ પછી પદ્મોત્તર રાજકુમાર થોડો વખત મથુરામાં રહી પોતાના નગરે આવ્યો. સુરપતિ રાજાએ કુમારનો સુંદર પ્રવેશ મહોત્સવ ઉજવી તેને યુવરાજ બનાવ્યો.

( ૪ )

વૈતાઢય પર્વતના ગગનવલ્લભ વિદ્યાધર નગરનો રાજા **કનકકેતુ** હતો. તેને કનકાવતી અને રત્નાવતી નામે બે રાણીઓ હતી. કનકાવતીને **કનકાવલી** અને રત્નાવતીને **રત્નાવલી** નામે પુત્રી થઇ. આ બન્ને પુત્રીઓ યૌવન-વયને પામી.

એક વખત નિમિત્તીયાએ આ બે પુત્રીયોની ભાગ્ય રેખા જોઇ અને તે બોલ્યો. 'જે આ બે પુત્રીઓને પરણશે તે વિદ્યાધરોની બન્ને શ્રેણિઓનો અધિપતિ વિદ્યાધરેન્દ્ર થશે.'

કનકકેતુ રાજાએ આ બે પુત્રીનો સ્વયંવર આરંભ્યો. આ સ્વયંવરમાં હરિવેગ કુમાર પણ આવ્યો. બે બાળાઓ વરમાળા લઇ સ્વયંવરમંડપમાં આવી. તેમણે અનેક વિદ્યા-ધર કુમારો દેખ્યા પણ હરિવેગને દેખતાં તેમને સ્નેહઉર્મિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાગી અને તે બન્નેએ વરમાળા હરિવેગના કંઠમાં આરોપી હરિવેગ ઉત્સવપૂર્વક તે બે વિદ્યાધર કન્યાઓને પરણ્યો.

હરિવેગના પિતા તારવેગે પુત્રનાં લગ્ન સાંભળી નિશ્ચય કર્યો કે 'પુત્ર મહાભાગ્યશાળી છે. તે ખરેખર વિદ્યાધરોનો એકસોદસ નગરનો અધિપતિ થશે. આવું સ્થાન તેની પૂર્વની મોટી પૃણ્યાઇ વિના ન જ સંભવે.'

આ અરસામાં **શ્રીતેજ** કેવલી ભગવંત નંદનવનમાં પધાર્યા. તારવેગે કેવળીની દેશના સાંભળી હરિવેગનો પૂર્વભવ પૂછયો. કેવળી ભગવંતે શંખરાજા અને કલાવતીના ભવથી માંડી તેના સમગ્ર ભવો સભા સમક્ષ કહ્યા. આ સાંભળી હરિવેગને જાતિસ્મરણ જ્ઞાન થયું. અને તારવેગને વૈરાગ્ય જાગ્યો. તારવેગે હરિવેગને રાજ્ય આપી દીક્ષા લીધી. હરિવેગે સમકિત સહિત બારવ્રત લીધાં.

હરિવેગે એકવાર ફરી કેવળી ભગવંતને પુછયું 'ભગવંત ! મારો પૂર્વભવનો સહચર સૂરસેન કયાં ઉત્પન્ન થયો છે ? અને તે ધર્મ પામ્યો છે કે નહિ ?' ભગવંતે કહ્યું 'સુરસેન ગર્જનપુરનો રાજકુમાર પદ્મોત્તર નામે થયો છે અને તે તારાથી ધર્મ પામશે આજે તો તે મિથ્યાત્વના સંસર્ગમાં છે પણ તું તેને સમજાવીશ તો તે ધર્મમાર્ગે વળશે કેમકે તે પ્રકૃતિએ ભદ્રક પરિણામી છે એટલે તેને માર્ગે આવતાં બહુ વાર નહિ લાગે.'

આ સાંભળી હરિવેગને આનંદ થયો. કેવળી ભગવંતે વિહાર કર્યો.

આ પછી થોડાજ વખતમાં હરિવેગ વિદ્યાધરોની બન્ને શ્રેણિનો અધિપતિ થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૫ )

ગર્જનપુરના ચોકમાં એક વખત હરિવેગ વિદ્યાધર કુમાર મોટો કાળો બિલાડો લઈ ઉભો. બિલાડાને ગળે તેણે કોડીઓની માળાઓ બાંધી હતી. બિલાડાનું પેટ મોટું હતું અને તેનો દેખાવ ભયંકર હતો. લોકોએ પુછ્યું કે 'આ બિલાડાની કિંમત શી?' કુમારે કહ્યું 'લાખ સોના મહોર બિલાડાની કિંમત છે.'

આ વિદ્યાધર કુમાર ફરતો ફરતો રાજસભા પાસે આવી પહોંચ્યો. પદ્મોત્તરકુમાર બહાર આવ્યો. વિદ્યાધરકુમારને જોતાં જ તેના હ્રદયમાં આનંદ વ્યાપ્યો અને બોલ્યો.

'હે પુરૂષ! આ બિલાડો તને મળ્યો કયાંથી અને તેના શા શા ગુણ છે?'

વિદ્યાધર પુત્ર બોલ્યો. 'આ બિલાડો મને દેવે પ્રસન્ન થઇને ભેટ આપ્યો હતો પણ હાલ મારી ગરીબાઇના કારણે હું તેને વેચું છું. આ બિલાડાનો એકગુણ તો એ છે કે બીજા કોઈ બીલાડાઓથી પરાભવ પામતો નથી. બીજો ગુણ એનો એ છે કે એ જ્યાં રહે ત્યાં આગળ તેને દેખી ઉંદરો બાર ગાઉ નાસી જાય છે આવા આવા તો તેનામાં ઘણા ગુણો છે.'

ટોળે વળેલા માણસોમાંથી એક વિદ્વાન બ્રાહ્મણ બોલ્યો. 'બધું તો ઠીક પણ આ મોટા બિલાડાનો કાન કોણ કરડી ગયું?'

'માર્ગમાં આવતાં હું રાતે એક મંદિરમાં રાતવાસો રહ્યો. હું ઉંઘતો હતો ત્યાં એક ઉંદર આવ્યો અને તે આનો કાન કરડીને નાસી ગયો?

લોકો ખડખડ હસ્યા અને બોલ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'વાહ ! જે બિલાડાનો કાન ઉંદર કરડી ગયું તે બિલાડો બીજા બિલાડાથી હારે નહિ અને ઉંદર તેનાથી બાર ગાઉ ભાગી જાય એ કહેવું કેટલું ખોટું છે. પુરૂષ ! તમારા બોલવામાં ઢંગ ધડો જ નથી.'

વિદ્યાધરપુરૂષ જરા ગરમ થયો અને બોલ્યો. 'દુનીયામાં ઘણીએ વસ્તુ એવી છે કે પરસ્પર વ્યાઘાતવાળી હોય છતાં રત્નની પેઠે મનાય છે. બાળક બ્રાહ્મણ સ્ત્રી અને ગાયને મારી નાંખનાર કેવો ગણાય ?

'મહાપાપી અને અદ્દષ્ટવ્ય મુખવાળો ગણાય.'

તો અગ્નિ ઉત્પન્ન થાય છે તે બ્રાહ્મણ સ્ત્રી કે ગાયને થોડું જ જુવે છે! તે બધાને બાળી નાંખે છે કે નહિં ? છતાં તમે અગ્નિને **देवानां मुखमग्निः** કહી તેને દેવ તરીકે કેમ પુજો છો ? બ્રાહ્મણો ! તમે મહાદેવને તો મોટા દેવ માનો છો ને ? કહો છો કે મહાદેવે કામને બાળી નાંખ્યો અને બીજી તરફ પાર્વતી પાછળ તો મહાદેવને લટ્ટુ બનતા જુઓ છો છતાંય તમે દેવ તરીકે પુજો છો કે નહિ ? દુનીયામાં તો બધું આમજ ચાલે છે, છતાં કોઇ ઉંદર આનો કાન કરડી ગયો તેમાં મારો બિલાડો દૂષિત થઇ ગયો' બ્રાહ્મણોનું ટોળું વિદ્યાધરકુમારની યુક્તિયુક્ત વાણી સાંભળી મૌન થયા.

પદ્મોત્તરકુમાર બોલ્યો 'પુરૂષ ! તું મહાદેવને દોષિત માને છે અગ્નિને દોષિત માને છે તો તું કયા દેવને સાચા માને છે ?'

વિદ્યાધરકુમાર બોલ્યો 'પદ્મોત્તર ! તમે શું મને પુછો છો ? હજી તો હમણાં ગયા ભવમાં આપણે બન્ને ગ્રૈવેયકમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાથે હતા. આ દેવલોકની દેવઋદ્ધિ મને અને તમને જૈનધર્મના આરાધનથી મળી હતી તે ભૂલી ગયા. એ દેવઋદ્ધિ આગળ દુનીયાની બધી ઋદ્ધિ અણુમાત્ર છે.'

પદ્મોત્તરકુમારને વિદ્યાધર પુત્રનું વચન સાંભળી ઉહાપોહ જાગ્યો અને તેજ વખતે જાતિસ્મરણ જ્ઞાન થતાં તે આનંદથી બોલ્યો.

"હરિવેગ ! તું મારો મહાઉપકારી. મને માર્ગ ભૂલેલાને માર્ગે લાવવા આ બધો પરિશ્રમ તેં લીધો' હરિવેગે પોતાનું બધું સ્વરૂપ કહી બતાવ્યું. પૂર્વભવના બન્ને સ્નેહીઓ આનંદથી ભેટયા. આ પછી પદ્મોત્તરકુમારે પિતાને અને સભાને પોતાનો પૂર્વભવ કહી સંભળાવ્યો. રાજા અને સભા બન્ને જૈનધર્મ વાસિત થયાં. આજ અરસામાં વનપાલક વધામણી લાવ્યો કે ઉદ્યાનમાં **ગુણસાગર** કેવળી ભગવંત પધાર્યા છે. રાજા પરિવાર સહ કેવળી ભગવંત પાસે ગયો. તેણે તેમની દેશના સાંભળી પદ્મોત્તરકુમારને રાજ્ય સોંપી દીક્ષા લીધી.

પદ્મોત્તર રાજા રાજ્ય વ્યવસ્થિત કર્યા બાદ રાજ્યની લગામ મંત્રીઓના હાથમાં આપી પોતે હરિવેગ સાથે વિદ્યાધર નગરોની શ્રેણિએ ગયો. હરિવેગે વિદ્યાધર નગરોની ઋદ્ધિ સિદ્ધિ બતાવી અને તેની ભવોભવની પ્રીતિને અનુરૂપ આગતા સ્વાગતા કરી.

( ૬ )

'મિત્ર ! આ વિદ્યાઓ અને વિદ્યાધરનગરનું રાજ્ય હવે તમે સંભાળો' એક વખત હરિવેગે પદ્મોત્તરને કહ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પદ્મોત્તર બોલ્યો 'મારૂં અને તારૂં રાજ્ય થોડું જ આપણા એક બીજાથી જુદું છે. તારૂં તે મારૂં છે અને મારૂં તે તારૂં છે મને તો હવે આ વિદ્યાઓમાં કે રાજ્યમાં બહુ રસ નથી. હું તો તારી વિદ્યાઓના પ્રતાપે તીર્થોની યાત્રા કરવા ઇચ્છુ છું.'

પદ્મોત્તર અને હરિવેગ ઘણા તીર્થોની યાત્રા કરી. ફરતા ફરતા એકવાર તે ગર્જનપુર નગરે આવ્યા ત્યારે ભરબજારમાં એક યુવાનને પાંચસાત જુગારીઓ મારતા હતા. તે યુવાન બૂમો પાડતો કુદતો હતો અને હાથ જોડી મારનારને કરગરતો હતો.

હરિવેગે તે મારનારા લોકોને રોકયા અને પુછયું 'કેમ એને મારો છો?' મારનારામાંના એકે જવાબ આપ્યો.

'આ ગામના ક્રોડાધિપતિ **વરૂણ** શેઠનો આ પુત્ર છે. એ મહા જુગારી હોવાથી લાખો રૂપીયા ગુમાવે છે. તેના બાપે સાત વાર આને પૈસાં આપીને છોડાવ્યો. આઠમી વાર ફરી તેણે લાખ રૂપીયા જુગારમાં ગુમાવ્યા. અમે તેની પાસે પૈસા માગીએ છીએ તે આપતો નથી. શેઠે અમને કહ્યું છે કે તે છોકરો મારે ન જોઇએ તેને મારો પીટો કે તમે ગમે તે કરો હું કાંઈ ન જાણું. પાઇ પણ તમને કે તેને હું આપવાનો નથી.'

પદ્મોત્તર બોલ્યો. 'શું જીવનો પરિણામ છે, અને કુટેવ કેવી ભયંકર **છે**? રાજાએ ભંડારીને હુકમ કરી જુગારીઓને તેઓના લાખ રૂપીયા આપી તે શ્રેષ્ઠિપુત્રને છોડાવ્યો. પદ્મોત્તરે દયા ચિંતવ્યા સિવાય તેને બીજું કાંઇ ન કહ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પદ્મોત્તર અને હરિવેગ રાજ્યમહેલે પાછા ફર્યા પણ રાજાના મનમાં જુગારીનું જ ધ્યાન રમી રહ્યું. તેણે હરિવેગને કહ્યું. 'મિત્ર! જુગારીને અને આપણામાં શો ફેર છે? આપણે ભવોભવ દેવલોકોના સુખરૂપ ક્રોડોની સંપત્તિ મેળવી અને તે લક્ષ્મી જુગારીના દાવની પેઠે મનુષ્યભવમાં ભોગ સુખમાં જ કાઢી છે કે બીજું કાંઇ ? આપણે શેઠના પુત્ર જુગારીની દયા ખાઇએ છીએ પણ શું આપણે પોતેજ દયાપાત્ર નથી. મિત્ર ! આપણે પોતે જુગારી નહિ તો બીજું શું છીએ. આ જુગારી લાખ ક્રોડ ખોવે છે પણ આપણે તો તેથી પણ અમુલ્ય દેવલોકનાં સુખો જુગારમાં જ ખોયાં છે ને ?

હરિવેગે પદ્મોત્તરની આ વાણીની અનુમોદના આપી અને કહ્યું ' મિત્ર ! મારે તારે બન્નેને રાજ્ય યોગ્ય પુત્ર છે તો શા માટે આપણે હવે વિલંબ કરવો જોઈએ. આપણે તેને રાજ્યારૂઢ કરીએ અને દીક્ષા લઇ કેમ સ્વશ્રેય ન સાધીએ ?'

આ પછી બન્નેએ નિશ્ચય કરી તેમણે પોતાના રાજ્ય ઉપર પોતાના છોકરાઓને આરૂઢ કર્યા. અને રત્નાકરસૂરિ પાસે જઇ પ્રવજ્યા લીધી. પ્રવજ્યા બાદ બન્ને રાજર્ષિઓ બાર અંગ ભણ્યા. અને જ્યાંથી આવ્યા હતા તેથી પણ ઉંચા ગ્રૈવેયક સ્થાનમાં મૃત્યુ પામી તે બન્ને મિત્રો લાંબા કાળના મિત્રો થવા ચાલ્યા ગયા.

(પૃથ્વીચંદ્રચરિત્ર પદ્ય)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૬૬

# કલ્પવૃક્ષનું સ્વપ્ન

## યાને

# ગિરિસુંદર અને રત્નસાર (આઠમો ભવ)

## (૧)

પાન્ડુપુરનગરના રાજા **શ્રીબળ** અને **શતબળ** બન્ને સગા ભાઈ હતા. બન્ને ભાઈઓનો પ્રેમ એટલે જાણે **બળદેવ** અને વાસુદેવનો પ્રેમ.

પદ્મોત્તર રાજાનો જીવ ગ્રૈવેયકથી ચ્યવી રાજા **શ્રીબળની** રાણી **સુલક્ષણાની** કુક્ષિને વિષે ઉત્પન્ન થયો. **રાણીએ** સ્વપ્નમાં મેરૂપર્વતને દેખ્યો. સુલક્ષણા રાણીએ પૂર્ણ માસે **પુત્રનો** જન્મ આપ્યો. રાજાએ આ પુત્રનું નામ સ્વપ્નને અનુસરી **ગિરિસુંદર** પાડયું.

થોડા વર્ષ બાદ યુવરાજ શતબળની સ્ત્રી **લક્ષ્મણાની** કુક્ષિમાં હરિવેગનો જીવ ગ્રૈવેયકથી ચ્યવી ઉત્પન્ન થયો. પૂરા માસે લક્ષ્મણાએ પુત્રનો જન્મ આપ્યો. તેનું નામ **રત્નસાર** પાડવામાં આવ્યું.

ગિરિસુંદર અને રત્નસાર બે સગા કાકાના પુત્રો ભાઈ હતા. અને સાથે જ ભવોભવનો તેમને પરસ્પરનો પ્રેમ હતો. આ બન્ને ભાઈઓ સાથે રમતા સાથે ખાતા અને સાથે ફરતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૨ )

એક વખત રાજા શ્રીબળ રાજસભામાં બેઠા હતા ત્યાં પ્રજાએ પોકાર ઉઠાવ્યો 'રાજન્ અમારા ધનમાલ લુંટાય છે. અમારી પુત્રીઓ હરાય છે. આપ જેવા રાજા છતાં અમે અનાથ બન્યા છીએ.'

રાજાએ કોટવાળને બોલાવ્યો અને કહ્યું કે 'તમે નગરની શી રક્ષા કરો છો ? લોકો કેમ ત્રાહ ત્રાહ પોકારે છે?

કોટવાળે કહ્યું 'દેવ ! હું આખી રાત ખડે પગે સૈનિકો સાથે ફરૂં છું છતાં રોજ ચોરની બૂમ આવે છે. મેં ચોરને પકડવા ઘણાં ફાંફાં માર્યાં પણ કોઈ રીતે તેનો પત્તો નથી લાગતો. મને લાગે છે કે આ ચોર કોઈ સામાન્ય માનવી નથી. તે કાંતો કોઈ દેવ હોવો જોઈએ કે કાંતો દેવની સહાયવાળો હોય.

રાજકુમાર ગિરિસુંદર બોલ્યો. 'પિતાજી ! આજ્ઞા આપો તો ચોરને પકડી પ્રજાની હું રક્ષા કરૂં.'

રાજા બોલ્યો 'કુમાર હજી તારે આ સંબંધી વાર છે. જે ચોરને કોટવાળ જેવા પીઢ માણસ નથી પકડી શકતા ત્યાં તારૂં શું ગજું.'

કુમાર મૌન રહ્યો પણ તેણે ચોરને પકડવાનો મન સાથે નિશ્ચય કર્યો.

( ૩ )

રાત પડી. ગિરિસુંદર પુછ્યા ગાછ્યા વિના રાજ્યમહેલથી નીકળ્યો. તેણે ચોરને પકડવા ચારે બાજુ નજર નાંખી પણ તે તેને ન દેખાયો. દૂર દૂર તેણે એક સળગતો અગ્નિકુંડ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેખ્યો. કુમાર ત્યાં પહોંચ્યો તો ત્યાં એક વિદ્યાધર વિદ્યા સાધતો હતો. કુમાર ત્યાંજઇ બોલ્યો **सिद्धिरस्तु** 'સિદ્ધિ થાઓ.' તુર્ત તે વિદ્યાધરની વિદ્યા સિદ્ધ થઇ. વિદ્યાધર પ્રસન્ન થયો અને બોલ્યો 'ભાગ્યશાળી ! હું ઘણા વખતથી વિદ્યા સાધતો હતો પણ મારી વિદ્યા કેમે સિદ્ધ થતી ન હતી તે આજે તમારા બોલથી સિદ્ધ થઇ ગઇ. તેણે પ્રસન્ન થઇ કુમારને રૂપ પરાવર્તન વિદ્યા આપી.

કુમારે વિચાર્યું કે ચોર તો ન પકડાયો પણ ચોરને પકડવાનું સાધન તો મળી ગયું.

(૪)

પ્રભાત ઉગતું હતું ત્યાં એક શિલા ઉપર બેસી એક સ્ત્રી હુસકે હુસકે રોતી હતી. પાસે એક લાંબી દાઢીવાળો કાપાલિક ઉભો ઉભો સ્ત્રીને પુછતો હતો કે 'હે સ્ત્રિ ! શા માટે રૂવે છે તારૂં દુઃખ કહે તો તેનો હું ઉપાય કરૂં.'

'હું **સુશર્મનગર**ના રાજપુત્રની પત્ની છું. અમે બન્ને પરદેશ જોવા સાથે નીકળ્યાં અને રાત અહિં રહ્યાં. રાતે મારા પતિને એમ લાગ્યું કે આને હું સાથે કયાં ફેરવીશ એટલે તે મને મુકી ચાલ્યા ગયા. તે ભલે ચાલ્યા ગયા પણ તે તેમની તરવાર ભૂલતા ગયા. તેથી હું રડું છું કેમકે તરવાર વિના તે ક્ષત્રિયપુત્ર પોતાનું શી રીતે રક્ષણ કરશે ? મારે હવે મારૂં જીવન કોઇ દેવની ઉપાસના કે તીર્થની સેવના કરી કાઢયા સિવાય બીજો કોઈ આધાર રહ્યો નથી.' સ્ત્રી બોલી.

કાપાલિક બોલ્યો. 'તે ખરેખરો નિર્ભાગી છે કે જે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવી કલાવાન સુંદરીને છોડી ચાલ્યો ગયો. તને તો બધે આશ્રય મળશે. સુંદરિ! મારી સાથે પાસેના દેવમંદિરમાં ચાલ ત્યાં તું દેવીનું ધ્યાન ધરીશ એટલે તને તારો પતિ ત્રણજ દીવસમાં મળશે.'

કાપાલિકનાં આ વચન સાંભળી તે સ્ત્રી રાજી થઇ. આ પછી એ સ્ત્રી અને કાપાલિક એક દેવમંદિરમાં પેઠયા. કાપાલિકે પેસતાંની સાથેજ એક પત્થરને પાટુ મારી આથી નીચેથી કોઈ યુવાન સ્ત્રીએ પત્થર ખસેડયો. કાપાલિકે આ સાથે લાવેલી સ્ત્રીને ગુફામાં મુકી અને કહ્યું કે 'તમે બન્ને અહિં ભક્તિ કરો હું હમણાંજ પૂજાનો સામાન લઇને આવું છું.' કહી તેણે પત્થર બંધ કરાવ્યો.

કાપાલિકના ગયા બાદ આવનાર સ્ત્રીએ પ્રથમ ગુફામાં રહેલ સ્ત્રીને પુછયું 'તું કોણ છે?'

તે રડતાં રડતાં બોલી 'હું પાણ્ડુપુરના **ઇશ્વર** શેઠની પુત્રી **સુભદ્રા** છું. આ કાપાલિકે મારા બાપની મિલ્કત લુંટી અને સાથે મને પણ ઉપાડી. એણે મારા જેવી ઘણી સ્ત્રીઓને અને કરોડોની મિલ્કતને તેણે ભોંયરામાં રાખી છે.'

'બીજું તો ઠીક પણ કાપાલિક આ બધું કોની સહાયથી કરે છે તે તું જાણે છે.' નવીન સ્ત્રીએ પુછયું.

સુભદ્રા બોલી 'મને બીજી કાંઇ ખબર નથી પણ ભોંયરામાં રાખેલ એક દિવ્ય તલવારને તે રોજ ત્રણ વખત કુલથી પૂજે છે. અને તેની સહાયથીજ આ ચોરી વિગેરે કરવા છતાં કોઈથી પકડાતો નથી.'

સુભદ્રા અને નવીન સ્ત્રી બન્ને ભોંયરામાં ગયાં. ત્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘણી સ્ત્રીઓ ટળવળતી હતી તેમણે નવીન આવનાર સ્ત્રીને દિવ્ય તરવારને અડવાનું ના કહ્યું છતાં તે સ્ત્રીએ તરવાર ઉપાડી અને પોતાની તરવાર તેને સ્થાને મુકી. થોડીજ વારે કાપાલિક આવ્યો. તેણે સ્ત્રીને તરવાર સાથે સામે ઉભેલી દેખી તે તેની સામે ધસ્યો પણ આ સ્ત્રીએ ગિરિસુંદર કુમારનું રૂપ બનાવ્યું અને કાપાલિકને સદાને માટે એકજ ઝટકે યમસદને પહોંચાડયો.

ભોંયરામાંની બધી સ્ત્રીઓ રાજી થઇ. તેમણે કુમારને ઓળખ્યો કુમારે સૌને પોતાના ઘેર જવા કહ્યું પણ કોઇ નિન્દિત દશામાં ઘેર જવા તૈયાર ન થઈ. તે બધી સ્ત્રીઓ કુમારનેજ પરણી. અને કુમારે પણ ભોંયરામાંજ બધી સ્ત્રીઓ સાથે એક માસ વીતાવ્યો.

( ૪ )

ગિરિસુંદર મહિના પછી રૂપપરાવર્ત્તન કરી બહાર નીકળ્યો તો તેને ખબર પડી કે મારા પ્રેમથી રત્નસારકુમારે પણ પાંડુપુર છોડયું છે અને તે મને શોધતો ઠેર ઠેર ભમે છે.

ગિરિસુંદર પાંડુપુર ન જતાં વન ગામ ફરતો ફરતો એક દેવકુલમાં આવ્યો ત્યાં ઘણા મુસાફરો સુખદુઃખની વાત કરતા હતા તેમાં તે બેઠો. મુસાફરોમાંનો એકજણ બોલ્યો. ભાઇ મારા દુઃખની વાત તો જરા સાંભળો.

"મારૂં નામ **મહસેન** હું અને રત્નસારકુમાર સાથે ફરતા ફરતા એક શૂન્ય નગરમાં આવ્યા. શહેર આખું ધનધાન્યથી ભરેલું પણ તેમાં માણસ નામે ન મળે. અમે વિચાર્યું કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાતે આપણે બન્નેએ સુત્રું-ઉંઘવું નહિ. પહેલાં હું સુતો અને કુમાર જાગ્યો. બરાબર મધ્ય રાત્રિ થઇ ત્યાં એક સિંહ ગર્જ્યો અને બોલ્યો 'આ સુતેલા પુરૂષને તું આપ હું ભૂખ્યો થયો છું.'

કુમાર બોલ્યો 'વિશ્વાસુને ન આપી શકું. ભૂખ્યો થયો હોય તો તું મારૂં ભક્ષણ કર.'

સિંહ કુમારનું નિડર વચન સાંભળી પ્રસન્ન થયો અને બોલ્યો 'માગ માગે તે આપું.'

કુમારે કહ્યું 'પણ તું કોણ છે ?'

તેણે કહ્યું 'આ ગાંધારપુરનગરના રાજા **રવિચંદ્રને** બે પુત્રો હતા એક **રતિચંદ્ર** અને બીજો **કીર્તિચંદ્ર** રાજા રવિચંદ્રે રતિચંદ્રને રાજા અને કીર્તિચંદ્રને યુવરાજ બનાવી દીક્ષા લીધી. રતિચંદ્ર એશઆરામ અને સંગીતનો શોખીન નીકળ્યો તેણે રાજ્યની લગામ કીર્તિચંદ્રને આપી. કીર્તિચંદ્ર સ્વતંત્ર રાજવી થતાં તેની બુદ્ધિ બગડી. તેણે રતિચંદ્રનો શિરચ્છેદ કરવાનો સામંતોને હુકમ આપ્યો.

રતિચંદ્રે કીર્તિચંદ્ર પાસે જીવિતદાન માગ્યું પણ તેણે તે ન આપ્યું. આ પછી રતિચંદ્રે કહ્યું 'બાંધવ ! તું મને જીવતો રાખવા નજ માગતો હોય તો મારે જીવવું નથી પણ તારા હાથ તું શામાટે કલંકિત કરે છે. હુંજ તારી સમક્ષ ચિતામાં પ્રવેશી મારૂં જીવન તજું તો તને કાંઇ વાંધો છે ?' કીર્તિચંદ્રે તેમ કરવા તેને સંમતિ આપી. આ પછી રતિચંદ્ર ચિતામાં સળગ્યો અને તે મરી વ્યંતર થયો. તેને કીર્તિચંદ્રને જોતાં ક્રોધ ઉપજ્યો. તેલોકો, પ્રધાનો, મંત્રીઓ બધા ભયથી નાસી ગયા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને નગર ઉજ્જડ થયું. કુમાર ! રતિચંદ્ર એ હું છું. અહિં આ નગરમાં હું કોઇને રહેવા દેતો નથી પણ તારૂં સત્વ જોઇ હું ખુશી થયો છું.

'દેવ ! પ્રસન્ન થયા હો તો નગરને ફરી વસાવોને ? કુમાર રત્નપાળે કહ્યું.

'કુમાર ! તું આ નગરનો રાજા થાય તો હું ફરી નગર વસાવું.

રત્નસારકુમારે આ વાત કબુલી અને તે ગાંધારપુર નગરનો રાજા થયો. અહિં તેણે તેનું નામ **દેવપ્રાસાદ** પાડયું. પણ તે કુમારને પોતાના ભાઇ ગિરિસુંદરનો પત્તો ન લાગવાથી કેમે કરી ચેન ન પડયું.

'કુમાર ! બેચેન ન બન. તને મહિનામાં જ તારો ભાઇ ગિરિસુંદર આ નગરમાં મળશે.' યક્ષે એકવાર કહ્યું.

દેવપ્રાસાદ અહિં ઘણી કન્યાઓને પરણ્યો છે છતાં ગિરિસુંદર વિના તેને ચેન પડતું નથી. હું મારા મિત્રને માટે તેની ઠેર ઠેર શોધ કરૂં છું પણ આજે મહિનો થવા આવ્યો છતાં હજી ગિરિસુંદરનો મને પત્તો લાગ્યો નથી.

રૂપ બદલેલ ગિરિસુંદરે વાત કહેનાર મુસાફરને કહ્યું 'તમે મને રત્નસારકુમારને મેળવી આપો હું તેને ગિરિસુંદર થોડા જ વખતમાં મેળવી આપીશ.'

આ સાંભળી મહસેન રાજી થયો. તે આગળ અને ગિરિસુંદર પાછળ. જોતજોતામાં તે બન્ને ગાંધારપુર આવ્યા. રત્નસાર આ નવા પુરૂષને ઓળખી ન શકયો. પણ તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જોતાં જ તેના હૃદયમાં પ્રેમનો ફુવારો છૂટયો. થોડા જ દીવસમાં તે બન્ને જીગરજાન મિત્રો થયા.

એક વખત રત્નસાર બોલ્યો 'મિત્ર ! તમે કહેતા હતા ને કે હું ગિરિસુંદરને મેળવી આપીશ. પણ હજી તો તેનો કોઇ પત્તો નથી. જો તે નહિ મળે તો હું ચિન્તામાં પડી મારા જીવનનો અંત આણીશ.'

'રત્નસાર ! તારે ગિરિસુંદર જોવો છેને ? જુઓ મારી સામું બરાબર જુઓ. રત્નસારે તેની સામે નજર નાંખી તો તે જ ગિરિસુંદર હતો.'

કેમકે તેણે પોતાનું સાચું રૂપ પ્રગટ કર્યું હતું. આ પછી બન્ને ભાઇઓ ખુબ આનંદથી ભેટયા. અને એકબીજાએ એકબીજાની બધી કથની કહી.

ત્યાર બાદ રત્નસારે ગાંધારપુર નગરની ગાદીએ દેવતાની સંમતિથી મહસેનને સ્થાપ્યો. અને બન્ને ભાઇઓ પાણ્ડુપુર નગર જવા ઉપડયા.

(૫)

શ્રીબળ રાજાએ ગિરિસુંદર અને રત્નસારનું સુંદર સ્વાગત કર્યું. ગિરિસુંદરે ભોંયરાની મિલ્કત તેમના માલીકોને આપી અને કન્યાઓને પોતાને મહેલે લાવ્યો. આ પછી બન્ને પુત્રોએ પોતાની પરાક્રમગાથા કહી માતપિતાને આનંદિત કર્યા.

રાજાને થયું કે અમારા બે ભાઇઓમાં ઘણો પ્રેમ છે છતાં આ બન્નેમાં તો કોઇ અપૂર્વ જ પ્રેમ છે. તેમજ સાથે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાથે બન્નેનું પુણ્ય પણ કોઇ અપૂર્વ જ છે. જ્યાં જ્યાં એ પુત્રો પગ મુકે છે ત્યાં ત્યાં તેમને નિધાન અને સિદ્ધિ વરે છે.

આ અરસામાં પાણ્ડુપુરમાં **જયનંદનસૂરીશ્વરજી** પધાર્યા. સૂરિની દેશના સાંભળી રાજાએ ગિરિસુંદર અને રત્નસારનો પૂર્વભવ પુછયો. ગુરૂએ શંખરાજાના ભવથી માંડી સમગ્ર ભવ બન્ને કુમારોનો કહ્યો અને સાથે સાથે શ્રીબળ અને શતબળનો પણ પૂર્વભવ કહ્યો.

'રાજન્! તમે શ્રીબળ અને શતબળ બન્ને પૂર્વભવમાં વિન્ધ્ય અને શબળ નામે કુલ પુત્રો હતા. તમે બન્ને કમાવા નીકળ્યા. માર્ગમાં થાકી તમે ભોજન કરવા બેઠા ત્યાં એક તપસ્વી મુનિ પધાર્યા તમે તેને ભાવથી વહોરાવ્યું. એજ વખતે યક્ષ મંદિરનાં દર્શન કરી પાછી ફરતી બે સુંદરીઓએ તમારા દાનની પ્રશંસા કરી. આ દાનને પરિણામે તમે બે બાંધવો અને તે બે સ્ત્રીઓ દેવકુરૂમાં જન્મ્યાં. ત્યાંથી મૃત્યુ પામી આ ભવમાં અહિં તમે બે બાંધવો થયા અને તે બે સ્ત્રીઓ તમારી પત્નીઓ થઇ.

રાજાને અને યુવરાજને પૂર્વભવનું વૃત્તાન્ત સાંભળી વૈરાગ્ય થયો આથી રાજાએ ગિરિસુંદરને રાજ્યપદ અને રત્નસારને યુવરાજપદ આપી પોતાના ભાઇ શતબળ વિગેરે અનેક સામંતો સાથે દીક્ષા લીધી.

( ૬ )

બાંધવ રત્નસાર સાથે રાજા ગિરિસુંદરે ઘણો વખત ન્યાયથી રાજ્યનું પાલન કર્યું. એક વખત પ્રાતઃકાળે રાજાએ પોતાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કલ્પવૃક્ષ ઉપર પોતાની જાતને ચઢેલ નીરખી રાજા જાગ્યો. અને સ્વપ્નનો વિચાર કરી આનંદ પામતો બોલ્યો. ખરેખર ! સ્વપ્ન ઉત્તમ છે. આવું સ્વપ્ન ઉત્તમ ફળને જ આપે પણ હું તો હજી ભોગ સુખમાં રાચી રહ્યો છું. તેણે જિનમંદિરો અને સુપાત્રદાનમાં પુષ્કળ લક્ષ્મી ખર્ચી અને પોતાનાથી થાય તેટલું સુકૃત કરી બાંધવ રત્નસારને કહ્યું. 'બાંધવ ! હું હવે રાજધુરા છોડી સંયમ લેવા માગું છું તું રાજ્યની ધુરઃ સંભાળ.'

રત્નસાર બોલ્યો. બાંધવ ! તમે મારા હિતચિંતક થઇ તમે જે દુ:ખથી નીકળવા માગો છો તે દુ:ખમાં તમે મને કેમ રહેવાનું કહો છો ? જો સંસાર તમોને તમારે માટે દુ:ખરૂપ લાગે છે તો મારેમાટે કયાં સુખરૂપ છે. બાંધવ ! હું અને તમે બન્ને સાથે જ દીક્ષા લઇએ અને સાથે જ શ્રેય સાધીએ.

ગિરિસુંદરે પોતાના પુત્ર સુરસુંદરનો પાણ્ડુપુરની ગાદીએ અભિષેક કર્યો અને યુવરાજ રત્નસાર સાથે પ્રવજ્યા સ્વીકારી.

ગિરિસુંદર અને રત્નસાર બન્ને બાંધવો બાર અંગ ભણ્યા અને નિર્મળ ચારિત્ર પાળી નવમા ગ્રૈવેયકે દેવપણે ઉત્પન્ન થયા.

( પૃથ્વીચંદ્ર ચરિત્ર પદ્ય )

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૬૭

# રાધાવેધ

## યાને

## કનકધ્વજ અને જયસુંદર (નવમો ભવ)

( ૧ )

**કનકધ્વજ** અને **જયસુંદર** એ બન્ને તામ્રલિપ્તી નગરના રાજા સુમંગળના પુત્ર હતા.

**સુમંગળની** રાણી **શ્રીપ્રભાદેવીની** કુક્ષિમાં ગિરિસુંદરનો જીવ નવમા ગ્રૈવેયકથી ચ્યવી ઉત્પન્ન થયો. રાણીએ સારા દીવસે પુત્રનો જન્મ આપ્યો. રાજાએ એ પુત્રનું નામ **કનકધ્વજ** પાડયું કેમકે જ્યારે તે ગર્ભમાં હતો ત્યારે રાણીએ કનકનો ધ્વજ સ્વપ્નમાં જોયો હતો.

સુમંગળ રાજાની બીજી રાણી સ્વયંપ્રભાની કુક્ષિમાં રત્નસારનો જીવ ઉત્પન્ન થયો. આનો જન્મ થતાં રાજાએ તેનું નામ **જયસુંદર** પાડયું.

કનકધ્વજ અને જયસુંદરને મોટા થતાં બહુ વાર ન લાગી. થોડાજ દીવસમાં તે બન્ને પુત્રો મોટા થયા અને તામ્રલિપ્તી નગરીની બહાર રાધાવેધ શિખવા લાગ્યા.

એકવાર આ બે રાજકુમારો રાધાવેધ શિખતા હતા તે વખતે ઉપરથી સુરવેગ અને સુવેગ નામના બે વિદ્યાધરો પસાર થયા. તેમણે કુમારોની રાધાવેધની કુશળતા દેખી આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી તેમની પ્રશંસા કરી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ બે વિદ્યાધરો પોતાના નગરમાં ગયા અને ત્યાં જઈ તેમણે ભરસભામાં કનકધ્વજ અને જયસુંદરની પ્રશંસા કરી. આ પ્રશંસા તેમની પુત્રીઓએ સાંભળી. તેથી તે પુત્રીઓ આ બે કુમારો ઉપર મોહ પામી.

( ૨ )

રાજા સુમંગળ સભા ભરીને બેઠો હતો ત્યાં આકાશમાંથી કલ કલ અવાજ સંભળાયો. આખી સભા વિચારમાં પડી કે 'આ શું ?' ત્યાં બે વિદ્યાધરો સુમંગળની સભામાં આવ્યા અને બોલ્યા.

'રાજેન્દ્ર અમે સુરવેગ અને સુવેગ વિદ્યાધરેન્દ્રના સેવકો છીએ. આ બે વિદ્યાધરેન્દ્રો પોતાની સો સો કન્યાઓ સાથે તમારે ત્યાં આવે છે. કેમકે તેમણે તમારા રાજકુમારોનો રાધાવેધ જોઈ તેમણે તેમની રાજસભામાં તમારા કુમારોની પ્રશંસા કરી તેથી તેમની કન્યાઓએ આપના રાજકુંવરોને વરવાનો નિશ્ચય કર્યો. આ વિદ્યાધરેન્દ્રોએ મુહૂર્ત જોવરાવ્યું તો સારૂં મુહૂર્ત તુર્તનું હોવાથી તે પોતાની કન્યાઓ સાથે લઈ તમારે ત્યાં આવ્યા છે.'

રાજાએ વિદ્યાધરેન્દ્રોનું સ્વાગત કર્યું તેમને રહેવાને સુંદર જુદા જુદા આવાસો આપ્યા.

લગ્ન મહોત્સવ મંડાયો સુરવેગે સો કન્યાઓ કનકધ્વજને પરણાવી અને સુવેગે પોતાની સો કન્યા જયસુંદરને પરણાવી. વિદ્યાધરેન્દ્રોની સો સો કન્યા પરણ્યાના સમાચાર બીજા રાજ્યોમાં પસરતાં અનેક કન્યાઓ આ કુમારોને વરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેથી કનકધ્વજ અને જયસુંદર પાંચસો પાંચસો સ્ત્રીઓના સ્વામિ થયા. તેમને દાયજામાં મળેલ ઋદ્ધિનો તો પાર જ ન રહ્યો.

રાજા સુમંગળ પુત્રોનો આ અભ્યુદય દેખી ખુબ આનંદ પામ્યો અને વિચારવા લાગ્યો 'શું પુત્રોનું પુણ્ય છે. કે વિદ્યાધરેન્દ્રો પોતાની કન્યાઓ સામે લઇ પરણાવવા આવે છે?' રાજાને આવા સુંદર વિનીત પુત્રો છતાં રાજ્યકાજ સંભાળવું તે કંટાળાભર્યું લાગ્યું તેથી તેણે તે રાજ્ય ઉપર કનકધ્વજને રાજવી પદે અને જયસુંદરને યુવરાજપદે સ્થાપી. તેણે સ્વયંપ્રભ આચાર્ય પાસે દીક્ષા લીધી.

( ૩ )

રાજા કનકધ્વજ અને યુવરાજ જયસુંદરને લક્ષ્મીનો અને ઋદ્ધિનો તોટો ન હતો. તેમણે તેમની લક્ષ્મી દીન અને અનાથની રક્ષામાં, જિનચૈત્યોના ઉદ્ધારમાં, અને વૈયાવચ્ચમાં ખુબ છુટે હાથે ખર્ચવા માંડી.

રાજા કનકધ્વજ અને યુવરાજ જયસુંદર જિનાલયોનાં દર્શન કરતા કરતા એક વખત સાકેતપુર આવ્યા. અહિં ઉદ્યાનમાં રહેલ જિનમંદિરનાં દર્શન કરી બહાર આવ્યા. ત્યારે એક વૃક્ષની નીચે બેઠેલા ગુણધર મુનિ ભગવંતને તેમણે વાંદ્યા. આ વખતે મુનિ સમક્ષ હાથ જોડી ત્યાંનો રાજા **પુરૂષોત્તમ** બેઠો હતો. આ રાજાની સાથે આવેલ તેમનો પુરોહિત **કપિંજલ** મુનિને જીવ સંબંધીના વિવિધ પ્રશ્નો પુછી તેના ખુલાસા મેળવતો હતો. છતાં મુનિની વાત તેને કેમે કરી ગળે નહોતી ઉતરતી તેથી ગુરૂએ તેમને બધાને તેમનો પૂર્વભવ કહી બતાવ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"રાજન્! વસંતપુર નગરમાં વીરાંગદ રાજા હતો. આ રાજા એક વખત મૃગયા રમવા નીકળ્યો તેણે બાણુ તો પશુઓ ઉપર ફેંકયું પણ પશુ ખસી જતાં તે બાણુ મુનિના પગે વાગ્યું. રાજા મુનિને વાગેલું બાણુ દેખી પશ્ચાતાપ પામ્યો અને તેણે મુનિની પાસે ક્ષમા માગી. દયાસાગર મુનિએ અહિંસા ધર્મનો બોધ આપ્યો આથી રાજા વીરાંગદનું હૃદય ધર્મથી ભિંજાયું.

એ વસંતપુરમાં એક જિનપ્રિય નામનો શ્રાવક રહેતો હતો. આ શ્રાવક ધર્મનિષ્ઠ હતો. તે રાજાના પરિચયમાં આવ્યો અને તેણે રાજાને વધુને વધુ ધર્મનિષ્ઠ બનાવ્યો.

જિનપ્રિયની પેઠે રાજાને એક **મોહન** નામના પૂજારીનો પણ સારો પરિચય થયો. આ મોહન ધર્મતત્ત્વને જાણતો હતો પણ તેનું હૃદય ધર્મથી ભિંજાયું ન હતું.

એક વખત રાજાને સંયમની ભાવના જાગી તેણે મોહનને કોઈ મુનિ મહાત્માની તપાસ કરવાનું કહ્યું પણ મોહને તે તપાસ ન કરી અને વિચાર્યું કે 'જ્યાં સુધી આ રાજા છે ત્યાં સુધી મારી આજીવિકા સૂખપૂર્વક ચાલે છે પણ કાલે કોઈ બીજો રાજા આવે અને મારી આજીવિકા તુટી જાય તો શું થાય? તે વિચારી તે બોલ્યો 'રાજન્! મેં ઠેર ઠેર તપાસ કરી પણ મને કોઈ સુવિહિત સાધુનો યોગ ન મળ્યો. કોઈ સાધુ પરિગ્રહધારી છે તો કોઈ શિથિલાચારી છે. મારી તો સલાહ એ છે કે આપ ગૃહવાસમાં રહી દાન શીલ તપ અને ભાવના ભાવો.

રાજાની ભાવના અતિ ઉત્કટ હતી તેથી આ વાત તેમણે જિનપ્રિયને કરી. જિનપ્રિયે મોહનને ઠપકો આપ્યો અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહ્યું 'ભલા માણસ ! એમ કહેવાય કે યોગ્ય સાધુ નથી. આજે પણ કેઇ મહાવ્રતધારી ઘણા મુનિ મહાત્માઓ છે.'

મોહનને આ વાત ગળે ન ઉતરી. તે ઉલટો વધુ ને વધુ ધર્મનો દ્વેષી થયો. આ પછી રાજાએ મોહનનો સંગ તજ્યો.

રાજા વીરાંગદે જયકાંત મુનિવર પાસે દીક્ષા લીધી અને તે દીક્ષા નિરતિચાર પાળી મહાશુક્ર દેવલોકે દેવ થયો.

હે રાજા ! દેવલોકથી ચ્યવી વીરાંગદનો જીવ તે તમે પુરૂષોત્તમ રાજા થયા.

મોહન વધુ ને વધુ મુનિઓની નિંદા કરતો અનેક ભવ રખડતો વણિક્પુત્ર સુમિત્ર થયો. અને જિનપ્રિય શ્રાવક શ્રાવકપણું પાળી સાતમા દેવલોકે જઇ ગુણધર નામે શ્રેષ્ઠિ-પુત્ર થયો.

પૂર્વભવના અભ્યાસથી જિનપ્રિય અને સુમિત્રને મૈત્રી થઇ. સુમિત્ર કપટી હતો અને ગુણધર સરળ હતો. એકવાર ગુણધર અને સુમિત્ર બન્ને ગાડાં લઇ પરદેશ નીકળ્યા. ઘણું કમાઇ વહાણમાં પાછા ફરતા હતા તે વખતે રાત્રે સુમિત્રને ગુણધરની બધી દૌલત લેવાનું મન થયું અને તે ગુણધરને સમુદ્રમાં ફેંકી દેવા આવ્યો. પણ રાતના તેને ભાન ન રહ્યું અને તે જાતે જ સમુદ્રમાં પડયો. સુમિત્ર ત્યાંથી મરી આ સાકેતપુરમાં કેશવ નામે બ્રાહ્મણ થયો.

ગુણધર સવારે જાગ્યો ત્યારે તેણે સુમિત્રને ન જોયો. તેણે તેનો ઘણો પશ્ચાતાપ કર્યો પણ પછી તે જ્ઞાની ગુરૂને મળ્યો. ત્યારે તેને સાચો ખુલાસો થયો તેથી તેણે દીક્ષા લીધી. રાજન્ ! તે ગુણધર એ જ હું ગુણધર મુનિ છું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કપિંજલ પૂર્વભવમાં શિવદેવ નામે શ્રાવક હતો પણ તે મોહનના પરિચયથી સાધુની નિંદા કરી અનેક ભવ રખડી આ ભવમાં કપિંજલ થયો. અહિં પણ તે કેશવના પરિચયમાં આવ્યો છે તેથી તે નાસ્તિકની રૂચિવાળો થયો છે. પણ ભદ્રિક પરિણામી હોવાથી કલ્યાણ સાધી શકશે.

આ દેશનાથી પુરૂષોત્તમરાજાએ પોતાના પુત્ર પુરૂચંદ્રને રાજ્યારૂઢ કરી તેણે કપિંજલ સાથે ગુણધર મુનિ પાસે દીક્ષા લીધી.

કનકધ્વજ આ બધો પ્રસંગ સાંભળી વૈરાગ્યવાસિત બન્યો અને તે બોલ્યો. બાંધવ! આ રાજ્ય ઉપર મને પણ હવે બહુ મોહ રહ્યો નથી. તું રાજ્ય સંભાળે અને મને છૂટો કરે તો હું દીક્ષા લઉં.

જયસુંદર બોલ્યો 'ભાઇ! હું અને તમે શા માટે જુદા પડીએ? તમારે સંસારના જેલખાનામાંથી છુટવું છે તો મારે થોડું જ તેમાં પડી રહેવું છે? હું પણ તેમાંથી છુટવા જ માગું છું. આપ અને હું બન્ને સાથે જ દીક્ષા લઇએ.'

રાજા કનકધ્વજે પોતાના પુત્ર **કનકકેતુને** તામ્રલિપ્તી નગરીની ગાદીએ સ્થાપ્યો અને પોતે બાંધવ જયસુંદર સાથે ભાગવતી પ્રવજ્યા સ્વીકારી.

આ બન્ને બાંધવ મુનિ પુંગવો સુંદર ચારિત્ર પાળી અંતે મૃત્યુ પામી વિજય નામના અનુત્તર વિમાને ગયા.

[ પૃથ્વીચંદ્ર ચરિત્ર પદ્ય ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૬૮

# પૂણ્યનાં પુર
### યાને
# કુસુમાયુધ અને કનકકેતુ (દસમો ભવ)

### ( ૧ )

ચંપાનગરમાં **જય** નામનો રાજા હતો તેમને સદાપ્રિય એવી **પ્રિયમતિ** નામે રાણી હતી.

કનકધ્વજનો જીવ વિજય વિમાનમાંથી ચ્યવી પ્રિયમતીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. આ પૂણ્યશાળી ગર્ભના પ્રભાવથી રાણીએ સ્વપ્નમાં જોયું કે રાજાએ મને સિંહાસન ઉપર બેસાડી અને તેમણે પોતે જ મને મુગુટ પહેરાવ્યો. રાણીએ રાજાને આ સ્વપ્નનો અર્થ પૂછયો ત્યારે રાજાએ કહ્યું. દેવિ ! તારે સુંદર પુત્ર થશે અને તે નાનપણમાં જ રાજ્ય મેળવશે.'

એક વખત રાજા ગર્ભવતી રાણી પ્રિયમતી સાથે લઇ ઉદ્યાનમાં ફરવા નીકળ્યો. રાજારાણી એક આંબાના ઝાડ નીચે બેઠાં. રાજાએ હાથમાં વીણા લીધી અને તે વગાડતાંજ આખું વન સ્તબ્ધ થયું. સંગીતના અવાજે હરિણીયાં ખેંચાઈને આવે તેમ એક વ્યંતરી પણ ખેંચાઈને આવી અને રાજાનું રૂપ જોઇ તે મુગ્ધ બની. રાણી પ્રિયમતી કોઈપણ કાર્ય અર્થે નગરમાં ગયાં. રાજા એકલો પડયો એટલે ત્યાં વ્યંતરી રાજા સમક્ષ હાવભાવ કરતી તેની પાસે ભોગની પ્રાર્થના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરવા લાગી. રાજાએ તેને તિરસ્કાર કર્યો અને કહ્યું 'તું દેવી થઈ મનુષ્ય પાસે ભોગની માગણી કરતાં કેમ શરમાતી નથી ? દેવિ ! તને ખબર નથી કે હું પરસ્ત્રી ત્યાગી છું.'

'રાજન્ ! હું પારકી નથી. તમારી જ છું અને તમારા ગુણથી ખેંચાઈને આવી છું. રાણી પ્રિયમતી અહિં નથી.' દેવી બોલી.

રાજાએ કહ્યું 'નિર્લજ્જ ! તું દૂર થા. તું આ રીતે દેવની જાતિ વગોવે છે.'

દેવી વિલખી પડી પણ પાછી રાજ્યભવનમાં પ્રિયમતીનું રૂપ ધરી અંતઃપુરમાં આવી.

રાજા અંતઃપુરમાં દાખલ થયો ત્યાં તે પ્રિયમતીને અનેક હાવભાવ કરતાં દેખી વિચારમાં પડયો અને તેણે પ્રિયમતીના રૂપમાં આવેલ વ્યંતરીને ઓળખી કાઢી. રાજાએ અહિં પણ તે વ્યંતરીનો તિરસ્કાર કર્યો.

આથી વ્યંતરી ક્રોધિત થઈ અને તેણે સુતેલી પ્રિયમતી રાણીને ઉપાડી કોઈ ઘોર જંગલમાં મુકી.

(૨)

જયરાજાએ રાણીવાસમાં ઠેર ઠેર તપાસ કરી પણ પ્રિયમતી રાણીનો પત્તો તેને ન લાગ્યો.

રાજાએ ખાવું પીવું છોડયું. હંમેશ તે પ્રિયમતીને સંભારવા લાગ્યો. રાજાને ઘડીક અસાર સંસારને તજી સંયમ લેવાનું મન થતું તો ઘડીક ગર્ભવતી સ્ત્રીના પુત્રનું મુખ નિરખવાનું મન થતું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિમાસણુમાં પડેલ મંત્રીઓએ નિમિત્તકોને પુછયું ત્યારે તેમણે કહ્યું ' ચિંતા ન કરો' તમને દેવી પ્રિયમતી થોડા જ વખતમાં પુત્ર સાથે મળશે.'

રાજા નિમિત્તકોના આ વચનથી કાંઇક આશ્વાસન પામ્યો. અને તે નિરાનંદપણે પોતાનું જીવન વિતાવવા લાગ્યો.

( ૩ )

પ્રિયમતી સવારે જાગી તો તેણે તેની આસપાસ ઘોર જંગલ જોયું. તેને આ શું થયું તેની કાંઈ ખબર ન પડી. 'નાથ ! નાથ !' કરતી તે જંગલમાં ઘૂમવા લાગી. થોડીવારે કોઇ તાપસીઓ તેને નજરે પડી. તેમણે તેને પુછયું. ' હે ! સ્ત્રી તું કોણ છે? અને અહિં એકાંકી કેમ આવી પડી છે ?'

તે બોલી. 'હું ચંપાના રાજાની રાણી પ્રિયમતી છું. હું રાતે નિરાંતે મારા આવાસમાં સુતી હતી પણ હું જાગું છું ત્યારે ઘોર જંગલ જોઉં છું. આ શાથી બન્યું અને કોણે કર્યું તેની મને કાંઇ ખબર નથી.' તાપસીઓ તેને તપોવનમાં લઇ ગઇ. થોડો વખત આશ્વાસન આપ્યા બાદ કુલપતિએ સોબત કરી પ્રિયમતીને શ્રીપુરનગરે મોકલાવી.

( ૪ )

શ્રીપુરનગરના સીમાડામાં એક વિશાળ જિનમંદિર હતું પ્રિયમતી જિનમંદિરના દર્શન કરી બહાર નીકળી ત્યાં એક શ્રાવિકા જિનસુંદરી બોલી ' બેન ! તમે કોણ છો ? અને કયાંથી આવો છો ?' રાણી આનો જવાબ ન આપી શકી. તે ધ્રૂસકે ધ્રૂસકે રોવા લાગી. શ્રાવિકા તેને પોતાને ઘેર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લઈ ગઈ. શ્રાવિકાના પિતા ધનંજય શેઠે તેને સગી પુત્રીની માફક રાખી. ઘેર આવ્યા પછી ધનંજય શેઠે તેનો બધો વૃત્તાંત તેની પાસેથી સાંભળ્યો.

પુરા દીવસે પ્રિયમતીએ ધનંજય શેઠને ત્યાં રહી પુત્રનો જન્મ આપ્યો. અહિં પુત્રનું નામ **કુસુમાયુધ** પાડયું.

કુસુમાયુધ ધનંજય શેઠને ત્યાં ત્રણ વર્ષનો થયો.

(૫)

એક વખત શ્રીપુર નગરનો **વાસવદત્ત** સાર્થવાહ ચંપા તરફ પ્રયાણ કરતો હતો તે વાત ધનંજય શેઠે જાણી એટલે તે સાર્થવાહ પાસે આવ્યા અને બોલ્યા 'મિત્ર ! મારી પુત્રી પ્રિયમતીને તારે સુખે સમાધિએ ચંપામાં પહોંચાડવી.'

સાર્થેશ બોલ્યો 'શ્રેષ્ઠિ ! આપ ફીકર ન કરો એ પુત્રી હવે તમારી નહિ પણ મારી સમજવી.

સાર્થે શિવવર્દ્ધન નગરના સીમાડે મુકામ કર્યો. એક ઝાડ નીચે પ્રિયમતી પુત્ર સાથે સુતી હતી. ત્યાં અચાનક પંચદિવ્યોએ તેના પુત્રનો અભિષેક કર્યો. એટલે મંત્રિઓ હાથ જોડી બોલ્યા.

'દેવિ ! અમારા રાજાએ હમણાંજ રાજ્ય છોડી દીક્ષા લીધી છે. આથી રાજ્યના વારસ માટે અમે દિવ્ય કરી રાજાને શોધતા હતા ત્યાં દિવ્યોએ તમારા પુત્રનો અભિષેક કર્યો છે.'

સાર્થવાહ વાસવદત્તે મંત્રીઓને પુત્ર અને પ્રિયમતીનો સર્વવૃત્તાન્ત કહી સંભળાવ્યો એટલે મંત્રીઓ રાજી થયા. અને કુસુમાયુધનો શિવવર્ધન નગરના રાજ્યાસને રાજ્યાભિષેક કર્યો. આ પછી બાળરાજાને સૌ સામંતો નમ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાસવદત્ત સાર્થવાહ સારા દીવસે શિવવર્દ્ધન નગરથી આગળ ચાલ્યો.

( ૫ )

રાજ્યલોલુપી અવંતીનો રાજા **રાજશેખર** આ બાળ રાજાના શિવવર્દ્ધન નગર ઉપર ચડી આવ્યો. પણ નગરનો ગઢ મજબુત હતો તેથી તે જલ્દી નગરમાં પ્રવેશી ન શક્યો. તેણે નગર બહાર પડાવ નાંખ્યો. અને તે છિદ્રની રાહ જોતો સમય ગાળવા લાગ્યો આ તરફ વાસવદત્ત સાર્થવાહ ચંપાએ પહોંચ્યો. ચંપાનો રાજા જય રાજ્ય કરતો હતો પણ તેનો જીવ તો પ્રિયમતી રાણીના વિરહે આનંદ રહિત હતો. સાર્થવાહે જયરાજાને પ્રિયમતીના સવિસ્તર સમાચાર આપ્યા અને કહ્યું કે 'રાજન્! તમારો બાળપુત્ર કુસુમાયુધ ત્રણ વર્ષનો છે તે આજે શિવવર્દ્ધન નગરનો રાજા થયો છે. આ બાળ રાજા ઉપર રાજ્યલોલુપી અવંતીનો રાજા રાજશેખર ચડી આવ્યો છે પણ તેને ખબર નથી કે એ પૂણ્યશાળીનો કોઇ વાળ વાંકો કરી શકતું નથી. રાણી પ્રિયમતી અને તમારો કુંવર બન્ને હાલ શિવવર્દ્ધન નગરમાં છે.

જયરાજા લશ્કર સહિત શિવવર્દ્ધન નગરે આવ્યો રાજશેખરે સમાચાર જાણ્યા કે આ બાળ રાજા એ કોઇ અજ્ઞાત ક્ષત્રિય પુત્ર નથી પણ જયરાજાનોજ પુત્ર છે ત્યારે તે જય રાજાને નમી પડયો અને તેણે પોતાની ભૂલની ક્ષમા યાચી.

આ પછી તો ત્યાં પ્રિયમતીના પિતા પણ આવ્યા. આમ શિવવર્દ્ધન નગર એ તે દીવસથી ઘણા રાજાઓના મેળાપથી **રાજ્યસંગમ** નગર નામે ઓળખાયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રિયમતી અને જયરાજા એક બીજાને મળ્યા અને પોતાના દુઃખની કથની પરસ્પર કહી આશ્વાસન પામ્યા. થોડાજ દીવસમાં કુસુમાયુધ યૌવન વયને પામ્યો અને તેને જે અવંતીનો રાજવી રાજશેખર તેનું રાજ્ય પડાવવા આવ્યો હતો તેણેજ પોતાની બત્રીસ કન્યાઓ પરણાવી.

( ૬ )

એકવાર ગુણસાગર કેવળી ભગવંત શિવવર્દ્ધન નગરમાં પધાર્યા. આ કેવળી ભગવંતને વાંદવા જય વિગેરે અનેક રાજાઓ ત્યાં પધાર્યા. કેવળી ભગવંતની દેશના સાંભળી જય વિગેરે ઘણાઓએ રાજ્યપાટ છોડી દીક્ષા લીધી. અને તેમના રાજ્ય ઉપર કુસુમાયુધનો રાજ્યાભિષેક કર્યો.

હવે કુસુમાયુધ ઘણા દેશોનો રાજવી બની પૃથ્વી ઉપર એકાતપત્ર રાજ્ય કરતો જૈનધર્મનો પણ ઘણો પ્રભાવ કરવા લાગ્યો. તેણે ઠેર ઠેર જિનમંદિરો કરાવ્યાં અને અનેક લોકોનો ઉદ્ધાર કર્યો.

( ૭ )

કુસુમાયુધ રાજાની મૂખ્ય રાણી રાજશેખરની પુત્રી કુસુમાવલી હતી. આ કુસુમાવલીની કુક્ષિમાં એક રાત્રિએ જય-સુંદરનો જીવ દેવલોકથી ચ્યવી ઉત્પન્ન થયો. રાણીએ આ પૂણ્યશાળી જીવના પ્રતાપથી રાત્રિએ સિંહનું સ્વપ્ન જોયું. પુરે માસે રાણીએ પુત્રનો જન્મ આપ્યો. કુસુમાયુધ રાજાએ આ પુત્રનું નામ **કુસુમકેતુ** પાડયું.

રૂપ કલા ગુણથી વધતો કુસુમકેતુ થોડાજ વખતમાં યૌવનવય પામ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુસુમકેતુ બત્રીસ રાજકન્યાઓને પરણ્યો અને તેઓની સાથે દોગુન્દક દેવની પેઠે વિલાસ કરવા લાગ્યો.

પિતા પુત્રનો પ્રેમ અપાર હતો કુસુમકેતુ પિતાને દેવની પેઠે માનતો અને તેમનો પડતો બોલ ઝીલતો. રાજા કુસુમકેતુને પોતાના જીવની પેઠે સાચવતો અને તેના સુખદુઃખમાં હમેશાં ભાગી રહેતો.

( ૮ )

કુસુમાયુધની ઉંમર હવે પરિપકવ થઈ હતી. તેનો દેહ સંસારના સુખથી જર્જરિત થયો હતો. તેનું મન રાજ્યકાજ અને વૈભવથી ઉદ્વિગ્ન થયું હતું ત્યાં વનપાલકે **સુંદર** નામના મુનિરાજ પધાર્યાના સમાચાર આપ્યા.

કુસુમાયુધ પુત્ર પરિવાર સાથે મુનિની દેશના સાંભળવા ગયો. દેશના સાંભળી તેનું હૃદય વૈરાગ્યથી પલ્લવિત થયું અને તે પુત્ર કુસુમકેતુને રાજ્ય સોંપી દીક્ષા લેવા તૈયાર થયો. પણ કુસુમકેતુએ કહ્યું 'પિતા ! હું તમારા વિના ક્ષણ પણ રહી શકું તેમ નથી. તમે સંયમ લેશો તો હું પણ સંયમ લઈશ. તમે જ્યારે રાજ્યને અધઃપાત કરનારૂં માનો છો તો તે અધઃપાતમાં મને શામાટે મુકતા જાઓ છો. હું તો તમારી સાથેજ સંયમ લેવા ઇચ્છુ છું કુસમાયુધે રાજ્ય પુત્રના પુત્ર દેવસેનકુમારને સોંપ્યું અને પોતે કુસુમકેતુ વિગેરે પાંચસો સાથે દીક્ષા લીધી.

કુસુમાયુધ અને કુસુમકેતુ નિર્મળ ચારિત્ર પાળવા લાગ્યા. તેમણે સાધુની પ્રતિમાઓ વહી. અનેક અભિગ્રહો અને નિયમો સ્વીકાર્યા અને અંતે ઉત્કૃષ્ટ ચારિત્ર પાળી તે બન્ને સર્વાર્થસિદ્ધ વિમાને ગયા.

(પૃથ્વીચંદ્રચરિત્ર પદ્ય)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૬૯

# લગ્નમંડપમાં કેવળજ્ઞાન

### યાને

# પૃથ્વીચંદ્ર અને ગુણસાગર (અગિઆરમો ભવ)

### ( ૧ )

સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવી **કુસુમાયુધનો** જીવ અયોધ્યાના રાજા **હરિસિંહની** પટ્ટરાણી **પદ્માવતીની** કુક્ષિને વિષે અવતર્યો.

એક પછી એક ભવોમાં ત્યાગ અને વૈરાગ્યને વધારતો પૂર્ણરાશિનો સંચય કરતો આ જીવ તેના ફળરૂપ એક પછી એક ઉંચાને ઉંચા દેવલોકોને મેળવી સંસારના સુખની પરિસીમા રૂપ સર્વાર્થસિદ્ધ વિમાને થઇ સંસારની છેલ્લી માયારૂપ આ માનવ જન્મ તેણે અયોધ્યાના રાજવીને ત્યાં લીધો.

પદ્માવતી રાણીને આ મહા પૂણ્યશાળી જીવના પ્રતાપે વિમાનનું સ્વપ્ન આવ્યું અને સાથે સાથે તેને દોહલા પણ સમગ્ર જગતનું કલ્યાણ કરવાના થવા લાગ્યા. રાણી પદ્માવતીનો પુત્ર ગર્ભમાં હતો ત્યારે તેણે કેઈ અનાથ અને દુઃખીયાઓને છુટે હાથે દાન આપ્યું અને અનેક ધર્મનાં કાર્યો કર્યાં.

સારા દીવસે રાણીએ પુત્રને જન્મ આપ્યો. રાજાએ પુત્રનું નામ **પૃથ્વીચંદ્ર** પાડયું.

પૃથ્વીચંદ્ર ધીરગંભીર અને શાંત હતો. તેના મુખ ઉપર નહોતું ફરકતું હાસ્ય કે તેના મુખ ઉપર નહોતી કોઇ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીવસ બિષાદની છાયા. તેણે પિતાએ જે કળાઓ ભણવા બેસાડયો તે બધી કળાઓ થોડા જ દીવસમાં ભણી લીધી. આમ પૃથ્વીચંદ્રકુમાર થોડા જ દીવસોમાં યૌવનવય પામ્યો.

પિતા હરિસંહને લાગ્યું કે કુમારની ધીરગંભીર પ્રકૃતિ અને અટુલા રહેવાની રીતિ તેનાં લગ્ન થાય તો જ છુટે આથી તેણે કુમારના **લલિતસુંદરી** વિગેરે સોળ કન્યાઓ સાથે લગ્ન કર્યાં. સોળ સ્ત્રીઓ સારો દાયજો લઇ પૃથ્વીચંદ્રના આવાસે આવી છતાં પૃથ્વીચંદ્રનું ચિત્ત એ સમ્પત્તિ કે સ્ત્રીઓમાં જરાપણ લલચાયું નહિ.

એ તો એક એવા ધન્ય દિવસની ઝંખના કરતો હતો કે કયારે હું આ સ્ત્રીઓને પ્રતિબોધ પમાડી સંયમમાર્ગમાં વિચરીશ. આ માનવભવ કલ્યાણ સાધવા માટે છે નહિં કે પુદ્ગલ સુખમાં રાચવા માટે છે.

પૃથ્વીચંદ્રકુમાર મોહઘેલી સ્ત્રીઓનો મોહ હંમેશ ઉપદેશ દ્વારા ઓછો કરતો હતો. અને નિરીહભાવે પોતે સંસારનો વ્યવહાર ચલાવતો હતો.

(૨)

એક વખત હરિસિંહ રાજાએ કુમાર પૃથ્વીચંદ્રને કહ્યું. 'પુત્ર ! તું મારો એકનો એક ગુણીયલ પુત્ર છે. તું બધી કળાઓમાં હોંશીયાર છે. તારા જેવો પુત્ર છતાં રાજ્ય ભોગવવું તે મારે માટે લજ્જારૂપ છે. આપણા કુળનો તો ક્રમજ એવો છે કે પુત્ર યુવાન થાય એટલે રાજા પુત્રને ગાદીએ બેસાડી પોતે વ્રત લે. હું વૃદ્ધ થયો છું તું યુવાન છે. યોગ્ય છે. છતાં રાજય તરફ તારી બિલકુલ દરકાર ન હોવાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હું રાજ્યધૂરા વહી રહ્યો છું. પુત્ર ! મને માનવભવનું ભાથું બાંધવા સંયમ લેવા દે અને તું આ રાજ્યધૂરા ઉપાડી મને છુટો કર.'

પૃથ્વીચંદ્ર વિચારમાં પડયો કે 'હું આ સંસાર છોડી નિરીહ ભાવમાં રાચવા ઇચ્છું છું. ત્યાં એક પછી એક અણચિંતવી જાળો મને ઘેરતી જાય છે. મારી ઇચ્છા લગ્નની ન હતી. છતાં પિતાએ લગ્ન કરાવ્યાં. મેં પિતાના મોહ ખાતર લગ્ન કર્યાં. પરણેલી સ્ત્રીઓની ઘેલછા મેં જ્ઞાન ને ઉપદેશ દ્વારા ઓછી કરી. હવે હું તેઓને સમજાવી સંયમ લેવાનો વિચાર કરૂં છું ત્યાં પિતા રાજ્યની ધૂરા મને ભળાવે છે. મને રાજ્યનો મોહ નથી. રાજ્ય વૈભવ મને કાંટા જેવા લાગે છે. પણ વૃદ્ધપિતા પરભવના શ્રેયમાટે તેમાંથી છોડાવવા મને કહે ત્યારે મારે શું કરવું ?' કુમારે હરિસિંહને કાંઇ ઉત્તર ન આપ્યો. રાજા સમજ્યો કે કુમાર સંમત છે. તેણે તુર્ત મંત્રીઓને બોલાવ્યા. અને તેમને આજ્ઞા કરી સારા દીવસે પૃથ્વીચંદ્રનો રાજ્યાભિષેક કર્યો. (૩)

પૃથ્વીચંદ્ર રાજા રાજસભામાં બેઠા હતા. પૃથ્વીચંદ્રની રાજસભા એટલે તેમાં કોઇની નિન્દા કે ખોટા અભિમાનનાં અણગાં ન હોય ત્યાં તો જીવ અને શિવના સ્વરૂપનો જ વિચાર થાય.

આ સભામાં એક **સુધન** નામનો વણિક્ ભેટણું લઇ આવ્યો અને તે રાજા આગળ ભેટણું ધરી બેઠો ત્યાં રાજાએ પુછયું.

'શેઠ ! તમે કયાંથી આવો છો ? અને તમારા ત્યાંના કાંઇ જાણવા જેવા નવીન સમાચાર છે ખરા !'

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

'રાજન્ ! હું હસ્તિનાપુર નગરથી આવું છું. આ નગરમાં હમણાં એક એવી આશ્ચર્યકારક ઘટના બની છે કે હું તો શું પણ તે નગરના તમામ આ બાલવૃદ્ધ માનવીઓ એ ઘટના દેખી આશ્ચર્ય મુગ્ધ થયાં છે. મારી નજર આગળથી તે આશ્ચર્ય જરા પણ ખસતું નથી.' સુધન બોલ્યો.

રાજા અને સભા એકદમ સ્થિર થયાં. રાજાએ કહ્યું.

'સુધન ! તે આશ્ચર્યકારક ઘટના જણાવી તમારા આશ્ચર્યમાં અમને ભાગીદાર બનાવો.'

(૪)

(૩)

### દોહા.

કૌતુક જોતાં બહુ ગયો કાળ અનાદિ અનંત;
પણ તે કૌતુક જગ વડું, સુણતાં આતમ શાંત. ૧
કૌતુક સુણતાં જો હુવે, આતમનો ઉપકાર;
વક્તા શ્રોતા મન ગહગહે, કૌતુક તેહ ઉદાર. ૨

આવ્યા ગજપુર નયરથી, તિહાં વસે વ્યવહારી રે લોલ;
અહો તિહાં વસે વ્યવહારી રે લોલ.
રત્નસંચય તસ નામ છે, સુમંગળા તસ નારી રે લોલ;
અહો સુમંગળા તસ નારી રે લોલ. ૧
ગુણસાગર તસ નંદનો, વિદ્યા ગુણનો દરિયો રે લોલ અ૦વિ૦
ગોખે બેઠો અન્યદા, જુએ તે સુખ ભરીયો રે લોલ. અ૦જુ૦–૨
રાજપંથે મુનિ મલપતો; દીઠો સમતા ભરીયો રે લોલ; અ૦દી૦
તે દેખી શુભ ચિંતવે, પૂરવ ચરણ સાંભરિયો રે લોલ. અ૦પૂ૦–૩
માતપિતાને એમ કહે, સુખીયો મુજ કીજે રે લોલ; અ૦ સુ૦
સંયમ લેશું હું સહી, આજ્ઞા મુજ દીજે રે લોલ; અ૦આ૦–૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માતપિતા કહે નાનડા, સંયમે ઉમાહ્યો રે લોલ; અ૰સં૰
તો પણ પરણો પદમણી, અમ મન હરખાવો રે લોલ; અ૰અ૰–૫
સંયમ લેજો તે પછી, અંતરાય ન કરશું રે લોલ. અ૰અ૰
વિનયે વાત અંગીકરી, પછે સંયમ વરશું રે લોલ. અ૰પ૦–૬
આઠ કન્યાના તાતને, ઇમ ભાખે વ્યવહારી રે લોલ; અ૰ઇ૰
અમ સુત પરણવા માત્રથી, થાશે સંયમધારી રે લો. અ૰થા૰–૭
ઇભ્ય સુણી મન ચમકિયા, વર બીજો કરશું રે લો; અ૰વ૰
કન્યા કહે નિજ તાતને, આ ભવ અવર ન વરશું રે લો. અ૰અ૰–૮
જે કરશે એ ગુણનિધિ, અમો તેહ આદરીશું રે લો; અ૰અ૰
રાગી વૈરાગી દોયમેં, તસ આણા શિરે ધારશું રે લો અ૰ત૰–૯
કન્યા આઠના વચનથી, હરખ્યા તે વ્યવહારી રે લો. અ૰હ૰
વિવાહ મહોત્સવ માંડીયા, ધવળમંગળ ગાવે નારી રે લો.અ૰ધ૰–૧૦
ગુણસાગર ગિરૂઓ હવે, વરઘોડે વર સોહે રે લો. અ૰ સો૰
ચોરી માંહે આવીયા, કન્યાનાં મન મોહે રે લો. અ૰ક૰–૧૧
હાથ મેળાવો હર્ષશું, સાજન જન સહુ મળિયા રે લો. અ૰સા૰
હવે કુમાર શુભ ચિત્તમેં, ધર્મધ્યાન સાંભરિયાં રે લો. અ૰ધ૰–૧૨
સંયમ લેઇ સદ્‌ગુરૂ કને, શ્રુત ભણશું સુખકારી રે લો અ૰શ્રુ૰
સમતા રસમાં ઝીલશું, કામ કષાયને વારી રે લો. અ૰કા૰–૧૩
ગુરૂ વિનય નિત્ય સેવશું, તપ તપશું મનોહારી રે લો. અ૰ત૰
દોષ બેંતાલીશ ટાળીશું, માયા લોભ નિવારી રે લો. અ૰મા૰–૧૪
જીવિત મરણે સમપણું, સમ તૃણ મણિ ગણશું રે લો; અ૰સ૰
સંયમ યોગે થિર થઇ, મોહરિપુને હણશું રે લો. અ૰મો૰–૧૫
ગુણસાગર ગુણશ્રેણિયે, થયા કેવળનાણી રે લો; અ૰થ૰
નારી પણ મન ચિંતવે, વરીયે અમે ગુણખાણીરે લો. અ૰વ૰–૧૬

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

અમે પણ સંયમ સાધશું, નાથ નગીના સાથે રે લો. અ૦ના૦
એમ આઠે થઇ કેવળી, કર પિયુડા હાથે રે લો. અ૦ક૦–૧૭
અંબર ગાજે દુંદુભી જય જયલો રવ કરતા રે લો. અ૦જ૦
સાધુવેષ તે સુરવરા, સેવાને અનુસરતા રે લો. અ૦સે૦–૧૮
ગુણસાગર મુનિરાજના, માતપિતા તે દેખી રે લો. અ૦મા૦
શુભ સંવેગે કેવળી, ઘાતી ચાર ઉવેખી રે લો. અ૦ઘા૦–૧૯
નરપતિ આવે વાંદવા, મન આશ્ચર્ય આણી રે લો; અ૦મ૦
શંખ કલાવતી ભવ થકી, નિજ ચારિત્ર વખાણી રે લો.
અ૦નિ૦–૨૦
ભવ એકવીશ તે સાંભળી, બુઝ્યા કેઇ પ્રાણી રે લો; અ૦મ૦
સુધન કહે સુણો સાહિબા, અત્ર આવ્યો ઉમાંહી રે લો.
અ૦અ૦–૨૧
પણ તે કૌતુક દેખવા, મનડો મુજ હરખાયો રે લો; અ૦મ૦
કેવળજ્ઞાની મુજ કહે, શું કૌતુક ઉલ્લાસે રે લો. અ૦શું૦–૨૨
એહથી અધિકું દેખશો, અયોધ્યા નામે ગ્રામે રે લો; અ૦અ૦
તે નિસુણી મુનિ પાય નમી, આવ્યો ઇણ ઠામેરે લો. અ૦આ૦–૨૩
કૌતુક તુમ પ્રસાદથી, જોશું સુજશકામી રે લો. અ૦ સુ૦
એમ કહીને **સુધન** તિહાં, ઊભો શિર નામીરે લો. અ૦ઉ૦–૨૪

( ૫ )

'મહારાજા ! અમારા હસ્તિનાપુર નગરમાં રત્નસંચય નામના એક ધનવાન શેઠ અને સુમંગળા શેઠાણીને **ગુણસાગર** નામનો પુત્ર છે. આના જન્મ પહેલાં સુમંગળાએ ક્ષીરસમુદ્રનું સ્વપ્ન જોયું હતું.

રાજન્ ! આ ગુણસાગર એટલે ગુણનો, કળાનો અને રૂપનો બધાનો સાગર. ગુણસાગર બાલ્યકાળ વિતાવી યુવાવસ્થામાં બેઠો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક વખત બજારમાંથી પસાર થતા તે ગુણસાગરને દેખી તે ગામની આઠ શ્રેષ્ઠિપુત્રીઓ મુગ્ધ થઇ. તેમણે નિશ્ચય કર્યો કે પરણવું તો શ્રેષ્ઠિપુત્ર ગુણસાગરને જ નહિં-તર ભલેને જીંદગી કુંવારા રહેવું પડે. કન્યાઓના માત-પિતાઓ રત્નસંચયને મળ્યા અને તેમણે પોતાની કન્યાઓનો વિવાહ ગુણસાગર સાથે જોડયો.

એક વખત ગુણસાગર પોતાની હવેલીની ગોખે બેઠો હતો. તેની નજર ગામના નાના મોટા ઘરો ઉપર થઇ દૂર દૂર ગામને પાદરે પડી. ગામને પાદરે એક દુર્બલકાય મુનિ હાથમાં પાત્ર લઇ ગોચરીએ જતા હતા. ગુણસાગર મુનિને દેખતાં વિચારે ચડયો. 'કહો કે ન કહો મેં આવા માણસને કોઇને કોઈ ઠેકાણે જોયા છે.' તેણે ખુબ વિચાર્યું પણ કાંઇ યાદ ન આવ્યું. તેણે પાંચ દશ વર્ષનાં કાળના પડળના ચોપડા ઉકેલ્યા પણ કોઈ જગ્યાએ તેને આવા મુનિને સંસર્ગ ન જડયો. ખુબ ઉંડો ઉતરતાં તે મગ-જની સ્થિરતા ગુમાવી મૂર્છિત થયો. આ મૂર્છામાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. અને તેમાં તેણે જોયું કે 'પૂર્વભવે મેં આવું સાધુપણું સ્વીકાર્યું હતું. અને તેના પ્રતાપે જ મને દેવલોકની ઋદ્ધિ અને સંપત્તિ મળી હતી'

ગુણસાગર તુર્ત માતપિતા પાસે આવ્યો અને બોલ્યો. 'હું સાધુ થવા ઇચ્છું છું મને આ સંસાર અકારો અને કારમો લાગે છે. પરભવમાં મેં દુનીયાની ઋદ્ધિ અને સંસારનાં સુખ ઘણાં ભોગવ્યાં છે. પણ તેમાં અનર્થ સિવાય મને કાંઇ સાંપડયું નથી મારી પ્રગતિ અને વિકાસ જો થયો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હોય તો તે સંયમથી જ થયો છે. મારા પરભવો મારી આંખ આગળ તરવરે છે. તે મને સ્પષ્ટ કહે છે કે વિકાસનો માર્ગ સંયમ છે અને દુઃખનો માર્ગ સંસાર છે. માતા પિતા ! મને સંયમમાર્ગે જવા રજા આપો.'

માતા અને પિતાએ તેને સમજાવ્યું અને કહ્યું કે 'પુત્ર ! જન્મ અને મરણ એ સંસારની ઘટમાળ છે. તેમ ભવોની પરંપરા પણ સંસારની ઘટમાળ છે. તેને ભૂલી જવી જોઈએ અને કર્તવ્યમાર્ગ હોય તે કરવો જોઈએ. તું યુવાવસ્થામાં પ્રવેશ્યો છે. આ યુવાવસ્થાનું કર્તવ્ય ભોગસુખ છે. વૃદ્ધ થાય ત્યારે તે અવસ્થાને ઉચિત સુખેથી સંયમપણું લેજે. તને તે વખતે અમે કોઇ નહિ રોકીએ.'

ગુણસાગરે કહ્યું. 'દુનિયામાં થોડો જ નિયમ છે કે યુવાને વૃદ્ધ થવું જ જોઇએ. કેઈ યુવાનો વૃદ્ધ થયા પહેલાં શું કાળના ઝપાટામાં નથી આવતા ? કાળનો ઝપાટો કોને કયારે આવશે તે થોડો જ ચોક્કસ છે. માતાજી ! મને આગ્રહ ન કરો. સંસારમાં એક ક્ષણ રહેવું તે પણ મારે માટે ખુબ અસહ્ય છે.'

પુત્ર ! તું જાણે છે ને કે તારો વિવાહ આઠ શ્રેષ્ઠિ પુત્રીઓ સાથે કર્યો છે તેનાં લગ્ન પણ થોડા જ દીવસમાં થવાનાં છે. મેં તો મનમાં કેટલાય કોડ સેવ્યા હતા. કે પુત્ર આઠ પુત્રવધૂઓને પરણશે. તેને પુત્ર પુત્રીઓ થશે. હું મારા પૌત્રોને લડાવીશ અને આનંદ મેળવીશ. દીકરા ! આ બધા મારા કોડોનો આજે ભાંગી ભુક્કો થઇ ગયો છે. પણ પુત્ર ! એટલું તો કર કે એક વખત આઠ કન્યાઓને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરણી અમને સંતોષ પમાડ.' માતાએ ગળગળા અવાજે કહ્યું.

"માતા ! એથી વધુ શું છે ? મને પરણ્યા પછી બીજેજ દીવસે તમે રાજી થઇ મને સંયમની સંમતિ આપવાના હો તો મને પરણવામાં વાંધો નથી. પણ પરણનાર સ્ત્રીઓને તમારે સ્પષ્ટ જણાવવું પડશે કે ' મારો પુત્ર પરણીને બીજેજ દીવસે દીક્ષા લેવાનો છે."

રત્નસંચય શેઠે કન્યાઓના પિતાને પોતાના આવાસે બોલાવ્યા અને કહ્યું. 'શ્રેષ્ઠિવરો તમે મારા પુત્ર ગુણસાગર સાથે તમારી પુત્રીઓનો વિવાહ કર્યો છે તે સત્ય છે. પણ એ પુત્રની ઇચ્છા દીક્ષા લેવાની છે. તેની લગ્નની ઇચ્છા મુદ્દલ નથી. તેણે અમારા આગ્રહથી જ લગ્ન કરવાનું કબુલ કર્યું છે. લગ્ન કર્યા પછી તેનો વિચાર પલટાય અને સંસારમાં રહે તો જુદી વાત. નહિંતર અત્યારે તો લગ્નના બીજા જ દીવસે દીક્ષા લેવાના વિચારવાળો છે. તમારે લગ્ન લેવાં હોય તો લો અને ન લેવાં હોય તો તમારી મરજીની વાત છે. પણ હું તમને કોઇ રીતે અંધારામાં રાખવા નથી માગતો.'

શ્રેષ્ઠિઓ બોલ્યા 'એવા લગ્નનો શો અર્થ છે ? છોકરો પરણ્યો તેવો લ્હાવ પુરો કરવાજ તમારે આઠ છોકરીઓનો અવતાર બગાડવો છે ? તેને સંયમ લેવો હોય તો ભલેને લગ્ન પહેલાંજ સંયમ લે, છતાં અમે અમારી પુત્રીઓને પુછી તમને ચોક્કસ જવાબ આપીશું.'

શેઠીઆઓએ પોતાની છોકરીઓને કહ્યું 'ગુણસાગર પરણીને તુર્ત દીક્ષા લેવાનો છે એથી અમે તો કહી દીધું છે કે 'લગ્ન કર્યા પછી તુર્ત એને દીક્ષાજ લેવી હોય તો ભલેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લગ્ન પહેલાં લઇ લે. લગ્નની ખોટી માથાકુટ કરી અમને બધાને વગોવશો નહિ.'

આઠે પુત્રીઓએ પોતાના પિતાઓને કહ્યું 'પિતાજી ! આપે અમને તેને દીધાં એટલે અમે તો તેને વરી ચૂકયાં. આ ભવમાં તો તેના સિવાય બીજો પતિ અમારે ન કલ્પે. જો તે સંસારમાં રહેશે તો અમે સંસારમાં રહીશું અને જો તે દીક્ષા લેશે તો અમે પણ દીક્ષા લઇશું આર્યસ્રીને પતિ એ તેની ગતિ છે !' આઠે શ્રેષ્ઠિઓએ પોતાની કન્યાઓનો અફર નિર્ણય જાણી આઠે કન્યાઓ સાથે ગુણસાગરનાં લગ્ન આરંભ્યાં.

( ૬ )

ગુણસાગર વરઘોડે ચડયો. વરઘોડો મંડપે આવ્યો ત્યાં તેને ધોંસરી બતાવવામાં આવી કુમારે વિચાર્યું કે આ ધોંસરીથી સંસારગાડું ઉપાડવાનું શરૂ થવાનું. થોડીવારે પગ નીચે પરણાયું ફોડવામાં આવ્યું તેણે વિચાર્યું કે સુકૃતનો અહિં ભાંગીને ભૂકો કરવામાં આવ્યો. કુમાર ચોરીમાં બેઠો અને સાવધાન સાવધાન કહી બ્રાહ્મણે તેના ફેરા ફેરવવા માંડયા કુમારને લાગી આવ્યું કે 'આ બ્રાહ્મણ ચોરીના ફેરા નથી ફેરવાવતો પણ કહે છે કે એ સાવધ થા સાવધ થા તારે હવે ચારે ગતિમાં ફેરા ફરવાના છે. હું કેવો મૂઢ માણસ છું ? આટલું જાણ્યા છતાં પાછો વળતો નથી. આ પછી ગુણસાગર પત્નીઓ સાથે માંયરામાં બેઠો. તેણે માંયરાને માતૃગૃહ નહિ પણ માયાગૃહ માન્યું. અહિં બેઠેલ કુમારને રંજિત કરવા નાટક ચેટક આરંભાયાં પણ કુમારનું ચિત્ત નાટક ચેટકમાં ન ચોંટયું તે તો એજ વિચારે ચડયો કે કાલે સવારે હું દીક્ષા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લઇશ. વિહાર કરીશ. ઉગ્ર તપશ્ચર્યા આચરીશ, સદા જીવને અનર્થકારી આ કાયાને શોષવી મારો દેહ દુર્બળ બનાવીશ, અંગ ઉપાંગના અધ્યયન કરી તત્ત્વની ગવેષણા કરીશ. ગુરૂ કન્હે પ્રાયશ્ચિત્ત અને આલોચના લઇ જીવન શુદ્ધ બનાવીશ. અહાહા! કેવો કાળથી મારો ઉદયકાળ શરૂ થશે.

**સંયમ લેઇ સુગુરૂકને ભણશું સુખકારીરે લોલ**
**સમતા રસમાં ઝીલશું કષાયને વારીરે લોલ**
**દોષ બેંતાળીસ ટાળશું માયા લોભ નિવારીરે લોલ**
**જીવન મરણે સમપણું સમ તૃણમણિ ગણશુંરે લોલ**
**સંયમ જોગે થિર થઈ મોહ રિપુને હણશુંરે લોલ**

આ ઉદયમાં હું મારાં જુનાં ચીકણાં કર્મને દૂર કરીશ આત્માના જ્ઞાન દર્શન ચારિત્રગુણને પામીશ. આત્મા અને દેહનો પૃથક્ભાવ સમજી આત્મરમણમાં લીન થઈશ. મારી આત્માની ખરી જ્યોત પ્રકાશી ઉઠશે આમ ઉંડી ને ઉંડી ગવેષણાના આત્મધ્યાનમાં એકતાર બનેલ ગુણસાગરને માંયરામાંજ કૈવલ્ય પ્રગટયું.

સામે બેઠેલી આઠ કન્યાઓએ હસ્તમેળાપ વખતે કે નાટકચેટક વખતે પણ પતિને કોઈ અગમ્ય વિચાર કરતા દેખી વિચારવા લાગી કે 'પતિને ખરેખર સંયમનો રસ છે. આ સંયમરસીયા પતિને વરવાનું અમારૂં કેવું અહોભાગ્ય! દુનીયામાં સંસારના રસિયા અને કાયાના ચુંથણાંને ઝંખતા વર તો ભવોભવ ઘણાએ આ જીવે કર્યા હશે પણ લગ્નમંડપ વખતે સંયમરસે ઝીલનાર પતિ તો આ ભવમાં અમનેજ સદ્‌ભાગ્યે મળ્યા છે. કાલે સવારે અમારો નાથ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંયમ લેશે. અમે પણ તેની સાથે સંયમ લઇશું, તપ તપીશું અમે આ નાથ દ્વારા અરિહંત પરમાત્મારૂપ સાચા નાથને ઓળખી અમે પોતે સનાથ થઈશું. આમ આઠે રમણીઓ પણ સંયમશ્રેણિને ભાવતાં કેવળી થઇ.

નાટક તો ચાલતું જ હતું જાનૈયાઓ માથાં ધૂણાવતા હતા પણ જેને નિમિત્તે આ નાટક ભજવાતું હતું તે નવજણા આને સંસારનાટક સમજી વૈરાગ્યે વળી કેવળ પામ્યાં હતાં. કેવળ પામતાંની સાથેજ આકાશમાં દેવદુંદુભિઓ ગાજી. જોત જોતામાં દેવતાઓએ મુનિનો વેષ એમને આપ્યો અને નમીને બોલ્યા 'ધન્ય ધન્ય ગુણસાગર કેવળી અને ધન્ય ધન્ય શ્રેષ્ઠિ પુત્રીઓ! તમે મોહમંદિર રૂપ મયાંરામાં બેસી મોહના ઘરમાંજ મોહનો નાશ કર્યો.'

રાજન્! ગુણસાગરના માતા પિતાએ જાણ્યું કે પુત્ર અને પુત્રવધૂઓએ લગ્નમંડપમાંજ કૈવલ્ય મેળવ્યું. તેમને આ જાણી તેમની જાત પ્રત્યે ખુબ તિરસ્કાર જાગ્યો. તે બોલ્યા અરે! સંયમના રસિક આવા પરમપૂણ્યાત્માઓને વિડંબના કરનારા અમારૂં શું થશે? આ તીવ્ર પશ્ચાતાપ પછી તે ધ્યાનમાર્ગે વળ્યાં અને તે પણ કેવળજ્ઞાન પામ્યાં.

રાજન્! આ પછી ગુણસાગર કેવળી ભગવંતે તેમના એકવીશ ભવ કહ્યા આ ભવ સાંભળી કેઈ જીવો બોધ પામ્યા આ આશ્ચર્યે મારા નગરમાં સૌનાં ચિત્ત ડોલાવ્યાં છે અને હું હરરોજ બેસતાં ઉઠતાં આજ આશ્ચર્યને સંભાળતો માથું ડોલાવું છું. અને તે કેવળીઓને જંખું છું. રાજન્! આથી વધુ શું આશ્ચર્ય?'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૭ )

## દોહા

પૃથ્વીચંદ્ર તે સાંભળી, વાધ્યો મન વૈરાગ;
ધનધન તે ગુણસાગરૂ, પામ્યો ભવજલ તાગ. ૧
હું નિજ તાતને દાક્ષિણ્યે,પડિયો રાજ્ય મોઝાર;
પણ હવે નીસરશું કદા, થાશું કબ અણગાર. ૨

ધન ધન જે મુનિવર ધ્યાને રમે, કરતા આતમ શુદ્ધ; મુનીસર. રાજા ચિંતે સદ્ગુરૂ સેવના, કરશું નિર્મળ બુદ્ધિ. ધનધન૦ ૧
કબહુ શમ દમ સુમતિ સેવશું, ધરશું આતમધ્યાન; મુનિ૦ ઇમ ચિંતવતાં અપૂરવ ગુણ ચઢે, શ્રેણિએ શુકલધ્યાન. મુ૦ ધન૦ ૨
ધ્યાનબળે સવિ આવરણ ક્ષય કરી, પામ્યો કેવળજ્ઞાન; મુનિ૦ હર્ષ ધરી સોહમપતિ આવીયા, દઈ વેશ વંદે બહુમાન. મુ૦ ધન૦ ૩
સાંભળી માતપિતા મન સંભ્રમે, આવ્યા પુત્રની પાસ; મુની૦ એ શું એ શું એણીપરે બોલતાં, હરિસિંહ હર્ષ ઉલ્લાસ. મુ૦ ધન૦ ૪
દયિતા આઠ સુણી મન હર્ષથી, ઉલટ અંગ ન માય; મુની૦ સંવેગ રંગ તરંગમેં ઝીલતી, આઠે કેવળી થાય. મુ૦ ધન૦ ૫
સારથ સુધન પણ મન ચિંતવે, કૌતુક અદ્ભુત દીઠ; મુની૦ નરપતિ પૂછે મુનિ ચરણે નમી, સ્નેહનું કારણ જિઠ્ઠ. મુ૦ ધન૦ ૬
કેવળી કહે પૂરવભવ સાંભળો, નયરી ચંપા જયરાય; મુની૦ સુંદરિ પ્રિયમતિ નામે તેહને, કુસુમાયુધ સુત થાય. મુ૦ ધન૦ ૭
સંપતિ સંયમ પાળી શુભ મના, વિજય વિમાન તે જાય; મુનિ૦ અનુત્તર સુખ વિલસી સુર તે ચવ્યાં, થયાં તુમે રાણી ને રાય. મુ૦ ધન૦ ૮

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુસુમાયુધ પણ સંયમ સુર ચવી, થયો તુમ સુત તણે નેહ; મુનિ૦
માતપિતા પણ પૃથ્વીચંદ્રનાં, સુણી થયાં કેવળી તેહ. મુ૦ ધન૦ ૯
સારથ પૂછે પૃથ્વીચંદ્રને, ગુણસાગર તુમે કેમ; મુનીસર૦
મુનિ કહે પૂરવભવ અમ નંદનો, કુસુમકેતુ તસ નામ. મુ૦ ધન૦ ૧૦
એહિ જ દયિતા દોયને તે ભવે, સંયમ પાળી તે સાર; મુની૦
સમ ધર્મે સવિ અનુત્તર ઉપન્યા, આ ભવ પણ થઇ નાર.મુ૦ધન૦ ૧૧
સાંભળી સુધન શ્રાવક વ્રત લહે, બીજા પણ બહુ બોધ; મુની૦
પૃથ્વી વિચરે પૃથ્વીચંદ્રજી, સાદિ અનંત થયા સિદ્ધ. મુ૦ ધન૦ ૧૨
નિત નિત ઉઠી હું તસ વંદન કરૂં, જેણે જગ જીત્યો રે મોહ; મુની૦
ચડતે રંગે હો સમ સુખ સાગરૂ, કરતો શ્રેણિ આરોહ. મુ૦ ધન૦ ૧૩
જગ ઉપકારી હો જગહિત વચ્છલુ, દીઠે પરમ કલ્યાણ; મુની૦
વિરહ મ પડશો હો એહવા મુનિ તણો, જાવ લહું નિરવાણ. મુ૦ ધન૦ ૧૪
મુનિવર ધ્યાને હો જન ઉત્તમ પદ વરે, રૂપ કળા ગુણ જ્ઞાન; મુની૦
કીર્તિ કમળા હો વિમળા વિસ્તરે, **જીવવિજય** ધરે ધ્યાન. મુ૦ધ૦૧૫

( ૮ )

સુધન શેઠ બોલતો અટકયો પણ રાજા પૃથ્વીચંદ્ર સુધનની વાત સાંભળી જાતિસ્મરણ પામ્યા તેમની વિચારદ્વારા એકદમ વેગ પકડતી ગઇ તેમને પોતાનો પૂર્વભવ તેમની નજર આગળ તરવરવા લાગ્યો.

**હું નિજ તાતને દાક્ષિણે પડિઓ રાજ મોઝાર**
**પણ હવે નિસરશું કદા થાશું કબ અણગાર**

હું સમજતો હતો કે આ સંસાર કારમો છે છતાં હું લગ્ન કરી સોળ સુંદરીઓને પરણ્યો. રાજકાજ ભવ વધાર-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નારાં છે તે જાણુવા છતાં હું રાજવી બન્યો. ધન્ય તે ગુણસાગર મહાત્માને કે તેમણે લગ્ન આરંભ્યાં પણ તે લગ્નમાં કેવલ્યશ્રી મેળવી. હું તો રાજ્ય અને સુંદરીમાં લપટાયેલો સંસારમાં ઉંડોને ઉંડો ઉતરતો જાઉં છું. હું કયારે આ બધું છોડીશ અને મારા સહચારિ ગુણસાગરની પેઠે કયારે કૈવલ્ય પામીશ. અમે એકવીશ ભવના સાથી હતા. એકવીશ ભવ સુધી સાથે સાથે જ રહ્યા. પણ આ ભવે મારો સાથી મને સંસારમાં મુકી કેવળ લક્ષ્મીને પામ્યો. પૃથ્વીચંદ્ર રાજા આ પછી સંયમ-શ્રેણિએ ચડયા. અને બોલ્યા.

**કબહુ સમદલ સુમતિ સેવશું ધરશું આતમ ધ્યાન**

સુધન અને સભાસદો બીજું કાંઇ કહે તે પહેલાં તો ત્યાં પણ દેવોએ પુષ્પવૃષ્ટિ કરી પૃથ્વીચંદ્ર મુનિને સાધુ-વેષ સમર્પ્યો. ત્યારે તેમણે જાણ્યું કે પૃથ્વીચંદ્ર પણ કેવળી થયા છે.

પૃથ્વીચંદ્રને રાજસભામાં કેવળજ્ઞાન થયાનું જાણી તેમની સોળ પ્રિયાઓ પણ અધ્યાત્મ માર્ગે વળી તે પણ તત્કાળ કૈવલ્ય પામી. સભાએ પૃથ્વીચંદ્ર કેવળીને ગુણસાગરનો સંબંધ પુછયો ત્યારે કેવળી ભગવંતે એકવીશ ભવનો સંબંધ કહ્યો. અને પૂર્વ ભવમાં અમે બે પિતા પુત્રો હતા તે કહી જણાવ્યું.

સભામાં કોઇએ દીક્ષા લીધી અને કેઇએ અણુવ્રત લીધાં સુધન શ્રાવક થયો.

પૃથ્વીચંદ્ર અને ગુણસાગર કેવળીએ આ પછી જગત ઉપર વિચરી અનેક જીવોને તાર્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંસારમાં ઉત્તરોત્તર સુખનો એક પછી એક પગથાર વીટાવી શંખ અને કલાવતીના જીવો સંસારના નશ્વર સુખોને સદાકાળ તજી મોક્ષ લક્ષ્મીનાં શાશ્વત સુખને વર્યા.

(૯)

આ પૃથ્વીચંદ્ર ચરિત્ર **સત્યરાજ ગણિએ** વિ. સં. ૧૫૩૫ના મહા શુદ ૧૦ના ગુરૂવારે અમદાવાદમાં બનાવ્યું છે.

જૈનશાસનમાં વિદ્યમાન ચરિત્ર ગ્રંથમાં આ ગ્રંથ અદ્ભૂત વૈરાગ્યપોષક અને તત્ત્વજ્ઞાનને જણાવનારો સુંદર ગ્રંથ છે. પૃથ્વીચંદ્ર અને ગુણસાગરના કુલ ભવ એકવીસ છે. પણ તેમાં દસ ભવ દેવગતિના હોવાથી તેનું વર્ણન કાંઇ વિશેષ ન હોવાથી અહિં કાંઈ પણ કહેવામાં આવ્યું નથી.

આ ગ્રંથમાં વસ્તુ ઘણી ટુંકાણમાં સમાવી છે. આજ ગ્રંથને અવલંબી પંન્યાસ **રૂપવિજયજી** ગણિએ વિસ્તૃત પૃથ્વીચંદ્ર ગુણસાગર ચરિત્ર અને અનેક પૂર્વ મહર્ષિઓએ પૃથ્વીચંદ્ર ગુણસાગરના રાસ બનાવેલ છે.

આ ચરિત્રમાં ઉત્તરોત્તર વિકાસને સાધતા બે જીવો. શંખ અને કલાવતી નામના છેવટે કઇ રીતે મુક્તિને પામે છે તે સુંદર રીતે જણાવ્યું છે.

(સત્યરાજગણિ વિરચિત પૃથ્વીચંદ્ર ચરિત્રના આધારે)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સમરાદિત્ય કેવલિ ચરિત્ર

## ૭૦

## પ્રમાદનો ભોગ

### યાને

## ગુણસેન અને અગ્નિશર્મા (પ્રથમ ભવ)

(૧)

**ગુણસેન** અને **અગ્નિશર્મા** બન્ને સરખી ઉંમરના હતા. ગુણસેન ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજા **પૂર્ણચંદ્ર** અને રાણી **કુમુદિની**નો એકનો એક પુત્ર હતો. અગ્નિશર્મા પણ રાજ્યપુરોહિત **યજ્ઞદત્ત** અને તેની સ્ત્રી **સોમદેવાનો** એકનો એક બાળક હતો.

અગ્નિશર્માનું માથું ત્રિકોણ, આંખો પીળી, નાક ચપટું, દાંત લાંબા, હોઠ સુપડા જેવા, પેટ ગાગર જેવું, ડોક વાંકી, છાતી ટુંકી અને પગ દોરડી જેવા હતા. યજ્ઞદત્ત પુત્રના આ બેડોળપણાને લઈને તેને ભાગ્યેજ બહાર જવા દેતો. કેમકે તે સારી રીતે સમજતો હતો કે આ બેડોળપણાને લઇ ગામના છોકરાઓ તેને પજવે તો તેથી કેટલા સાથેના કજીયા પતાવવા.

એકવાર અગ્નિશર્મા ગમે તે કારણે બહાર નીકળ્યો અને તે ગુણસેન કુમારની નજરે પડ્યો. કુમાર અગ્નિશર્માને જોઇ આનંદ પામ્યો તે તેને કલાવવા માંડયો. શરૂ શરૂમાં તો તે ટાપલી મારી કુદાવતો નચાવતો પણ પછીથી



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો તે રાજસેવકો દ્વારા અગ્નિશર્માને ગધેડા ઉપર બેસાડતો તે તેને પીંછાનો મુગટ કરતો અને કુટચો ઢોલ તેની આગળ રાખી તેને ગામમાં પણ ફેરવતો.

યજ્ઞદત્ત વિદ્વાન અને જનમાન્ય હતો. તેને અગ્નિશર્માની આ હેરાનગતિ સાલી. પણ આ પજવણી કરનાર રાજકુમાર હતો તેથી તેણે એક બે વાર રાજકુમારને કહ્યું "કુમાર! તેનું શરીર બેડોળ પરભવના કર્મદોષે થયું છે તેને પજવો નહિ, પણ કુમારે બહુ ધ્યાન ન આપ્યું અને ઘડીક નવરો પડે કે તુર્ત અગ્નિશર્માને બોલાવે. ખરી રીતે અગ્નિશર્મા તેનું એક ક્રીડા કરવાનું રમકડું થઈ પડયો.

અગ્નિશર્મા શરીરે બેડોળ હતો પણ તેની બુદ્ધિ બેડોળ ન હતી. તેણે વિચાર્યું કે 'રોજ પજવણી કરનાર કુમારનો હું શું કામ દોષ કાઢું. આ દોષ મારા પૂર્વના કર્મનો છે કે જેને લઈ મારૂં શરીર બેડોળ થયું અને સહુને મને કલાવવાનું મન થાય છે. મેં સાંભળ્યું છે કે પૂર્વકર્મનો નાશ તપથી થાય છે હું પણ દુસ્તપ કરૂં.'

અગ્નિશર્માએ એક વહેલી પરોઢે ક્ષિતિપ્રતિષ્ઠિત છોડયું અને તે **વસંતપુર**ના સીમાડાના તપોવનમાં પહોંચ્યો.

(૨)

"ભગવંત! હું તાપસ થવા ઇચ્છુછું. હું ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજ્યપુરોહિત યજ્ઞદત્તનો અગ્નિશર્મા નામે પુત્ર છું. મારા શરીરની બેડોળતાથી રાજકુમાર ગુણસેન અને રમકડારૂપ બનાવી કદર્થના કરે છે. રાજ્યદ્રવ્યના લોભી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારા પિતા કુમારને ઝાઝું કહી શકતા નથી. મેં સાંભળ્યું છે કે તપથી દોષ ટળે આ માટે આપના તપોવનનો મેં આશ્રય લીધો છે" પોતાની કહાણી ટુંકમાં રજુ કરતાં અગ્નિશર્માએ તપોવનના તાપસ **આર્જવ કૌડિન્યને** કહ્યું :

"ભદ્ર ! સુખેથી અહિં રહે, આ તપોવન દુનિયાના જીવ માત્રના વિસામા રૂપ છે, શિકારી પશુઓથી ત્રાસેલાં મૃગલાં અહિં વસે છે. દુનીયાના દુઃખથી કંટાળેલા માનવો અહિં આશરો લે છે. પરભવના કર્મદોષથી કંટાળેલા જીવો કર્મદોષને પણ અહિંજ સુકાવે છે. અને તત્ત્વગવેષક પુરુષો ઋદ્ધિ સિદ્ધિ છોડી તત્ત્વગવેષણા પણ અહિંજ કરે છે. અહિંનું વાતાવરણ શુદ્ધ છે. અને કુદરત હંમેશાં અહિં પ્રેરણા કરતી રહે છે."

અગ્નિશર્માએ તપ ઉપર તપ કરવા માંડયું થોડા દિવસમાં તો કુરૂપતાનો અવતાર અગ્નિશર્મા તાપસ મહા તપસ્વી તાપસ તરીકે પ્રસિદ્ધ થયો. લોકોના ટોળેટોળાં તેના દર્શને ઉલટવા માંડયા. અને **સંગપરિમોષ વન** કે જ્યાં અગ્નિશર્મા તપ કરતો હતો તે ખુબ પ્રસિદ્ધિમાં આવ્યું.

(૩)

સમય વીત્યો ગુણસેન કુમાર **વસંતસેના** નામની રાજપુત્રીને પરણ્યો. પૂર્ણચંદ્રે ઉમ્મર થતાં રાજ્ય છોડયું અને રાજ્યગાદી ઉપર ગુણસેન કુમારને સ્થાપ્યો. ગુણસેન રાજાએ ક્ષિતિપ્રતિષ્ઠિતનું રાજ્ય રામરાજ્ય જેવું બનાવ્યું. પ્રથમ કેલિપ્રિય ગુણસેન હવે ગંભીર અને ગુણપ્રિય બન્યો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દિગ્યાત્રા કરતાં કરતાં એકવાર ગુણસેન કુમાર વસંતપુરમાં આવી તે નગરના **વિમાનચ્છંદક** મહેલમાં પરિવાર સાથે રહ્યો. અહિં તે તપોવનની પ્રશંસા સાંભળી તપોવનમાં આવ્યો અને તેણે કૌડિન્યાર્જવને કહ્યું:

" ભગવંત ! રાજ્યઋદ્ધિ નરકઋદ્ધિ છે. તેનું ખરૂં ફળ તો અમે આપ જેવા તપસ્વીઓને કાંઈ ઉપકારક નીવડીએ તો જ છે. આપ ભિક્ષા માટે મારે ત્યાં રોજ તાપસોને મોકલો અને અમને કૃતાર્થ કરો. "

" રાજન્ ! રોજ તો રાજાને ત્યાં તાપસોને આવવું એક તાપસ રહે છે તે ઉચિત નથી, પણ મારા તપોવનમાં મહિનાના ઉપવાસી એક ઘેરે ભિક્ષા લઈ ફરી મહિનાના ઉપવાસ કરે છે તે આ વખતે તમારે ત્યાં ભિક્ષા માટે આવશે. તે એક જ ઘરે આદરપૂર્વક જે મળે તે મહિનાના ઉપવાસને અંતે લે છે અને ન મળે તો બીજા મહિનાના ઉપવાસ કરે છે. "

" ભગવંત ! મારૂં પરમભાગ્ય, આવા મહા તપસ્વીનાં ચરણ મારે ત્યાં કયાંથી ? તે મહાત્મા કયાં બિરાજે છે ? " રાજાએ દર્શનની ઉલટથી પુછયું.

બે તાપસ કુમારો આંબાના વૃક્ષ નીચે બેઠેલ તપસ્વી પાસે રાજાને લઈ ગયા. રાજા તેને પગે લાગ્યો. આકૃતિ તો બેડોળ હતી પણ તપ તેજનો અંબાર તેમના શરીરને ઘેરી વળ્યો હતો. રાજા તેમને ઓળખી ન શકયો પણ મુનિએ ધ્યાન પારી રાજા ઉપર નજર નાંખી કે તુર્ત તેમણે રાજકુમારને ઓળખી લીધો. રાજા બોલ્યો.

' ભગવંત ! આપે આવી ઉગ્ર તપશ્ચર્યા કયા હેતુએ આરંભી છે ? '

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'રાજન્! બધા તપનો હેતુ મારૂં શરીર અને મારો કલ્યાણ મિત્ર ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનો રાજકુમાર ગુણસેન છે.'

રાજા પોતાનું નામ સાંભળતાં ચમકયો તે કાંઈ બોલે તે પહેલાં તો તાપસ તપસ્વીએ રાજાને કહેવા માંડયું.

"રાજન્! જે ધર્મમાં પ્રેરણા આપે તે કલ્યાણ મિત્ર, આ રાજકુમારે કેલિ ખાતર મારા બેડોળ શરીરને પજવવા માંડયું, હું તેથી કંટાળ્યો અને તપ માર્ગે વળ્યો. આ કલ્યાણ મિત્રે મને પજવ્યો ન હોત તો હું તપમાર્ગે કદાચ વળ્યો પણ ન હોત. આ બધો પ્રતાપ તે મારા પરમ કલ્યાણમિત્ર રાજકુમારનો છે."

રાજાની આંખ આગળથી સમયનાં પડળ દૂર થયાં. બાલ્યકાળ યાદ આવ્યો. અગ્નિશર્માની કરેલી પજવણી આંખ આગળ સ્ફુરવા લાગી. તે આંખમાં આંસુ લાવી બોલ્યો "ભગવંત! આ અધમ અને નાહક આપને હેરાન કરનાર શત્રુને આપ કલ્યાણ મિત્ર કહો છો તે આપની ગુણભાવના છે"

"ભગવંત! કૃપા કરી મારે ઘેર આ માસખમણનું પારણું ન કરો?"

"રાજન્! કાલની કોને ખબર છે, કે શું થશે છતાં જો જીવતા હોઇશું તો તમારે ત્યાં આવીશું." ફરી તાપસે પ્રસન્ન દૃષ્ટિ રાજા ઉપર ફેંકી.

રાજા તપોવનથી પાછો ફર્યો પણ તેની બાળચેષ્ટાનો પશ્ચાતાપ તેના હૃદયમાંથી ન ખસ્યો.

(૪)

ગુણસેન રાજા શય્યામાં આમથી તેમ આળોટતો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતો. તેને મસ્તકની વેદના અપાર હતી. એક પછી એક વૈદ્યો અનેક ઉપચાર કરતા હતા. કોઈ ચંદનના લેપ માથે કરતા તો કોઈ વિવિધ તેલ ઘસતા. ચારે બાજુ દોડા દોડ, દાસીઓ, પરિજન, મંત્રીઓ અને કર્મચારીઓ આંખમાં આંસુ સાથે શું કરવું તે નહિ સમજતા હોવાથી દોડાદોડી કરી રહ્યા હતા.

આજ વખતે 'भिक्षां देहि' કરતો એક સુકલકડી તાપસ આવ્યો. તેના હાથમાં ભિક્ષાપાત્ર હતું. તેની દૃષ્ટિમાં તેજનો તીણો ઝરો હતો. દોડાદોડ કરતા પરિજનોમાંથી કોઈએ તેના સામું ન જોયું.

તાપસ સમજ્યો કે આમાં પરિજન કે રાજાનો શો દોષ ? કારણ કે તે બિચારો મરણ પથારીમાં પોઢયો છે.

તાપસ તપોવનમાં પાછો ફર્યો અને પદ્માસનવાળી ધ્યાને ચઢયો. તાપસો સમજ્યા કે 'અગ્નિશર્માને ભિક્ષા મળી નથી.' ગુરૂ કૌડિન્યે તાપસને કહ્યું 'મુનિ ! ભિક્ષાનો યોગ ન મળ્યો ?'

"મહારાજ ! રાજાને અપાર શિરોવેદના છે. આખું રાજ્ય અને પરિજન વ્યગ્ર છે. આવે ટાણે ભિક્ષાનો થોડો જ યોગ થાય ? હું સમજીને જ પાછો આવ્યો. આમાં રાજા કે પરિજનનો દોષ નથી." બહુ સમતાથી તપસ્વી તાપસે જવાબ આપ્યો.

તેટલામાં એક બે અનુચર સાથે ગુણસેન રાજા પોતે તપોવનમાં આવ્યો અને બોલ્યો 'ભગવંત ! હું વેદનામાં પડયો હતો, મને ભાન નહોતું. પરિજને કાળજી ન રાખી. તપસ્વી હું તમારો ખરેખર વિડંબક જ રહ્યો.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તપસ્વી બોલ્યા. "હે રાજન્ ? પરિતાપ ન કરો. તમારો દોષ નથી. તમે મારા કલ્યાણમિત્ર છો. ભિક્ષા ન મળી તેથી મારૂં કાંઇ બગડયું નથી અમને તપોવૃદ્ધિ થઇ છે. આ તપોવૃદ્ધિમાં હેતુ બનનાર આપ કલ્યાણમિત્ર છો વિડંબક નહિ."

રાજાએ ફરી પાછા ભિક્ષા માટે પધારવા વિજ્ઞપ્તિ કરી પણ તપસ્વીનો નિર્ણય અફર હતો.

આ પછી બીજા પારણે પધારવાની વિજ્ઞપ્તિ કરી કચવાતા દિલે રાજા રાજ્યમહેલે પાછો ફર્યો.

(૫)

બે મહીનાનો ઉપવાસી તપસ્વી અગ્નિશર્મા ફરી ગુણસેનના વિમાનચ્છંદક મહેલના દરવાજે આવ્યો. તેનું શરીર ખુબ સુકાઇ ગયું હતું. આંખો ઉંડી પેસી ગઈ હતી. માંડ માંડ તે ડગ ભરતો હતો. થોડું ચાલે પછી વિસામો લે તો જ તે આગળ ચાલી શકતો.

તે મહેલના પગથીઆ પાસે આવ્યો ત્યારે તેણે જોયું તો રાજમહેલમાં ધમાલ હતી. અશ્વદળ, હાથીદળ તૈયાર થઇ શત્રુ સૈન્ય સામે ધસતું હતું. ખુદ રાજા પણ શત્રુ સૈન્યનો મુકાબલો કરવા નીકળી પડયો હતો. તપસ્વી તાપસ સમજી ગયો કે આ વખતે પણ ભિક્ષાનો યોગ રાજાને ત્યાંથી મળે તેમ નથી લાગતું. તેનું મન સ્હેજ રાજા તરફ ઢુભાયું પણ નજરોનજર ધમાલ દેખતાં તે ચિત્ત વાળી તપોવનમાં આવ્યો અને તેણે ત્રીજા માસના ઉપવાસનો નિશ્ચય લીધો.

રાજા નગર બહાર થોડેક દૂર ગયો અને ત્યાં તેને તાપસનો પારણા દિન યાદ આવ્યો તે તુર્તજ રાજમહેલે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવ્યો પણ ત્યાં તો તેણે સેવકદ્વારા જાણ્યું કે તાપસ ભિક્ષા માટે આવ્યા હતો પણ કોઈએ ધ્યાન ન આપ્યું તેથી પાછા ફર્યા.

રાજા ખુબ શરમાયો. ગળગળો થઈ તપસ્વી પાસે ગયો. તપસ્વીએ તેની સાથે બહુ વાત ન કરી માત્ર કહ્યું: "રાજન્! તમે શું કરો? મેં ક્યાં ધમાલ નિરખી નથી? અમને તપોવૃદ્ધિ થઈ ફરી પારણાને દીવસે આવીશું."

રાજા શરમીંદો પડયો. તે કુલપતિને મળ્યો નહિ અને રાજમહેલે આવ્યો.

(૬)

અગ્નિશર્માનું શરીર હવે વધુ તપ કરે તેવું રહ્યું ન હતું. તેની ઈચ્છા પણ પારણાને ઝંખતી હતી. ત્રણ માસ ખમણ પુરા કરી પારણા માટે રાજમહેલે આવ્યો. આ વખતે તો તેને ખાત્રી હતી કે રાજા ભૂલ નહિ કરે. તેને માટે તે હાજરાહજુર હશે. પણ મહેલના દરવાજે તે માંડ-માંડ પહોંચ્યો તો ત્યાં સૌ ગાનતાનમાં મગ્ન હતા. રાજાના પુત્ર જન્મના ઉત્સવમાં સૌ નાચતા હતા. તેમને કોઈને મુનિની પડી ન હતી.

અગ્નિશર્માની આંખ લાલ થઈ તે બોલ્યો, "આ ગુણસેન દુષ્ટ છે, મારો બાળપણનો ખરેખરો શત્રુ છે. તેણે બાળપણમાં મારી કદર્થના કરી. હું તેનાથી કંટાળી તાપસ આશ્રમમાં આવ્યો, અહિં પણ ત્રણ માસથી મને ધક્કા ખવરાવે છે. મારા તપ તેજનું ફળ હો તો હું ભવોભવ તેની શત્રુતાનો બદલો લેનારો થાઉં." આમ બોલતો ક્રોધથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સળગતો તાપસ તપોવનમાં આવ્યો અને સીધા આમરણાંતના ઉપવાસ કરી ધ્યાન ધરી બેઠો.

કુલપતિ કૌડિન્યને આ ખબર પડી. તેમણે વિચાર્યું કે "ક્રોધથી આ તાપસ કરેલું તપ હારી જશે. તેણે તેને ઘણું ઘણું સમજાવ્યું કે રાજા ભૂલકણો છે તેનો આમાં અપરાધ નથી. કરેલ તપ વૈરનું નિયાણું કરી ફોગટ ન ગુમાવ. પણ તે ન જ માન્યો."

થોડીવારે ગાનતાનમાં લુબ્ધ બનેલ રાજાને કોઈ દાસીએ આવી કહ્યું કે તપકૃશ તાપસ હમણાં જ આવી ચાલ્યા ગયા. રાજાને બળાપાનો પાર ન રહ્યો. પણ હવે તેને તાપસ પાસે જવું તે તેને વધુ ઉદ્દિપ્ત કરવા જેવું લાગ્યું તેથી તેણે ધીર ગંભીર **સોમદેવવિપ્રને** તાપસ પાસે મોકલ્યો. સોમદેવે યુક્તિપૂર્વક અગ્નિશર્માને સમજાવવા ઘણું કર્યું પણ તે તો વધુને વધુ ગરમ થવા લાગ્યો. સોમદેવ નિરાશ થઈ પાછો ફર્યો.

રાજા પરિવાર સાથે કુલપતિને મળ્યો. કરગર્યો, અપરાધ માટે ક્ષમા માગી અને બોલ્યોઃ "ભગવંત ! મારા પ્રમાદે ઋષિનો ઘાત થાય તે મને બહુ સાલે છે."

કુલપતિએ અગ્નિશર્માને રાજાને ક્ષમા આપવા બહુ સમજાવ્યો પણ તે એકનો બે ન થયો અને બોલ્યો મારે એ કાળમુખ વૈરીનું મુખ જોવું નથી. તેણે ક્રોધમાં ને ક્રોધમાં આમરણાંત ઉપવાસ આરંભ્યા અને અંતે અગ્નિશર્મા તાપસ મરી વિદ્યુત્‌કુમાર દેવ થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૭)


ગુણસેનને વસંતપુર નગર અને વિમાનચ્છંદક મહેલ અકારાં લાગ્યાં. ને ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે ગયો. તેણે રાજ્યકાજમાં ચિત્ત પરોવ્યું પણ તેનું મન ઠર્યું નહિ. તેના હૃદયમાં એક જ વાત સાલ્યા કરી કે મેં નિરપરાધી તાપસનો મારા પ્રમાદથી ભોગ લીધો.

આ અરસામાં વિજયસેન આચાર્ય ત્યાં પધાર્યા. ગુણસેને તેમની પાસે ધર્મોપદેશ સાંભળી શ્રાવકનાં વ્રતો ઉચ્ચર્યાં.

શ્રાવકોચિત આચાર પાળતો ગુણસેન એક વખત મહેલની ગોખે બેઠો હતો ત્યાં એક ટોળું ઓ 'મારા બાપરે' કરતું પસાર થયું. રાજાએ પુછ્યું 'શાથી આ લોકો રુવે છે'? ત્યારે સેવકે કહ્યું 'શેઠનો એકનો એક પુત્ર ગુજરી ગયો છે. તેથી લોકો રડે છે.'

ડાઘુ આગળ ગયા પણ જન્મ મરણની ઘટમાળ રાજાના ચિત્તમાંથી ખસી નહિ. તેણે સંયમ લેવાનું મન કર્યું. મંત્રી, સ્ત્રી, પુત્ર, પરિવારની રજા લઇ પોતાના ચંદ્રસેન કુમારને ગાદીએ બેસાડી રાજા વિજયસેનસૂરિ પાસે જવા ઉપડયો. માર્ગમાં રાત્રિ પડતાં ગુણસેન કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા.

આ વખતે અગ્નિશર્મા તાપસનો જીવ કે જે વિદ્યુત્કુમાર દેવ થયો હતો તેણે ગુણસેનને જોયો તેને જોતાંજ



" તેણે અંગાર વરસાવતા રેતની વૃષ્ટિ તેના ઉપર વર્ષાવી. "

મેઘરાજ પુસ્તક ભંડારના સૌજન્યથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેનો ક્રોધ ભભુકી ઉઠયો. તેણે અંગાર વરસાવતા રેતની વૃષ્ટિ તેના ઉપર વર્ષાવી. ગુણસેનના શરીરની ચામડી શેકાઈ, બફાઇ અને શરીરે વેદના થઈ. ગુણસેને મનમાં ધીરજ ધરી વિચાર્યું કે 'આ દુઃખ તો થોડું છે. આનાથી ઘણાં દુઃખ સંસારમાં મેં કયાં ઓછાં સહ્યાં છે ? તેણે સર્વે જીવોને ખમાવ્યા, બાળપણમાં વિપ્રપુત્ર અગ્નિશર્માની કરેલી પજવણી એ તેને 'હસતાં બાંધ્યાં કર્મ રોતાંનાં ન છૂટે પ્રાણીયા' નો અટલ નિયમ સંભારી આપ્યો. અગ્નિશર્મા તીવ્ર તપસ્વી હતો. સમતામાં ઝીલતો હતો તેને મેં મારા પ્રમાદદોષથી ક્રોધમાં નાંખી તેના જીવનને વેડફાવી અણસણ કરાવ્યું. આ બધા ચિતારને નજર આગળ રાખી તે બધાનો તે પશ્ચાતાપ કરી છેવટે બોલ્યો. અરિહંત ભગવાનના શાસનનું મને શરણ હો. મારે સૌ સાથે મિત્રતા છે. મારૂં કોઈ શત્રુ નથી. આ ભાવનામાં તેણે પાર્થિવ દેહનો ત્યાગ કર્યો. અને ગુણસેન રાજવી સૌધર્મ દેવલોકે દેવતા થયો.

પૂર્ણભકિત પ્રેમ, અને લાગણી છતાં પ્રમાદના કારણે ગુણસેન અગ્નિશર્માના ક્રોધનો કવલ બન્યો. ઉગ્ર તપસ્વી અગ્નિશર્માએ કર્મને શુદ્ધ કરનાર તપ ક્રોધના કારણે એળે કાઢયું અને ભવોભવ નજીવા કારણે વૈર વધારી સંસાર વધાર્યો.

( સમરાદિત્ય કેવલિ ચરિત્ર )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૭૧

# પુત્રનો ઘા

### યાને

# સિંહ અને આનંદ (દ્વિતીય ભવ)

### (૧)

**સિંહ** એ જયપુરના રાજા **પુરૂષદત્ત** અને **શ્રીકાંતા** રાણીનો એકનો એક પુત્ર હતો.

સિંહનું નામ સિંહ પાડવાનું કારણ એ હતું કે જ્યારે શ્રીકાંતાએ ગર્ભ ધારણ કર્યો ત્યારે તેને સિંહનું સ્વપ્ન આવ્યું હતું સિંહ ખરેખર નરસિંહ હતો. તે ધર્મિષ્ઠ, નીતિપરાયણ, પરાક્રમી અને તેજસ્વી હતો. તેનું સિંહપણું કોઇપણ જગ્યાએ જણાયા વિના રહેતું નહિ

આ સિંહકુમાર યૌવન વય પામતાં **કુસુમાવલીને** પરણ્યો. કુસુમાવલી **કામપાલ** રાજાની પુત્રી હતી. તેણે સિંહકુમારને પોતાની વિદ્વત્તાને લઇને આકર્ષ્યો હતો અને સિંહે પણ પોતાની વિદ્વત્તાથી તેને પોતાના સન્મુખ બનાવી હતી.

સમય જતાં પુરુષદત્ત રાજવી અને શ્રીકાંતાએ સંયમ લીધું અને રાજ્યની ધૂરા સિંહકુમારને સોંપી, સિંહ-રાજાએ પરાક્રમથી શત્રુ રાજાઓને વશ કર્યા અને પ્રેમથી પ્રજાને પણ વશ કરી.

આમ સિંહના રાજ્યમાં સૌ સર્વ વાતે સુખી હતાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૨)

એક વાર અશ્વ ખેલાવતો સિંહ રાજા **નાગદેવ** ઉદ્યાનમાં આવી ચડયો. આ ઉદ્યાનમાં **ધર્મઘોષસૂરિ** પરિવાર સાથે પધાર્યા હતા. સિંહ ઘોડાથી ઉતરી પંચ અભિગમ સાચવી સૂરિને વાંદી ધર્મદેશના સાંભળવા બેઠો. મુનિએ મધુબિંદુનું દૃષ્ટાંત આપી સંસારનું સ્વરૂપ સમજાવ્યું. રાજાને આ ઉપદેશ હૃદયમાં આરપાર ઉતર્યો અને તે બરાબર સમજ્યો કે 'ખરેખર' સંસારના ભોગો અને પ્રલોભનો મધલાળ જેવાં છે' તેણે મુનિ પાસે સમકિત સહિત બાર વ્રત ઉચર્યાં.

(૩)

સિંહે ધર્મઘોષસૂરિનો આ ઉપદેશ કુસુમાવલીને સમજાવ્યો. કુસુમાવલી પણ અધ્યાત્મ માર્ગે વળી. બન્ને ધર્મપરાયણ દામ્પત્યજીવન ગુજારવા લાગ્યાં. એક રાત્રે કુસુમાવલીએ પોતાના સુખદ્વારા પેટમાં ઉતરતા સર્પને જોયો અને તેણે પોતાના પતિને સિંહાસન ઉપરથી પાડી નાંખતો પણ નિહાળ્યો. કુસુમાવલી ઝબકીને જાગી પણ આ વાત તેણે પતિને ન કરી કેમકે તેમને રખેને દુઃખ થાય.

કુસુમાવલી આ પછી ગર્ભવતી થઈ. તેનાં અંગમાં પીળાશ દેખાવા લાગી. શરીર ભારે થવા માંડયું અને તૂટવા લાગ્યું, થોડા દિવસ બાદ તેના હૃદયમાં વિચિત્ર વિચિત્ર ખરાબ ઈચ્છાઓ થવા લાગી. આ ઇચ્છામાં એક ઇચ્છા એવી પણ થઇ કે 'રાજાના આંતરડાનું હું ભક્ષણ કરૂં.' રાણીએ આ બધી ઇચ્છા પોતાની વિશ્વાસુ દાસી

**મદનરેખાને** કહી. પણ મદનરેખા આવી ઈચ્છાનું શું કરી શકે?

એકવાર રાજાએ મદનરેખાને સોગંદ આપી પુછયું 'મદનરેખા! રાણી દિવસે દિવસે સુકાય છે કેમ? તેને કાંઈક કહેવું છે પણ તે મને કહી શકતી નથી. એવો તો એને કેવો દોહલો થયો છે કે તે મારાથી છૂપાવે છે?'

"રાજન્! રાણીની કુક્ષિએ ઉત્પન્ન થયેલ ગર્ભ ક્રૂર લાગે છે તે ગર્ભને લઇ રાણીને એવી ઈચ્છા થઈ છે કે 'હું રાજાના આંતરડાનું ભક્ષણ કરૂં.' આ ઈચ્છા આપને શી રીતે કહેવાય?"

"દાસિ! એમાં શું? કહ્યું હોય તો એનો ઉપાય તો કાંઈપણ થાય ને?"

રાજાએ મતિસાગર મંત્રીને આ વાત કરી. બુદ્ધિનિધાન મતિસાગરે રાણીને બોલાવી અને તેની સમક્ષ રાજાને સુવાડી છરાવતી આંતરડાં કપાયેલાં દેખાડી રાણીને આપ્યાં. રાણી સમજી કે રાજાનાં આંતરડાં છે પણ ખરી રીતે સસલાનાં આંતરડાં રાજાના પેટ ઉપર પાથર્યાં હતાં.

રાણીનો દોહલો પુરો થયો. પુરા માસે અતિ વેદના સહી કુસુમાવલીએ પુત્રનો જન્મ આપ્યો. અને તેના જન્મની સાથે તે અનિષ્ટકારી પુત્રને ફેંકી આવવા **માધવી** નામની દાસીને સોંપ્યો. પણ પુત્રને લઈ જતી દાસી સિંહના હાથમાં સપડાઇ ગઈ. રાજાએ સમજાવી એટલે તેણી રાણીનું નામ આપ્યું. રાણીને રાજાએ પુછયું. ત્યારે તેણે કહ્યું કે નાથ! પુત્ર તે કોને દવાલો હોય? પણ આ છોકરો ગર્ભમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવ્યો ત્યારથી અનિષ્ટ સૂચવતો આવ્યો છે, આપને ઉછેરવો હોય તો ભલે ઉછેરો પણ તે સાપને ઉછેરવા જેવો છે. અને આપને જ અનર્થકારી થશે.'

'દેવિ! એમ સ્વપ્ન અને જ્યોતિષથી છોકરાં છોડી ન દેવાય. ?'

રાણીએ કહ્યું: 'ગમે તેમ પણ મને તો દીઠો ગમતો નથી.'

રાજાએ કોઇ વિશ્વાસુ દાસીને સોંપ્યો અને તેણે તે પુત્રને સાચવીને ઉછેરવાની આજ્ઞા આપી. રાજાને ગમે તેવા અનિષ્ટ સ્વપ્ન સૂચવતો પુત્ર હતો છતાં પુત્રનું સુખ જોઇ તેને આનંદ થયો તેથી તેણે તેનું નામ **આનંદ** પાડયું.

આનંદ દિન પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો. રાજા-સિંહને તે તિરસ્કારતો પણ સિંહને મન તો આનંદ એ આનંદ જ હતો.

રાજા સિંહ મૂળથી બાર વ્રતધારી તો હતાજ. તેમાં એકવાર તેમણે એક માણસને 'અહો કષ્ટ અહો કષ્ટ'નો પોકાર કરતો જોયો. આ માણસની સામે દેડકાને સર્પે, સર્પને ટીંટોડે, અને ટીંટોડાને અજગરે ગળ્યો હતો. રાજા આ મત્સ્ય ગલાગલ ન્યાય બરાબર સમજ્યો અને તેથી તેને રાજ્યવૈભવ અને બધા ઉપર તિરસ્કાર આવ્યો. તેને આનંદને રાજ્ય સોંપી દીક્ષા લેવાની ભાવના જાગી. મંત્રી-ઓને બોલાવી તેને કહ્યું મંત્રીઓ! રાજ્યાભિષેકની તૈયારી કરો. મને રાજ્યધૂરા હવે બોજારૂપ લાગે છે. મારી ઈચ્છા તો ધર્મઘોષસૂરિ પાસે સંયમ લેવાની છે. રાજ્યાભિષેક માટે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુહૂર્ત જોવરાવ્યું તો પંચમીતિથિ આવી. તડામાર તૈયારીઓ પણ ચાલી.

આ વાત આનંદકુમારે સાંભળી ત્યારે તેને તો રાજા સિંહની આ માત્ર મીઠી વાણી લાગી. અને તે બોલ્યો 'જે બોલે તે તો કરતા હશે! આ તો મને આશ્વાસન આપે છે કે હું તને રાજ્ય આપીશ.'

તેણે કુમતિનામના મંત્રીને સાધ્યો અને એક અવસરે સિંહ રાજા આનંદને આવાસે આવ્યો ત્યારે તેના એકાકી-પણાને લાભ લઈ પ્રથમ તેના અંગરક્ષકને આનંદે ઉડાવ્યો અને પછી રાજાને જર્જરિત કરી બાંધી લીધો.


(૩)

વાત ચારે તરફ પ્રસરી, રાજ્યના સૈનિકો આનંદ ઉપર ધસ્યા પણ રાજાએ બધાને રોકયા અને કહ્યું 'પ્રજાજનો આનંદનો રાજ્યાભિષેક કરો, મારો તે વ્હાલો પુત્ર છે. મારે તેને વ્હેલાં રાજ્ય આપવું જોઈતું હતું તે મેં ન આપ્યું અને તેણે લીધું તેમાં વાંક મારો છે એનો નથી.' સૈનિકો અને પ્રજાજનો થોભ્યા તેઓ મનથી આનંદને નહિ ઇચ્છતા હતા છતાં રાજાના વચન ખાતર આનંદનો તેમણે રાજ્યાભિષેક કર્યો.

આ બધું છતાં આનંદનું હૃદય જરાપણ ન પલળ્યું.

તેણે તો સિંહને પકડી આકરા બંધનો બાંધી જેલમાં નાંખ્યો, કુસુમાવલી વિગેરે રાણીઓએ આક્રંદ કર્યું પણ આની દરકાર આનંદે ન રાખી. આખરે કુસુમાવલીને સંસાર અકારો લાગ્યો. આથી તેણે પણ ગંધર્વદત્ત સાધ્વી પાસે દીક્ષા લીધી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



'તેણે જાતના તરવારના ઘા તેના પિતાના માથા ઉપર ઝીકયો.'

મેઘરાજ પુસ્તક ભંડારના સૌજન્યથી.

રાજા સિંહે જેલખાનામાં જીંદગીના ઉપવાસના પચ્ચખ્ખાણ લીધાં, તેણે મન વાળ્યું કે ભૂખ, તરસ, અને વેદનાથી અંતે અહિં મરવાનું તો છે જ! તો શા માટે અણસણ લઈનેજ મરવું નહીં? આ વાત આનંદે સાંભળી તેથી તેને અત્યન્ત ક્રોધ ઉપજ્યો, તે તલવાર લઈ કારાગૃહમાં આવ્યો અને બોલ્યો 'તું આહાર ગ્રહણ કર, નહીં તો આ તીક્ષ્ણ તલવારથી તારૂં માથું હમણાં જ કાપી નાખીશ.'

સિંહ સ્હેજ હસ્યો અને બોલ્યોઃ 'પુત્ર! મરણ તો સૌને માથે છે. અને તેમાં પણ તારા હાથે મરવામાં મને શો વાંધો છે? મૃત્યુથી હું બીતો નથી, કારણ કે હું પોતે મરેલોજ છું.'

સિંહના આ વચનથી આનંદનો ક્રોધ વધુ ઉદ્દિપ્ત થયો. તેણે જોસથી તરવારનો ઘા તેના પિતાના માથા ઉપર જીક્યો. સિંહ 'નમોઽર્હદ્ભ્યઃ' બોલતો જમીન ઉપર ઢળી પડયો. આનંદ પિતૃ હત્યારો કહેવાયો, પ્રજા ખળભળી પણ આખરે શાંત થઈ. ડાહ્યા માણસો બોલ્યા 'આતો દુનિયાના રંગ છે,' આમા સિંહ કે આનંદ શું કરે? પૂર્વ ભવનો અગ્નિશર્માનો જીવ આનંદ રૂપે અવતરી વિજયસેનનો જીવ જે પિતા સિંહ રૂપે જન્મ્યો હતો તેનું તેને વેર લીધું. સિંહે વિજયસેનના ભવમાં સમતા રાખી, અને અહીં પણ સમતા રાખી. અજ્ઞાન તપ કરનાર અગ્નિશર્મા સમતાને ભૂલ્યો, તપ એળે કાઢયું અને તે વૈર પરંપરાને વધારતો આનંદ રૂપે જન્મી આ ભવમાં પિતૃઘાતી બન્યો,

સિંહ રાજા મરી ત્રીજા દેવલોકે ગયા અને આનંદ કુમતિની સાથે રાચતો અનેક પાપ વધારતો પહેલી નરકે ગયો.

(સમરાદિત્ય કેવલિ ચરિત્ર)



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૭૨

# માતાનું ભોજન

## યાને

## જાલિની અને શિખી (તૃતીય ભવ)

(૧)

ત્રીજા ભવમાં અગ્નિશર્માનો જીવ જાલિની માતારૂપે અને ગુણસેનનો જીવ શીખી પુત્રરૂપે થાય છે.

**જાલિની** અને **શિખી** સગા માતા અને પુત્ર હતાં. જાલિની માતા હતી. શિખી તેનો સગો પુત્ર હતો છતાં જાલિની શિખીને જન્મતાં મારવા તૈયાર થઈ અને અંતે સાધુ થયેલ શિખીને મારીને જ જંપી.

(૨)

**કોશ** નગરમાં **અજીતસેન** રાજાને **ઇન્દ્રશર્મા** નામનો લોકપ્રિય મંત્રી છે. આ મંત્રીને **સુભંકરા** નામની સ્ત્રીથી **જાલિની** નામે પુત્રી થઇ.

જાલિની ખૂબ ચતુર રૂપાળી છતાં ઈર્ષાળુ હતી. મંત્રીએ આ પુત્રીને પોતાના સરખી જોડીના મંત્રી **બુદ્ધિસાગરના** પુત્ર **બ્રહ્મદત્ત** વેરે પરણાવી.

બ્રહ્મદત્ત ભાવિક, પરોપકારી અને નીતિપરાયણ હતો. બ્રહ્મદત્ત સાથે સંસારસુખ ભોગવતાં એકવાર જાલિની ગર્ભવતી થઈ. તેણે સ્વપ્નમાં જોયો તો પૂર્ણકુંભ પણ તે ગર્ભથી તેને વેદના અપાર થઈ. જાલિની આ ગર્ભથી કંટાળી અને તેને પડાવવા તેણે ઘણા ઘણા ઉપાયો કર્યા પણ તેમાં તે ફાવી નહિ. આ વાત બ્રહ્મદત્તે જાણી એટલે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેણે પહેલેથી તકેદારી રાખી કે જાલિની રખેને તે જન્મનાર બાળક કે બાળિકાને ફેંકી ન દે કે મારી ન નાંખે.

સારા દિવસે જાલિનીએ પુત્રનો જન્મ આપ્યો. પણ તે જોતાં જ તેને તેના ઉપર વૈર જાગ્યું આથી તેણે તે બાળક મારી નાંખવા **બંધુજીવા** નામની દાસીને આપ્યું

બંધુજીવા બ્રહ્મદત્તથી અગાઉથી સંકેતિત થયેલી હતી એટલે તેણે તે બાળક બ્રહ્મદત્તને સોંપ્યો. બ્રહ્મદત્તે તે બાળક ગુપ્ત રીતે ઉછેરવાનો પ્રબંધ કરાવ્યો અને જગત્‌માં જાહેર કર્યું કે જાલિનીએ મૃત બાળકનો જન્મ આપ્યો છે.

બ્રહ્મદત્તે જાલિનીના આ તજાયેલા પુત્રનું નામ **શિખી** આપ્યું. શિખી અગ્નિ જેવો તેજસ્વી, અડગ અને ચપળ હતો. જોત જોતામાં તેણે અનેક કળાઓ હસ્તગત કરી.

શિખી ઉપરના બ્રહ્મદત્તના અથાગ પ્રેમથી જાલિનીને શંકા ઉપજી પણ જ્યારે બ્રહ્મદત્તે શિખીને દત્તક લીધો ત્યારે તે ખૂબ ઉંડી ઉતરી તો તેને દાસીઓ દ્વારા જણાયું કે શિખી દત્તક નથી પણ પોતાનો એ તજેલો પુત્ર છે અને બ્રહ્મદત્તે ગુપ્ત રીતે તેને છેતરીને ઉછેર્યો છે.

(૩)

"નાથ! સાંભળો એક મ્યાનમાં બે તરવાર નહિ રહે. આપને શિખીનો ખપ હોય તો હું નહિ. અને હું તો શિખી નહિ. તમે ગમે તેવું છુપાવો કે શિખી દત્તક છે પણ મેં બરાબર જાણ્યું છે કે શિખી મારો નાંખી દીધેલો પુત્ર છે. માતા જેવી માતા થઇ મેં તેને કેમ તજ્યો હશે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેનો તમારે વિચાર તો કરવો જોઈતો હતો ને? હું તેને જોઉં છું અને મને અગ્નિ વરસે છે" ક્રોધપૂર્વક જાલિનીએ બ્રહ્મદત્તને કહ્યું.

બ્રહ્મદત્ત શિખીને છોડવા તૈયાર નહોતો તેમ જાલિનીને તરછોડી અધવચ ઘરભંગ થવા જેટલો પણ તે તૈયાર ન હતો. આ ઘરની કડાકૂટ ઉપરથી સમજણા શિખીએ પોતાનો જન્મથી માંડીને ઠેઠ સુધીનો વૃતાંત જાણી લીધો એટલે તેને બહુ લાગી આવ્યું અને તે બોલ્યો: 'અરે માતા જેવી માતાએ ગર્ભમાંથી મારો નાશ કરવા ઇચ્છયું. જન્મ્યા પછી પણ મારો ઘાત ઇચ્છયો અને આજે પણ તે ખરેખર મારૂં સુખ જોવા ઈચ્છતી નથી. હું કેવો કમભાગી છું માતાને તો હું અકારો છું પણ માતાના કારણે અહિં રહી પિતાને શા માટે વધુ દુઃખમાં નાંખું?'

એક મધ્યરાત્રિએ શિખીએ કોશનગરને કોશના પ્રણામ કર્યા અને ઘર છોડી ચાલવા માંડયું. તેણે ન ગણી ભૂખ કે ન ગણી તરસ. આ કિશોર શિખી સવારે એક જંગલમાં પહોંચ્યો ત્યારે તેણે અશોકવૃક્ષ નીચે બેઠેલા એક **સિંહસૂરિ** નામના મુનિ મહાત્માને જોયા. મુનિને તે નમ્યો અને બોલ્યો 'ભગવંત! હું સંસારના દુઃખથી દાઝેલો છું. મુનિએ સંસારના મોહનો પ્રભાવ સમજાવ્યો અને જણાવ્યું કે સંસાર કોઇનેય માટે સુખદાયક નથી. ભદ્ર! પિતા, માતા ધન બધાનો મોહ છુટે એટલે આપોઆપ ચિત્ત વૈરાગ્ય તરફ વળશે અને તો જ ધર્મરુચિ જાગશે. આ પછી મુનિએ ધર્મના પ્રકાર અને ભાવધર્મની મહત્તા સમજાવી.

શિખી દીક્ષા લેવા તૈયાર થયો. ત્યાં અચાનક તેના પિતા બ્રહ્મદત્ત કયાંથીય આવી ચડયા. શિખીએ દીક્ષા માટે પિતાની અનુમતિ માગી. બ્રહ્મદત્ત જરા અચકાયો પણ ફરી ગુરૂનો ઉપદેશ સાંભળતાં તેણે સમક્તિસહિત બાર વ્રત લીધાં અને શિખીને સંયમ લેવા રજા આપી. શિખીએ સિંહસૂરિ પાસે પ્રવજ્યા સ્વીકારી.

બ્રહ્મદત્તે શિખીને પ્રશંસ્યો અને કહ્યું કે 'જેવી શુરવીરતાથી તમે સંયમ લીધું છે તેવી શુરવીરતાથી તેને પાળજો.'

(૪)

બ્રહ્મદત્તને જાલિનીનું જરાપણ સુખ ન હતું. સંસારમાં એવાં કંઈ દંપતિયુગલો છે કે જેના એક બીજાના સ્વભાવ મળતા નથી હોતા છતાં સંસારયાત્રા તો તેઓ ચલાવે જ છે. બ્રહ્મદત્ત પણ તે જ રીતે સંસારપંથ કાપતો હતો. વિજયસિંહસૂરિના પરિચયમાં જ્યાં સુધી બ્રહ્મદત્ત ન્હોતો આવ્યો ત્યાં સુધી તો જાલિનીનો આ સ્વભાવ તેને ઘણો જ અકારો લાગતો હતો પણ સૂરિવરના ઉપદેશ અને પરિચય પછી તેણે સ્ત્રીનો કંકાસ કોઠે પાડયો હતો. તેણે હવે તેના હૃદયમાં આ કંકાસની બહુ અસર થવા દીધી નહિ.

આમ બ્રહ્મદત્તે શિખી સાથે સંસાર ખારાપાણીની પેઠે પુરો કર્યો અને એક દીવસ તે સ્વર્ગવાસી બન્યો.

(૫)

જ્યારે જાલિનીને ખબર પડી કે શિખી સાધુ થયો છે ત્યારે તેને દુઃખનો પાર ન રહ્યો. તેને મનમાં થયું કે મેં શિખીને જવા દીધો તે ઠીક ન કર્યું. મારે કોઇને કોઈ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રીતે તેને મારી નાંખવો જોઇતો હતો. હવે તેનો મેળાપ કઇ રીતે થાય અને હું તેનું કાસળ કઇ રીતે કાઢું? તે વિચાર કરતાં તેણે ઉપાય શોધી કાઢયો. હું તેને અહિં કોઇપણ રીતે બોલાવું અને જો તે અહિં આવે તોજ તેના કાસળનો કોઇ ઉપાય પાર પડે. તેણે પેંતરો ગોઠવી **સોમદત્ત** નામના એક બ્રાહ્મણને કાંબળ આપી શીખી પાસે મોકલ્યો અને કોઈપણ રીતે તેને આવર્જી કોશપુર લાવવા તેને જણાવ્યું. સોમદેવ ફરતો ફરતો તામ્રલિપ્તી નગરીએ આવ્યો અને તે ઉપાશ્રયમાં મુનિઓની વચ્ચે વાચના આપવા બેઠેલ શિખીમુનિને ઓળખી બોલ્યો.

ભગવંત! આ રત્ન કંબલ લ્યો. આ કંબલ આપની માતા જાલિનીએ આપને ભેટ મોકલાવી છે. આ કંબલ ઉનાળે ઓઢવામાં આવે તો ઠંડી આપે છે, શિયાળામાં ગરમાવો કરે છે અને ચોમાસામાં જરાપણ ભીંજાતી નથી. મુનિવર! આપના ગયા બાદ માતા જાલિનીને ખુબ પશ્ચાતાપ થયો. તેને થયું કે 'છોરૂ કછોરૂ થાય પણ માતા કમાતા ન થાય' પણ છોરૂ તો ડાહ્યો અને શાણો હતો. હું માતા થઈ ભાન ભૂલી. મેં તેનો તિરસ્કાર્યો. તેણે મારાથી કંટાળી દીક્ષા લીધી. તેણે તો જોકે ઉત્તમ કાર્ય કર્યું પણ હું દુનિયામાં વગોવાઈ અને પુત્ર જેવા પુત્રને ખોઈ બેઠી. હું હવે કયારે તેનું મૂખ જોઇશ. મુનિવર! માતા તમને રોજ યાદ કરે છે અને સંભારી સંભારી રડે છે. હું બરાબર મહિનાથી આપની શોધ કરૂં છું. શોધ કરતાં કરતાં અહિં આપની ભાળ મળી એટલે હું અહિં આવ્યો છું. ગુરૂદેવ! આપ કોશપુર

પધારો અને માતાને આશ્વાસન આપો. સોમદેવે હૃદયને દ્રવતાં દ્રવતાં ટુંકમાં જાલિનીનો સંદેશ જણાવ્યો.

શિખી મુનિએ વિજયસિંહસૂરિ પાસે ચારિત્ર લઈ સારો શાસ્ત્ર અભ્યાસ કર્યો હતો. તેમણે અનેક તાત્ત્વિક ગ્રંથોને અવગાહ્યા હતા અને તે અનેક સાધુઓને વાચના આપતા થયા હતા. આ શિખી મુનિ ગુરુ મહારાજ સાથે વિચરતા વિચરતા તામ્રલિપ્તી નગરીમાં પધાર્યા હતા. અને કેટલાક મુનિઓને તે આગમ વાચના આપતા હતા. તે વખતે માતા પાસેથી આવેલ સોમદેવે માતાનો ઉપરનો વૃત્તાન્ત કહ્યો.

મુનિ બોલ્યા. 'ભૂદેવ ! માતાને કહેજો કે તમારાથી મેં કંટાળી દીક્ષા નથી લીધી. મેં તો સંસારને દુઃખરૂપ માની દીક્ષા લીધી છે. મારા સંબંધી પરિતાપ તે ન કરે. કાંબલ સામે નજર કરી મુનિ બોલ્યા. 'વિપ્રવર ! અમારે સાધુને ગુરૂનિશ્રા પ્રમાણ હોય છે માટે આપને કંબલ વિગેરે જે વહોરાવવું હોય તે ગુરુને વહોરાવો.'

ગુરુએ વિપ્રનો અતિઆગ્રહ દેખી કંબલ લીધી અને કહ્યું 'ભૂદેવ ! કોશપુર જઈ જાલિનીને કહેજો કે તમારો પુત્ર શિખી થોડા જ દિવસમાં વિહાર કરી ત્યાં આવશે. ચિંતા ન કરો. તમારો પુત્ર સંયમ તપ ત્યાગમાં ખુબ આગળ વધ્યો છે.'

બ્રાહ્મણ આનંદ પામ્યો અને તે કોશપુર ગયો.

(૫)

એક વખતનો માતાથી તજાયેલ શિખી આજે મહાવિદ્વાન થઈ કોશપુર નગરના બહારના મેઘવન ઉદ્યાનમાં દેશના આપતો હતો. રાજા અને નગરના બધા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લોકોએ તેની દેશના સાંભળી અને માથું ધુણાવી મુકતકંઠે તેની પ્રસંશા કરી.

મુનિ શિખી માતાના આગ્રહથી ઘેર આવ્યા પણ તે જાલિનીને તુર્ત ઓળખી શકયા નહિ કેમકે જાલિની થોડા જ સમય ઉપર વિધવા થઇ હતી. તેની ઉંમર આધેડ થઇ હતી. મૂખ ઉપર કરોચલીઓની શરૂઆત થઈ ચૂકી હતી. મુનિને દેખતાં તે પગે પડી અને ધ્રુસકે ધ્રુસકે રોવા લાગી. તે બોલી 'મુનિવર મેં આપનો ઘણો અપરાધ કર્યો છે હું કયે ભવ છૂટીશ'

મુનિએ કહ્યું 'અજંપો ન કરો. તમારો મારા ઉપર પરમ ઉપકાર છે, તમે ધર્મમાં ચિત્ત પરોવો.'

જાલિનીએ કપટથી અણુવ્રત લીધાં અને બીજાં પણ નાના મોટા વ્રત સ્વીકાર્યાં અને બોલી 'ભગવંત! મારે ત્યાં ગોચરી લીધા વિના તમે નહિ જઇ શકો.'

મુનિ 'તમારો આહાર ન કલ્પે' તેમ કહી ઉપાશ્રય તરફ જવા લાગ્યા.

જાલિનીએ જાણ્યું કે માસ કલ્પ કાલે પુરો થશે અને શિખી ચાલ્યો જશે. તેથી તે ઉપાશ્રયે આવી રડતાં રડતાં બોલી 'ભગવંત! મારો આહાર લઈ મને તારો'

મુનિ જાલિનીનો આગ્રહ દૂર ન કરી શકયા. તેથી તેમણે પાત્રમાં વહોર્યું. જાલિનીએ વિષમોદક શિખીને વહોરાવ્યા અને બીજા મુનિઓને કંસાર વહોરાવ્યો.

ભોળા શિખી મુનિએ માતાનું પ્રેમનું ભોજન આરોગ્યું પણ થોડીજ વારે તેમનું મગજ ઘૂમવા લાગ્યું અને તે મૂર્છા ખાઈ જમીન ઉપર પડયા. સાથેના સાધુઓ એકઠા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમરાદિત્ય કેવળી ચરિત્ર.

જાલિની અને શિખી
(ત્રીજો ભવ)




'જાલિનીએ વિષમોદક શિખીને વહોરાવ્યા અને બીજા મુનિઓને કંસાર વહોરાવ્યા.'

મેઘરાજ પુસ્તક ભંડારના સૌજન્યથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયા અને બોલ્યા. 'જાલિનીનીજ આ બધી જાળ. તેણે મુનિને મારવા માટે જ આ બધા ઢંગ રચ્યા અને વિષમોદક વહેરાવ્યા' શિખીએ અણુસણુ ઉચર્યું તેણે માતાનો બિલકુલ દોષ ન કાઢયો પણ તે બોલ્યો : 'માતા જાલિની શું કરે? મારા કર્મનો ઉદય અને મારા ઉપદેશની કચાશ, મારા ચારિત્રનું પુરૂં તેજ નહિ નહિતર જાલિનીનો હૃદય પલટો કેમ ન થાય? ખરેખર એ બિચારીનું શું થશે?' તેના ઉપર તેમને દયા આવી અને તેમણે પંચપરમેષ્ઠિના ધ્યાનમાં ચિત્ત દોર્યું. આ પછી સમભાવી શિખીમુનિ કાળ કરી પાંચમા દેવલોકે સામાનિક દેવ થયા.

જાલિની ત્યાંથી નાઠી પણ તેને કોઇએ સંઘરી નહિ અને છેવટે આત્મઘાત કરી મરી બીજી નારકીએ ગઈ.

દુઃખ વખતે માતાને માનવો યાદ કરે છે તેજ માતા જ્યારે પુત્રના ઘાત માટે આકાશ પાતાલ એક કરે ત્યારે કહેવું જોઇએ કે સંસારમાં કોઈનું કોઇ નથી. દુની-યાના પ્રેમ પ્રબંધ કે દ્વેષ પ્રબંધ એ ખરેખર પૂર્વભવના અનુબન્ધ છે.

પ્રથમ ભવમાં અગ્નિશર્માના હૃદયમાં બીજરૂપે મુકાયેલ વૈર પલ્લવિત થતું બીજા ભવમાં પુત્ર રૂપે અને આ ત્રીજા ભવમાં તેણે માતારૂપે થઇ લીધું અને વિજયસેન કુમાર સમતાની પરાકાષ્ટામાં વધતા આ ભવમાં પુત્રપણે જન્મી મૃત્યુકાળે જાલિની પ્રત્યે જરા પણ તિરસ્કાર ન લાવતાં કેવળ દયા લાવી સમતાને વધુ દ્રઢ કરી. ——— (સમરાદિત્ય કેવલિ ચરિત્ર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૭૩
# આવી પણ સ્ત્રી ?
યાને
## ધન અને ધનશ્રી (ચોથો ભવ)

(૧)

**ધન** અને **ધનશ્રી** પતિ પત્ની હતાં.

ધન એ **સુશર્મ** નગરના **વૈશ્રમણ** સાર્થવાહ અને **શ્રીદેવીનો** પુત્ર હતો.

**ધનશ્રી** પણ એજ નગરના **પૂર્ણભદ્ર** શેઠ અને **ગોમતી** શેઠાણીની એકની એક પુત્રી હતી.

ધનને મન ધનશ્રી પ્રાણથી અધિક વ્હાલી હતી. પણ ધનશ્રીને મન ધન અદીઠ અને અકારો હતો.

(૨)

'**સમૃદ્ધદત્ત**ની શું સમૃદ્ધિ ? શું સદ્‌ભાગ્ય ? અને શું તેની ઉદારતા ?' આ પ્રમાણે ધને એક વખતે દાન દેતા સમૃદ્ધદત્તની પ્રશંસા કરી.

" શેઠ ! તમારી પાસે કયાં ધન ઓછું છે તમે પણ આપોને દાન આપવાની પિતા કયાં ના કહે છે ? " ધનના સેવક **નંદકે** કહ્યું.

" ભાઈ ! હું શું કમાયો છું ? અને મારી પાસે શું ધન છે ? કે દાન આપી શકું. ધન તો પિતાનું છે. આપણે કમાઈએ અને ખર્ચીએ તો જ કામનું ? બાકી પિતાના પૈસાનું દાન કરીએ તેમાં આપણી વડાઈ શી ? "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પછી ધન માતાપિતાની અનુમતિ મેળવી વ્યાપાર માટે નીકળ્યો. ધનવતી પાછળ પડી તેથી તેણે ધનવતી અને નંદકને પણ સાથે લીધાં.

નંદક ધનનો જુનો વિશ્વાસુ નોકર હતો પણ ધનશ્રીનાં ઘરમાં પગલાં થયાં ત્યાર પછી તેનામાં નિમકહરામતા પ્રવેશી હતી. તે ધનશ્રીના વધુ ને વધુ પરિચયમાં આવ્યો હતો અને તેથી ધનશ્રી ધન કરતાં પણ તેને વધુ ચાહતી થઈ ગઈ હતી અને ખરી રીતે તે તેને જ પતિ માનતી હતી.

ધન, ધનવતી અને નંદક તામ્રલિપ્તીમાં આવ્યા પણ અહિં ધન બહુ સારૂં કમાયો નહિ. અને ધન જે કાંઈ મહા-મહેનત કરી ધન મોકળાવતો તે નંદક અને ધનશ્રી ઉડાવતાં.

ધને સમુદ્ર ખેડવાનો વિચાર કર્યો. કેમકે તેવા મોટા પ્રવાસ વિના ધન મેળવવું તેને અશકય લાગ્યું. નંદકે આમાં ભોળાભાવે અનુમતિ આપી અને ધનશ્રીએ ધાર્યું કે 'ધનની આડખિલી છે તે સમુદ્રમાં ફેંકયા વિના નહિજ ટળે.'

સારા દીવસે ધન પ્રયાણ કરતો હતો તે વખતે માર્ગમાં એક માણસની પાછળ છ સાત જુગારી પડયા હતા તે તેને પજવતા હતા અને જેમ તેમ બોલતા મારતા ધનની આગળથી પસાર થયા.

ધને કહ્યું 'કેમ આને મારો છો?'

જુગારીઓએ કહ્યું 'તે અમારી સાથે જુગારમાં સોળ સોનામહોર હાર્યો છે અને હવે આપતો નથી.'

ધને સોળ સોનામહોર આપી જુગારીઓને વિદાય કર્યા અને માર ખાનારને કહ્યું 'ભલા ભાઇ! બોલ તું

કોણુ છે? અને આ શું કરે છે? જુગાર એ તે કોઇ ધંધો છે?

તે બોલ્યો 'ભાઇ! હું નામાંકિત રુદ્રદેવના કુળના મહેશ્વરદત્ત વણિકનો પુત્ર છું. હું ઉંધે ધંધે ચડયો છું, સજ્જન! હવે હું જુગાર નહિ કરૂં.'

મહેશ્વરદત્ત નમી આગળ ચાલ્યો. ધને પ્રયાણુમાં ઉપકારનું મંગળ ગાંઠે બાંધી સમુદ્ર માર્ગે પ્રયાણુ કર્યું.

(૩)

ધનશ્રીએ કોઇ જોગણી પાસેથી એવી કોઇ ઔષધિ ધનને ખવડાવી દીધી કે ધનને દિવસમાં દસ પંદર ઝાડા થવા લાગ્યા. ધનનું શરીર ઘસાતું ચાલ્યું. શરીરે સોજા આવી ગયા, પેટ ફુલી ગયું, આ બધું છતાં ધનને ધનશ્રી ઉપર જરાપણુ અભાવ નહિ આવ્યો. તે તો માનતો કે કોઈ વ્યાધિ ઉત્પન્ન થયો છે.

એક વાર અજવાળી રાત હતી. વહાણુ સમુદ્રમાં પસાર થતું હતું ત્યાં ધનને દેહચિંતા થઇ, તે તુતક ઉપર આવી દેહચિંતા કરવા બેઠો. ધનશ્રીએ લાગ જોઇ અશકત ધનને ધક્કો માર્યો આથી ધન સમુદ્રમાં પડયો. હૃદયમાં આનંદ માનતી ધનશ્રી બહારથી રોકકળ કરતી બોલી 'હાય! હાય! શું કરૂં? કયાં જાઉં? ભરદરીએ વ્યાધિથી કંટાળી મારા પતિએ સમુદ્રમાં ઝંપલાવ્યું હવે મારૂં કોણુ?'

નંદકે આશ્વાસન આપ્યું અને વહાણુ આગળ ચાલ્યાં. ક્રમે ક્રમે તે વ્હાણુ કૌશાંબી આવ્યાં.

કૌશાંબીમાં નંદકે પોતાનું નામ સમુદ્રદત્ત વ્યવહારી રાખ્યું અને ધનશ્રી તેની પ્રિયા થઈ તેના ઘરમાં રહી.

નંદક અને ધનશ્રી ધનને ભૂલી ગયાં તેમણે માન્યું કે ધન મરી ગયો.

સમુદ્રમાં પડતાં ધનના હાથમાં અચાનક પાટીયું આવ્યું અને તે તેના આલંબનથી સાત દિવસ સમુદ્રમાં અથડાતો અથડાતો તે એક કિનારે મૂર્છાગત થઇ પડયો. મૂર્છા વળતાં તેને સ્ત્રી ઉપર અણગમો જાગ્યો અને સાથે સંસાર ઉપર પણ અણગમો થયો. તે થોડે દૂર ગયો ત્યાં તેને એક રત્નાવલી હાર મળ્યો. લોભને લઇ તે હાર તેણે લીધો અને તે થોડું આગળ ચાલ્યો ત્યાં તેણે એક મુનિને દેખ્યા. તે તેમને પગે લાગ્યો કે તુર્ત મુનિએ ધનને ઓળખી કહ્યું 'ભદ્ર! તમે મને ઓળખો છો? હું પેલો મહેશ્વરદત્ત જુગારી. તમારી શિક્ષા મને મળી અને મેં સંયમ લીધું ખરી રીતે તમે જ મારા ગુરૂ છો.

ધન બોલ્યો 'ભગવંત! આપે ઉત્તમ કર્યું અને આપને શિખામણ આપનાર મેં શિખામણ ન લીધી તેનાં હું કૂડાં દુઃખ ભોગવું છું'

મુનિએ ઉપકારની બુદ્ધિથી ધનની ઈચ્છા નહિ છતાં ગારૂડિક મંત્ર આપ્યો અને કહ્યું 'ધન! આ તને ખરે વખતે કામ આપશે.'

(૪)

ધનનું પ્રારબ્ધ હજી અવળું હતું તે શ્રાવસ્તી નગરીમાં પેઠો કે તુર્ત તેની જડતી લેવાઈ. જડતીમાં હાર પકડાયો. આ હાર શ્રાવસ્તીના રાજા **વિચારધવલ**ની પુત્રીનો હતો. રાજાએ ધનને રત્નાવલીનો હાર પહેરનાર કુંવરીનો ઘાતક માની એકદમ ફાંસીની સજા ફરમાવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૫)

'પુરુષ ! ઈષ્ટદેવને સંભાર તારૂં મૃત્યુ નજીક છે' રત્નાવલી હાર ચોરવા બદલ ફાંસી આપનાર ચંડાલે ધનને કહ્યું ધન ઇષ્ટદેવના સ્મરણમાં પડયો ત્યાં સાદ પડયો કે 'જે કોઈ રાજપુત્રને જીવાડશે તેનું રાજા ઈષ્ટ કરશે.'

ધને આ સાદ સાંભળ્યો અને તે ચંડાળને કહેવા લાગ્યો 'ચંડાળ ! જો તું મને આજ્ઞા આપે તો હું રાજાના પુત્રને જીવાડું, પછી તારે મને ફાંસી દેવી હોય તો સુખેથી દેજે. મરતા પહેલાં આટલું સુકૃત મને કરી લેવા દે.

ચંડાળે ધનને છૂટો કર્યો, ધને માંડલા વિગેરે ચિતરી ગારુડમંત્ર ભણ્યો અને રાજપુત્ર નિર્વિષ થયો.

રાજાએ ધનની ફાંસીની સજા માફ કરી. તેને તેનો બધો વૃત્તાંત પૂછયો. ધને બધો વૃત્તાંત કહેવા માંડયો. ત્યાં સમાચાર આવ્યા કે 'રાજપુત્રી મેઘવનમાંથી મળી આવી છે' રાજા આનંદ પામ્યો અને પુછયું 'પુત્રિ રત્નાવલી હાર પેલો કયાં ગયો ?' તે બોલી પિતા અમારૂં વ્હાણ ભાંગ્યું. હું કિનારે આવી અને તે હાર ઉતાવળમાં ત્યાં જ રહી ગયો.

ધને કહ્યું : "હા તેજ હાર મને મેઘવનના કાંઠેથી જડયો હતો."

વિચારધવલને લાગ્યું કે ધનની હત્યા ન થઈ તે સારૂં થયું. જો તેનો હત્યા થઈ હોત તો કુમાર સાજો થાત નહિ અને હું નિર્દોષ ઘાતી કહેવાત. વધુમાં આ પછી રાજાએ ધનને સારો શિરપાવ આપ્યો પૂજ્યો, અને તેને તેના સુશર્મનગરે મોકલ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૬)

પુત્ર ! આટલી ઋદ્ધિ સિદ્ધિ તે તું લાવ્યો પણ પુત્રવધુ અને નંદક કયાં ગયા ? માતપિતાએ અને પરિવારે પુછયું.

ધને એકાંતમાં ધનશ્રી અને નંદકને બધો ચિતાર માતા પિતાને સંભળાવ્યો.

માતાપિતાએ તેને ફરી પરણાવવા આગ્રહ કર્યો પણ ધનનું મન સ્ત્રી જાત ઉપરથી ઉઠી ગયું હતું. તે મનને ખુશ રાખવા મિત્રો સાથે ફરતો અને પોતાના દિવસો કાઢતો.

થોડા જ વખતમાં **યશોધરસૂરિ** સુશર્મ નગરના ઉદ્યાનમાં પધાર્યા. ધન તેમને વંદન કરવા ગયો. ધન ગંભીર અને વિચારમગ્ન હતો, તેથી મુનિએ ધનને પુછયું 'ભદ્ર ! તું કહે કે ન કહે પણ કાંઇક ગુંચમાં પડયો છે.' ધને પોતાની પૂર્વ કથની કહી. મુનિએ સંસારના સંબંધો બધા આવા જ જળતરંગ છે તે સમજાવ્યું. આથી ધનનું મન વૈરાગ્યે ભીંજાયું અને માત પિતાની અનુમતિ મેળવી અઢળક દાન આપી તેણે ભાગવતી પ્રવજ્યા સ્વીકારી.

(૭)

વૈરાગ્યમાર્ગે વળેલ ધનમુનિએ થોડા જ વખતમાં સારો શાસ્ત્રાભ્યાસ કર્યો અને તપથી કાયાને પણ સુકવી. આ ધનમુનિ વિહાર કરતા કરતા એકવાર કૌશામ્બીમાં આવ્યા. અને એક રાજમાર્ગમાં થઇ શાહુકારના મ્હોલાનાં એક વિશાળ ઘરે 'ધર્મલાભ' કહી ઉભા રહ્યા.

'ધર્મલાભ' સાંભળતાં એક આધેડ વયની સ્ત્રી બહાર આવી તે મુનિ સામે નજર નાંખી બોલી "અત્યારે કાંઇ ન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મળે મહારાજ! બીજે જાઓ." આ ધનમુનિ આગળ ગયા પણ તે સ્ત્રીએ એક દાસીને બોલાવી કહ્યું 'મુનિ પાછળ જા અને તપાસ કરી આવ કે તે કયે સ્થળે ઉતર્યા છે.'

થોડી વારે દાસીએ ખબર આપ્યા. 'શેઠાણી! નગર બહાર ઉદ્યાનમાં મુનિ કાયોત્સર્ગ ધ્યાને ઉભા છે અને ત્યાંના માણસો કહે છે કે આખી રાત આમ ખડા ખડા ધ્યાન ધરે છે.'

આ સ્ત્રી બીજી કોઈ નહિ પણ ધનશ્રી હતી.

ધનશ્રી અને નંદક ધનને સમુદ્રમાં નાંખી, કૌશાંબીમાં આવી રહ્યા હતા. તેમને ઘેર અચાનક ધનમુનિ વહોરવા આવ્યા. ધનને જોતાં ધનશ્રીની ક્રોધ જ્વાલા ભભુકી અને તેણે તેમનો તિરસ્કાર કર્યો.

રાત્રે તેણીએ નંદકને કહ્યું 'મેં આજે પાદર દેવીની પૂજા કરવાની બાધા રાખી છે તો હું દાસીને લઈ પાદર જાઉં છું.' ભોળા નંદકે હા પાડી.

ધનશ્રી નગર બહાર આવી. ઉદ્યાનમાં મુનિ કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા હતા તેની થોડે દૂર બહાર રસ્તા ઉપર એક લાકડાનું ગાડું પડયું હતું. તેની ધરી ભાંગી જવાથી ગાડાવાળો ગાડું મુકી ચાલ્યો ગયો હતો. ધનશ્રી અને તેની દાસીઓએ ઉદ્યાનના ચૈત્યના નજીકના ભાગમાં વિસામો લીધો. દાસી ઉંઘી એટલે ધનશ્રી ઉઠી તેણે કાઉસ્સગ્ગ ધ્યાનમાં બેઠેલા મુનિને દેખ્યા. તેણે એક પછી એક લાકડાં લઇ આવી મુનિની આસપાસ ગોઠવ્યાં અને તે અગ્નિ પ્રગટાવી હાસ કરી નાસી, દાસી પાસે જઇ સુઇ રહી. અને સવારે પાદર દેવીને પૂજી ઘેર આવી.

samarāditya kevaḷī caritra.

dhana ane dhanaśrī
(cotho bhava)



'teṇe eka paṭhī eka lākaḍāṁ laī āvī muninī āsapāsa goṭhavyāṁ ane te agni pragaṭāvī hāsya karī nāsī.'

megharāja pustaka bhaṁḍāranā saujanyathī.

Jin Gun Aaradhak Trust
P. P. Ac. Gunratansuriji M.S.

મુનિના શરીરની ચારે બાજુ જ્વાલાઓ ભભૂકી. મુનિએ ધનશ્રીને બરાબર ઓળખી હતી. પણ તે ન તો ચિતામાંથી ઉભા થયા કે ન તો તે ધનશ્રી પ્રત્યે દુર્ભાવ લાવ્યા. તે તો એકજ વિચાર કરતા હતા કે 'અરે મારા દ્વેષ ખાતર આ બિચારી દુર્ગતિમાં કયાંસુધી રખડશે? શું મોહનો પ્રભાવ છે? ધનમુનિ રાગ દ્વેષની પરંપરા અને તેની દુર્ઘટનામાં જગતની ખાના ખરાબી નિરખી વિશેષ આત્મરમણમાં ઉતર્યા.

જોત જોતામાં તેમનો દેહ અગ્નિથી ચારે બાજુ ઘેરાઈ ભસ્મીભૂત થયો અને મુનિ આત્મધ્યાનથી ઘેરાઈ ઘણા કર્મ બાળી વિશુદ્ધિથી આઠમા દેવલોકે દેવ થયા.

ગાડાવાળાએ રાજાને ફરીયાદ કરી છે કે મારા ગાડાના લાકડાં ચોરાયાં છે. આથી કોટવાળે તપાસ કરી તો તે તપાસમાં કોઇ ક્રૂર સ્ત્રીએ તેનાં લાકડાં લઇ, કાઉસ્સગ્ગ ધ્યાને રહેલ મુનિને સળગાવી મુકયા હતા તે આવ્યું. વધુ તપાસમાં દેવીની પૂજારણે કોટવાળને કહ્યું કે 'આજ રાત્રે સમુદ્રદત્તની સ્ત્રી ધનશ્રી આવી હતી. આથી કોટવાળ ધનશ્રીને ત્યાં આવ્યો અને બોલ્યો.

'ગાડાનાં લાકડાં લઇ મુનિને સળગાવી મારનાર તું જ છે કે બીજી કોઈ ? ધનશ્રીને ધમકાવતાં કોટવાળે કહ્યું.

'ના હું કાંઈ જાણતી નથી' એમ ધનશ્રી બોલવા જાય છે ત્યાં કોટવાળે બે તમાચ ધરી તેની દાસીને પુછયું.

'દાસી સાચું બોલ શું બન્યું છે ?

દાસી બોલી 'આજે મને શેઠાણીએ મુનિની તપાસ કરવા મોકલી હતી. હું મુનિની તપાસ કરી આવી પછી અમે રાતના દેવકુલમાં ગયાં હતાં. શેઠાણી અમે ઉંઘતાં



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતાં ત્યારે એકલાં રાત્રે ઉઠયાં હતાં અને કાંઇક કરી આવી પાછાં સુઇ ગયાં હતાં.'

કોટવાળને ખાત્રી થઈ કે મુનિને સળગાવનાર ધનશ્રી છે. આથી ધનશ્રી 'હું? હું?' કાંઇ કરે તે પહેલાં તો કોટવાળ ધ્રાસો અને ધનશ્રીને પકડી રાજા પાસે લઇ ગયો.

રાજાએ પુછયું 'તું કોણ છે અને કોની સ્ત્રી છે?'

'હું સમુદ્રદત્તની પત્ની અને પૂર્ણભદ્રશેઠની છોકરી છું'

રાજાએ સમુદ્રદત્તની તપાસ કરી તો તે કયાંય નાસી ગયો હતો. દૂત મોકલી પૂર્ણભદ્રશેઠને બોલાવ્યા તો તેણે કહ્યું 'મહારાજ! મારું કુળ તેણે લજવ્યું છે. મેં ધનસાર્થવાહ વેરે તેને પરણાવી હતી. પણ તેણે તેને દગો દઈ સમુદ્રમાં નાંખ્યો. અંતે તે મુનિ બનેલા ધન સાર્થવાહનો જીવ લઈનેજ જપી. તેણે તો કાળું મુખ કર્યું પણ અમારાં મોઢાં કાળાં બનાવ્યાં છે. લોકો કહે છે કે, છોકરાં સારાં હોય તો ઠીક નહિતર વાંઝીયા રહેવું સારૂં તે ખરેખર બરાબર છે. મહારાજ! હું શું કરૂં અને કયાં જાઉં' બોલતાં પૂર્ણભદ્ર રડી પડયો.

રાજાએ સ્ત્રી જાણી તેને ફાંસી ન આપતાં દેશપાર કરી.

ધનશ્રી ત્યાંથી નાઠી પણ સાપે તેને ડંસ દીધો અને તે મૃત્યુ પામી ત્રીજી નારકે ગઇ.

આમ પ્રથમ ભવની અગ્નિશર્માની વૈરપરંપરા આ ભવમાં સ્ત્રી થઇ લેવાઇ. અને વિજયસેન કુમારના પ્રથમ ભવની સમતા ઉત્તરોત્તર વધતાં ધનમુનિપણામાં ચરિતાર્થ થઇ.

(સમરાદિત્ય કેવલિચરિત્ર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૪

# ભાઈના હાથે મૃત્યુ

યાને

# જય અને વિજય (પાંચમો ભવ)

(૧)

જય અને વિજય બન્ને સગા ભાઇ હતા. આ બન્નેના પિતા કાકંદી નગરીના રાજા **સુરતેજ** હતા અને માતા **લીલાવતી** હતાં.

જય જાણે ગુણની મૂર્ત્તિ અને વિજય જાણે દુર્ગુણની મૂર્ત્તિ. વખત જતાં જય વિજય બન્ને ઉંમર લાયક થયા. સુરતેજ અચાનક મૃત્યુ પામ્યા એટલે કાકંદી નગરીનો રાજવી જય થયો.

જયને એક વખત રાત્રિએ સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે એક મુનિને પોતાને ઉપદેશ આપતાં જોયા. જય સવારે જાગૃત્ થઇ સ્વપ્નનો વિચાર કરતો હતો ત્યાં દ્વારપાળે વધામણી આપી કે 'મહારાજ! ઉદ્યાનમાં '**સનત્કુમાર** મુનિરાજ પધાર્યા છે.'

રાજા પરિવાર સાથે મુનિને વંદન કરવા ગયો. દેશના સાંભળી રાજા વૈરાગ્ય વાસિત બન્યો અને તેને લાગવા માંડયું કે ખરેખર હું ભાગ્યશાળી છું કે સ્વપ્નની સાથેજ મને આ મહાત્માનો યોગ સાંપડયો.

જય હવે રાજ્યકાજ કરે છે પણ તેનું ચિત્ત તો મુનિના આદેશમાં જ ઘૂમે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૨)

'પુત્ર ! તું તો ગુણી છે પણ આ વિજયને કેમે કરી તારા પ્રત્યેનો દ્વેષ ખસતો નથી તે રાજ્ય મેળવવા અનેક ષડ્યંત્ર કરે છે અને ભાઈ જેવા ભાઇને ભૂલી જાય છે.'

રાજમાતાએ એકવાર રાજા જયને વિજયની ચિંતા દેખાડતાં કહ્યું.

'માતા ! એમાં મારો શો દોષ ?'

'હું તારો દોષ કયાં કહું છું. હું તો કહું છું કે આ શું ઠેકાણે નહિ આવે ?'

માતા ! મારી ઈચ્છા છે કે આ રાજ્ય વિજય સંભાળે તો હું મારો તેને ઉપકારી માનીશ. મને તો રાજ્યપાલન અકારૂં લાગે છે !

"પુત્ર ! હું તું રાજ્ય છોડે તેમ નથી કહેતી. પણ તેને તું યુવરાજ તરીકે જાહેર કરે તો તેને કંઇક સંતોષ વળે. એટલુંજ કહેવા માગું છું."

'ના માતા ! હું રાજા રહેવા જ માગતો નથી. મારે રાજ્ય ખપતું નથી અને વિજયને ખપે છે તો ભલેને તેજ રાજવી બને !'

'પણ પુત્ર ! રાજ્યનું પાલન તે કરી શકશે !'

'માતા ! અનુભવ બધું કરાવશે.'

સારા દીવસે જયરાજાએ રાજ્ય છોડયું અને વિજયનો રાજ્યાભિષેક થયો. જયરાજાએ સનત્કુમાર મુનિ પાસે ચારિત્ર સ્વીકાર્યું. રાજર્ષિને પ્રજાએ ભાવભિની અંજલિ આપી અને તેના ત્યાગને સૌએ પ્રશંસ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૩)

જયમુનિને દીક્ષા લીધે બાર બાર વર્ષનાં વાણાં વાયાં છે. જયમુનિ સાથે સુમતિ મંત્રી વિગેરે સાધુ અનેક ઘણા શિષ્યોનો સારો પરિવાર છે. રાજમાતા લીલાવતી પણ જયની દીક્ષા બાદ થોડા જ વખતમાં સાધ્વી બન્યાં હતાં. અને તે પણ સંયમથી આત્માને ઉજ્વળ બનાવતાં હતાં.

સાધુઓના પરિવાર સાથે જયમુનિ અને આર્યાઓના પરિવાર સાથે લીલાવતી સાધ્વી કાકંદી નગરીમાં પધાર્યાં.

જયમુનિને ભાઈ વિજયને એકવાર ધર્મ માર્ગે વાળવાના કોડ હતા. તેમને ઇચ્છા હતી કે રાજવીપણામાં રાજ્યમર્યાદા ભલે મેં પ્રજાને શિખવી હોય પણ મારે હવે કાકંદી નગરીના પ્રજાજનોને ધર્મ મર્યાદા સમજાવવી અને બાંધવ વિજયને ધર્મ પમાડી રાજ્ય ભોગવવા છતાં તેનાથી તેને અલિપ્ત રાખવો.

વિજય વનપાળ દ્વારા જયમુનિના આગમનના સમાચાર સાંભળી પરિવાર સાથે મુનિની સામો આવ્યો. તેણે શાંતચિત્તે મુનિનો ઉપદેશ સાંભળ્યો પણ કાણા વાસણમાં પાણી ન ટકે તેમ વિજયમાં તે ઉપદેશ ન ટક્યો. તે તો એજ વિચારે ચડ્યો કે આ મુનિ ઉપદેશ આપવા નથી આવ્યા પણ સંયમ ન પળાવાથી મારૂં રાજ્ય લેવા જ આવ્યા લાગે છે.

મુનિએ વિદાય થતાં થતાં વિજયને કહ્યું 'રાજન્ ! સર્વ સુખનું મૂળ ધર્મ છે અને તે ધર્મ મૈત્રી, કરૂણા, વિગેરેમાં સમાયો છે.'

વિજય બોલ્યો. 'ભગવંત! તે ધર્મ મારા હૃદયમાં રમી જ રહ્યો છે.'

(૪)

કાકંદી નગરીના બહારના ઉદ્યાનમાં જયમુનિ પોરિસી ભણાવી ધ્યાનમગ્ન બેઠા હતા. સાથેના મુનિઓ અંધારામાં નિદ્રા લેતા હતા. ત્યાં એકાએક વિજય પોતાના સાગ્રીતો સાથે આવ્યો. અને બોલ્યો 'ક્યાં છો ગુરુદેવ!'

મુનિએ 'હું' કહ્યું એટલે તેણે અંધારામાં જયમુનિને બેઠેલા જોયા.

મુનિ ધ્યાન પારી કંઈ બોલે તે પહેલાં તો વિજયે 'કેમ તારે મારૂં રાજ્ય લેવું છે ને. લે આ યમસદનનું રાજ્ય.' કહી તરવારના બે ઝટકા માર્યા. મુનિ 'નમો અરિહંતાણં' બોલતા જમીન ઉપર ઢળી મૃત્યુ પામી આણત દેવ-લોકે દેવ થયા.'

નગરમાં હાહાકાર વર્તાયો. સાથેના મુનિઓએ કાકંદી નગરી છોડી. લીલાવતી સાધ્વી રડી ઉઠયાં અને તેમણે પણ છેવટે અણસણ લઈ સ્વશ્રેય સાધ્યું.

મુનિ હત્યારો વિજય થોડા જ વખતમાં ભયંકર વ્યાધિઓએ ઘેરાયો. રાજકર્મચારીઓએ તેને તિરસ્કાર્યો; વિજય પણ થોડા જ વખતમાં રૌરવ પીડા ભોગવી મૃત્યુ પામી ચોથી નરકે ગયો.

આમ ગુણસેન કુમારનો જીવ ગુણમાં આગળ વધતો નવમા દેવલોકે ચડયો અને અગ્નિશર્માનો જીવ ક્રોધમાં ધમધમતો ચોથા ભવમાં ભાઇરૂપે થઈ વૈરવાળી ચોથી નરકે ગયો.

(સમરાદિત્ય કેવલિ ચરિત્ર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૭૫

# પુરુષનો પ્રેમ અને સ્ત્રીને કાંઈ નહિ

## યાને

## ધરણ અને લક્ષ્મી (છઠ્ઠો ભવ)

### (૧)

**માકંદી** નગરીના **ધરણ** અને **દેવનંદી** એ બે યુવાનો રાજમાર્ગમાં સામસામા રથ અફળાવતા ઉભા છે. તે બેમાંથી એકે પોતાનો રથ તારવતો નથી. રસ્તે જતા સારા માણસોમાંથી કેટલાક બોલ્યા : 'તમે બે શાનો આટલો ગર્વ રાખો છો ? છો તો બન્ને જણ બાપ કમાઈવાળા જે આપ કમાઈ કરી લાવે અને તે રથને ન તારવે તે તો ઠીક, પણ તમારે તારવવું ને તારવવું સરખું છે."

બન્નેને ચાનક લાગી બન્ને છૂટા પડયા. એક ગયો ઉત્તર તરફ અને બીજો ગયો દક્ષિણ તરફ.

ધરણ માકંદીના શેઠ **બંધુદત્ત** પિતા અને **હારપ્રભાનો** પુત્ર હતો. ધરણ હતો તો ભાગ્યશાળી કેમકે તે ગર્ભમાં આવ્યો ત્યારે તેની માતાએ શાસનદેવીને જોયાં હતાં. ધરણ મોટો થતાં કાર્તિક શેઠ અને તેની સ્ત્રી જયાની પુત્રી **લક્ષ્મી** સાથે પરણ્યો હતો. લક્ષ્મી ખરેખર લક્ષ્મી જેવી હતી પણ જેમ લક્ષ્મી વધે અને માણસોમાં દુર્ગુણો વધે તેમ આ લક્ષ્મી પણ જેમ જેમ વધતી ગઈ તેમ તેમ તે દુર્ગુણોનો ભંડાર બનતી ગઈ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૨)

જંગલમાં એક યક્ષ મંદિર ઉભું હતું. અહિં રસ્તે જતા મુસાફરો વિશ્રામ લેતા અને આગળ વધતા. આ મંદિરમાં એક અંધારી રાતે હાથમાં પોટલું સંતાડતો એક ચોર દાખલ થયો. તે થોડો અંદર ગયો ત્યાં તેના પગની ઠેસમાં કોઈક આવ્યું. તેણે હાથ નીચો નાંખ્યો તો કંકણ-વાળી સ્ત્રીનો હાથ લાગ્યો. ચાર ડગલાં દૂર યક્ષની સામે દીવો બળતો હતો ત્યાં ચોર પહોંચે તે પહેલાં તો ત્યાં પેલી સ્ત્રી આવી અને બોલી: 'તું કોણ છે? અને કેમ અહિં અવ્યો છે?'

ચોરે સ્ત્રીના સામી નજર નાંખી તો તે તેના હાવ-ભાવથી તેને તે ખેંચતી દેખાઈ, તેથી તે બોલ્યો 'મારૂં નામ ચંડરુદ્ર છે. હાલ હું રાજાના મ્હેલમાંથી ચોરી કરી નાઠયો છું પણ પહેરેગીરો આ વાત જાણી ગયા તેથી તે મારી પાછળ પડયા છે. હમણાંજ મંદિરમાં આવશે અને મને પકડી લેશે. પણ હે અબળા! તું કોણ છે અને મારી તરફ શા કારણે ખેંચાઈ છે? લક્ષ્મી બોલી, 'હું માકંદી નગરીના ધરણની સ્ત્રી છું. લોકો અમને પતિ પત્ની તરીકે ઓળખે છે છતાં હું તો એને મુદ્દલ ચાહતી નથી. તે મને આંખે દીઠો પણ ગમતો નથી. હું કોઇ મનગમતા પુરુષને શોધતી હતી તેવામાં તું મળ્યો. જુવાન! તું મને સ્રી તરીકે બનાવે તો તારી બધી આ આફત ટાળું."

'કઈ રીતે ?'

'આ પોટલું તું ધરણ આગળ મુકી દે. હું તારી સ્રી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બની જાઉં. આપણે બન્ને સ્ત્રી પુરૂષ–દંપતી બની ચાલ્યાં જઈશું, એટલે કોઈને વ્હેમ નહિ પડે."

ચોરને આ સ્ત્રી પ્રત્યે કંટાળો તો આવ્યો પણ જીવ વ્હાલો લાગવાથી તેણે તે કબુલ કર્યું અને લક્ષ્મી સાથે ચોર નાઠયો.

રસ્તામાં ચોરે ધરણની બધી વાત પુછી કે તે કેવો છે. લક્ષ્મીને ધરણનો કંટાળો હતો છતાં ચોરના પ્યારથી કહેવા લાગી, 'ધરણ હોડની સરસાઈથી મને સાથે લઈ કમાવા નીકળ્યો પણ રસ્તામાં એક વિદ્યાધરને આકાશ ઉડવામાં મદદ કરી તેથી તેણે તેને એક વ્રણરોહણ ઔષધિ આપી. અમે થોડે દૂર ગયા ત્યાં એક પલ્વીપતિ કાળસેન શરીરના ઘાથી કંટાળી મરવા તૈયાર થયો હતો ત્યાં ધરણે ઔષધિના પ્રયોગથી તેને સાજો બનાવ્યો. આથી પલ્લપતિએ ખૂબ અમને સત્કાર્યાં. અને થોડો વખત રાખ્યાં. પણ ધરણને તો આગળ ને આગળજ જવું હતું તેથી તે આગળ નીકળ્યો ત્યાં એક **મૌરિક** ચંડાળને વધ્યભૂમિ તરફ લઈ જતા હતા, ધરણે મારાઓને રોકયા અને રાજાને દસ હજાર સૌનૈયા આપી મૌરિકને છોડાવ્યો.

આમ ફરતાં ફરતાં અમે **અચલપુર** ગયાં. ધન ખૂબ ઋદ્ધિસિદ્ધિ કમાયો. આ ઋદ્ધિ સિદ્ધિ લઈ હું અને મારો કહેવાતો પતિ ધરણ પરિવાર સાથે પાછા ફરતા હતા ત્યાં કાદંબરી જંગલમાં અમારો સાર્થ લુંટાયો. અમે પાછાં વિખુટાં પડયાં. રસ્તામાં મને ખૂબ તરસ લાગી, પાણી વિના મારો જીવ જવા લાગ્યો. હું ન જાણું તેવી રીતે ધરણે પેટમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કટાર મારી લોહી કાઢી મારી તૃષા શાંત કરી અને પોતાનો ઘા પેલી ઔષધિથી રુઝાવ્યો. વનમાં ભૂલા પડેલા આખરે અમે મહાસર નગરની નજીકના આ યક્ષ મંદિરમાં સુતા અને હું તમારા પગે અથડાણી તેથી મારો તમારી સાથે ભેટો થયો.

ચોર આ વૃતાંત સાંભળી દિગ્મૂઢ થયો. તેણે વિચાર્યું કે 'જેની ખાતર પેટ ચીરી જેણે લોહી પાયું તેનો પણ વિશ્વાસઘાત કર્યો તે આ સ્ત્રી મારૂં શું ભલું કરશે ? તે થોડો વખત મુંગો રહ્યો અને એક ઝાડ તળે આવી તે સ્ત્રીને તેણે કહ્યું 'લક્ષ્મિ ! ઘરેણાં ઉતાર. તારે જીવતા જવું હોય તો નાસી જા. નહિતર હું તને મારી નાખીશ.' ચોરે તેને લુંટી લીધી અને મારી જંગલમાં રખડતી મુકી દીધી.

લક્ષ્મી ફાટેલ કપડે જંગલમાં આમ તેમ રખડતી હતી.

(૩)

ચોર અને લક્ષ્મીના નાઠયા બાદ ધરણ પહેરેગીરોના હાથે પકડાયો અને તેને પહેરેગીરો રાજા પાસે લઈ ગયા. રાજાએ મુદ્દામાલ દેખી તેને ચોર તરીકે જાહેર કર્યો અને ફાંસી માટે ચંડાળને સોંપ્યો.

'પુરુષ નીચું કેમ જુએ છે જરા ઉંચું જો અને ઈષ્ટદેવને સંભાળ. તારા આયુષ્યની ઘડીઓ થોડી બાકી છે' ચંડાળે છેલ્લું દેવસ્મરણ કરવા સૂચના આપતાં ધરણને કહ્યું.

ધરણે ઉંચું મુખ કર્યું તો ચંડાળ ચમકયો. તે ફાંસીએ ચડનારને પગે પડયો અને બોલ્યો 'ઉપકારી ધરણ હું જ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે મૌરિક! જેને તમે છોડાવ્યો હતો. તમે છૂટા છો. અને અહિંથી નાસી જાઓ.'

'મૌરિક! તું તારી ફરજ બજાવ, મને છૂટો કરી તું દુઃખી થઇશ.'

'ધરણ! તમે તેની ચિંતા ન કરો. અહિંથી ચાલ્યા જાઓ. ધરણ ચંડાળ પાસેથી છૂટી કોઇ નદીના કાંઠે આંટા મારતો હતો અને વિચારતો હતો કે 'જરૂર લક્ષ્મીને ચોર ઉઠાવી ગયો. તેણે તેને બળાત્કારે સ્ત્રી બનાવી હશે. ના ના લક્ષ્મી નાદાન નથી તે જીભ કચડે પણ તેવું કામ ન કરે! ચોરે તેને મારી નાખી તો નહિ હોય ને? ના, ના, ચોર તો ધનનો અર્થી તેણે તેનાં ઘરેણાં ઉતારી તેને રખડતી મુકી હશે.'

ચારે બાજુ નજર નાંખતો ધરણ નિઃસાસા નાંખે છે ત્યાં ફાટેલ કપડાંવાળી અને વિંખાયેલ વાળવાળી લક્ષ્મીને દેખી. લક્ષ્મીને તે ભેટી પડયો અને લક્ષ્મી રડતી રડતી બોલી 'નાથ! મંદીરમાં ચોરે મને ઉઠાવી ઘરેણાનું પોટલું તમારી પાસે મુકી ચોરે તમને આળ ઓઢાડી. તે મને અહિં લાવ્યો અને મને ખૂબ મારી કયાંક નાસી ગયો:

ધરણે પણ પોતાની કથા લક્ષ્મીને ટુંકમાં કહી.

આ પછી લક્ષ્મી અને ધરણ બન્ને આનંદથી ભેટ્યાં.

(૪)

ધરણને હજી જીવનમાં ઘણું ઘણું વેઠવાનું હતું. થોડેક તે બન્ને ચાલ્યાં ત્યાં સામે દંતપુર દેખાયું. ધરણે વિચાર કર્યો કે અહિ લક્ષ્મીને થોડો વખત મુકી હું કમાવા જાઉં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને પછી તેની લઈ જઈશ. ત્યાં તો એક ભિલ્લોનું ટોળું આવ્યું અને તે લક્ષ્મી અને ધરણને બાંધી તેમના નાયક પલ્લીપતિ પાસે લઇ ગયું.

પલ્લીપતિ દૂરથી જોઇ બોલ્યો ' સાથીદારો ! લાવ્યા છો તો સારા બત્રીસ લક્ષણા યુગલને.

બંધન છોડયાં અને તેમનું મોં ખુલ્લું કર્યું ત્યારે પલ્લીપતિ કામસેનને લાગ્યું કે આ તો કોઈ જાણીતો માણસ લાગે છે થોડીવાર વિચારમાં પડયો અને બોલ્યો ' સાર્થપતિ ધરણ તમે પોતેજ શું ?

' હા '

' સાથીદારો ! આ મારા પરમ ઉપકારી છે. તેમને છોડી દો. તેણે મને વ્યાધિથી હું મરતો હતો ત્યારે ઔષધિથી બચાવ્યો હતો. બાંધવ ! તમે એકલા કેમ ? અને કોઈ તમારો પરિવાર કેમ નથી ? '

લક્ષ્મી બોલી ' તેમનો પરિવાર આટલામાંજ લુંટાયો હતો. પલ્લીપતિએ લુંટેલો માલ અને પકડેલા પરિવારને હાજર કર્યો. ધરણે એ બધું ઓળખી લીધું પલ્લીપતિએ માલ અને પરિવાર ધરણને સોંપ્યો.

પલ્લીપતિએ ધરણની થોડા દીવસ મેમાનગતિ કરી તેને માકંદી નગરીએ મોકલ્યો.

ધરણ ઋદ્ધિસિદ્ધિથી સંપૂર્ણ બની માકંદી નગરીએ આવ્યો પણ લક્ષ્મી માર્ગમાં કયાંક વિખુટી પડી ગઈ. તે તેના હાથમાં ન લાગી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૫)

લક્ષ્મીને મન ધરણ અકારો હતો પણ ધરણને મન તો લક્ષ્મી એ લક્ષ્મી સમાન હતી. માકંદી નગરીમાં આવ્યા બાદ દેવનંદી અને ધરણના રથની વાત લોકોએ તાજી કરી પણ ધરણને તે બાલિશ ક્રીડામાં રસ રહ્યો નહિ. તે તો દરરોજ લક્ષ્મીની જ ચિંતા કરતો અને જે મળે તેને તેના જ સમાચાર પૂછતો.

(૬)

એક સારા દીવસે ધરણે ફરી માકંદી નગર છોડયું. અને ફરી વૈજયંતી નગરીમાં જઈ ખુબ ધન મેળવી વહાણ માર્ગે પ્રયાણ આરંભ્યું. ધરણ ઋદ્ધિથી મલકાતો આગળ ચાલ્યો પણ અધવચ્ચે વહાણ ભાંગ્યું અને ધરણ કોઇ પાટીયું મળતાં તરી સુવર્ણદ્વીપમાં આવ્યો.

લોભી ધરણે સુવર્ણદ્વીપમાં સોનાની ઈંટોના ઢગના ઢગ ખડકવા માંડયા અને કોઇ વહાણની રાહ જોતો તે ત્યાં ઉભો. એક દીવસ **સુવદન** નામના ચીની વહાણવટીનું વ્હાણ દેખાયું. ધરણે તેમાં સુવર્ણ ઈંટો ભરી અને વહાણ હંકાયું. આ વહાણમાં અચાનક ધરણને લક્ષ્મીને ભેટો થયો. ફરી ધરણ અને લક્ષ્મી ભેટયાં. લક્ષ્મી બોલી 'નાથ ! હું આપનાથી તે જંગલમાં વિખુટી પડી. નાથ ! નાથ કહી હું જંગલમાં વૃક્ષે વૃક્ષે રખડી. પણ આપનો કયાંયે પત્તો ન લાગ્યો. છેવટે આ સાર્થપતિનો મને ભેટો થયો તેથી તેમના વહાણમાં બેસી **માકંદી** જવા નીકળી ત્યાં આપ સદ્દભાગ્યે મળ્યા.

લક્ષ્મી તો ધરણને જોવા જ ઈચ્છતી નહતી છતાં લક્ષ્મીને કોણ જાણે કયાંથી ને કયાંથી ધરણનો ભેટો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયો. વ્હાણુ ભરદરીએ આવ્યું ત્યાં જળદેવીએ ભોગ માગ્યો. બીજા તો જીવ વ્હાલો કરી ચૂપ રહ્યા પણ ધરણે તુર્ત પાણીમાં કુદકો માર્યો.

ધરણનુ ભાગ્ય પ્રબળ હતું. કુદકો મારતાની સાથે તે વખતે ત્યાંથી પસાર થતા હેમકુંડલ વિદ્યાધરે સમુદ્રમાં પડતા ધરણને અદ્ધરથી ઝીલી લીધો. તે બોલ્યો 'ઉપકારી ! મને ઓળખ્યો કે નહિ ?

ધરણ બોલ્યો. ' ના '

' આકાશગામિની વિદ્યામાં આપે મને મદદ કરી હતી. તે જ હું. ' ધરણ ચમકયો અને બોલ્યો ' ઓળખ્યા તમને'

હેમકુંડલ વિદ્યાધર પોતાના નગરમાં લઇ જઇ ધરણને ખુબ રત્નો આપ્યાં અને તેની ઈચ્છા મુજબ તેને દેવપુર નગરના સીમાડે મુકયો.

(૭)

ધરણ દેવપુરમાં **ટોપ** નામના શ્રેષ્ઠિને ત્યાં રહ્યો રહ્યો આનંદ કરવા લાગ્યો. તેવામાં ચીન મુસાફરના આવતાં વહાણના સમાચાર સાંભળ્યા.

ધરણ સમુદ્ર કિનારે આવ્યો. સુવદન અને લક્ષ્મીને જોઇ તે આનંદ પામ્યો.

સુવદને ધરણને તેનો વૃત્તાંત પુછયો. ધરણે પોતાની આપવીતી કહી.

ધરણ લક્ષ્મી અને સુવદન નીરાંતે સુતા. મધ્યરાત્રિએ લક્ષ્મીએ ધરણના ગળામાં ફાંસો નાખ્યો અને સુવદને તેને ખેંચ્યો. બન્ને પાપીઓએ માન્યું કે ધરણ મરી ગયો. તેથી તેમણે તેને ઉપાડી સમુદ્ર કાંઠે ફેંકયો પણ તેનું ભાગ્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાગતું હોવાથી થોડીવારે ધરણ શુદ્ધિમાં આવ્યો ત્યારે તે બોલ્યો 'લક્ષ્મી ખરેખર બેવફા નીવડી, તેને માટે મેં મારૂં શરીર કાપી તૃષા મિટાડી, વને વન રખડયો અને તેની અંખનામાં અડધો હું થયો છતાં તે સ્ત્રી છેવટે ખુટલ નીકળી.'

ધરણ ટોપને ઘેર આવ્યો અને તેણે તેને લક્ષ્મીની બધી આપવીતી કહી. ધરણે તો કાંઇ જ ન કર્યું પણ ટોપે રાજા આગળ દાદ માગી. રાજાએ સુવદન અને લક્ષ્મીને બોલાવ્યા અને પુછયું 'સુવદન! આ સ્ત્રી કોની છે?'

'મહારાજ! મારી.'

'હે સ્ત્રિ! તારો પતિ કોણ?'

'મહારાજ! સુવદન'

ધરણને પડખે ઉભો રાખી રાજાએ પુછયું 'સ્ત્રી આ પુરુષ તારો ધણી છે તે વાત સાચીને?'

લક્ષ્મી તીણી આંખ કરી બોલી 'મહારાજ! એ કોણ છે તેને જ હું ઓળખતી નથી.'

રાજા ગરમ થયો અને બોલ્યો 'સુવદન! વહાણમાં ધરણની સોનાની ઇંટો દશ હજાર છે તેને કેમ છૂપાવે છે?'

'મહારાજ! ઇંટો દશ હજાર ખરી પણ તે મારી છે ધરણની નહિં?'

રાજાએ ઇંટો મંગાવી અને સભા સમક્ષ તોડાવી તો દરેકમાં ધરણ ધરણ લખેલ શબ્દ નીકળ્યો.

રાજાએ સુવદનની તમામ મિલ્કત ધરણને સોંપી તેને કાઢી મુકવાનો હુકમ કર્યો પણ ધરણ તેજ વખતે બોલ્યો.

'મહારાજ! સુવદનને જીવતો ન મારો તેને છોડી મુકો.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાએ ધરણનું માન રાખ્યું. સુવદન અને લક્ષ્મીને દેશપાર કર્યાં. પણ ધરણે દયા લાવી જતાં જતાં સુવદનને આઠ લક્ષ સુવર્ણ આપ્યું.

(૮)

ધરણ માકંદીમાં આવ્યો. હવે તેની બુદ્ધિ પરિપક્વ થઇ હતી તેની પાસે ઋદ્ધિસિદ્ધનો પાર નહોતો. માકંદીના રાજા કામમેઘનો ધરણ વિશ્વાસનીય બન્યો હતો પણ ધરણને કોઈ વાતમાં રસ નહોતો, માતપિતાએ ધરણને લક્ષ્મીના સમાચાર પુછયા. " ધરણે કહ્યું પિતાજી! લક્ષ્મી હું સાથે લાવ્યો તે શું ઓછી છે તો આપ ફરી બીજી લક્ષ્મીને સંભાળો છો?"

પિતાએ કહ્યું 'ભાઇ! આ લક્ષ્મી પણ ગૃહિણી લક્ષ્મીથી શોભે ?'

પિતા! ગૃહિણી લક્ષ્મીએ મને જીવતો મારવામાં કમીના ન રાખી પણ આપ વડીલોના આશીર્વાદે હું બચ્યો છું. આ પ્રમાણે કહી ધરણે પોતાની આપવિતી કહી.

પિતાએ ધરણને ફરી પરણવા ખુબ આગ્રહ કર્યો પણ ધરણને હવે સ્ત્રી જાત પ્રત્યે મોહ રહ્યો ન હતો.

થોડા જ વખતમાં ત્યાં **અર્હદત્ત** નામના મહામુનિ પધાર્યા. સંસારથી ત્રાસેલ ધરણને તેમની વાણી મીઠી લાગી અને તે યાચકોને છૂટે હાથે દાન આપી. મહાકષ્ટે ઉપાર્જન કરેલ લક્ષ્મીને તૃણવત્ છોડી સંયમી બન્યો. પરિણત ધરણ મુનિ થોડાજ વખતમાં ખુબ ખુબ તપ ત્યાગમાં આગળ વધ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૯)

સંધ્યાએ આકાશમાં રક્તતા છાઈ હતી. પક્ષીઓ કલ્લોલ કરતાં માળામાં પાછાં ફરતાં હતાં તામ્રલિપ્તી નગરીના ઉદ્યાનમાં એક મુનિ કાઉસ્સગ્ગ ધ્યાને સ્થિર ઉભા હતા. તેમની સામે એક સ્ત્રી 'બચાવો બચાવો' કરતી બુમો મારતી હતી. થોડી વારે રાજ્યના પહેરેગીરો આવ્યા અને બોલ્યા 'કેમ પોકાર કરે છે?' સ્ત્રી સાધુ સામે હાથ ધરી બોલી.

'આ ઢોંગીએ મારાં ઘરેણાં લુંટી લીધાં છે અને તમને આવતા દેખી કાઉસ્સગ્ગથી ઢોંગ કરી ઉભો રહ્યો છે?'

'સાધુ? સાચું બોલ તું કોણ છે? અને કેમ દાગીના લઇ ઉભો છે' પહેરેગીરોએ ઢંઢોળી મુનિને પુછ્યું.

મુનિએ કાંઈ જવાબ ન આપ્યો તેથી તે રોષે ભરાયા અને રાજા પાસે લઈ ગયા. તામ્રલિપ્તીના રાજાએ સીધો હુકમ છોડયો કે સાધુ જવાબ ન આપતો હોય તો તેને ફાંસીએ લટકાવી મારી નાંખો.

મુનિને નગરમાં ફેરવ્યા અને થોડીજ વારે શૂળીના પાટીએ ઉભા રાખ્યા. ચંડાળો મુનિ વિંધાઇ હેઠા પડે તેને લેવા ઉભા ત્યાં તો આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ થઈ અને આકાશવાણી ગર્જી 'આ ધરણ મુનિ નિર્દોષ છે. તે નિર્દોષને ન હણો.' રાજા દોડતો આવ્યો મુનિને પગે લાગ્યો. પણ મુનિ તો મૌન હતા.

ધરણ મુનિ દીક્ષા બાદ વિહાર કરતા તામ્રલિપ્તીમાં પધાર્યા અને ઉદ્યાનમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા આ તરફ વનમાં



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રખડતી લક્ષ્મી ફરી સુવદનને મળી અને તે તેની સાથે ઘર કરી તામ્રલિપ્તીમાં રહી હતી. ધરણમુનિને જોઇ તેને વેર લેવાનું મન થયું. તેણે પોતાના હાથે શરીરે ઉજરડા ભર્યા અને ઘરેણાનાં કકડા કરી મુનિ આગળ મુકી 'બચાવો બચાવો'-ની તે બુમો પાડી. પણ સત્યની સાક્ષીભૂત વનદેવીએ મુનિને સત્ય જાહેર કરી બચાવી લીધા.

આ પછી પહેરેગીરોએ આ લક્ષ્મીને શોધવા પ્રયત્ન કર્યો પણ તે કયાંય ન મળી. કેમકે તે કયાંક નાસી ગઈ હતી પણ પાપીને સંઘરનાર સુવદનને પહેરેગીરો પકડી લાવ્યા. સુવદને પોતાની અને લક્ષ્મીની બધી સાચે સાચી આપવીતી રાજાને કહી.

આ પછી સુવદન પણ કંટાળી સાધુ થયો.

ધરણમુનિ નિરતિચાર ચારિત્ર પાળી અનેકને તારી આરણ દેવલોકમાં દેવ થયા. અને લક્ષ્મી રઝળતી રખડતી કુશસ્થળના યજ્ઞ વાટક પાસેના જંગલમાં રોગોથી પીડા પામતી વાઘથી ચીરાઇ મૃત્યુ પામી પાંચમી નરકે ગઈ.

આમ ગુણસેન રાજકુમારનો જીવ ઉત્તરોત્તર વિકાસ સાધતો આગળ ને આગળ દેવગતિમાં જતો ગયો અને અગ્નિશર્માનો જીવ વૈરમાં ધુંધવાતો બીજા ભવમાં પુત્ર. ત્રીજા ભવમાં માતા. ચોથા ભવમાં સ્ત્રી પાંચમા ભવમાં ભાઈ અને છઠ્ઠા ભવમાં ફરી સ્ત્રી રૂપે જન્મી વૈર નિર્યાતન કરતો ઉંડીને ઉંડી નરકમાં ધકેલાતો ગયો.

( સમરાદિત્ય કેવલિ ચરિત્ર )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



'તેણે પોતાના હાથે શરીરે ઉઝરડા ભર્યા અને ઘરેણાંના કકડા કરી મુનિ આગળ મુકી બચાવો બચાવોની બૂમો પાડી.'

મેઘરાજ પુસ્તક ભંડારના સૌજન્યથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૭૬

# પ્રિય મેલક વૃક્ષ

## યાને

# સેન અને વિષેણુ (સાતમો ભવ)

(૧)

**સેન** અને વિષેણુ એ બે સગા કાકાના છોકરા ભાઇ થતા હતા. **ચંપાપુરીના** રાજા **અમરસેન** અને તેની સ્ત્રી **જયસુંદરીનો** પુત્ર તે **સેનકુમાર** અને અમરસેનના નાના ભાઈ હરિષેણુ અને તેની સ્ત્રી **હરિપ્રભાનો** પુત્ર વિષેણુ થાય.

અમરસેન રાજા હતા અને હરિષેણુ યુવરાજ હતો. બન્ને ભાઇઓનો પ્રેમ એટલે જાણે વાસુદેવ અને બળદેવનો પ્રેમ.

એક વાર ચંપાનગરીના ઉદ્યાનમાં **સોમા** સાધ્વી પધાર્યાં. સાધ્વીએ ઉદ્યાનના ફૂલો કરતાં પણ તેમની ચારિત્રની સૌરભથી ઉદ્યાનને ખૂબ સુગંધિત કર્યું હતું. રાજા અમરસેન નાના ભાઈ હરિષેણુ અને વિષેણુ બાળકુંવરોને સાથે તેમની દેશના સાંભળવા ગયો. દેશના સાંભળતાં જ અમરસેનને વૈરાગ્ય જાગ્યો અને તેણે હરિષેણુને રાજ્ય અને પોતાના પુત્ર સેનને સોંપી દીક્ષા લીધી.

(૨)

હવે હરિષેણુ રાજા થયો. તેને મન તો સેન અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિષેણ બે સરખા હતા. પણ વિષેણ હંમેશાં સેન ઉપર દ્વેષ કરવા લાગ્યો. તે મનમાં માનતો કે પિતા પછી રાજ્યનો વારો જ્યાંસુધી આ સેન હશે ત્યાં સુધી મારો નહિ આવે તેથી તે તેનું કાસળ કાઢવાને હરહંમેશ તે મથતો. પણ રાજ્યનો વૃદ્ધ મંત્રી સેનકુમારની પુરી કાળજી રાખતો હતો અને હર વખતે તેનો ખરે સમયે સારો બચાવ કરતો હતો.

સેન વિષેણ ઉંમરે મોટા થયા. સાથે સાથે સેન ગુણે વધ્યો અને વિષેણ દુર્ગુણે વધ્યો.

(૩)

આમ્રફળ ! રાજ્યના ઉદ્યાનમાં આજે અચાનક કેમ વૃક્ષો ફળ્યાં ? અને ઉદ્યાનમાં અકુદરતી આટલો બધો કેમ ફેરફાર થયો? વૃદ્ધ મંત્રીએ આમ્રફળ નામના એક જ્યોતિષીને પુછયું.

" મંત્રિવર ! આ ફેરફાર એમ સૂચવે છે, થોડાજ સમયમાં ચંપામાં રાજ્યક્રાંતિ થશે, રાજા બદલાશે, શત્રુ રાજાનું વર્ચસ્વ જામશે પણ તે બહુ ઝાઝો વખત નહિ ટકે. " ગણક વધુ વિગત કહે તે પહેલાં તો ત્યાં એક રાજપુરુષ આવ્યો અને બોલ્યો, ' મંત્રિવર ! રાજા આપને તુર્ત દરબારમાં બોલાવે છે. મંત્રીએ રાજપુરુષને કહ્યું, 'તું જા, હું તુર્ત આવું છું.

મંત્રીએ ઉઠતાં ઉઠતાં ગણક આમ્રફળને કહ્યું, 'નિમિત્તક ! રાજાનું શા માટે તેડું આવ્યું હશે ? '

મંત્રિ ! રાજ્યપુરના રાજા શંખની પુત્રી **શાંતિમતીનું**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રીફળ આવ્યું છે અને શંખે રાજપુરુષ મોકલી હરિષેણ રાજાને કહેવરાવ્યું છે કે, 'તમારા સેન અને વિષેણ એ બે પુત્રોમાંથી તમને જેને માટે ઠીક લાગે તેને માટે આ શ્રીફળ રાખી મને આનંદના સમાચાર આપો. મંત્રિવર! સાથે સાથે હું તમને કહી દઉં કે જે શાંતિમતીને વરશે તે મહા ભાગ્યશાળી હશે અને રાજ્યનો ઉદ્ધાર કરનાર પણ તેજ થશે.'

મંત્રી ગણકની સલાહ ગાંઠે વાળી અને રાજ્યદરબારમાં પહોંચ્યો. વૃદ્ધમંત્રીને આવતા દેખી હરિષેણે ઉભા થઈ તેમનો સત્કાર કર્યો.

મંત્રીને સ્વસ્થ થયા પછી રાજાએ કહ્યું, 'મંત્રિવર! શંખરાજાની પુત્રીનું શ્રીફળ આવ્યું છે. મેં તો મારા મનથી આ માગું સેનકુમાર માટે સ્વીકારવાનું યોગ્ય ધાર્યું છે. પણ તમારો તેમાં શો વિચાર છે?'

'રાજન્! તમે જે ધાર્યું છે તે બરાબર ધાર્યું છે. હું પણ એ જ ઉચિત ધારું છું.' રાજાએ તુર્ત શંખરાજાના સેવક પાસેથી શ્રીફળ લીધું અને સેનકુમાર સાથે વિવાહ કર્યાનો પત્ર લખી આપ્યો.

સમય વીત્યો એટલે આ સેન કુમારનાં શાંતિમતી સાથે ધામધૂમથી લગ્ન પણ થયાં અને તેને લગ્નમાં સારો દાયજો પણ મળ્યો. ચંપામાં સૌને આનંદ થયો, માત્ર વિષેણને જ આ બધું ન રૂચ્યું, તે તો હૃદયમાં સેનકુમાર માટે સળગતો જ રહ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૪)

સેનકુમાર ચંપામાં દોગુંદક દેવની પેઠે શાંતિમતી સાથે વિલાસ કરવા લાગ્યો. વિષેણને આ બધું સહન ન થયું અને તેણે કેટલાક મારાઓ દ્વારા સેનનું કાસળ કાઢવા ઈચ્છયું પણ ભાગ્યશાળી સેનને જોતાં મારાઓના હાથ થંભી ગયા અને તેઓ રોતી શીકલે પાછા આવ્યા.

(૫)

બરાબર બપોરના બે વાગ્યા હતા. સેન કુમાર પોતાના આવાસના આંગણામાં બેઠા બેઠા વિનોદ કરતા હતા. ત્યાં ચાર તાપસ આવ્યા. સેનકુમારે તેમને પ્રણામ કર્યા એટલે તાપસમાંથી એક જણ બોલ્યો, 'રાજકુમાર ! બગીચામાં આવો, અમારે તમારી એક ખાનગી સલાહ લેવી છે.' ભોળો રાજકુમાર ઉભો થયો અને ચાર તાપસો સાથે મહેલના બગીચામાં આવ્યો. એક તાપસ કુમારના સામું મુખ રાખી બેઠો. બીજો પડખે ઉભો અને બાકીના બીજા બે રાજકુમારની પાછળ ઉભા રહ્યા. રાજકુમાર: 'બોલો મહારાજ ! આપને શું પુછવું છે ?' આ કહે ત્યાં તો પાછળથી તરવાર ચમકી અને રાજકુમાર ઉપર એક ઘા પડયો. રાજકુમારે સાવધ થઈ તાપસના હાથમાંથી તલવાર ખેંચી લીધી અને તેણે એકલાએ આ ચારેને જમીન ઉપર ધૂળ ચાટતા કર્યા. આ કોલાહલ થતાં સેવકો દોડી આવ્યા અને તે ચારે તાપસોને પકડી તેમણે હરિષેણ રાજા પાસે હાજર કર્યા.

રાજા રાતો પીળો થઈ ગયો અને બોલ્યો, 'સાચું બોલો તમે કોણ છો, અને શા માટે સેનના આવાસે ગયા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતા ?' તે વધુ ગલ્લાં તલ્લાં કરે તે પહેલાં તો રાજાએ તેમને શિરચ્છેદનો હુકમ ફરમાવ્યો. આ હુકમ સાંભળતાંજ ચારે જણા ધ્રુસકે ધ્રુસકે રોતા બોલ્યા, 'મહારાજ ! અમારો વાંક નથી, કુમાર વિષેણે અમને રાજકુમારનો જીવ લેવા તાપસ વેષે મોકલ્યા હતા.'

રાજા ટટ્ટાર થયો અને એકદમ રાતો પીળો થઈ બોલ્યો : 'ન્યાય સૌનો સરખો. રાજસેવકો વિષેણને પકડો અને મારી સામેજ તેને ગર્દન મારો. તે મારો પુત્ર ભલે રહ્યો પણ તેનો અન્યાય હરગીજ મારાથી સહન નહિ થાય.'

સેનકુમાર ઉભા થયા. કાકાને પગે લાગ્યા અને બોલ્યા: 'કાકાશ્રી ! વિષેણે ગમે તે કર્યું પણ મારૂ અંગ અક્ષત છે. વિષેણ યુવાન અને બાળક છે. ઉતાવળે કરેલી ભૂલ માટે તેને આટલો બધો દંડ ન હોય'

રાજા શાંત પડયા; સભા સેનના ગુણ ગાતી અને વિષેણને તિરસ્કારતી વિસર્જન થઈ. વિષેણ આમ આખા રાજ્યમાં મહા ભયંકર અને નીચ તરીકે વગોવાયો.

(૬)

સેનકુમારનો ઘા રુઝાયો એટલે રાજાએ એ માટે આનંદોત્સવ ઉજવ્યો. આ ઉત્સવમાં આખી ચંપા સેનને આશીર્વાદ આપે છે ત્યાં એકાએક રાજ્યહસ્તિ ગાંડો થયો. તેણે ઘર હાટ ભાંગી ચંપામાં ભારે તોફાન મચાવ્યું. રાજ્યમાંથી હાથીને કાબુમાં લેવા કોઈ તૈયાર થયું નહિ. સેન કુમાર એકલો સામે ગયો. તેણે હાથીને સૌ પ્રથમ ચક્કર ચક્કર ફેરવ્યો અને પછી તેને થકવી તે તેના ઉપર આરૂઢ થઈ તેણે તેને શાંત પાડયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રજા અને હરિષેણુ સેનકુમારના આ કાર્યથી ખૂબ પ્રસન્ન થયા પણ વિષેણુ તો ક્રોધે સળગી ઉઠયો અને બોલ્યો, 'હવે તો સેનને મારે જાતે જ મારવો કોઇને આ કામ ભળાવીએ તો વાત ફૂટે અને વગોવાઇએ ને?'

બીજે દિવસે સેનકુમાર શાંતિમતી સાથે ઉદ્યાનમાં લતાગૃહમાં વિનોદ કરતો હતો ત્યાં વિષેણુ તલવાર સાથે ધસી આવ્યો. ચાલાક સેને ઉભા થઈ તેનો હાથ પકડી તેની તલવાર ખુંચવી લીધી અને પાટુ મારી વિષેણુને દસ ડગલાં દૂર ફેંકયો, ફાલ ચૂકેલા વાંદરાની માફક વિષેણુ છરી લઈ ફરી સામે ધસ્યો તે પણ સેને થપ્પડ લગાવી પડાવી લીધી. રાજસેવકોએ વિષેણુને પકડી લીધો પણ સેને તેને ઠપકો આપી છોડી મુકયો.

કંઈક સ્વસ્થ થયા પછી સેન ઉદ્યાન બહાર આવ્યો અને સેવકોને રજા આપી શાંતિમતીને કહેવા લાગ્યો, 'પ્રિયા! હવે ચંપામાં રહેવું મને ઠીક નથી લાગતું. આપણું ભાગ્ય હશે તો રાજ્ય અને ઋદ્ધિ ઠેર ઠેર મળી રહેશે. અહિં આપણા રહેવાથી વિષેણને દુઃખ થાય છે અને તેને લઇ કોઇ-કવાર હરિષેણુ કાકાને હાથે તેના પુત્રને દુઃખી કરાવવામાં હું કદાચ નિમિત્ત થઇ પડીશ. માટે મારી ઈચ્છા તો અહિંથી દેશાંતર જવાની છે.

શાંતિમતીએ પતિની આ વાતમાં સંમતિ આપી અને બન્નેએ ચંપાનો ત્યાંથી જ સીમાડો છોડયો.

(૭)

સેન અને શાંતિમતીએ આગળ ચાલતાં એક સાર્થને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીઠો. સાર્થનો અધિપતિ સાનુદેવ હતો. તેણે શાંતિમતીને ઓળખી. તે તેને અને સેનને પગે લાગી બોલ્યો કુમાર ! હું રાજ્યપુર નગરનો સાર્થવાહ છું, શાંતિમતી અમારા રાજાની રાજપુત્રી છે. આપ બન્ને કેમ એકાકી નીકળી પડયાં છો ? શું તમને કોઈએ ફુભવ્યાં છે કે કેમ ?

કુમારે સાર્થવાહને પોતાની આપવીતી કહી અને સાર્થ સાથે તેણે પણ તામ્રલિપ્તી નગરીએ જવાનું રાખ્યું.

માર્ગમાં **દંતરકિતકા** નામની અટવી આવી. આ અટવીમાં એક ચોરોની પલ્લી હતી. આથી સાર્થવાહના રક્ષકો સાવધ થઈ ચાલવા લાગ્યા. ત્યાં 'ઉભા રહો' કરતા કેટલાક બુકાનીવાળા માણસોએ પડકાર કર્યો અને સાર્થને લુંટવા માંડયો. કુમારે લુંટારાઓ સાથે યુદ્ધ પોકાર્યું અને લુંટારાના આગેવાનને ઘાયલ કર્યો.

આ પછી તુર્તજ સેનકુમારને દયા આવી અને પાણી છાંટી તે લુંટારાના આગેવાનને તે પવન નાંખવા માંડયો. લુંટારો શુદ્ધિમાં આવ્યો ત્યારે તે કુમારની આ સજ્જનતા જોઈ આશ્ચર્ય પામ્યો. તેણે લુટેલું ધન સાર્થને પાછું સોંપ્યું અને કુમારને એક આશ્ચર્યઘટક ત્રિશૂળ આપ્યું. આ ત્રિશૂળ ઘા આગળ ધરવામાં આવે તો તે ગમે તેવા ઘાને રુઝાવી નાંખતું.

આ તોફાન શાંત થયા બાદ સેનકુમારને શાંતિમતી સાંભળી તો ત્યાં તે ન દેખાઇ. સાર્થના અને ભિલ્લના માણસોએ ચારે બાજુ તપાસ કરી તો શાંતિમતીનો કોઇ જગ્યાએ પત્તો ન લાગ્યો. કુમાર ખુબ નિરાશ વદને પલ્લીપતિના સ્થાને આવ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુમારને હજી જીવનમાં ઘણી કસોટી વેઠવાની હતી તેથી તે જ રાતે પલ્લીપતિ ઉપર વિશ્વપુરના સૈનિકો ધસી આવ્યા. કુમારે અને પલ્લીપતિએ તેમાં ઘણું પરાક્રમ ફોરવ્યું છતાં તે પકડાઈ ગયા અને વિશ્વપુરના રાજવી સમક્ષ ગુન્હેગાર તરીકે રજુ થયા.

(૮)

વિશ્વપુરનો રાજા સમરકેતુ રાજ્ય સિંહાસન ઉપર બેઠો હતો. સામે પલ્લીપતિ અને રાજકુમારને બાંધી ઉભા કરવામાં આવ્યા હતા. ત્યાં **સાનુદેવ** સાર્થવાહ અચાનક કિંમતી ભેટણાં લઇ આવ્યો અને સેનકુમારને જોતાં તે મૂર્છા ખાઈ પડયો.

સમરકેતુએ મૂર્છા વળ્યા બાદ સાનુદેવ સાર્થવાહને મૂર્છાનું કારણ પુછયું એટલે તે બોલ્યો 'મહારાજ! આ કુમાર ચોર કે લુંટારો નથી પણ ચંપાના રાજવીનો યુવરાજ સેનકુમાર છે. એ અદ્દભૂત પરાક્રમી અને મહા ઉપકારી છે? આ પછી તેણે તેનું વર્ણન આરંભથી તે શાંતિમતી છૂટી પડયા સુધીનો બધો વૃત્તાન્ત કહ્યો.

સમરકેતુએ બન્નેને છૂટા કર્યા એટલું જ નહિ પણ થોડા વખતમાં તો તે સમરકેતુ સેનકુમારનો પરમ મિત્ર થઈ ગયો. તેણે સાર્થપતિ અને પલ્લીપતિને રજા આપી પણ કુમારને તો તે પોતાની પાસે જ રાખવા લાગ્યો.

સેનકુમારને અહિ કોઇ દુઃખ ન હતું પણ શાંતિમતીનો વિરહ તેના કાળજાને કોરી ખાતો હતો, તેવામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક ધન્ય પળે **સોમસૂર** નામના એક પુરૂષે સેનકુમારને કહ્યું, 'પ્રિય મેળક તીર્થે તમને શાંતિમતી મળશે અને તે હાલ તેની પાસેના ઋષિઆશ્રમમાં છે, મેં તેને બરાબર જોઈ છે.'

(૯)

પલ્લીપતિ સાથે સેનકુમારનું યુદ્ધ થતાં શાંતિમતી નાથ ! નાથ ! કરતી પાછળ દોડી પણ તે વખતે સાનુદેવ સાર્થવાહ કે બીજું કોઇ ધ્યાન ન રાખી શકયું તેથી તે જંગલમાં ભૂલી પડી.

શાંતિમતી ઝાડે ઝાડે ફરી અને રોતે અવાજે સેનકુમારના પક્ષિઓને ખબર પુછયા પણ બધેથી ઉત્તર નહિ મળતાં ગળે ફાંસો ખાઇ એક ઝાડે લટકી. શાંતિમતીનું ભાગ્ય જોર કરતું હોવાથી ફાંસો તૂટી ગયો અને તે જમીન ઉપર પટકાણી. થોડી વારમાં ત્યાં એક ઋષિપુત્ર આવ્યો અને તેણે તે બાળાને પાણી છાંટી આશ્વાસન આપી, આશ્રમે લઇ આવ્યો. શાંતિમતી શકુંતલાની પેઠે આશ્રમના વૃક્ષોને પાણી પાતી પોતાનો દુઃખનો કાળ નિર્ગમવા લાગી.

વખત વીત્યો અને એકવાર પ્રિય મેલક વૃક્ષ નીચે બેઠેલી શાંતિમતીનું ડાબુ અંગ સ્ફુરવા લાગ્યું. શાંતિમતીએ માન્યું કે આજે પ્રિયનો મેળાપ થશે તેણે જ્યાં સામે નજર નાંખી તો સેનકુમાર અને પલ્લિપતિને દેખ્યા. બન્નેની દૃષ્ટિ એકમેક થતાં બન્નેની આંખમાં એક સાથે સ્નેહનાં અશ્રુ વહ્યાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જોત જોતામાં તપોવનમાં વાત પ્રસરી કુલપતિએ અને તપસ્વીઓએ શાંતિમતી અને સેનને આશીર્વાદ આપ્યા. અહિં પ્રિયમેલક વૃક્ષની અધિષ્ઠાત્રી દેવી પાસેથી સેનકુમારને **આરોગ્યરત્ન** સાંપડયું.

આ પછી શાંતિમતી અને સેનકુમાર વિશ્વપુર નગરમાં પાછાં ફર્યાં.

(૧૦)

વિશ્વપુરના રાજા સમરકેતુ અચાનક કોઈ મહા રોગની પીડાથી શય્યામાં આમથી તેમ તે આળોટે છે. વૈદ્યોએ અને ભુવાઓએ તેના ઘણા પ્રતિકાર કર્યા પણ તેમને કાંઈ ફાયદો ન થયો.

શાંતિમતી બોલી : 'આર્યપુત્ર! આરોગ્યરત્નને અજમાવી જુવો તો ખરા કે તે રાજાનો રોગ મટાડે છે કે નહિ?'

સેનકુમારે આરોગ્યરત્નના પાણીથી રાજાને નવરાવ્યો એટલે તે તુર્ત સમરકેતુ રોગરહિત થયો.

રાજાને મન હવે સેનકુમાર પ્રાણદાતા હતો. તે તેને ઘડીએ અળગો મુકતો ન હતો. તેણે તેની પાસેથી વચન પણ માગી લીધું હતું કે 'કુમાર! તમે કહેશો તે હું કરીશ પણ તમારે મારાથી જુદા નહિ પડવાનું.'

સેનકુમારે કહ્યું 'રાજન્! મારે કોઇ હવે મહત્ત્વાકાંક્ષા નથી કે મારે સ્થળાંતર કરવું પડે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૧૧)

'મંત્રીપુત્ર! પૂજ્ય પિતા હરિષેણ અને વિષેણ કુશળ તો છે ને? ચંપાના નગરવાસીઓ બધી રીતે સુખી છે ને?' સેનકુમારે ચંપાથી આવેલ મંત્રી પુત્ર **અમરગુરુને** પુછયું.

'કુમાર! તમારે સુખ દુઃખની શી પડી છે?' તમારા ગયા પછી હરિષેણ રાજાએ તમારી ખુબ તપાસ કરી. તમારો પત્તો ન લાગ્યો એટલે રાજાને રાજ્ય અકારૂં લાગ્યું અને તેથી તેમણે રાજ્ય છોડી સંયમ લીધું.

'પિતાએ વૃદ્ધ અવસ્થામાં સંયમ સ્વીકાર્યું તે યોગ્ય જ કર્યું છે!' તેણે કહ્યું.

પણ હવે ચંપાનું સિંહાસન વિષેણે સંભાળ્યું છે ને?

" હા, વિષેણ રાજ્યગાદી ઉપર આવ્યો પણ તે પ્રજાનો પ્રેમ જીતી શકયો નહિ તેમ તે પુરૂષાર્થી પણ ન નીવડયો, થોડા જ વખતમાં **મુકતપીઠ નામના** રાજાએ ચંપાને ઘેરો ઘાલ્યો અને ચંપા શત્રુના હાથમાં ગઈ."

'મંત્રીપુત્ર! શું બોલે છે? ચંપાના રાજાના સેન અને વિષેણ જેવા બે પુત્રો છતાં ચંપાની ગાદી શત્રુએ લીધી!'

" હા રાજકુમાર! અને હું તેની રક્ષાની ભીખ માટે જ તમારી પાસે આવ્યો છું."

' વિષેણ કયાં ગયો? '

" રાજકુમાર! તે કાયર બની કયાંક નાસી છૂટયો ચંપાનગરીની પ્રજા આજે સાવ અનાથ છે."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સેનનું લોહી ગરમ થયું, તે બોલ્યોઃ 'મારા છતાં ચંપાનગરી અનાથ !' તેણે તલવાર ઉપર હાથ મુક્યો અને લડવા તડપાપડ બન્યો. સેનકુમાર વિશ્વપુરના રાજાનું સમૃદ્ધ સૈન્ય લઇ ચંપાના દ્વારે આવ્યો અને મુક્તપીઠને કહેવરાવ્યું 'રાજા ! ચંપાને છોડી ચાલ્યો જા. ચંપાનાઅધીશ્વરનો પુત્ર હજી જીવે છે અને તે જીવતો હશે ત્યાં સુધી ચંપા પરાધીન નહિ બને !'

મુક્તપીઠે કહેવરાવ્યું કે કુમારને કહેજો કે 'વીરભોગ્યા વસુંધરા' મેં પૃથ્વીને પરાક્રમથી લીધી છે અને તે તમારે જોઇએ તો પરાક્રમથી પાછી વાળો.'

યુદ્ધની નોબતો ગડગડી. જોતજોતામાં પ્રલયની પેઠે બન્ને સૈન્યો સામસામાં બાટકયાં. મુક્તપીઠ જાતે યુદ્ધમાં ઉતર્યો. સેને તેને એક જ તલવારના ઘાએ પૃથ્વી ઉપર પટકયો અને તે પટકાતાં શત્રુ સૈન્ય ભાંગ્યું. મુક્તપીઠ પકડાયો.

ચંપાની પ્રજાએ સેનકુમારનું સ્વાગત કર્યું. ઠેર ઠેર તેને આશીર્વાદ અપાયા. લોકોએ રાજ્યનું સુકાન સંભાળવાનું સેનને કહ્યું પણ સેને જવાબ આપ્યો. મારે રાજ્યધુરા ન ખપે. રાજ્ય તો વિષેણને જ સોંપો.

સેવકોએ વિષેણને ફરી રાજ્યારુઢ થઇ ચંપાનું શાસન કરવા વિજ્ઞપ્તિ કરી પણ તે તો ક્રોધથી ધમધમતો બોલ્યો 'મારે સેનની દયા ઉપર જીવવું નથી. મારે સેનનું આપેલું રાજ્ય ન ખપે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ ભાંજગડનો અંત આવે તે પહેલાં તો ઉદ્યાન-પાલકે હરિષેણ આચાર્ય મહારાજ ઉદ્યાનમાં પધાર્યા છે તેવા સમાચાર આપ્યા.

સેનકુમાર પરિજન અને પ્રજા સાથે વંદન માટે ગયો. ગુરૂનો ઉપદેશ સાંભળી તેણે ચંપાની ગાદી ઉપર પોતાના શાંતિમતીના પુત્ર **અમરસેનને** સ્થાપિત કર્યો અને પોતે છૂટે હાથે દાન આપી પિતાતુલ્ય કાકા હરિષેણઆચાર્ય પાસે અમરગુરૂ વિગેરે મંત્રી પુત્રો સહિત સંયમ લીધું.

(૧૨)

રાત્રિ અંધારી હતી, ગાઢ જંગલ હતું. નીરવ શાંતિ હતી. તે વખતે એક પુરૂષ લપાતો લપાતો હાથમાં તલ-વાર લઈ ઉંડો ઉંડો ઉદ્યાનમાં જતો હતો. થોડુંક ચાલ્યો ત્યાં તેની નજર કાઉસ્સગ્ગ ધ્યાને બેઠેલા મુનિ ઉપર પડી તે બોલ્યો 'આજ દુષ્ટ સેનને ? કે જેણે મને આજસુધી સુખે જીવવા નથી દીધો. પિતા પાસે હલકો તેણે ચિતર્યો. પ્રજાનો મારી સામે અણગમો તેણે કરાવ્યો અને રાજ્યભ્રષ્ટ પણ મને તેણે જ કર્યો છે. બે ડગલાં પાછો ફરી તેણે તરવાર ઉગામી પણ તરવાર મુનિ ઉપર ન પડી. વિષેણનો હાથ આકાશમાં જ થંભી ગયો અને દેવવાણી થઈ 'મૂર્ખ ! તને તારો દોષ યાદ આવતો નથી અને તું નિર્દોષ મુનિને હણવા આવ્યો છે. હું આ ક્ષેત્રની અધિષ્ઠાતા દેવી છું. ખબરદાર ! ફરી આવ્યો છે તો.' દેવીએ તેને ઉપાડી દૂર ફેંક્યો.

સેનમુનિ આત્મરમણ કરતા કોલ્લાકસંનિવેશના ઉદ્યા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નમાં ધ્યાનસ્થ બેઠા હતા. વિષેણ તેમનાં છિદ્ર શોધતો શોધતો અહિં તલવાર સાથે આવ્યો અને તલવારનો ઘા કરવા જતાં દેવીએ તેને અહિં થોભાવ્યો હતો અને ઉપાડી તેને દૂર ફેંક્યો હતો.

થોડીજ વારે એક ભીલોનું ટોળું આવ્યું અને તે વિષેણને ઉપાડી ગયું. ભિલ્લોના હાથે ઘણી કદર્થના પામતો વિષેણ અટવીમાં અનાથરીતે મૃત્યુ પામી છઠ્ઠી નરકના ઉંડા ગર્ત્તામાં ધકેલાયો.

સેનમુનિએ આ પછી તપ ધ્યાનમાં આગળ વધી જિનકલ્પની તુલના કરી અણસણ સ્વીકાર્યું અને તે નવમા ગ્રૈવેયકે સિધાવ્યા.

એક આત્મા ઉત્તરોત્તર પ્રગતિને પંથે વધ્યો અને બીજો તેવી જ રીતે અવનતિના ગર્ત્તામાં ઉંડે ઉંડે ખુંચ્યો. સેનનો જીવ તે પ્રથમ ભવના ગુણસેન રાજકુમારનો જીવ છે. અને વિષેણનો જીવ તે ક્રોધમાં ધમધમતા અગ્નિશર્મા તાપસનો જીવ છે.

(સમરાદિત્ય કેવલિ ચરિત્ર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



તલવારનો ઘા કરવા જતાં દેવીએ તેને અહિં થોભાવ્યો હતો.

મેઘરાજ પુસ્તક ભંડારના સૌજન્યથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૭

# ઋતુના રંગ
યાને
## ગુણચંદ્ર અને વાનમંતર વિદ્યાધર (આઠમો ભવ)

(૧)

સમતામાં આગળ વધતો ગુણસેનનો જીવ **ગુણચંદ્ર** કુમાર થાય છે અને અગ્નિશર્માનો જીવ ક્રોધથી ધમધમતો આ આઠમા ભવમાં **વાનમંતર** વિદ્યાધર થાય છે.

(૨)

**ગુણચંદ્ર** કુમાર **અયોધ્યાના** રાજા **મૈત્રીબળ** અને રાણી **પદ્માવતીનો** એકનો એક પુત્ર હતો.

ગુણચંદ્રકુમારે ગુણો મેળવ્યા અને ચંદ્ર જેવી સ્વભાવમાં શીતળતા પણ મેળવી હતી.

કુમાર પંદર વર્ષનો હશે તે વખતે પોતાના સમાન ઉંમરના મિત્રો સાથે અયોધ્યાના ઉદ્યાનમાં ક્રીડા કરતો હતો ત્યાં એક મોટો ગેબી અવાજ આવ્યો. ગુણચંદ્રકુમાર આ અવાજ સાંભળી સ્થિર થયો; પણ તેના મિત્રો તો દશે દિશાએ નાસવા માંડયા

થોડી જ વારે તે ઉદ્યાનમાં રહેલ એક મહાકાય સુવર્ણ વૃક્ષ પડયું અને સાથેજ એક મહાકાય માનવ તેને ઉપાડી ગુણચંદ્રકુમાર સામે ધસ્યો. આ માણસ વૃક્ષનો ઘા કુમાર ઉપર કરે તે પહેલાં તો કોઈ તેજસ્વી પુરૂષ આ રાક્ષસ જેવા માણસ સામે ધસ્યો અને તેને નસાડી મુકયો.

આ બધી ઘટના એટલી બધી ત્વરિત બની કે ગુણચંદ્ર તેના સંબંધી બહુ વિચાર ન કરી શકયો.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુવર્ણ વૃક્ષ ઉપાડી કુમાર સામે ધસનાર માનવ તે અગ્નિશર્માનો જીવ ભવોભવ રખડતો **વાનમંતર** વિદ્યાધર થયો હતો તે હતો. આ વિદ્યાધર અયોધ્યાના ઉદ્યાન પરથી પસાર થતો હતો તે વખતે તેની નજર અચાનક ગુણચંદ્ર ઉપર પડી. ગુણચંદ્રને દેખતાં જ તેને તે પોતાનો પૂર્વભવનો વૈરી જણાયો અને તે વેર વાળવા ઝાડ ઉપાડી કુમાર તરફ દોડયો પણ એજ વખતે ઉદ્યાનના યક્ષે તેની સામે ધસી તેને ભગાડી મુકયો. સાચું જ કહ્યું છે કે જેનું ભાગ્ય તપતું હોય તેનું વિદ્યાધર કે દેવ પણ કાંઈ ખરાબ કરી શકતો નથી.

(૩)

એક વખત અયોધ્યામાં શંખપુર નગરથી **ચિત્રમતિ** અને **ચિત્રભૂષણ** નામના બે ચિત્રકારો આવ્યા. નગરની શોભા રચના અને લોકોની સમૃદ્ધિ જોતા તે ફરતા ફરતા રાજમહેલે આવ્યા. દ્વારપાળે રજા આપી એટલે તે બન્ને ચિત્રકારો ગુણચંદ્રકુમાર પાસે હાજર થયા. અને બોલ્યા 'કુમાર અમે સાંભળ્યું છે કે આપ સુંદર ચિત્ર દોરી શકો છો અને સારા ખોટા ચિત્રની પરીક્ષા પણ સારી રીતે કરી શકો છો.' એક છબી એમણે રાજકુમારના હાથમાં આપી અને પછી તે બોલ્યા 'રાજકુમાર! અમે આ એક સામાન્ય ચિત્ર ચિતર્યું છે. આમાં આપને કાંઈ દોષ લાગે છે?' રાજકુમાર ચિત્ર જોતાં ચિત્રવત બની ગયો. થોડી વારે સ્વસ્થ થઈ બોલ્યોઃ 'ચિત્રકારો આ ચિત્ર કોનું છે? ચિત્ર ખૂબ સુંદર છે. તેમાં કાંઈ દોષ મને જણાતો નથી.'

ચિત્રકારોએ કહ્યું, 'કુમાર! શંખપુરના રાજા **શંખા-**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચન અને રાણી **કાંતિમતી**ની પુત્રી **રત્નવતી**નું આ ચિત્ર છે. રત્નવતી યુવાવસ્થામાં પ્રવેશતાં રાજાએ અમને વિવિધ દેશના રાજકુમારોના ચિત્ર લેવા મોકલ્યા છે. અમે ઉત્તમ રાજકુમાર તરીકે આપનું નામ સાંભળી અહીં આવ્યા છીએ અને અમે સાંભળ્યા કરતાં પણ આપને અધિક જોયા છે.'

કુમારે આ પછી પોતાના હાથે દોરેલ ચિત્રો પૈકી વિદ્યાધર યુગલનું એક ચિત્ર ચિત્રકારોને આપ્યું. ચિત્રકારોએ ચિત્ર નિરખી માથું ધુણાવ્યું અને બોલ્યા: 'શું ચિત્રમાં આબેહુબ ભાવ આણ્યો છે!'

ચિત્રકારો હજુ બેઠયા હતા ત્યાં થોડી વારે બે ગાયક આવ્યા અને બોલ્યા, 'કુમાર! અમારા ગાયનમાં કોઈ આપને દોષ લાગે છે ખરો!'

કુમારે દોષોને બતાવી પૃથક્કરણ કર્યું. ચિત્રકારો આ જોઇ બોલી ઉઠયા 'કુમાર! શું બધી કળામાં એક સરખા નિપુણ છે.'

ચિત્રકાર અને ગાયક તો ગયા, પણ કુમારનું ચિત્ત રત્નવતીથી ન ખસ્યું. તેણે ફરી રત્નવતીનું ચિત્ર દોર્યું અને તેને જોતાં કુમાર કામ વિહ્વળ બન્યો.

(૪)

રત્નવતીએ ચિત્રગતિ અને ચિત્રભૂષણ નામના પોતાના ચિત્રકારોએ ચિતરેલ ગુણચંદ્રકુમારની છબી જોઇ. છબી જોઇને તે પણ તેમાં મુગ્ધ બની. સખીએ રાજમાતાને ખબર આપી કે રત્નવતીનો ઇચ્છિત વર ગુણચંદ્રકુમાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. આ બાજુ અયોધ્યાથી આવેલ ચિત્રકારોએ પણ કહ્યું કે ગુણચંદ્રકુમાર ખરેખર રત્નવતી માટે યોગ્ય છે અને તે પણ તેને જ ઝંખે છે.

સારો દિવસ નક્કી થયો અને તે દીવસે ગુણચંદ્ર કુમાર અને રત્નવતી લગ્નગ્રંથિથી જોડાયાં.

(૫)

ગુણચંદ્રકુમાર અને રત્નવતી વિદ્માનંદ અને વિષયાનંદમાં મસ્ત હતાં ત્યાં અચાનક **વિગ્રહરાજા** અયોધ્યા પર ચડી આવ્યો. ગુણચંદ્રકુમારે યુદ્ધમાં જતા પિતાને રોકી સૈન્યની સરદારી પોતે લીધી.

યુદ્ધ મંડાયું. ગુણચંદ્ર અને વિગ્રહનાં સૈન્ય પરસ્પર બાટકયાં અને અંતે વિહગ્રરાજા ગુણચંદ્રનો કેદી બન્યો. એવામાં આકાશમાંથી પસાર થતા વાનમંતરે ફરી ગુણચંદ્રને દેખ્યો અને તેને ફરી વૈર સ્ફુર્યું. તેણે વિગ્રહને ઉપાડી તેનાં કેદીપણાનાં બંધનો કાપી ગુણચંદ્રના તંબુમાં મુકયો અને પરસ્પર બન્નેનું યુદ્ધ કરાવ્યું પણ તેમાં કુમારનું મહાબળ જોઇ તે વિગ્રહ ચકિત થયો. તેણે પણ ગુણચંદ્રકુમાર પાસે ક્ષમા માગી, દયાળુ ગુણચંદ્રે ક્ષમા આપી આમ બન્નેનો પરસ્પરનો વૈરાગ્નિ શાંત બન્યો.

વાનમંતર વિદ્યાધરની અહિં તો મુરાદ બર ન આવી. આથી વૈર વાળવાનો તેણે એક કુટિલ નુસખો શોધી કાઢયો અને તે એકે અયોધ્યામાં જઈ કુમારના મરણની વાત તેણે ફેલાવી.

(૬)

વિગ્રહ હવે શત્રુ મટી ગુણચંદ્રનો મહેમાન બન્યો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતો. ગુણચંદ્રના આવાસે વિગ્રહ અને ગુણચંદ્ર મિત્રતા-ભરી વાતો કરે છે ત્યાં સેવકે ઉદ્યાનમાં **વિજયધર્મ** આચાર્ય ભગવંત પધાર્યાના સમાચાર આપ્યા.

વિગ્રહ અને ગુણચંદ્ર પરિવાર સાથે **ગુણસંભવ** ઉદ્યાનમાં આવ્યા. આચાર્ય ભગવંતને વાંદી તેમની દેશના સાંભળી તેમણે બન્નેએ શ્રાવકનાં વ્રત ગ્રહણ કર્યાં.

(૭)

અયોધ્યામાં વાનમંતર વિદ્યાધરે ઠેર ઠેર વાત પ્રસારી કે ગુણચંદ્રકુમાર યુદ્ધમાં વિગ્રહના હાથે મરાયો. આથી રાજ્ય દરબારમાં રાજા, રાજમાતા અને પરિજન સૌ શોકાતુર થયાં. રત્નવતી આ શબ્દ સાંભળતાં ધસ દઈને પૃથ્વી ઉપર પડી. પરિજને તેને પાણી છાંટયું એટલે કાંઇક સ્વસ્થ થતાં જ 'હે નાથ! હું તમારા વિના શું કરીશ. મારો આધાર કોણ....હું કયાં જાઉં. શું કરૂં?' બોલતી વિલાપ કરવા લાગી. તેણે નિશ્ચય કર્યો કે મારે હવે જીવવું નકામું છે. જે માર્ગ મારા પતિએ પસંદ કર્યો તે માર્ગ મરણનો મારા માટે પણ હો.' નગર બહાર તેણે ચિતા રચાવી. શુભ્ર વેષ અને શરીરે ચંદન ધારણ કરી રત્નવતી જ્યાં ચિતામાં પડવા જાય છે તે વખતે મૈત્રીબલ રાજા ત્યાં આવ્યા અને પુત્રવધૂને કહેવા લાગ્યા.

'હે પુત્રિ! આત્મઘાત એ ભયંકર છે એક વખત કરેલ આત્મઘાત્ ભવોભવ અનર્થ કરે છે. તું દુનિયાનો મોહ છોડ, પૂજા અને શાંતિકર્મમાં તારા ચિત્તને જોડ અને મળેલ માનવભવનો ધર્મ કરણીથી ઉજ્જવળ કર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુત્રિ આત્મઘાત એ દુઃખનું ઔષધ નથી. તને તારો પતિ જવાથી દુઃખ થયું છે તેમ મને વૃદ્ધાવસ્થામાં પુત્ર જવાથી કાંઈ ઓછું દુઃખ થયું નથી ?'

આથી રત્નવતી ચિતામાં પડતાં અચકાઈ અને તેણે તેનું ચિત્ત ધર્મમાં જોડયું. આ અરસામાં અચાનક ત્યાં **સુસંગતા** સાધ્વી આવ્યા રત્નવતીએ તેમનો પરિચય સાધ્યો. આ સાધ્વીના પરિચય અને ઉપદેશથી રત્નવતી ધીમે ધીમે પરિણત શ્રાવિકા બની.

(૮)

થોડા દીવસ થયા ત્યાં અચાનક વિગ્રહ અને ગુણચંદ્ર કુમાર અયોધ્યા આવ્યા. મૈત્રીબલને બન્નેએ પ્રણામ કર્યા. રાજા કુમારને દેખી ખૂબ આનંદ પામ્યો. નગરમાં ફેલાયેલ ખોટા સમાચાર જોતજોતામાં પલટાઈ ગયા અને ઠેર ઠેર આનંદોત્સવ ઉજવાયો. રત્નવતીના તો આનંદનો પાર જ ન રહ્યો. તેણે માન્યું કે, 'મારો ધર્મ ફળ્યો.' રાજાએ માન્યું કે 'મારી શ્રદ્ધા ફળી.'

કુમાર ! સુસંગતા સાધ્વીને પગે લાગ્યો અને બોલ્યો 'ભગવંત ! આપે રત્નવતીને વૈરાગ્ય માર્ગે વાળી ધર્મમાં સ્થિર કરી તેથી તેને જીવાડી છે અને મને પણ જીવાડયો છે. મારા વિના રત્નવતી આપઘાત કરવા તૈયાર થઈ તેમ રત્નવતી સાચે જ મરી હોત તો હું પણ આત્મઘાત કરી મૃત્યુ પામત.'

આ પછી મૈત્રીબલે દીક્ષા લીધી અને ગુણચંદ્ર રાજા બન્યો. રત્નવતીએ જતે દીવસે એક પુત્રનો જન્મ આપ્યો. આ પુત્રનું નામ ગુણચંદ્રે **ધુતિબલ** પાડયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુણચંદ્રનું રાજ્ય ધર્મ રાજ્ય બન્યું. તેના રાજ્યમાં ઠેર ઠેર નીતિ અને ન્યાયનું પ્રવર્ત્તન થયું.

(૯)

આકાશમાં વાદળાં ઘેરાયાં અને જોતજોતામાં મુસળધાર વરસાદ વરસ્યો. ઠંડો પવન ફૂંકાવા લાગ્યો અને ચારે બાજુ પૃથ્વી લીલીછમ થઇ.

બે માસ વીત્યા અને શરદઋતુ આવી જમીન બફારો મારતી વરાળો કાઢવા માંડી. કાદવ સૂકાયો, રસ્તા ચોકખા થયા. પૃથ્વી વનરાજીથી પચરંગી સાડી પહેરી ફુલના બુટ્ટાઓ લગાવી ફરવા નીકળી હોય તેમ ભાસવા લાગી.

ત્યાં શિયાળાએ પગરણ માંડયા. એટલે ઘરઘરનાં બારણાં સમી સાંજે બંધ થવા માંડયા અને લોકો થરથર ધ્રુજવા લાગ્યા. આ પછી વસંત અને ગ્રીષ્મે પણ તેમના જુદા જુદા પ્રભાવ બતાવ્યા.

આ છ ઋતુના પરાવર્તન ગુણચંદ્રકુમારે ઉદ્યાનમાં નિરખ્યાં અને જીવન પરાવર્તન ભાવ હ્રદયમાં સ્થિર કર્યો. તેણે નક્કી કર્યું કે દુનીયાની કોઈ વસ્તુ સ્થિર નથી. વનરાજી ખીલે છે અને કરમાય છે તેમ માનવો ઉત્પન્ન થાય છે અને મરે છે. ઋદ્ધિ સિદ્ધિ, યૌવન અને સત્તા સૌ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. કોઇનાં કોઈ સ્થિર રહ્યાં નથી.

કુદરતની આ લીલા જોઈ ગુણચંદ્ર કુમારને રાજ્યનો મોહ ટળ્યો. તેણે પોતાની સંયમ લેવાની ઇચ્છા રત્નવતીને જણાવી. રત્નવતીએ પતિની આ ઇચ્છામાં પોતાનો સાથ પુર્યો. તેણે પોતાના પુત્ર ધ્રુતિબલને રાજ્યારુઢ કરી રત્નવતી



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને મિત્રો સાથે ગુણચંદ્રે એક વખતે ત્યાં પધારેલ **વિજયધર્મસૂરિ** પાસે સંયમ ગ્રહણ કર્યું.

(૧૦)

ગુણચંદ્ર રાજર્ષિ વિહાર કરતા કરતા કોલ્લાક સન્નિવેશમાં પધાર્યા. અને કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. અહિં ફરતા ફરતા વાનમંતર વિદ્યાધરે ગુણચંદ્ર મુનિને દેખ્યા તેણે એક મોટી શિલા વિકુર્વી પૂર્વનું વૈર લેવા તેણે તેમના ઉપર ફેંકી પણ તે શિલા મુનિના ધ્યાનને ચલિત ન કરી શકી. બીજી ત્રીજી એમ બે ત્રણ શિલા પણ મુનિના ધ્યાનને ન ચલિત કરી શકી એટલે તેણે ગામ લોકોના ચોરાયેલ માલ મિલ્કતને મુનિ પાસે રાખી તેણે લોકો દ્વારા મુનિ ગુણચંદ્રને ચોર તરીકે જાહેર કરાવ્યા. પહેરેગીરોએ આ વાત રાજાને કરી. રાજા મુનિ પાસે આવ્યો. તેણે તુર્ત મુનિને ઓળખ્યા એટલે તે સ્તુતિ કરી બોલ્યો 'અરે આતો મહાત્મા ગુણચંદ્ર મુનિ મારા પરમ ઉપકારી છે.' તેણે ગામમાં ઢંઢેરો પીટાવ્યો એટલે આખું નગર મુનિના વંદન માટે ઉલટયું. મુનિએ ધર્મોપદેશ આપ્યો. આથી કોઇએ સમકિત તો કોઈએ વ્રત ઉચ્ચર્યાં.

ગુણચંદ્ર મુનિ અંતે પાદપોપગમન અણસણ કરી સર્વાર્થસિદ્ધ વિમાને ગયા. અને વાનમંતર વિદ્યાધર ક્રોધથી ધમધમતો સાતમી નરકે સિધાવ્યો. આમ ગુણસેન કુમારનો જીવ સંસારની ઉંચામાં ઉંચી કક્ષાએ ચડયો અને અગ્નિશર્માનો જીવ નીચામાં નીચી કક્ષાએ ઉતર્યો.

(સમરાદિત્યકેવલિ ચરિત્ર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૭૮

# સમતા અને દ્વેષની પરાકાષ્ઠા
## યાને
# સમરાદિત્ય અને ગિરિસેન (નવમો ભવ)

(૧)

માળવાની **ઉજ્જયિની** એ પ્રસિદ્ધ નગરી છે. આ નગરીમાં સિંહ જેવો પરાક્રમી **પુરૂષસિંહ** રાજા હતો તેને કામને રતિ તેવી **સુંદરી** નામે એક રૂપવાન રાણી હતી.

સંસાર સુખ ભોગવતાં સુંદરીએ એક રાત્રિએ સ્વપ્નમાં સૂર્યને જોયો. એ જ દિવસથી સુંદરી ગર્ભવતી થઇ. અને પુરે માસે પુત્રનો જન્મ આપ્યો. સારા દિવસે રાજા રાણી અને પરિવારે આ પુત્રનું નામ **સમરાદિત્ય** પાડયું.

સમરાદિત્ય બાળપણથી જ ધીર ગંભીર હતો. તેણે વિદ્યાભ્યાસ બહુ જ અલ્પ સમયમાં સારો કર્યો. આમ છતાં તેનું ચિત્ત હંમેશાં ધર્મકળામાંજ વધુ મસ્ત હતું. રાજકુમાર સમરાદિત્યને ભાગ્યેજ હસવું આવતું કે દીલગીરીની છાયા પણ તેના મુખ ઉપર ભાગ્યેજ જોવામાં આવતી. તે કોઈ અગમ અગોચર વિચાર કરતો જ જ્યારે જોઇએ ત્યારે માલમ પડતો.

(૨)

સમરાદિત્યે યૌવનમાં પ્રવેશ કર્યો પણ તેની અલિપ્તતા વિચારમગ્નતા અને પરોપકાર પરાયણતા તેવીને તેવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહી. સ્ત્રીના મુખ સામું કદાચ અજાણે નજર પડે તો પણ તે પોતાની નજર પાછી ખેંચી લેતો, પછી તેની ઈચ્છા તો શાનો જ કરે? પુરૂષસિંહને પુત્રનો આ સ્વભાવ ન ગમ્યો. તેથી તેણે **કામાંકુર, અશોક** અને **લલિતાંગ** નામના ત્રણ મિત્રોના સંગમાં નાંખ્યો. આ ત્રણ મિત્રો કામકળામાં અને કુતુહલમાં ખૂબ કુશળ હતા. તેથી રાજા-ને ખાત્રી હતી કે ગમે તેવો વૈરાગી સમરાદિત્ય થોડા જ વખતમાં કેલિપ્રિય બની કામપ્રિય બનશે.

એક વખત ત્રણ મિત્રો સહિત સમરાદિત્ય બેઠો હતો ત્યાં અશોક બોલ્યો: 'પુરૂષાર્થ ભલે ચાર રહ્યા પણ કામપુરૂષાર્થ વિના નકામું!'

કામાંકુરે કહ્યું 'સાચી વાત. કામશાસ્ત્રનો અભ્યાસ હોય તો જ સ્ત્રીનું સારી રીતે સેવન થાય. અને તેથી શુદ્ધ સંતતિ થતાં ધર્મ વિગેરે થઈ શકે. આથી ધર્મ અને અર્થ બન્નેની સાચી આરાધના સારા સંસાર ઉપર આધાર રાખે છે.

લલિતાંગ બોલ્યો, 'કામશાસ્ત્રની સાધના હોય તોજ ચિત્ત સ્વસ્થ રહે તેથી સારૂં અર્થોપાર્જન થાય અને તે દ્વારા ધર્મકરણી પણ સારી થઇ શકે.'

ત્રણેનો એક મત થતા દેખી સમરાદિત્યે ધીર ગંભીરપણે કહ્યું, 'મિત્રો! વિષયો તો વિષ જેવા છે. કામી માણસમાં વિવેક રહેતો નથી તે સાચા પરમાર્થને જાણી શકતો નથી. તેથીજ લોહી માંસથી ભરેલા મૂખને ચંદ્ર અને કમળ જેવી ઉપમા આપે છે. કામશાસ્ત્રથી-સ્ત્રીના સેવનથી સારી સંતતિ થાય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેવો પણ નિયમ નથી. કોઈ સતી સ્ત્રીઓના છોકરા દુરાચારી અને દુરાચારિણી સ્ત્રીઓના છોકરા સુશીલ થાય છે. ખરી-રીતે કામશાસ્ત્ર એ શાસ્ત્ર જ નથી. શાસ્ત્ર તો એ કહેવાય કે જેનાથી માણસનું પાપથી અને દુર્ગુણથી રક્ષણ થાય. અને આ જો કોઈ હોય તો તે ધર્મશાસ્ત્ર છે.'

અશોકે કહ્યું, 'કુમાર તમારૂં કહેવું સાચું પણ લોક-માર્ગ કામશાસ્ત્રના સેવન વિના થોડો જ ચાલી શકે?'

"લોકમાર્ગ એટલે શું? લોકોનો ક્યાં એક માર્ગ છે. તે તો ભિન્ન ભિન્ન રૂચિના છે. અને જે લોકમાર્ગ અધઃપાતને દોરે તે લોકમાર્ગ ન કહેવાય. જે માર્ગ લોકોને ઉન્નત બનાવે તેજ સાચો લોકમાર્ગ અને આ માર્ગ તે ધર્મમાર્ગ છે."

રાજકુમારની આ યુક્તિ યુક્ત દલીલ સાંભળી. ત્રણે મિત્રો ચૂપ થયા અને તેમને લાગ્યું કે આપણે કુમારને સંસાર તરફ પ્રેરવા આવ્યા હતા પણ ખરેખર આપણી ભૂલ છે. સંસારને પ્રિય માનનાર મૂર્ખ છે. સંસાર આદરણીય નથી જ. કદાચ પુરુષાર્થના અભાવે તેમાં રહેવું પડે તો તેથી આપણી કાયરતા સમજવી જોઈએ.

લલિતાંગ બોલ્યો, 'મિત્ર! અમારે શું કરવું?' સમરાદિત્યે કહ્યું "તમારે કુસંગનો ત્યાગ કરવો, સંત પુરૂષોનો પરિચય કરવો અને સંસારની અનિત્યતા વિચારવી."

ત્રણે મિત્રો સમરાદિત્યના સંબંધથી પોતાને કૃત કૃત્યતા માનતા આવાસે પાછા ફર્યા અને આવો મિત્ર આપણને મળ્યો તેમાં ખરેખર આપણું સદ્ભાગ્ય છે તેમ બોલવા લાગ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૩)

રાજા પુરૂષસિંહે જાણ્યું કે મેં જે ત્રણ મિત્રોને કુમારને-સંસાર તરફ વાળવા મોકલ્યા હતા તે તેને તે તરફ ન વાળી શકયા. ઉલટા સમરાદિત્યની માફક તે છોકરાઓ પણ ધર્મઘેલછાવાળા બની ધર્મ અને નીતિની વાતો કરતા થયા. રાજકુમાર સમરાદિત્ય મારો એકનો એક પુત્ર છે. જો તે આવો સંસારથી વિરક્ત અને ધર્મઘેલો રહેશે તો આ રાજ્ય કેમ ચાલશે. રાજા આ વિચારમાં મગ્ન હતો ત્યાં આગેવાન બે પ્રજાજનો બોલ્યા.

'મહારાજ! વસંતકાપુર બહાર ખીલી છે. નગરના બધા લોકો આજે નગર બહાર વસંતોત્સવ માણવા નીકળી પડયા છે આપ પણ ત્યાં પધારો ને ?'

રાજાએ કુમાર સામે નજર નાંખી કહ્યું 'પુત્ર ! વસંતોત્સવ નિરખવા જાઓ, અને પ્રજાની સાથે આનંદમાં ભાગ લઈ આનંદ માણો.'

કુમારને મન ઉત્સવ અનુત્સવ બધું સરખું હતું પણ પિતાની આજ્ઞા શિરસાવંદ્ય કરનાર કુમાર રથમાં બેઠો. રથ ઉદ્યાનમાં આવ્યો તો કુમારે જોયું કે કેટલાંક સ્ત્રી પુરૂષો નાચતા હતા. તો કેટલાક મોટેથી ગીતો ગાતા ગેલ કરતાં હતા. સૌના મોઢા ઉપર હાસ્ય અને આનંદ હતો. કુમારને આ દશ્ય આનંદ ન ઉપજાવી શકયું તેને તો લાગ્યું કે આ એમ જ સમજતા લાગે છે કે આપણે મરવાનું જ નથી. રથ થોડો આગળ ચાલ્યો ત્યાં કુમારની દૃષ્ટિએ એક માણસ રક્તપિત્તથી છવાયેલો બુમો પાડતો, રડતો, કંપતો અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આંખમાં આંસુ સારતો પડયો હતો. સમરાદિત્યે સેવકોને પુછયું 'આ શા માટે રડે છે ?'

સેવકોએ કહ્યું 'કુમાર તેના શરીરમાં વ્યાધિએ ઘર કર્યું છે તેથી તેની વેદના તે સહી શકતો નથી.

'સેવક! તલવાર લાવ! પ્રજાના માણસને નિરૂપાયે પીડનાર વ્યાધિને હું ઉડાવી દઉં.'

સેવક હસ્યો અને બોલ્યો 'કુમાર! વ્યાધિ એ કોઇ માનવ નથી કે તેને રોકી શકાય. આનું તો સૌ ઉપર સરખું વર્ચસ્વ છે. રાજા કે રંક તે બધાને ઘેરે છે.'

લોકો તરફ ફરી કુમાર ધીર ગંભીર વદને બોલ્યો, શું કહો છો ? લોકો! આવું તમે જાણો છો કે વ્યાધિ સૌને ઘેરે છે છતાં તમે નાચો કુદો છો કેમ ? વ્યાધિથી બચાવનાર ધર્મ છે તે પણ તમે જાણતા હશો છતાં તેને કેમ આદરતા નથી?' લોકોનાં ટોળાંઓ સાચું સાચું કહી માથું ધુણાવ્યું. કુમારે પોતનો રથ આગળ ચલાવ્યો.

થોડેક દૂર તે ગયો ત્યાં એક ડોસો અને ડોસી લાકડી લઇ ધ્રુજતા ધ્રુજતા બોલતા હતા કે 'અમોને વૃદ્ધને સાચવો બચાવો. તે બન્ને આંખે અખમ હતાં, તેમનાં દાંત પડી ગયા હતા, વાળ શ્વેત હતા. હાથ પગ માથું બધું કંપતું હતું. બે ડગ ચાલે ત્યાં રોતાં રોતાં લથડીયાં ખાતાં હતાં.

કુમારે લોકોને પુછયું 'આ બેને કોણ સતાવે છે.' લોકોએ કહ્યું 'કુમાર! જરા જર્જરિત દેહ તેમને પીડે છે. આ જરા ઉપર કોઇનું સામ્રાજ્ય ચાલતું નથી. સમય થાય એટલે સૌને જરા ઘેરે છે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુમાર બોલ્યો શું કહો છો ? તેના ઉપર લોક કે રાજ્ય કોઈની સત્તા નહિ ! તે હમેશાં તદ્દન નિરંકુશ !

લોકોએ કહ્યું 'હા.'

આ જરા આપણને આવશે ખરી.

"કુમાર ! જરૂર આવે. વધુ જીવીએ તો."

'તો પછી આ આનંદોત્સવ શાનો ? જરા ન આવે તેવા ધર્મમાં હર્ષ કેમ નહિ ?'

લોકો ખમચાયા. કુમારે રથ આગળ હાંક્યો ત્યાં લોકોનું ટોળું રોતું રોતું પસાર થયું. ચાર માણસોએ ઠાઠડી ઉપાડી હતી અને કોઈ 'મારા બાપરે' તો કોઈ 'મારા ભાઈરે' કરતું હતું.

કુમારે પુછયું 'આ શું છે ?'

સેવકો બોલ્યા 'મૃત્યુ.'

મૃત્યુ ખરાબ છતાં કેમ કોઈ તેને હદપાર કરતું નથી.

'રાજકુમાર ! મૃત્યુ તો ત્રણે લોકમાં સૌ ઉપર વર્ચસ્વ ભોગવે છે તેણે અબજોના જીવ લીધા છતાં કોઇ દીવસ ધરાતું નથી.'

'મને, અને તમને આ મૃત્યુ પણ ઘેરશે ખરૂં ? અને એક દીવસ આવી રીતે તમારે અને મારે પણ જવું પડશે?'

'કુમાર ! જરૂર ઘેરશે. અને જવું પડશે'

'મૃત્યુ આવશે ત્યારે તમે બધા આમ હસશો ખરા'

'ના ના,' તો ભલા માણસો મૃત્યુ ન આવે તેવો વસંતોત્સવ ઉજવોને અને તે ઉત્સવ તો ધર્મનો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લોકોનું ટોળું ધર્મની જય ધર્મની જય પોકારતું વસંતોત્સવ માણ્યા વિના નગરમાં પાછું ફર્યું અને સૌ બોલ્યા કે 'સાચી વાત છે કે જરા, વ્યાધિ અને મૃત્યુનો ક્ષણે ક્ષણે માથે ભય ગાજી રહ્યો હોય ત્યારે મૂર્ખજ આનંદ માણે. ડાહ્યાએ તો એ ભય ટળે તે માટે સાવધ થવું જોઈએ. આ માટે કુમાર કહે છે તે ધર્મ એજ સાચો ઉપાય છે.'

પુરુષસિંહે લોકોને આનંદોત્સવ માણ્યા વિના પાછા ફર્યાના સમાચાર જાણ્યા એથી તેને ઘડીક તો રોષ થયો પણ બીજી જ ક્ષણે કુમારમાં આખી જનતાને ફેરવવાનું કૌવત દેખી તેને ખૂબ આનંદ થયો.

(૪)

રાજન્! અમે બે **ખડ્કાસેન**ના સેવકો છીએ. અમારા રાજાએ તેમની **વિભ્રમવતી** અને **કામલતા** નામની બે પુત્રીઓ કે જે સમરાદિત્યને પરણવા ઈચ્છે છે તે સ્વયંવરા પુત્રીઓ સાથે આપની પાસે મોકલ્યા છે.

રાજા પુરુષસિંહ ખુશ થયો કેમકે આ બે કન્યાઓની પ્રશંસા તેણે સારી રીતે સાંભળી હતી અને તેને માટે ઘણા દેશના રાજકુમારો તલપાપડ હતા તે પણ તે જાણતો હતો તેથી તે બોલ્યો.

'રાજપુરૂષો! બહુ સારૂ કર્યું. જેવો મારો પુત્ર છે તેવીજ તેને અનુરૂપ કન્યાઓ મળી છે. મંત્રીઓ લગ્નોત્સવની તૈયારી કરો.' રાજાએ સભા બરખાસ્ત કરતા પહેલાં સમરાદિત્યને કહ્યું, 'પુત્ર! આ બે ગુણીયલ કન્યાઓને વરી તમે તમારૂં જીવન પ્રવહણ વહેતું મુકો.'

સમરાદિત્ય સંયમ માટે ખૂબ તલપાપડ હતો તેથી તે વિચારમાં પડયો કે આ બલા કયાં વળગી? અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે એક વખત વળગ્યા પછી કેમ છૂટે ? તેની પરિસ્થિતિ વિકટ થઇ. પિતાએ સ્વીકારેલ વસ્તુને ના કહેવાથી પિતાનું અપમાન થાય તેમ લાગ્યું અને લગ્ન કરે તો આખું જીવન વેડફાતું લાગ્યું. તેને તેણે આજ સુધીના સેવેલા પોતાના આદર્શો ભુક્કા થતા દેખાયા.

પુત્રને વિચારમગ્ન દેખી પુરૂષસિંહ બોલ્યા, 'વત્સ ! બહુ વિચાર ન કર. વડીલો જે કરે તે હિત કરે છે તેમ માન !'

'પિતાજી આપ કહો છો તે ઠીક પણ હું તો સંસારથી વિરક્ત છું. સંસાર તજવા માગું છું. આ કન્યાઓને આપ કહોછો, તો પરણીશ પણ પછી તેમને હું છોડું ત્યારે આપને રખે પશ્ચાતાપ ન થાય ?

"કાલને કોણ જાણે છે? અને આજનો વિચાર કાલ કયાં સ્થિર રહે છે! પુત્ર બધું સારૂ થશે,"

સભા બરખાસ્ત થઇ લગ્નનો મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો. કન્યા, રાજા, પ્રધાનો અને પ્રજાજનોનો હર્ષ માતો નહોતો માત્ર પરણનાર રાજકુંવર અનેક વિચાર પરંપરામાં ગુંચવાયો હતો. તેને જોનાર સૌ સમજતા હતા કે કુમારને બળાત્કારે પરણાવવામાં આવે છે.

લગ્નવિધિ આટોપ્યા બાદ રાજાએ રાણીને કહ્યું 'દેવિ ! આપણી ચિંતા ટળી. આપણને સમરાદિત્ય સંસારમાં પડશે કે નહિ તે મોટો પ્રશ્ન હતો તે આપો આપ ઉકલી ગયો. થોડા દીવસમાં કુમાર ધર્મઘેલછા ભૂલી કામઘેલછામાં પડશે સ્ત્રીના મોહે કોને નથી પાડયા.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમરાદિત્ય અને ગિરિસેન (નવમો ભવ)



' જો તારા જેવા યુવાનને સંસારનો મોહ છૂટયો તો અમારે શા માટે રાખવો.

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

(૫)

બે ઘડી રાત વિતી હતી. ઉજ્જૈનીના રાજકુમારના મ્હેલે દીવાઓ બળતા હતા. બારીના બારણે પુષ્પોનાં તોરણો હતાં. રસ્તેથી પસાર થનારને પણ મ્હેલની સુગંધ બહેકાવતી હતી.

મ્હેલના ઉપલા માળે. રાજકુંવર સમરાદિત્ય પલંગમાં બેઠો હતો. સામે તુર્ત પરણેલ બે ચતુર સ્ત્રી વિભ્રમવતી અને કામકલા બેઠી હતી. બન્નેના શરીરને સોના અને હીરાના દાગીના વધુ પ્રકાશિત કરતા હતા.

કુમાર બોલ્યો. 'સુંદરીઓ! મારા ઉપર તમને ખરેખર અનુરાગ છેને? બન્ને સ્ત્રીઓ હસતી જમીન ખોતરવા લાગી. ફરી કુમારે પુછ્યું.

બોલો સાચો અનુરાગ છે કે દેખાવનો?

'સાચો'

'જો સાચો અનુરાગ હોય તો મારૂં અહિત જેમાં થાય તેમાં તમને પ્રેમ ન હોવો જોઇએ. જુઓ મારી ઇચ્છા સંયમની છે. આ વિષયવાસનાએ તો ઘણાને સંસાર રખડાવ્યો છે અને હું પરણ્યા છતાં તમારી સાથે સંસાર રખડવા માગતો નથી. હું સંસાર તજવા માગુ છું અને તમને તજાવવા માગું છું.'

બન્ને સ્ત્રીઓએ થોડી દલીલ કરી પણ આખરે સમરાદિત્યની દલીલ આગળ ટકી શકી નહિ અને તેમણે પરણ્યાની પ્રથમ રાતે બ્રહ્મચર્યનો નિયમ લીધો અને નક્કી કર્યું કે 'દેવ તમારી જે ગતિ તે અમારી.'

૨૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૬)

"દેવિ ! તેં સાંભળ્યું. કુમારે બન્ને સ્ત્રીઓ સાથે બ્રહ્મચર્યના નિયમ લીધા" રાજા પુરુષસિંહે સુંદરીને કહ્યું.

'હા. કુમાર અજબ વૈરાગી છે. પરણ્યાની પહેલી રાત્રે વિલાસી ચતુર સ્ત્રીઓને પણ તેણે કેવી સમજાવી લીધી."

'દેવી ! આ વૈરાગી પુત્ર થોડો જ રાજ્ય ગ્રહણ કરવાનો છે? અને મારે રાજ્ય ધણી વિનાનું કરી જવા વખત આવશે.' ત્યાં એક દિવ્ય પ્રકાશ થયો અને તેમાંથી એક દેવી પ્રગટ થઈ બોલી.

"રાજા રાણી! ખેદ ન કરો. આવા ભાગ્યશાળી પુત્રથી તો તમે મૃત્યુલોકમાં નહિ પણ ત્રણે લોકમાં પૂજનિક છો. રાણી તમારી કુક્ષિ રત્નકુક્ષિ છે. રાજા તમે કલ્પવૃક્ષ રૂપ છો. સમરાદિત્યની પ્રગતિમાં તમે સહમત થાઓ, તેને અભિનંદો અને આત્મકલ્યાણ કરો. રાજ્ય અને પાટ કોની સાથે આવ્યાં છે ?"

'દેવિ ! આપ કોણ ?'

'હું **સુદર્શના** નામની દેવી છું. તમારા પુત્રના ગુણોથી આકર્ષાઇ અહિં આવી છું.'

દેવી અંતર્ધાન થયાં અને અચાનક સમરાદિત્ય ત્યાં આવી માતા પિતાને પગે લાગ્યો.

રાજા બોલ્યો: "પુત્ર ! તું મહા ગુણીયલ છે, દેવો પણ તારી પ્રશંસા કરે છે. તારા ઉપરનો મોહ અમારો જતો નથી, બાકી તારા સાચા માર્ગને થોડાજ અમે નિંદી શકીએ તેમ છીએ. ?"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'પિતા ! મોહ જ સંસારનું અમોઘ શસ્ત્ર છે. અને તેને જ લઈને પ્રાણીઓ દુઃખી થાય છે. પુત્ર, સ્રી, પત્ની, ધન, વૈભવ સાથે કોઇનાં આવ્યાં નથી અને આવવાનાં પણ નથી છતાં માણસજાત એમ સમજે છે કે મારે આને કોઇ દિવસ છોડવાનાં નથી.'

"પુત્ર ! અમો બન્ને તો વૃદ્ધ થયાં એટલે મોહ છોડશું પણ આ તરત પરણેલી બાળાઓનું શું ?"

"પિતાજી ! ફીકર ન કરશો. તે મારા સારા કાર્યમાં આડે આવવા માગતી નથી."

બન્ને સ્રીઓએ સુંદરી તરફ મુખ રાખી કહ્યું 'અમને હવે સંસારનો મોહ રહ્યો નથી !'

માતા પિતા બન્ને સાથે બોલ્યાં, 'જો તારા જેવા યુવાનને સંસારનો મોહ તુટયો તો અમારે શા માટે રાખવો. પુત્ર ! અને પુત્રવધૂઓ અમે હવે તમારા સન્માર્ગમાં આડા નહિ આવીએ. એટલું જ નહિ અમે પણ તમારી સાથે સન્માર્ગમાં જોડાઇશું.'

સમરાદિત્યના મુખ ઉપર આનંદની લહેર ઝળકી. તે બોલ્યો કે, 'ખરેખર કુટુંબ હોય તો આવું જ કલ્યાણ મિત્ર હોવું જોઇએ કે જે ઉન્નતિના માર્ગમાં મદદરૂપ થાય.'

(૭)

ઉજ્જયિની નગરીના છેડે માતંગોનો વાસ હતો. આ વાસમાં ગ્રંથિક નામે એક માતંગ રહેતો હતો. તેને યક્ષદેવા નામની સ્રી હતી. આ ગ્રંથિકને ત્યાં એક પુત્ર જન્મ્યો. ગ્રંથિકે તેનું નામ **ગિરિસેન** પાડયું. પણ તે કુરૂપ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નો અવતાર એટલે લોકોમાં તે કુરૂપી નામે પ્રસિદ્ધ થયો. આ કુરૂપીનો વર્ણ શ્યામ હતો, મોઢે ચાઠાં હતાં. નાક ચિબું હતું, વાળ વાંકડીયા હતા. આંખો તીણી અને જીણી હતી અને શરીર બેડોળ હતું.

ઉજ્જયિની નગરીના લોકો રાજકુમાર સમરાદિત્યના વખાણ કરતા તે તેનાથી જરાપણ સહન થતું નહિ. તે તેને એક ઢોંગી અને માયાવી સમજતો. તેને ઘણીવાર થતું કે આને મારી નાંખવો જોઇએ પણ શું કરૂં કે રાજકુમાર છે, બીજો હોત તો તો મેં કયારનો ઠાર કર્યો હોત.

સમરાદિત્ય કુમાર તો આને ઓળખતો પણ નથી કે તેમ તેને તેની કાંઈ પડી પણ નથી છતાં કુરૂપી સમરાદિત્યને જોઈ સળગી ઉઠતો.

સમરાદિત્ય કુમારે માતાપિતાને બુઝવી તેઓ અને સ્ત્રીઓ સાથે **પ્રભાસાચાર્ય** પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. ઉજ્જયિનીની ગાદીએ પુરુષસિંહે મુનિચંદ્ર નામના પોતાના ભાણેજને બેસાડયો. તેણે પણ પ્રજાનો સારો ચાહ મેળવ્યો અને સમરાદિત્યનો દીક્ષા મહોત્સવ ખુબજ પ્રભાવનાપૂર્વક તેણે ઉજવ્યો.

(૮)

સમરાદિત્ય મુનિ મૂળથી પરિણત વૈરાગી મહાત્મા હતા. તેમનું હૃદય અધ્યાત્મમાં સદા એકતાર હતું. તે હવે દીક્ષાબાદ વધુ એકતાર બન્યું. થોડા જ વખતમાં તે મહા વિદ્વાન્ થયા. ગુરુએ તેમને ઉપાધ્યાય પદ આપ્યું. આ પછી વિહાર કરતા કરતા તે ઉપાધ્યાય અયોધ્યામાં આવ્યા.

અહિં અયોધ્યાના રાજા પ્રસન્નચંદ્ર; ઇન્દ્રશર્મા પુરોહિત; ચિત્રાંગદવાચક; અગ્નિભૂતિવિપ્ર; ધનવૃદ્ધિશ્રાવક; અશોકચંદ્ર વિગેરેએ વિવિધ પ્રશ્નો વાચકવર્ય સમરાદિત્ય મુનિ ભગવંતને પુછયા. ભગવંતે તે બધાનો ઉત્તર યુક્તિ અને દૃષ્ટાંત આપી સરસરીતે આપ્યા. આખી અયોધ્યા સમરાદિત્યની ગુણાનુરાગી થઈ. તેમના વિહાર વખતે આ બાળ વૃદ્ધ સૌ આવ્યાં અને શક્તિમુજબ વ્રત વ્રતુલાં લઇ તેમણે પોતાના આત્માને ભાવિત કર્યો.

(૯)

સમરાદિત્ય વાચક અયોધ્યાથી વિહાર કરી ફરતા ફરતા ઉજ્જયિનીના પરિસરમાં આવ્યા અને નગર બહાર કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા.

સંધ્યાનો સમય હતો વાચકમુનિ સ્થિર દૃષ્ટિએ કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા હતા, ત્યાં ફરતો ફરતો પેલો કુરૂપી ગિરિસેન ત્યાં આવ્યો. તેણે મુનિને જોયા. જોતાંવેંત તેનો ક્રોધ ભભૂકી ઉઠયો. અને બોલ્યોઃ 'શા આણે ઢોંગ આરંભ્યા છે? આખા ગામને હિલોળે ચઢાવનાર ધૂતારો ઠીક લાગમાં આવ્યો છે, આજ આનેજીવતો ન છોડું. તે થોડાંક ચિથરાં લઈ આવ્યો, અને તેણે મુનિના શરીર ઉપર વિંટયાં. પછી એક તેલનો વાટકો લાવી તેણે તેને તેલથી ભીંજાવ્યાં. મુનિનું શરીર તેલથી ટપકતાં ચિંથરે પુરૂં ભરાયું એટલે આનંદ પામતો તે ગિરિસેન તેમાં અગ્નિ ચાંપી થોડે દૂર ઉભો રહ્યો. જોત જોતામાં અગ્નિજ્વાળાઓ ભભૂકી, સમરાદિત્ય વાચકે આ ઉપસર્ગને ઉત્સવ સમ માન્યો અને તે વિચારવા લાગ્યા. 'મુનિપણામાં થનારા ઉપસર્ગ કોઈને કોઈ ભવના ચીકણા કર્મના ઉદય રૂપ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ શરીરે ઓછાં પાપ જીવનમાં કયાં કર્યાં છે? તો પાપ કરનાર તે શરીરે તેના ફળ વખતે શા માટે નાસીપાસ થવું જોઇએ ? શરીર અને હું બે જુદા છીએ. શરીરના નાશે મારો થોડો જ નાશ થવાનો છે?' આમ એકત્વ અને પૃથક્ત્વની મીમાંસા કરતા મુનિ દેહાધ્યાસ ભૂલ્યા. અગ્નિની જ્વાળાઓએ તેમને ચિચિઆરીઓ ન પડાવી શકી પણ સમરસમાં ઝીલાવી તેમના કર્મમળને બાળી તેણે કૈવલ્ય અપાવ્યું.

આજ વખતે ઇંદ્રનું સિંહાસન કંપ્યું. આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઈ અને 'જય હો સમરાદિત્ય કેવળી ભગવંતનો' એવો જયજયારવ થયો' જોત જોતામાં અગ્નિની જ્વાળાઓ શાંત થઈ અને સુવર્ણ કમલ ઉપર બેઠેલા તે મુનિ દેખાયા.

(૧૦)

ઉજ્જયિનીનો રાજા મુનિચંદ્ર પણ પરિવાર સાથે ભગવંત પાસે આવ્યો અને બોલ્યો, 'આ મહાત્માને કયા દુષ્ટે આવો ઘોર ઉપસર્ગ કર્યો.'

જાલંધર દેવે ગિરિસેન સામી આંગળી ચિંધી બતાવ્યું કે 'આ અધમે તેમને ઘોર ઉપસર્ગ કર્યો. મુનિના કોઈ ભવાંતરના અશુભ કર્મના ઉદયનું બિચારો નિમિત્ત બન્યો લાગે છે.'

ઇંદ્રે દેવો સાથે મળી સમરાદિત્ય કેવળીનો કેવળ મહોત્સવ ઉજવ્યો. ઇંદ્રે ભગવાનની સ્તુતિ કરી. કિન્નરોએ ગીત ગાયું. દેવીઓએ નૃત્ય કર્યું. ગિરિસેન આ મહિમા દેખી આભો બન્યો અને બોલી ઉઠયો, 'ખરેખર આ કોઈ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહાત્મા છે. મેં આના ઉપર આ ઉપદ્રવ કર્યો તે સારૂં કર્યું નહિ.'

સોળ સોળ ભવના વૈરની પરંપરામાં આગળ વધતા અગ્નિશર્માના જીવ ગિરિસેનના મુખમાં હૃદયપૂર્વકના આ પશ્ચાતાપના બોલ પૂણ્ય બીજરૂપે થયા. અને સત્તર સત્તર ભવના વૈર પરંપરા વધારનાર ગિરિસેન આ કેવળીના મહોત્સવથી પુણ્ય બીજવાળો થયો.

સમરાદિત્ય કેવળી ભગવંતે દેશના આપતાં કહ્યું.

'હે ભવ્યજનો મોહ એ મહા ભયંકર છે. આ મોહને લઈ જીવ એક પછી એક ભવો કર્યા કરે છે અને તે ભવમાં જન્મ જરા અને મરણનાં ભયંકર દુઃખો ભોગવે છે. જગતૂમાં જન્મ મરણની ઘટમાળ પાછળ રાગ અને દ્વેષ એ બેજ મુખ્ય ભાગ ભજવે છે. જીવ કાંતો રાગને લઇ ઉંડોને ઉંડો સંસારમાં ખુંચતો જાય છે, કે કાંતો દ્વેષને લઇ ક્રોધથી ધમધમતો અનેક વૈર જન્માવતો ભવની પરંપરા વધારતો જાય છે. આ રાગ દ્વેષની પરંપરાથી વિમુખ થવા પ્રાણીઓએ પોતાના ચિત્તને દાન, શિયળ, તપ અને ભાવનામાં જોડવું જોઈએ અને તે દ્વારા જગતભરના જીવો ઉપર મૈત્રીભાવ પ્રગટાવી શુદ્ધ અધ્યવસાયમાં ઝીલવું જોઇએ.

ભગવંતની આ દેશનાથી પર્ષદા મોહની ભયંકરતા સમજી અને તેથી કેટલાક લોકોએ તે મોહને ઓછો કરી અનેક નાના મોટા નિયમ લીધા.

(૧૧)

આ પછી મુનિચંદ્ર રાજાએ કેવળી ભગવંતને પુછયું, 'ભગવંત! જીવ માત્ર ઉપર સમાન દૃષ્ટિ રાખનાર

આપ જેવા અતિ ઉત્તમ મહાપુરુષને જીવતા સળગાવી મુકવાનું આ ગિરિસેનને શાથી સુઝયું ? પરભવમાં આપની સાથે તેને એવું તો શું વૈર જાગ્યું કે જેથી તેણે આમ કર્યું ?'

કેવળી ભગવંતે કહ્યું 'રાજન્ ગિરિસેનનો જીવ અને મારા દેવ અને નરકગતિના વચ્ચે ભવો થયા તે ગણવામાં આવે તો સત્તર ભવ અને મનુષ્યગતિના માત્ર ભવો ગણીએ તો નવ ભવનુ વૈર છે. આ એક ભવના વૈરનું પરિણામ નથી. સૌથી પહેલા ભવમાં હું **ગુણસેન**રાજકુમાર હતો, ત્યારે તે **અગ્નિશર્મા** તાપસ હતો. આ ભવમાંથી જ મારી સાથેનું વૈરનું બીજ નંખાયું. તેને તે ભવમાં એમ લાગ્યું કે ગુણસેન મારો શત્રુ છે અને મને પારણા માટે ઘડી ઘડી આમંત્રણ આપે છે પણ પારણું કરાવતો નથી. આ નજીવા પ્રસંગમાં વૈરબીજ તેના હૃદયમાં મુકાયું અને તે ફાલતું કુલતું આજ સુધી તેના હૃદયમાંથી ખસ્યું નથી.

બીજા ભવમાં હું **સિંહ** થયો અને તે અગ્નિશર્માનો જીવ **આનંદ** નામે મારો પુત્ર થયો. અહિં પુત્ર થઈ તેણે મારો ઘાત કર્યો. છતાં તેનુ વૈર શમ્યું નહિ. ત્રીજા ભવમાં અગ્નિશર્માનો જીવ **જાલિની** નામે થયો અને મારો જીવ તેનો પુત્ર **શિખી** નામે થયો. મેં દીક્ષા લીધી જાલિનીએ આ ભવમાં મને વિષમોદક આપી મારો જીવ લઇ તેણે વૈર નિર્યાતન કર્યું છતાં તે તેને પુરૂં શમ્યું નહિ. ચોથા ભવમાં **ધન** અને **ધનશ્રી** નામે અમે બે પતિ પત્ની થયાં. અગ્નિશર્માના જીવ ધનશ્રીએ ત્યાં પણ સાધુ બનેલ મને અગ્નિથી પ્રજાળ્યો. રાજન્ ! આ વૈર વધતું વધતું પાંચમાં ભવમાં અમે સગા ભાઈરૂપે થયા. હું **જય** થયો અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને અગ્નિશર્માનો જીવ **વિજય** થયો. ત્યાં પણ વિજયને મને જોતાં ઘણો દ્વેષ જાગ્યો અને વૈર લેવા માટે તેણે અનેક પ્રયત્ન કર્યા. છઠ્ઠા ભવમાં ફરી અમે બે ધણી ધણિયાણી થયાં હું **ધરણ** થયો અને અગ્નિશર્માનો જીવ **લક્ષ્મી** નામે મારી સ્ત્રી રૂપે થયો. તેણે આ ભવમાં મારા ઉપર ચોરીની આળ આપી મને ચોર તરીકે જાહેર કરી વિડંબ્યો. સાતમા ભવમાં અમે બે સગા કાકાના પુત્રો થયા. હું **સેન** અને તે **વિષેણ** થયો. ત્યાં પણ તેણે મને તલવારના ઝટકા માર્યા. રાજન્ ! આઠમા ભવે હું **ગુણચંદ્ર** અને આ ગિરિસેન **વાનમંતર** વિદ્યાધર થયો. આ વિદ્યાધર બાળપણથી તે અંત સુધી જ્યારે જ્યારે પ્રસંગ મળ્યો ત્યારે ત્યારે વૈર વાળવાનું ચૂકયો નહિ. નવમા ભવમાં હું **સમરાદિત્ય** થયો અને અગ્નિશર્માનો જીવ **ગિરિસેન** થયો છે. તેને મને જોતાં નવ નવ ભવની વૈરપરંપરા તેના હૃદયમાં જાગી અને તેથી કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલ મને પ્રજાળ્યો. રાજન્ ! ખરી રીતે તેણે મને નથી પ્રજાળ્યો પણ મારાં શેષ કર્મોને પ્રજાળ્યાં છે. મેં પ્રથમ ભવમાં પ્રમાદને લઈ તેને વૈર જન્માવ્યું તેનું પરિણામ મારે નવ નવ ભવ સહન કરવું પડયું. અને હૃદયમાં રાખેલ વૈર પરિણામે તેને વચ્ચે દરેક ભવે નરકની ગતિ અપાવી અમાપ વેદના સહાવી. રાજન્ ! એક પણ વખતનો રહી ગયેલો સામાન્ય વૈર પરિણામ કેવો ભયંકર નિવડે છે. તે મારા જીવનથી જાણવા મળે છે. આ પ્રમાણે કેવળીએ સવિસ્તર પોતાનો નવે ભવનો સંબંધ કહ્યો.

ત્યાં પર્ષદામાં રહેલ નર્મદાદેવી નરકનું નામ સાંભળી

બોલી, ' ભગવંત ! નરકો કેવાં છે અને તે શાથી મળે, તેમજ તેમાં એવું તે કેવું દુઃખ છે ? '

કેવળી ભગવંતે કહ્યું, ' દેવિ ! ગાઢ વૈર અને ગાઢ દ્વેષના પરિણામને લઇ જીવો નરકમાં ઉપજે છે. આ નરકો એકેક કરતાં ભયંકર એવી સાત છે. આ નરકના જીવોનું શરીર વૈક્રિય છે અને તે વૈક્રિય શરીર કેવળ અસહ્ય દુઃખ સહન કરવા માટે જ નિર્માયું હોય છે. મનુષ્ય અને તિર્યંચોને તો અસહ્ય દુઃખ મૃત્યુ આપે પણ અહિં તો દુઃખનો કાળ ગમે તેટલું દુઃખ સહ્યા છતાં નિયત કાળથી ઓછો થતો નથી તે ભોગવેજ છૂટકો થાય છે. મનુષ્ય ભવના ભયંકર રોગો અને તિરસ્કાર નરકની વેદનાનો આછો ખ્યાલ આપે છે પણ તે કરતાં કેઈ ગણાં દુઃખો નરકમાં છે. ત્યાં જીવને સતત ક્ષેત્રથી અને પરમાધામીઓથી શૂળી, ખડ્ગ, વિગેરેથી અનેક પ્રકારનું દુઃખ સહન કરવું પડે છે. આ દુઃખ કેવું છે તેની ઉપમા મનુષ્ય લોકમાં જડે તેવી નથી. તે દુઃખનું વર્ણન કરવું વાણીથી અગોચર છે. નરકમાં જીવોને વ્હેરવામાં આવે છે. ભક્ષ્યાભક્ષ્યના વિચાર વગર ગમે તે ખાઈ નરકે ગયેલાઓને ઉકાળેલા સીસાનો રસ પીવરાવવામાં આવે છે. પરસ્ત્રી સાથે સતત્ સંગ રાખનારાઓને તપાવેલી લોહ પુતળીઓ સાથે ભેટાડી પરસ્ત્રી સંગના પાપને યાદ કરાવવામાં આવે છે આમ અનેક જાતના ભયંકર દુઃખો નરકમાં પ્રાણીઓને ભોગવવાં પડે છે.

નર્મદાદેવિ ! નરકની યાતના સાંભળી કંપી અને શ્રોતાવર્ગ પણ કંપ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પછી પર્ષદામાં રહેલ સુલસમંજરીએ ભગવાનને સ્વર્ગના સુખનો પ્રશ્ન કર્યો. કેવળી ભગવાને કહ્યું : 'ભદ્રે ! મનુષ્યગતિમાં જે સુખ માટે જીવો તલસે છે તે સુખો સ્વર્ગમાં સ્હેજે મળે છે. મનુષ્યભવમાં પૈસા માટે જીવ અનેક કુકર્મો કરે છે તે પૈસા રત્ન જવાહર અને હીરા દેવલોકમાં ઠેર ઠેર હોય છે. સ્ત્રીના ભોગ વિલાસ માટે માનવો અનેક કુકર્મો કરે છે તે ભોગવિલાસ દેવલોકમાં વગર મહેનતે હાજરા હજુર રહે છે અને ઉદરપૂર્તિ માટે અનેક આરંભ સમારંભમાં માનવ જીવન પુરૂં કરાય છે તે ઉદરપૂર્તિની ત્યાં ચિન્તા નથી. ઇચ્છા કરવા માત્રથી આહાર મળી જાય છે. અર્થાત્ વિષયવાસના રૂપ સંસારના સુખો ત્યાં સહેજે સહેજે જીવોને મળે છે. આથી જીવોને સ્વર્ગ એ પરભવમાં કરેલી કમાઈ ભોગવવાનું સ્થાન છે. નવું ઉપાર્જન ત્યાં થોડું જ થાય છે ? પલ્યોપમ અને સાગરોપમનાં દેવલોકના કાળ જોત જોતામાં પસાર થઈ જાય છે. અને જેમ કોઈ કમાયેલો ધનવાન જુગાર, વેશ્યા કે એશારામમાં પૈસા ખર્ચી બાદ નિર્ધન બની ધક્કાને યોગ્ય થાય છે, તેમ દેવગતિમાં દેવના સુખ ભોગવાયા બાદ પુણ્યાઈ ઘટતાં સુકૃત મેળવવા તેને ફરી તિર્યંચ કે માનવમાં આવવું પડે છે.

સુલોચનાએ પ્રશ્ન કર્યો 'ભગવંત ! સ્વર્ગના આ સુખ પણ લાંબો વખત ટકતાં નથી અને શિખસુખ સદા શાશ્વત છે તો તે સુખ શું સ્વર્ગ જેવું છે કે કોઇ રાજા ચક્રવર્તિના વૈભવ જેવું છે ?'

કેવળી ભગવંતે કહ્યું, 'ભદ્રે સ્વર્ગ કે મનુષ્યના બધાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ સુખો પુદ્ગલ સુખો છે. ખણજ આવનાર ખણે એટલે તે માને કે મને કેવી શાંતિ થઈ. પણ ખરી રીતે ખણજ એ સુખ જ નથી, તેમ મનુષ્યભવમાં સ્ત્રી, પુત્ર, ધન, આરોગ્ય આ બધાંને સુખ માનવું એ જીવની તાત્કાલિક ભ્રમણા છે કેમકે અંતે તે બધાં વિરસ છે. તેજ રીતે દેવગતિનાં દૈવી સુખો પણ પુદ્ગલ સુખો છે. તે જ્યારે જવા માંડે છે ત્યારે દેવો પણ રોકકળ કરી મુકે છે. અને ચિન્તાગ્રસ્ત થાય છે. ભદ્રે ! મોક્ષનું સુખ હું તમને કઇ રીતે સમજાવું. આ દુનિયામાં જે બધાં સુખો છે તે તેના અનંતમા ભાગે પણ આવી શકે તેવાં નથી. મોક્ષના સુખને જણાવવા માટે કોઇ ભાષાવર્ગણાના પુદ્ગલ પણ નથી. તે સુખ તો જે માણે તે જ સમજી શકે છે. છતાં એક દૃષ્ટાંત આપુ છું તેથી તમને તેનો આછો ખ્યાલ આવશે.

ભદ્રે ! ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનો રાજા **જિતશત્રુ** પૂર્ણ વૈભવી હતો. એકવાર તે મૃગયા રમવા નીકળ્યો. ઘોડો બહુ તેજીલો તેથી તે તેના કાબુમાં રહ્યો નહિ અને પુરજોશથી દોડતો તેને એક ઉંડા જંગલમાં લઇ ગયો. રાજા પરિવાર વિનાનો એકલો પડયો. ઘોડાએ સપાટ પ્રદેશ હતો ત્યાં સુધી તો દોડયા કર્યું પણ જંગલનો પથરાળ પ્રદેશ આવ્યો એટલે તે ઘોડો ધીમો પડયો. રાજા ભૂખ, તરસ થાકથી કંટાળ્યો ત્યાં એક ભિલ્લ યુવાન સામે આવ્યો. તેણે જાણ્યું કે આ કોઈ ભૂલો પડેલો રાજવી છે તેથી તેણે ઘોડાની લગામ પકડી રાજાને હેઠો ઉતાર્યો અને તે તેને પોતાની ઝુંપડીએ લઈ ગયો. ત્યાં તેણે રાજાને ઠંડુ પાણી પાયું. સુંદર ફળોનો આહાર

કરાવ્યો. અને એક ખાટ પાથરી તેને સુવરાવ્યો. રાજા સ્વસ્થ થયો એટલે તે પોતાના નગર તરફ જવા તૈયાર થયો. ભિલ્લકુમાર રાજાનો અંગરક્ષક બની રાજાને જંગલ બહાર લાવ્યો ત્યાં રાજાનો પરિવાર મળ્યો. રાજા આ ઉપકારી ભિલ્લકુમારને આગ્રહ કરી પોતાના ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે લાવ્યો. તેણે રાજસભામાં ભિલ્લકુમારે પોતાના ઉપર કરેલ ઉપકાર સભા સમક્ષ કહી બતાવી તેનું ખુબ બહુમાન કર્યું અને પોતાના સગા ભાઈ કરતાં અધિકરીને તેને રાખ્યો. થોડા દિવસ બાદ ભિલ્લકુમાર અહિં રાજબાળાને પરણ્યો અને રાજ્યસુખમાં જંગલ અને ઝુંપડી બધું ભૂલી ગયો.

એક વખત ગોખે બેઠેલ આ ભિલ્લકુમારને વન જંગલ જોતાં પોતાની ઝુંપડી અને અટવી યાદ આવ્યાં. તે જિતશત્રુ રાજા પાસે આવ્યો અને બોલ્યો 'રાજન્! હું મારા જુના મિત્રો અને સગાઓને મળવા ઈચ્છું છું. મને એકવાર ત્યાં જવા રજા આપો. રાજાએ ઘણું ઘણું તેને સમજાવ્યો પણ તે ન માન્યો એટલે થોડા સેવકો સાથે તે ભિલ્લકુમાર અટવીમાં આવ્યો. અટવીમાં આવ્યા બાદ ભિલ્લકુમારે તે રાજસેવકોને રજા આપી.

આ પછી તેને તેના સગાસંબંધી મળ્યા અને પુછવા લાગ્યા. 'યુવાન! તું કેવી ઝુંપડીમાં રહેતો હતો? રોજ શું ખાતો હતો? ત્યાં સ્ત્રીઓ કેવી હતી? સુવા માટે ખાટલાઓ આપણા જેવા હતા કે કોઈ બીજી જાતના હતા?'

ભિલ્લકુમારે ચારે બાજુ નજર ફેંકી પણ કંઈ વસ્તુ સરખાવી તેમને સમજાવવું તે ન સુઝયું એટલે ખાવા માટે

છાણું લાવી અને લાડવા માટે પથરા લાવી સમજાવતો કે આવું અમે સુંદર ખાતા હતા. હવેલીઓ માટે ઘડીક ઝુંપડાં અને ઝાડ બતાવી હાથ લાંબા ઉંચા કરી તે બતાવતો હતો. પણ તેમાં તે ભિલ્લોને કાંઈ પુરી સમજ ન પડી. તેમ હે ભદ્રે! મોક્ષ સુખ માટે હું અહિંના કયા સુખની ઉપમા આપું. દેવ અને મનુષ્યનાં બધા સુખનો સરવાળો પણ મોક્ષસુખના અનંતમા ભાગને ન પહોંચે તેવું તે સુખ છે. દુનીયાના બધાં સુખ કાળે કરી નાશ પામે છે પણ આતો સદા શાશ્વત રહે છે. આ સુખ તે આત્માનું સાચું છે દુનીયાનાં સુખ એ પુદ્ગલ સુખો છે.

કેવલી ભગવંતની આદેશના સાંભળી મુનિચંદ્ર રાજાએ અને બીજા ઘણાએ ચારિત્ર અંગીકાર કર્યું.

વેલંધર દેવ અને નર્મદાદેવી વિગેરેને પોતાની ચારિત્રની યોગ્યતા ન હોવા બદલ પશ્ચાતાપ થયો પણ સમકિતને તો તેમણે પણ ઉજ્જવળ બનાવ્યું.

વેલંધરે જતાં જતાં કેવલિ ભગવંતને પુછયું ભગવ ત! ગિરિસેન આસ્રબીજ કે અનાસ્રબીજ.

દેવ! ગિરિસેન અત્યારે તો તે આસ્રબીજ નથી પણ ઘણા ભવ પછી તે શાર્દૂલસેન રાજાને ત્યાં અશ્વ થશે ત્યારે આસ્રબીજ થશે. આ આસ્રબીજનું કારણ જે અત્યારે તેના હૃદયમાં 'મેં જેને ઉપસર્ગ કર્યા તે કોઇ મહાનુભાવ છે' એ વિચાર છે અને તે વિચારને પરિણામે તે સમ્યક્ત્વ પણ પામશે.

વેલંધર દેવ વિગેરે દેવો ભગવંતને નમી દેવલોકે ગયા અને પર્ષદા ભાવિત થઈ અનેક વ્રતો લઇ વિખરાઈ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ફરી મુનિચંદ્રે પુછયું, 'ભગવંત આનો નિસ્તાર થશે ખરો.' ભગવંતે કહ્યું, 'હાલમાં તો મરી સાતમી નરકે જશે પણ મેં ઉપસર્ગ કર્યો તે સારૂં કર્યું નહિ આ કોઈ મહાનુભાવ છે.' આ ભાવના ગિરિસેનને અનેક ભવપરંપરામાં તારનારી થશે અને અસંખ્યાત ભવ બાદ તે સંખ્યા નામનો વિપ્ર બની નિર્વાણપદને પામશે.

આમ જગત્ ઉપર ઉપકાર કરતા સમરાદિત્ય કેવળી ભગવંત નિર્વાણ પામ્યા અને ગિરિસેન પણ થોડાજ વખતમાં મૃત્યુ પામી સાતમી નરકે ગયો.

પ્રમાદના કારણે મુકાયેલ વૈરબીજ જન્મોજન્મ કઈ રીતે દુ:ખ આપે છે અને સમતાના અંકુર જીવનને કઈ રીતે પુનિત બનાવે છે તે આ સમરાદિત્ય કેવળીચરિત્રનું રહસ્ય છે. (૧૨)

આ સમરાઇચ્ચ કથાની સ્તુતિ [૧]ઉદ્યોતનસૂરિએ કુવલયમાળામાં ધનપાળ કવિએ [૨]તિલકમંજરીમાં અને દેવચંદ્રસૂરિજીએ [૩]શાંતિચરિયંમાં અનેક રીતે ગાઇ છે.

---

१. जो इच्छइ भवविरहं भवविरहं को न वन्धए सुयणो
समयसयगुरुणो समरमियंका कहा ॥
ઉદ્યોતનસૂરિકૃત કુવલયમાળા.

२. निरोद्धुं पार्यते केन समरादित्यजन्मनः
प्रशमस्य वशीभूतं समरादित्यजन्मनः ॥
ધનપાળ કવિકૃત તિલકમંજરી.

३. वंदे सिरि हरिभद्दं सूरिं विकसायणणिग्गयपयावं ।
जेण य कहा पबंधो समराइच्चो विणिम्मविओ ॥
દેવચંદ્રસૂરિ કૃત શાંતિચરિયં.

આ સમરાદિત્ય કથાના રચયિતા ૧૪૪૪. ગ્રંથ પ્રણેતા **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજ છે. આ કથા ખુબ વૈરાગ્યવાન અને દ્વેષનાં પરિણામ કેવાં અનર્થકારક છે તે જણાવનારી છે.

જૈન શાસનના ચરિત્ર ગ્રંથોમાં આ ચરિત્ર અતિ વૈરાગ્યવાહી વ્યવસ્થિત અને જૈન શાસનની જડ બતાવનારૂં ચરિત્ર છે.

આ ચરિત્ર સંસ્કૃત પ્રાકૃત ભાષામાં અને ગુજરાતી રાસો વિગેરેમાં અનેકરીતે ગુંથાયેલ છે અને તે અતિવિસ્તૃત છે. આ વિસ્તૃત ચરિત્રને મૂળકારના આશયને સામે રાખી સંક્ષિપ્ત કરવામાં આવ્યું છે. છતાં કાંઈપણ ફેરફાર કે સ્ખલના થઈ હોય તે બદલ ક્ષમા માગીએ છીએ.

(સમરાદિત્ય કેવલિ ચરિત્ર).

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૯

# શિખેલું નિષ્ફળ નથી

## યાને

# યવરાજર્ષિ કથા

## (૧)

યવરાજર્ષિ મૂળ તો વિશાળા નગરીના **યવ** નામે રાજા હતા. તેમને **ગર્દભિલ્લ** નામનો પુત્ર અને **અણુલ્લિકા** નામની પુત્રી હતી. આ યવરાજાને સર્વકાર્યમાં કુશળ **દીર્ઘપૃષ્ઠ** નામનો પ્રધાન હતો.

યવરાજા પ્રકૃત્તિએ શાંત, ધીર, ગંભીર અને પરગજુ હતા. રાજ્યકાજમાં તે બહુ ધ્યાન ઓછુ આપતા. પુત્ર અને પ્રધાન જ લગભગ આખા રાજ્યનો કારભાર સંભાળતા:

એક રાત્રિએ સુતાં સુતાં યવરાજાને વિચાર આવ્યો કે 'દુનીયામાં માણસો તો બધાય સરખા છે છતાં એકને ખાવા ટુકડોય ન મળે અને બીજાને વિવિધ રસવતીઓ પિરસાય. કોઇ બિચારા અનેક રોગે તરફડતા હોય છે ત્યારે કોઇક અલમસ્ત હોય છે. કેટલાકને આવો પધારોના આદર-માન થાય છે ત્યારે કોઇક માનવો હડહડ થતા હોય છે ? આ બધાનું કારણ જો કોઇ હોય તો તે કર્મ છે. સારૂં કર્મ તે પુણ્ય. અને તે જેને હોય તે આરોગ્ય–ધન–પુત્ર વિગેરે સારી વસ્તુ પામે. મેં પૂર્વભવમાં જરૂર કાંઇક એવું સારૂં



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્મ કરેલું જેથી આ ભવમાં મને રાજ્ય મળ્યું. સારો પુત્ર મળ્યો. સારો વિનીત પરિવાર અને તંદુરસ્ત શરીર મળ્યું. આ બધાનો યોગ પૂર્વની સારી પૂણ્યાઇ વિના થોડો જ સંભવે છે. પૂણ્યાઇનું ફળ તો હું ભોગવું છું પણ હાલ તો હું કાંઇ પૂણ્ય કરતો નથી. કરી કમાઇ ખર્ચી રહીશું પછી શું સ્થિતિ થશે? હજી શરીર તંદુરસ્ત છે તો તે તંદુરસ્તીને મારે શા માટે વિષયવાસનામાં વેડફવી? તેનો ઉપયોગ મારે શા માટે પૂણ્યાઇ એકઠી કરવામાં ન કરવો?'
આ સંકલ્પ તેણે દૃઢ કર્યો અને પ્રાતઃકાળે દીર્ઘપૃષ્ઠને બોલાવી કહ્યું 'રાજ્યાભિષેકની તૈયારી કરો. ગર્દભિલ્લને રાજ્ય આપો. મારે હવે રાજ્ય ભોગવવું નથી હું હવે પૂણ્યાઇ એકઠી કરવા સંયમ લઇશ.'

પ્રધાને રાજાને ઘણું ઘણું સમજાવ્યા પણ તે એકના બે ન થયા. અને તેમણે દીક્ષા લીધી.

દીક્ષા બાદ યવરાજર્ષિએ વૃદ્ધગ્લાન મુનિઓની વૈયાવચ્ચ કરવા માંડી. તપ કરવા માંડયું પણ અભ્યાસ પાછળ જેવો જોઇએ તેવો તેમણે જીવ ન પરોવ્યો. ગુરૂએ શાસ્ત્રાભ્યાસ માટે ઘણી પ્રેરણા કરી પણ યવરાજર્ષિએ કહ્યું. 'ભગવંત! હું હવે ઘરડો થયો છું ગમે તેટલો પ્રયત્ન કરૂં પણ મને થોડું જ આવડવાનું છે? આના કરતાં જ્યાં મારો પ્રયત્ન સફળ થાય તેવી વયાવચ્ચજ કેમ ન કરૂં?'

ગુરૂ મૌન રહ્યા અને સમય વીત્યો.

(૨)

'યવમુનિ! તમે વિશાળા નગરી જાઓ. ત્યાં જવાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમારો પુત્ર ગર્દભિલ્લ પ્રતિબોધ પામશે અને પ્રજાજનો પણ પુરાણા રાજવી મુનિને દેખી ધર્મની અનુમોદના કરશે' ગુરૂએ એકવાર યવમુનિને આજ્ઞા કરી.

યવમુનિએ કહ્યું "મહારાજ! આપની આજ્ઞા પ્રમાણ. બાકી મને થોડો જ ઉપદેશ દેતાં આવડે છે."

યવમુનિએ વિહાર કર્યો પણ તેમના હૃદયમાં ચિંતાનો ભાર વધ્યો. વિહારમાં તે વિચાર કરવા લાગ્યો કે 'હું વિશાળામાં જઇશ એટલે લોકો રાજા પ્રધાનો બધા આવશે અને કહેશે કે 'મહારાજ! દેશના આપો. હું શું બોલીશ. મને નથી આવડતો કોઈ શ્લોક કે નથી આવડતી કોઇ યુક્તિ-અયુક્તિપૂર્વકવાળી કથા.'

યવમુનિ વિચારમાંને વિચારમાં માર્ગ છોડી એક જવના ઉગેલા ખેતરની છીંડીએ ચાલ્યા ત્યાં તેમણે એક ગધેડાને જવ ખાવાની ઇચ્છાથી આમ તેમ ડાફેરાં મારતો જોયો. મુનિએ તેના સામી નજર નાંખી ન નાંખી ત્યાં તો ખેતરનો માલીક ડાંગ લઇ આવ્યો અને બોલ્યો.

**'ओहावसि पहावसि ममं चेव निरिक्खसि।**
**लक्खिओ ते अभिप्पाओ, जवं भक्खेसि गद्दहा!॥'**

'હે ગર્દભ! તું ઉતાવળો ઉતાવળો આવે છે અને મને જુએ છે. પણ તારો વિચાર હું સમજી ગયો છું કે તારે જવનું ભક્ષણ કરવું છે.'

આ સાંભળી ગધેડું ભૂં ભૂં ભૂં કરતું નાઠયું. હું પણ આ ગાથા ગોખી લઉં તેમણે **'ओहावसि पहावसि'** એ ગાથા ગોખવા માંડી અને વિહાર ચાલુ રાખ્યો.

યવમુનિ ગાથા ગોખતા ગોખતા આગળ ચાલ્યા ત્યાં એક ગામનો સીમાડો આવ્યો અહિં કેટલાક છોકરા મોઇ દંડો રમતા હતા. મુનિ છોકરાઓની વચ્ચે થઇને ચાલ્યા. છોકરાઓ આમથી તેમ મોઇને શોધતા હતા પણ કોઇને મોઈ મળી નહિ. આથી એક છોકરાએ જરા મોટા છોકરાને પુછયું 'અરે એ મોઇ કયાં ગઈ તે બોલ્યો.

**अओ गया तओ गया जोइज्जंति न दीसइ**
**अम्हे न दिट्ठि तुम्हे न दिट्ठि, अगडे छुड्डा अणुल्लिया ॥१॥**

અહિંથી ગઈ કે ત્યાંથી ગઇ ? તેની ખબર નથી. શોધ કરી છતાં તે દેખાતી નથી. અમે જોઇ નથી તેમ તમે પણ જોઇ નથી પણ તે મોઇ ખાડામાં પડી છે.

યવમુનિ **'ओहावसि पहावसि'** ગાથા સાથે **'अओ गया तओ गया'** ગાથા પણ ગોખવા લાગ્યા.

મુનિએ વિહારમાં આ બે ગાથા કંઠસ્થ કરી લીધી અને રોજ વખત મળે ત્યારે તે આ ગાથા બોલતા.

વિહાર કરતાં મુનિ વિશાલાનગરીની પાસેના પરામાં એક કુંભારને ત્યાં રાતવાસો રહ્યા. કુંભારના ઘરમાં ચારે બાજુ માટીના વાસણના ઉંચા ઢગના ઢગ હતા. સંથારા પોરિસી ભણાવ્યા પછી યવરાજર્ષિએ સંથારો પાથર્યો. મુનિથી થોડે દૂર કુંભાર પણ સૂતો. સહેજ રાત ગળી ત્યાં ઉંદરોએ ખખડાટ કરવા માંડયો એટલે કુંભાર બોલ્યો:

**सुकुमालय कोमलं मद्दलया तुम्हे रत्ति हिंडणसीलया**
**अम्ह पसाओ नत्थि ते भयं, दीहपिट्ठाओ तुम्ह भयं ॥१॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોમળ અંગવાળા (ઉંદર) તારે રાતે ચાલવાનો સ્વભાવ છે તો છો રહ્યો. તારે અમારા તરફનો બીલકુલ ભય રાખવો નહિ. (કેમકે કાંઇ અમારૂં બગડતું નથી.) પણ તારે ભય હોય તો દીર્ઘપૃષ્ઠ (સર્પથી) ભય છે. (કેમકે આ અવાવર જગ્યામાં કદાચ તને તે કરડશે).

યવરાજર્ષિએ આ ગાથા સાંભળી એટલે તેમણે આ ગાથાને પણ ગોખવા માંડી અને તે પણ કંઠસ્થ કરી નાંખી.

યવમુનિને હવે શાંતિ વળી તેમણે માન્યું કે હવે કાંઇ વાંધો નહિ. આ ત્રણ ગાથા તો મારે માટે કલ્પવૃક્ષ કામધેનુ અને ચિંતામણીરત્નનું કામ કરશે.

( ૩ )

વિશાલા નગરીમાં ચારે બાજુ શોધ થઈ રહી છે. રાજકુમારી અણુલ્લિકાનો કયાંય પત્તો નથી લાગતો ગર્દભિલ્લ રાજાએ ઠેર ઠેર માણસો મોકલ્યા. વન ઉપવન, કુવા, તળાવ, વાવો, શૂન્ય ઘરો અને ચોરોના સ્થાનો બધાં જોવરાવ્યાં પણ કયાંય પોતાની બેન અણુલ્લિકાનો પત્તો ન લાગ્યો.

રાજા નિરાશ થયો. દીર્ઘપૃષ્ઠ મંત્રી લમણે હાથ દઇ બોલ્યો 'રાજન્! શું કરીએ શોધવાનું કોઇ સ્થાન બાકી નથી રાખ્યું કયાંય અણુલ્લિકાનો પત્તો લાગતો નથી.'

અણુલ્લિકાને દીર્ઘપૃષ્ઠ મંત્રીએ પોતાના ઘરના ભોંયરામાં સંતાડી હતી. તેની નેમ કોઈ પણ રીતે ગર્દભિલ્લનો નાશ કરી પોતાના પુત્રને વિશાલાની ગાદી ઉપર બેસાડી અણુલ્લિકા પરણાવવાની હતી. રાજા રાજસેવકો કે

કોટવાળ ગમે તેમ શોધે પણ અણુલ્લિકા મળે કયાંથી ? અને કોઇને મંત્રી ઉપર શક જાય તે પણ કેમ બને ?'

મંત્રી ગર્દભિલ્લના નાશ માટે લાગ શોધતો હતો ત્યાં યવરાજર્ષિ વિશાલામાં પધારે છે તે શબ્દ તેના કાને પડયા. મંત્રીએ માન્યું કે 'યવરાજર્ષિ તપસ્વી છે. અને જૈન મુનિ થયા બાદ તેમણે કોઇ વિદ્યા સાધી હશે. તો તે મારી અણુલ્લિકાની સંતાડવાની વાત પ્રગટ થયા વિના નહિ રહે. રાજા દેશના બાદ સૌ પહેલાં અણુલ્લિકા કયાં મળશે તેજ પુછશે. અને જૈન સાધુઓ આવી અગમ અગોચર વાતને જ્ઞાનથી સારી રીતે જાણી શકે છે. આ વાત પ્રગટ થઇ તો મારૂં આવી બન્યું. માટે આનો કાંઇ ઘાટ તો ઘડવોજ જોઇએ.'

મંત્રી મુંઝાયો થોડીવાર તે ગુંચવાયો પણ પછી કાંઇક યુક્તિ જડતાં આનંદ પામતો ગર્દભિલ્લ પાસે ગયો અને બોલ્યો.

'રાજન્ ! સાંભળ્યું છે કે યવરાજર્ષિ કાલે આપણી નગરીમાં પધારવાના છે.'

'મારૂં અહોભાગ્ય કે પિતાનાં હું દર્શન પામીશ અને તેમના ઉપદેશનું પાન કરીશ' રાજાએ આનંદ બતાવતાં કહ્યું.

'રાજેન્દ્ર ! તે ઉપદેશ આપવા નથી આવતા. તે તો ચારિત્રથી કંટાળ્યા છે એટલે રાજ્ય પાછું લેવા આવે છે.'

'મંત્રી ! એમણે મને રાજ્ય આપ્યું હતું અને તે પાછું લે તો ભલે ને લે. મારે જવાબદારી ઓછી સંભાળવી રહી.'

'રાજન્! રાજ્યની પ્રાપ્તિ દુષ્કર છે. રાજ્ય માટે તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કેઇ પુત્રોએ પિતાના જીવ લીધા છે. આપને રાજ્ય છોડવું હોય તો ભલે છોડો. પછી મળવું મુશ્કેલ થશે. મને તો આપનું હિત લાગ્યું માટે આ સમાચાર આપ્યા છે.'

ગર્દભિલ્લ થોડો વખત ગુંચવાયો એક વખત એ એવા વિચારમાં આવ્યો કે 'ભલે ને પિતા રાજ્ય લે બીજીવાર એ પણ વિચારે ચડયો કે આજે હું ખમા ખમા પોકારાઉંછું અને વૈભવથી રાચુંછું તે બધો રાજ્યસત્તાનો પ્રતાપ છે રાજ્ય ગયા પછી મારી કિંમત કોડીની રહેશે પિતા રાજ્ય કરતા હોય અને હું તેમની નિશ્રામાં હોઉં તે જુદી વાત છે. પણ હવે રાજ્ય ઉપરથી મારે ઉઠી જઇ તેમને રાજ્ય સોંપવું પડે તે તો મારૂં અપમાન જ છે.'

( ૪ )

મંત્રીથી ભરમાયેલો ગર્દભિલ્લ પિતાનો જાન લેવા સમશેર લઈ છુપાવેષે જ્યાં રાજર્ષિ ઉતર્યા હતા તે કુંભારને ઘેર આવ્યો.

કુંભારનું ઘર નાનુશું હતું બારણાં બંધ હતાં દૂર દૂર છેટે એક ઝીણો દીવો બળતો હતો. રાજાએ બારણાની તડમાંથી નજર નાંખી તો તુર્ત યવમુનિ બેઠા થઇ બોલ્યા.

'ओहावसि पहावसि'

ગર્દભિલ્લ આ ગાથા સાંભળી વિચારવા લાગ્યો 'પિતા તો મહા જ્ઞાની છે તે બોલ્યા કે 'અલ્યા ગર્દભિલ્લ ! તું ઉતાવળો ઉતાવળો આવી મને જુએ છે પણ મને તો કયારનીય ખબર પડી ગઇ છે કે તું યવનો (મારો) નાશ કરવા આવ્યો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગર્દભિલ્લે વિચાર્યું કે 'પિતા મારા અભિપ્રાયને જાણી ગયા છે અને સાવધ થયેલા તેમને હણવામાં બહુ સાર નહિ. લાવ ! હું તેમની પાસે જાઉં અને એમને પગે પડીને કહું કે ભગવંત મારી ભૂલ થઈ મને ક્ષમા આપો. આપે મારો અભિપ્રાય તો જાણી લીધો પણ અણુલ્લિકા ક્યાં ગઇ તે તો જણાવો.' આ વિચાર કરે છે ત્યાં તો યવ-મુનિ બોલ્યા.

'अओ गया तओ गया जोइज्जंति न दीसइ

ગર્દભિલ્લે આ ગાથા સાંભળી તેનો અર્થ કર્યો કે જ્ઞાની મુનિ કહે છે કે તારી બહેન ભોંયરામાં કોઇએ સંતાડી છે.

યવ મનમાં બોલ્યો કોઇએ સંતાડી છે તેથી શું વળ્યું કોણે સંતાડી તે અને શામાટે સંતાડી છે તે જાણ્યું હોય તો એનો ઉપાય થાય ને ? શું મુનિ તેનો ખુલાસો નહિ કરે ? ગર્દભિલ્લ આ વિચારે ત્યાં તો મુનિએ તુર્ત ત્રીજો શ્લોક ઉચ્ચાર્યો.

सुकुमाल कोमलं मद्दलया ।

ગર્દભિલ્લ આ શ્લોક સાંભળી રાતો પીળો થઈ બોલ્યો 'હાં સાચી વાત જાણી મુનિ કહે છે કે ' અલ્યા ગર્દભ ! મારે તારૂં કાંઇ રાજ્ય જોઇતું નથી તું મારો જરાય ભય રાખીશ નહિ તારે ભય હોય તો માત્ર દીર્ઘપૃષ્ઠનો છે તેજ તારૂં રાજ્ય લેવા ઇચ્છે છે. અને તને મારવા ફરે છે.'

ગર્દભિલ્લે બારણું ઠેલ્યું કુંભારે દ્વાર ઉઘાડયાં ગર્દભ-ભિલ્લ મુનિના પગે પડયો અને રડતો રડતો બોલ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'ભગવંત! મને આ પ્રધાને આપને મારવા કુબુદ્ધિ આપી. અણુલ્લિકાને તેણે ભોંયરામાં નાંખી અને હવે તેનો વિચાર મને મારવાનો છે આ બધું આપ જ્ઞાની સિવાય કોણ સમજાવત. ભગવંત! મારો અપરાધ શાંત કરો મારૂં નામ ગર્દભિલ્લ અને હું ખરેખર બુદ્ધિથી પણ ગર્દભિલ્લજ રહ્યો.'

યવરાજર્ષિ તો આ બધુ સાંભળીજ રહ્યા. તેમણે એકે અક્ષરનો ઉચ્ચાર ન કર્યો અને વિચાર્યું કે **मौनं सर्वार्थसाधनं**

સવારે દીર્ઘપૃષ્ઠને રાજાએ સભામાં બોલાવ્યો. સભામાં આવતાં વેંત દીર્ઘપૃષ્ઠને સૈનિકો દ્વારા પકડાવી લીધો તેનાં ઘરબાર જપ્ત કર્યાં અને ભોંયરામાંથી પોતાની બેનને તેણે મેળવી.

ગર્દભિલ્લ યવરાજર્ષિથી પ્રતિબોધ પામ્યો અને પ્રજા પણ પ્રતિબોધ પામી.

આ પછી યવરાજર્ષિ ગુરૂ પાસે પાછા ફર્યા અને બોલ્યા ભગવંત વગર સમજે મેં આ ત્રણ શ્લોક કર્યા તો તેથી મારો ઘાત થતો અટક્યો અને અનેકને ઉપકાર થયો. ખરેખર મેં સમજપૂર્વક શ્રુતાભ્યાસ કર્યો હોત તો હું શું ન પામત? ત્યારપછી યવરાજર્ષિએ શ્રુતાભ્યાસમાં ચિત્ત પરોવ્યું અને થોડાજ વખતમાં સારો અભ્યાસ કરી તેમણે સ્વશ્રેય સાધ્યું.

(ઉપદેશ પ્રાસાદ)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૮૦

# આ સાચું કે તે સાચું
### યાને
# કામગજેન્દ્ર

### ( ૧ )

**કામગજેન્દ્ર કથા સાંભળતાં કોહિનિ નાવિ વિરાગજી**
**મંગળમાલ અનોપમ પામી સાધી સુખનું માગજી**

[ સીમંધર શોભા તરંગ ]

શ્રાવસ્તી નગરીમાં ભગવાન મહાવીર પરમાત્માને એક યુવાને પુછયું 'ભગવાન્ ? આજ રાત્રિએ મેં જે દેખ્યું અને સાંભળ્યું તે સાચું છે કે ઇન્દ્રજાળ છે ?'

ભગવાને કહ્યું 'ભદ્ર ! તેં જે દેખ્યું અને સાંભળ્યું તે બધું સાચું છે' ભગવાનનો આ ઉત્તર સાંભળી યુવાન રાજી થઇ ચાલ્યો ગયો.

યુવાન ગયો પણ ઇંદ્રભૂતિ ગૌતમગણધર આ પ્રશ્ન અને ઉત્તર સાંભળી આશ્ચર્ય પામ્યા તેમણે ભગવાનને પુછયું 'ભગવંત ! આ યુવાન કોણ ? તેણે આપને શું પુછયું ? અને આપે એવો શું જવાબ આપ્યો કે તે ફરી પુછયા વિના સમાધાન મેળવી ચાલ્યો ગયો.'

ભગવંતે ઇંદ્રભૂતિ ગૌતમને યુવાનનો વૃત્તાન્ત કહેવા માંડયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"અરૂણાભપુર નગરના રાજા રત્નગજેન્દ્રનો આ **કામગજેન્દ્ર** નામનો પુત્ર છે.

કામગજેન્દ્રને **પ્રિયંગુમંજરી** નામે સ્ત્રી છે. આ સ્ત્રી ખુબ ચકોર અને કુમારને મનમાંથી કળી જાય તેવી વિચક્ષણ છે. તેણે કામગજેન્દ્રની પાસે એક વચન લીધું કે 'તમારે કરવું હોય તે કરવું પણ મારાથી કોઇ વાત છાની ન રાખવી' આથી કુમાર કોઇ પણ વાત તેનાથી છાની નહોતો રાખતો.

કામગજેન્દ્ર અને પ્રિયંગુમંજરી આનંદમાં દીવસો પસાર કરવા લાગ્યાં.

(૨)

એક વખત રાજકુમાર કામગજેન્દ્ર ગોખે બેઠો હતો ત્યાં તેની નજર એક છબી ઉપર પડી. તેણે છબીવાળાને પાસે બોલાવ્યો અને પુછયું કે 'આ છબી કોની છે ? તેણે કહ્યું 'કુમાર! ઉજ્જૈનિના રાજવીની રાજકુમારીનું આ ચિત્ર છે. રાજકુમારી છે તો રૂપરૂપનો અંબાર પણ પુરૂષને જોતાં તે દ્વેષ પામે છે અમારા રાજાએ કુમારીનાં ચિત્રો દેશોદેશ મોકલ્યાં છે અને રાજકુમારોનાં ચિત્રો પણ દેશોદેશથી મંગાવ્યાં છે. તેમની નેમ છે કે જેને જોઈ પુત્રી મોહ પામે તેનેજ મારે પુત્રી વરાવવી. કામગજેન્દ્રકુમારે પોતાનું ચિત્ર ચિત્રકારને આપ્યું.

ઉજ્જૈનિની રાજપુત્રી કામગજેન્દ્રનું ચિત્ર જોઇ મુગ્ધ બની, તેનો પુરૂષ જાતિ પ્રત્યેનો દ્વેષ ટળ્યો. ઉજ્જૈનિનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજવી પુત્રીની પલટાયેલી વૃત્તિ જાણી આનંદ પામ્યો અને તેણે તુર્ત રાજસેવકોને અરૂણાભપુર નગરે મોકલ્યા.

અવંતિના દૂતો અરૂણાભનગરની રાજસભામાં આવ્યા તેમણે રત્નગજેન્દ્ર રાજાની આગળ પોતાના રાજાનો સંદેશ જણાવી કામગજેન્દ્રને અવંતી નરેશની રાજકુમારીને પરણવા મોકલવા વિજ્ઞપ્તિ કરી.

રાજાએ કામગજેન્દ્રને અવંતી જવા હૂકમ આપ્યો. કામગજેન્દ્રકુમારે બીજા પરિવાર સાથે પ્રિયંગુમંજરીને પણ સાથે લઇ અવંતી તરફ પ્રયાણ કર્યું.

( ૩ )

રાત પડતાં અરૂણાભનગરથી થોડે દૂર જંગલમાં કામગજેન્દ્રકુમારનો પ્રથમ મુકામ થયો. તંબુઓ અને રાવટીઓ નંખાઇ. મધ્યના મુખ્ય તંબુમાં એક વિશાળ શય્યામાં રાજકુમાર કામગજેન્દ્ર ઉંઘતો હતો ત્યાં તેને કોઇ સુંવાળો સ્પર્શ થયો. કુમાર જબકીને જાગ્યો તો બે રૂપવંતી યુવાન સ્ત્રીઓને તેણે દેખી. શરૂઆતમાં તો તે આશ્ચર્ય પામ્યો પણ તેમના રૂપનો ખ્યાલ આવતાં તે બોલ્યો. 'બાળાઓ ! તમે દેવીઓ છો કે મનુષ્ય ?'

બાળાઓ તુર્ત કામગજેન્દ્રની વિકારી આંખ પારખી ગઇ અને તે બોલી 'કુમાર ! અમે વિદ્યાધર પુત્રીઓ છીએ જરૂરી કામ માટે તમારી પાસે આવ્યાં છીએ તે કામ તમારે કરવું પડશે.'

કુમાર બોલ્યો 'મારાથી શકય હશે તો હું જરૂર કરીશ.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'વૈતાઢ્ય પર્વતની ઉત્તર શ્રેણિમાં **આનંદમંદિર** નામનું નગર છે. આ નગરના રાજા પૃથ્વીસુંદર અને રાણી મેખલાને **બિન્દુમતી** નામની રાજકુમારી છે. આ બિન્દુમતી યુવાન વયને પામી છતાં તે લગ્નને ઇચ્છતી ન હતી. એકવાર તે અને અમે બધાં ઉદ્યાનમાં રમતાં હતાં ત્યાં એક કિન્નર યુગલના મુખથી અમે તમારા ગુણગાન સાંભર્યાં. આ ગુણગાન સાંભરતાંજ વગર દેખે અમારી સખી બિન્દુમતી તમારા ઉપર આસકત થઇ શુદ્ધિ ગુમાવી બેઠી અને આપનું નામ બોલવા માંડી. અમે પ્રજ્ઞપ્તિ વિદ્યાથી તમારી તપાસ કરી તો તમને અહિં દેખ્યા. રાજકુમાર! આપ અમારી સાથે વિમાનમાં ત્યાં પધારો અને તેનું ઇચ્છિત કરી તેને જીવિતદાન આપો. આ અમારી પ્રાર્થનાનો આપ સજ્જન ભંગ તો નહિં જ કરો ?'

કુમાર આ સાંભળી રાજી થયો છતાં સ્ત્રીથી વચનબદ્ધ હોવાથી તે બોલ્યો 'તમે કહ્યું તે મુજબ હું કરવા તૈયાર છું પણ સૌ પ્રથમ હું મારી સ્ત્રી પ્રિયંગુમંજરીની સલાહ લઇ તમને જવાબ આપીશ.'

વિદ્યાધરીઓ બોલી 'કુમાર! આ શું કહો છો. સ્ત્રીની સલાહ! સ્ત્રી તે વળી શોકય માટે કોઇદીવસ રજા આપે ખરી! અને તમે '**स्त्रीनायक गृहं नष्टं**' જ્યાં સ્ત્રીનું વર્ચસ્વ હોય ત્યાં ઘરનો નાશ થાય' તે નથી સાંભળ્યું.

તમારૂં કહેલ નીતિવચન બરાબર છે પણ મેં મારી સ્ત્રીને તેનાથી કાંઇપણ છાનું ન રાખવાનું વચન આપ્યું છે અને ક્ષત્રિયપુત્રનું આપેલું વચન નીતિવચન કરતાં પણ ચડી જાય છે તેથી મારે તે પાળવું જ જોઇએ.' તેણે પ્રિયં-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુમંજરીને વિદ્યાધરીઓની બધી વાત કહી તેની સંમતિ માગી.

પ્રિયંગુમંજરીએ વિદ્યાધરીઓને કહ્યું 'બાળાઓ. સુખેથી મારા પતિને લઇ જાઓ. બિન્દુમતીને હું શોકય નહિ પણ બેન ગણીશ પણ તેમને તુર્ત પાછા લઇ આવવાનો બોલ આપી લઇ જાઓ.'

વિદ્યાધરીઓએ તુર્ત પાછા મુકી જવાના સોગંદ લીધા અને તે પછી કામગજેન્દ્રને વિમાનમાં બેસાડી વૈતાઢય તરફ ઉપડી.

( ૩ )

વિમાન ઉપાડયા બાદ થોડા જ વખતમાં પ્રિયંગુમંજરીના હૃદયમાં પશ્ચાતાપ થયો. તે મનમાં બોલી. 'રાત્રિએ આવેલી આ સ્ત્રીઓ ખરેજ વિદ્યાધરીઓ હશે તેની શી ખાત્રી ! પતિને હરવા આવેલી સ્ત્રી મને તે પાછો આપશે તેવું મારૂં માનવું શું વધુ પડતું નથી ? અરે મારો ગણાતો પતિ નવી લલનામાં લુબ્ધ બની તેને મારી કેમ નહિ કરે ? મેં જંગલ અને એકલા અટુલાપણાનો કાંઇ વિચાર કર્યા વિના કેમ હા પાડી?' તેની આંખમાં આંસુ આવ્યાં તેણે ઘડીક આકાશમાં જોયું તો ઘડીક જંગલની દિશાઓ તરફ દ્દષ્ટિ ફેંકી.

આ બળાપામાં પ્રહર વીત્યો ત્યાં ઉત્તર તરફથી ઝળહળતું એક વિમાન આવ્યું. તેમાં કામગજેન્દ્રને દેખી પ્રિયંગુમંજરી આનંદ પામી. વિદ્યાધરીઓએ 'બહેન ! સંભાળી લો તમારા પતિદેવને' કહી કામગજેન્દ્રને નમી વિમાન દ્વારા આકાશમાં ઉડી ગઇ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૪ )

વિદ્યાધરીઓના ગયા બાદ પ્રિયંગુમંજરીએ પતિને ધીર-ગંભીર અને કાંઈક વિષાદગ્રસ્ત દેખી પુછયું ' નાથ ! થોડાક સમયના પરિચયે શું બિન્દુમતીએ તમારૂં હૃદય લઈ લીધું? લઈજ લેને? કેમકે તે કુંવારી બાળા અને કુશળ વિદ્યાધર પુત્રી છે. નાથ ! હું તેના ગુણોની પ્રશંસા સાંભળી રાજી થઈશ. તેને મારી બેન ગણીશ. આપ અહિંથી ગયા પછી શું થયું તેની બધી વાત કહો મને પણ તમારા ઉત્કર્ષના આનંદ જળમાં સ્નાન કરવા દો.'

'દેવિ ! શું કહું તું માને છે કે હું બિન્દુમતીને પરણી આવ્યો પણ ખરેજ હું તો કાંઈ નવુંજ અનુભવી આવ્યો છું.'

'નાથ ! શું બિન્દુમતીને તમે ન પરણ્યા?'

'ના. અને હવે મને તેનો મોહ પણ રહ્યો નથી. દેવિ ! હું અહિંથી ગયા પછી જે બન્યું તે હું કહું છું.

"હું અને વિદ્યાધરીઓ વૈતાઢયના એક ઉદ્યાનમાં ગયાં. ત્યાં એક યુવાન સ્ત્રી મૂર્ચ્છા ખાઈ પડી હતી. આ સ્ત્રીને જોતાં પેલી બે વિદ્યાધરીઓ બેફાટ રોવા લાગી. અને તે મારી નજર આગળ ચિતા ખડકી બિન્દુમતી સાથે ભડભડ બળી મરી.

હું અવાક્ બન્યો આ ત્રણ સ્ત્રીઓ મારા નિમિત્તે બળી મરેલી જોઈ હું પણ બળી મરવા તૈયાર થયો ત્યાં એક વિદ્યાધર યુગલ બોલ્યું 'પુરૂષ પાછળ સ્ત્રીઓ સતી થાય તે તો જાણ્યું છે. પણ સ્ત્રી પાછળ પુરૂષ સતા થનારામાં તો આ એકજ લાગે છે' હું અચકાયો. અને એક વાવમાં પાણી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લેવા ઉતર્યો. મારી ઇચ્છા વાવમાંથી પાણી લઇ આ મૃતકોને જલાંજલિ આપવાની હતી. પણ જ્યારે હું વાવની બહાર નીકળ્યો ત્યારે મેં કાંઇ જુદું જ જોયું.

પ્રિયંગુમંજરી ! ન મળે ત્યાં વૈતાઢય પર્વત કે ન મળે પેલાં કોઈ મૃતકો કે તેમની ચિતાના ભડકા. ત્યાં તો મેં પાંચસો ધનુષ્યની ઉંચી કાયવાળા માનવો જોયા. અને તે બધા સીમંધરસ્વામિના સમવસરણમાં આનંદથી જતા નીહાળ્યા. વાવથી હું બે ડગલાં દૂર ગયો ત્યાં બે દેવો આવ્યા અને મને ખભે બેસાડી શ્રી જિનેશ્વર ભગવંતના સમવસરણમાં લઇ ગયા. આખી પર્ષદા વેંતીયા એવા મને જોઈ રહી. હું તે બધાનાં આશ્ચર્ય રૂપ થયો. દેવિ ! મને ભગવાનનાં સાક્ષાત્ દર્શન થયાં. હજારો સૂર્ય કરતાં પણ તેમનું તેજ ઘણું હતું છતાં તે આલ્હાદક હતું. મને બિન્દુમતી ન મળી તેનો પશ્ચાતાપ કે મારી પાછળ તે બળી મરી તેની દીલગીરિ ન સ્પર્શી. હું વિહરમાન તીર્થંકર દેવનાં દર્શન પામી મારી જાતને અહો ધન્ય માનવા લાગ્યો. ત્યાં ભગવાનના સમવસરણમાં બેઠેલા રાજાએ મારી સામે આંગળી બતાવી પુછયું 'ભગવંત ! આ કોણ છે ? અને અહિં કઇ રીતે આવેલ છે ?'

ભગવંતે કહ્યું 'રાજન્ ! આ ભરતક્ષેત્રના અરૂણાભપુર નગરના રાજાનો પુત્ર કામગજેન્દ્ર છે. પૂર્વભવમાં તેણે પોતાના મિત્ર દેવો સાથે સમ્યક્ત્વ ધર્મ પમાડવાનો સંકેત કરેલો તેથી તે મિત્ર દેવ બે વિદ્યાધરીનું રૂપ લઈ તેની પાસે ગયા. તેઓ આ રાજકુમાર વધુ વિષય લોલુપી હોવાથી તેમણે તેને વિદ્યાધર પુત્રી પરણાવવાનું જણાવી ઉપાડયો અને તેઓ અહિં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારી પાસે લાવ્યા છે. આ પછી ભગવાને સમકિતનું સ્વરૂપ કહ્યું હોવ! તે સમકિતને મેં ભાવથી ગ્રહ્યું.

રાજાએ ફરી ભગવાનને પુછયું ' ભગવંત! કામગજેન્દ્રને અને દેવોનો એવો શો સંબંધ છે કે તેમણે આટલો પ્રયાસ કર્યો? અને તેનો પૂર્વભવ શું છે?

દેવિ! મારો પૂર્વભવ વૈરાગ્યોત્પાદક હોવાથી ભગવાને પર્ષદા સમક્ષ તેમણે શ્રીમુખે કહ્યો.

"પાટલીપુત્ર નગરમાં **જયવર્મા** નામનો રાજા હતો. આ રાજાના પુત્ર **શંબરશીલને મોહદત્ત** નામનો પુત્ર હતો રાજન્! આ મોહદત્ત તે સામે બેઠેલ કામગજેન્દ્રનો જીવ.

આ નગરમાં જુદા જુદા રાજાઓને રાજાના સંદેશા પહોંચાડવામાં કુશળ રાજાનો એક રાજદૂત રહેતો હતો. આ રાજદૂતને **વનદત્તા** નામની સુંદર કન્યા હતી. આ કન્યાનું પરિપોષણ કરવા રાજદૂતે **સુવર્ણદેવા** નામની એક દાસી રાખી હતી.

રાજા જયવર્માની સભામાં તેની ચાકરી કરતો એક આધેડવયનો પરદેશી પરાક્રમી ક્ષત્રિય પુત્ર હતો તેનું નામ **તોસલકુમાર** હતું.

એક વખત ઉદ્યાનમાં વનદત્તા અને તેની ધાવમાતા ફરતાં હતાં ત્યાં જયવર્માનો પૌત્ર મોહદત્ત રાજકુમાર ત્યાં આવ્યો. વનદત્તા અને મોહદત્તની દૃષ્ટિ પરસ્પર મળી બન્નેની દૃષ્ટિ સ્થિર થતાં થોડીજ ક્ષણમાં તે બન્ને કામથી દ્રવિત થયાં. સુવર્ણદેવા આ બન્નેનો આશય સમજી તેમને એકાંત સ્થાનમાં રાખવાની ગોઠવણ કરતી હતી. ત્યાં ક્ષત્રિયપુત્ર તોસલે વનદત્તાને જોઇ.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વનદત્તાને જોતાં "તે પણ કામાતુર બન્યો તેણે આસપાસ જોયું તો કોઇ ન દેખાયું તેથી તેણે તરવાર કાઢી વનદત્તાને ડરાવી બગલમાં ઉપાડી. વનદત્તાએ 'બચાવો બચાવો'ની બૂમો મારી. નજીકમાંજ રહેલો મોહદત્ત આ બૂમો સાંભળી દોડી આવ્યો અને તેણે એકજ ઘાએ તોસલકુમારનું માથું ઉડાવી દીધું.

વનદત્તા હૃદયથી મોહદત્તને ઇચ્છતી તો હતીજ તેમાં તેણે પોતાના ઉપર બળાત્કાર કરવા ઇચ્છતા તોસલને માર્યો તેથી તે તેના ઉપર અધિક સ્નેહવાળી થઇ. આ પછી બન્ને એક લતાગુલ્મમાં ગયાં. અને ભોગની તૈયારી કરવા લાગ્યાં ત્યાં એકદમ અવાજ આવ્યો.

**જનક મારીને જનની આગે, ઇચ્છે રમવા જામી,**
**મૂઢપણું વળી બીજું કેવું, એહવું કોણ હોય કામી**

બાપને મારી માતાની સમક્ષ બેનની સાથે ભોગ ભોગવવા તૈયાર થયેલ મૂર્ખ માનવ અટક.

મોહદત્તે ચારે બાજુ નજર નાંખી તો કોઇ ન દેખાયું. તે ફરી તૈયાર થયો ત્યાં બીજીવાર એજ મુજબ અવાજ આવ્યો. કુમાર ગભરાયો તે સમજ્યો કે કોઇ યક્ષ કે વ્યંતરનો અવાજ હોવો જોઇએ. તે લતા મંડપની બહાર આવ્યો અને આમ તેમ જોયું તો તેણે એક મુનિને દેખ્યા. મોહદત્ત મુનિને નમી બોલ્યો.

"ભગવંત! હમણાં એક અવાજ આવ્યો કે 'તું તારા પિતાને મારી તારી માતા સમક્ષ બેનને ભોગવે છે' તે શું?"

મુનિએ કહ્યું "કુમાર! વિષય માણસને અંધ બનાવે છે તેમાં પણ તે વેગમાં આવે છે ત્યારે માનવ કૃત્ય અકૃત્ય સાવ વિસરી જાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વનદત્તા તારી સગી બેન છે અને જેને તેં હમણાં એકજ તલવારના ઝાટકે માર્યો તે તોસલ તારો સગો પિતા છે. તમને અને વનદત્તાને ભોગમાં ઉત્તેજિત કરનાર દાસી સુવર્ણદેવા એ તારી સગી માતા છે."

મોહદત્તનું માથું ચક્કર ચક્કર ફરવા માંડયું તે વિચારવા લાગ્યો કે હું આ શું સાંભળું છું. જન્મથી જાણું છું કે મારા પિતા શંબરશીલ છે. અને આ બધા માણસો તો અમારા રાજ્યના માણસો છે તે પણ હું જાણું છું. મુનિની વાણીમાં શંકા પણ કેમ રખાય ?

તે બોલ્યો 'ભગવંત ! આપ આ બધી વસ્તુ સ્પષ્ટતાથી સમજાવો.'

કુમાર ! સાંભળ....

" કોશલાનગરીના રાજા કોશલને તોસલ નામનો પુત્ર હતો, તે પુત્ર કોશલા નગરીના **નંદન** શેઠની રૂપવતી સ્ત્રી સુવર્ણદેવામાં આસકત થયો. નંદન શેઠ તો પરદેશ હતા અને આ બાજુ સુવર્ણદેવા ગર્ભવતી થઈ. રાજાને ખબર પડી કે તોસલનું કુકૃત્ય છે. એટલે તેણે તોસલને ધમકાવ્યો અને પોતાના દેશની બહાર કાઢયો. તિરસ્કૃત થયેલ તોસલ પાટલીપુત્રમાં આવ્યો અને જયવર્માનો સેવક થઇ રહ્યો.

સુવર્ણદેવાને પણ તેના સગાઓએ ધુત્કારી કાઢી મુકી ગર્ભવતી સુવર્ણદેવા આશરા વિનાની રખડતી રખડતી જંગલમાં આવી ત્યાં તેણે પુત્ર અને પુત્રીનો જન્મ આપ્યો. આ પુત્ર પુત્રીને સાડલામાં ગાંઠમારી બે બાજુ બોઇ જેવું કરી બાંધી સુવર્ણદેવા અશુચિ સાફ કરવા નજીકની નદીએ આવી. ત્યાં એક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાઘ આવ્યો. વાઘ લોહીના ડાઘાવળા આ કપડાને વચમાંથી ઉપાડી નાઠો પણ તેમાંથી એક બાજુની ગાંઠ ઢીલી પડવાથી છોકરી રસ્તામાં પડી ગઈ. વાઘ કપડું લઈ નાસતો હતો ત્યાં શંબરશીલની સમમમ કરતી એક ગોળી તેને વાગી અને તેથી વાઘ તરફડી ત્યાંજ મૃત્યુ પામ્યો. વાઘને એક ગોળીએ મરેલો જાણી શંબરશીલ પોતાનું પરાક્રમ નિહાળવા વાઘના મૃતક પાસે આવ્યો તો તેણે પાસે એક છોકરાને પડેલો દેખ્યો. કુમાર ! આ છોકરાને તેણે ઉપાડયો તેણે તેનું નામ બાળ-પણમાં વ્યાઘ્રદત્ત રાખ્યું પણ તે નામ ઠીક લાગતાં રાજ-સેવકોએ તેને મોહદત્ત કહી બોલાવ્યો.

કુમાર મોહદત્ત ! થોડીજ વારે રાજદૂત આ માર્ગથી પસાર થયો. તેને માર્ગમાં પેલી રસ્તામાં પડેલી છોકરી હાથ આવી. તેણે તેને ઉપાડી પોતાની સ્ત્રીને આપી. અને તેણે તે વનમાંથી મળેલી હોવાથી વનદત્તા નામ રાખી પોતાની સ્ત્રીને ઉછેરવા આપી.

સુવર્ણદેવા અશુચિ દૂર કરી પુત્ર પુત્રીને લેવા આવી તો ન મળે સાડલો કે ન મળે પુત્ર કે પુત્રી. તે ખુબ રડી અને જંગલમાં ઠેર ઠેર રઝળી. ટીચાતી અથડાતી સુવર્ણદેવા પાટલીપુત્રમાં આવી અને જે રાજદૂતે છોકરીને ઉપાડી હતી તેને ત્યાંજ તે દાસી તરીકે રહી. સુવર્ણદેવા જાણતી નથી કે વન-દત્તા મારી પુત્રી છે અને વનદત્તા પણ જાણતી નથી કે સુવર્ણદેવા માતા છે. કુમાર! વનદત્તાનું ચિત્ત તને દેખતાં મોહિત થયું આથી આ સુવર્ણદેવાએ તમને બન્નેને અનુકુળતા કરી આપવા એકાંતસ્થાનની તપાસ કરવા માંડી. આજ અરસામાં સગો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તારો પિતા તોસલ ત્યાં આવ્યો અને તે પોતાની પુત્રી વનદત્તાને જોઈ કામુક બની બળાત્કાર કરવા લાગ્યો.

મોહદત્ત! તેં તારા પુત્રીકામુક પિતા તોસલને તલવારના ઝાટકે ઠાર કરી તેનું પાપનું ફળ ચખાડયું પણ તું પોતેજ એનનો ઇચ્છક બની પાપ કરવા તૈયાર થયો છે તેનું ફળ તો તને કર્મરાજા જ ચખાડશે !"

મોહદત્તનું હૃદય પલટાણું. તે ધ્રુસકે ધ્રુસકે રોઈ હૃદય હલકું કરી બોલ્યો 'ભગવંત ! હું માનવ થઈ પશુ કરતાં પણ શું ભુંડો ? આપ તારકે સાચી વાત ન સમજાવી હોત તો હું કયાં જઈ અટકત ? ભગવંત ! મને દીક્ષા આપો.'

મુનિએ તેને **ધર્મનંદન**મુનિ પાસે જઈ દીક્ષા લેવાનું સૂચવ્યું. કેમકે તે ચારણશ્રમણ હોવાથી તેમણે તને દીક્ષા નહિ આપી. મોહદત્ત ત્યાં ગયો અને તેણે દીક્ષા લીધી.

મોહદત્ત મુનિ **ચંડસોમ, માનભટ, માયાદિત્ય** અને **લોભદેવ** નામના પોતાના ચાર સહચર મુનિ સાથે સંયમને શુદ્ધ રીતે પાળી સૌધર્મ દેવલોકમાં ગયા. મોહદત્ત પદ્મદેવ થયો અને તેના સહચર મિત્રો પદ્મપ્રભ, પદ્મસાર, પદ્મવર અને પદ્મચંદ્ર નામના દેવ થયા. (૬)

આ દેવો એકવાર ધર્મનાથ ભગવાનના સમવસરણમાં ગયા અને તેમણે મૂષકરાજનું દષ્ટાન્ત સાંભળ્યું તેથી તેમણે એકબીજાને ધર્મ પમાડવાનો સંકેત કર્યો.

રાજન્! પદ્મદેવ મરી કામગજેન્દ્ર કુમાર થયો. તેને પ્રતિબોધવા તેના મિત્રોએ વિદ્યાધરી અને બિન્દુમતીનો પ્રસંગ યોજી તને અમારી પાસે મુકયો.' આ પછી મેં મારા પૂર્વભવ સાંભળી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભગવાનના અતિશયની પ્રશંસા કરવા મુખ ઉંચું કર્યું. તો 'હે દેવિ! ન મળે ભગવાનનું સમવસરણ કે ન મળે કોઈ પર્ષદા. મેં જોયું તો આપણો તંબુ જંગલ અને તું.

'દેવિ! શું ભગવાનની વાણી. શું તેમનો મહિમા!

પ્રિયંગુમંજરિ! એક પ્રહરમાં હું ત્યાં ગયો. દેશના સાંભળી અહિં આવ્યો આ બધું શું? ખરેખર આ બધું સત્ય હશે કે કોઈ દેવની માયા હશે? મેં સાંભળ્યું છે કે નજીકમાંજ ચરમતીર્થંકર દેવાધિદેવ **મહાવીર** પરમાત્મા પધાર્યા છે. તો તેમને પુછું કે 'ભગવંત! આ સાચું કે તે સાચું?"

ગૌતમ! આ કામગજેન્દ્રે મને રાતનો વૃત્તાંત પુછયો તેનો જવાબ મેં આપ્યો કે તેં જોયું તે બધું સાચું. મારા આ ટુંકા પ્રત્યુત્તરે તેનું બધું સમાધાન થયું છે અને તે થોડા જ વખતમાં સ્ત્રીની અનુમતિ લઈ દીક્ષા લેવા આવશે.

( ૭ )

થોડા જ વખત બાદ કામગજેન્દ્ર ભગવાન પાસે આવ્યો અને બોલ્યો 'ભગવંત! મેં મારા પૂર્વભવ સીમંધર પરમાત્મા પાસે સાંભળ્યા છે અને આપે તે સાંભળેલ પૂર્વભવને યથાર્થતા જણાવી છે. ભગવંત! મને આપનું શરણ હો. કામગજેન્દ્રે ભગવાન પાસે દીક્ષા લીધી. તેના પૂર્વભવના દેવો પણ દેવભવથી ચ્યવી અનુક્રમે મનુષ્ય થયા અને તેમણે પણ દીક્ષા લીધી.

આ પાંચે મુનિઓ અંતે સંલેખના કરી કેવળજ્ઞાન પામી નિર્વાણ પામ્યા.

( કુવલયમાલા અને સીમંધરશોભા તરંગ )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૮૧

# તપ
## યાને
# કામલક્ષ્મી

## (૧)

વિશાલાપુરી નગરના રાજમાર્ગ ઉપર સાંજના વખતે એક ભરવાડણ દૂધ દહીંના બે ત્રણ મટકાં માથા ઉપર મુકી 'દૂધ લેવું હોય તો દહીં લેવું હોય તો'ની બૂમો પાડતી હતી. આ વખતે વિશાલાપુરીના રાજા **સુરતેજ**નો રાજ્ય પુરોહિત **વેદવિચક્ષણ** ત્યાંથી પસાર થયો. આ વેદ વિચક્ષણ કોઇ પરદેશી બ્રાહ્મણ હતો. પણ તે પોતાની વિદ્યા અને કળાથી રાજાને પ્રિય થઇ પડયો હતો અને જતે દીવસે તે રાજાનો પુરોહિત થયો હતો. ભરવાડણને જોતા તે વિચારવા લાગ્યો કે 'શું આનું નૈસર્ગિક સુંદર રૂપ છે. ખરેખર આ સ્ત્રી રાજા કે શેઠશાહુકારને ત્યાં રહેવા સર્જાવેલી છે છતાં કુદરતે તેને કેવા ઝાડા કપડામાં લપેટી ભરવાડને ત્યાં નાંખી છે. રત્નો ઉકેડે હોય તે આનું નામ.' આ વિચારમાં પુરોહિત થોડાં ડગલાં આગળ ચાલ્યો ત્યાં 'ભાગો નાસો' કરતા લોકો નાસવા માંડયા. પુરોહિતે જોયું તો રાજાનો એક હાથી ગાંડો થવાથી લોકો નાસતા હતા. પુરોહિત પણ એક ઘરના એક ઉંચા ઓટલા ઉપર ચડી ટોળાને જોવા માંડયો ત્યાં પેલી દૂધ વેચ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાવાળી ભરવાડણ અને એક પાણીનું બેઢું ભરી આવતી કોઇ સ્ત્રી પરસ્પર અથડાણી. ભરવાડણનાં દૂધ દહીં વેરાઇ ગયાં અને પેલી બાઇનું બેઢું ફુટી ગયું, બેડાવાળી બાઇને રોતી દેખી પુરોહિતે કહ્યું 'બાઇ ! શા માટે રૂવે છે ? બેઢું તો કાલે નવું આવશે. તું હાથીની હડફેટમાં આવી હોત તો તારૂં શું થાત ?'

બાઈ બોલી 'ભાઇ ! મારી સાસુ ઘણી વઢકણી છે. ઘરમાં મને પેસવા પણ નહિ દે અને ખાવા પણ નહિ આપે. ને છણકા કરતી કહેશે કે હાં આવો બગાડ કરવો છે ને ગળચવું છે.'

વેદવિચક્ષણને આ બાઈની દયા આવી તેથી તેણે તેને નવું બેઢું આવે તેટલા પૈસા આપ્યા. વેદવિચક્ષણે બેઢાવાળીનું મન મનાવી ભરવાડણ સામું જોયું તો તેનું મોઢું જરાયે પડી ગયું નહોતું. દહીં દૂધ અને માટલાં ફુટી ગયાં હતાં છતાં તે તો જાણે કાંઇ નજ બન્યું હોય તેવી શાંત ઉભી હતી. વેદવિચક્ષણને આ જોઇ આશ્ચર્ય થયું અને તેણે પુછયું 'બાઈ ! આનું બેઢું ફુટયું તેમાં તે ધ્રુસકે ધ્રુસકે રોવા માંડી. અને તારૂં તો દહી દૂધ બધું ગયું છતાં કેમ તને કાંઈ પણ દુઃખ કે શોક નથી ?'

ભરવાડણ બોલી 'ઘણા દેવાવાળાને દેવાની શી ચિંતા ? અને ઘણા દુઃખવાળાની દુઃખની શી ચિંતા ? ભાઈ ! મેં એટલાં બધાં દુઃખ વેઠયાં છે કે આ દુઃખ તેની આગળ કાંઇ ગણત્રીનું જ નથી. મારૂં કાંઈ જવાનું બાકી જ રહ્યું નથી. હું દહિ દૂધને શું રડું ?'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુરોહિતે કહ્યું 'બાઇ એવું તો તેં શું દુઃખ વેઠયું છે કે તને દુઃખની અસર જ થતી નથી.?'

'ભાઇ ! મારૂં દુઃખ કેવળ દુઃખ નથી પણ કુચારિત્રની પરિસીમા છે અને તે કહેવામાં મારી પોતાની જાંઘ ઉઘાડવા જેવું છે. છતાં દુઃખિયારાને દુઃખ કહેવાથી તે દુઃખ કંઇક ઓછું થાય છે. તો જો તારે સાંભળવું જ હોય તો રસ્તામાં શું કહું ? તમને ફુરસદ હોય તો પાસેની વાડીમાં આવો અને બેસીને બધો મારો વૃતાન્ત સાંભળો.'

રાજ્યપુરોહિતને અજાણી સ્ત્રી સાથે બેસવું ઠીક તો ન લાગ્યું પણ તે વૃત્તાંત જાણવાની ઉત્કંઠા રોકી ન શકયો તેથી તે વાડીમાં ગયો.

ભરવાડણે પોતાનું દુઃખ નિઃસાસો મુકી કહેવા માંડયું.

( ૨ )

"લક્ષ્મીતિલક નગરમાં નિર્ધન **વેદસાર** નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. આ બ્રાહ્મણને પતિ ઉપર પ્રેમવાળી **કામલક્ષ્મી** નામે સ્ત્રી હતી. વેદસાર દુઃખીયો હતો છતાં કામલક્ષ્મીના પ્રેમ અને વિનયે તેનું દુઃખ ભુલાવી દીધું હતું. આ બન્ને દંપતીને પરણ્યા પછી થોડા જ વખતમાં એક પુત્ર થયો. આનું નામ એમણે **વેદવિચક્ષણ** પાડયું. આ વેદવિચક્ષણ એક વર્ષનો લગભગ થયો હશે તે વખતે એક વાર તેની માતા કામલક્ષ્મી કુવે પાણી ભરવા ગઈ. તે પાણીનું બેડું ભરી પાછી ફરતી હતી ત્યાં તેણે સાંભળ્યું કે શત્રુના સૈન્યની બીકથી નગરના બધા દરવાજા દરવાનોએ બંધ કરી દીધા છે. બહાર રહેલા માણસો આમ તેમ ભાગવ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માંડયા. તેની સાથે કામલક્ષ્મી પણ બેઢું ફેંકી દઇ બચવા માટે નાસવા માંડી. પણ તે નગરને ઘેરો ઘાલી બેઠેલો ક્ષિતિ પ્રતિષ્ઠિત નગરના રાજા **મકરધ્વજ**ના કોઇ સેવકના હાથમાં સપડાઇ ગઇ. આ સેવકે કામલક્ષ્મીને રૂપાળી દેખી મકરધ્વજ રાજાને સોંપી.

ઘેરાને ઘણા દીવસ થતાં પ્રજા અન્ન અને પાણી વિના ટળવળવા લાગી આથી લક્ષ્મીતિલકનગરના રાજાએ મકરધ્વજને ભેટો અને ખંડણી આપી નગર ઉપરથી ઘેરો ઉઠાવી લેવરાવ્યો પછી મકરધ્વજ સૈન્ય લઈ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે આવ્યો અને સાથે તે કામલક્ષ્મીને પણ ત્યાં લેતો આવ્યો. રાજા કામલક્ષ્મીમાં એટલો બધો લુબ્ધ બન્યો કે તેને બીજી ઘણી રાણીઓ હોવા છતાં તેણે કામલક્ષ્મીનેજ પટરાણી બનાવી.

કામલક્ષ્મી મકરધ્વજ સાથે વિષયસુખ ભોગવતી હતી છતાં પણ હૃદયથી તો તે વેદસાર બ્રાહ્મણનેજ ઝંખતી હતી. રાજાની પુષ્પશય્યા તેને કાંટાની શય્યા લાગતી હતી અને રાજાનો રાજમહેલ તેને કારાગૃહ જેવો હરહંમેશ લાગતો હતો. રાજા તેને પ્રસન્ન રાખવા ખુબ ખુબ પ્રયત્ન કરતો છતાં કામલક્ષ્મી જરા પણ રાજી થતી નહિ. રાજાનો વૈભવ કામલક્ષ્મીને મન દુઃખરૂપજ હતો.

કામલક્ષ્મીએ કમને પણ વીસ વર્ષ રાજાને ત્યાં જોત જોતામાં વીતાવ્યાં. એક મધ્ય રાત્રે તેને પોતાનો પતિ વેદસાર અને પુત્ર વેદવિચક્ષણ યાદ આવ્યા. તેણે વિચાર્યું કે 'હું ગરીબ બ્રાહ્મણોને દાન આપવા માંડીશ તો તે પણ નિર્ધન હોવાથી કોઇને કોઇ વાર દાન લેવા અહિં આવશે તો મારો તેમને જરૂર ભેટો થશે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બીજા દીવસે સવારથી તેણે એક દાનશાળા ખોલી અને પોતાને હાથે બ્રાહ્મણોને છૂટે હાથે દાન દેવા માંડયું.

થોડાજ દીવસમાં વેદસાર અને વેદવિચક્ષણ તે દાન-શાળામાં દાન લેવા આવ્યા. કામલક્ષ્મી તેને ઓળખી ગઈ અને તેને દાન આપ્યા પછી એકાંતમાં લઇ જઇ પુછવા લાગી 'બ્રાહ્મણ ! તમે કયા ગામના છો ? અને તમારી સાથે આ ઉભેલો છોકરો તમારે શું થાય છે ? તમારે બીજો કોઇ પરિવાર છે કે કેમ ?'

બ્રાહ્મણ બોલ્યો "મહારાણી ! હું લક્ષ્મીતિલક નગરનો વેદસાર નામનો બ્રાહ્મણ છું. આ નાનો છોકરો મારો પુત્ર છે અને તેનું નામ વેદવિચક્ષણ છે. આ છોકરો એક વર્ષનો હતો ત્યારે તેની માતા કામલક્ષ્મી પાણી ભરવા ગઇ. ત્યાં અચાનક અમારા નગર ઉપર મકરધ્વજ રાજાએ ઘેરો ઘાલ્યો આ ઘેરો તો થોડા દીવસ પછી ઉઠયો પણ કામલક્ષ્મીની તપાસ કરતાં તે આજસુધી ન જડી. મેં આ છોકરાને ભણાવ્યો ગણાવ્યો અને નાનાથી મોટો કર્યો. મૂળથી અમે દુઃખિયારા તો હતા છતાં સ્ત્રીના જવાથી વધુ દુઃખિયારા થયા હતા. ત્યાં તમો બ્રાહ્મણોને દાન આપો છો તે સમાચાર જાણ્યા એટલે દક્ષિણા લેવા અમે અહિં આવ્યા.'

રાણી કામલક્ષ્મીએ નાનાબ્રાહ્મણને બહાર મોકલ્યો અને પછી તે બોલી "નાથ ! હુંજ તમારી કામલક્ષ્મી. રાજાએ મને ઉપાડી અને બળાત્કારે મને તેના રાણીવાસમાં નાંખી. નાથ ! તમે માનો કે ન માનો પણ રાજાની પુષ્પ શય્યા અને વૈભવ મને કંટક સમાન લાગે છે. હું તો આપણી ઝુંપડી અને

P. P. Ac. Gunratansuriji M.S. 	Jin Gun Aaradhak Trust

તમનેજ ઈચ્છું છું અને તમને મેળવવાજ મેં આ દાનશાળાની પ્રવૃત્તિ આરંભી છે. હવે એમ કરો કે હું જે કાંઇ તમને રત્નો વિગેરે આપું તે લઇ પુત્ર વેદવિચક્ષણને કોઇ સાંકેતિક સ્થળે મોકલો અને કહેજો કે હું સાત આઠ દીવસમાં ત્યાં આવી તને મળીશ. આપ આ નગરના સ્મશાનગૃહ આગળ એક ચંડી દેવીનું મંદિર છે. તેના પાછલા બારણે સાતમે દીવસે સુઇ રહેજો. હું ત્યાં તે દીવસે આવીશ એટલે આપણે બન્ને ત્યાંથી નાસી જઇશું."

આ પછી બ્રાહ્મણ અને રાણીકામલક્ષ્મી પરસ્પર ભેટી વિખુટાં પડયાં.

( ૩ )

"નાથ ! આપને તે દિવસે ભયંકર શિરોવેદના થઇ ત્યારે મેં બાધા રાખી હતી કે 'હે ચંડિકા દેવિ ! જો તમે મારા રાજાની આ વેદના સમાવશો તો હું તમારે ત્યાં રાજા સાથે મધ્યરાત્રિએ આવી પૂજા વિધિ કરીશ.' નાથ ! મારી બાધા પછી આપની વેદના શાંત થઈ. પણ હું બાધા કરવી ભૂલી ગઇ. આજ આપ મારી સાથે ચાલો તો આપણે બાધાની વિધિ પતાવીએ.'

સ્ત્રી વશ રાજાએ સ્ત્રીની વાત સાચી માની અને તે એક ઘોડા ઉપર બેસી રાણીસાથે શ્મશાને આવ્યો. શ્મશાનમાં ચારે બાજુ ભેંકાર હતો. શિયાળીઆઓનો અવાજ અને અડધાં બળતાં મડદાંઓ તે ભયંકરતામાં વધારો કરતાં હતાં. રાજા બોલ્યો 'રાણિ ! ભય રાખીશ નહિ. ચિત્ત મજબુત રાખજે !'

રાણી બોલી ' નાથ ! આપ સાથે હો પછી મને ભય શાનો ? ' ચંડિકા દેવીના મંદિરમાં રાજા રાણી દાખલ થયાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાએ તરવાર રાણીના હાથમાં આપી અને ચંડિકાને માથું નમાવ્યું. રાજાનું આ નમેલું માથું કામલક્ષ્મીના તલવારના ઘાએ હંમેશ માટે દેવીના ચરણ આગળ ધડથી છુટું થઈ નમતુંજ રહ્યું.

આ પછી કામલક્ષ્મીએ રાજાના મૃતક ઉપરથી દાગીના લીધા અને સાંકેતિત સ્થળે જ્યાં વેદસાર સુતો હતો ત્યાં જઈ તેણે તેને જગાડયો. વેદસાર રાજી થતો જાગી નીચે પગ મુકી ચાલવા ગયો ત્યાં તેને સર્પ કરડયો. સર્પના ઝેરથી વેદસાર ચંડિકા ગૃહમાંજ મૃત્યુ પામ્યો.

પુરોહિત! કામલક્ષ્મી ગભરાણી અને તે બેબાકળી બની જમીન ઉપર પડી. વિચારવા લાગી 'અરેરે ! મેં આ શું કર્યું ? મેં પતિને ખોયો અને રાજાનો વૈભવ પણ ખોયો, હું તો બે બાજુથી ચૂકી અધવચ લટકી.'

( ૪ )

થોડીજ ક્ષણમાં કામલક્ષ્મી બેઠી થઇ અને ઘોડા ઉપર સ્વાર થઇ જંગલ વિતાવી એકગામમાં એક માલણને ત્યાં આવી. તેણે તેને ત્યાં ઘોડો બાંધ્યો અને થોડો વિસામો લીધો ત્યાં વાગતા ઢોલ અને કાંસીજોડાનો અવાજ સાંભળી તે બોલી ' આ શું છે ? ' માલણે કહ્યું ' ગામમાં નાટક આવ્યું છે તેનું આ સંગીત છે. ' કામલક્ષ્મી ઘણા દીવસ જનાનખાનામાં રહી કંટાળી હોવાથી તેને સ્વતંત્ર મહાલવાની ઇચ્છા થઇ એટલે તે નાટક જોવા ગઇ. આ નાટક જોતાં એક વેશ્યાની નજર કામલક્ષ્મી ઉપર પડી. વેશ્યાએ તેનું સુંદર રૂપ જોઈ કામલક્ષ્મીને કહ્યું ' તું કોણ છે અને કેમ અહિં આવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે?' કામલક્ષ્મી વેશ્યાનો આશય સમજી ગઇ અને કલ્પિત વાત ગોઠવી બોલી.

'બાઇ! હું દુઃખિયારી સ્ત્રી છું. હું મારા પતિ સાથે સાસરે જતી હતી ત્યાં રસ્તામાં ધાડ પડી તેમાં મારો પતિ મરાયો. હું નાસી, રસ્તામાં મને એક ઘોડો મળ્યો તે ઉપર બેસી હું અહિં આવું છું. ઘોડાને મેં હમણાંજ માલણને ત્યાં બાંધ્યો છે. બાઇ! હું અનાથ અને એકલી છું.'

વેશ્યા બોલી 'અનાથના બેલી અમે તૈયાર છીએ તું મારે ત્યાં ચાલ તને ઘણા નાથ મળશે. ગભરાઇશ નહિ'

કામલક્ષ્મી એક પછી એક પગથાર ચૂકતી વેશ્યાને ત્યાં આવી. અહિં થોડાજ દીવસમાં ગાનતાન શિખી અને કામલક્ષ્મી નામની પ્રસિદ્ધ વેશ્યા બની. (૫)

કામલક્ષ્મીને ત્યાં એક વખત એક ધનાઢય યુવાન આવ્યો તેણે ઘણો વખત કામલક્ષ્મી સાથે વિષય સુખ ભોગવ્યું અને પૈસો પણ તેણે તેને સારો ખટાવ્યો. એક દીવસ તે યુવાન કામલક્ષ્મીને કહેવા લાગ્યો. 'સુંદરિ! જો હું કાલે હવે પરદેશ જવાનો છું. આપણી પ્રીતિ હતી તો બન્નરૂ પણ આપણે બન્નેએ તેને પરસ્પર સાચી પ્રીતિ બતાવી છે.'

કામલક્ષ્મીએ તેને રોકાવા ઘણું ઘણું કર્યું પણ તે ન રોકાયો ત્યારે તેણે તેનો વૃત્તાન્ત પુછયો 'સુન્દર! તમે કોણ છો? કયા ગામના છો? અને ફરી હું તમને કઇ રીતે ઓળખું?' પુરૂષે પોતાનો વૃત્તાન્ત કહેવા માંડયો "સુંદરિ! હું લક્ષ્મીતિલક નગરના વેદસાર અને કામલક્ષ્મીનો વેદવિચક્ષણ નામનો પુત્ર છું. મારી માતા હું એક વર્ષનો હતો ત્યારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાણી ભરવા ગઇ ત્યાં શત્રુ સૈન્યે ઘેરો ઘાલ્યો તેમાંથી ખોવાઇ. અમે તેને ઘણું શોધી પણ ન જડી. આ પછી હું અને મારા પિતા ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે ગયા. ત્યાંના રાજાની રાણીએ મારા પિતા સાથે કાંઇક વાત કરી મને થોડા રત્ન આપી એક ઠેકાણે ઉભા રહેવાનું કહ્યું. હું ઘણા દીવસ સુધી તેમની રાહ જોતો ત્યાં ઉભો રહ્યો પણ મારા પિતા નજ આવ્યા. મેં માન્યું કે જરૂર મારા પિતા કોઇથી લુટાઇ મરાયા કે હરાયા હશે. સુંદરિ ! હું ઘણું રડયો માતા વિનાનો તો હતો. હવે માતા અને પિતા બન્ને વિનાનો થયો. આ પછી હું ધીરજ ધરી ધીમે ધીમે ચાલતો અહિં આવ્યો અને અહિં તારી સાથે આનંદથી મારા દીવસો ગુજારૂં છું."

કામલક્ષ્મી મનમાં બરાબર સમજી ગઇ કે આ યુવાન મારો પુત્ર વેદવિચક્ષણજ છે. પણ તે પશ્ચાતાપને મનમાં સમાવી બહારથી મીઠી વાણી બોલી તેણે તેને વિદાય આપી કેમકે જો બધી વાત પ્રગટ કરે તો કદાચ વેદવિચક્ષણ આત્મઘાત કરી નાંખે તો શું થાય ?

વેદવિચક્ષણ ગયો, પણ કામલક્ષ્મીને હૃદયમાં ચેન ન પડયું. તે બોલી હા ! હા ! કેવી હું કમભાગી ! પતિનો મારા નિમિત્તે નાશ થયો. રાજાને ઘેર તેની સ્ત્રી બની તેનો નાશ કરનારી હું થઈ. વેશ્યા બની અને પુત્ર સાથે પણ ભોગ ભોગવનારી થઈ. દુનીયાનું કોઇ એવું મોટું પાપ બાકી નથી રહ્યું કે જે મેં ન કર્યું હોય. હું મહાપાપી; કુકર્મી અને દુરાચારી.

તેણે ચિતા સળગાવી બળી મરવાનો નિશ્ચય કર્યો. અક્કાએ રાજાએ અને પ્રજાજનોએ તેને ન બળી મરવા માટે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘણું સમજાવ્યું પણ તેણે બધા આગળ 'પોતાના હૃદયની પશ્ચાતાપની વાત નહિં કરતાં હું હવે વેશ્યા જીવનથી કંટાળી છું અને મારે જીવવું નથી કહી મરવાનો નિર્ણય જણાવ્યો.

સારા દીવસે વાજતે ગાજતે કામલક્ષ્મી શ્મશાને આવી અને સુખડની ચિતામાં બેઠી. નગરવાસીઓએ કામલક્ષ્મીને દેવીની પેઠે પુજી ચિતા પ્રગટાવી. પણ કામલક્ષ્મીને માટે હજી દુનીયામાં પાપ કરવાનાં બાકી રહ્યાં હોય તે માટે આકાશમાંથી ઓચિંતો ધોધમાર વરસાદ વરસ્યો અને જોત જોતામાં ચિતા ભીંજાઇ ગઇ એટલુંજ નહિ પણ પાણીનાં પુર તેમાં ફરી વળ્યાં. મૂર્છિત થયેલ કામલક્ષ્મી નદીના આ વ્હેણમાં બેશુદ્ધ રીતે તણાતી એક નદીના કાંઠે આવી.

આ નદીના કાંઠે બેઠેલા એક ગોવાળે તેને બહાર કાઢી અને તે તેને પોતાની ઝુંપડીએ લાવ્યો. તેણે તેને તાપ આપી રૂમાં લપેટી શુશ્રૂષા કરી એટલે તે શુદ્ધિમાં આવી.

થોડા દીવસમાં તો પાછી કામલક્ષ્મીનું રૂપ હતું તેવું ઝળકી ઉઠયું. ગોપાળ જે તેનો દયાભાવે પાલક હતો તે હવે તેનો કામી થયો અને બોલ્યો 'હે દેવિ ! તું અહિં રહે આ ઝુંપડાં, ગાયો, ભેંસો બધું તારૂં છે. હું તને જરાપણ દુઃખ નહિ આવવા દઉં.' કામલક્ષ્મીએ વિચાર્યું કે 'હું ચિત્તામાં પડી છતાં મૃત્યુ ન પામી. કોણ જાણે મારે માથે હજી કેટલાં વિતક વીતવાનાં હશે. પહેલાં તો તેણે આનાકાની કરી પણ લાખ ભેગા સવાલાખ. તેમ ઘણા પાપ ભેગું આ એક વધુ તેમ ગણી તેનું ઘર પણ તેણે માંડયું અને અહિં પણ તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થોડા દીવસમાં તેનો કુલાચાર અને કળા શિખી ગોવાળણી બની. પુરોહિત! આ કામલક્ષ્મી તે હું છું. અહિં હું રોજ દહિ દૂધ વેચું છું અને મારો જન્મારો પુરો કરૂં છું.

સુભગ ! હું કોને રડું ? પતિને, પુત્રને, રાજાને, વેશ્યાને કે ભરવાડને ? આ બધા સંસારના નાટકો એક ભવમાં દેખ્યા પછી મારૂં મન ધરાઈ ગયું છે. મને હવે બહુ આસક્તિ રહી નથી. હું મારા દિવસો માત્ર જેમ તેમ પુરા કરૂં છું."

( ૬ )

વેદવિચક્ષણ આ વૃત્તાન્ત સાંભળી આંખમાં આંસુ સાથે ગોવાળણને પગે પડયો. ગોવાળણ પગ સંકોચી બોલી 'વિપ્રવર! આ શું કરો છો આપ મોટા માણસ થઇ મારા જેવી નિન્દ્ય પાપી સ્ત્રીને શું કામ પગે લાગો છો ? મેં કયું એવું સારૂં કામ કર્યું છે?'

બ્રાહ્મણ બોલ્યો 'માતા ! હું તમારો પુત્ર વેદવિચક્ષણ છું. તમે મારાં માતા છો.'

ગોવાળણ લાજી ઉઠી. તે મોઢું ઉંચું ન કરી શકી. તેને લાગ્યું કે ધરતી માર્ગ આપે તો હું સમાઇ જાઉં.

તેણે જીભ કચરી આત્મઘાત કરવાનો નિર્ણય કર્યો ત્યાં વેદવિચક્ષણ બોલ્યો 'માતા ! આત્મઘાત કરે પાપનો ઘાત થવાનો નથી. તેમજ માત્ર એકલો શોક કરે પણ પાપ નિર્મૂળ થવાનું નથી. મેં અને તમે બન્નેએ દુનીયામાં અશ્રાવ્ય પાપ કર્યું છે. તો તેનું નિવારણ પણ તેવીજ તપશ્ચર્યાથી થઇ શકે. આ મનુષ્યભવમાં આ દેહ તો અસાર અને વિરસ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. તેનાથી લાભ લેવો હોય તો તપ અને ધર્મ કરવાથી જ લાભ લઇ શકાય છે.

(૭)

આજ અરસામાં ગુણાકરસૂરીશ્વરજી મહારાજ ઉદ્યાનમાં પધાર્યા. વેદવિચક્ષણ અને કામલક્ષ્મી બન્ને તેમની પર્ષદામાં ગયાં. મુનિએ દેશનામાં કહ્યું.

'પ્રાણીઓ, માતા–પિતા, પુત્ર, સ્ત્રી, બન્ધુ આ બધું દુનીયાની ઘટમાળ છે. માણસ આવા અનેક સંબંધને પરભવમાં પામે છે. માણસ નાહક રાગદ્વેષ કરી, એકેકની પાછળ ચિકણાં કર્મ એકઠાં કરે છે.'

મુનિની આ દેશના વેદવિચક્ષણ અને કામલક્ષ્મીને પરિણમી બન્નેએ દીક્ષા લીધી.

કામલક્ષ્મીએ ઉગ્રમાં ઉગ્ર તપશ્ચર્યા આરંભી કરેલા પાપની આલોચના અને પ્રાયશ્ચિત્ત લીધું. તેને અનેક સાધ્વીઓ થઇ. આવી મહાપાપી પણ કામલક્ષ્મીએ તીવ્ર તપોબળને લઇ કૈવલ્ય મેળવ્યું અને તે અનેકને તારી મુક્તિને વરી.

વેદવિચક્ષણ પણ દીક્ષા લઇ તીવ્ર તપશ્ચર્યા કરી દ્વાદશાંગી ભણી ગચ્છના ધોરી આચાર્ય થયા અને તે પણ કેવળજ્ઞાન પામી મુક્તિને વર્યા.

[ યુગાદિદેશના ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સાત કોડીમાં રાજ્ય
## યાને
# સુરસુંદરી કથા

## ( ૧ )

ઉનાળાનો દીવસ હતો ધરતી ધોમ ધખતી હતી અને તેની વરાળો વાતાવરણને ગરમ કરી મનુષ્યોને પરસેવો ઝરાવતી હતી. આ વખતે ચંપાનગરીના એક વૃદ્ધ પંડયાની નિશાળે ગામનાં ઘણાં છોકરાઓ બપોરના જમી ભણવા આવતાં હતાં.

આ ભણવા આવતા છોકરાઓમાં **ચંપા** નગરીના રાજા **રિપુમર્દન** અને રાણી **રતિસુંદરી**ની પુત્રી **સુરસુંદરી** પણ હતી અને તે નગરના ધનાઢય શેઠ **ધનાવહ** અને તેમની પત્ની **ધનવતી**નો પુત્ર **અમરકુમાર** પણ હતો.

સુરસુંદરી ચોક્કસ સ્વભાવની, સત્યપ્રિય અને નીડર હતી.

અમરકુમાર તીક્ષ્ણ છતાં કાંઇક તોફાની અને કુતુહલ પ્રિય હતો.

નિશાળમાં છોકરાઓને ભણાવવાના મોટા ઓરડા પાસે નાનો ખંડ હતો. આ ખંડમાં કુંવરી સુરસુંદરી બેઠી બેઠી ઉંઘતી હતી. આ વખતે અમરકુમાર તેના કેટલાક સોબતીઓ સાથે આવ્યો. તેણે ઉંઘતી સુરસુંદરીની ઓઢણીના છેડે સાત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોડીઓ બાંધેલી હતી તે કુતુહલથી લીધી અને તેણે તેની સુખડી મંગાવી જેટલા છોકરા હતા તે બધાના ભાગ પાડયા. સુરસુંદરી ઉંઘતી હોવાથી તેણે તેનો ભાગ અલગ રાખ્યો.

છોકરાઓ સુખડી ખાઈ ભણવા બેઠયા થોડીવાર થઈ ત્યાં રાજકુમારી પણ ભણવા આવી. ત્યાં અમરકુમારે કહ્યું 'રાજકુમારી! સુખડીનો તારો ભાગ રાખ્યો છે તે ખાઇને પછી ભણવા બેસ.'

કુંવરીએ આંખો ચોળતાં કહ્યું 'કેમ આજે કોઇએ ઉજાણી કરી છે?'

'ના. તારી ઓઢણીના છેડે જે સાત કોડીઓ હતી તે મેં લઇ સુખડી મંગાવી છે તેનો આ ભાગ છે. કોઈએ ઉજાણી કરી નથી.'

રાજકુમારી ખિજાઈ અને બોલી. 'વાહ! આતે કાંઈ રીત છે? પારકા પૈસે ઉજાણી કરવાથી શું આબરૂ વધશે. એમ તું માને છે? માબાપ સમજતા હશે કે છોકરો ભણે છે. પણ છોકરો આવા ચોરીના ધંધા કરે છે તેની તેમને થોડી જ ખબર છે?' મહેતાજીએ જરા હોંશીયાર દેખી બોલાવ્યો ચલાવ્યો એટલે તું તો ખુબ આગળ વધ્યો.

અમરકુમારે કહ્યું 'તારી કોડી તો સાત છે ને? આમાં આટલો બધો મિજાજ શાનો કરે છે? સાત કોડીમાં તો શું તું ધાડ મારવાની હતી?'

'હું બીજું કાંઇ ન સમજું. મને પુછયા વિના તું સાત કોડી લેનાર કોણ? હું આ સાત કોડીએ તો રાજ્ય લેત સમજ્યો.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજકુમારીનો મિજાજ ગયેલો જાણી અમરકુમાર ચૂપ રહ્યો. પણ તેને છોકરાઓની સમક્ષ ધમકાવતો જોઇ ખુબ લાગી આવ્યું. તેણે મનમાં ગાંઠ વાળી કે અત્યારે તો મારાથી કાંઈ બને તેમ નથી કેમકે ગમે તેમ તોય તે રાજાની પુત્રી છે. સમય આવશે ત્યારે હું જોઇ લઇશ.

સમય વીત્યો બન્ને ઘણી કળાઓ અને શાસ્ત્રો ભણ્યાં અને આ વાત તેમના પણ હૃદયમાંથી વિસારે પડી.

( ૨ )

'દેવ ! પુત્રી મોટી થઇ છે તેને અનુરૂપ રાજપુત્ર તો કોઇ દેખાતો નથી. જો આપ મારૂં માનો તો મારો વિચાર ધનાવહના પુત્ર અમરકુમાર સાથે રાજકુમારીનો વિવાહ જોડવાનો થાય છે. પુત્રી જેવી કુશળ છે તેવોજ અમરકુમાર પણ હોંશીયાર છે. તે દીવસે રાજસભામાં સુરસુંદરીની પુછેલી બધી સમસ્યાઓ તેણેજ પુરી હતી.' રાણી રતિસુંદરીએ રાજાને કહ્યું.

'દેવિ ! છોકરીના વિવાહ બાબતમાં તમે વધુ સમજો તમને અમરકુમાર પસંદ હોય તો તેની સાથે પુત્રીનો વિવાહ કરવામાં મારો કાંઇ વાંધો નથી.'

રાજારાણીએ અમરકુમારની સાથે સુરસુંદરીનો વિવાહ કર્યો અને થોડા જ દીવસમાં ધામધૂમથી તેમનાં લગ્ન પણ કર્યાં.

( ૩ )

ધનાવહ શેઠ મોટા વ્યાપારી હતા. અમરકુમાર હવે પિતાના વ્યાપારમાં રસ લેવા માંડયો. તે પિતાના ધંધાના સરવાળા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાદબાકી કરતો અને સાથે સાથે નફાતોટાનો પણ વિચાર કરતો. તેને એકવાર લાગ્યું કે પિતાની ગમે તેટલી ઋદ્ધિ હોય પણ તેમાં આપણું પરાક્રમ શું ? આપણે જાતે ન કમાઈએ ત્યાંસુધી આ સંપત્તિનો કાંઈ અર્થ નથી. તેણે એક વાર પિતાને કહ્યું 'પિતાજી ! હું વ્યાપાર કરવા જવા ઇચ્છું છું. મારે ઘેર બેસી તમારા પૈસે તાગડધિન્ના નથી કરવા.' :

બેટા ! પરદેશ વેઠવો ઘણો કઠિન છે. આપણે ત્યાં લક્ષ્મીનો કયાં તોટો છે. કે તારે કમાવા જવું પડે.'

'ના પિતાજી ! હું કુવાના દેડકાની પેઠે ઘેર રહેવા માગતો નથી. મારે દેશ પરદેશ જોવા છે અને મારે મારી હોંશિયારીની પરીક્ષા કરવી છે.'

શેઠે પુત્રનો નિશ્ચય જાણી વ્યાપાર માટે બાર વ્હાણ ભરાવ્યાં અને પ્રયાણ માટે સારો દીવસ પણ જોવડાવ્યો.

સુરસુંદરી આ વાત જાણી અમરકુમારને કહેવા લાગી 'નાથ ! હું તમને એકલા નહિ જવા દઉં. હું પણ તમારી સાથે જ આવીશ.'

અમરકુમારે કહ્યું. 'પરદેશમાં સ્ત્રીને લઇ જવાથી પગ બંધાણું થાય અને છૂટથી ફરી હરી ન શકાય. માટે તું સાથે આવવાનો આગ્રહ ન રાખ.'

'નાથ ! હું છાયાની પેઠે તમારી સાથે રહીશ. દેહની છાયા થોડી જ કોઇને ભાર કરે છે ?'

સુરસુંદરીનો અતિ આગ્રહ દેખી કુમારે હા પાડી. સારા મુહૂર્તે બાર વ્હાણ લઇ અમરકુમારે સુરસુંદરી અને સારા પરિવાર સાથે સિંહલદ્વીપ તરફ પ્રયાણ કર્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રયાણ વખતે માતાએ, પિતાએ, રાજાએ, રાણીએ અને સ્નેહીઓએ અનેક શિખામણો આપી અને હૃદયના આશીર્વાદ પણ આપ્યા.

( ૪ )

યક્ષદ્વીપ પાસે આવ્યું ત્યાં નાવિકો બોલ્યા. 'અહિં બધાં વહાણ પાણી અને લાકડાં લેવા રોકાય છે પણ કોઇ રાતવાસો રહેતું નથી. કેમકે આ દ્વીપનો દેવ રાત રહેનારનો નાશ કરે છે.'

અમરકુમારની આજ્ઞાથી વહાણ થોભાયાં. સૌ વહાણમાંથી હેઠા ઉતરી લાકડાં પાણી ભરવા રોકાયા. અમરકુમાર સુરસુંદરી સાથે તે દ્વીપની વનરાજી જોવા લાગ્યો. થોડું ફર્યા બાદ થાક લાગતાં એક વૃક્ષ નીચે અમરકુમારના ખોળામાં સુરસુંદરી આડી પડી. પણ જંગલના પવનથી તેને તુર્ત ઉંઘ આવી ગઇ.

અમરકુમાર ખોળામાં ઉંઘતી સુરસુંદરીને જોઇ તેને તેનો બાલ્યકાળ યાદ આવ્યો. સાથે સાતકોડી માટે સુરસુંદરીએ તેને તરછોડેલો તે બધું નજર આગળ તરવર્યું. તેણે તુર્ત સાત કોડી કાઢી અને સુરસુંદરીના પાલવે લખ્યું.

**'એક કોડી સાતે કરીરે રાજ્યગ્રહે તું નારરે'**

સુરસુંદરીનું માથું તેણે ખોળામાંથી ધીમે ધીમે હેઠું મુકયું અને ઉતાવળો ઉતાવળો વહાણ આગળ આવી રડતાં રડતાં બોલ્યો 'ભાગો, નાસો, યક્ષે સુરસુંદરીને મારી નાંખી અને તે આપણી પાછળ દોડતો આવે છે. ટપોટપ સૌ વહાણમાં બેઠયા અને બુમો ચીસો નાંખતા યાત્રિકો સાથે બધાં વહાણ ઉપડયાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૫ )

આ બાજુ થોડીવારે સુરસુંદરી જાગી અને જોયું તો તે એકલી હતી તેથી તેણે નાથ ! નાથ ! કહી બૂમ પાડી પણ કાંઇ જવાબ ન મળ્યો એટલે તે બેબાકળી થઇ બોલી ' નાથ ! હાંસી ન કરો. હું તમારા વિના તરફડું છું' પણ કોઇએ કાંઇ જવાબ નં આપ્યો. સુરસુંદરી ધ્રુસકે ધ્રુસકે રોવા માંડી. તેણે પાલવ આંસુ લુંછવા લીધો ત્યાં તેની નજરે.

'એક કોડી સાતે કરીરે રાજ્યગ્રહે તું નારરે' આ શબ્દો પડયા.

સુરસુંદરી આ શબ્દ વાંચી સમજી ગઇ અને બોલી 'નાથ ! બાળપણમાં હાસ્યમાં બોલેલા શબ્દ તમે ગાંઠે બાંધી મને આમ એકલી અટુલી મુકી તે શું સારૂં કર્યું છે ? તમને મારા બોલેલા શબ્દથી વેરજ હતું તો શું કામ પરણ્યા ? અને પરણ્યા પછી પણ મારી સાથે આટલો બધો સ્નેહ કેમ કર્યો ? અરે હું ભણેલી ગણેલી થઇ કેમ ભૂલું છું નાથ બિચારા શું કરે તે તો નિમિત્ત માત્ર છે, મેં પૂર્વભવે કોઈનાં બાળકોને તેની માતાથી જુદાં પાડયાં હશે. કોઇના ઉપર અછતાં આળ ચડાવ્યાં હશે કે કોઇ એવાં ઘોર કુકર્મ કર્યાં હશે જેને લઈ હું એકલી પડી છું. બીજું તો ઠીક પણ હું સ્ત્રી જાત છું એકલીછું મારે આવા ઘોર જંગલમાં શિયળની રક્ષા કેવી રીતે કરવી ? તેને તુર્ત પોતાનાં ગુરૂણી યાદ આવ્યાં અને તેમણે સંકટ સમયે નમસ્કાર મહામંત્ર સ્મરણ કરવાનું કહેલું તે સાંભર્યું. સુરસુંદરીએ આંખો મોંચી નવકારનો જાપ શરૂ કર્યો.

રાત પડી. જંગલી પશુઓની ત્રાડો વધવા લાગી જંગલ ભેંકાર બન્યું. સુરસુંદરી એકચિત્તે નમસ્કાર મહામંત્રનો જાપ કરતી હતી ત્યાં દ્વીપનો અધિપતિ યક્ષ આવ્યો. તે શરૂઆતમાં તો કોપ્યો પણ બાળાને એક ચિત્તે જાપ કરતી દેખી પ્રસન્ન થયો અને બોલ્યો 'બાળા ! તું કોણ છે ? અને આ જંગલમાં કેમ એકલી આવી પડી છે.'

સુરસુંદરીને યક્ષના શબ્દમાં પિતાનું વાત્સલ્યભાવ લાગ્યું તેણે ભયને દૂર કર્યો અને પોતાની બધી કથની તેને કહી.

યક્ષ આશ્વાસન આપી ચાલ્યો ગયો.

સુરસુંદરી ફળાહાર અને નમસ્કાર મહામંત્રના સ્મરણથી પોતાના દીવસો અહિં પસાર કરવા લાગી.

( ૬ )

'દેવિ ! આપની આજ્ઞા હોય તો પાણી અને ઈંધણા હું આ દ્વીપમાંથી લઉં.' પાણી લેવા આવેલ કોઇ સાર્થવાહ સુરસુંદરીને છેટેથી નમી બોલ્યો.

'સાર્થવાહ ! હું દેવી નથી પણ મનુષ્ય સ્ત્રી છું. હું સિંહલદ્વીપ જવા ઇચ્છું છું અને ત્યાં મારા નાથને મળવા હું ઝંખું છું આપ મને આપની બેન ગણી લઇ જવા માગતા હો તો હું આપની સાથે આવવા માગું છું' સાર્થવાહે હા પાડી તેથી સુરસુંદરી તેના વહાણમાં બેઠી. વહાણ થોડું ચાલ્યું ત્યાં સાર્થવાહની વૃત્તિ પલટાણી અને તેણે સુરસુંદરી ઉપર બળાત્કાર કરવા ઈચ્છયું. સુરસુંદરીએ શિયળની રક્ષા માટે સમુદ્રમાં ઝંપાપાત કર્યો પણ દૈવયોગે સતીના હાથમાં કોઇ પાટીયું આવ્યું તેથી તે બેનાતટ નગરે પહોંચી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુરસુંદરીના સમુદ્રમાં પડયા પછી થોડીજ વારે દરીયામાં તોફાન થયું તેમાં તે દુષ્ટ સાર્થવાહનું વહાણ ભાગ્યું અને તે પણ સમુદ્રમાં જ મૃત્યુ પામ્યો.

સુરસુંદરીની શિયળની પરીક્ષા અનેક રીતે થવાની હજુ બાકી હતી તેથી બેનાતટના કાંઠે મૂર્છિત પડેલ સુરસુંદરીને એક ગાંડા હાથીએ લાકડાનું બિંબ જાણી ઉપાડી આકાશમાં ઉછાળી. સતી ઉછળીને એક વહાણમાં પડી. વહાણના માલીકે તેની આગતા સ્વાગતા કરી શુદ્ધિમાં આણી પણ જ્યારે તેણે તેનું રૂપ જોયું ત્યારે તેનું મન પણ કાબુમાં ન રહ્યું. તેને ભોગ લાલસા જાગી. સુરસુંદરીએ જ્યારે પોતાની બધી કથની કહી તેથી તે વહાણવટી નરમ પડયો અને તે સમજ્યો કે આ સતી સ્ત્રી છે તેથી શિયળ તો નહિંજ ખંડે આથી તેણે એક શહેરમાં સુરસુંદરીને વેશ્યાને ત્યાં વેચી.

સુરસુંદરીએ વેશ્યાને કહ્યું 'બહેન ! હું દુઃખથી ઘેરાયેલીછું મારૂં હૈયું ઠેકાણે નથી. તું ત્રણ દીવસ સબુર કર. મારૂં ચિત્ત ઠરવા દે પછી તું જે કહીશ તે બધું કરીશ.' આથી વેશ્યા કાંઈક નરમ પડી.

બરાબર ત્રીજા દીવસે સુરસુંદરી વેશ્યાનું ઘર છોડી નાઠી. રસ્તામાં એક મોટો દ્રહ આવ્યો. દુઃખ અને શિયળની રક્ષાનો બીજો માર્ગ નહિ જડવાથી સુરસુંદરી આ મોટા દ્રહમાં પડી. અહિં પણ તેનું આયુષ્ય બળવાન હોવાથી તે કોઈ મોટા મત્સ્યના ખુલા મુખમાં જઇ પડી. આ મત્સ્યને માછીમારે ચીર્યો તો તેમાંથી સુંદર કન્યા નીકળી. માછીમારે આ દેવરૂપ સ્ત્રી રાજાને ભેટ ધરી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાની રાણી સુરસુંદરીનું રૂપ દેખી ઇર્ષ્યાથી સળગી ઉઠી અને બોલી 'તારી ઇચ્છા હોય તો હું તને નસાડી રુકું બાકી તું અહિં રાજા પાસે રહી સુખ ભોગવે તે નહિ બને' સુરસુંદરી તો નાસી જવાજ ઇચ્છતી હતી તેથો તે રાણીને સંમત થઇ અને ત્યાંથી પણ તે નાઠી. નાસતાં નાસતાં એક પલ્લીપતિના સકંજામાં આવી પડી.

પલ્લીપતિ સુરસુંદરી ઉપર બળાત્કાર કરવા જતો હતો ત્યાં તેના હાથ થંભ્યા અને કોઇ અદૃશ્ય શકિતથી તે જમીન ઉપર આળોટતો થયો. પલ્લીપતિ સમજ્યો કે આ સ્ત્રી સતી સ્ત્રી છે. આથી તેણે તેની ક્ષમા માગી.

સુરસુંદરી ત્યાંથી નાસતી ભાગતી એક સરોવરને કાંઠે બેઠી ત્યાં તેને ભૂખ તરસ અને દુઃખથી ઉંઘ આવી ગઇ. ઉપર ઉડતાં ભારંડ પક્ષીએ તેને મૃતક માની ઉપાડી પણ જ્યારે પક્ષિને ખબર પડી કે આતો જીવતું મનુષ્ય છે ત્યારે તેણે આકાશમાંથી તેને છોડી દીધી. સતીનું પૂણ્ય તપતું હોવાથી સુરસુંદરી તે વખતે ત્યાંથી પસાર થતા રત્નજટી વિદ્યાધરના વિમાનમાં જઇ પડી. વિદ્યાધર સ્ત્રીને દેખી ચમકયો. તેણે થોડો ઉપચાર કર્યો એટલે સુરસુંદરી સાવધ થઇ અને બોલી "વિદ્યાધર ! મને અહિંથી તમે ફેંકી દો કેમકે મારૂં જીવન અકારૂં છે. દુઃખની કોઇ સીમા હવે મારે ભોગવવાની બાકી રહી નથી.'

વિદ્યાધરે સુરસુંદરીને તેનો વૃત્તાન્ત પુછયો સુરસુંદરીનો વૃત્તાન્ત સાંભળી રત્નજટી તેને નમી બોલ્યો 'દેવિ! તું મારી બેન છે. તું નિર્ભય થા અને મારે આવાસે ચાલ.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પછી વિદ્યાધરે પોતાની કથની કહી.

'દેવિ! હું મણિશિખ વિદ્યાધરનો પુત્ર **રત્નજટી** છું મારા પિતાએ દીક્ષા લીધી છે. તેમને નંદીશ્વરદ્વીપે વાંદી હું મારા આવાસે પાછો ફરતો હતો ત્યાં તમારો મેળાપ થયો.

સુરસુંદરીએ નંદીશ્વરદ્વીપ જવાની પોતાની ઇચ્છા બતાવી વિદ્યાધર તેને નંદીશ્વરદ્વીપે લાવ્યો. સુરસુંદરીએ તીર્થ અને મુનિને ભાવથી વાંદ્યા આ પછી મુનિ દેશનામાં બોલ્યા 'શિયળની રક્ષામાં સુરસુંદરી દૃષ્ટાન્તરૂપ છે.' રત્નજટી મુનિના મુખથી સુરસુંદરીની પ્રશંસા સાંભળી ખુબ પ્રસન્ન થયો.

રત્નજટી સુરસુંદરીને પોતાની બહેન ગણી પોતાના નગરે લાવ્યો તેની સ્ત્રીઓએ સુરસુંદરીને પોતાની સગી નણંદ માની ખુબ સેવા ઉઠાવી. અહિં સુરસુંદરીએ આનંદમાં થોડો કાળ કાઢયો.

એક રાતે રત્નજટીને સુરસુંદરીનું રૂપ દેખી ખરાબ વિચાર ઉદ્‌ભવ્યો તેથી તેણે તેને તે કહે ત્યાં મુકી આવવાનો સંકલ્પ કર્યો.

રત્નજટીએ સુરસુંદરીને રૂપ પરાવર્તિની વિગેરે ચાર વિદ્યાઓ આપી બેનાતટના ઉદ્યાનમાં મુકી. આ પછી સુરસુંદરી રૂપ પરાવર્તન કરી પોતાનું નામ **વિમળયશ** રાખી એક માલણને ત્યાં રહી.

( ૭ )

બેનાતટ નગરમાં એક ચોર આખા નગરને રંજાડતો. કોટવાળ, સેનાપતિ, અમાત્ય અને રાજા બધાને ચોરે બનાવ્યાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચોર કોઈથી ન પકડાયો. રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે 'જે ચોરને પકડશે તેને અડધું રાજ્ય અને રાજકન્યા રાજા આપશે.'

વિમળયશે આ બીડું ઝડપ્યું અને રૂપપરાવર્તન વિદ્યા દ્વારા ચોરને પકડી પાડયો.

એકવચની રાજાએ અર્ધું રાજ્ય આપ્યું અને રાજકન્યા વિમળયશને પરણાવી.

( ૮ )

બેનાતટ નગરના રાજાની રાજસભા ઠઠ ભરાઇ હતી. રાજાના સિંહાસન પાસે વિમલયશનું સિંહાસન હતું. ત્યાં એક પરદેશી વેપારી આવ્યો. તેના શરીર ઉપર લાખોનું ઝવેરાત હતું અને તેનો દેખાવ ક્રોડોની સંપત્તિવાળો તેને જણાવતો હતો. રાજાને ભેટ ધરી તે થોભ્યો એટલે વિમળયશે તેને ધારીને જોયો તો તે ખરે જ અમરકુમાર હતો.

રાજાના દેખતાં વિમળયશે તુર્ત સેવકોને આજ્ઞા કરી કે આ સાર્થવાહ દેખાવમાં ભલે શાહુકાર લાગતો હોય બાકી એ મહાચોર છે. એનાં ધનમાલ લુંટી લો અને એને મજબુત બંધને બાંધી પકડી મારા આવાસે મોકલો. તેને જરા પણ છુટો મુકશો નહિ. વિમળયશની બુદ્ધિથી અંજાયેલ રાજાએ વિમળયશના હૂકમને માન્ય કર્યો અને તેનો તુર્ત અમલ કરવાની સૂચના આપી.

કુમાર ! મને જીવતો છુટો કરો મારે મારી મિલ્કત જોઇતી નથી. હું સાચું કહું છું કે હું ચોર નથી. હું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચંપાના શેઠ ધનાવહનો પુત્ર અમરકુમાર છું. મારી મારા દેશમાં આંટ છે. લાખો અને ક્રોડો રૂપીયા અમારા નામે વેપારીઓને ત્યાં મળે છે. તમે કોઈ મારી સરખી આકૃતિવાળા બીજાને ચોર તરીકે જોયો હશે !' વિમળયશના આવાસે તેની સામે બેઠેલા અમરકુમારે કરગરતાં કહ્યું.

'તમારી જીભ બંધ કરો. હું કાંઈ સાંભળવા માગતો નથી. મારા હાથે કોઈને અન્યાય થતો નથી. મેં બરાબર તમને મારી સગી આંખે ચોર તરીકે જોયા છે અને પુરી તપાસ પછીજ તમારાં ધન માલ મિલ્કત મેં જપ્ત કરાવી તમને પકડી મંગાવ્યા છે.' દમામથી વિમળયશે કહ્યું.

આ પછી વિમળયશે ઉંઘવાનો ડોળ કર્યો.

અમરકુમારે ફરી કહ્યું 'કુમાર ! મારી ઈજ્જત ગઈ, ધન ગયું અને જીવન જવા બેઠું છે. હું તમે કહો તે કરૂં પણ મને માત્ર જીવતો છોડો.'

'જો એમ છે તો આ સવાશેર ઘી મારા પગમાં ઘસો પછી હું તમને છોડીશ' સામે રહેલ સવાશેર ઘી બતાવતાં વિમળયશે કહ્યું.

અમરકુમાર રાજી થયો અને ઘી લઈ કુમારના પગે ઘસવા લાગ્યો.

થોડીવારે વિમળયશે નસકોરાં બોલાવવા માંડયાં. અમરકુમારે ચારે તરફ નજર નાંખી તો કોઈ જાગતું ન હતું. તેણે ઘીના પાત્ર સામે નજર નાંખી તો માત્ર બે અધોળજ ઘી ઓછું થયું હતું. તે વિચાર કરવા લાગ્યો કે સવાશેર ઘી ક્યારે હું ચોળી રહીશ. તેણે તુર્ત ઘીનું પાત્ર ઉપાડયું અને મોંઢ

માંડયું ત્યાં વિમળયશ બેઠો થયો અને અમરકુમારનો હાથ પકડી બોલ્યો.

'એ અમરકુમાર! નાનપણની ચોરી કરવાની પડેલી તારી ટેવ હજી ગઇ નથી? ચોરી માટે તને શિક્ષા કરવામાં આવે છે ત્યારે તું કહે છે કે હું ચોર નથી. જો આ શું છે?

અમરકુમારને સુરસુંદરી યાદ આવી. તેને તજવાનું દુઃખ સ્ફુરી આવ્યું તે એકદમ રડી પડયો અને બોલ્યો 'કુમાર! મારે જીવવું નથી મેં મારી વહાલી સુરસુંદરીને જંગલમાં તજી. તેણે મને બાળપણમાં સાતકોડી ચોર્યાનો ઠપકો આપ્યો હતો તેની મેં ખોટી રીસ રાખી તેને દુઃખ દીધું. કુમાર! સાચું કહેનારનો ઉપકાર માનવાને બદલે મેં તેને ખુબ દુઃખ દીધું છે.

વિમળયશ સમજ્યો કે અમરકુમારને પશ્ચાત્તાપ થયો છે એટલે તેણે તેનું રૂપ બદલ્યું. અમરકુમાર સુરસુંદરીને ભેટયો. બન્નેએ પરસ્પર મિચ્છામિ દુક્કડં દીધા.

વિમળયશને વરેલી બેનાતટની રાજપુત્રી અમરકુમારને વરી.

અમરકુમાર બરાબર સમજ્યો કે 'સાતકોડીએ રાજ્ય લેવાનું મેં જે કહ્યું હતું તે સુરસુંદરીએ રાજ્ય લઇ કરી બતાવ્યું.'

(૮)

અમરકુમાર અને સુરસુંદરી ચંપાએ આવ્યાં. રાજા વિગેરે તેમને દેખી ખુબ આનંદ પામ્યા.

ઘણો કાળ વીત્યો એટલે એકવાર જ્ઞાનધર્મ નામના મુનિવર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચંપાના ઉદ્યાનમાં પધાર્યા. મુનિની દેશના સાંભળ્યા બાદ અમરકુમારે પુછયું 'ભગવંત ! સુરસુંદરીને આટલું બધું દુઃખ કેમ પડયું ?'

મુનિ બોલ્યા.

પૂર્વભવમાં અમરકુમાર **સુરરાજ** અને સુરસુંદરી **રેવતી** નામે તેની રાણી હતી.

સુરરાજ અને રેવતી એકવાર ઉદ્યાનમાં ગયાં ત્યાં તેમણે એક ધ્યાનસ્થ મુનિને જોયા.

રાજાએ ધ્યાનસ્થ મુનિની ખુબ પ્રશંસા કરી રાણીએ મુનિની પ્રશંસામાં સંમતિ આપી પણ તે અહંકારથી બોલી 'રાજન્ ! તમારે જોવું હોય તો આવા ધ્યાનીનું ધ્યાન પણ હમણાં હું ચલિત કરૂં છું કે નહિ ? રાજા મૌન રહ્યો. રાણીએ રાજાની સમક્ષ મુનિને અનેક ઉપસર્ગ કર્યા. પણ મુનિ સ્થિર રહ્યા. આ ઉપસર્ગ બાર ઘડી કર્યા તેનું પરિણામ એ આવ્યું કે સુરસુંદરીને બારવર્ષ વિયોગ અને દુઃખ સહેવું પડયું. બાકી તમે બન્નેએ પૂર્વભવમાં દાન પૂણ્ય કરેલ એટલે ઋદ્ધિ સિદ્ધિ તો મળીજ.'

અમરકુમાર અને સુરસુંદરી પ્રતિબોધ પામ્યાં અને તે બન્નેએ મુનિ પાસે દીક્ષા લઈ અંતે સ્વશ્રેય સાધ્યું.

( સુરસુંદરીરાસ ).

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૮૩

## કુવચન

### યાને

## રજ્જા સાધ્વી

### (૧)

ભગવાન મહાવીર પરમાત્માએ એક વખત દેશનામાં કહ્યું કે 'સુંદર તપ જપ અને ધ્યાન છતાં બોલવામાં વિચાર ન કરવામાં આવે તો માણસ રજ્જા સાધ્વીની પેઠે સંસાર વધારી મુકે છે.'

ગૌતમ સ્વામીએ ભગવાનને પુછયું કે 'એ રજ્જા સાધ્વી કોણ અને તે એવું શું બોલી કે તેણે સંસાર વધાર્યો ?'

ભગવાને કહ્યું.

'ગૌતમ ! ઘણા વર્ષ પૂર્વેની આ વાત છે.

પૂર્વે ભદ્ર નામના આચાર્યનો મોટો સમુદાય હતો. આ ભદ્ર આચાર્યની આજ્ઞામાં છસો સાધુઓ અને બારસો સાધ્વીઓ હતાં.

આ બારસોએ સાધ્વીઓનાં ઉપરી રજ્જાઆર્યા હતાં. તે તપ જપ ધ્યાન અને પઠન પાઠનમાં પ્રવીણ હતાં. પણ કોઇ પૂર્વકર્મના ઉદયની તેમને પાછળની જીંદગીમાં શરીરે કોઢ થયો. અને તેથી તેમને અસહ્ય વેદના થવા લાગી.

રજ્જા સાધ્વીને બીજી સાધ્વીઓએ પુછવા માડયું કે 'મહારાજ ! આ વ્યાધિ આપને અચાનક કયાંથી થઇ આવ્યો ? આપને શું આહારમાં કાંઇ ખાવામાં આવ્યું તેથી આ વ્યાધિ થયો કે કોઇ કર્મદોષથી થયો ?'



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રજ્જા બોલી. 'નારે ના, ખાવામાં હું બહુ ચોકસાઈ રાખું છું' ખાવામાં એવું કાંઇ આવ્યું નથી કે અજીર્ણ વિગેરે પણ કાંઇ થયું નથી. મને તો લાગે છે કે આ રોજ ઉકાળેલું પાણી પીવામાં આવે છે તેથી આ કોઢ મારે શરીરે નીકળ્યો છે. આથી મેં તો આજથી જ ઉકાળેલા પાણીનો ત્યાગ કર્યો છે.'

બીજી ભોળી સાધ્વીઓને પણ લાગ્યું કે તેમની વાત સાચી લાગે છે કારણ કે રજ્જા આહાર વાપરવામાં અને શરીર સંભાળવામાં સાવધ છે છતાં આ રોગ થયો તેમાં ઉકાળેલું પાણી જ કારણરૂપ હશે. આથી એક પછી એક ઘણી સાધ્વીઓએ ઉકાળેલું પાણી પીવું છોડી દીધું. અને તે છોડતાં ઘણાંએ સંયમમાં મંદ પરિણામવાળાં બન્યાં.

( ૨ )

આ ગચ્છમાં એક સાધ્વી મનનાં મજબુત હતાં તેમણે વિચાર કર્યો કે 'રજ્જા કહે છે તે સાચું નથી. ઉકાળેલું પાણી પીધે કાંઇ કોઢ થાય નહિ. કોઢ તો તેને કોઇ પૂર્વકર્મના ઉદયથી થયો હશે. ઉકાળેલું પાણી પીવું એ સાધુ જીવનનો આચાર છે. તેને છોડવામાં તો જિનાજ્ઞાનો ભંગ થાય. આપણે પાંચ મહાવ્રત ઉચ્ચર્યાં ભગવાનની આજ્ઞા માથે ચડાવી અને હવે તેને ઉથાપાય જ કેમ? કોઢ શું ભલેને આખું શરીર નાશ પામે પણ જિન આજ્ઞાનું ઉલ્લંઘન કેમ થાય?

આ શરીર મોડું વહેલું નાશ તો પામવાનું જ છે ને? કોની સાથે શરીર આવ્યું છે? જિનેશ્વર ભગવાનની આણા એ આણા જ. તેમાં બીજો વિચાર કેમ કરાય?' આ સાધ્વી સંયમ શ્રેણિએ ચડયાં અને તેમને કેવળજ્ઞાન થયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૩ )

રજ્જા સાધ્વી કેવળી ભગવંતને નમ્યાં અને પુછયું 'ભગવંત્ ! આ મને કોઢ શાથી થયો ? હું માનું છું કે ઉકાળેલું પાણી પીવાથી થયો. પણ મારૂં જ્ઞાન એ છદ્મસ્થ છે. તેમાં ખોટું પણ હોય.'

કેવળી બોલ્યાં, રજ્જા ! તને રક્તપિત્તનો રોગ છે. આ રોગવાળાએ મિષ્ટાન્ન ન ખાવાં જોઈએ છતાં તેં ધરાઈને મિષ્ટાન્ન ખાધું. વધુમાં તે ખાધેલું મિષ્ટાન્ન કરોળીઆની લાળથી મિશ્રિત હતું તેથી તને આ કોઢ થયો છે. ઉકાળેલું પાણી કોઢ કરનાર નથી પણ તે તો દ્રવ્ય અને ભાવ બધા રોગ હરનાર છે.

'ભગવંત્ ! આ રોગ હું પ્રાયશ્ચિત્ત લઉં તો મટે ખરો.

'રજ્જા ! તું શરીરના રોગ મટાડવા આટલી તલસે છે. પણ તને ભાવરોગ મટાડવાની કેમ ચિંતા નથી ? આ રોગ પ્રાયશ્ચિત્ત કરવાથી કદાચ મટશે પણ તેં ઉકાળેલા પાણીથી આ કોઢ થયોછે તેંવુ કહી ઘણાને સંયમથી અને ધર્મથી ચૂકવ્યાં તેનો કાંઈ તને પશ્ચાતાપ થાય છે ખરો. આ રોગ તું કદાચ મટાડીશ પણ તેં ભાવરોગ ભયંકર ઉભો કર્યો છે તેનું શું ?'

કેવળીનો ઉપદેશ સાંભળી બીજી સાધ્વીઓ માર્ગે આવી તેમણે રજ્જાના કહેવાથી જે ઉકાળેલું પાણી છોડયું હતું તેનો તેમને ઘણો પશ્ચાતાપ થયો. પણ રજ્જાએ તો તેમને દુર્વચન બોલવાથી એવું પાપ બાંધ્યું કે તે અનેક ભવભ્રમણ કરે પણ જલદી છુટયું નહિ.

( ઉપદેશપ્રાસાદ )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૮૪

# આલોચના

### યાને

# સાધ્વી લક્ષ્મણા

### ( ૧ )

લક્ષ્મણા એ ક્ષતિપ્રતિષ્ઠિત નગરના રાજાની એકની એક પુત્રી હતી.

લક્ષ્મણા રૂપરૂપના ભંડાર અને ખુબ કલાવાન હતી. રાજાએ અનેક રાજકુમારોને જોયા પણ તેમાંથી એકે તેને પસંદ ન પડયો. આથી ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં રાજાએ મોટો સ્વયંવર મંડપ આરંભ્યો.

દેશદેશના રાજાઓ સ્વયંવર મંડપમાં આવ્યા. લક્ષ્મણા વરમાળા લઇ મંડપમાં આવી અને એક ઉત્તમ રાજકુમારની કોટમાં તેણે વરમાળા નાંખી.

લક્ષ્મણા અને રાજકુમાર ચોરીમાં બેઠાં ચાર ફેરા ફર્યાં ત્યાં રાજકુમારને કોઇ ઓચિંતી અણધારી વ્યાધિ ઉત્પન્ન થઇ. રાજાએ ઘણા ઘણા ઉપચાર કર્યા પણ તે રાજકુમાર ન બચ્યો. લક્ષ્મણા જે મંડપમાં સ્વયંવર વરી તેજ મંડપમાં તેજ વખતે રંડાઇ.

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં હાહાકાર વર્તી રહ્યો. રાજાએ લક્ષ્મણાને આશ્વાસન આપ્યું અને કહ્યું 'પુત્રિ ! સૌભાગ્ય અને દૌર્ભાગ્ય માણસના હાથની વાત નથી તે તો કર્મના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લેખ છે. અને કર્મ સત્તા આગળ કોઇનું કાંઇ ચાલતું નથી. પૂર્વભવે તેં કોઇ એવું દુષ્કર્મ કર્યું હશે જેથી તને ચોરીમાંજ રંડાપો આવ્યો.'

લક્ષ્મણા આશ્વાસન પામી અને તેણે તેનું ચિત્ત વૈરાગ્ય માર્ગે વાળ્યું. તે ભણવા ગણવામાં અને સાધુસંતના પરિચયમાં આવવા માંડી. આ પછી થોડાજ દીવસમાં ક્ષિતિ-પ્રતિષ્ઠિત નગરમાં જિનેશ્વર ભગવંત પધાર્યા ત્યારે લક્ષ્મણા તેમની દેશના સાંભળી સાધ્વી થઇ.

( ૨ )

લક્ષ્મણાએ જોત જોતામાં સારો અભ્યાસ કર્યો.

એક વખત પ્રવર્તિનીએ લક્ષ્મણાને વસતિની ગવેષણા કરવા મોકલી. લક્ષ્મણા સાધ્વી વસતિની આસપાસ સો ડગલાં વસતિ શોધતાં હતાં ત્યાં તેણે એક ચકલા ચકલીને જોયાં. ચકલાએ ચકલીની ડોક ઉપર પોતાની ડોક નાંખી હતી, ઘડીક તે એક બીજા પરસ્પર ચાંચો ભેગી કરતાં તો ઘડીક ઉલટપાલટ થઇ જમીન ઉપર આળોટતાં. લક્ષ્મણાને આ ચકલા ચકલીના મૈથુને રોમાંચ ખડાં કર્યાં. તેના શરીરમાં કોઇ અકથ્ય નવીન લાગણી ઉભરાવા લાગી. તે બોલી 'લઘુશંકા અને વડી શંકા એ મનુષ્યદેહની હાજતો છે તેમ વિષયભોગ એ પણ એક હાજતજ છેને ? તેના વિના માણસથી રહેવાયજ કેમ ? હું ખરેખર બહુ નિર્ભાગી ! પતિને મેં ચોરીમાંજ ગુમાવ્યો. વળી જુઓને આ પક્ષીઓ જંગલમાં રહે છે, ઓછી સમજ શક્તિવાળાં છે છતાં કેવી ગેલ કરે છે. મારે તો આ બધું જોઇને દાઝવાનું જ છેને ? બીજું તો ઠીક પણ ભગવંતે આમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો શું એવું ખરાબ દેખ્યું કે તેને વર્જ્યું. હાં જાણ્યું ભગવાન અવેદી છે તેમને વેદવાળા માણસોને શું વેદના થતી હશે તેની થોડીજ ખબર પડે છે. માણસ ખાધા વિના ચલાવી શકે, પીધા વિના ચલાવી શકે, આભૂષણો વગર ચલાવે પણ મૈથુન વિના તે કેવી અકથ્ય વેદનાથી પીડાય છે તે અવેદી ભગવાન શું જાણે ?'

લક્ષ્મણા આ વિચારમાં વસતિ શોધતી પાછી ફરી ત્યાં તેને વિચાર આવ્યો 'અરે ! હું ભૂલી. ભગવાન તો સર્વજ્ઞ છે તે તો સવેદીના અને અવેદીના બધાયના ભાવ જાણે છે. મારાથી બોલાયજ કેમ કે ભગવાનને સવેદીની શું સમજણ પડે. મેં ભગવાનને અસર્વજ્ઞ કહ્યા. ભગવાનનું ભગવાનપણું ઉઠાવ્યું. મેં ઘોર આશાતના કરી. લાખો જીવોની હિંસાવાળું મૈથુન તેને મેં આમાં શું પાપ છે કહી પાપની ઉત્તેજના કરી. મેં મારૂં સંયમ ગુમાવ્યું. હું સંયમ ભ્રષ્ટ બની, શાસન નિંદક અને દેવનિંદક પણ થઇ. લક્ષ્મણાને જીવનમાં તીવ્ર પશ્ચાતાપ થયો તે ઉપાશ્રયે આવી આ દુશ્ચિંતવનાના પ્રાયશ્ચિત્તની જંખના કરવા લાગી.

( ૩ )

લક્ષ્મણા સાધ્વી પ્રાયશ્ચિત્ત લેવા ઉપાશ્રયથી નીકળ્યાં પણ તેના હૃદયમાં એ વાતનો અજંપો બહુ થવા માંડયો કે હું ગુરૂ સમક્ષ આ બધું કહીશ શી રીતે ? લોકો તો મને પરમ ચારિત્રપાત્ર અને ત્યાગી તપસ્વિની અને બાળબ્રહ્મચારિણી માને છે, મારી ઈજ્જત મારે હાથે કેમ ખુલ્લી કરવી ? ત્યાં તેમને ઘંગે કાંટો વાગ્યો. લક્ષ્મણાએ આ કાંટાને અપશુકનરૂપ

માન્યો અને તે ફરી વિચારે ચડી 'પ્રાયશ્ચિત્ત તો મારે મારા આત્માનું કરવું છે ને ? બીજાને જણાવીને શું કામ છે ? મારો આત્મા આ દુશ્ચિંતવનથી મલિન થયો તેજ આત્માને મારે તપત્યાગથી શુદ્ધ કરવો છેને ? કાંઇ નહિ ગુરૂને હું મોઘમ આ બધી વાત કહીશ અને તેમની પાસે પ્રાયશ્ચિત્ત લઇશ તો શું વાંધો છે ?'

લક્ષ્મણા ગુરૂભગવંતને ઉપાશ્રયે આવી અને બોલી. 'ભગવંત ! કોઇ ચકલા ચકલીને મૈથુન સેવતાં જોઇ એમ ચિંતવે કે ભગવાન અવેદી છે તેથી સવેદીનાં દુઃખ જાણતા નથી. તો શું પ્રાયશ્ચિત્ત લાગે ?'

ગુરૂ બોલ્યા. ' અરે ! આતો મહા પાપ ! આમાં તો ભગવાન સર્વજ્ઞજ નથી એમ થયું ને ? એમ થતાં તો તેણે દેવનેજ અદ્ધર ઉઠાવ્યા.

લક્ષ્મણા બોલી ''ભગવંત ! હા એમજ થયું. પણ તેનું પ્રાયશ્ચિત્ત તો હશે ને ?'

ગુરૂએ ઉપયોગ મુકયો અને કહ્યું 'આર્યા એ માટે તો તેણે છઠ્ઠ પછી અઠ્ઠમ અઠ્ઠમ પછી દસમ અને તે પછી દુવાલસ દસ વર્ષ કરવાં જોઇએ અને તેના પારણે વિગય રહિત એકાસણું કરવું જોઇએ. સોળ વર્ષ માસખમણ, ૨૦ વર્ષ આયંબિલ અને બે વર્ષ ઉપવાસ કરવા જોઇએ આમ પચાસ વર્ષની તપશ્ચર્યામાં તેને બે વર્ષજ ખાવાનું આવે. આ પચાસ વર્ષની તપશ્ચર્યા કર્યા છતાં પણ જો તે ગુરૂ સમક્ષ પોતાના નામથી આલોચે નહિ તો તેને શુદ્ધ થવું ઘણું કઠણ છે.'

લક્ષ્મણાને ઘડીક આલોવવાનું મન થયું પણ પાછી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હૃદયમાં રહેલ પોતાની પ્રતિષ્ઠા અને અભિમાને તેને તે આલોવવા ન દીધું.

( ૪ )

લક્ષ્મણા સાધ્વીએ પચાસ વર્ષ સુધી ગુરૂએ જણાવેલ ઉપરમુજબ તપશ્ચર્યા કરી. તેણે તેનું શરીર માળખા જેવું બનાવી દીધું. તેની ઉંમર હવે વૃદ્ધ થઇ હતી. હૃદયમાંની બધી વાસના પરવારી ગઈ હતી. છતાં આલોચના લીધા વિનાની તપશ્ચર્યા તેમને શુદ્ધ ન કરી શકી.

એક રાત્રિએ આટલી તપશ્ચર્યા કર્યા છતાં લક્ષ્મણાને આર્ત્તધ્યાન થયું એટલે તે વિચારવા લાગી કે મેં આટલી આટલી તપશ્ચર્યા કરી છતાં મને કાંઇ ફળ તો થયું નહિ. મેં કાયાને ફોગટ દમી. લક્ષ્મણાએ આ આર્ત્તધ્યાનથી તપ એળે કાઢયું. આ પછી તે મરી વેશ્યા થઇ અને પછી બીજા પણ ઘણા ઘણા ભવ કરી અનંત સંસાર રખડી.

આ લક્ષ્મણા આમ ઘણો સંસાર રખડી અંતે કલ્યાણ સાધશે પણ જો તેણે ગુરૂ સમક્ષ આલોચના લીધી હોત તો તે જલદી નિસ્તાર પામત.

પ્રાયશ્ચિત્ત કેવળ તપ કરેજ થતું નથી. પણ હૃદપૂર્વકના દાહ સાથે ગુરૂ સમક્ષ આલોચનાથી લેવાયેલ પ્રાયાશ્ચત્ત એજ ખરૂં પ્રાયશ્ચિત્ત છે અને તેજ ચીકણામાં ચીકણાં પાપોને બાળી ભસ્મીભૂત કરી શકે છે.

[ શ્રાદ્ધવિધિ. ઉપદેશપ્રાસાદ ]

———

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૮૫

# બહોત ગઇ થોડી રહી

## યાને

# ક્ષુલ્લકકુમાર

## (૧)

સાકેતપુર નગરના રાજમહેલના સામેના ચોગાનમાં નર્તકીનો સુંદર નાટારંભ થતો હતો. રાજા પ્રધાન અને પ્રજાજનો બધા પોતપોતાની યોગ્યતા પ્રમાણના સ્થાને બેઠા હતા.

આ નાટારંભમાં માણસો તો ઘણા હતા પણ તે બધામાં મુખ્યપાત્ર એક યુવાન નર્તકી હતી. આ નર્તકી સંગીત ગાય ત્યારે માણસો તેના સંગીતના પદને બોલી માથું ધુણાવતા હતા અને તે નાચ કરે ત્યારે પ્રેક્ષકો તેની સાથે ઉંચા નીચા થઇ નાચ કરવાનો દેખાવ કરતા હતા. નર્તકીએ સભાને રંજન કરવા વિવિધ પ્રયોગો ભજવ્યા છતાં તે પ્રયોગોથી ન ધરાયો રાજા કે ધરાયા પ્રજાજનો.

શિયાળાની મોટી રાત તેણે લોકોને રંજન કરવામાં ઘણીખરી પસાર કરી. હવે તેના પગ દુઃખતા હતા. ગળું સુકાયું હતું. અને તેની આંખ કાંઈક ઘેરાતી હતી. નર્તકીની વિચક્ષણ માતા આ જાણી ગઇ અને તેથી તેણે પુત્રી ભૂલેચૂકે હવે થોડા વખત માટે પ્રમાદ કરી તેનું સંગીત કે નાચ અગાડી ન નાંખે માટે એક સૂક્ત બોલી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**सुट्ठुगाइयं सुट्ठुवाइयं सुट्ठु नच्चियं साम सुंदरि ।**
**अणुपालिय दीहराइयं उसुमिणंते मा पमायए ॥**

'હે સુંદરિ! તેં બહુ સારૂં ગાયન કર્યું ઘણું સારૂં વગાડયું અને સારી રીતે નૃત્ય કર્યું. એવી રીતે આખી રાત પસાર કરી હવે થોડા માટે તું પ્રમાદ કરી બગાડીશ નહિ.

આ સૂકતનો ખુબ જાદૂઈ અસર થઇ. સાધારણ રીતે નિયમ તો એવો હોય છે કે નાટકીયાઓને સૌ પ્રથમ રાજા દાન આપે પછી બીજા પોતાની શક્તિ મુજબ દાન આપે. પણ આ નાટક જોનારામાંથી કોઇ એક અજાણ્યો યુવાન ઉભો થયો. તેણે આગળ આવી પોતાની લાખ રૂપીયાની કંબલ નર્તકીને ભેટ ધરી.

લોકોએ તાળીઓના અવાજે તેને પ્રોત્સાહન આપ્યું આ યુવાન પોતાના સ્થાને બેસે ત્યાં તો રાજકુમાર ઉભો થયો અને તેણે પણ પોતાનાં રત્નજડિત કુંડળો નર્તકી તરફ ફેંકયાં. પ્રજાએ જોરથી તાળીઓ પાડી નર્તકીના નૃત્યને ઉત્તેજિત કર્યું.

રાજકુમાર બેઠો નહિ ત્યાં તો રાજ્યના મૂખ્ય મંત્રીએ પોતાની લાખની કિંમતનું મુદ્રારત્ન નર્તકીને આપ્યું. આ પછી એક શેઠની સ્ત્રીએ લાખ રૂપીયાનો રત્નનો હાર અને માવતે પોતાનો અંકુશ ભેટ આપ્યો.

સાકેતપુરનો રાજા ડાહ્યો અને વિચારવંત હતો તેથી તેણે હવે વધુ મર્યાદા ભંગ ન થાય માટે પોતાનું મોટું ઈનામ નર્તકીને આપી રાજમર્યાદાને સાચવી લીધી પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેણે સૌ પ્રથમ ભેટ આપનાર પેલા અજાણ્યા યુવાનને પુછ્યું.

'યુવાન તને એવો શાથી ઉત્સાહ આવી ગયો કે ગામનો રાજા કાંઇ ભેટ આપે તે પહેલાં તું ભેટ આપવા ઉછળી પડયો.'

યુવાન બોલ્યો 'રાજન્! આની પાછળ મારી આખી આત્મકથા છુપાઇ છે. '**सुट्ठुगाइअं सुट्ठुवाइयं**'ના સૂકતે મારૂં આખું જીવન પલટી નાખ્યું છે.

રાજાએ કહ્યું 'કઇ રીતે?'

યુવાને પોતાની કથા કહેવા માંડી.

## ( ૨ )

"રાજન્! એક રાજાની નજર તેના ભાઇની રૂપવંતી સ્ત્રી **યશોભદ્રા** ઉપર પડી. આ સ્ત્રીને જોતાં રાજા કામવિવશ થયો અને તેને તે પજવવા લાગ્યો. પણ તે સ્ત્રી શિયળમાં દૃઢ હોવાથી રાજા ફાવ્યો નહિ. એટલે રાજાને લાગ્યું કે જ્યાંસુધી તેનો પતિ (મારો ભાઇ) જીવતો હશે ત્યાંસુધી તે મને વશ નહિ થાય આથી રાજાએ એક રાતે તેના પતિનું (પોતાના નાના ભાઇનું) ખૂન કર્યું. યશોભદ્રા આ સમાચાર સાંભળી નાઠી. જંગલ વટાવતી કોઇ એક ગામમાં આવી અને એક સાધ્વીને આસરે જઇ તેણે દીક્ષા લીધી.

દીક્ષા લેતા પહેલાં તેણે સાધ્વીને વાત નહિ કરેલી કે હું સગર્ભા છું. પણ દીવસો થતાં તે ગર્ભવૃદ્ધિ છુપાઇ નહિ. શ્રાવકોએ પુરે માસે સાધ્વીનો પ્રસવ કરાવ્યો તો તેને પુત્રનો જન્મ થયો. આ પુત્રને શ્રાવકોએ પ્રેમથી ઉછેર્યો અને તેણે તેનું નામ **ક્ષુલ્લકકુમાર** પાડયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્ષુલ્લકકુમાર શ્રાવકોને ત્યાં ઉછરી આઠ વર્ષનો થયો એટલે તેણે ગુરૂ મહારાજ પાસે દીક્ષા લીધી.

દીક્ષા બાદ થોડાજ દીવસ પછી ચારિત્રાવરણ કર્મના ઉદયથી તે ક્ષુલ્લકકુમારના હૃદયમાં વિષયવાસના જાગી અને તેથી તે એકવાર તેની માતા સાધ્વીની પાસે આવી કહેવા લાગ્યો 'ગુરૂણિ! હું સંયમ નહિ પાળી શકું હું ઘેર જવા માગું છું.'

માતા સાધ્વીએ કહ્યું 'ઘેર શું છે? તારી ઇચ્છા ન હોય તો પણ મારા ખાતર તું બાર વર્ષ સંયમ પાળ અને હું કહું તે ઉપદેશ સાંભળ.' ક્ષુલ્લકે આ વાત કબુલ રાખી.

ક્ષુલ્લકને રોજ સાધ્વી પાસે ઉપદેશ સાંભળતાં બાર વર્ષ વીત્યાં પણ તેના મનમાં વૈરાગ્યભાવ નજ જાગ્યો. બાર વર્ષના અંતે તેણે માતા સાધ્વીને ફરીથી કહ્યું. 'બાર વર્ષ થઈ ગયાં છે હવે હું જાઉં છું.'

સાધ્વી ભાવિભાવ કહી છુટી પડયાં છતાં તેમણે તેને કહ્યું 'તારે જવું હોય તો તું જાણે પણ મારાં ગુરૂણીને મળી તેમની રજા લઇને જજે.'

ક્ષુલ્લક વડેરા સાધ્વી પાસે ગયો અને બોલ્યો 'મહારાજ! મારાથી સંયમ નહિ પળાય. મેં બાર વર્ષ માતાની દાક્ષિણ્યતાએ બાર ભવ જેવા કાઢયા છે. હવે હું ઘેર જાઉં છું.'

વૃદ્ધ સાધ્વી બોલ્યાં 'તેં માતાનું વચન માન્ય રાખી બાર વર્ષ કાઢયાં તો તેની ગુરૂણી એવી મારૂં વચન માની તેટલાં વર્ષ નહિ કાઢે? માતા વધી હું નહિ ને?'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'મહારાજ! એવું શું બોલો છો? આપને ખરાબ લાગતું હોય તો ભલે આપ ખાતર બાર વર્ષ હું વધુ રહીશ.' ક્ષુલ્લકે મોઢું નીચું રાખી કહ્યું.

દીવસને જતાં થોડીજ વાર લાગે છે. આ બાર વર્ષનાં પણ વ્હાણાં વહી ગયાં ક્ષુલ્લક હવે ભરયૌવન અવસ્થાએ આવી પહોંચ્યો. ચોવીસ વર્ષના સંયમે પણ તેની વિષય-વાસનાને સમાવી ન હતી.

આ અવધિ પુરી થતાં તે વૃદ્ધ સાધ્વી પાસે આવ્યો અને બોલ્યો 'મહારાજ! મેં આપનું વચન સાચવ્યું છે. હું હવે જાઉં છું.'

સાધ્વી બોલ્યાં 'જવું ન જવું તારી મરજીની વાત છે પણ આપણા ઉપાધ્યાય મહારાજને ભેગો થઈને જા.'

ક્ષુલ્લક ઉપાધ્યાય પાસે ગયો અને બોલ્યો 'ભગવંત! મેં ચોવીસ વર્ષનું સંયમ માતા અને તેની ગુરૂણીની દાક્ષિણ્યતાએ પાળ્યું છે. મારા હૃદયમાં તો વિષય વાસનાના જ ઉછાળા હતા. હું અહીંથી છુટવા માટે એક પછી એક દીવસો ગણી રહ્યો હતો તે અવધિ હવે પુરી થઇ ગઇ છે. અને હું હવે ઘેર જાઉં છું.'

'ક્ષુલ્લક! તને તારી માતા અને ગુરૂણી વધુ માન્ય. ચોવીશ વર્ષના અમારા સંસર્ગની તો તને કાંઇજ કિંમત નહિ ને? માતા અને ગુરૂણી ખાતર તેં બાર બાર વર્ષ ગાળ્યાં તો તું અમારા ખાતર વધુ બાર વર્ષ નહિ ગાળે?' ઉપાધ્યાયે કાળ વિલંબથી કાંઇ ફળ મળશે તે આશાએ આ બોલ કહ્યો.

'મહારાજ! આપને અહિં રાખવો હોય તો હું બાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વર્ષ વધુ રહીશ બાકી મારૂં મન તો સંયમમાં મુદ્દલ ઠરતું જ નથી. મને તો મારી આગળ દુનીયાના રંગરાગ જ ઘૂમ્યા કરે છે.'

ઉપાધ્યાય મૌન રહ્યા. ક્ષુલ્લકે 'ભગવંત! બહુ સારૂં હું આપના વચન ખાતર બાર વર્ષ વધુ રહીશ.' કહી ઉપાધ્યાયનો રોજ ઉપદેશ સાંભળ્યો પણ તેની વિષયવાસનાને તો તે ન સમાવી શક્યો.

બાર વર્ષને અંતે તે તેમની પાસે આવ્યો અને તેણે તેમની પણ રજા માગી. તેમણે રજા આપી પણ ગચ્છ નાયકને મળી પછી જવાની સૂચના કરી. ક્ષુલ્લક ગચ્છ નાયક પાસે ગયો અને ત્યાં પણ તેમના આગ્રહથી વધુ બાર વર્ષ રહેવાનું કબુલી આવી બીજાં બાર વર્ષ પણ સંયમમાં ગાળ્યાં.

ક્ષુલ્લકને લાગ્યું કે હવે કોઈની શરમ ભરવાની બાકી રહી નથી. તેથી ગચ્છ નાયકને મળી તેમની ઉપેક્ષાપૂર્વકની સંમત્તિ લઇ માતા પાસે આવ્યો. સાધ્વીએ જાણ્યું કે હવે આ સંયમમાં નહિ રહે તેથી તેને રત્નકંબલ અને તેના પિતાના નામવાળી મુદ્રા અપાવી.

ક્ષુલ્લક સૌને છેલ્લા વંદન કરી વિષયવાસનાના વિચાર કરતો ઉપાશ્રયથી છુટયો.

રાજન્! આ ક્ષુલ્લકકુમાર તે હું. સાધ્વી યશોભદ્રા તે તમારા નાનાભાઇ કંડરીકની પત્ની અને મારી માતા. હું આજે ત્યાંથી છુટી આપની પાસે આવ્યો ત્યાં તમે બધા નાટક જોવામાં મગ્ન હતા એટલે હું પણ નાટક જોવા લાગ્યો નર્તકીનું **'सुठ्ठु गाइयं'** પદ મારા હૃદયમાં ઉતર્યું અને મને લાગ્યું કે આ પદ મારે માટેજ કહેવાયું છે મારી બહોત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગઇ છે અને થોડી રહી છે સાઠ સાઠ વર્ષ સુધી મેં જીંદગીનો મોટો ભાગ સંયમ પાળ્યું અને હવે થોડા વર્ષના જીવન માટે હું તે બધું શું કામ એળે કાઢું ? હવે મને તમને મળવાનો કે વિષયવાસનાની ભાવનાનો ઉમળકો રહ્યો નથી. રાજન્ ! હું જેમની પાસેથી આવ્યો હતો તે ગુરૂ પાસેજ જઇશ.

રાજાએ મુદ્રિકા વિગેરે ક્ષુલ્લક પાસે હતું તે જોયું અને તે મુદ્રિકાને ઓળખી ક્ષુલ્લકને ભેટી કહેવા લાગ્યો 'પુત્ર ! એમ ન કર. આ રાજ્ય તુંજ સંભાળ મારે હવે રાજ્ય નથી જોઇતું.'

( ૩ )

આ પછી રાજાએ પોતાના કુમાર તરફ મુખ કરી પુછયું 'પુત્ર ! તેં કેમ એકદમ સોનાનાં કુંડળ નર્તકીને આપી દીધાં ?' કુમાર બોલ્યો 'પિતાજી ! હું ઘણા દીવસથી રાજ્યની ઝંખના કરતો હતો અને સાથેજ પિતા કયારે મરે અને હું રાજા થાઉં એમ પણ ઇચ્છતો હતો. હું જેમ જેમ રાજ્ય માટે વધુ તલપાપડ થતો ગયો તેમ તેમ તમારૂં આયુષ્ય વધુ લંબાતું ગયું. આજે તો મેં નિશ્ચય કર્યો હતો કે કાલે કોઇપણ બાના તળે મારે પિતાને ઝેર આપી મારી નાંખવા પણ આ નર્તકી **सुट्ठु गाइयं'** બોલી અને મારો વિચાર પલટાયો. મને થયું કે પિતા હવે કેટલું જીવશે ઘણી ગઇ અને થોડી જીંદગી રહી તેમાં હું શું કામ આ કામ મારા હાથે કરી અપયશ લઉં, પિતા ! મને આ વિચાર માટે પશ્ચાતાપ ઉપજ્યો અને તે

વિચાર પલટાવનાર આ સૂક્ત હોવાથી તે ગાનાર નર્તકીને મેં ઉત્સાહના અતિરેકમાં આવી આ કુંડળ આપ્યાં.

( ૪ )

'મંત્રિવર ! આપ તો ડાહ્યા અને વિચક્ષણ છો છતાં તમે કેમ એકદમ કુદી પડી મુદ્રિકા આપી દીધી !' રાજાએ મંત્રીના વિચાર જાણવા પુછયું.

રાજન્ ! જે સૂક્તે ક્ષુલ્લકકુમાર અને રાજકુમારનું માનસ પલટયું તેજ સૂક્તે મારૂં પણ માનસ પલટયું.

હું રાજ્યમાં આપની કૃપાથી હાલ બધી બાબતમાં કર્તા હર્તા છું. શત્રુ રાજાએ આ વસ્તુ જાણી મને મોટી ભેટ મોકલી અને આપનાથી ફોડવા મને ઘણું લલચાવ્યો. હું શરૂઆતમાં તો મક્કમ રહ્યો પણ પછી લલચાયો અને કાલે શત્રુ સાથે ભળવાની તૈયારીમાં હતો ત્યાં આ વચન સાંભળી મારો વિચાર પલટાયો. મને થયું કે વર્ષોની કરેલી રાજસેવાને હું કદાચ બે પાંચ વર્ષ જીવું તે ખાતર શામાટે એળે કરૂં ? રાજન્ ! આ સૂકતે મારા જીવનના શ્વેતયશને જાળવી રાખ્યો છે માટે મેં પ્રસન્ન થઇ તેને મુદ્રિકા ભેટ આપી.

( ૫ )

રાજાએ હાર આપનાર શેઠાણીને પુછયું 'શ્રેષ્ઠિપુત્રિ ! તમે કેમ એક લાખનો હાર ખુશ થઇને નર્તકીને આપી દીધો ?'

'રાજન્ ! મને કહેતાં શરમ આવે છે છતાં કહું છું કે મારા પતિ બાર વર્ષથી પરદેશ છે તેમના કાંઇ સમાચાર નથી. લક્ષ્મી અને યુવાવસ્થા બન્ને મારી પાસે હોવાથી મને લલ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચાવનારા ઘણા મળે છે છતાં હું બાર વર્ષથી શુદ્ધ રહી શકીછું પણ આજે મેં નિશ્ચય કર્યો હતો કે પતિના કાંઇ સમાચાર નથી અને યુવાની તો ચાલી જાય છે. કાલે કોઇને કોઈ સારો પુરૂષ શોધી તેની સાથે હું ઘર માંડું પણ આજે આ પદ સાંભળતાં મને થયું કે વર્ષો સુધી શીયળ પાળી નામના મેળવી તે થોડા ખાતર શામાટે ગુમાવું ?

માવત બોલ્યો રાજન્ ! જેવું બધાનું થયું તેવુંજ મારૂં પણ થયું છે. રાજરાણી મારી સાથે દુરાચારમાં છે તેમને અને મને આપની આડખિલી લાગતી હતી. હું આપનો આવતી કાલે નાશ કરવા તલસી રહ્યો હતો ત્યાં આ પદે મને બહોત ગઇ થોડી રહીથી અટકાવ્યો.

રાજા, પ્રધાન, કુમાર શ્રેષ્ઠિની અને માવત બધાય પ્રતિબોધ પામ્યા. અને જે ક્ષુલ્લકકુમાર દીક્ષા છોડવા આવ્યો હતો તે આ બધાને દીક્ષા અપાવી શુદ્ધ સંયમને પાળી દેવ-ગતિ પામ્યો.

सुट्ठगाइयं सुट्ठुवाइयं सुट्ठु नच्चियं साम सुंदरि ।
अणुपालिय दीहराइयं उसुमिणंते मा पमायए ॥

આમ આ 'सुट्ठु गाइयं'ના એક જ સૂકતે પાંચેનાં જીવનઃ પલટયાં.

( ઉપદેશપ્રાસાદ )



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૮૬

# હિંસાનાં ફળ

## યાને

# મૃગાપુત્ર (લોઢીઓ)

## (૧)

ભગવન્! મેં આજે માર્ગમાં એક વૃદ્ધ અને અંધ પુરૂષને જોયો. તેના જેવો દુનિયામા બીજો કોઇ દુઃખી હશે ખરો? તેના આખા શરીરે કોઢ હતો, લોહી અને પરૂં તો પરસેવાની પેઠે તેના શરીરમાંથી ટપકતું હતું. તેના શરીરની આસપાસ ફરતી માખીઓના ગણગણાટ તેના આગમનને સૂચવતો હતો. આ માણસ આંખે આંધળો હતો પગે લુલો હતો. શરીરે કોઢીઓ હતો અને કાને બહેરો હતો. **મૃગ** ગામમાં ગોચરીથી આવ્યા બાદ ગૌતમ સ્વામિએ ભગવાન મહાવીર પરમાત્માને પુછયું.

ભગવાને કહ્યું 'ગૌતમ! માર્ગમાં તેં જે દુઃખી વૃદ્ધને દેખ્યો તેથી પણ અત્યંત વેદનાવાળો આ ગામના **વિજય** રાજાની રાણી **મૃગાવતી**નો પુત્ર છે. તેના દુઃખ આગળ આનું દુઃખ અણુમાત્ર છે. તે છોકરાને જન્મથી માંડી હંમેશ માટે ભોંયરામાંજ રાખવામાં આવે છે. ઇન્દ્રભૂતિ! સંસાર કેવળ દુઃખથી જ ભરેલો છે, કોઇને ઓછું તો કોઇને વધુ દુઃખ. પ્રાણી માત્ર પોતાના પૂર્વભવના કર્મને લઇ સુખદુઃખ ભોગવે છે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૨ )

ઇન્દ્રભૂતિ ગૌતમ ગણધર ભગવાનની અનુજ્ઞા લઈ વિજય રાજાને ત્યાં મૃગાપુત્રને જોવા ચાલ્યા.

મૃગાવતી ગૌતમ ભગવાનને આવતા જોઇ સામે આવી અને બોલી 'ભગવંત્! પધારો આજે અમારૂં આંગણું કેમ પાવન કર્યું ?'

ગૌતમે કહ્યું 'મૃગાવતિ ! હું તારા પુત્રને જોવા આવ્યો છું તું મને તે પુત્ર બતાવ.'

મૃગાવતી તુર્ત પોતાના પાંચ પુત્રોને સારાં કપડાં ઘરેણાં પહેરાવી તેમની પાસે લાવી અને તેમને પગે લગાડી બોલી 'ભગવંત્! આ રહ્યા મારા પુત્રો. આપને તેમના સંબંધમાં શું પુછવું છે ?'

"રાણી ! હું તારા પ્રથમ પુત્રને જોવા આવ્યો છું જેને તું ભોંયરામાં રાખી રોજ સંભાળે છે."

આશ્ચર્ય પામી રાણી બોલી 'ભગવંત્! આપે એ વૃત્તાન્ત શાથી જાણ્યો ?'

ગૌતમ સ્વામિએ કહ્યું 'મૃગાવતિ ! આજે હું ગોચરીથી પાછો ફરતો હતો ત્યારે માર્ગમાં એક વૃદ્ધ દુઃખી પુરૂષને જોઇ મેં ભગવંતને કહ્યું કે 'ભગવંત! આનાથી પણ કોઇ દુઃખીયો પુરૂષ હશે ખરો. ત્યારે ભગવંતે તેના કરતાં પણ વધુ દુખીયા તરીકે તારા પુત્રને વર્ણવ્યો આથી હું તેને જોવા આવ્યો છું.'

મૃગાવતીએ જે ભોંયરામાં મૃગાપુત્રને રાખ્યો હતો તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભોંયરાનો દરવાજો ઉઘાડયો તો એકદમ અસહ્ય દુર્ગંધ નીકળી, દુર્ગંધ બહારની હવામાં પ્રસર્યા બાદ કાંઇક ઓછી થઈ એટલે મૃગાવતીએ ગૌતમ ભગવંતને કહ્યું 'ભગવંત્! મુખે વસ્ત્ર બાંધી મારી પાછળ આપ ભોંયરામાં પધારો એટલે હું આપને તે મારો પુત્ર બતાવું.'

મૃગાવતી થોડીવારે વિવિધ રસવતીવાળી ગાડી લાવી અને ઠેલતી ઠેલતી ભોંયરા તરફ ચાલી. ગૌતમ ભગવંત પણ પાછળ પાછળ ચાલ્યા. તો ભોંયરામાં એક બાજુ જાણે કોઇ માંસનો પિંડ પડયો હોય તેવો એક બાળક પડયો હતો. હોઠ, કાન, નાસિકા કે બીજા કોઇ અવયવો તેનાં કાંઇ સ્પષ્ટ જણાતા ન હતા. તેના શરીરમાંથી લોહી અને પરૂ વહ્યા કરતું હતું. તેના શરીરમાંથી નીકળતો દુર્ગંધ અસહ્ય હતો. આ બાળક લાવેલા ખોરાકને મૂર્ચ્છાથી સ્પર્શતો અનેતે સ્પર્શતો કે તુર્ત બધો ખોરાક વિરૂપ થઇ જતો. તેના અવયવો કોઇ સ્પષ્ટ ન હતા. છતાં સતત તે પિંડમાંથી દુઃખની ચિચીઆરીનો અવાજ આવ્યા કરતો હતો.

મૃગાવતી ખોરાક આપી ભોંયરામાંથી પાછી ફરી અને તે સાથે ગૌતમસ્વામિ પણ ભોંયરામાંથી મૃગાપુત્રના દુઃખનો વિચાર કરતા ભગવંત પાસે આવ્યા અને બોલ્યા.

'ભગવંત્! આપે કહ્યું તે મુજબ જ મૃગાપુત્ર દુઃખથી ઘેરાયેલો છે. તેના આંખ નાક કાન કે કોઇ અવયવનો સ્પષ્ટ આકાર નથી. જાણે એક માંસનો પિંડ. આ છતાં આહારની મૂર્ચ્છા તો તેને એવીને એવી છે કે જેને દેખતાં તેમાં તે આળોટે છે અને તે બધા આહારનો વિધ્વંસ કરે છે. ભગવંત આ

મૃગાપુત્રે પૂર્વભવે એવું તો કેવું કર્મ બાંધ્યું હશે કે તેને આ ભવે આવું દુઃખ વેઠવું પડે છે.

ગૌતમ ! કર્મનો નિયમ અટલ છે. જેવું માણસ કરે તેવું તેને તે પામવું પડે છે.

( ૩ )

આ મૃગાપુત્રનો જીવ પરભવમાં ઇક્કાઇ રાઠોડ નામનો રાજાનો સેવક હતો. આ ઇક્કાઈ રાઠોડનું શતદ્વાર વિગેરે પાંચસો ગામો ઉપર આધિપત્ય હતું. તે રોજ નવા નવા કર નાંખતો. અનેક સ્ત્રીઓની લાજ લુંટતો અને લોકો ઉપર ભયંકર ત્રાસ વર્તાવતો. અણચિંતવ્યા લોકો ઉપર ખોટા આરોપો મુકી કોઇને જેલમાં નાંખતો તો કોઇના કામમાં ખોટી શંકાઓ ઉભી કરી તેઓને અનેક શિક્ષા કરતો. ઇક્કાઇ રાઠોડે કેઇના હાથ ભાંગ્યા, કેઇના પગ ભાંગ્યા અને કેઇની જીભો ખેંચી લીધી. કેટલાયને કલાકોના કલાકો તડકે ઉભા રાખી ભૂખે તરસે માર્યા તો કેટલાકને હળ સાથે જોડી ખેતરમાં જોતર્યા. આનું પરિણામ એ આવ્યું કે જતે દીવસે ઇક્કાઇને સખ્ત રોગો ઉત્પન્ન થયા. તે રોગોના પ્રતાપે ઇક્કાઈએ ઘણાં વૈદ્યોનાં ઔષધો ખાધાં. કેટલાએ ડામ વિગેરેનાં ટુચકાંઓ સહ્યાં પણ એકે રોગ તેનો શમ્યો નહિ. રાડો ચીસો નાંખતો આ રાઠોડ મરી નરકમાં જઇ મૃગાવતીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. મૃગાવતીને આ ગર્ભથી પારાવાર વેદના થઇ અને તે ગર્ભમાં આવ્યા પછી મૃગાવતી રાજાને પણ અપ્રિય થઇ પડી. મૃગાવતીએ ગર્ભ પાડવા ઘણા ઉપાય કર્યા પણ તે પડયો નહિ. પુરે માસે આ જન્મ્યો ત્યારે જાણે એક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માંસનો પિંડ. મૃગાવતી આ દેખી ભય પામી અને તેણે તેને દાસીઓને ફેંકી દેવા કહ્યું. વિજય રાજાને આ ખબર પડી એટલે તેણે મૃગાવતીને કહ્યું 'મૃગાવતિ ! આ તારૂં પ્રથમ સંતાન છે. જો તું આને ફેંકી દઈશ તો તારી કોઇ પ્રજા સ્થિર નહિ થાય. માટે જે તારે નસીબે આવ્યો તેનું તું એકાંતે પાલન કર. મૃગાવતી આશ્વાસન પામી અને તે બાળકને પોષણ કરવા લાગી. આની અઢારે નાડીઓમાંથી લોહી અને પરૂ વહે છે અને દુર્ગંધથી તે ઉછળે છે.

ગૌતમ આ મૃગાપુત્ર બત્રીસ વર્ષ આવું ભયંકર દુઃખ ભોગવી મૃત્યુ પામશે અને ત્યાર પછી ઘણો સંસાર રખડી કલ્યાણ સાધશે.

ઈક્કાઈ રાઠોડના ભવમાં કરેલી હિંસા તેને અનેક ભવમાં હિંસા કરાવશે અને તેને પણ હિંસાના પરિણામમાં જ રાચતો માચતો રાખી અનેક ભવ રખડાવશે.

**पंगुकुष्ठिकुणित्वादि दृष्ट्वा हिंसाफलं सुधीः ॥**
**निरागस्त्रसजंतूनां हिंसां संकल्पतस्त्यजेत् ॥ १९॥**

પાંગળાપણું, કોઢીઆપણું, અને હાથઆદિનું ઠુંઠાપણું; આ સર્વ હિંસા કરવાનાં ફળો છે, એમ જાણી બુદ્ધિમાન્ જીવોએ નિરપરાધી ત્રસ જીવોની સંકલ્પથી હિંસા કરવાનો ત્યાગ કરવો. ૧૯.

(ઉપદેશપ્રાસાદ અને વિપાકસૂત્ર.)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૮૭

# રાજા દશનો પ્રતિબોધ

### યાને

# મહામુનિ નંદિષેણ (બીજા)

### (૧)

એકવાર પરમાત્મા મહાવીરદેવ રાજગૃહીના ઉદ્યાનમાં સમવસર્યા. મહારાજા શ્રેણિક, અભયકુમાર, નંદિષેણ વિગેરે ભગવાનને વાંદી દેશના સાંભળવા બેઠા.

દેશના બાદ મહારાજા શ્રેણિકે ભગવંતને પુછયું 'ભગવંત એક તરફ મારૂં આખું રાજ્ય અને બીજી બાજુ સેચનક. એવો સેચનક હાથી કિંમતી છે. આ હાથીને વશ કરવા મારા માણસોએ ઘણા પ્રયત્ન કર્યા પણ તે કોઇથી વશ ન થયો. ભગવંત ! મને અને બધા પ્રજાજનોને એ ખુબ આશ્ચર્ય છે કે આ હાથી નંદિષેણને જોતાંજ કેમ વશ થયો અને તેની સાથે રાજ્યની હસ્તિશાળામાં કેમ આવી ઉભો રહ્યો. ભગવંત ! આ હસ્તિ અને નંદિષેણને કોઇ પૂર્વભવનો સ્નેહ છે કે શું ?

ભગવંતે કહ્યું 'શ્રેણિક ! આ ભવમાં કોઈ અજાણ્યાને જોતાં લોકોને રાગ થાય છે કે દ્વેષ થાય છે. તેમાં પૂર્વભવના કાંઇ ને કાંઇ સંકેત હોય છે. સેચનક અને નંદિષેણને પણ તેજ પ્રમાણે પૂર્વભવનો સંબંધ છે.'

રાજા શ્રેણિકે ભગવંતને કહ્યું 'ભગવંત ! અમને નંદિષેણ અને સેચનકનો પૂર્વભવનો શું સંબંધ છે તે કહો.'

ભગવંતે આ પછી તેમનો પૂર્વભવ કહેવા માંડયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૨ )

"કોઇ એક ગામમાં સુખપ્રિય નામે ધનાઢય બ્રાહ્મણ રહેતો હતો તેણે એક લાખ બ્રાહ્મણોને જમાડવાનો નિયમ લીધો. આ બ્રાહ્મણની પડોશમાં એક **ભીમ** નામે નોકર હતો તે બહુ ધર્મિષ્ઠ વિશ્વાસુ અને ખંતીલો હતો. સુખપ્રિયે તેને બોલાવ્યો અને કહ્યું 'ભીમ ! મારે ત્યાં ઉત્સવ છે. તું બધું કામકાજ સંભાળે તો મને નિરાંત વળે' ભીમે કહ્યું 'કામકાજ સંભાળવાની મારી ના નથી પણ મારી તમારી સાથે શરત એ કે બ્રાહ્મણો અને તમારા સગા સંબંધી જમી રહ્યા પછી જે કાંઇ વધે ઘટે તેની વ્યવસ્થા હું મારી મરજી મુજબ કરૂં. હું મારે ઘેર લઇ જઉં કે કોઇને આપું તેમાં કોઇએ વચ્ચે માથું ન મરાય.'

સુખપ્રિયે કહ્યું 'કબુલ. મારે જમણ થઈ ગયા પછી વધવા ઘટવાની શી ચિંતા છે? મારે તો મારો અવસર સાંગોપાંગ પાર પડયો એટલે થયું.'

સુખપ્રિયે લાખ બ્રાહ્મણોને જમાડયા. ભીમે તેની બધી વ્યવસ્થા કરી. જમણ પછી ઘણું પકવાન વિગેરે વધ્યું ભીમ ગામમાંથી સાધુ સાધ્વીઓને તેડી લાવ્યો અને તેણે ભાવથી તેમને વહોરાવ્યું. શ્રેણિક ! આ ભીમ જતે દીવસે મૃત્યુ પામ્યો અને ભાવથી વહોરાવવાના પુણ્યથી દેવલોકમાં જઇ તારે ત્યાં પુત્ર રૂપે જન્મ્યો. તેં તેનું નામ **નંદિષેણ** પાડયું.

પેલા જનપ્રિય બ્રાહ્મણે લાખ લાખ બ્રાહ્મણોને ભોજન કરાવ્યું પણ તેમાં તેણે ન કેળવ્યો વિવેક કે ન કેળવી ભક્તિ. તેથી તે પાપાનુબંધિ પૂણ્ય ઉપાર્જન કરી કોઇ એક જંગલમાં હાથિણીની કુક્ષિમાં ઉત્પન્ન થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૩ )

આ હાથિણીના સ્વામિ હસ્તિરાજને પાંચસો હાથિણીઓ હતી. તે પાંચસો સાથે ભોગ ભોગવતો પણ કોઇપણ હાથિણી હસ્તિને જન્મ આપે એટલે તે તુર્ત તેને મારી નાંખતો. આથી આ હાથિણીએ પગે લંગડા થવાનો ડોળ કર્યો અને ટોળાથી એક દીવસ ગાઉ દૂર રહે તો બીજે દીવસે બે ચાર ગાઉ દૂર રહે. આમ કરતાં કરતાં બે ચાર દીવસ અંતર પાડી તે ફરી ટોળામાં મળી જતી. યુથાધિપતિ સમજ્યો કે હાથિણી ગર્ભિણી છે એટલે ચાલી શકતી નથી.

હાથિણીનો પ્રસવકાળ નજીક આવ્યો એટલે તે મોંઢામાં પૂળો લઇ રાજગૃહીની પાસેના તપોવનમાં આવી. ઋષિઓએ શરણાગત હાથિણીને તપોવનમાં રાખી અને તેનો પ્રસવ કરાવ્યો. પ્રસવ બાદ હાથિણી ચાલી ગઈ અને યૂથાધિપતિને જઇ મળી. પણ વચ્ચે વચ્ચે યુથથી છૂટી પડી પોતાના બચ્ચાને સ્તનપાન કરાવી જતી. શ્રેણિક ! આ હાથીનું બચ્ચું તપોવનમાં મોટું થયું અને તે પણ ઋષિકુમારો સાથે વૃક્ષોને પાણી પીવરાવવાથી ઋષિકુમારોએ તેનું નામ **સેચનક** પાડયું.

સેચનક હાથી ઋષિકુમારો સાથે મોટો થયો અને થોડા વખતમાં તો તે હૃષ્ટપુષ્ટ બળવાન હાથી બન્યો.

એકવાર પેલા યુથાધિપતિને સેચનકે જોયો. સેચનક યુથાધિપતિને જોઇ ગજર્યો અને યુથાધિપતિ પણ આ નવો મારો હરીફ કયાંથી પાકયો તે વિચાર કરી તેની સામે દોડયો. કોઇનું બળ પ્રતિષ્ઠા કે ઉદય સદાકાળ સરખાં રહેતાં નથી સૌ કોઇને પોતાથી ચડીયાતો હરીફ મળીજ રહે છે. તેમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ યુથાધિપતિને સેચનક બળવાન હરીફ મળ્યો અને તેણે તેને યુદ્ધમાં હરાવી મૃત્યુ પમાડયો.

હવે સેચનક પાંચસો હાથિણીઓનો સ્વામિ બન્યો. પણ સૌ પહેલાં તો તે જે આશ્રમમાં ઉછેર્યો હતો તે ઋષિઓનાંજ આશ્રમ તોડવા માંડયા. તેણે તપોવનનો બગીચો ખેદાન મેદાન કરી નાંખ્યો છાપરાઓનો તેણે ભાગી ભુક્કો વાળી નાંખ્યો. ઋષિકુમારો અરે એ કૃતઘ્ની ! તને અમે ઉછેર્યો મોટો કર્યો તેનું શું તું આ ફળ આપે છે બોલતા લાકડીઓ લઇ તેની સામે દોડયા પણ હાથીએ તેની દરકાર કર્યા વિના કેઇને ગબડાવ્યા અને કેઇને ચગદી નાંખ્યા. શ્રેણિક ! સેચનક સમજતો હતો કે મારી માતા હસ્તિનીને આશ્રય આપી આ ઋષિઓએ મોટો કર્યો તેમ ફરી કોઇ બીજી હાથિણીને આશ્રય આપી મારા હરીફને તે કેમ ઉછેરશે નહિ. આથી તેણે આશ્રમો ભાંગ્યા, રાજન્! ઋષિઓએ તારી આગળ ફરિયાદ કરી અને તેં કેટલાએ માણસો મોકલી તેને પકડાવવા પ્રયત્ન કર્યો પણ તે મદોન્મત્ત હસ્તિ ન જ પકડાયો.

શ્રેણિક ! નંદિષેણ નગર બહાર નીકળ્યો અને અચાનક હાથીની દૃષ્ટિ તેના ઉપર પડતાં તે ઠરી ગયો. તેને તેનો પૂર્વભવ યાદ આવ્યો અને તે આપોઆપ પોતાના મિત્રને વશ થયો. રાજન્! નંદિષેણ અને સેચનક પૂર્વભવના પડોશી મિત્રો હતા તેથી તે બન્નેમાં પ્રેમ જાગ્યો અને હાથી નંદિષેણને વશ થયો.

( ૪ )

શ્રેણિક અને બીજાઓએ તો આ પૂર્વભવ સાંભળી પોતાનું આશ્ચર્ય દૂર કર્યું પણ નંદિષેણ વિચારે ચઢયો 'પૂર્વભવમાં મેં વિપ્રના ધનથી દાન કર્યું તેના પરિણામે મને આવી ઋદ્ધિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સિદ્ધિ મળી તો હું જો આ ભવે તપ, જપ, ધ્યાન અને વૈરાગ્યથી સંયમ પાળું તો શું ન પામું.' તે બોલ્યો 'ભગવંત! મારી ઇચ્છા આપની પાસે દીક્ષા લેવાની છે આપ મને દીક્ષા આપી મારો નિસ્તાર કરો.

'નંદિષેણ! દીક્ષા સિવાય કોઇ જીવનું કલ્યાણ નથી. તે સાચું છે પણ દીક્ષા લેવી સહેલી છે પરંતુ પાળવી કઠણ છે. કેમકે હજી તારે ભોગાવલી કર્મ ઘણું બાકી છે તેથી તું દીક્ષા લઈશ છતાં તે તું નહિ પાળી શકે.'

નંદિષેણે કહ્યું 'ભગવંત! હું સાવધ રહીશ. અને તે ભોગથી બચવા પ્રયત્ન કરીશ આપ મને દીક્ષા આપો. મને આપની વાણી સાંભળ્યા પછી રાજ્યની ઋદ્ધિ કે પાંચસો લલનામાં મારૂં જરા પણ ચિત્ત નથી.

'નંદિષેણ! ઉત્સાહ અને ઉમળકાના કેટલીકવાર ઉભરા આવે છે પણ તે ઉભરો શાંત થતાં પાછો મોહનો ઉછાળો ઉછળી આવે છે. આ મોહ જેણે નિર્મૂળ કર્યો હોય તેનેજ પરીક્ષા વખતે તે મોહ ઉછળતો નથી.'

'ભગવંત્! હું દીક્ષા લઇશ અને મોહને નિર્મૂળ કરીશ.'

ભગવંતે ભાવિભાવ માની નંદિષેણને દીક્ષા આપી.

( ૫ )

નંદિષેણ મુનિ સમજતા હતા કે સર્વજ્ઞ ભગવંત કેવળીએ મને દીક્ષા માટે મના કરી છે તો મારે જીવનમાં ઉપસર્ગો તો આવશેજ. તેથી તેમણે ઉગ્ર તપ, જપ, ધ્યાન અને જ્ઞાનમાં પોતાનું ચિત્ત પરોવ્યું. દશ પૂર્વનો અભ્યાસ કર્યો. અને આકરા તપને પ્રતાપે નંદિષેણ મુનિને અનેક લબ્ધિઓ પણ થઇ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નંદિષેણ મુનિએ તપથી કાયાને શોષવી હતી. મનને જ્ઞાનથી ઉજ્જ્વળ બનાવ્યું હતું છતાં કોઈ યુવાન સ્ત્રી કે તેના વિલાસના પ્રસંગને દેખી તેમના હૃદયમાં ઉંડે ઉંડે કામભાવના જાગૃત્ થતી. નંદિષેણ મુનિ આને દબાવવામાં બહુ સાવધ હતા તેથી તે જાગતી કામભાવનાને તપ અને જ્ઞાનથી દાબતા છતાં તે હજી નિર્મૂળ કરી શકયા ન હતા.

નંદિષેણને જીવનની અને પોતાના બોલની પુરી કિંમત હતી તેથી તેમણે આ કામવાસનાથી રખેને જીવનનો અધઃપાત ન થાય માટે તેમણે ભૃગુપાત વિગેરે દ્વારા આત્મઘાત કરવાના પણ પ્રયત્ન કર્યા. પરંતુ જેનું આયુષ્ય બાકી હોય તે થોડા જ મરી શકે છે. દરેક આત્મઘાત પ્રસંગે કોઈને કોઈ ઓચિંતી દૈવી સહાય આવી પડે અને નંદિષેણ બચી જાય.

( ૬ )

એકવાર નંદિષેણ મુનિ છઠ્ઠના પારણે ગોચરીએ નીકળ્યા. ફરતા ફરતા મુનિ એક ઉજ્વળ ઉંચી હવેલીમાં પેઠયા અને બોલ્યા 'ધર્મલાભ'.

સામે આંખમા મેંસ આંજેલી અને હાથપગ રંગેલી ચેનચાળા કરની એક જુવાન વેશ્યા આવી અને તેણે હસતાં હસતાં કહ્યું 'મહારાજ ! ઘર ભૂલ્યા લાગો છો. અમારે ધર્મ-લાભ નથી જોઈતો અહિં તો અર્થલાભનું કામ છે !

તપસ્વી નંદિષેણનું ક્ષત્રિયબીજ ઉછળ્યું અને એક તણખલું ખેંચી પોતાની લબ્ધિથી સાડા બાર ક્રોડ સોનૈયાનો ઢગલો કરી દીધો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુનિ મન અભિમાન જ આણી
ખંડ કરી નાંખ્યો તરણું તાણી હો
સોવન વૃષ્ટિ હુઈ બાર કોડી
વેશ્યા વનિતા કહે કર જોડી હો.

મુનિ તુર્ત પાત્ર લઇ પાછા ફર્યા આ પછી વેશ્યા આડા હાથ ધરી ઉભી રહી અને બોલી 'મહારાજ ! અમે આને શું કરીએ ? આ ધનનું પોટલું બાંધી સાથે લઇ જાઓ. અમે તો જે ધન આપે તેને સુખ ઉત્પન્ન કરીને જ ધન લઇએ છીએ. ફોગટનું લેવું અમારે હરામ છે. તમારે આ ધન અમને આપવું જ હોય તો અમારા રૂપનો ઉપભોગ કરો. નાથ! શું કામ ખોટું અભિમાન રાખો છો. રહોને અહિં. જુઓ ધનનો તો તમારી પાસે તોટો નથી. મારા જેવી યુવાન લલના તમારે માટે હજરાહજુર છે. યૌવન ખીલતું તમારૂં છે અને મારૂં પણ છે. હૃદયમાં કામ તમને પણ સતાવી રહ્યો છે અને મારામાં તો તે હરહંમેશ સતાવતો જ છે.' તુર્ત જ વેશ્યાએ મુનિનાં પાત્ર લઇ લીધાં અને તેમનાં સાધુનાં કપડાં એક બાજુ મુકાવી તે તેની સાથે એશઆરામમાં પડી.

આ વેશ્યા રાજગૃહીની નામચીન વેશ્યા હતી તેને ત્યાં કેઇ માણસો તેના સંગીતનો તો કેઇ તેના રૂપને જોવા આવતા હતા. નંદિષેણુ આવતા દરેકને માનવભવની દુર્લભતા અને વિષયનું અનિષ્ટપણું સમજાવતા અને તેમને પ્રતિબોધ પમાડી ભગવાન પાસે દીક્ષા લેવા મોકલતા.

નંદિષેણુ વેશ્યાને ઘેર વસ્યા છતાં તેમણે વૈરાગ્યને છોડયો ન હતો તે પુરેપુરૂં સમજતા હતા કે દીક્ષા લેતાં પહેલાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભગવાને મને કહ્યું હતું કે તારે ભોગાવલી કર્મ બાકી છે. આ ભોગાવલીને દબાવવા મેં ઘણું ઇચ્છયું પણ ન દબાયું અને હું કામથી પરાભવ પામી ભોગમાં આસકત થયો છતાં મારામાં જે જ્ઞાન અને ઉપદેશશક્તિ છે તેથી જે જીવો હલુ કર્મી છે તેના વૈરાગ્યાંકુરને તો હું પલ્લવિત કરૂં. આથી રોજ વેશ્યાને ત્યાં આવતા દશ જણાને પ્રતિબોધીને જ તેઓ મુખમાં પાણી નાંખતાં. આમ નંદિષેણે વેશ્યાને ત્યાં બાર વર્ષ કાઢયાં.

( ૭ )

એક દીવસે નંદિષેણે નવને તો જલદી પ્રતિબોધ્યા પણ દસમો એક સોની હતો. તે જલદી ન પ્રતિબોધાયો અને ઉલટો નંદિષેણને કહેવા લાગ્યો 'કુમાર ! તમે કહો છો કે વિષય એ વિષથી ભુંડો છે, સંસાર એ ભયંકર છે તો તમે સાધુપણું લીધેલું તે છોડીને કેમ વેશ્યામાં લુબ્ધ થયા છો ?'

નંદિષેણે કહ્યું 'ભાઈ ! તું કહે છે તે સાચું છે પણ મારૂં ભોગાવલી કર્મ બાકી રહ્યું છે તેથી સંયમ લીધું છતાં હું ન પાળી શકયો. હું અહિં રહું છું છતાં ભાવના તો સંયમનીજ સેવું છું.'

સોની બોલ્યો 'ઝંખના કરે શું દહાડો વળ્યો. કહેવું કાંઇ અને કરવું કાંઇ એ કેમ બને ?'

ત્યાં વેશ્યા આવી અને બપોર થઇ ગયા હોવાથી બોલી 'નાથ ! રસોઇ ઠરી જાય છે આપ જલદી જમવા પધારો ઘણું મોડું થયું છે.'

નંદિષેણે કહ્યું 'સુંદરિ ! મારો નિયમ તો તું જાણે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે કે દસ ન પ્રતિબોધાય ત્યાં સુધી હું જમતો નથી.' અત્યાર સુધીમાં મેં નવને તો પ્રતિબોધ્યા છે અને આ દસમાની સાથે યુક્તિ પ્રયુક્તિઓ ચાલે છે તેથી વાર લાગી છે તો તેને પ્રતિબોધી હું હમણાં જ જમવા આવું છું.

વેશ્યા હસતાં હસતાં બોલી 'દસમો ન પ્રતિબોધાતો હોય તો દસમા આપ થઈ જાઓ ને ?'

નંદિષેણનું ચિત્ત ચમકયું જે સોનીના કહેવાથી નંદિષેણને ચાનક નહોતી લાગી તે વેશ્યાના વચને લાગી. તેમણે પોતાનાં સાધુપણાના કપડાં મૂકી રાખ્યાં હતાં તે બહાર કાઢયાં અને તે ધારણ કરવા લાગ્યા ત્યાં વેશ્યા બોલી નાથ ! હું તો હસુંછું. આપ હસવાનું ખસવું ના કરો. નંદિષેણે કહ્યું. મારૂં ભોગાવલી કર્મ હવે નષ્ટ થયું છે. વિષયની વાસના હવે મારા ચિત્તને નહિ ડોલાવે તેમ હું માનુંછું.' વેશ્યા વધુ બોલે તે પહેલાં તો નંદિષેણે વેશ્યાનું ઘર છોડયું અને સીધા ભગવંત પાસે આવ્યા અને પોતાના પાપની આલોચના કરી તેમણે ફરી દીક્ષા લીધી.

નંદિષેણે ઉગ્ર તપ કરવા માંડયું. અને ઉગ્ર વિહાર પણ આરંભ્યો. હવે તેમના જીવનને કોઇ પ્રલોભનો ડગાવી ન શકયાં તે વધુ સ્થિર થયા અને અંતે અણસણ કરી સ્વર્ગે સંચર્યા.

[ ઉપદેશમાળા ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૫૮

# લજ્જા

## યાને

# આષાઢાચાર્ય

(૧)

આષાઢાચાર્ય ઘણા શિષ્યોવાળા આચાર્ય હતા. પણ તેમને એકવાર એવું દુર્ધ્યાન થયું કે હું તપ જપ અને સંયમ કરૂં છું પણ જો કદાચ સ્વર્ગ નહિ હોય તો આ મારૂં બધું કરેલું નકામુંજ ને ?

આચાર્ય તેમના સમુદાયમાંથી કોઇ પણ સાધુ મૃત્યુ પામે ત્યારે તેને કાનમાં કહેતા કે જો તમે સ્વર્ગે જાઓ તો એકવાર આવી કહી જજો કે પૂણ્ય કરનારને સ્વર્ગ મળે છે. કદાચ માઠા પરિણામ થાય અને નરકગતિ થાય તો તે પણ કહી જજો કે પાપ કરનાર નરકે જાય છે' આમ તેમણે ઘણા શિષ્યોને નિજામણા કરાવતાં કહ્યું પણ તે મરી જનાર સાધુમાંથી કોઇએ આ સમાચાર ન આપ્યા. આથી આષાઢાચાર્ય વધુ ને વધુ સ્વર્ગ કે નરક નથી તેવા વિચારવાળા થતા ગયા. અને સાથે સાથે તેમ પણ માનતા થતા ગયા કે 'જો સ્વર્ગ અને નરક ન હોય તો યુવાનીમાં શામાટે બ્રહ્મચર્ય પાળવું અને છઠ્ઠ અઠ્ઠમ વિગેરેની તપશ્ચર્યા કરીને શામાટે કાયાને દમવી ?'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આષાઢાચાર્યનો અધ્યવસાય દીવસે દીવસે સ્વર્ગ નરકની શંકામાં દઢ થયો. તેવામાં એક બાળમુનિ માંદો પડયો. આચાર્યે પોતે તેની નિજામણા કરી અને તેને કહ્યું. 'મુનિ ! તેં બાળપણમાં દીક્ષા લીધી છે. ઉત્તમ સંયમ પાળ્યું છે. તું મરી સ્વર્ગે જઇશ. તેમાં મને જરા પણ શંકા નથી. છતાં તું એકવાર મને જરૂર એટલું કહી જજે કે 'મહારાજ ! સ્વર્ગ છે આથી મને નિરાંત થાય અને હું સંયમ અને જપ તપમાં દઢચિત્તવાળો રહું.'

બાળમુનિએ કાળ કર્યો. આષાઢાચાર્યે રોજ દેવદર્શનની ઇચ્છા રાખી પણ કોઇ દેવે તેમને દર્શન ન આપ્યાં.

(૨)

આષાઢાચાર્યના મનમાં નક્કી થયું કે સ્વર્ગ નથી અને તે ન હોય તો શા માટે જપ તપ અને સંયમ આચરી દુનીયાના છતા ભોગોને છોડવા. તેમણે એક પરોઢે ઉપાશ્રય છોડયો અને ગૃહવાસ સેવવાનો નિર્ણય કર્યો.

આચાર્ય સવાર થતા પહેલાં તો થોડા ગાઉ કાપી નાંખી એક ગામને પાદરે આવ્યા. અહિં એક સુંદર નાટક ભજવાતું હતું તે તેમણે જોયું અને પછી આગળ ચાલ્યા ત્યાં માર્ગમાં એક સાત આઠ વર્ષનો ઘરેણાથી શોભતો રાજાના કુંવર જેવો રૂપાળો છોકરો સામે મળ્યો અને બોલ્યો 'મહારાજ ! નગરનો માર્ગ કયો ?' આષાઢાચાર્યે આજુ બાજુ નજર નાંખી તો જંગલમાં કોઇ ન દેખાયું તેથી તેમને વિચાર આવ્યો કે મેં ઉપાશ્રય છોડયો છે અને હવે મારે ઘરવાસ માંડવો છે. પણ પૈસા વગર થોડો જ સંસાર મંડાવાનો છે. આ છોકરા પાસે

૨૬

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘરેણા પુષ્કળ છે અને અહિં કોઇ નથી. લાવ તેને મારી ઘરેણાં પડાવી લઉં.'

આચાર્યે છોકરાને ગળે પકડયો અને તેની ડોકમાંથી દાગીના કાઢવા માંડયા.

છોકરો બોલ્યો મહારાજ! આ શું કરો છો? હું તમને સારા માણસ માની માર્ગ પુછવા આવ્યો ત્યારે તમે જ મને લુંટી મારી નાખવા તૈયાર થયા છો. તમે તો પેલા કુંભારના જેવું કર્યું.

'એક કુંભાર માટીની ખાણ ખોદી રોજ પોતાનો નિર્વાહ કરતો હતો એક વખત તે માટી ખોદતો હતો તે વખતે ઉપરથી ભેખડ પડી તેમાં તે દબાયો એટલે તે બોલ્યો.

'હે પૃથ્વીદેવ તમારાથી હું મારો અને કુટુંબનો નિર્વાહ કરતો હતો. તે તમેજ મને આજે દાટી મારો જીવ લીધો. ખરેખર મારૂં શરણ હતું તેથી જ મને ભય જાગ્યો.'

આચાર્ય બોલ્યા 'છોકરા તારૂં નામ શું?'

'મારૂં નામ પૃથ્વીકુમાર.'

'બહુ હોંશીયાર.' કહી આચાર્યે તેની ડોક પકડી તેને મારી નાંખ્યો. અને તેના દાગીના પાતરામાં ભર્યા.

(૩)

આષાઢાચાર્ય આગળ ચાલ્યા ત્યાં બીજો છોકરો દોડતો આવ્યો અને બોલ્યો 'મહારાજ! બચાવો બચાવો હું ભૂલો પડયો છું માર્ગ મને જડતો નથી. કયે ઠેકાણેથી જાઉં તો હું સાચા માર્ગે ચડું.'

આષાઢાચાર્યે તેને પંપાળ્યો અને તેના ગળા ઉપરના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આભૂષણ દેખી લલચાઈ તેને પણ પકડી ઘરેણાં કાઢવા લીધાં ત્યાં તે બોલ્યો 'મહારાજ! આ શું કરો છો? તમે તો પેલા કથાકારના જેવું કરો છો.'

"એક કથા કહેનારો રોજ સારી સારી કથા કહેતો. એક વખત તે નદીમાં તણાયો ત્યારે લોકોએ તેને કહ્યું 'કથક! એકાદ ટુચકુ કહેતો જા.' ત્યારે તે મરતાં મરતાં બોલ્યો.

'નદિ! તારા પાણીથી ખેતરો ઉગે છે. લાખો માણસો જીવન ગુજારો કરે છે. તેજ તું મારો ભોગ લઇશ. મને તું જે શરણરૂપ હતી તે તું ભયરૂપ થઇ."

'છોકરા, બહુ હોંશીયાર છે પણ તારૂં નામ શું?'

'મહારાજ! મારૂં નામ અપકાય.'

'અપકાય! તું બહુ કુશળ છે કહી આચાર્યે તેનાં ઘરેણાં લીધાં અને તેની પણ ડોકને મરડી તેને મારી નાંખ્યો.

આગળ જતાં તેમને તેજસ્કાયિક. વાયુકાયિક વનસ્પતિ કાયિક અને ત્રસકાયિક છ કુમારો મળ્યા. આ બધા કુમારોએ એકેક દૃષ્ટાન્ત આપી તેમણે બધાએ તેમની પાસે દયાની માગણી કરી. પણ આચાર્યને દયા ન આવી અને તેમણે છએ કુમારોને મારી નાંખ્યા.

( ૪ )

આષાઢાચાર્યે હવે મનમાં માન્યું કે પાતરાં બધાં સોના હીરાથી ભરાયાં છે. હું કોઇ શહેરમાં જઇ મકાન લઈશ. સ્ત્રી પરણીશ અને તપ જપથી અત્યાર સુધી ફોગટ ઠગાયેલ હું હવે ભોગસુખમાં રાચીશ. ત્યાં સામે પાન ચાવતી એક ગર્ભિણી સાધ્વી મળી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાધ્વી मत्थएण वंदामि કહી આષાઢાચાર્યને પગે લાગી. આષાઢાચાર્યનો મિજાજ ગયો અને તે બોલી ઉઠયા 'નિર્લજ્જ ! શરમાતી નથી. સાધ્વી બની પાન ચાવે છે. અને આ તારો ડોળ શાસનને શું લજવતો નથી ?'

સાધ્વી બોલી 'મહારાજ ! મારો પાપનો ઉદય થયો એટલે હું સંયમ ન પાળી શકી પણ આપ મોટા આચાર્ય થઇ કેવા છો તે તમારી જાતનેજ પુછોને ?

साह रे सर्षपाभानि परछिद्राणि पश्यति
आत्मनो विल्वमात्राणि पश्यन्नपि न पश्यति

'સરસવ જેવાં પારકાં છિદ્રો તમારે જોવાં છે અને પોતાનાં બીલાં જેવડાં પ્રત્યક્ષછિદ્રોને જોવાંજ નથી.' મહારાજ ! હું તો ગમે તેવી છું પણ તમે આ પાત્રામાં શું ભર્યું છે.

આચાર્ય બોલતા બંધ થયા અને આગળ ચાલ્યા.

( ૫ )

'મહારાજ ! ઉભા રહો ઉભા રહો અમારે આપનાં દર્શન કરવાં છે.' દૂરથી આવતા એક રાજાના પરિવારે બૂમ મારી. આચાર્ય ઉભા રહ્યા. રાજા પાસે આવી નમ્યો અને બોલ્યો. 'ભગવંત ! અમારાં અહોભાગ્ય કે આપનાં આવા નિર્જન જંગલમાં દર્શન થયાં. ગુરૂદેવ ! અમારો મુકામ સામેજ છે આપ ત્યાં પધારી અમને લાભ ન આપો.'

આચાર્ય મનમાં ગભરાયા અને બોલ્યા 'રાજન્ ! મારે ઉપવાસ છે. હું વ્હોરીને શું કરૂં ?'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'મહારાજ ! અમારી ભાવનાનો ભંગ ન કરો.'

આપને આવવુંજ પડશે. એમ કહી રાજાએ આચાર્યની ઝોળી પકડી કે તુર્ત ધ્રુજતા આચાર્યના હાથમાંથી પાતરાં હેઠાં પડયાં અને દાગીના ખુલ્લા થયા.

રાજાની આંખ ગરમ થઇ અને તે બોલ્યો 'નરાધમ ! સાધુના વેષમાં રહી આવા ધંધા કરે છે આ મારા રાજ-પુત્રોને હણતાં તને જરા પણ વિચાર ન આવ્યો પાપી સાધુ ! તેં આ શું કર્યું ?'

આષાઢાચાર્યે મોઢું નીચું રાખ્યું. લજ્જાથી તે બીલ-કુલ ઉંચું મોઢું ન કરી શકયા અને વિચારવા લાગ્યા કે 'મેં આ શું કર્યું ? મેં મુનિપણાની પ્રતિષ્ઠા ખોઇ અને સંસારનું સુખ પણ ન મેળવ્યું. રાજા જરૂર મને મારી નાંખશે. હવે મારૂં શું થશે ? હું બન્ને ચુકયો.'

રાજા સમજ્યો કે સાધુ લજ્જાવંત છે અને લજ્જા ગુણ છે ત્યાં સુધી તેને સુધરવાનો અવકાશ છે. તેથી તુર્ત તે બોલ્યો 'ગુરૂદેવ ! મને ઓળખ્યો? જરા ઉંચું મુખ કરો અને મારા સામું જુઓ હું તમારો બાળશિષ્ય છું મરી દેવ થયો હતો પણ હું દેવલોકના સુખમાં મગ્ન થયો અને તમને વિસરી ગયો પરંતુ તમે જ્યારે ઉપાશ્રય છોડી બહાર નીકળ્યા. ત્યારે મારૂં આસન કંપ્યું મેં ઉપયોગ મુકયો અને પછી મેં તમારા માર્ગમાં એક દેવનાટક વિકુર્વ્યું. ગુરૂદેવ ! આપ માનો છો કે મેં થોડો વખત નાટક જોયું પણ ખરી રીતે તમે છ મહિના સુધી તે જોયું હતું. છતાં તમને ત્યાં ભૂખ કે તરસ ન જણાઇ તો દેવોને દેવસુખમાં બીજું શું યાદ આવે? મહારાજ ! આપને પૃથ્વી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અપ, તેઉ, વાયુ વનસ્પતિ અને ત્રસકાય રૂપ છ કુમારોની દયા ન આવી. આથી મેં માન્યું કે ગુરૂદેવમાં છકાયની જયણા ચાલી ગઇ છે. આ પછી મેં આપને જોળી પકડી વહોરવા આગ્રહ કર્યો અને ઘરેણાં છતાં થતાં તમે લજ્જાશીલ બન્યા. ભગવંત! આપના લજ્જાગુણથી માન્યું કે હજી ગુરૂદેવ સંયમ સન્મુખ થવા યોગ્ય છે. ગુરૂદેવ ! સ્વર્ગ છે. નરક છે સ્વર્ગમાં વધુ સુખ હોવાથી દેવતાઓ અહિં આવતા નથી અને નરકમાં પરાધીનતા હોવાથી તે જીવો પણ અહિં આવવા પામી શકતા નથી.

ભગવંત ! 'संकंत दिव्व पेमा' 'पंचजोयणसयाइं'

શાસ્ત્રના પદને વિચારશો તો આપોઆપ સમજાશે કે દેવો મનુષ્યલોકનો દુર્ગંધ ઉછળવાથી અહિં આવતા નથી.

સૂરિને પુરો પશ્ચાતાપ જાગ્યો તેણે દેવનો ઉપકાર માન્યો તે ફરી ગચ્છમાં ગયા. અને પ્રાયશ્ચિત્ત લઇ શુદ્ધ થઈ સુંદર ચારિત્ર પાળી તેમણે પોતાનું કલ્યાણ સાધ્યું,

[ ઉપદેશમાળા ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૮૯

# આંતરાવાળું સૌભાગ્ય

### યાને

# કૃતપુણ્ય કથા

( ૧ )

દેવિ ! પુત્રને વેશ્યાને ઘેર મોકલી જાણી જોઇને આપણે આપણા પગ ઉપર કુહાડો માર્યો છે. કૃતપુણ્યની કોઇ જાતની બૂમ ન હતી. તે નાનપણથી જ ધર્મરુચિવાળો હતો અને આપણે ત્યાં તેના ધર્મ-સંસ્કાર વધ્યા એટલે તે સાધુમુનિરાજોના વધારે પરિચયમાં આવ્યો. તે ધર્મશાસ્ત્રો વાંચતાં વિચારતાં અને તેને જીવનમાં ઘટાવતાં શિખ્યો તેણે કોઇ મિત્રોનું લાંબુ લંગર નહોતું ઉભું કર્યું તેમ તેણે કોઇને શત્રુ પણ ઉભો નહોતો કર્યો. તું માનતી હતી કે મારો પુત્ર પરણશે એટલે આ બધું છોડી દેશે. એથી તેં પુત્રને **ધન્યા** વેરે પરણાવ્યો. ધન્યા આપણા નસીબે કુલવાન પુત્રવધૂ મળી. તે રૂપ અને ગુણનો ભંડાર હતી. પણ કૃતપુણ્યે પરણ્યા પછી તેના સામું પણ ન જોયું. આ ન જોવામાં કૃતપુણ્યને એની પ્રત્યે તિરસ્કાર ન હતો પણ તેને સંસારની રુચિજ ન હતી તેથી તેને તેની પ્રત્યે મુદ્દલ પ્રેમ ન જાગ્યો.

દેવિ ! બાર બાર વર્ષનાં વ્હાણાં આજે વહી ગયાં. તેડાં ઉપર તેડાં તેને બોલાવવા આપણે મોકલ્યાં પણ તે વેશ્યામાં એવો લુબ્ધ બન્યો છે કે તે નથી જોતો ધન્યા સામે કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નથી જોતો આપણી સામે. આ છોકરાના રાગમાંને રાગમાં તો મેં લાખો રૂપીયા વેશ્યાને ત્યાં મોકલ્યા અને છેવટે કહેવરાવ્યું કે 'પુત્ર! માબાપનો મેળાપ કરવા એક વખત તો આવી જા.' પણ સાંભળેછે જ કયાં કાંઇ? પુત્રને સંસારમાં કુશળ બનાવવા જતાં તેને આપણે સાવ ખોઇ બેઠયા અને છતે પુત્રે મને લાગે છે કે આપણને અપુત્રીયાની પેઠે પુત્રની પોકવિના શ્મશાને જવું પડશે. મહારાજા શ્રેણિકની રાજગૃહીના શેઠ **ધનાવહે** એકવાર પોતાની પત્ની **સુભદ્રા** આગળ આ પ્રમાણે બળાપો કાઢયો.

**કૃતપૂણ્ય** એ આ શેઠ શેઠાણીનો એકનો એક પુત્ર હતો. તે વધુ ધર્મમાં રકત હોવાથી શેઠે સંસારમાં કુશળ થવા અનંગસેના વેશ્યાને ત્યાં તેને મોકલ્યો. કૃતપુણ્ય વેશ્યાને ત્યાં ગયા પછી સાવ બદલાઇ ગયો. તે ધર્મકરણી કોરે મુકી વેશ્યામાં લુબ્ધ બન્યો. ધનાવહ શેઠ કૃતપૂણ્ય મંગાવે તેટલું ધન વેશ્યાની દાસીઓને આપતા ગયા. આમ પુત્ર મોહમાં તેમણે પોતાના ધનના ઢગલા વેશ્યાને ત્યાં ખડકયા. શેઠની આંખ હવે ઉઘડી પણ તે પહેલાં પુત્રની આંખ બંધ થઇ ગઇ હતી. તેમણે પુત્રને આંખ ઉઘાડી માતા પિતા કુટુંબને જોવા આવવા ઘણાં કહેણ મોકલ્યાં પણ તે બધાં નિષ્ફળ ગયાં.

એક દીવસે આ શેઠ અને શેઠાણી પુત્ર પુત્ર કરતાં અને હાથનાં કર્યાં હૈયે વાગ્યાંનો બળાપો કરતાં પરલોક સિધાવ્યાં.

( ૨ )

'દાસિ! કૃતપુણ્યના ઘેરથી આ શું લઇ આવી' થોડા દાગીના જોઈ અનંગસેનાની માતા અક્કા બોલી.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

'માતા ! હવે કૃતપુણ્યના માતાપિતા ગુજરી ગયાં છે તેની શહેરની વચ્ચે મોટી હવેલી છે પણ તે પડુ પડુ થઇ રહી છે. ઘર મોટું પણ દીવસે બીક લાગે તેવું શૂન્ય છે. નથી ઘરમાં નોકરો કે નથી કોઈ ચાકરો. ઘરમાં એક સુક્કલકડી તેની સ્ત્રી હતી. ઉંમર તો તેની નાની હતી પણ દુઃખને લઈ તેનાં નેત્રો ઉંડાં ગયાં છે અને ડાચાં બેસી ગયાં છે. અમે તેના ઘેર ગયાં અને કહ્યું કૃતપુણ્ય પૈસા મંગાવે છે. તે સ્ત્રીએ આમતેમ ચારે બાજુ ફાંફાં માર્યા. પણ તેના હાથમાં કાંઈ ન આવ્યું એટલે તે બોલી.

'બેનો ! બીજું તો મારી પાસે કાંઇ રહ્યું નથી પણ લ્યો આ એક કંઠનો દોરો અને આ રહ્યાસહ્યા શરીર ઉપરના મારા દાગીના.' તેણે પહેરેલા બધા દાગીના આપ્યા. માત્ર મંગળસૂત્ર રહેવા દીધું.

'માતા ! અમે તે બધું લીધું અને અહિં આવ્યાં. બાકી હવે ત્યાં ફરી જઇએ તો કાંઇ તેને ત્યાંથી મળે તેમ નથી.'

અક્કા બોલી 'અનંગસુંદરીને મેં તો કયારનું કહ્યું છે કે હવે કૃતપુણ્યનો સંગ છોડ, તે ચુસાઇ ગયેલા શેરડીના સાંઠા જેવો છે. તેની પાસે પાઇ પૈસો રહ્યો નથી આપણો વેશ્યાનો ધંધો રાગથી ન ચાલે તેમાં તો પૈસાનું કામ. પણ છોકરી હજી ભોળી છે પુરૂં સમજતી જ નથી. દાસિઓ ! જુઓ અનંગસુંદરી તેને અહિંથી જા એમ સગે મોંઢે નહિ કહે પણ તમે કૃતપૂણ્ય કાંઇ પણ તમને કામ કરવાનું કહે તે તમારે ન કરવું. તેને છણકા કરવા. તેના સામું સામું બોલવું એટલે એ પોતાની મેળે કંટાળી ચાલ્યો જશે. પુત્રી ન માને તો આ સિવાય બીજો શો ઉપાય કરાય ?'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખમા ખમા પોકારાતો કૃતપૂણ્ય હવે ડગલે અને પગલે દાસીઓ દ્વારા તિરસ્કારાવા માંડયો. તેણે તેના કારણની તપાસ કરી તો જણાયું કે તેને હવે પિતાના તરફથી મળતું ધન બંધ થયું છે. તેથી તેનો સત્કાર ઘટયો છે. કૃતપુણ્યની આંખ ઉઘડી તેને ઘર યાદ આવ્યું અને તે એક વહેલી સવારે વેશ્યાનું ઘર છોડી પોતાના ઘર તરફ ચાલ્યો.

( ૩ )

બાર વર્ષે ઘર તરફ આવતા પતિને થોડે દૂરથી ધન્યાએ દેખ્યા. એટલે તે તુર્ત તેને ઓળખી ઉભી થઈ. કૃતપુણ્યને ઘરમાં પગ મૂકતાં જ આંખમાં આંસુ આવ્યાં. તેને તે વખતે લાગ્યું કે હું ઘેરથી ગયો ત્યારે અનેક લાડ લડાવતા મારા પિતા, નોકરો અને મુનીમો હતા. ધનના ઢગલા મારે ત્યાં ઉભરાતા હતા. પુત્ર પુત્ર કરતા માતા પિતા સ્વર્ગે સિધાવ્યાં. ધનના ઢગલાઓ મારા ઘરમાંથી પગ કરી વેશ્યાને ઘેર પહોંચ્યા અને પાનખર ઋતુમાં પક્ષિઓ માળા સંકેલે તેમ નોકરો પણ મારા નિર્ધન ઘરનો ત્યાગ કરી બીજે ગયા. લોકો પુત્રમાટે બાધા આખડી રાખે છે. મારા માતાપિતાને હું પુત્ર હતો છતાં તે છતે પુત્રે અપુત્રીયા કરતાં પણ વધુ દુઃખ ભોગવી સ્વર્ગે સિધાવ્યા અને છતા પુત્રે મેં મારા પિતાની લક્ષ્મીને વેડફી મારી આબરૂ ઘટાડી. કંદોઇનાં પક્વાન્ન ગમે તેવાં દેખાવમાં ભલે સુંદર પણ નિઃસત્ત્વ જ ગમે તેવી વેશ્યા દેખાવે મધુર પણ નિઃસ્નેહી જ. પૈસા ખુટતાં તેણે ધક્કો માર્યો. પણ આ ઘરની નાર ધન્યા કે જેને મેં બાર બાર વર્ષથી તજી છે. તેણે પિતાના સ્વર્ગ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાસ પછી પણ ઘર ખાલી કરીને પણ મારા સુખ માટે ઘરમાં હતું તે બધું મોકલ્યું. આજે હું નિર્ધન થઇને રખડતો ઘેર પાછો ફરૂં છું ત્યારે પણ તે ઉભી થઇ સામે આવી મારો સત્કાર કરે છે.

કૃતપુણ્ય ઘરમાં પેઠો ધન્યાએ તેને પગ ધોવા ઉષ્ણ જળ આપ્યું. કૃતપુણ્યે તે જળથી મુખ, હાથ પગ જ ન ધોયા પણ વેશ્યાને ત્યાં કરેલાં દુષ્કૃત્યોને પણ ધોતો હોય તેમ પશ્ચાતાપથી પોતાની કાયા ધોઇ.

ધન્યા અને કૃતપુણ્યે આ દીવસને લગ્નનો પ્રથમ દીવસ જેવો અનુભવ્યો. ધન્યાએ જે સુખ લાખો અને ક્રોડોની સસરાની મિલ્કત છતાં નહોતું માણ્યું તે ધનરહિત ભાગેલા તુટેલા ઘરમાં પતિને મળતાં માન્યું. તે બોલી 'નાથ ! ધન તો કાલે આવશે મારૂં કોહીનૂર મારો નાથ છે અને તે મારે આંગણે પધાર્યા એટલે મારે ધનના ઢગ છે. આપ ધન માલ મિલ્કતની ચિંતા ન કરો. ગઇ ગુજરી ભૂલી જાઓ. ગઇ વસ્તુ આપણાજ હાથની નથી ભવિષ્ય હાથમાં છે તેને જેવું ઘડવું હોય તેવું ઘડો.' ધન્યા પ્રથમરાત્રિએજ પતિ સાથે રહેતાં ગર્ભવતી થઇ.

કૃતપુણ્યે થોડા દીવસ તો આડી અવળી વસ્તુઓ વેચી ગૃહવ્યવહાર ચલાવ્યો પણ હવે તેને લાગ્યું કે નિર્ધન જીવન જીવી અહિં રહેવું તે ઠીક નથી. તેથી તેને વ્યાપાર ખેડવાનું મન થયું. તેવામાં તેણે રાજગૃહીને પાદરે એક મોટો સાર્થ આવ્યો છે તે સમાચાર જાણ્યા. કૃતપુણ્ય પત્નીની પાસે રહેલ જે કાંઇ હતા તે થોડા દાગીના લઇ નગર બહાર સાર્થ પાસે આવ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાર્થ વહેલી સવારે પ્રયાણ કરવાનો હતો તેથી પોતાના સરસામાન સાથે કૃતપુણ્ય એક દેવકુલ પાસે ખાટલામાં પથારી પાથરી સૂતો, ધન્યા પતિને છેલ્લી ભલામણ કરી ઘેર આવી. થોડીવારે કૃતપુણ્ય વ્યાપારની અને એકલી ઘેર મુકેલી ધન્યાની ચિંતા કરતો સુઇ ગયો.

( ૪ )

કૃતપુણ્ય સવારે જાગી જુએ છે તો તે કોઇ એક મોટી હવેલીમાં સુતો હતો. તેની આસપાસ એક ડોશી અને ચાર સ્ત્રીઓ ઉભી હતી. કૃતપુણ્ય વધુ વિચારે તે પહેલાં તો ડોશી બોલી 'પુત્ર **શ્રીનિવાસ** ! તું ઘણા દીવસે આવ્યો. નાનપણમાં નજીવા કારણે રીસાઈ તેં ઘર છોડયું. મેં તારી ઠેર ઠેર તપાસ કરી પણ કયાંય તારો પત્તો ન લાગ્યો. થોડા દીવસ ઉપર મને એક નિમિત્તીયો મળ્યો હતો તેણે કહ્યું 'વૃદ્ધા ! ચિંતા ન કરો તમારો પુત્ર શ્રીનિવાસ દેવકુલ પાસે રાતે સુતેલો મળશે. હું ત્યાં ગઇ તો તેજ પ્રમાણે તું સુતેલો હતો. રાતે ઉંઘમાં ડખલ ન કરવી તેથી મેં તને પલંગ સાથે ઉપાડયો અને તને હું અહિં લાવીછું.

પુત્ર ! તારો મોટો ભાઈ હમણાંજ મૃત્યુ પામ્યો છે. મને તેનો શોક જરાયે વિસારે નથી પડયો ત્યાં તું મળ્યો તેથી હર્ષ થયો હું અત્યારે શોક અને હર્ષની મિશ્ર લાગણીવાળી છું. વૃદ્ધાએ ચાર યુવાન સ્ત્રીઓને બતાવી કહ્યું ' પુત્ર ! આ ચાર સ્ત્રીઓ તારા ભાઇની વધુઓ છે તું તેની સાથે ભોગ ભોગવ અને આ લક્ષ્મીનો ઉપયોગ કર.

કૃતપુણ્ય બધી બાજી સમજી ગયો. તેણે માન્યું કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'આ પણ કેવી ભાગ્યની લીલા. વૃદ્ધા રાજાથી ધન બચાવવા મને પુત્ર તરીકે રાખવા માગે છે. અને પુત્રવધુઓને મારી વધુઓ બનાવવા ઇચ્છે છે. આ લક્ષ્મી અને સ્ત્રીઓ બન્ને સ્વયંવર તરીકે મને મળે છે તો મારે વધુ ઉંડા ઉતરીને શું કામ છે? તે બોલ્યો માતા તમને જે ખબર હોય તે ખરી. હું તો રાતે દેવકુળમાં સુતો હતો અને જાગ્યો ત્યારે તમને જોયાં.'

કૃતપુણ્યે આ વૃદ્ધાને ત્યાં સ્ત્રીઓ અને વૈભવને ભોગવતાં બાર વર્ષ કાઢયાં.

જોતજોતામાં આ ચારે પુત્ર વધૂઓ એકેક છોકરાવાળી થઇ. આ ચાર છોકરાંને જોઇ વૃદ્ધાનું મન ઠર્યું પણ એક દીવસે તેણે ચારે પુત્ર વધૂઓને એકાંતમાં બોલાવી તેણે કહ્યું 'પુત્રિઓ! તમે જાણો છોને કે આ પુરૂષ એ તમારો પતિ નથી. રાજા અપુત્રીયાનું ધન ન લઇ લે તે માટે તેને હું ઉપાડી લાવી હતી. હવે તમારે પુત્ર થયેલ હોવાથી તે ભય રહ્યો નથી. શેરડીમાંથી રસ કાઢયા પછી તેનાં છોતરાંનો મોહ ન રાખવો જોઇએ. તેમ હવે તમારે પુત્ર થયો હોવાથી તેનો મોહ તમારે ઉતારી દેવો જોઇએ.

વૃદ્ધાનો તાપ હોવાથી પુત્ર વધૂઓ કાંઇ પણ બોલી શકી નહિ પણ તેમને બાર વર્ષ સુધી પતિ તરીકે સેવેલ પ્રિયને છોડતાં ઘણું આકરૂં લાગ્યું તે ચારે જણીએ એકેક કિંમતી રત્ન નાંખી લુગડામાં ચાર લાડવા બાંધી કૃતપુણ્યના ઓશિકે મુકયાં.

વૃદ્ધાએ બરાબર મધ્યરાત્રિએ ઘસઘસાટ સુતેલા કૃત-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુણ્યને માણસો દ્વારા પલંગ સાથે ઉપાડયો અને જ્યાંથી કૃતપુણ્યને લાવવામાં આવ્યો હતો તેજ દેવકુળ પાસે મુકયો. આજ વખતે જે સાર્થે બાર વર્ષ પહેલાં અહિંથી પ્રયાણ કર્યું હતું તે સાર્થે પણ ત્યાંજ પડાવ નાંખ્યો.

( ૫ )

ધન્યાએ વહેલી પરોઢે સમાચાર સાંભળ્યા કે બાર વર્ષે ગયેલ સાર્થ પાછો ફર્યો છે. ધન્યા દાસી સાથે સાર્થના પડાવે આવી તો જે દેવકુળ પાસે નાથને મુકી આવી હતી તેજ દેવકુળ આગળ પલંગમાં પોઢેલ નાથને તેણે જોયા. કૃત-પુણ્યે ઉઠી જોયું તો દેવકુળમાં પોતાના ખાટલા પાસે ધન્યા ઉભી હતી. કૃતપુણ્ય મનમાં બરાબર સમજ્યો કે આ બધું કામ પેલી વૃદ્ધાનું છે. તેણે બાર બાર વર્ષ સુધી મને પુત્ર તરીકે રાખ્યો પણ તેને પુત્રનો સ્નેહ હૃદય સાથે ન સ્પર્શ્યો. તેણે ધન્યાના કુશળ સમાચાર પુછયા અને ધન્યા તેની સુખરૂપ મુસાફરીના વૃત્તાંત પુછી લાડુની પોટકી લઇ તેની સાથે ઘેર આવી. ધન્યાએ મનમાં માન્યું કે ધન એ ભાગ્ય આધીન છે. પતિએ બાર વર્ષ પરદેશ ખેડયું પણ ધન ન કમાયા તેમાં તે શું કરે ? તેણે કૃતપુણ્યને શું કમાયા વિગેરે કાંઇ ન પુછયું. કેમકે તે પુછવું તે તેને દાઝયા ઉપર ડામ આપવા જેવું લાગ્યું.

પતિના પરદેશ દરમિયાન ગર્ભવતી ધન્યાએ પુત્રનો જન્મ આપ્યો હતો તે આજે અગિઆર વર્ષનો થઇ ચૂકયો હતો ત્યાં તે છોકરો નિશાળેથી આવ્યો અને તેણે ધન્યા પાસે ખાવાનું માગ્યું. ધન્યાએ ચાર લાડુમાંથી એક લાડુ તેને આપ્યો. છોકરો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજી થતો લાડુ લઈ નાઠયો. તેણે લાડવો ભાંગ્યો એટલે તેમાંથી એક રત્ન નીકળ્યું. છોકરાએ એને ચકચકતું રમકડું માન્યું. અને તેથી તે રમકડાને બીજા પોતાના બાળ ભાઇબંધો સાથે ઉછાળતો કંદોઇની દુકાને આવ્યો તેણે તે રત્ન કંદોઇને આપી ફરી ખાવાનું માગ્યું. અચાનક કંદોઇના હાથમાથી રત્ન લેતાં પડી ગયું અને તેની પાસેની પાણીની ડોલમાં પડયું. ડોલમાં પડતાં જ પાણીના બે ભાગ થયા. ચકોર કંદોઈ સમજી ગયો કે આ જળકાંત મણિ છે. તેણે છોકરાએ જે માગ્યું તે ખાવાનું આપ્યું અને કહ્યું કે 'છોકરા! જ્યારે ખાવું હોય ત્યારે સુખેથી તું તારે અહિં આવજે'

( ૫ )

શ્રેણિકનો સેચનક હાથી એકવાર નદીમાં પગથી ઝલાયો. કોઇ જળજંતુએ તેને એવો પકડેલો કે તે પગ બહાર કાઢી ન શકે. રાજાએ ઘણા ઉપાય કર્યા પણ તે બહાર ન નીકળ્યો. અનુભવીઓએ રાજાને કહ્યું 'જળકાંત મણિ જડે તો પાણીના બે ભાગ થાય અને હાથી નીકળી શકે.' રાજાએ ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે 'જે જળકાંત મણિ આપશે તેને રાજા પોતાની પુત્રી અને અર્ધું રાજ્ય આપશે.' કંદોઇએ જળકાંત મણિ આપ્યો તેથી રાજાનો સેચનક હાથી બહાર નીકળ્યો. પણ રાજાને કંદોઈ વેરે પુત્રી પરણાવવી તે બહુ આકરૂં લાગ્યું. બહુ બુદ્ધિશાળી અભયકુમારે તે કંદોઇને બોલાવી ધમકાવી પુછયું કે 'સાચું કહે કે આ જળકાંત તું લાવ્યો કયાંથી ?'

કંદોઇએ ભયના માર્યા જેવું હતું તેવું બધું કહી દીધું. આ પછી રાજાએ જળકાંત મણિના માલિક કૃતપુણ્યને પોતાની પુત્રી ઋદ્ધિ સહિત પરણાવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે કૃતપુણ્ય રાજાનો જમાઈ થયો અને ચાર રત્નોથી મહા ધનાઢ્ય થયો. થોડા જ વખતમાં કૃતપુણ્ય અને અભયકુમાર બન્ને દિલોજાન મિત્રો થયા.

( ૬ )

કૃતપુણ્યને હવે કોઈ દુઃખ ન હતું. તેની પ્રતિષ્ઠા અને સંપત્તિ આખા ગામમાં સૌ કરતાં ચઢે તેવી હતી. પણ તેને પેલી ચાર વધૂઓ અને તેના પુત્રો યાદ આવ્યા કરતા હતા. કેમકે તે ચારે છોકરાઓને તેણે વધુ લાડથી લડાવ્યા હતા. એકવાર તેણે અભયકુમારને કહ્યું 'મિત્ર! હું આ નગરમાં એક જગ્યાએ બાર વર્ષ રહ્યો છું. મારે ચાર સ્ત્રીઓ હતી અને ચાર પુત્રો હતા. પણ તે ઘર ક્યાં આવ્યું તેની મને કાંઈ ખબર નથી' વિગેરે કહી પોતાનો બધો સવિસ્તર વૃત્તાન્ત કહ્યો. અભયકુમારે બે બારણાવાળું સુંદર મકાન બનાવ્યું અને તેના મુખ્ય દ્વારમાં પેસતાં ચોગાનનાં એક ભવ્ય કૃતપુણ્યની આકૃતિવાળી યક્ષની પ્રતિમા બનાવી. તેણે ગામમાં ટેલ પડાવી કે 'એક ચમત્કારિક યક્ષ પ્રતિમા આવી છે. તેનાં સૌ કોઈએ દર્શન કરવાં જે દર્શન નહિ કરે તેને યક્ષ ઉપદ્રવ કરશે' ગામમાં સ્ત્રીઓનાં ટોળેટોળાં છોકરાછૈયાં લઈ દર્શન કરવા આવવા માંડ્યા.

અભયકુમાર અને કૃતપુણ્ય આ બધું ગુપ્ત રહી જોતા હતા. તેવામાં એક ડોશી પોતાની આંગળીએ રમતા છોકરાવાળી ચાર પુત્રવધૂઓને લઈ તે યક્ષના દર્શન કરવા આવી. કૃતપુણ્યે તે બધાને ઓળખી અભયકુમારને બતાવી પણ અભયકુમારે તેને ચૂપ રહેવા કહ્યું. યક્ષપ્રતિમા પાસે આવતાંજ

પેલા ચાર છોકરાએ 'બાપા બાપા' કરતા યક્ષની પ્રતિમાના ખોળામાં બેસી ગયા અને બોલ્યા બાપા! ' કયાં જતા રહ્યા હતા. હવે નહિ જવા દઇએ.' ડોશીએ છોકરાને લાલ આંખ કરી ધમકાવ્યાં ત્યાં કૃતપુણ્ય અને અભયકુમાર બહાર આવ્યા. પેલી પુત્રવધૂઓએ નીચું જોયું. અભયકુમારે વૃદ્ધાને ધમકાવી તો બધી ખરેખરી વાત સમજાઇ ગઇ.

આ પછી અભયકુમારે આ ચાર સ્ત્રીઓ અને તેના પુત્રો કૃતપુણ્યને હવાલે કર્યા.

અનંગસુંદરી પણ કૃતપુણ્યના સમાચાર સાંભળી ત્યાં આવી અને તે પણ તેની ગૃહિણી તરીકે થઇને રહી.

કૃતપુણ્ય આમ સાત સ્ત્રીઓ સહિત આનંદપૂર્વક રહેવા લાગ્યો.

( ૭ )

એકવાર દેવાધિદેવ મહાવીર પરમાત્મા રાજગૃહીના ઉદ્યાનમાં સમવસર્યા. દેશના બાદ કૃતપુણ્યે ભગવંતને પુછયું 'ભગવંત્! મને સંપત્તિ તો ઘણી મળી પણ વચ્ચે થોડું થોડું આંતરૂં કેમ પડયું ?' ભગવાને કહ્યું.

'કૃતપુણ્ય તું પરભવમાં એક નિર્ધન રબારીનો છોકરો હતો. ઘેરે ઘેર ક્ષીર થતી હોવાથી તેં કજીયો કરી તારી મા પાસે માગી તાગીને ખીર કરાવી. આ ખીર તું ખાવા બેઠયો ત્યાં માસક્ષમણના પારણે વહોરવા માટે બે મુનિ ભગવંત પધાર્યા. તેં એ ખીરમાંથી થોડો ભાગ મુનિને વહોરાવ્યો પણ મુનિ કાંઇ ન બોલ્યા એટલે ફરી તેં બીજીવાર તેમાંનો થોડો



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાગ વહોરાવ્યો. અને ત્યારપછી તેં ફરી પણ ત્રીજીવાર વહોરાવ્યો. વ્હોરાવતાં વ્હોરાવતાં તે બે આંચકા ખાધા તેથી તેં દાન આપ્યું એટલે તને ઋદ્ધિસિદ્ધિ તો પુષ્કળ મળી પણ વચ્ચે વચ્ચે તને સંપત્તિમાં પણ બે આંતરાં પડ્યાં.'

કૃતપુણ્યને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે ભગવાન પાસે દીક્ષા લીધી અને તે સારી રીતે પાળી પાંચમા દેવલોકે દેવ થયો.

( ૮ )

કૃતપુણ્ય તો આજે નથી પણ તેમના નામને વ્યાપારીઓ દિવાળીમાં ચોપડામાં 'કયવન્નાશેઠનું સૌભાગ્ય હજો'ની માગણી કરી સંભારે છે કેમકે કયવન્ના શેઠનું સૌભાગ્ય એવું હતું કે વગર મહેનતે તેમની પાસે લક્ષ્મી આવી હતી. વ્યાપારી વગર મહેનતે ભાગ્યથી અઢળક સંપત્તિ ઇચ્છે છે. પણ આ સંપત્તિ પાછળ તેણે પૂર્વભવે જે દાન કર્યું હતું તે વિસરી જાય છે. લક્ષ્મી પ્રાપ્તિ એ ખરેખર દાન સાથે જ સંબંધ રાખે છે તેથીજ કલિકાલ સર્વજ્ઞ **હેમચંદ્રસૂરિજીએ** '**दानेन भोगानाप्नोति**' 'દાનથી ભોગ મળે છે' તેમ કહ્યું છે.

[ દાનપ્રદીપ–ઉપદેશપ્રાસાદ ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# દુઃખમાં કોઇનો ભાગ નથી

યાને

# સુલસ કથા

(૧)

**સુલસ** એ રાજગૃહીના પ્રસિદ્ધ **કાલસૌરિક** ચંડાળનો એકનો એક પુત્ર હતો.

કાલસૌરિક નિર્દય અને ઘોર હિંસાના પરિણામવાળો હતો. રોજ સવાર થાય અને તે પોતાના હાથે હજારો જીવોની હત્યા કરે આમ તેના હાથે હજારો જીવો કપાઇ તરફડી મૃત્યુ પામતા હતા. મહારાજા શ્રેણિકે તેની આ ઘોર હિંસા અટકાવવા તેને ખાલી કુવામાં ઉતાર્યો અને માન્યું કે હવે કાલસૌરિક હિંસાથી અટકશે પરંતુ તે ત્યાં પણ હાથથી પાડાની કલ્પના કરી હિંસા કર્યા વિના જપ્યો નહિ

સુલસ આવા ભયંકર પિતાનો ચાંડાળ જાતિનો પુત્ર હોવા છતાં અભયકુમારના પરિચયથી તેનામાં નીતિ, ધર્મ અને દયાના સંસ્કારો ઉતર્યા હતા.

(૨)

પ્રબળ પુણ્ય અને પ્રબળ પાપ કેટલીકવાર આ ભવમાં જ માણુસને તેનો પરચો બતાવે છે. તે પરભવ સુધી પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાહ જોતું નથી તેમ કાલસૌરિકને તેના કરેલાં પાપે તેને અનેક રોગોથી ઘેર્યો. તેના શરીરમાં તીવ્ર દાહ થયો અને તેથી તે બૂમો અને રાડો પાડવા લાગ્યો.

સુલસ અને તેના સગાવ્હાલાંઓએ ચંદનના લેપ વિગેરે અનેક ઉપચારો કર્યા પણ તેથી કાલસૌરિકની વેદના શાંત ન થઈ. ઉલટી વધુ ને વધુ વધતી ગઈ. વિનીત સુલસે પિતાને કોઈ રીતે શાંતિ થાય અને તેમનું ચિત્ત બીજે માર્ગે વળે તે માટે તેણે અનેક શાંતપ્રશાંત ચિત્રો બતાવ્યાં અને શાંતિ માટે જુદા જુદા દૃષ્ટાંતો આપી ધીરજ રાખવા સમજાવ્યું પણ કાલસૌરિક તે ચિત્રોને દૂર ફેંકી દેતો અને ઉપદેશ આપતા પુત્રના મોંઢા આગળ હાથ મુકી તેને બોલવાનું બંધ કરાવતો.

અભયકુમારની બુદ્ધિએ સુલસે વિપરીત પ્રયોગ કર્યો; ચંદનને બદલે વિષ્ઠાનો લેપ કર્યો. શાંત પ્રશાંત ચિત્રોને બદલે ભૈરવ વિગેરે દેવોનાં અને યુદ્ધનાં ચિત્રો બતાવ્યાં તેમજ સારા ઉપદેશને બદલે તેને જુના ઝેર વેરના પ્રસંગો કહ્યા. એટલે કાલસૌરિકને ક્ષણિક આનંદ થયો પણ પાછું દુઃખ યાદ આવતાં તે બૂમો અને ચીસો નાંખવા લાગ્યો.

આ ઉપરથી સુલસ પિતાની દુર્ગતિનાં આ બધાં ચિન્હ સમજી ઉદાસ થયો. તેણે પિતાની ખુબ ખુબ સેવા કરી છતાં તે ન બચ્યો અને અંતે મરી કાલસૌરિક નરકે ગયો.

( ૩ )

પિતાની માંદગી અને તેનુ દુઃખ દેખી સુલસનો વૈરાગ્ય વધુ દૃઢ થયો. તેણે માન્યું કે મારા પિતાએ ઘોર હિંસા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરી તેનું ફળ તેમને આજ ભવમાં ઘોર વેદનાથી તેમને ભોગવવું પડયું અને મેં તેમને ધર્મ પમાડવા ઘણું ઇચ્છયું છતાં તે પાપોદયને લઇ ધર્મ ન જ પામ્યા.

સુલસ પિતા કાલસૌરિકનું પ્રેતકાર્ય કરી ઘેર પાછો ફર્યો પણ તેની આગળથી તેમની વેદના અને અનંતકાળનો તેમનો અધ્યવસાય ન ખસ્યો.

બે ચાર દીવસ થયા એટલે સુલસની માતા બેન વિગેરે કુટુમ્બીઓએ સુલસને કહ્યું 'પુત્ર! હવે તું તારા પિતાનો શોક મુકી દે અને તારા પિતાનું કાર્ય કરી તું તારી ફરજ બજાવ. પુત્ર! આપણો ધંધો ચંડાળનો છે. અને તેણે રોજ હિંસા કરી માંસ બનાવી વેચવાનું છે. અને તેની ઉત્પન્નમાંથીજ કુટુંબ નિર્વાહ કરવાનો છે.'

સુલસે કહ્યું 'એ મારાથી નહિ બને. હું તમારો નિર્વાહ ખેતીથી કે મજુરીથી કરીશ પણ જીવહિંસાથી તો નહિજ કરૂં. કેમકે આવું ઘોર પાપનું ફળ મારેજ ભોગવવું પડે તેમાં તમે કોઇ થોડાજ ભાગ પડાવવાના છો?'

કુટુમ્બે કહ્યું 'ભોળા પુત્ર! તારી સમજ ખોટી છે તું જે કાંઇ પાપ કરે તે તું તારા એકલા માટે કયાં કરે છે? તું પાપ તારા અને અમારા બધા માટે કરે છે તો તારા તે પાપમાં અમારો હિસ્સો છેજ. તું આવા સ્વાર્થના વિચાર છોડી દે અને કુલક્રમથી આવેલ આપણો ધંધો આગળ ચલાવ, પુણ્ય પાપના વિચારો કરે આપણો તો નહિ પણ દુનીયાનો કોઇનોય ધંધો ન ચાલી શકે.'

સુલસને આ વાત ગળે ન ઉતરી તે બોલ્યો 'તમે ગમે તેમ કહો પણ હું હિંસા તો નહિંજ કરૂં કેમકે મેં મારી છતી આંખે પિતાની હિંસાનું ફળ અપાર વેદના નિરખી છે.'

( ૪ )

સુખદુઃખનો ભાગી માણસ પોતેજ છે, કુટુંબ તેમાં કાંઈ કરી શકતું નથી તે સમજાવવા એકવાર સુલસે કોઇ ન જાણે તે રીતે એક કુહાડી મારી પોતાના પગ ઉપર ઘા કર્યો અને તેમાંથી ધડધડ લોહી વ્હેતું બતાવી તે 'બચાવો બચાવો મારાથી રહેવાતું નથી' કરતો બૂમો પાડવા લાગ્યો.

માતા, બ્હેન, ભાઇ બધા દોડી આવ્યા અને બોલ્યા. 'પુત્ર ! વેદના તો કોઇની કોઇ લઈ શકયું છે. ભાઇ ધીરજ ધર. અમે તેના ઉપચાર કરીએ છીએ અને પાટા પટ્ટીથી બધું સારૂં થઈ જશે.'

લોહી નીકળતું હતું વેદના ઘણી થતી હતી. પણ આ વેદના તેણે પોતાના હાથે ઉભી કરેલી હોવાથી તેને એટલી બધી પીડતી ન હતી છતાં તે વેદનાનો અત્યંત ડોળ કરી બોલ્યો "માતા ! હું અસહ્ય પીડાઉં છું આપ બધા કુટુંબના ભાગીદારો થોડી ઘણી આ વેદના લ્યોને ? તમે રોજ કહેતા હતા કે 'સુલસ ! તારા ધંધાના પાપમાં અમે ભાગીદાર થઇશું' તો મારી આ પ્રત્યક્ષ વેદનાના ભાગીદાર બની મને દુઃખ કે પાપના તમે સાચા ભાગીદાર થશો તેવો વિશ્વાસ ઉત્પન્ન કરોને ?"

બધા મૌન રહ્યા.

સુલસ બોલ્યો 'માતાજી ! આ બધા મોહના ચાળા છે કોઇના પાપમાં કોઇ ભાગીદાર બનતું નથી. પાપતો તેના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરનારનેજ ભોગવવું પડે છે. હું પિતાના હિંસાના વ્યાપારને નહિ કરૂં. પિતા તે વ્યાપાર કરી રૌરવ દુઃખ પામ્યા તે તમે અને મેં સગી આંખે જોયું છે. હવે મને તેવા દુઃખી શામાટે કરવા ઇચ્છોછો ? સુલસના આ યુક્તિયુક્ત વચનથી તેનું કુટુંબ પ્રતિબોધ પામ્યું.

ચંડાળ છતાં સુલસ ધર્મભાવિત થયો. અને તેણે પોતાના કુટુંબને પણ ધર્મભાવિત બનાવ્યું.

અભયકુમારે સુલસની પ્રશંસા કરતાં કહ્યું ધન્ય છે સુલસને કે જે ચંડાળ કુળમાં જન્મ્યા છતાં જેણે હિંસા છોડી પોતે તરી કુટુંબને તાર્યું.

નીતિ ધર્મ અને શ્રાવકપણું પાળી અંતે સુલસ દેવગતિ પામ્યો.

**अवि इच्छंति अ मरणं, न य परपीडं करंति मणसावि**
**जे सुविईय सुगइपहा, सोयरियसुओ जहा सुलसो**

કાલસૌરિકના પુત્ર સુલસની જેમ જેઓએ સુગતિનો માર્ગ સારી રીતે જાણ્યો છે તેઓ પોતાના મરણને ઇચ્છે છે પરંતુ મનવડે પણ પરને પીડા ઉત્પન્ન કરતા નથી.

( ઉપદેશપ્રાસાદ )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૯૧
# કર્કશ વચન
## યાને
# માતા પુત્ર કથા

## ( ૧ )

તામ્રલિપ્તી નગરના શેઠ **રતિસારને બન્ધુમતી** નામની પુત્રી હતી. પુત્રી રૂપવાન અને કલાવાન છતાં કાંઇક ઉદ્ધત હતી.

એકવાર ભરૂચથી કોઇક વેપારી આવ્યો. આ વેપારીનું નામ **બન્ધુદત્ત** હતું. તે યુવાન, રૂપાળો અને ધનવાન હતો. બન્ધુમતી તેને જોઇ આકર્ષાઇ અને તે માતપિતાની સંમતિ લઇ તેને પરણી.

બન્ધુદત્ત અને બન્ધુમતીએ થોડો કાળ તામ્રલિપ્તીમાં ગાળ્યો. પણ બન્ધુદત્તનું ચિત્ત વ્યાપારમાં હોવાથી તે એક વખત રત્નદ્વીપ જવા ઉપડયો. તેણે બન્ધુમતીને કહ્યું 'દેવિ! વળતાં હું તને લઇ જઇશ અત્યારે તો તું અહિં તારા પિતાને ત્યાંજ રહે.'

સારા દીવસે બન્ધુદત્ત કરીયાણાં ભરેલાં વહાણો લઇ સમુદ્રમાર્ગે ઉપડયો. રતિસારે અને બન્ધુમતીએ જ્યાંસુધી નજર પહોંચી ત્યાંસુધી 'આવજો અને કુશળ રહેજો'ના શબ્દો દ્વારા તેને વિદાય આપી.

## ( ૨ )

બન્ધુદત્તે સમુદ્રમાં થોડા દિવસ પ્રયાણ કર્યું ત્યાં દરી-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યામાં તોફાન જાગ્યું. મોટાં મોટાં મોઝાં ઉછળવા લાગ્યાં વહાણો હાલકહુલક થવા માંડયાં. જોતજોતામાં મોઝાની છોળો વહાણુમાં પેસવા માંડી અને કરીયાણા સાથે વહાણો દરીયાના અગાધ જળમાં ડુબ્યાં. બન્ધુદત્ત સમુદ્રમાં પડયો. ભાગ્યયોગે તેના હાથમાં કોઇ લાકડાનું બિમ્બ આવ્યું આના આધારે ટીચાતો ટીચાતો બન્ધુદત્ત તેજ તામ્રલિપ્તીના કાંઠે આવ્યો.

બન્ધુદત્તે આસપાસ જોયું તો ગામમાં મંદિરોની આરતીઓના રણકાર વાગતા હતા. છેટે છેટે દીવાઓ બળતા હતા. અને નગરીના લોકોનો અસ્પષ્ટ શબ્દ સંભળાતો હતો. બંધુદત્તે આ નગરી કઇ હશે અને હું કયાં આવી પડયો છું તે ધારી ધારીને જોયું તો જણાયું કે તે નગરી તામ્રલિપ્તી હતી. તેને ઘડીક આનંદ થયો પણ પછી તુર્ત જ પોતાનો વૈભવ અને શ્વસુરગૃહ યાદ આવતાં તેના હૃદયમાં દુઃખ થયું. તે પાસેના દેવકુલમાં ગયો અને ત્યાંના પૂજારી દ્વારા રતિસાર શેઠને સમાચાર આપ્યા કે 'તમારો જમાઇ બન્ધુદત્ત રત્નદ્વીપે ગયો હતો પણ અધવચ તેનાં વહાણુ સમુદ્રમાં ડુબ્યાં અને તેના હાથમાં પાટીયું આવવાથી તરતો તરતો અહિં આવ્યો છે અને અત્યારે દેવાલયમાં છે.'

( ૩ )

બન્ધુદત્ત ટાઢથી દાંતનું વાજિંત્ર વગાડતો શ્વસુર અને સ્ત્રીની રાહ જોતો દેવાલયમાં બેઠો બેઠો પોતાના નસીબનો વિચાર કરે છે ત્યાં ચારે બાજુ 'પકડો પકડો' કરતા રાજસેવકો આવ્યા અને તે બન્ધુદત્તને ઉપાડી સીધા રાજાના મહેલે લઇ ગયા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગાળતાં હતાં. પુત્ર લોકોનાં ઢોર ચરાવતો હતો અને માતા લોકોનાં દળણાં પાણી કરતી હતી.

એકવાર કોઇક કામસર આ ડોશીને બહાર જવાનું થયું. તેથી તે રોટલા શીકામાં મુકીને બહાર ગઇ. થોડીવારે તેનો પુત્ર આવ્યો તે ખુબ ભૂખ્યો થયો હતો. તેથી તેણે પોતાની માને બોલાવવા ઘણી રાડો નાંખી પણ ડોશી દૂર ગયેલી એટલે તે અવાજ તેણે સાંભળ્યો નહિ.

થોડીવારે દૂરથી આવતી ડોશીએ છોકરાને ભૂખ્યો ટળવળતો દેખ્યો તેથી તે દોડતી આવી.

ઘરમાં પેસતાંજ છોકરો બોલ્યો 'અરે રાંડ તું કયાં ગઈ હતી? કોઇએ તને શૂળીએ ચઢાવી હતી કે શું ? આ તારો સગલો કયારનો ભૂખે ટળવળે છે તેનું તને ભાન પણ નથી ?'

ડોશીને છોકરો અતિ વ્હાલો હતો છતાં છોકરાનું આવું કઠોર વચન તેનાથી સહન ન થયું તેથી તે બોલી 'શું તારા હાથ કપાઇ ગયા છે કે શીંકા ઉપરથી રોટલા લઇ ન ખવાયું. હું તે કયાં નવરીછું કે તારી વાટ જોઇને બેસી રહું. મારેય લોકોનાં કામકાજ કરવાનાં છે કે નહિ ?'

આમ એક બીજાએ ખુબ બોલાચાલી કરી. આખરે લોકોએ તેમને શાંત પાડયાં એટલે તે શાંત પડયાં.

જતે દીવસે કજીયો ભૂલાયો પણ આ બન્નેએ એક-બીજાને કહેલાં કડવાં વેણ તેમણે આલોચ્યાં નહિ અને તે બન્ને મૃત્યુ પામ્યાં. ડોશી હતી તે તમારી પુત્રી થઈ અને પેલો છોકરો હતો તે બન્ધુદત્ત થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શેઠ ! સંસારની ગતિ વિચિત્ર છે. પરભવના માતાપુત્ર આ ભવમાં પતિ પત્ની થયાં. તારી પુત્રીનાં કંકણ લેવા એક ચોરે તેના બે કાંડા કાપ્યાં. કંકણ લઇ તે નાઠો પણ પાછળ પડેલા કોટવાળની તેને બીક લાગી. તેથી તે કંકણ બંધુદત્તને ખબર ન પડે તે રીતે તેની પાસે મુકી કોઇ ન જાણે તે રીતે પલાયન કરી ગયો.

કોટવાળ અને સૈનિકોએ બન્ધુદત્તને સાચો ચોર માન્યો અને તેમણે તેનું કાંઈ સાંભળ્યા વિના તેના દુર્દૈવથી ફાંસીએ ચડાવ્યો. શેઠ ! પરભવે તમારી પુત્રી 'હાથ કપાયા છે' એ બોલી હતી તેથી આ ભવમાં તેના હાથ કપાયા અને બન્ધુદત્ત પરભવમાં 'શૂળીએ ચડાવી હતી' તે બોલ્યો તેને પરિણામે તેને શૂળીએ ચડવું પડયું. જીવ આવી રીતે વગર વિચારે કડવાં વેણ બોલે છે તે તેને રોઈ રોઇને ભોગવવાં પડે છે માટેજ કહ્યું છે કે

**'હસતાં તે બાંધ્યાં કર્મ રોતાં ન છુટે પ્રાણીયા'**

રતિસાર શેઠ બોધ પામ્યા તેણે દીક્ષા લઇ સ્વશ્રેય સાધ્યું અને લોકોએ વિચાર્યું કે કે બોલવું તો હિત, મિત મધુર અને સત્ય. નહિતર કડવું બોલવાથી આ માતા પુત્રની પેઠે દુઃખ પ્રાપ્ત થાય છે.

**विचार्य वाच्यं वचनं हितं मितं । न कर्कशं कदापि निगद्यते वुधैः**
**अप्येकशः प्रोक्त कठोरवाक्यतो, न किं विगुप्तौ जननीसुताविव**

માણસે હિતકારક વચન વિચારીને બોલવું જોઇએ એકવાર કઠોર વચન બોલવા માત્રથી માતા અને પુત્ર શું અનેક દુઃખ નથી પામ્યાં ?

( ઉપદેશસપ્તતિકા )

## ૯૨

# રત્નરાશિ
### યાને
# કઠિઆરો

( ૧ )

રાજગૃહીમાં શ્રેણિકનું ધર્મનિષ્ઠ રાજ્ય હતું. તેનો મુખ્ય પ્રધાન બુદ્ધિશાળી **અભયકુમાર** હતો.

એક વખત **સુધર્મા** ગણધર ભગવંત રાજગૃહી નગરીમાં ઘણા શિષ્યો સહિત પધાર્યા. આ શિષ્યોમાં એક તુર્તનો દીક્ષિત સાધુ હતો. આ સાધુ હતો તો પૂર્ણ વૈરાગી પણ તે ગૃહસ્થ જીવનમાં દુઃખી હોવાથી કઠિઆરાનો ધંધો કરી પોતાનો જીવન નિર્વાહ કરતો. એણે એક વખત સુધર્મા ગણધર ભગવંતની દેશના સાંભળી તેથી તેને વૈરાગ્ય જાગ્યો એટલે તેણે દીક્ષા લીધી.

( ૨ )

આખું રાજગૃહી નગર આ કઠિયારાને ઓળખતું. કેઈ લોકોએ તેની પાસેથી લાકડાં લીધેલાં અને ખાવાનું તથા તેની કિંમત ચૂકવેલી.

આ કઠિઆરા મુનિ એકવાર રાજગૃહીમાં ગોચરીએ નીકળ્યા ત્યારે લોકો હસતા હસતા કહેવા માંડયા. 'આ દીક્ષા શું ખોટી ? જુઓને પહેલાં આ બિચારો જંગલમાં જતો લાકડાં કાપતો ગામમાં ફરી ફરીને ભારો વેચતો ત્યારે માંડ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખાવાનું મળતું. અત્યારે આમાંની કાંઇ તેને પંચાત છે? જ્યાં જાય ત્યાં ધર્મલાભ કહ્યો એટલે ખાવાનું મળ્યું.'

આમ રોજ રોજ આ કઠિઆરા મુનિની વગોવણી થતી દેખી તે મુનિ કંટાળ્યા અને ભગવંત આગળ બોલ્યા. 'ભગવંત! મને બીજે વિહાર કરવાની રજા આપો કેમકે હું અહિં નિર્ધન કઠીઆરો હતો તેથી મારી પૂર્વ અવસ્થા સંભાળી લોકો મારા બાને સાધુધર્મની નિંદા કરે છે.'

ગણધર સુધર્માસ્વામિએ તેને કહ્યું 'મુનિ! આપણે અધાજ વિહાર કરશું. જરાપણ મનમાં દુઃખ ન પામશો.'

( ૩ )

'ભગવંત! એકાએક વિહારની તૈયારી કેમ કરી?' ઉપાશ્રયે વાંદવા પધારેલ અભયકુમારે સુધર્માસ્વામી ભગવંતને પુછયું.

'અભયકુમાર! આમતો અમારે રાજગૃહીમાં થોડી સ્થિરતા કરવી હતી પરંતુ આ નૂતન દિક્ષિતના નામથી લોકો અધર્મ ન પામે માટે અમે વિહાર કરશું.'

અભયકુમારે પુછયું 'ભગવવંત! નૂતન દીક્ષિતનો એવો શો પ્રસંગ છે કે લોકો અધર્મ પામે છે?'

ભગવંતે કહ્યું 'અભયકુમાર! આ મુનિ પ્રથમ નિર્ધન હતા. કઠિઆરાનો ધંધો કરતા હતા. તેમને વૈરાગ્ય જાગ્યો એટલે તેમણે દીક્ષા લીધી. લોકો માને છે કે જે કમાઇ ન શકે અને જેને ખાવા ન મળે તે દીક્ષા લે છે. આ મુનિને તો લોકોના આ વચનનો રોષ નથી પણ લોકો નાહક મુનિપણાની નિંદા કરી દુષ્કર્મ ન ઉપાર્જે માટે અમે વિહારનો વિચાર રાખ્યો છે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'ભગવંત! આપ વિહાર ન કરો. આપ હમણાં થોડી સ્થિરતા કરો. હું એવી વ્યવસ્થા કરૂં છું કે લોકો મુનિધર્મને સારી રીતે પિછાણે અને સમજે કે નિર્ધન અવસ્થામાં પણ મુનિ ધર્મ પાળવો મહા કઠિન છે.'

ભગવંતે 'બહુ સારૂં'કહી થોડા દિવસ સ્થિરતા કરી.

(૪)

રાજગૃહીના લત્તે લત્તે ઢોલ પીટાવા માંડયો. 'ક્રોડો સોનૈયા મહોરની કિંમતની ત્રણ રત્નરાશિ રાજ્ય તરફથી ભેટ આપવામાં આવે છે જેને જોઇએ તે લઇ જાઓ લઇ જાઓ. પણ તેમાં શરત એ છે કે રત્નનો આ ઢગલો લેનારે સ્ત્રીનો, સચિત્ત વસ્તુનો અને અગ્નિનો ત્યાગ કરવો જોઇશે.'

લોકોનાં ટોળેટોળાં રાજગઢ આગળ આવ્યાં. સૌને રત્નના ત્રણ પુંજ દેખી તે લેવાનું મન થયું પણ જ્યારે તેમણે શરત સાંભળી ત્યારે તે બધા વિચારમાં પડી ચમકી ઉઠયા. આ તે કેમ બને? સ્ત્રીનો સર્વથા ત્યાગ તે જીંદગીમાં શી રીતે થાય? ખાવા પીવાની ખરી લ્હેજત તો સચિત્તમાં છે તે છોડીએ તો પછી ધનને શું કરવાનું? અને જીંદગીમાં કોઇ દીવસ અગ્નિને સ્પર્શવું જ નહિ તે કેમ બને? કોઇ રત્નનો ઢગ લેવા તૈયાર ન થયું.

લોકોના ટોળા આગળ અભયકુમાર આવ્યો અને બોલ્યો કે 'આ ત્રણ રત્નના ઢગલા જેને મળે તે નિર્ધન કહેવાય કે ધનવાન?'

લોકોએ કહ્યું 'ક્રોડાધિપતિ કહેવાય તેને ઘેર કાલથીજ ઘડીયાળાં વાગવાં માંડે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'શું તમારે તેવા ક્રોડાધિપતિ નથી થવું?' અભયકુમારે કહ્યું.

લોકોએ કહ્યું 'થવું તો બધાયને છે પણ તેની શરતો મહા આકરી છે ને?'

'જે આવી યોગ્યતાવાળો હોય છતાં આ રત્નોના ઢગને ન લે તે ક્રોડાની સંપત્તિને તજનારો કહેવાય કે નહિ?'

'જરૂર તે મહાત્યાગી કહેવાય તેની શી વાત થાય?' લોકો એકીસાથે બોલ્યા.

'લોકો! હાલ આપણા નગરમાં આર્ય સુધર્માસ્વામી પધાર્યા છે. તેમની પાસે થોડા જ દીવસ ઉપર એક દુઃખી કઠિઆરાએ દીક્ષા લીધી છે. તેમણે સ્ત્રીનો સર્વથા ત્યાગ કર્યો છે. સચિત્તને સ્પર્શવાનું પણ છોડયું છે. અને અગ્નિને પણ તજ્યો છે. તે તો ખરૂં છે ને?'

લોકો વિચારમાં પડયા અને બોલ્યા 'કુમાર! બરાબર તેમણે આ બધું છોડયું છે.'

'તે લેવા ધારે તો આ રત્નરાશિ લઈ શકે છતાં લેવા નથી આવ્યા તો તે ક્રોડાની સંપત્તિના મહાત્યાગી ખરા કે નહિ' અભયકુમારે સ્પષ્ટતા કરતાં કહ્યું.

લોકો બોલ્યા 'કુમાર! ખરેખર તે મહાત્યાગી છે. અમે તેની નિન્દા કરી તે ખોટું કર્યું છે. તે ભિખારી નહિ પણ અમે ભિખારી છીએ કેમકે અમારી તૃષ્ણા જરા પણ શાંત થઈ નથી.

લોકો સમજ્યા અને બોલ્યા 'પાંચ મહાવ્રત પાળવા તે ક્રોડોના રત્નો કરતાં પણ મહા કિંમતી છે.'

[ત્રિષષ્ટિ શલાકા પુરૂષ]



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૯૩
# શિષ્યનો વિનય
## યાને
# ચંડરુદ્રાચાર્ય શિષ્ય

( ૧ )

ચંડરૂદ્રાચાર્ય વિદ્વાન્, તપસ્વી, ભવભીરુ, અને ઘણા શિષ્યોના:પરિવારવાળા છતાં તે પ્રકૃતિએ બહુ ક્રોધી હતા. તે કોઈની ખોટી બડાઇ સહી શકતા નહિં, કે શિષ્યોની ક્રિયાકાંડમાં જરા પણ ગરબડસરબડ તેમને સહન થતી નહિ.

આચાર્ય પોતે સારી રીતે સમજતા હતા કે આ મારી પ્રકૃતિ સારી નથી. આ પ્રકૃતિને લઇ હું મારા શરીરને બાળું છું અને મારા સંયમ ધનમાં પણ ખામી લગાડું છું છતાં પ્રકૃતિની સહજતાથી તેમને કાંઇને કાંઇ નિમિત્ત મળતાં ક્રોધ થઇ આવતો. આથી તે ગચ્છની ચિંતા છોડી હંમેશાં એકલાજ બેસતા અને ધ્યાનમાંજ આખો દીવસ કાઢતા.

આ આચાર્ય એક વખત પરિવાર સાથે ઉજ્જયિનીમાં પધાર્યા. અને શિષ્યોથી થોડે દૂર એકાંતસ્થાનમાં ધ્યાન ધરી બેઠા.

( ૨ )

"મહારાજ ! મને દીક્ષા આપો. હું સંસારથી કંટાળ્યો છું. મારા દુર્ભાગ્યના ઉદયથી સ્ત્રી મારી સામું સરખી જોતી નથી. હું ઠેર ઠેર હડહડ થાઉં છું" હસતા એક યુવાને પોતાના મિત્રો સાથે ચંડરુદ્રાચાર્યના શિષ્યોને કહ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શિષ્યોએ દીક્ષાની માગણી કરનાર યુવાન સામે જોયું તો તેના હાથે મિંઢળ બાંધેલું હતું. કાને મેંસનાં ટપકાં કરેલાં હતાં અને તેનું શરીર પીઠીથી પીળું થયેલું હતું. તેના બોલવામાં વૈરાગ્યની ઝાંખી ન હતી પણ સાધુની અને દીક્ષાની મશ્કરી હતી.

સાધુ બોલ્યા. 'ભાઈ! જુઓ અમે તો ગુરૂની આજ્ઞાને શિરસાવંદ્ય કરનારા છીએ અમારાથી કોઇને દીક્ષા ન અપાય તારે દીક્ષાજ લેવી હોય તો જો સામેના ઓરડામાં અમારા ગુરૂ મહારાજ છે તેમની પાસે જાઓ અને દીક્ષાની માગણી કરો.'

યુવાનો ખડખડ હસતા ચંડરુદ્રાચાર્ય મહારાજ ધ્યાન ધરતા બેઠા હતા ત્યાં આવ્યા. તેમણે આચાર્યને વંદન કર્યું. આચાર્યે ધ્યાન પાળી ધર્મલાભ દીધો એટલે તેમાંનો નવપરિણિત યુવાન બોલ્યો 'મહારાજ! મારૂં નસીબ બરાબર નથી જ્યાં ત્યાંથી ધંધામાં નુકશાન પડે છે. મને કોઇ ઠેકાણે ચેન પડતું નથી. માટે ભગવંત્! મને દીક્ષા આપો.'

બીજા તેની સાથેના મિત્રો હસતા હસતા બોલ્યા 'મહારાજ! હા. હા, એને દીક્ષા આપો. એ દીક્ષા લેવાજ આવ્યો છે.'

ચંડરુદ્રાચાર્યને યુવાનોનું વર્ત્તન સારૂં ન લાગ્યું, તે તેમને મશ્કરી કરતા જણાયા. તેમનો ક્રોધ ભભૂકી ઉઠવાની તૈયારીમાં હતો છતાં તે તેમણે કાબુમાં રાખ્યો અને બોલ્યા 'દીક્ષા લેવી છે ને તો લાવો પેલી રખ્યાની કુંડી. હું લોચ કરી દીક્ષા આપું.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યુવાનો આ હાસ્ય ચાલે છે એમ માની કુંડી લાવ્યા. કુંડી લાવતા વેંત ચંડરુદ્રાચાર્ય ઉભા થયા અને તે હસતાં હસતાં દીક્ષા આપો બોલનાર નવપરિણીત યુવકને પકડી બે પગ વચ્ચે તેનું માથું રાખી તેમણે ઝટઝટ તેનો લોચ કરવા માંડયો.

ગુરૂનું ક્રોધ સ્વરૂપ દેખી પેલા મશ્કરીમાં સાથ આપનારા મિત્રો નાસી ગયા. અને નવપરિણીત યુવાન થોડીકવારે અનીચ્છાએ માથું મુંડાવી સાધુ બની ગયો.

નવપરિણીત યુવાન આસન્નસિદ્ધિ જીવ હતો તેણે વિચાર્યું કે 'થવું હતું તે થઇ ગયું. હું બોલ્યો કે 'મહારાજ! દીક્ષા આપો' અને મહારાજે દીક્ષા આપી તેમાં તેમનો શો વાંક? સારા માણસનું કર્તવ્ય છે કે બોલ્યા એટલે પાળવું જ જોઇએ.' તે બોલ્યો 'ભગવંત! હું આજેજ પરણેલો છું. મારી દીક્ષાના સમાચાર ગામમાં પહોંચશે એટલે મારૂં કુટુંબ બૂમો પાડતું આવશે. મેં દીક્ષાની માગણી કરી અને આપે આપી છે પણ હવે કુટુંબ બળાત્કારે તે ન છોડાવે માટે આપણે બન્ને અહિંથી રાતના ચાલ્યા જઇએ.'

ગુરૂ સમજ્યા કે આણે દીક્ષા લીધી તો મશ્કરીમાં પણ છે હળુકર્મી. તેથી તે બોલ્યા. 'શિષ્ય! રાતે જવા માટે તું માર્ગ જોઇ રાખ જેથી આપણને રાતના મુશ્કેલી ન પડે.'

શિષ્યે ગુરૂનું વચન માન્ય કર્યું અને તેણે જવાનો માર્ગ જોઇ લીધો.

( ૩ )

ચંડરુદ્રાચાર્ય વૃદ્ધ હતા અને તેથી તે આંખે ઓછું દેખતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતા. નૂતન દીક્ષિતને કુટુંબની રાવ આવવાની બીક હતી તેથી તેણે આચાર્યને ખભા ઉપર બેસાડયા અને રાતો રાત ચાલવા માંડયું. નૂતન સાધુએ માર્ગ જોઈ રાખ્યો હતો પણ બધો માર્ગ થોડોજ સીધો આવે છે ઘડીક ખાડો આવે તો ઘડીક ટેકરો આવે. નૂતન દીક્ષિત જ્યાં ત્યાં અથડાવા લાગ્યો અને તેથી આચાર્યને પણ ઘડી ઘડી આંચકા ખાવા પડયા. આચાર્યની રોષની સહજ પ્રકૃતિ પ્રગટ થઈ આવી, તેમણે સહેજ આંચકો આવ્યો કે તુર્ત ધડ દઈને માંથામાં ડંડો લગાવવા માંડયો. ડંડો પડતાં નૂતનદીક્ષિત વિચારવા લાગ્યો. 'આ આચાર્ય કેવા શાંતિથી ધ્યાન ધરતા હતા. તેમને કોઈ જાતનો અજંપો નહોતો મેં તેમને ખરેખર ખોટી ઉપાધિમાં નાંખ્યા. તેમના સંયમધ્યાનમાં હું અંતરાયરૂપ થયો. સારા શિષ્યો તો ગુરૂને સુખ આપનારા થાય પણ મેં તો પહેલાજ દીવસે તેમને ઉપાધિમાં નાંખ્યા' ચંડરૂદ્ર ખભા ઉપર બેઠા બેઠા બોલવા લાગ્યા કે 'અલ્યા! તને પહેલાથી કહ્યું હતું કે માર્ગ જોઈ રાખજે પણ તેં ધ્યાન ન આપ્યું અને મને ખોટી મુશ્કેલીમાં મુકયો.' શિષ્ય 'મહારાજ! મારી ભૂલ થઈ હું સાચવીને ચાલીશ' કહી ધીમે ધીમે ચાલવા લાગ્યો અને તીવ્ર પશ્ચાતાપ કરવા લાગ્યો. આ તીવ્ર પશ્ચાતાપમાં તે ભાવશ્રેણિએ ચઢયો અને માર્ગમાંજ કેવળજ્ઞાન પામ્યો.

(૪)

કેવળજ્ઞાનના પ્રતાપે નૂતન દીક્ષિત હવે ખાડાખૈયા વિનાના માર્ગે ચાલવા લાગ્યા. ગુરૂને આંચકા ન આવવા માંડયા એટલે તે બોલ્યા. 'કેમ હવે સીધો ચાલે છે?'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શિષ્ય બોલ્યો 'ભગવંત ! આપની કૃપાથી હવે હું સરળ માર્ગે ચાલી શકું છું.'

આચાર્ય વિચારમાં પડયા કે 'મેં આને દંડા ઉપર દંડા લગાવ્યા છતાં આ શાંતિથી કેવો સુંદર જવાબ આપે છે મારા જૂના ચેલાઓને જો મેં આવું કર્યું હોતતો કયારનીય તેમણે મારી સાથે જક્કડીઓ લીધી હોત, શું સારો ચેલો' ! તે બોલ્યા ' શિષ્ય ! હવે બીલકુલ આંચકા નથી આવતા તો શું તને જ્ઞાન તો નથી થયું ને ?'

નૂતન દીક્ષિત બોલ્યો ' ભગવંત ! આપનો પ્રસાદ થોડો જ નિષ્ફળ જાય છે મને કેવળજ્ઞાન થયું છે.'

કેવળજ્ઞાન શબ્દ સાંભળતાં આચાર્ય હેઠા ઉતર્યા. તેમણે જોયું તો શિષ્યના માથામાંથી લોહીની ધારાઓ વહી રહી હતી. તે પશ્ચાતાપપૂર્વક બોલ્યા ' અરે ! મેં કેવળીની આશાતના કરી વર્ષો સુધી સંયમ પાળ્યા છતાં મેં ક્રોધથી મારા સંયમને નિષ્ફળ બનાવ્યું. અને આણે આજે સાંજે દીક્ષા લીધી અને થોડા જ કલાકમાં કેવળજ્ઞાન મેળવ્યું. ખરેખર મને ધિક્કાર હો, આ મારી પ્રકૃતિ શું નહિ જ સુધરે ? આ તીવ્ર પશ્ચાતાપે ચંડરુદ્રે કૈવલ્ય મેળવ્યું.

આમ નૂતનદીક્ષિત વિનીતશિષ્યે પોતે વિનયથી કેવળજ્ઞાન મેળવ્યું અને ગુરૂને કેવળજ્ઞાન અપાવ્યું.

આ પછી આ બન્ને ગુરૂશિષ્ય કેવળીએ અનેકને તારી મુકિતને મેળવી.

[ ઉપદેશમાળા અને ઉપદેશ સપ્તતિકા ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૯૪

# સ્ત્રી સંગ

## યાને

# મુંજ

ઇત્થી પસંગ મત કો કરો, તિય વિલાસ દુઃખ પુંજ
ઘરઘર જિણે નચાવીઓ, જિમ મક્કડ તિમ મુંજ

સ્ત્રીનો પ્રસંગ કોઇ કરશો નહિ. સ્ત્રીનો વિશ્વાસ દુઃખના ઢગરૂપ છે અને તે વિશ્વાસને લઈ માંકડાની માફક મુંજને ઘેર ઘેર નાચવું પડે છે.

( ૧ )

માળવ દેશ રળીયામણો છે. આ માળવાનો રાજા **સિંહભટ** એક વખત ફરવા નીકળ્યો. ફરતાં ફરતાં તે મુંજ વનમાં આવ્યો ત્યાં તેણે એક તુરતનો જન્મેલો તેજસ્વી બાળક દીઠો. બાળકને ઉપાડયો ઉછેર્યો અને તેનું તેનું નામ તેણે **મુંજ** પાડયું.

કાળની ગતિ વિચિત્ર છે. સિંહભટે જ્યારે મુંજને લીધો ત્યારે તો તેને એકે પુત્ર નહતો પણ પછીથી તેને એક પુત્ર થયો તેનું નામ રાજાએ **સિન્ધલ** પાડયું.

સિન્ધલ ઓરસ પુત્ર અને મુંજ પાલિત પુત્ર હતો છતાં કોઇ દીવસ મુંજ અને સિન્ધલ વચ્ચે રાજાનો આંતરો ન હતો. રાજ્યશિક્ષણ અને વૈભવથી ઉછરતો મુંજ પરાક્રમી અને વિદ્યા વ્યાસંગી થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૨)

સિંહભટની ઉંમર પાકી હતી. તે થોડા દીવસનો મેમાન હતો. મરતાં પહેલાં તેને રાજ્યનો અધિકારી પોતાના હાથે નક્કી કરવો હતો. તે એક દીવસ મુંજના આવાસે પહોંચ્યો. તે વખતે મુંજ એક સ્ત્રી સાથે આનંદ કરતો હતો. તેણે પિતાનું આગમન જાણી તુર્ત સ્ત્રીને એક નેતરની પેટીમાં પુરી દીધી.

'મુંજ ! હું તને તારા જન્મથી માંડી છૂપાવેલી એક વાત કહું છું. તું મને મુંજવનમાંથી અજ્ઞાત માતપિતાના બાળક તરીકે મળ્યો હતો. મેં મારો પુત્ર માની તને ઉછેર્યો છે. આ રાજ્ય હું તારૂં પરાક્રમ અને બુદ્ધિવૈભવ દેખી તને આપું છું પણ તું સિંહલને સાચવજે. તમે બન્ને સગાભાઇ કરતાં પણ સવાઇ રીતે રહેજો.' સિંહભટ આ છેલ્લો સદેશ કહી પોતે રાજ્યમહેલે આવ્યા અને રાજ્યનો અભિષેક મુંજને કરી થોડા વખત બાદ સ્વર્ગવાસી થયા.

મુંજ સમજ્યો કે 'હું કોણ છું ?' તેણે પોતાની એબ ખુલ્લી ન પડે તે માટે પેટીમાં પુરેલી તે સ્ત્રીને ઠાર કરી કેમકે તે સ્ત્રી જાત છે અને રખેને મારી વાત બહાર કરે.

મુંજને પિતાની આ નિખાલસ વાત વિપરીતરૂપે પરિણમી અને તેણે તો માન્યું કે સિંહલ મારો ભાઈ નથી આથી તેણે તેને પુરો રંજાડવા માંડયો. મુંજને એક ઉસ્તાદનો ભેટો થયો તેણે તેની દ્વારા સિંહલને માલીસ કરાવવાના બાના તળે તેના અંગો ઉતારી નંખાવ્યાં. અને તેની આંખો ફોડી નંખાવી જેલમાં પુર્યો. આ સિંહલને ભોજ નામનો પુત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયો. તે કલાકુશળ અને ખુબ તેજસ્વી નીવડયો. તેની કુંડલીના ગ્રહો જોતાં વિદ્વાન જ્યોતિષી બોલ્યા.

આ છોકરો 'પંચાવન વર્ષ સાત માસ અને ત્રણ દીવસ ગૌડ અને દક્ષિણા પથનો રાજા થશે.'

આ વાત મુંજે જાણી એટલે તેણે ભોજને ચંડાળોને સોંપ્યો અને તેણે તેને મારી નાખવાનો હુકમ આપ્યો. મારતા ચંડાલોને તેણે કહ્યું મને મારવો હોય તો ભલે મારો પણ મારો આટલો સંદેશ મારા કાકાને પહોંચાડજો. તેણે સંદેશામાં લખ્યું કે.

'રામ, યુધિષ્ઠર જેવા મહારાજવીઓ આ પૃથ્વી છોડી ચાલ્યા ગયા. કોઇની સાથે પૃથ્વી આવી નહિ પણ રાજન્! મને લાગે છે કે તમારાં સુકૃત્યોને સંભારીને પૃથ્વી તમારી સાથે જરૂર આવશે.'

મારાઓને દયા આવી તેણે તેને છોડી મુકયો અને સંદેશ–કાગળ મુંજને આપ્યો.

મુંજ વિલખો પડયો તેને થયું કે આવા વિદ્વાન્ અને મારી પ્રત્યે મમત્વધરાવનારને મેં માર્યો તે ઠીક ન કર્યું. તે રડી ઉઠયો. મારાઓને સાચી વાત કહેવાનો તેણે આગ્રહ કર્યો એટલે તેઓએ કહ્યું 'રાજન્! અમારા હાથ તેને મારી શકયા નહિ. મારનાર કાકાની પણ મરતાં મરતાં પ્રશંસા કરનારને અમે મારતાં થંભ્યા અને તેને અમે જંગલમાં છોડી મુકયો.'

મુંજે સૈનિકો મોકલ્યા, તે શ્રીભોજને બોલાવી લાવ્યા મુંજનો રોષ ઉતરી ગયો. તેણે ભોજને યુવરાજ પદે સ્થાપ્યો.

(૩)

'રાજન્! તૈલંગ દેશના રાજા તૈલપ ઉપર આપ ચઢાઇ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન કરો તમારૂં ગ્રહબળ બરાબર નથી. શુકનો સારાં થતાં નથી. રાજન્! મને તમારી ઉપર રાખ પડતી દેખાય છે.'

આ પ્રમાણે તૈલંગ ઉપર ચડાઈ કરવા તૈયાર થયેલ ધયેલ મુંજને તેના વૃદ્ધ મંત્રી રુદ્રાદિત્યે કહ્યું.

'મંત્રીવર ! તૈલપથી તમે કેમ ગભરાઓ છો ? મેં તેનો છ વાર પરાભવ કર્યો છે તે મારા પરાક્રમથી તમે થોડા અજાણ્ છો ?'

'રાજન્! આપનું પરાક્રમ હું બરાબર જાણુ છું પણ તૈલપ કપટી છે. આ વખત યુદ્ધમાં આપ વિજેતા નહિ બનો તેમ મારો અંતર આત્મા સાક્ષિ પુરે છે.'

'મંત્રિવર ! શુકન અને જ્યોતિષે રાજ્ય ન ચાલે.'

મંત્રિએ કપાળે હાથ દીધા. મુંજે તૈલંગ ઉપર ચઢાઈ કરી પણ તેમાં તે કપટથી ઘેરાયો અને તૈલપરાજાનો કેદી બન્યો. મુંજના ભોજનનો પ્રબંધ રાજાની બહેન મૃણાલિનીને સોંપાયો.

કાષ્ઠપિંજરમાં પુરાયેલ મુંજનો રોજ મૃણાલિની સમયસર ભોજન પ્રબંધ કરે છે. આ ભોજન પ્રબંધ જતે દીવસે કામપ્રબંધનું કારણ બન્યો અને મૃણાલિની અને મુંજ જેલખાનામાંજ કામાસકત બન્યાં.

મુંજને જેલના સળીયા પ્રેમસળીયા લાગ્યા અને માલવના રાજ્યના વૈભવ કરતાં મૃણાલિનીનો સ્નેહસંબંધ મીઠો લાગ્યો. પરંતુ મુંજના મંત્રીઓએ જંગલથી તે જેલ સુધીની એક સુરંગ તૈયાર કરી મુંજને ભગાડવાની રચના કરી.

એક વખત મુંજ આરિસામાં મોઢું જોતો હતો મૃણાલિની પાછળ ઉભી હતી. મુંજનો યુવાન દેહ મુંછના થોભા,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને દાઢીની સજાવટ આગળ પોતાનું પાતળું મોઢું, અને બેસી ગયેલા ગાલ દેખી મૃણાલિનીને સ્હેજ ગ્લાનિ આવી ગઇ. ચતુર મુંજ સમજી ગયો અને બોલ્યો.

'મૃણાલિની! યૌવન ચાલ્યું ગયું તેનો ખેદ ન કર. સાકર ને ખાંડીયે તો તેમાંથી તેની મીઠાશ જતી નથી.'

મુંજ અને મૃણાલિનીનો પ્રેમ સંબંધ ખુબ જામ્યો. મૃણાલિની રાજ્યમહેલની સુકોમળ શય્યાઓ કરતાં મુંજના સંસર્ગને મીઠી માનતી અને મુંજ જેલમાં છું તે ભાવ વિસરી મૃણાલિનીના સહવાસને રાજવૈભવ જેવો માનવા લાગ્યો.

(૪)

'મૃણાલિનિ! તું જાણે છે ને કે આ જેલ છે. મારા સેવકોએ મને છોડાવવા સુરંગ તૈયાર કરાવી છે. હું અને તું બન્ને અહિંથી ચાલ્યા જઇએ. તને હું પટરાણી બનાવીશ.' એક વખત મુંજે મૃણાલિનીને કહ્યું ચતુર મૃણાલિનીએ 'સારૂ' કહી તૈયાર થવાનો વખત માગ્યો.

મુંજ રાજી થયો પણ મૃણાલિનીએ મનમાં વિચાર્યું કે મુંજની પાસે હાલ તેની રાણીઓ નથી, વૈભવ નથી અને પરાધીન છે એટલે મને ઇચ્છે છે, પણ જ્યારે તે યુવાન સ્ત્રીઓ અને વૈભવને દેખશે ત્યારે થોડોજ તે મને સંઘરશે. મીઠાં ઠંડાં પીણાં પાસે હોવા છતાં ભાગ્યેજ કોઇ ખારા ઉકળતા પાણીને ઇચ્છે. હું તે વખતે ભાઇ વિનાની અને પતિ વિનાની બન્ને રહિત થઇશ.

અનેકવાર સંસર્ગ સેવનાર જીવતરથીય વ્હાલા વ્હાલા પોકારનાર મૃણાલિનીનું મગજ ભર્યું તે તૈલપ પાસે ગઇ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને તેણે બધી સુરંગની વાત કહી ચાંપતો ઉપાય કરવા સૂચના આપી.

તૈલપે સુરંગ પકડી પાડી મુંજનું સ્થળાંતર કર્યું. અને ભોજન માટે ઘેર ઘેર બંધને બાંધી તેને ફેરવવામાં આવ્યો.

તૈલંગના રાજમાર્ગો ઉપર દોરડા બાંધેલ મુંજ ઘર ઘર ભિક્ષા માગે છે અને બોલે છે

**ઇત્થી પસંગ મત કરો તિય વિસાસ દુઃખ પુંજ**
**ઘર ઘર તિણે નચાવિઓ જિમ મક્કડ તિમ મુંજ**

મુંજને પશ્ચાતાપ કરતો દેખી એક વિપ્રે કહ્યું.

'મુંજ ! ખેદ ન કર વિધાતા જેવો ઢોલ બજાવે તેવા પ્રાણીને નાચ કરવા પડે છે. ભાગ્યક્ષય થયું ત્યારે દસ મસ્તકવાળો રાવણ પણ રોળાયો.

મુંજ! શિલાદિત્યે તને બોધ આપ્યો તેનું તેં ન માન્યું હવે તે સ્વર્ગે તને બોલાવે છે.'

એકવાર ભિક્ષા માટે મુંજ ફરે છે ત્યારે એક ખેડૂત સ્ત્રી પાડાને છાસ પીવરાવે છે. તે બોલી 'આઘો ખસ મારા પાડાને નજર લાગશે. અહિં ભિક્ષા નથી' મુંજ ત્યારે બોલ્યો.

હે મુગ્ધા તું પાડાનો ગર્વ ન કર આ મુંજ પાસે ચૌદસો છોતેર હાથી અને મોટો પરિજન હતો તે બધો ચાલ્યો ગયો.

આમ મુંજે તૈલંગમાં અનેક જુદાં જુદાં કાવ્યો બોલી પોતાનો બળાપો કાઢયો અને અંતે દુઃખી થઇ મૃત્યુ પામી જગતને સ્રીસંગથી અટકવાનો પોતાના જીવનદ્વારા જગતને ઉપદેશ આપ્યો.

(ઉપદેશપ્રાસાદ ચતુર્વિંશતિ પ્રબંધ)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ૯૫
# દ્વારિકાનો દાહ
## યાને
# શ્રીકૃષ્ણ મૃત્યુ

## (૧)

એક વખત શ્રીકૃષ્ણે નેમિનાથ ભગવાનને પૂછયું 'હે ભગવાન ! દ્વારિકા, યાદવો અને મારો નાશ શી રીતે થશે ?'

ભગવાને કહ્યું 'હે કૃષ્ણ ! **દ્વૈપાયન** ઋષિને મદિરાથી અંધ બનેલા તારા શાંબ કુમારાદિ પુત્રો મારશે. તેથી ક્રોધાયમાન થએલ તે ઋષિ મરી દેવ થઇ યાદવો સહિત દ્વારિકાને ભસ્મિભૂત કરશે. અને **જરાકુમારને** હાથે તારૂં મૃત્યુ થશે.'

શ્રીકૃષ્ણ જેવા હજારોના પાલકના મૃત્યુકલંકથી બચવા જરાકુમારે દ્વારિકા છોડી કોઇ નિર્જન જંગલમાં આશ્રય લીધો, શ્રીકૃષ્ણે દ્વારિકામાં ઉદ્દઘોષણા કરી કે 'દારૂ અને દારૂના સાધનોનો ત્યાગ કરો. દારૂ પીનાર રાજ્યનો ગુન્હેગાર ગણાશે.' લોકોએ દારૂ અને દારૂના સાધનો કચરાની પેઠે ફગાવી દીધાં.

**બળરામનો** સારથિ **સિદ્ધાર્થ** આ ભવિષ્યવાણી સાંભળી કંપ્યો. અને બળદેવની રજા લઇ તેણે દીક્ષા લીધી. પણ બળદેવે જતાં જતાં તેને કહ્યું કે 'તું દેવલોકમાં જાય તો મને વિપત્તિમાં કોઇ પ્રસંગે સાચે રાહે લાવજે.' સિદ્ધાર્થ દીક્ષા લઇ તપ તપી સૌધર્મ દેવલોકે દેવ થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૨ )

વૈશાખનો ઉનાળો હતો. **શાંબ** આદિ યાદવ કુમારો તૃષાતુર હતા. તેવામાં એક સેવક વાવોના થાળામાં ઠરેલ મધુર પીણું લાવ્યો. યાદવ કુમારોએ પૂર્વે નાંખેલ દારૂથી પ્રજળેલ તે પાણી તેમણે પેટ ભરી પીધું. આથી તેમને દારૂનું ઘેન ચઢયું. દારૂમાં ચકચૂર બનેલા તેઓ થોડે દૂર ગયા ત્યાં તેઓએ દ્વૈપાયન ઋષિને તપ તપતો દેખ્યો. એથી તેઓ બોલ્યા કે 'આજ ઋષિ દ્વારિકાનો નાશ કરવાનો છે. ને ? મારો ! મારો ! કરતા કોઇએ તેમના ઉપર પત્થર તો કોઇએ પાટુ વિગેરે મારી મરણતોલ બનાવ્યો. મુનિને ક્રોધ ઉપજ્યો અને તે બોલી ઉઠયા કે 'મારા તપના પ્રભાવથી હું યાદવો સહિત દ્વારિકાનો નાશ કરનાર થાઉં.'

કૃષ્ણ અને બળદેવ આ સમાચાર સાંભળી દોડી આવ્યા. અને મુનિને ખમાવતા કહેવા લાગ્યા કે 'મહામુનિ ! આપ દયાના સાગર છો ! તપસ્વી છો ! આ ઉદ્ધત અને મદથી ભરેલા છોકરાઓ સામું ન જુઓ આપ ક્રોધને સંહારો.' પણ ક્રોધમાં ધમધમેલ દ્વૈપાયન આગળ સર્વ નિષ્ફળ ગયું. દ્વૈપાયન ક્રોધમાં ધગધગતો મૃત્યુ પામી અગ્નિકુમાર દેવ થયો અને તે દ્વારિકાના નાશના અવસરની રાહ જોતો ઉભો રહ્યો.

કૃષ્ણ દ્વારિકામાં પાછા ફર્યા અને ઉદ્‌ઘોષણા કરી કે 'ધર્મમાં દિલ જોડો દ્વારિકા ઉપર મરણતોલ ભય કયારે આવી પડશે તે નક્કી નથી.' આથી પ્રદ્યુમ્ન, શાંબ, નિષધ, ઉલ્મુક, સારણ સત્યભામા, રૂક્મિણી અને જાંબવતી વગેરેએ દીક્ષા લીધી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કૃષ્ણ બોલ્યા 'સમુદ્રવિજયાદિને ધન્ય છે કે જેમણે દીક્ષા લઈ સ્વશ્રેય સાધ્યું. ખરેખર હું અભાગી દીક્ષા લઈ ન શકયો.'

ભગવાને કહ્યું 'કૃષ્ણ! વાસુદેવ નિયત નરકે જનાર છે. તું ત્રીજી નરકે જઇશ, છતાં તું ભાગ્યશાળી છે કારણ કે તું આવતી ચોવીશીમાં બારમો અમમ નામે તીર્થંકર થઇશ.'

કૃષ્ણને આથી કાંઇક શાંતિ વળી.

(૩)

દ્વારિકામાં હરહંમેશ તપ, ત્યાગ અને ધર્મનું વાતાવરણ જામ્યું. સૌ કોઈ કયારે મૃત્યુ આવશે તેથી ભય પામવા લાગ્યા પણ દિવસ જતાં તે બધું વિસરાયું. અને ફરી દ્વારિકા તપ ત્યાગ વિહોણી બની. આ અવસરે અગ્નિકુમાર બનેલ ઋષિએ ચારે બાજુથી દ્વારિકાને સળગાવી. મોટી મહેલાતો કકડભૂસ કરતી પડવા લાગી. દેવકી, વાસુદેવ અને રોહિણીને રથમાં બેસાડી કૃષ્ણ દ્વારિકાને દરવાજે આવ્યો. ત્યાં નગરનાં દ્વાર ભીડાયાં. કૃષ્ણે પાટુ મારી દરવાજો તોડયો. ત્યાં રથ જમીનમાં ઉતર્યો. ચારે બાજુ ચીસો, બચાવો! બચાવો! ની બૂમો સિવાય કાંઇ નહોતું. અગ્નિ જોત જોતામાં રથ ઉપર ફરી વળ્યો. વાસુદેવે કૃષ્ણ અને રામને કહ્યુ 'તમે અમને છોડી ચાલ્યા જાઓ. ભવિતવ્યતા ફરવાની નથી.' આ પછી તેમણે ભગવંતનું શરણ લીધું અને તે બધા કૃષ્ણ અને બળદેવની આંખો સામે અગ્નિશરણ થયાં.

હજારો યુદ્ધો ખેલનાર; લાખોના તારણહાર, ક્રોડો કુટુમ્બીઓથી સમૃદ્ધ, યાદવકુલદીપક કૃષ્ણ અને બલદેવ, સગા

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

સેવક અને લક્ષ્મી વિહોણા થઈ આશરણ બન્યા. છ માસ સુધી દ્વારિકા સળગી અને સમુદ્રના મોજાંએ તેને તાણી દરિયા ભેગી કરી.

(૪)

કૃષ્ણ અને બલરામ પાંડવોની નગરી તરફ ચાલ્યા. જતાં જતાં વચ્ચે આવતા **કોશાંબ** વનમાં તે આવ્યા. કૃષ્ણે બળદેવને કહ્યું 'ભાઇ! મને તૃષા લાગી છે, પાણી વિના મારૂં ગળું સુકાય છે,' બલદેવ પાણી લેવા ચાલ્યા. કૃષ્ણ પગ ઉપર પગ ચઢાવી સુતા. દુઃખના શોકે અને જંગલના ઠંડા પવને તેમનાં નયન મિંચાયાં.

આ અરસામાં બાર બાર વરસથી જંગલમાં રખડતો જરાકુમાર ત્યાંથી પસાર થયો. તેણે છેટેથી કૃષ્ણના પગને મૃગલોચન માની જીવનહારક તીર ફેંકયું. આ તીર સીધું શ્રીકૃષ્ણના પગમા પેઠું. કૃષ્ણે બૂમ પાડી કહ્યું કે 'તીર મારનાર એ કોણ છે?'

સામેથી 'વસુદેવનો પુત્ર હું જરાકુમાર!' એમ બોલતો જરાકુમાર દોડતો આવ્યો. કૃષ્ણને જોઈ ધ્રુસકે ધ્રુસકે રોઇ પડયો. અને કહેવા લાગ્યો કે 'બાંધવ! તમારા કારણે મેં દ્વારિકા છોડી. બાંધવ છોડયા અને માન્યું કે મારા કલંકી હાથ કૃષ્ણના પ્રાણ હરનાર ન બને પણ હું હતભાગીપણાથી મુકત ન બન્યો.'

કૃષ્ણે કહ્યું 'જરાકુમાર! ભવિતવ્યતા મટતી નથી. સમગ્ર દ્વારિકા નાશ પામી અને હું તેની પાછળ જાઉં છું. મારા ગયા પછી બલરામ નહિ જીવે. હવે માત્ર યાદવોની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુંપળ એક તું જ છે. આ કૌસ્તુભ રત્ન લઇ તું જા. અને પાંડવોને સમાચાર આપજે કે 'કૃષ્ણ સહિત દ્વારિકા જગતમાંથી નામશેષ બની છે.' આ પછી શ્રીકૃષ્ણે અરિહંતાદિના ચાર શરણો લીધાં. શ્રીનેમિનાથ ભગવંતને તેમની દિશા તરફ ઢીંચણ ઉપર માથું નમાવી નમસ્કાર કર્યો. દીક્ષા લેનાર બાંધવો, પુત્રો અને સ્ત્રીઓને અનુમોદન આપ્યું. આ પછી થોડીજ વારે તેની આ શુભ ધારા તૂટી અને તે ક્રોધમાર્ગે. વળી. દ્વૈપાયન ઋષિના નાશમાં શ્રીકૃષ્ણનું મન પરોવાયું અને તે આર્ત્તધ્યાનથી મૃત્યુ પામી ત્રીજી નરકે ગયા.

થોડીવારે બલદેવ પાણીનો દડિયો લઇ આવ્યો અને કૃષ્ણને ઢંઢોળી કહેવા લાગ્યો ' બાંધવ ! ઉઠો લ્યો આ પાણી !' પણ કૃષ્ણે કાંઈ જવાબ ન દીધો.

' બાંધવ શા માટે અબોલા લો છો ? મારા પ્રાણ તમારા અબોલે જતા રહેશે.' ત્યાં તો પગમાં બાણ દીઠું અને બલદેવ ચમકી બોલી ઉઠયો ' કયા દુષ્ટે ઉંઘનો લાભ લઇ બાંધવને આ બાણ માર્યું. પણ હજારો બાણને ઝીલનાર કૃષ્ણ શું આ એક બાણે મૃત્યુ પામે ?' બલદેવ મોહ મોહિત બન્યો. તેણે માન્યું કે ' કૃષ્ણ એમ તે શાનો મરે ?' તે ઘડીક તેની સામે નાચ કરી હસાવવા પ્રયત્ન કરે છે. તો ઘડીક દડ દડ આંસુ કાઢી રડી બોલાવવા પ્રયત્ન કરે છે પણ બળદેવને શ્રીકૃષ્ણ મૃત્યુ પામે તે વાત માન્યામાં આવતી નથી આથી બળદેવે શ્રીકૃષ્ણના મૃતકને ઘણા દીવસ સુધી પાગલ બનીને ફેરવ્યું.

દેવ બનેલ બલદેવના સારથિ સિદ્ધાર્થે અવધિજ્ઞાનથી અ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સર્પ જોયું. એટલે તે તુર્ત ત્યાં આવ્યો અને તેણે બલદેવની સામે પત્થર ઉપર કમળ રોપવા માંડયું. આ જોઇ બળદેવ હસ્યો. અને બોલ્યો 'પત્થર ઉપર તો વળી કમળ રોપાતું હશે ?'

દેવે કહ્યું ત્યારે 'મૃત્યુ પામેલા તે વળી જીવતા થતા હશે'

દેવે પર્વત ઉપરથી રથ સીધો ઉતાર્યો અને સપાટ જમીન આગળ લાવી ભાગી નાંખ્યો. બલદેવ હસ્યો. અને બોલ્યો પર્વત ઉપરથી સાચવીને લાવ્યો. અને સીધી જમીનમાં આવ્યા બાદ તેં રથના ભૂકા ઉડાવ્યા.'

દેવે કહ્યું 'જેમ મારો રથ પર્વત ઉપરથી ઉતારતાં ન ભાગ્યો પણ સીધી જમીન ઉપર ભાગ્યો તેમ કૃષ્ણ હજારો યુદ્ધમાં મૃત્યુ ન પામ્યો પણ જરાકુમારના એક બાણે મૃત્યુ પામ્યો છે. હલિ ! જરાકુમાર હાલ પાંડવો પાસે ગયો છે. હું સિદ્ધાર્થ નામે તારો સારથિ છું. અને તને બોધ આપવા હું અહિં આવ્યો છું.' બલદેવનું મગજ ઠેકાણે આવ્યું. તેણે મૃતકનો અગ્નિસંસ્કાર કર્યો. આ પછી બલદેવે વિદ્યાધર ઋષિ પાસે દીક્ષા લીધી અને તુંગિકપર્વત ઉપર તપ તપવા માંડયું. અને સિદ્ધાર્થ દેવ તેનો રખેવાળ બન્યો.

[ ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર ]

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૯૬

# કરણ, કરાવણ અને અનુમોદન
### યાને
# મહામુનિ બળદેવ મૃગ અને રથકાર

(૧)

**મૃગ, બળદેવ મુનિ રથકારક ત્રણય હુઆ એકઠાયો**
**કરણ કરાવણ ને અનુમોદન સરિખાં ફળ નિપજાયોરે**

શ્રીકૃષ્ણના મૃત્યુ બાદ બળભદ્રે દીક્ષા લઇ તુંગિકા પર્વત ઉપર તીવ્ર તપ તપવા માંડયું.

એકવાર બળદેવમુનિ ગૌચરીએ ગામમાં આવ્યા. કુવાના કાંઠે પાણી ભરતી સ્રીઓ તેમને જોઇ સ્તબ્ધ થઇ ગઇ. પાણીનું બેડું ઉપાડી ચાલનાર કોઇક સ્રી મુનિને દેખી ત્યાંને ત્યાં સ્થિર થઇ ગઇ તેને કયાં જવું તેજ સુજયું નહિ. પાણીને ખેંચનાર એક સ્રીએ ઘડો કુવામાં નાંખ્યો પણ મુનિનું રૂપ નિરખવામાં તે એવું ભાનભૂલી કે હાથમાંથી દોરડું કયારે સરકી કુવામાં પડી ગયું તેનું તેને ભાન ન રહ્યું. એક સ્રીએ દોરડાનો પાસો કર્યો અને તે જ્યાં ઘડામાં ભરાવવા જાય છે ત્યાં તેણે મુનિને દેખ્યા. તેની નજર મુનિની સામે સ્થિર થઇ અને તેના હાથ ઘડામાં પાંસો નાંખવા રોકાયા, આ સ્રી મુનિનું રૂપ દેખવામાં એવું ભાન ભૂલી કે ઘડાને બદલે પાસે બેસાડેલા છોકરાને તેણે ગળે પાસો ભરાવ્યો. આમ સ્રીઓ ભાન ભૂલી હતી પણ બળદેવમુનિ ભાન નહોતા ભૂલ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમણે છોકરાના ગળાને પાસો ભરાવનાર સ્ત્રીને કહ્યું 'મુગ્ધે ! તું ઘડાને બદલે પુત્રને પાસે છે. ચિત્ત ઠેકાણે રાખ.' સ્ત્રી વિલખી પડી.

( ૨ )

બળદેવ મુનિ ગૌચરી લઇ તુંગિકા પર્વતે પાછા ફર્યા. પણ હવે તેમણે નિયમ લીધો કે મારે ગામમાં ગૌચરીએ ન જવું. મારા રૂપને ધિક્કાર હો કે જેને લઇ વસતિમાં હું અનેકને અનર્થ કરનારો થાઉંછું.

( ૩ )

બળદેવમુનિ વનમાં તપ તપે છે. અને કોઇ સાર્થવાહ કે કઠિઆરો ભૂલે ચૂકે એ વનમાં આવી ચડે અને તેની પાસેથી નિર્દોષ ગૌચરી મળે તો વહોરે છે નહિતર તપોવૃદ્ધિ માની ઉપવાસ ઉપર ઉપવાસ કરે છે.

બળદેવ મુનિએ જંગલમાં સમતાનું સામ્રાજ્ય પ્રવર્તાવ્યું વ્યાઘ્ર વરૂ અને મૃગલાં બધાં બળદેવમુનિના શ્રોતાવર્ગ બન્યાં. મુનિના તપના પ્રતાપે હિંસકપક્ષીઓ જાતિવૈર ભૂલ્યાં અને આસપાસ હિંસા વિનાનું વાતાવરણ જામ્યું.

આ પશુઓમાં એક અતિભદ્રક મૃગ મુનિનું તપ અને રૂપને જોઇ જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. તે ભૂખ્યો થાય ત્યારે વનમાંથી અચિત્ત ફળ ખાઇ આવે અને વનમાં જો કોઇ સાર્થ કે કઠિઆરો આવ્યો હોય તો તે તેની ભાળ આપી મુનિને મોંઢું અને પગ બતાવી યોગ્ય ભિક્ષાની વિજ્ઞપ્તિ કરે.

મૃગ ફરતો ફરતો બળદેવમુનિથી થોડે દૂર એક મોટું વૃક્ષ હતું ત્યાં આવ્યો. આ વૃક્ષ નીચે એક સુથાર થોડાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાકડાં કાપી અને થોડાં કાપતાં અધુરાં રાખી ખાવા બેસવાની તૈયારી કરતો હતો તે તેણે જોયું. અતિભદ્રકમૃગ બળદેવ-મુનિ પાસે આવ્યો અને તેણે હાથ પગ ઉંચા કરી જંગલમાં કોઈ આવ્યું છે અને સુજતો આહાર છે તે જણાવ્યું. મૃગ આગળ અને મુનિ પાછળ એમ ચાલતા ચાલતા બળદેવમુનિ સુથાર નજીક આવ્યા એટલે તે સુથાર ઉભો થયો અને પોતાના ભોજનમાંથી મુનિને પડિલાભવા લાગ્યો.

મુનિ તપશ્ચર્યાને પારણે ગોચરી વહોરતા હતા. સુથાર વહોરાવતાં વહોરાવતાં હૃદયમાં માનતો હતો કે અહો ! મારૂં કેવું ભાગ્ય કે મને આવા જંગલમાં તપસ્વી મુનિનો યોગ મળ્યો. અતિભદ્રક મૃગ આહાર લેતા મુનિની અને વ્હોરાવતા રથકાર સુથારની પ્રશંસા કરતો હતો કે આ સુથાર કેવો ભાગ્યશાળી છે કે જેનું ભોજન આ તપસ્વીને વ્હોરાવવામાં કામ આવે છે. હું મુનિ ઉપર ગમે તેવી ભક્તિ રાખું પણ આ તિર્યંચ-પણામાં થોડુંજ કાંઈ કરી શકું તેમ છું. આમ આ ત્રણે એક ધ્યાનમાં હતા ત્યાં ઉપરથી અર્ધી કપાયેલી વૃક્ષની ડાળી ત્રણે ઉપર પડી અને તે ત્રણે એકી સાથે મૃત્યુ પામી પાંચમા દેવલોકે સિધાવ્યા.

માસખમણના તપસ્વી બળભદ્ર દાન લેનાર હતા, મુનિને ભિક્ષા આપનાર સુથાર દાન દેનાર હતો અને મૃગ લેતોએ-નહોતો કે દેતો પણ નહોતો છતાં આ લેનાર દેનારની ઉત્તમ દાન અનુમોદનતા કરતો હતો. આથી આ ત્રણે એક સરખું ફળ મેળવી સરખા પાંચમા દેવલોકમાં ગયા.

( ઉપદેશમાળા )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૯૭

# અહો કષ્ટં
## યાને
# શય્યંભવસૂરિ

(૧)

રાજગૃહીનો વિપ્ર **શય્યંભવ** જ્ઞાતિએ અને ધર્મે બ્રાહ્મણ હતો. તેને પોતાના ધર્મ ઉપર પુરી શ્રદ્ધા હતી. આથી તેણે રાજગૃહીમાં મોટો યજ્ઞ આરંભ્યો. અનેક બ્રાહ્મણો વેદની ઋચાઓ ઉચ્ચારતા હોમ હવન કરતા હતા. શય્યંભવ માનતા હતા કે આ યજ્ઞ યાગાદિ ખરૂં તત્ત્વ છે અને પરભવનું કલ્યાણ તેનાથીજ થાય છે.

આ અરસામાં **પ્રભવસ્વામિ** રાજગૃહી પધાર્યા. તેમણે ગોચરીએ જતા બે શિષ્યોને કહ્યું 'તમે સીધા યજ્ઞવાડે જાઓ અને ત્યાં ધર્મલાભ કહી ગોચરીની યાચના કરજો જો બ્રાહ્મણો ગોચરી ન આપે તો તમારે **'अहो कष्टं अहो कष्टं तत्त्वं तु नहि ज्ञायते'** બોલી પાછા આવવું.

(૨)

રાજગૃહીના મધ્યભાગમાં યજ્ઞનો ઉત્સવ મંડાયો હતો. પીતાંબર પહેરી કોઇ બ્રાહ્મણો **ॐ स्वाहा ॐ स्वाहा** ની રાડો નાંખતા હતા. ચારે બાજુ ઉત્સાહ અને ધમાલ હતી. ત્યાં બે જૈન સાધુ આવ્યા અને 'ધર્મલાભ' કહી તેમણે પાત્ર ધર્યું. યજ્ઞ કરાવતા બ્રાહ્મણ બોલ્યા 'મહારાજ ! આ જૈનકુલ, કે ગૃહ;

P. P. Ac. Gunratnasuriji M.S.		Jin Gun Aaradhak Trust

નથી આતો યજ્ઞ છે. તમારે યજ્ઞની ભિક્ષા લેવાય પણ નહિ અને અમારે વેદના નિંદનારા જૈન સાધુઓને ભિક્ષા અપાય પણ નહિ.'

મુનિઓ મૌન રહ્યા. થોડીવાર થોભ્યા. પણ બધાનો એક જ અવાજ સંભળાયો 'મહારાજ! બહાર જાઓ અમારી યજ્ઞક્રિયાઓ અભડાય છે." મુનિઓએ પાત્ર પાછા લીધાં અને બે ત્રણ વાર બોલ્યા 'अहो कष्टं अहो कष्टं तत्त्वं तु नहि ज्ञायते'

મુનિઓ તો યજ્ઞ ઉત્સવ છોડી ચાલ્યા ગયા પણ યજ્ઞ કરાવનાર ઉપાધ્યાયની પાસે બેઠેલ શય્યંભવવિપ્રને તે વિચાર કરતો મુકતા ગયા. તે વિચારવા લાગ્યો કે રાજગૃહી-નગર એ તો જૈનોનું કેન્દ્રનગર છે. જૈનમુનિઓને ભિક્ષાનો અહિં તોટો નથી. આ મુનિઓ યજ્ઞમાં આવ્યા કેમ? અને 'अहो कष्टं अहो कष्टं' બોલ્યા કેમ? જૈનમુનિઓ મરણાંતે ખોટું બોલે નહિ અને કોઇને દુભવે પણ નહિ. આ તો તેમની સિદ્ધ પરિપાટિ છે. શું હું આ કરૂં છું તે બધું ફોગટ કષ્ટરૂપ છે. અને આમાં કોઇ જુદું જ તત્ત્વ સમાયેલું છે.'

યજ્ઞની ક્રિયા તો હોમહવનના ધૂમાડામાં આગળ ચાલી થોડા સમય પહેલાં જે યજ્ઞનો ધૂમાડો શય્યંભવને પવિત્ર લાગતો હતો. તે તેને હવે ગુંગળાવતો લાગ્યો. થોડો સમય વીત્યો એટલે તે દીવસમાટેની યજ્ઞક્રિયા સમાપ્ત થઇ. વિપ્રો વેરાયા. જોત જોતામાં યજ્ઞમંડપમાં માત્ર ઉપાધ્યાય અને શય્યંભવ બેજ રહ્યા.

શય્યંભવે કહ્યુ 'ઉપાધ્યાય! હમણાં પેલા બે જન સાધુઓ આવ્યા અને તે એમ બોલ્યા કે 'આમાં કોઇ તત્ત્વ પણ નથી અને ફોગટ કષ્ટ કરે છે એ શું?'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'જૈનોને તો આપણા ધર્મની નિંદા કરવાનો સ્વભાવ છે?' ઉપાધ્યાયે કહ્યું.

'ઉપાધ્યાય ! મારાથી સાચું છૂપાવો નહિ. તમે જુના વેદ વિશારદ વિપ્ર છો. અને બધી વાતના જાણકાર છો. સાચું હોય તે કહો. જૈનસાધુઓ જુઠું બોલે તે મારા માન્યામાં આવતું નથી.'

ઉપાધ્યાય મુંઝાયો સાચું કહેતાં આખો યજ્ઞનો સમારંભ હતવિહત થશે અને બ્રાહ્મણોની આજીવિકા જશે તેનો તેને ભય લાગ્યો એટલે તે બોલ્યો.

'વિપ્રવર ! યજ્ઞ એ સાચું તત્ત્વ છે અને તે તત્ત્વના આધારે આ બધી ક્રિયાઓ થાય છે.'

શય્યંભવ બહુ ચતુર હતો તે ઉપાધ્યાયની બોલવાની રીત ઉપરથી સમજી ગયો કે ઉપાધ્યાય બહાર બોલે છે તેનાથી તેમના હૈયામાં કાંઇ જુદું છે. શય્યંભવ આંખ લાલ કરી બોલ્યો.

'ઉપાધ્યાય ! સાચું કહો મને તમારા બોલવામાં જુઠની ગંધ આવે છે. હું સાચું તત્ત્વ સમજવા માગું છું. આજીવિકા ખાતર મને ઠગો નહિ.' તેણે યજ્ઞના ઉપકરણોમાં રહેલ તલવાર ઉપર હાથ નાંખ્યો.

વૃદ્ધ ઉપાધ્યાયનું શરીર કંપવા લાગ્યું અને તે બોલ્યો 'વિપ્રવર ! સાચું કહું છું કે તત્ત્વ એ વેદ છે. આ બધું તેને આધારે પ્રવર્તે છે.'

'ઉપાધ્યાય ! તમે સાચું નથી કહેતા. મને જરાપણ ન ઠગો. તમારી વાણીમાં અને હૃદયમાં ધડકારો છે. તમે બોલો છો તેમાં તમારી આજીવિકાનો ભય છુપાયેલો છે.'

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપાધ્યાય બોલ્યો 'વિપ્ર ! આ યજ્ઞમંડપની નીચે શ્રીપાર્શ્વનાથ ભગવંતની પ્રતિમા છે. તેના પ્રભાવથીજ આ બધી ક્રિયાઓ સાંગોપાંગ ચાલે છે. આજ ખરૂં તત્ત્વ છે. બીજું બધું તો અમે અમારી આજીવિકા માટે ઉભું કરેલું છે. જૈનમુનિઓ આ જાણે છે તેથી જ તેમણે કહ્યું કે 'તત્ત્વની કોઇને ખબર નથી.'

શય્યંભવ ઉપાધ્યાયને નમ્યો અને બોલ્યો 'આપ મારા ઉપકારી છો તમે મને સાચી વાત કહી. તમે જરાયે ભય રાખશો નહિ. તમારી આજીવિકા જીંદગી સુધી ચાલે તેટલી હું આપીશ.'

( ૩ )

શય્યંભવ મુનિઓના પગલાંને અનુસારે પ્રભવસ્વામિ પાસે આવ્યો અને નમી બોલ્યો 'ભગવંત ! તમે બે મુનિ-ઓને મોકલી મારા યજ્ઞમાં શું સાચું છે તેનું ખરૂં ભાન કરાવ્યું. હું આ સંસારથી કંટાળ્યો છું. મારે પરભવનું કલ્યાણ કરવું છે. આ પરભવના કલ્યાણની આશાએ મેં હોમ હવન આરંભ્યા હતા પણ તેમાં તો સમજાયું કે તે મારા કલ્યાણ માટે નહિ પણ બ્રાહ્મણોના કલ્યાણ માટે જ યોજાયેલ છે. ભગવંત ! હું શું કરૂં તો મારૂં કલ્યાણ થાય.'

'વિપ્ર ! અહિંસા પુરી પાળો, મરણાંતે પણ જુઠું ન બોલો. કોઇનું પણ અદત્ત લેવાનું ન રાખો, સ્વસ્ત્રીનો પણ ત્યાગ કરી પુરૂં બ્રહ્મચર્ય પાળો. અને આ સંસારમાં મૂર્છા અને મોહ પમાડનાર પરિગ્રહને તજો. શય્યંભવ ! અહિંસા સત્ય અસ્તેય બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એજ પરમતત્ત્વ છે. અને તેજ જીવન તારક છે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી શય્યંભવે યજ્ઞમંડપ વિખેર્યો. યજ્ઞની નીચે રહેલ પાર્શ્વનાથ ભગવંતની પ્રતિમા બહાર કાઢી અને તેનો પ્રભાવ સૌને જણાવ્યો. કુટુંબી અને સ્ત્રીએ બ્રાહ્મણ થઇ જૈન સાધુ ન થવા બદલ ઘણું સમજાવ્યું પણ શય્યંભવનું મન તો પરભવની સાધનામાં રાચ્યું હોવાથી તેણે તેની બહુ દરકાર ન કરી.

રાજગૃહીના ધનવાન યજ્ઞ કરાવનાર વિપ્ર શય્યંભવે યજ્ઞોનાં ઉપકરણો ઉપાધ્યાયને આપ્યાં અને તેની આજીવિકાનું દુઃખ દૂર કર્યું. જૈનમુનિ થતાં પહેલાં ઉપાધ્યાયને નમ્યો અને તેણે કહ્યું 'પૂજ્ય ! આપનો ઉપકાર પણ મારા ઉપર નાનો સૂનો નથી છેલ્લે છેલ્લે પણ સાચી વાતની તમેજ ખરી પીછાણ કરાવી છે.

ઉપાધ્યાયે આશીર્વાદ આપ્યા અને શય્યંભવે પ્રભવ સ્વામિ પાસે જઇ જૈન ભાગવતી પ્રવ્રજ્યા સ્વીકારી.

શય્યંભવ મૂળથી વૈરાગી તો હતાજ. ધર્મની તૃષા તો પ્રથમથી જ તેમને વરી હતી. એટલે તેમણે દેહની પરવા કર્યા વિના છઠ્ઠ અઠ્ઠમ વિગેરે તપમાં આત્માને પરોવ્યો અને અભ્યાસમાં મનને પરોવ્યું. થોડાજ વખતમાં આ મહાત્મા ચૌદ પૂર્વધર થયા.

ગચ્છના રથને વહન કરનાર યોગ્ય વૃષભ સમાન શય્યંભવને જોઇ પ્રભવસ્વામિએ કૃતકૃત્યના અનુભવી તેમણે શાસનધૂરા શય્યંભવને સમર્પી. આમ શય્યંભવ ભગવાન મહાવીરની શાસનની ધૂરાને વહન કરનારા પટોધર થયા.

શય્યંભવસૂરિએ શાસનની અપૂર્વ પ્રભાવના કરી અને જૈનશાસન વિજયવંતુ કરાવ્યું.

[ ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૯૮

# દશવૈકાલિકસૂત્ર
### યાને
# મનકમુનિ

### ( ૧ )

મનક એ શય્યંભવ વિપ્રનો પુત્ર હતો.

રાજગૃહીની શય્યંભવે દીક્ષા લીધી એટલે લોકો બોલ્યા 'શય્યંભવને સાધુ થવું હતું તો પછી કયાં નહોતું થવાતું. તેને એટલો પણ ખ્યાલ ન આવ્યો કે છૈયા છોકરા વિનાની પોતાની યુવાન સ્ત્રી કઇ રીતે જન્મારો કાઢશે?' લોકોએ તેની સ્ત્રીને પુછયું 'બ્રાહ્મણિ ! કાંઈ ગર્ભની સંભાવના છે ખરી. શય્યંભવની સ્ત્રીને નાહ્યે બે માસ થયા હતા એટલે તે શરમાતી બોલી **मणयम्** સ્હેજ છે.

બ્રાહ્મણીનો ગર્ભ વૃદ્ધિ પામ્યો પુરે માસે તેણે પુત્રનો જન્મ આપ્યો. લોકોએ અને બ્રાહ્મણીએ **मणयम** ઉપરથી આ પુત્રનું નામ **મનક** રાખ્યું.

મનક બહુ તેજસ્વી હતો. પિતાની લક્ષ્મી તો સારા પ્રમાણમાં તેને વારસામાં મળી હતી. પણ તેને એમ લાગતું કે 'મારી માતા કપડાં તો સધવાનાં પહેરે છે અને મારા પિતા તો ઘરમાં દેખાતા નથી.'

એક દીવસ આઠ વર્ષના મનકે માતાને પુછયું 'બા! મારા પિતા કયાં છે ?'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માતાને આ સાંભળી આંખમાં આંસુ આવ્યાં. તેણે પુત્રના માથા ઉપર હાથ મુકયો અને બોલી 'તારા પિતા નથી ?'

'ના મા ! તું ખોટું બોલે છે બાપ વિનાના છોકરાઓની માતાઓ હાથે ચૂડીઓ પહેરતી નથી, નાકમાં સળી રાખતી નથી. તું તો ચૂડી અને સળી બધું રાખે છે, શું તે રીસાઇ બહારગામ ચાલ્યા ગયા છે? તું સાચું કહે જ્યાં હશે ત્યાંથી હું તેમને પકડી લાવીશ. મારૂં એ શું નહિ માને ?'

'બેટા ! એ તો ડાહ્યા હતા, પાંચમાં પુછાય તેવા શાણા હતા. આખી નાતમાં તેમનો પડતો બોલ ઝીલાતો, હતો તે રીસાયને જાય તે કેમ બને ?'

'બા ! મારી ધીરજ રહેતી નથી તું સાચું કહે મારે પિતાને મળવું છે.'

બેટા ! એક વખત આ રાજગૃહીમાં ધોળા કપડાવાળા ધુતારા જૈન સાધુ આવ્યા અને તેમણે તારા પિતાને કોણ જાણે એવી ભભૂતિ નાંખી કે તે તેમનીજ આંખે દેખતા થયા. વર્ષો સુધી બ્રાહ્મણ ધર્મની કરેલી આચરણા છોડી. આરંભેલો યજ્ઞ અધુરો મુકયો. આખી બ્રાહ્મણની નાત અને અઢારે વર્ણ કંપી પણ તેની તેમણે જરાયે દરકાર ન કરી. તું ગર્ભમાં હતો તેવી મને ગર્ભવતી સ્ત્રીને છોડીને તે જૈન સાધુ બન્યા.'

'માતા ! શું કહે છે મારા બાપ જન સાધુ થયા. લાવ હું જાઉં છું અને ગમે ત્યાંથી તેમને પકડી લાવુંછું.'

'બેટા ! કહે છે કે તે તો મહાજ્ઞાની થયા છે. જૈનોના બધા સાધુઓના આગેવાન બન્યા છે તે ભલભલાને ભોળવી

જૈનધર્મી બનાવે છે તે તારાથી થોડાજ પાછા આવવાના હતા?'

'માતા ! ગમે તેમ તોપણ તે મારા પિતા છે ને ? મારો બોલ તેમને જરૂર પિગળાવશે અને હું તેમને પાછા લઈ આવીશ.'

( ૨ )

આઠ વર્ષનો બાળક મનક એક દીવસે માતાને જણાવ્યા વિના રાજગૃહી છોડી ચાલ્યો ગયો. તે ગામેગામ ફરે છે અને જે ગામ જાય તે ગામ જઈ પુછે છે કે 'વત્સગોત્રવાળા શય્યંભવ વિપ્રને તમે ઓળખો છો? તે મારા પિતા થાય અને જૈન સાધુ થઇ ગયા છે.'

ફરતાં ફરતાં પૂણ્યથી ખેંચાયો હોય તેમ મનક ચંપા-નગરીના સીમાડે આવ્યો.

આ વખતે શય્યંભવ આચાર્ય કાયચિંતા–ઠલ્લે જવા માટે જતા હતા. તેમણે નિર્દોષ ભોળા ચમકતા લલાટવાળા આ છોકરાને જોયો. છોકરાને જોતાં તેમને અગમ્ય આનંદ થયો અને છોકરો શુભ ગુણવાળા ધોળા વસ્ત્રમાં આચ્છાદિત થયેલ આ મુનિને જોઈ આનંદ પામ્યો.

શય્યંભવસૂરિએ કહ્યું 'બાળક તું કોણ છે? કયાંથી આવે છે ? અને કયાં જાય છે ?

બાળક બોલ્યો 'મહારાજ ! હું રાજગૃહી નગરીથી આવું છું. હું ત્યાંના વત્સગોત્રવાળા શય્યંભવ બ્રાહ્મણનો પુત્ર છું. મારા પિતાએ હું ગર્ભમાં હતો ત્યારથી જૈન દીક્ષા લીધી છે. તેમને શોધવા ગામે ગામ ભમું છું મહારાજ ! આ શય્યં-ભવ સાધુ મને કયાં મળશે. એ મારા પૂજ્ય પિતા મળે અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જો તે આવે તો હું રાજગૃહી તેમને પાછા લઈ જાઉં અને જો તે નજ આવે તો તેમણે દીક્ષા લીધી તો હું પણ દીક્ષા લઈ તેમને પાસે રહું જે તેમની ગતિ તે મારી ગતિ.'

'ભદ્ર ! તારા પિતાને હું સારી રીતે જાણું છું મારા તે મિત્ર છે. મારો દેખાવ અને તેમનો દેખાવ બરાબર સરખો છે. તારે કાંઇ રખડવાની જરૂર નથી. તું મારી સાથે ચાલ. તું મને તારો પિતા સમજજે હું તને પુત્ર સમજીશ !'

'મહારાજ ! એમ તે સમજાય ? હું તો મારા પિતાને શોધવા નીકળ્યો છું.'

'બાળક ! એનો તને આમ પત્તો નહિ લાગે. મારી સાથે રહે એટલે તને તે મળી જશે. કાકા અને બાપમાં બહુ ફરક ન માનવો બન્નેને પુત્ર ઉપર સરખો પ્રેમ હોય છે.' ભોળો બાળક ભોળવાયો અને ઉપાશ્રયે આવ્યો.

શય્યંભવસૂરિએ તેને દીક્ષા આપી. અહિં પણ તેનું નામ મનકજ રાખવામાં આવ્યું.

( ૩ )

મનકને સારો શ્રુતધર બનાવવાનું શય્યંભવસૂરિને મન થયું પણ તે મહાશ્રુતજ્ઞાનીએ શ્રુતનો ઉપયોગ મુકયો તો તેમને જણાયું કે મનક માત્ર છ મહિનાના આયુષ્યનોજ ધણી હતો. આચાર્ય વિચારમાં પડયા. છ મહિનામાં સમસ્ત શ્રુતનું રહસ્ય તેને શી રીતે સમજાવવું તેમને યાદ આવ્યું કે અમારાં પૂર્વભગવંતો કહી ગયા છે કે 'કારણ પડે શ્રુતના સારનો ઉદ્ધાર ચૌદપૂર્વી કરી શકે." આ બાળકને છ મહિનામાં કલ્યાણ સાધતો બનાવવાનું એ શું કારણ ઉપસ્થિત નથી

થયું ? તેમણે ચૌદ પૂર્વો ઉપર હૃદયદૃષ્ટિ ફેરવી અને તેમાંથી સાર સાર ગ્રહી દશવૈકાલિક સૂત્ર બનાવ્યું.

મનક સમુદાયના તપસ્વી અને વૃદ્ધોની વૈયાવચ્ચ કરતો અને તે ગુરૂ પાસે એક પછી એક પાઠ લઇ આખું દશવૈકાલિક સૂત્ર કંઠસ્થ કરી ગયો. તે તેના અર્થને અને મર્મને સમજ્યો ત્યાં છ મહિના થયા. મનક ઓચિંતો માંદગીએ પટકાયો. ગુરૂએ અને મુનિઓએ તેની સારી નિર્જામણા કરી. આઠ વર્ષનો મનક માંદગીના સંથારે પડયો પડયો દશવૈકાલિક સૂત્રના આલાવા ઉચ્ચારતો હતો. આ આલાવા ઉચ્ચારતાંજ તેને મૃત્યુ વર્યું. આમ મનકમુનિ છ મહિનામાંજ સમસ્ત શ્રુતરહસ્યને જાણી સ્વર્ગે સંચર્યો.

( ૪ )

શય્યંભવસૂરિએ હૃદયને ખુબ કાબુમાં રાખ્યું છતાં પુત્રના મૃત્યુથી મમત્વ તેમનામાં ઉભરાઈ આવ્યું અને તેમની આંખમાંથી દડ દડ આંસુ વહેવા માંડયાં. તેમના પટ્ટશિષ્ય **યશોભદ્ર**સૂરિ પાસે આવ્યા અને બોલ્યા 'ભગવંત! શાસનના નાયક આપ જગતભરના ઉત્પત્તિ, સ્થિતિ નાશના તત્ત્વને નજર આગળ ધરતા કેમ ગળગળા બન્યા? શય્યંભવે મનક મુનિનો અને પોતાનો પિતા પુત્રનો બધો સંબંધ કહી બતાવ્યો. અને બોલ્યા 'આ બાળક ભાગ્યશાળી ! છ મહિના પહેલાં મળ્યો તે સારૂં થયું. તે સમગ્રશ્રુતના રહસ્યરૂપ દશવૈકાલિક સૂત્ર ભણી છ મહિનામાં પણ શ્રુતધર બન્યો તે હતો. તો બાળક પણ સારૂં કામ કાઢી ગયો.'

યશોભદ્રસૂરિ બોલ્યા 'ભગવંત! આપે મનક મુનિના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાળધર્મ પછી અમને આ વાત કેમ કહી ? આપે અગાઉ કહ્યું હોત તો અમે ગુરૂની પેઠે ગુરૂપુત્રની પણ ભકિત ન કરત?'

'યશોભદ્ર! મેં વાત ન કરી તે સારૂં કર્યું છે. જો મેં વાત કરી હોત તો તેને વૃદ્ધ અને તપસ્વી શ્રમણોની વૈયાવચ્ચ કરવાનો યોગ તમે આવવા દેત નહિ. અને તે તેનું શ્રેય સાધી ન શકત.'

ગુરૂએ આ પછી કહ્યું. આ દશવૈકાલિક સૂત્ર મેં મનકનું અલ્પ આયુષ્ય જાણી ઉદ્ધર્યું હતું હવે જ્યાંથી મેં લીધું હતું ત્યાંજ તેને પૂર્વવત્ સ્થાપું છું.

'ભગવંત ! આપ ગુરૂદેવ છો અમે આપને શું કહીએ ?'

સંઘ દશવૈકાલિકના સંવરણની વાત જાણી આચાર્ય પાસે આવી બોલ્યો 'ભગવંત ! કાળ પડતો આવે છે. બુદ્ધિ આયુષ્ય દીવસે દીવસે ઘટતાં આવે છે. મનકમુનિ છ મહિનાના સંયમમાં શ્રુતધર બન્યા તેમ બીજાપણ અલ્પાયુષી આ ગ્રંથ ભણી શ્રુતનો આસ્વાદ ચાખી કલ્યાણ સાધે તે માટે આ ગ્રંથનું સંવરણ રહેવા દો તો મહા ઉપકાર થશે.'

ગુરૂએ સંઘના વિચારને અનુમતિ આપી. મનક મુનિ તો સ્વર્ગે સંચર્યા પણ જ્યાં સુધી દશવૈકાલિકસૂત્ર છે ત્યાં સુધી મનક ચિરંજીવ છે. આજે પણ નૂતન દિક્ષિતો પ્રથમ ગ્રંથ દશવૈકાલિકને જ ભણે છે.

આ પછી શય્યંભવસૂરિએ પોતાની પાટે યશોભદ્રસૂરિને સ્થાપ્યા. અને પોતે સમાધિપૂર્વક કાળધર્મ પામી સ્વર્ગે સંચર્યા.

(પરિશિષ્ટપર્વ)

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ૯૯

# ભાઇની શરમ

## યાને

# ભવદત્ત અને ભવદેવ

(૧)

આ કથા જંબૂસ્વામિના પૂર્વભવની છે.

**ભવદત્ત** અને **ભવદેવ** એ બે સગા ભાઇ હતા. તેમનો પિતા **આર્યવાન** મગધના **સંગ્રામ** નામના ગામડાનો રાષ્ટ્રકુટ–રાઠોડ હતો. તેમની માતાનું નામ હતું **રેવતી.**

ભવદત્તે નાની ઉંમરમાં **સુસ્થિતસૂરિ** પાસે દીક્ષા લીધી અને થોડા દીવસમાં તે ભણી ગણી હોંશિયાર થયા.

(૨)

એક વખત સુસ્થિત ગુરૂ મહારાજની પાસે પાંચ સાત સાધુ બેઠા હતા તે વખતે એક સાધુ બોલ્યો ' ભગવંત ! શું સંસારની માયા છે. હું ઘણા વર્ષે મારા ગામ ગયો. મારી ઈચ્છા હતી કે મારા ભાઇને કાંઇક પ્રતિબોધીશ પણ તેણે તો મારા સામું સરખું પણ ન જોયું. તેને મન લગ્ન એજ મોટામાં મોટો લ્હાવો હતો. મેં આથી માન્યું કે સંસારી જીવ છે હોય શું થાય ? '

ભવદત્તમુનિ હસ્યા 'વાહ ! તમારા ભાઈનો પ્રેમ ? લગ્ન કયાં એનાં નાસી જવાનાં હતાં. તેણે તમારો કાંઈ વિવેક તો કરવો જોઇએ કે નહિ ?'



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'ભવદત્ત ! પારકે ઠેકાણે પંચાત સુઝે છે તમારેય નાનો ભાઇ તો છેને ? પ્રતિબોધી જુઓને કેમ પ્રતિબોધાય છે ?' ત્રીજા મુનિએ ટોણો માર્યો.

'ગુરૂદેવ જો મગધ તરફ વિચરશે તો હું તેને પ્રતિબોધીશ.' ભવદત્તે કહ્યું.

'વિહારમાં કોઇ વખત મગધ નહિ આવે તેવું થોડું જ છે. આવશે ત્યારે જોઇશું.' ટોણો મારનાર મુનિએ કહ્યું.

સમય વીત્યો ગુરૂદેવ ફરતા ફરતા મુનિઓ સાથે મગધ-દેશમાં આવ્યા. ગુરૂદેવ જે સ્થાને રહ્યા હતા ત્યાંથી ચાર જ ગાઉ દૂર સંગ્રામ ગામ હતું. ભવદત્તને પોતાનાં સ્વજન, ગામ અને ઘર યાદ આવ્યું અને સાથે જ તેમને ધર્મ પમાડ-વાની વૃત્તિ પણ જાગી. ગુરૂની આજ્ઞા લઇ ભવદત્તમુનિ સંગ્રામ ગામે આવ્યા.

( ૩ )

સંગ્રામ ગામ નાનું હતું. ગામના દરેક લોક ભવદત્તને ઓળખતા એટલે સૌ કોઈ બોલી ઉઠયા 'ભાઇએ માથું મુંડાવ્યું છે પણ મન થોડું મુંડાવ્યું છે. સાધુ થયા છતાં ભાઇના લગ્ન સાંભળ્યાં એટલે સ્હેજે ગામ આવવાનું મન થયું અને ભવદત્ત અહિં આવ્યા. સારૂં કર્યું આવો ઓચિંતો યોગ તેમના કુટુંબને કયાંથી મળે. ભવદેવ ભાગ્યશાળી તો ખરો. અવસરેજ સાધુ થયેલ ભાઈ જેવો ભાઇ આવી મળ્યો.'

ભવદત્તે જોયું કે આખું કુટુંબ ધમાલમાં હતું. કોઇ પકવાન્નો તૈયાર કરતા હતા તો કોઈ કપડાની તૈયારી કરતું હતું.

ભવદત્ત પોતાને ઘેર આવ્યા અને ધર્મલાભ કહી પાત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્યું. ઘરની સ્ત્રીઓએ મુનિને ભાવથી વ્હોરાવ્યું. અને તેજ વખતે એકે બૂમ પાડી 'ભવદેવભાઇ ! ગુરૂદેવ ભવદત્ત મુનિરાજ પધાર્યા છે.'

ભવદેવ તે વખતે ઘરના મેડા ઉપર એજ દીવસે પરણીને લાવેલી પોતાની સ્ત્રી **નાગિલાને** શણગારતો હતો. નાગિલાના ગાલ ઉપર કામદેવની પ્રશસ્તિ સરખી તેણે સુંદર વેલ આળેખી હતી. હવે તે સ્તનને શણગારવા જતો હતો ત્યાં આ બુમ પડી. ભવદેવ ધડબડ કરતો હેઠો ઉતર્યો. મુનિને પગે લાગ્યો મુનિએ 'ભવદેવ ! લે આ પાત્ર ' એમ કહી સાથે રહેલું ઘીનું પાત્ર ભવદેવના હાથમાં આપ્યું.

ભવદત્ત મુનિ વહોરી સીધા જ્યાં ગુરૂ રહ્યા હતા ત્યાં જવા નીકળ્યા. રસ્તામાં જે મળ્યા તે બધા ભવદત્ત પાછળ ચાલ્યા. ગામને સીમાડે આવ્યા ત્યાં તો સારૂં જેવું ટોળું થઇ ગયું. ભવદત્તમુનિએ કોઈને પાછા વળવાનું ન કહ્યું પણ ગામના સીમાડેથી સ્ત્રીઓ તો મુનિને વાંદી પાછી વળી. થોડે દૂર ગયા ત્યાં સ્વજનો પાછા વળ્યા. હવે રહ્યો માત્ર ભવદેવ.

ભવદેવ મનમાં બોલ્યો બીજા તો વગર રજાએ પાછા વળે, તેમને શું ? મારા તો આ સગા ભાઇ છે. ઘણા દીવસે પધાર્યા છે. થોડુંજ તેમની અનુમતિ વિના મારાથી પાછું વળાય છે ? અહુ તો ત્રણ ગાઉ ચાલી નાંખીશું.'

માર્ગમાં ભવદત્તે બાળપણની સીમાડાની કથા આરંભી. 'ભવદેવ ! આ ખેતર કોનું ? આજ પેલાં ઝાડોને કે જ્યાં આપણે રોજ રમવા આવતા હતા ? અરે ! પણ અહિં એક નાનું દેવકુળ હતું તે કયાં ગયું ? જોને આ સરોવર તો વર્ષો થયાં એવુંને એવુંજ છે ? એમ ચિરપરિચિત સ્થળોની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્મૃતિ ભાઇને કરાવતા મુનિ ગુરૂ પાસે આવી પહોંચ્યા.

ભવદત્તે મુનિએ ગોચરી બતાવી. ત્યાં ગુરૂ પાસે બેઠેલા સાધુઓ બોલ્યા.

'કેમ ભવદત્તમુનિ ! ભાઇને દીક્ષા આપવા લઇ આવ્યા છો ? જબરા ખરા. ઘણા વર્ષ પહેલાંનો બોલ તો તમે પાળ્યો.'

ગુરૂ બોલ્યા 'કેમ ભદ્ર ! વ્રત લેવું છે ?'

ભવદેવ મુંઝાયો. તેની સામે અર્ધી ચિતરેલી નાગિલા તરવરી. સાથેજ હું એમ કહું કે 'નારે ના મારે વ્રત લેવું નથી તો ભાઇની તેમના સાધુઓ આગળ શી કિંમત ?' તે વિચારમાં સહેજ ઘોળાઇ ક્ષણમાંજ નિશ્ચય કરી બોલ્યો.

'હા'

ગુરૂએ તુર્ત દીક્ષા આપી.

ભવદત્ત તો સમજતા હતા કે ભવદેવે શરમ ખાતર દીક્ષા લીધી છે. તેથી તુર્ત ત્યાંથી તેને દૂર દૂર વિહાર કરાવ્યો.

થોડાજ વખતમાં સગા સ્વજન ભવદેવની શોધ કરતા આવ્યા અને બોલ્યા 'મુનિવર ! ભવદેવ કયાં ગયો ?'

મુનિ બોલ્યા 'એ તો અહિંથી કયારનો ગયો.'

'મહારાજ ! અહિંથી ગયો તો ગામમાં નથી આવ્યો. શું એને ચોરે લુંટી મારી નાંખ્યો ? મહારાજ ! હજી તો ગઈકાલ પરણ્યો છે. તેની સ્રી તો ચક્રવાકીની માફક તરફડીયાં ખાય છે.' કુટુંબે આમ બોલી ચારે બાજુ તપાસ કરી પણ કુટુંબને ભવદેવનો પત્તો ન લાગ્યો.

(૩)

બાર વર્ષનાં વ્હાણાં વાયાં. ભવદત્તમુનિ સ્વર્ગે સિધાવ્યા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતા. ભવદેવ હવે એકલો પડયો હતો. બાર બાર વર્ષ વીત્યા છતાં તેના મન આગળથી નાગિલા ખસી ન હતી. તે વિચારવા લાગ્યો. કે 'મેં વ્રત ભાઈની શરમ ખાતર પાળ્યું તે ભાઇ તો હવે ગયા. નાગિલા બિચારી શું કરતી હશે ? મેં મૂરખે તરત પરણેલી સ્ત્રીને તજી. ન વિચાર્યો તેનો સંસાર કે ન વિચાર્યો મારો સંસાર. એ બિચારી માબાપ વિનાની મારે પાલે પડી હતી. મેં એ દુઃખિયારીને દુઃખમાં ડામ દીધો.'

ભવદેવ સાધુનો સંગ છોડી ફરતો ફરતો સંગ્રામગામમાં આવ્યો. ગામના સીમાડે માથે બેડું લઇ આવતી એક સ્ત્રીને તેણે પુછયું ' હે ભદ્રે ! અહિંના રહેવાશી આર્યવાન્ અને તેની સ્ત્રી રેવતી જીવે છે કે નહિ ?'

બાઇ બોલી ' એ બન્ને તો કયારનાંય મરણ પામ્યાં.'

'આ આર્યવાનને ભવદેવ નામનો પુત્ર હતો તે નાગિલા નામની સ્ત્રીને પરણ્યો હતો. પરણ્યા પછી તુર્ત તે તેના ભાઈ જે સાધુ થયેલા હતા તેમની સાથે ચાલી નીકળ્યો હતો. તેની સ્ત્રી નાગિલા હાલ છે કે નહિ ?'

સ્ત્રી બરાબર સમજી ગઇ કે 'આ ભવદેવ છે. લોકો માનતા હતા કે તે મરી ગયેલ છે પણ તે જીવતા છે. ભાઇની પાસે તેમણે સાધુપણું લીધેલું. પણ હવે તે વ્રત ન પાળી શકયા હોવાથી પાછા આવ્યા લાગે છે.'

'તપોધન ! તમેજ ભવદેવ છો ને ?'

'ભદ્રે ! હા હુંજ ભવદેવ. મેં ભાઈની શરમે દીક્ષા લીધી. ભાઇ મૃત્યુ પામ્યા એટલે હું નાગિલાને મળવા આવ્યો છું.'

મારાં રૂપ યૌવન બદલાઇ ગયાં છે એટલે આ સાધુ

મને આંખે છે છતાં ઓળખતા નથી. તેથી નાગિલા બોલી 'તપોધન ! હું જ નાગિલા.

'નાગિલા' શબ્દ સાંભળતાં મુનિના આંખ કાન ચમકયા તે બોલ્યો 'પ્રિયે ! મને ક્ષમા કર. મેં તને વિના વાંકે તરછોડી હું તેની ભૂલ સુધારવા આવ્યો છું.'

એજ અરસામાં એક બ્રાહ્મણનો છોકરો એની પાસે ઉભેલ તેની માને કહેવા લાગ્યો 'માતા ! ગામમાં હમણાં બ્રાહ્મણોને જમણ અને દક્ષિણા સારી મળે છે. માટે હાલ હું ઉલટી કરી નાખું અને દક્ષિણા લઈ આવ્યા પછી ખાઈ લઉં તો શું ખોટું ?'

મુનિ બોલ્યા 'મૂર્ખ ! વમેલું તે ખવાય.'

બ્રાહ્મણીએ કહ્યું 'દક્ષિણા મળવી હોય તો મળે ન મળે તો કાંઈ નહિ વમેલું તો ખવાતું હશે.'

નાગિલા બોલી 'તપોધન ! વમેલું ન ખવાય તો તમે મને વમ્યા પછી કેમ ઇચ્છતા આવ્યા છો ! મારામાં શા રૂપ રંગ રહ્યા છે. હું તે વખતની મોહક નાગિલા અત્યારે થોડીજ લાગું છું. તમે પારકાને જ ઉપદેશ આપવા નીકળ્યા લાગો છોને ?'

'નાગિલા ! બાર બાર વર્ષથી હું તારૂં ધ્યાન ધરૂં છું અને હરહંમેશ તને તજ્યાનો પસ્તાવો કરૂં છું અને તું તો મારા પ્રત્યે સાવ નિસ્નેહી છે.'

'તપોધન ! વ્રત લીધા પછી સ્ત્રીને ઇચ્છવી એ ઘણું ખરાબ છે. તમને ભલે ભાઇએ ઇચ્છા વિના વ્રત આપ્યું પણ તે તો તમને અનાયાસે ચિંતામણિ મળ્યું છે. આ સુર-મણિને હવે કેમ તજાય. ?'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**હસ્ત છંડી ન ખર કોઇ નવિ ગ્રહે રે**
**તમે છો જ્ઞાન ભંડાર રે**

'પ્રિયે ! જે સુરમણિ માને એને સુરમણિ ને ? હું તો તને સુરમણિ માનું છું. તને છોડી તેનો પસ્તાવો કરૂં છું. દેવિ ! હજી મારી અને તારી ઉંમર થઇ નથી. પરણ્યા પણ આપણે પરણ્યાનો લાવો લીધો નથી.'

"મુનિ ! ગાંડું ન બોલો. બાર બાર વર્ષના સંયમને એળે ન કાઢો. સંસારનાં સુખ તો કાંટાળાં છે. સાચું સુખ તો તમે લીધું તે સંયમમાં છે. જે લીધું છે તેને બરાબર પાળો.

**નારી ભણે રે સુણો સાધુજી વમ્યો ન લેવે કોઇ આહારરે**
**નારી નરકની ખાણ છે રે, નરકની દીવી છે નારરે**
**તુમે તો મહામુનિરાજ છો રે, જેમ પામો ભવનો પાર રે**

નાગિલાની વાણી ભવદત્તને બરાબર ગળે ઉતરી. અંકુશથી હાથી પાછો વળે તેમ ભવદેવ નાગિલાના મોહથી પાછો વળ્યો. તે ગુરૂ પાસે ગયો અને પોતાની બનેલ યથાતથ્ય સર્વ વાત તેમને કહી સંભળાવી આ પછી ભવદેવ પ્રાયશ્ચિત્ત લઇ નિર્મળ ચારિત્ર પાળી દેવગતિએ ગયા.

[ પરિશિષ્ટ સર્ગ ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# વિરતિ વિના કેમ રહી ખકું?

યાને

# ચરમકેવલી જંબુસ્વામિ

## (૧)

**જંબુકુમાર** એ રાજગૃહીના **ઋષભદત્ત** અને ધારિણીનો એકનો એક પુત્ર હતો.

ઋષભદત્ત અને ધારિણીએ સંસારમાં ઘણાં વર્ષો કાઢયાં છતાં તેમને પુત્ર ન થયો એટલે ધારિણીએ જંબુદેવને. ૧૦૮ આયંબિલથી આરાધ્યો. આ દેવની આરાધના પછી ધારિણીએ એક રાતે સિંહનું સ્વપ્ન જોયું અને તે પછી તે ગર્ભિણી થઇ.

ધારિણીએ પુરે માસે સુંદર પુત્રનો જન્મ આપ્યો. આ પુત્રનું નામ દેવના નામને અનુરૂપ તેણે **જંબુકુમાર** પાડયું.

થોડાજ દીવસમાં જંબુકુમાર બાલ્યકાળ વટાવી યુવાનીને કિનારે આવ્યો એટલે તેનો તેજ નગરના આઠ શ્રેષ્ઠિઓની **સમુદ્રશ્રી**, પદ્મશ્રી, પદ્મસેના, કનકસેના, નભસેના, કનકશ્રી, કનકવતી અને જયશ્રી નામની આઠ કન્યાઓ સાથે વિવાહ થયો.

## (૨)

એક વખત ગણધરભગવંત સુધર્માસ્વામી રાજગૃહી નગરના ઉદ્યાનમાં સમવસર્યા. ઉદ્યાનપાલકે રાજા કોણિકને ગણધર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભગવંત પધાર્યાના સમાચાર આપ્યા એટલે કોણિક પોતાના પરિવાર અને પ્રજાજન સાથે તેમને વાંદવા ગયો.

ગણધર ભગવંતે કહ્યું 'પાણીમાં પડેલું ચંદ્રનું બિંબ, પવનથી ચાલતી ધજાનો છેડો જેમ ચંચળ છે તેવોજ આ સંસાર ચંચળ છે. તેમજ લોકો જેને સુખ માને છે તે સુખ પણ વાસ્તવિક સુખ નથી. નાનું છોકરૂં મોઢામાં અંગુઠો રાખી પોતાની લાળ ચૂસે અને આનંદ પામે તેમ માણસો સંસારના સુખમાં આનંદ માણે છે.'

ગણધર ભગવાનની આ દેશના સાંભળી જંબુકુમાર પ્રતિબોધ પામ્યો અને બોલ્યો 'ભગવંત ! હું મારા માત પિતાની રજા લઈ આપની પાસે હમણાંજ દીક્ષા લેવા આવું છું.'

સુધર્માસ્વામિએ કહ્યું **'मा पडिबन्धं करेह'** ભદ્ર ! સારા કામમાં વિલંબ ન કરીશ.'

જંબુકુમાર સુધર્માસ્વામિને નમી નગર તરફ ચાલ્યો.

જંબુકુમાર પોતાના રથમાં બેસી નગરના મુખ્ય દરવાજે આવ્યો તો લોકોની ખુબ ઠઠ જામી હતી. જંબુકુમારને લાગ્યું કે અહિંથી રથને પસાર કરવામાં ઘણો સમય લાગશે તેથી તે પોતાના રથને બીજે દરવાજે લઇ ગયો. આ દરવાજા ઉપર યંત્રો ગોઠવ્યાં હતાં અને તેની અંદર મોટી શિલાઓ લટકતી હતી. જંબુએ વિચાર્યું કે હું રથ લઇને આ દરવાજામાંથી પસાર થાઉં અને કોઈ એકાદી શિલા પડે તો હું તો વ્રતનિયમ વિનાનો જ મરી જાઉં ને ?'

જંબુકુમારે રથ પાછો વાળ્યો તે ફરી ઉદ્યાનમાં આવ્યો અને ગણધરભગવંતને નમી બોલ્યો 'ભગવંત ! હું માતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પિતાની રજા લઇ દીક્ષા લેવા આવું છું. પણ તે પહેલાં મને જાવજજીવનું બ્રહ્મચર્યવ્રત આપો. કેમકે મને ભય રહે છે કે હું માતપિતાની રજા લઇ આપની પાસે આવું તે દરમ્યાન મારૂં મૃત્યુ થાય તો હું વિરતિ વિનાનો જાઉં તેનું શું ? જીવને ક્ષણનો પણ થોડોજ ભરોંસો છે ?' ભગવંત વિરતિ વિના ક્ષણ પણ કેમ રહી શકું ?

જંબુકુમારે ગણધરભગવાન પાસે બ્રહ્મચર્ય વ્રત લીધું અને તે આનંદ પામતો માતાપિતા પાસે આવ્યો.

( ૩ )

'માતાજી ! હું આજે ગણધરભગવંત પાસે દેશના સાંભળવા ગયો હતો આ દેશનામાં મેં સાંભળ્યું કે 'આ સંસાર અસ્થિર છે અને તેનાં બધાં સુખ નશ્વર અને અસાર છે.' ગણધરભગવાનની વાણી મને બરાબર જચી છે અને તે તદ્દન સત્ય છે. હું આ ઓછા સમયના માનવભવમાં મારૂં થાય તેટલું કલ્યાણ સાધવા ઇચ્છું છું. માતા ! મેં તેમની પાસે જીંદગીનું બ્રહ્મચર્યવ્રત લીધું છે અને દીક્ષામાટે આપની અનુમતિ લેવા આવ્યો છું.'

ધારિણી પુત્રનો આ શબ્દ સાંભળતાં અવાક્ બન્યાં અને બોલ્યાં 'પુત્ર ! શું તું બ્રહ્મચર્યવ્રતને સામાન્ય સમજે છે? એતો મહા કઠિન છે.

'પુત્ર ! અરણિક, આષાઢાભૂતિ, આર્દ્રકુમાર અને નંદિષેણ જેવા ઘણાએ વ્રત લઇને ચૂકી ગયા છે. આમ વ્રત લેવું સહેલું છે પણ નિર્વહવું કઠિન છે.'

'માતા ! પડેલા મને કયાં દાખલા આપો છો. મેઘકુમાર, શાલિભદ્ર, ગજસુકુમાલ, ઢંઢણમુનિ, દશાર્ણભદ્ર અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રસન્નચંદ્ર વિગેરેએ શું વ્રત લઇને પાળ્યું નથી? અને શું તું તારા પુત્રને એવો કાયર માને છે કે વ્રત લઇને નહિ પાળે?'

'પુત્ર! હું તને કાયર નથી માનતી પણ તું હજી બાળકુંવારો છે અને તને હજી સંસારનો કશો અનુભવ નથી તેથી કહું છું કે તું આ ઉતાવળ કરે છે.'

'માતા! હું બાળકુંવારો છું અને સંસાર મેં જોયો નથી માટે જ હું સુખેથી પાળીશ. તું મને દીક્ષા માટે રજા આપ.'

પુત્ર! દીક્ષા સહેલી નથી.

**ચારિત્ર છે વત્સ દોહિલું, વ્રત છે ખાંડાની ધાર.**
**પાય અડવાણેજી ચાલવું, કરવાજી ઉગ્ર વિહાર.**
**મધ્યાહ્ન પછી કરવી ગોચરી, દિનકર તપેરે લલાટ.**
**વેળુ કવળ સમ કોળીયા, તે કિમ વાળ્યા રે જાય.**

'માતા! દીક્ષા કઠિન છે તે સાચું પણ જેને સંસારનો પુરો ભય લાગે તેને દીક્ષા કઠિન નથી. મને સંસારનો પુરો ભય લાગ્યો છે.'

'પુત્ર! પણ તારી સાથે વિવાહ કરેલી આઠ કન્યાઓનું શું?' માતાએ કહ્યું.

'માતા! આવું શું બોલે છે? હું તેને કયાં પરણ્યો છું.'

'પુત્ર! મારી ખાતર તેમને તું ન પરણે? એટલો અમને લ્હાવો લઇ લેવા દેને? પરણ્યા પછી જો તું દીક્ષાજ લઇશ તો અમારે સંસારમાં રહી શું કરવું છે?' માતાએ કહ્યું.

'જો તમે મારી સાથે દીક્ષા જ લેવાનાં હો તો મારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વધુ કહેવાનું નથી. પણ હું પરણ્યા પછી બીજે જ દીવસે દીક્ષા લેવાનો છું.' જંબુકુમારે પોતાનો નિર્ધાર જણાવ્યો.

(૪)

ઋષભદત્તે આઠે કન્યાઓના પિતાને જંબુકુમારનો નિર્ણય જણાવ્યો. આઠે શ્રેષ્ઠિઓ તે નિર્ણય પોતાની પુત્રીઓને કહ્યો. આઠે પુત્રીઓ બોલી 'પિતાજી! તમે તેમાં બહુ વિચાર ન કરો. અમે તો જંબુકુમારને વરી ચૂકયાં છીએ. તેને અમે સમજાવશું. સમજશે તો ભલે અને નહિ સમજે તો અમે પણ તેની સાથે દીક્ષા લઇ લઇશું.'

આઠે કન્યા સાથે જંબુકુમારનાં લગ્ન આરંભાયાં અને એકેક કન્યા દસ દસ ક્રોડ કરીયાવર લઇ જંબુકુમારને ત્યાં આવી આમ એકજ દીવસમાં જંબુકુમાર તો એંશી ક્રોડ સોનૈયાનો સ્વામિ થયો.

જંબુકુમાર આઠ સ્ત્રીઓ સહિત શયનગૃહમાં આવ્યો જંબુકુમારનો પલંગ વચ્ચે હતો અને તેની આસપાસ આઠ સ્ત્રીઓના પલંગ હતા.

પરણ્યાની પહેલી રાત હતી. વૈભવનો પાર ન હતો. આશાભરી આઠે સ્ત્રીઓ હતી. છતાં જંબુકુમાર બ્રહ્મચર્યના પુરા સ્વાંગમાં હતા. તેનું મન નહોતું કન્યામાં કે નહોતું તેમની ઋદ્ધિમાં. કન્યાઓએ પતિના બ્રહ્મચર્યના વિચારો જાણ્યા હતા છતાં તેમને તેમના રૂપનો, વિલાસનો અને બુદ્ધિનો ગર્વ હતો કે અમે ગમે તેમ કરીને પણ સમજાવી શકીશું અને અમારો બનાવી દઇશું.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૫ )

જયપુરના રાજા વિંધ્યને બે પુત્રો હતા. એક **પ્રભવ** અને બીજા **પ્રભુ**. વિંધ્યે પ્રભવ મોટો હોવા છતાં પ્રભુને રાજ્ય આપ્યું આથી પ્રભવનું મન દુઃખાયું અને તેથી તે નગર છોડી એક લુંટારાની પલ્લીમાં ભળ્યો. ધીમે ધીમે પ્રભવ મોટો લુંટારો થયો. તેણે કોઈના મુખથી સાંભળ્યું કે રાજગૃહીના ઋષભદત્ત શેઠનો પુત્ર આજે પરણી એંશી ક્રોડ સોનૈયા લઇ તેના આવાસે છે. તેથી તે તેના પાંચસો સાથીદારો સાથે જંબુકુમારની હવેલીએ આવ્યો. તેણે હવેલીમાં પેસતાંજ બધા ઉપર અવસ્વાપિની નિદ્રા મુકી. બધા મૂર્છિત જેવા થયા પણ જંબુકુમારને તે વિદ્યા મૂર્છિત ન કરી શકી. પ્રભવે પાંચસો સાથીદારો સાથે ધનનાં પોટલા બાંધવાં માંડયાં ત્યાં જંબુકુમારે તેમની સામે નજર નાંખી એટલે તે બધા જડાઇ ગયા. પ્રભવ બોલ્યો. 'ભાગ્યવંત ! મારે તારે ત્યાં ચોરી નથી કરવી પણ મને તું તારી પાસેની આ સ્તંભિની વિદ્યા આપે તો હું તને તેના બદલામાં અવસ્વાપિની અને તાલોદ્ઘાટિની બે વિદ્યા આપું.'

જંબુકુમારે કહ્યું 'હું તો આ બધી ઋદ્ધિ અને સ્ત્રીઓ છોડી કાલે દીક્ષા લેવા માગું છું મારે તારી કોઇ વિદ્યાની જરૂર નથી. અને મારી પાસે કોઇ વિદ્યા પણ નથી.'

ચોર ચમકયો અને અવસ્વામિની વિદ્યા સંહરી બોલ્યો. 'શું કહે છે ? આ બધું છોડી તમે દીક્ષા લેવા માગો છો ? આ બિચારી સ્ત્રીઓનું શું ? ભલા માણુસ ! આમ તે થાય ? તું હમણાં સંસારમાં રહે અને વૃદ્ધ થાય ત્યારે સુખેથી દીક્ષા લેજે.'

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

જંબુકુમારે કહ્યું 'પ્રભવ ! વિષયસુખ દુઃખદાયક છે અને તે દેખાવમાં મીઠું પણ પરિણામે મહા ભયંકર છે. આ પછી તેણે મધુબિન્દુ, અઢારનાતરા, મહેશ્વરદત્ત વિગેરેનાં દષ્ટાંતો આપી તેણે પ્રભવને પ્રતિબોધ્યો.

જંબુકુમાર અને પ્રભવની ચર્ચામાં સમુદ્રશ્રી વિગેરે સ્ત્રીઓ સામેલ થઇ અને તેઓ પણ કુમાર સાથે દલીલમાં ઉતરી. એકેક દષ્ટાન્ત આપી કુમારને જવાબ આપવા લાગી. પણ જંબુકુમારે આઠે સ્ત્રીઓને તેમના દષ્ટાન્તોના સામે પ્રતિ-દષ્ટાન્ત આપી યુક્તિપ્રયુક્તિ સમજાવી આઠેને પ્રતિબોધી.

આ વાર્તાલાપમાં રાત પસાર થઇ અને પરોઢ ઉગ્યું ત્યારે આઠે સ્ત્રીઓ અને પ્રભવ પ્રતિબોધ પામી ચૂકયા હતા.

( ૬ )

ઋષભદત્ત અને ધારિણીએ સવારે સાંભળ્યું કે જંબુ-કુમારે આઠે સ્ત્રીઓ અને પાંચસો ચોરોને પ્રતિબોધ્યા છે ત્યારે તેમને જંબુકુમારને કાંઇ કહેવાની ઇચ્છા રહી નહિ. તે બોલ્યાં કે 'પુત્ર ! જે તારી ગતિ તે અમારી ગતિ. તારે સંયમજ લેવો હોય તો અમે પણ તારી સાથે સંયમ લઇશું.' આઠે કન્યાઓના માતા પિતા પણ સંયમ લેવા તૈયાર થયા.

પ્રાતઃકાળે જંબુકુમાર સુધર્માસ્વામિ પાસે આવ્યા અને તેમણે તેમની પાસે દીક્ષા લીધી.

બીજે દીવસે પ્રભવ પોતાના પાંચસો સાથીદારો સાથે સુધર્માસ્વામિ પાસે દીક્ષા લઇ જંબુસ્વામિનો શિષ્ય થયો.

આમ જંબુકુમાર સહિત પ્રભવ પાંચસો ચોરો, આઠ કન્યાઓ, પોતાના માતા પિતા અને આઠે કન્યાના માતાપિતા એમ પાંચસો સત્યાવીસને પ્રતિબોધી દીક્ષિત થયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીક્ષા બાદ જંબુકુમાર થોડાજ વખતમાં બાર અંગના ધારણ કરનારા શ્રુતકેવળી થયા અને સુધર્માસ્વામિની પાટે આવ્યા. આમ જંબુસ્વામિ ભગવાન મહાવીરના બીજા પટધર થયા અને તે આખા જૈનશાસનને પ્રભાવિત કરી અંતે કેવળ જ્ઞાન પામ્યા.

ભગવાન મહાવીરના શાસનમાં બાળબ્રહ્મચારી જંબુ-સ્વામિ છેલ્લા કેવળી ભગવંત થયા.

આપણા વિદ્યમાન આગમગ્રંથોમાં ઠેરઠેર સુધર્માસ્વામિજી ગણધર ભગવંતે જંબુસ્વામિના સંબોધન પૂર્વકજ આગમની વસ્તુનો નિર્દેશ કરેલ છે. જંબુસ્વામિ જતાં ભરતક્ષેત્રમાંથી છેલ્લો કેવળપ્રદીપ અસ્ત પામ્યો.

સુધર્માસ્વામિ ભગવાનની પાટે બીરાજી શ્રમણભગવાન મહાવીરના બીજા પટધર જંબુસ્વામિ ભગવાન મહાવીર પરમાત્મના નિર્વાણ પછી ચોસઠ વર્ષે પ્રભવસ્વામિની સ્થાપી મોક્ષપદને પામ્યા.

[ પરિશિષ્ટપર્વ ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## જિન આગમ દીપક છે.

अंधयारे महाघोरे दीवो ताणं सरीरिणं ।
एवमन्नाणतामिस्से भीषणम्मि जिणागमो ॥ १ ॥

**ભાવાર્થ**:—અત્યંત ભયંકર (કંઈપણ ન સૂઝે તેવા અંધકારમાં પ્રાણિયોને જેમ દીપક રક્ષક (માર્ગદર્શક) છે. તેજ રીતે **અજ્ઞાનરૂપી** ભયંકર અંધારામાં અથડાતા જીવોને પ્રભુનાં પાપનાશક વચનો અર્થાત્ આગમ એજ દીપક છે.

પરમપૂજ્ય શાંતમૂર્તિ પન્યાસ શ્રી કૈલાસસાગરજી ગણિવરની
સત્પ્રેરણાથી તૈયાર કરાયેલ આ કથાસાગર ભા. ૧–૨
એકસો એક કથારૂપ સંપૂર્ણ

# કથા સાગર ભા. ૧–૨ સંપૂર્ણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust